અને તે રાસ્ત બીનાઓ તેને કારણો, ધોરણો અથવા કાએદાઓ તરફ અને ખાસ વિદ્યાઓ તથા એક એવી સામાન્ય વિદ્યા રચવા તરફ દોરવી લઈ જાય છે કે જે વિદ્યામાં હેતુ, વિસ્તાર, સંખ્યા અને એવા એવા શરૂઆતના ભેદ ભર્યા વિચારો સમાઈ જાય છે. માનવી પોતાને મળી આવતાં સઘળાં સંભવિત કુદરતી સાધનો મારફતે જે જે અવલોકનો કરે છે, તે ઉપરથી તેની ખાતરી થાય છે કે હરેક જાનદાર હસ્તી ધરાવી શકે તો તેની હસ્તી માટે તે જાનદારના બાતે-નમાં અથવા તો તેની બાહેર પુરતો સબબ હોવો જોઇએ. અગર તે સબબ અથવા કારણ ખુદ તે વજૂદમાંજ હોય, તેનાં પોતાનાં જોહર એટલે તેની અસલ જાતમાંજ હોય અને તેનાં પરિણામમાં તે વજૂદ બીજાં કસાંની ઉપર આધાર રાખતું ન હોય તો પછી આપણને એક પોતાની મેળેજ હસ્તી ધરાવતું વજૂદ મળી આવે છે, જે વજૂદ તેની સ્વાભાવિક અથવા જાતી અગત્યતાથી હસ્તી ભોગવે છે. એવાં એક વજૂદનાં એની બરોબરના દાખલાઓ આપણને ગણિતશાસ્ત્રના ગુચ-વણભર્યા બારીક નિયમોમાંથી મળી આવે છે: દાખલા તરીકે, એક સપાટ ત્રિકોણનું ખાસ લક્ષણ એવું છે કે તેના ત્રણે ખુણાઓનો સરવાલો બે કાટ ખુણા [right angles] ની બરાબર હોય છે, આ એક સાચ્ચો નિયમ, પોતાની સ્વાભાવિક અથવા જાતી અગત્ય-તાથી હસ્તી ભોગવતું વજૂદ છે, અને તેમ હોવાથી તે કાયમ–ઓ–દાયમ મોજૂદ છે, એ સાચો નિયમ હમેશગીથી હસ્તી ધરાવતો આવ્યો છે, તે હમેશગી સુધી હસ્તી ધરાવશે, અને સદા કાળ જેવો ને તેવોજ રેહેશે.

હવે, આપણાં અસલ લખાણોમાં અવ્વલ વજૂદ અહુર–મજદને રાસ્તીના ખરેખરા પેદા કરનાર તરીકે જણાવ્યો છે. હોરમજદ યશ્તમાં અહુરમજદ પોતાને અષ–વહિસ્ત યાને સંપૂર્ણ રાસ્તી તરીકે જાહેર કરે છે. તે ખાલેક વાસ્તવિક અને જાતી રાસ્તી યાને અવ્વલ સબબ છે, જેનાં દીદાર જોવાને જરથુસ્તી વલી [Saiut] ઈંતેજારીથી આરજૂ રાખે છે અને જેની બક્ષીસોમાં તે ખુશહાલ બને છે, આનંદ પામે છે અને સુખી રહે છે:–" ઓ અષ (રાસ્ત)

હું કયારે તુંને જોઈશ.........ઓ અહુર-મજદ! અષની તે બખ્શેસોથી મને નવાજ કે જેમની મારફતે ખુશહાલી પેદા કરતું ઓરેહ મેલવી શકાય." (યજ હા. ૨૮ ફ. ૨ અને ૫) એ પ્રમાણે અહુર-મજદ રાસ્તી હોવાથી, રાસ્તીનો ખરેખરો પેદા કરનાર હોવાથી સ્વયંભૂ યાને જાતે વજૂદમાં આવેલો છે, સ્વાભાવિક અથવા જાતી અગત્યતાથી હસ્તી ભોગવે છે અને હમેશનો કાયમ છે, અચળ છે, સદા કાળ એક ને એકજ છે. (નુરેમ્ચિત્ અહુરા હામો. યજ હા. ૩૧. ફ. ૭.)

મેં કહયું તેમ હરેક વજૂદનો સબબ ખુદ તે વજૂદની અંદરજ હોય યા તો તેની બાહેર હોય, અગર તે સબબ તેની બાહેર રહેતો હોય તો આપણને એક એવું વજૂદ મળી આવેછે કે જે પોતાની હસ્તી માટે બીજાંની ઉપર આધાર રાખે છે. હવે બીજાં ઉપર આધાર રાખતાં દરેક વજૂદ ઉપરથી એવાં કોઈ બીજાં વજૂદનો આપણને આગમજથી ખિયાલ આવી જાય છે અને એમ કરતાં કરતાં આખરે એક એવાં વજૂદ ઉપર આપણો ખિયાલ દોડે છે કે જે વજૂદ તેની પોતાની વારી આવતાં બીજાં કોઇ વજૂદ ઉપર આધાર રાખતું નથી, અને એ રીતે કાર્ય-હેતુ [causality] ના નિયમે આપણને અહુર-મજદ જેવાં એક સ્વતંત્ર અથવા પોતાની મેળેજ હસ્તીમાં આવેલાં વજૂદ ઉપર આવ્યા વગર ચાલતું નથી.

અગર આપણે એવું ધારિયે કે બીજાં ઉપર આધાર રાખતાં વજૂદોની એક અનંત હારમાળા હસ્તી ધરાવે છે તોપણ આપણે ઉપલાંજ અનુમાન ઉપર આવી લાગિયે છિયે. બીજાં ઉપર આધાર રાખતાં દરેક વજૂદ ઉપરથી એવા બીજાં વજૂદનો અને તેમ કરતાં છેક અપારતા સુધીનો આગમજથી ખિયાલ આપે છે. જયારે બીજાં ઉપર આધાર રાખતું દરેક વજૂદ જે વજૂદ ઉપર આધાર રાખે છે તે દર્શાવે છે, તો એ પરતંત્ર વજૂદોની સંખ્યા જે વજૂદો ઉપર તેઓ આધાર રાખે છે તેમની સંખ્યાના જેટલીજ હોવી જોઇએ. એ આખી હારમાળા માહેલાં પેહેલું અને છેલ્લું વજૂદ બંને એકી વખતે પરતંત્ર કે સ્વતંત્ર હોઇ શકે નહિ. એક પરતંત્ર અને બીજું

સ્વતંત્ર હોવું જોઈએ, નહિ તો કે એ બેઉ સંખ્યા કમી જાસ્તી થઈ પડે. ઉપરાંત એ હારમાળા માહેલાં પેહેલાં વજૂદને પરતંત્ર અને બીજાં વજૂદને સ્વતંત્ર ધારવું બેહુદું છે. તેટલા માટે એ હારમાળા માહેલું પેહેલું વજૂદજ સ્વતંત્ર હોવું જોઇએ. એ પ્રમાણે અકલ તેમજ આપણું ધર્મ-મત, એક અવ્વલ, સ્વતંત્ર અથવા જાતે હસ્તી ભોગવતાં વજૂદની હસ્તી માન્ય કરે છે.

એ સિદ્ધાંતની વિરૂદ્ધ શંકા શાસ્ત્ર અથવા સકેપ્ટીસીઝમ [Scepticism] કેવી રીતે આવે છે? એ નાસ્તિક શંકા-શાસ્ત્રીઓની એક દલીલ-તલબ અથવા તાર્કિક એટલે રેશનલ [rational] ફ્રોઝ એવી છે કે જે એક અપાર પરમાત્માની હસ્તીનો ઇન્કાર કરે છે. તેઓ એવી તકરાર લાવે છે કે માનવી પોતાના મનમાં પ્રધાન [primary] એટલે અવ્વલ અથવા ચઢતા અને અપ્રધાન [Secondary] એટલે સાની અથવા ઉતરતા એવા બે પ્રકારના ખિયાલો જુએ છે. પેહેલા ખિયાલોથી તેની અકલનો પાયો રચાયલો છે, અને તેઓમાંથી સમજનાં પાછલાં અનુમાનો જાહેર થાય છે. પરંતુ, મન કાર્ય હેતુ, વજૂદ, એકયતા, અપારતા, હમેશગી, સૂચના, રાસ્ત, ઇન્સાફ, એવા-એવા અવ્વલ, ખિયાલો ધરાવે છે. તેટલાજ સબબ ઉપરથી શું એવું અનુમાન લાવવું જોઇએ કે મનની બાહેર એવાં વજૂદ હસ્તી ધરાવે છે કે જે તે ખિયાલોને મળતાં આવે? ખુદ ખિયાલ એ શબ્દ માત્ર પ્રતિબીંબ અથવા આભાસ દર્શાવે છે. માટે આપણી ખાતરી કેમ થઇ શકે કે એ પ્રતિબીંબ આબાદ કોઇ ખરેખરી વસ્તુમાંથીજ ઉત્પન્ન થયું છે? માણસનું મન-જાતે પેદા થયલું નહિ પણ કોઈથી-પેદા થયલું છે, અને તેટલા માટે તેની હદ હોય છે, તે અપાર નથી, ત્યારે એક સમર્યાદ એટલે હદવાલું મન અમર્યાદ એટલે અપારનો ખિયાલ શી રીતે લાવી શકે? એવી દલીલો પરમાત્મા અહુર-મજ્દની ખરેખરી હસ્તી બાબેના આપણા એતેકાદની વિરૂદ્ધમાં નાસ્તિક શંકા-શાસ્ત્રી લાવે છે. તે આપણી પાસે પરમાત્માની ખરેખરી હસ્તી સાબેત કરાવવા, પણ તે અવ્વલ ખિયાલો વગર સાબેત કરાવવા માગે છે એટલે કે

જે નિયમો ઉપર હરેક સિદ્ધાંતનો પાયો રહેવો જોઇએ તે નિયમો વગર સાબેત કરાવવા માગે છે.

અત્રે જણાવવાની ભારે અગત્ય છે કે પદાર્થ-વિજ્ઞાન શાસ્ત્ર [natural science] એટલે કુદરતને લગતી વિદ્યા જે કુદરતને લગતા દેખીતા પદાર્થોનુજ અવલોકન કરવા ઉપર મચેલી રહે છે, તે વિદ્યા પણ, અણદિઠ ક્રમ અથવા કાનૂનમાંથી ખેંચી કાઢેલા એવા તર્કો અથવા અનુમાનોનો ઉપયોગ કરવા વગર નિભવાને અશક્ત થઈ પડે. માનવીનાં મનમાંથી વજૂદ, ઐક્યતા, વિસ્તાર, સંબંધ એઓના અસલ વિચારો કાઢી નાખો, તો પછી સૃષ્ટિ તેના આગળ કેવી થઈ પડે? જેવી તે એક જાનવરની નજરમાં લાગે તેવીજ તેને પણ માલૂમ પડે—માત્ર એક દેખાવજ. એક જાનવર જે કોઈપણ વસ્તુને માત્ર જોવા ઉપરાંત તેના બાબમાં બીજો કાંઇપણ ખિયાલ કરતું નથી, તેજ મિસાલે માનવી સૃષ્ટિને માત્ર જોયા કરે.

હરેક વિદ્યા તેના આધાર અથવા પાયા તરીકે કાર્ય-હેતુનો નિયમ ધરાવે છે. તેની સઘળી રાસ્ત બીનાઓ એજ નિયમ ઉપર આધાર રાખે છે. ભૂસ્તર શાસ્ત્રી ધરતીનાં જુદાં જુદાં પડોની તપાસ લે છે અને કાર્ય-હેતુના નિયમથી અનુમાન કરે છે કે જે પડ બીજાં પડોની નીચે હોય તે વધારે પુરાતન હોવું જોઇએ. ખગોળ શાસ્ત્રી લેવેરિઅરે કેટલાએક ગૃહોને તેમના હમેશના માર્ગમાંથી આડા ફાટતા દીઠા. કાર્ય-હેતુને નિયમે તે એવાં અનુમાન ઉપર આવ્યો કે તેમનું આડું ફાટવું તે કોઈ ચોકસ કદ અને વજનના બીજા ગૃહના સબબથી હોવું જોઇએ. તેનું અનુમાન ખરૂં હતું અને તે ઉપરથી તેણે નેપ્ચુનના ગૃહને શોધી કાઢયો. આટલાંન્ટીક મહાસાગરનાં પાણી સાથ યુરોપનાં કિનારા ઉપર ઘસડાઈ આવતા કચરા-પુંજા તથા માટી-પથ્થરો વિગેરે જોઇને કોલંબસે એવું અનુમાન બાંધ્યું કે પશ્ચિમમાં દરિયાની પેલે પાર કોઈ મુલક આવેલો હોવો જોઇએ અને એ ઉપરથી તેને અમેરીકા ખંડની શોધ કીધી. દરરોજના કારોબારમાં અગર કોઈ શખ્સની નાડ એક મીનીટમાં ૧૦૦ ધબકારા મારે તો આપણે સાદી સમજથી એવોજ તર્ક બાંધીશું કે તે શખ્સને બુખાર આવતી હોવી

જોઈએ. દરેક પ્રકારનું જ્ઞાન મેળવતાં કાર્ય હેતુના નિયમની એતબાર રાખવા જોગ લાયકાત તથા ઉપયોગીપણું સ્વીકારવામાં આવે છે. એ ઉપરથી ઇશ્વિરજ્ઞાન અથવા એલ્મે એલાહીમાં એ નિયમનેં કામમાં લેતાં તેની એવી લાયકાત તથા ઉપયોગીપણાં ઉપર કોઈપણ અકલ-મંદ આદમી શક લાવી શકે નહિ.

નાસ્તિક શંકાશાસ્ત્રી માત્ર માન્સિક એટલે મનને લગતી ગવાહી, અથવા જેને "ખાલેસ સમજ" કહે છે તેની ગવાહી ઉપર પરમાત્મા અથવા પરમેશ્વરની ખરેખરી હસ્તી સ્વીકારવાને ના પાડે છે, પણ આપણે પૂછિયે કે એ ખરેખરી હસ્તી ઉપર શક નાખવા માટે તેના પાસ કયું પાએદાર સાધન છે? ગવાહી ચાહે તે હોય, પછી તે માન્સિક યાને મનને લગતી યા કાર્મીક એટલે કાર્યને લગતી હોય, તે ગવાહી "ખાલેસ સમજ" યા "વ્યવહારિક સમજથી" મળતી હોય તોપણ જે મુખ્ય વાતની દરકાર કરવાની છે તે તો એ છે કે તે ગવાહી ઉપરથી ખુદાની ખરેખરી હસ્તી બાબે તેની ખાતરી થાય છે કે નહિ. જો કે પેલા મહાન તર્કશાસ્ત્રિ [rationalist] કેન્ટે કાર્ય–હેતુના નિયમને એતબાર નહિ રાખવા જોગ ગણીને રદ્દ કીધો હતો તોપણ તેને પરમેશ્વરની, તે હક્ક–તઆલાની ખરેખરી હસ્તી કબૂલ રાખવાને ફરજ પડી હતી, અને તે આ બે–તકરાર બીનાથી કે "સૃષ્ટિ વચે ખરેખરૂં અકલમંદ પ્રાણી જે માનવી, તે જેમ કુદ્રતનું તેમજ સૃષ્ટિનું મૂળ કારણ નહિ હોવાથી, જે સૃષ્ટિ જે સુખ તેને સૂચવે છે તે સુખને તેના વ્યવહારૂ નીતિમાન ધોરણ સાથે મેળવી આપી શકતી નથી તેવી એક સૃષ્ટિ ઉપર તેને આધાર રાખવો પડે છે તે જોતાં, મીનોઈ અથવા આત્મિક કાએદાના બાબમાં તેની નીતિ અને તેનાં સુખ વચે એક હમેશનાં ચાલુ સરખાં પ્રમાણ અથવા અંદાજાની આશા રાખવાને સહેજબી કારણ નથી. એ છતાં પણ ખાલેસ, વ્યવહારૂ સમજ, જે પોતેજ જાહેર કીધેલા કાએદાથી આપણી ઇચ્છાનો નિવેડો લાવે છે,.......તે સમજ જ્યારે સૌથી બુલંદ નેકીને આગળ વધારવાને આપણને ફરમાવે છે ત્યારે તે એવા કોઈ સંબંધ બાબે અનુમાન કરે છે. એ પ્રમાણે વળી, કુદરતથી નિરાળી

એવી એક હસ્તીનું, જેમાં સુખ અને નીતિ વચેના તાલુકાનો સબબ સમાઈ જાય તેવા કુલ્લે કુદરતનાં એક કારણનું, એટલે કે, ખુદાવંદ તઆલાની હસ્તીનું, અનુમાન થાયછે. જે વાત સિદ્ધ કરવાને અનુમાન સિદ્ધ સમજ અશક્ત થઈ પડી હતી તે વાત "'ખુદા છે' એવી એક નહિ દૂર કરી શકાય તેવી બસ્હુક્ક ખાતરીને રૂપે નીતિમય શુદ્ધિ મારફતે વ્યવહારૂ સમજથી પુરવાર થઈ જાય છે" (ડૉ૦ એ. વોગેલ. "Problems of life and Enigmas of the Universe in the Light of Modern science") એ પ્રમાણે ત્યારે જેને "ખાલેસ સમજ" તેમજ જેને "વ્યવહારૂ સમજ" કહે છે તેમની રોશનીથી જરથોશ્તી ધર્મ–મતની સચ્ચાઈ આપણે જોઈ ચુક્યા, કે જે ધર્મ–મત જાહેર કરે છે કે સૃષ્ટિનો અવ્વલ સબબ સર્વોત્તમ પરમાત્મા દાદાર અહુર–મજ્દ છે, જે જાતિત્વ [personality] ની સ્થિતિમાં એક અપાર મીનો આત્મા છે.

હવે આપણું એ સિધ્ધાંત કુદ્રતમાં સૃષ્ટિની જિન્દગીમાં, આપણી પોતાની જિન્દગીમાં કેટલી તહ્કીક અથવા સાબેતી ધરાવે છે તે જોવાને આપણે આગળ વધીશું. આપણું ધર્મ–મત કહે છે કે સૃષ્ટિનો અવ્વલ સબબ અહુર–મજ્દ છે અને અહુર અને અહુર–મજ્દ એક અપાર મીનો આત્મા, એક સદાકાળની સ્વયંભૂ એટલે જાતેજ હસ્તીમાં આવેલી સ્વતંત્ર ઐકયતા છે, યાને સદાકાળથી જાતેજ પોતે હસ્તીમાં આવેલું એક અખંડ વજુદ છે. અહુર–મજ્દ એ બળવાન શબ્દમાં જે દબદબો સમાયલો છે તે દબદબા જેવું કાંઇ શું આપણે આસ્માનોમાં, દરિયાવોમાં, અને વળી ઈન્સાન જાતમાં જોઇએ છીયે? શું આકાશ, ધરતી, મહાસાગર, અથવા માનવી કોઈ મૂળ અથવા શરૂઆત વગરનાં વજૂદનો છાપ ધરાવે છે? શું કુદ્રત અથવા તેમાં સમાયલી કોઇપણ વસ્તુ અહુર–મજ્દની મિસાલે કહી શકે કે "મારૂં નામ "અવતનુયો" એટલે બદન વગરનો છે?" (ગેલ્ડનરનુ પુસ્તક. યશ્ત ૧, ફ ૭) અલબત્તાં નહિજ. કારણ કે તમામ કુદરત હાડમંદ યાને બદન ધરાવતી છે. તે માહેલી દરેક વસ્તુને તેના માપનો આકાર અથવા બદન હોય છે.

શું કુદરત અથવા કુદરત માહેલી કોઇબી વસ્તુ અહુર-મજ્દની મિસાલે કહી શકે કે "અહ્‌મી યત્ અહ્‌મી મજ્દાઓ નાંમ" એટલે હું તે છું, મજ્દ નામવાલો એટલે કે હું જાતે હસ્તીમાં આવેલો સર્વજ્ઞ હરવક્ષ્પ આગાહ હક્કતઆલા છું? (ગેલ્ડનર યશ્ત ૧, ફ. ૮). કુદરત માહેલી દરેક વસ્તુ હિલ-ચાલ કરતી રહે છે; કારણકે તે માહેલું દરેક વજૂદ કામકાજમાં રોકાયલું હોય છે, અને તે માહેલું દરેક વજૂદ એટલા વાસ્તે કામમાં મચેલું હોય છે કે બારીકમાં બારીક રજકણથી મોટામાં મોટા ગૃહો સુધી, ખાકથી માનવીનાં મનસુધી કાંઈ નહિ ને કાંઈ ગતિ ધરાવે છે. દરેક વસ્તુ, તેમાં સૌથી જડ પદાર્થ પણ ઉદ્યોગ અથવા ગતિમાં હોય છે; જે મૂળ તત્વો તેને તાબે થાય છે તેમને તે ધક્કે કરે છે, અટકાવે છે, પોતા તરફ ખેંચે છે અને પોતામાં સમેટી લે છે. ટુંકમાં કહેતાં ગતિ અથવા હીલચાલ એ કુદરતમાં હસ્તી ધરાવતી દરેક વસ્તુનું કાયમનું સામાન્ય લક્ષણ છે. પરંતુ ગતિ ઉપરથી કોઇ પ્રથમ ગતિમાં મેલનાર અથવા ચલાવનારનો ખિયાલ તુરતજ આવે છે. તેટલા માટે ગતિમાં હોતી સૃષ્ટિને પેલેપાર કોઈ ગતિ આપનાર હોવોજ જોઇએ. આપણા કદીમ ઈરાની વલીનાં ફિલ્સુફી મગજે આ સર્વવ્યાપી ગતિનો જોઈ લીધેલો અને તેનું પૃથક્કરણ કીધેલું અને એક મુખ્ય ગતિ આપનારની હસ્તીની અગત્ય જોઈ લીધેલી દેખાય છે અને તે ઉપરથી તેને બોલવાની જરૂર પડે છે કે "ખુરશેદ અને સેતારાઓને તેમના મુકરર કીધેલા માર્ગો કોણે આગમજથી નેમી આપ્યા? તું સિવાયે (ઓ અહુર) કોણ માહુતાબને તેના કદમાં વધારે છે તથા ઘટાડે છે? પિતામાં પુત્ર પ્રત્યેની પ્રીતી કોણે ઉત્પન્ન કીધી (તેનાં દિલને ગતિમાં મેલ્યું)?" (યજ. હા. ૪૪, ફ. ૩ અને ૭).

કદીમ યુનાની ફિલ્સુફ આરીસ્ટોટલના બાબમાં એવું કહેવાય છે કે પદાર્થનું કાયમપણું સ્વીકારવા પછી કુદરત વચે એવું કાંઇ છે કે જેની હાજરીનો ખુલાસો વધારે ઉંચા પ્રકારના નિયમો અથવા ધોરણો વગર આપી શકાય નહિ એવું શોધી કાઢવા વગર તેનાથી સર્વોપરિ મૂળ કારણ તુલીક વધી શકાયું નહિ. એવી તેને ગૃહો તથા સેતારા-

ઓની ગતિ માલૂમ પડી, અને તે ઉપરથી તેણે આ સિદ્ધાંત લખી કાઢયો,..............."એવું કાંઈ ગતિ વગરનું છે જે ગતિનું મૂળ કારણ છે."

એ પ્રમાણે સૃષ્ટિ અપાર અને સ્વતંત્ર નથી. ખરેખર, હકીકતમાં તો તે એક ગુલામ છે, જે પોતાના માલેકને તાબે રહેવાને તથા પુર ફરજથી તેની નોકરી બજા લાવવાને સંપૂર્ણ રીતે બંધાયલો છે. તે મુકરર કરી આપેલાં વર્તુલમાં ગબડયા કરે છે. તેનાં કાંઈબી સ્વતંત્રતા અથવા મુખ્ય અધિકારનાં લક્ષણો નથી. દરેક બનાવ તેના ચોકસ કાએદાઓ પ્રમાણેજ બને છે. એક પથ્થર તેને જ્યાં મેલ્યો હોય ત્યાંજ રહે છે; એક ગૃહ તેને માટે નક્કી કરી આપેલા માર્ગમાં ચક્રાવો લે છે. એ સઘળા ગોળાઓ તેમનાં કદ અને ગતિમાં એવા ભારે બળવાન હોવા છતાં, પોતાના નિયમથી આડા ફાટવાની પોતાની લાચારી તથા કમજોરી અવલોકન કરનારને દેખાડેછે. અને ખુદ માનવી જેનામાં સ્વતંત્રતાની કાંઇક નિશાન આપણને મળી આવે છે કે જે સ્વતંત્રતા આપણી દુનિયાના બીજા વતનીઓમાં ગેરહાજર દેખાય છે, તે માનવી શું સદંતર સ્વતંત્ર અથવા સર્વધિકારી છે? શું તે પોતાની મરજી પ્રમાણે જન્મ લઈ શકે? શું તે ચાહે એટલો લાંબો વખત જીવી શકશે? શું તે ખુદ પોતા ઉપરાંત કોઇ બીજી વસ્તુ ઉપર પોતાનાં ગુજરાન તથા એશ આરામ માટે આધાર રાખતો નથી? જે કુદરતનો એક ભાગ તેનાથી બનેલો છે, તે કુદરતની મિસાલે, તેને પોતાની હયાતી માટે, પોતાનાં ગુજરાન માટે, પોતાનાં સુખ માટે, પોતાનાં મરણ માટે પોતા કરતાં કોઇ વધારે ચઢિયાતાં વજુદ ઉપર આધાર રાખવો પડે છે. ટુંકમાં કહેતાં સૃષ્ટિના દેખાવ ઉપરથી બે ખિયાલો અશક્તિ અને દયાના બરપા થાય છે. અને એવા ખિયાલોથી જરથુતી શાએરને નીચલા શ્લોકો જોડવાની પ્રેરણા થયલી લાગે છે:—

"તમોને (ઓ અહુરમજદ) જેહાનનાં રવાન (અથવા આત્માએ) પુકાર મારી કહયું:—'મને શા માટે તમે બનાવી? મને કોણે બનાવી? મારા ઉપર ગુસ્સો, લૂટફાટ, ઘાટકીપણું,

વેરાની, બળાત્કાર અને જુલમ (આવી પડયો છે). તમો વગર મારો કોઈ બીજો તારનાર નથી, તેટલા માટે (અમારાં કલ્યાણ સારૂ) અમને કાંઈ સારો જેવો પેશો શિખવ." (યજ. હા. ૨૯. ફ. ૧).

"ક્યારે મારી આગળ રાસ્તી, નેક મન, સર્વોપરિ સત્તા આવશે? ઓ અહુર–જ્દ! હવે અમોને તમારી પુષ્કળ મદદથી નૂવાજો તમો જેવા ખાલેકની રહમવંતં બખ્શેશોની (અમોને ભારે જરૂર છે)." (યજ. હા. ૨૯. ફ. ૧૧).

"અમારી પૃથવી તથા આકાશોને ટેકાવી રાખનાર કોણ છે? પવન અને વાદલાંઓને કોણ શિતાબી આપે છે? કોણ અમો માહેલાં નેક મનનો પેદા કરનાર છે? કોણ બાબ અને બેદારીનો મહાન કારીગર છે? ઓ અહુર! મને રાસ્ત કહે કે પેદાયસ વચે (સૃષ્ટિમાં) પવિત્ર કાએદા અથવા બંદોબસ્તનો કર્તા કોણ હતો? કોણે ખુરશેદ અને સેતારાઓને તેઓનો મુકરર કીધેલો માર્ગ આગમજથી નક્કી કરી આપ્યો! તું સિવાયે બીજો કોણ માહતાબને કદમાં વધારે છે તથા ઘટાડે છે? (યજ. હા. ૪૪. ફ. ૩–૫).

આ છેલ્લી ટાંકેલી કળીમાં આપણે ખુલ્લી રીતે જોઈએ છિયે કે કદીમ ઈરાનનો સૌથી પાકીજે શાએર સૃષ્ટિની અજાયબીઓમાં આગળથી ધારી રાખેલી કારીગરીનું લક્ષણ જુએ છે અને તે કારીગરીના મહાન કારીગરની હસ્તી સ્વીકારી જાય છે. જે મિસાલે એક હુનરમંદીના કામનાં જુદાં જુદાં સાધનો તથા અંશો તેઓની પોતાની કુદ્રતી શકિતને સબબે પોતેજ પોતાની મેળે ગોઠવાઇ શકતા નથી, તેજ મિસાલે જે તરેહવાર અને બેશુમાર ભાગોથી સૃષ્ટિ બની છે તે ભાગો "જગતના પેલા મહાન સંયુક્ત ક્રમની રૂએ" પોતેજ પોતાની મેળે ગોઠવાઈ શકાયા હોય નહિ; કારણ કે આ એકી વખ્તે સંયુક્ત અને ક્રમવાર રચવાને ટેકાવી રાખવા માટે કોઈ બેહદ ચાલાક બુદ્ધિમાન વજૂદ અથવા શક્તિ મૌજૂદ હોવી જોઇએ કે જે શક્તિ પોતાના બળવાન હાથમાં કુલ્લે કુદ્રતની લગામ ધરાવે છે.

બેશક ખલક તે કાંઇ અહુર-મજ્દ પોતે નથી. અને તોપણ ખલક ગમે એટલી હદમાં સંકોચાયલી હોય, આપણાં મન આગળ ગમે એવી ખામોશ મૂગી ઉભેલી હોય તોપણ, તેનામાં કાંઇ નહિ તો તે ખાલેકનું કાંઇક સ્વરૂપ અથવા લક્ષણ સમાયલું છે. તમામ કુદ્રત તે દાદારની સર્વોત્તમ તદબીર, રચના, અનુક્રમ, સુંદરતા અને નેકીનું પ્રતિબિંબ અથવા પડછાયો છે. જમ્યાદ યશ્તનો કર્તા કહી જાય છે કે "તે કામો બેશુમાર અને નેકી ભર્યાં, બેશુમાર અને મનોહર, બેશુમાર અને તાજગી ભર્યા, બેશુમાર અને રોનકદાર છે કે જે અહુર-મજ્દે પોતાનાં ખોરેહની મારફતે બનાવ્યાં છે."

આસપાસ દુનિયા ઉપર નેગાહ કરો અને તલાશ કરો કે તેનાં ઉપર ક્યાં મૂળનો છાપ પડી રહેલો છે? પૃથ્વીના વતનીઓને તેઓના અમુક અવયવોની રચનાને બહુજ મદદગાર થઇ પડે એવું જે બંધારણ પુરૂં પાડવામાં આવ્યું છે તે શું એ-તેફાકથીજ હશે? પાણીનો જે અસાધારણ ફેલાવો થતો રહીને વર્ષાદનાં પાણી તરીકે ઝાડપાન અને જાનદાર આલમનું જે પોષણ કરે છે તે શું માત્ર એ-તેફાકથીજ હશે? આ શું અકસ્માતથીજ હશે કે અતિ અસાધારણ રીતે જારી રહેલા વર્ષાદનાં પાણીઓ ઝાડપાનોને પોષણ આપવા માટે અગત્યનાં તત્વોનાં બારીકમાં બારીક રજકણો વટિક ધરતી પાસથી છીનવી લેવાને અશક્ત હોય છે? સઘળાં પેટે ચાલતાં, તરતાં અને ઉડતાં પ્રાણીઓને સઘળાં હયવાનો અને ઢોરોને તેઓનાં અમુક પ્રકારના પોષણના પદાર્થો, સગવડનાં સાધનો, રક્ષણ અને બચાવ પુરાં પાડેલાં હોય છે તે શું અકસ્માતથીજ કે? ગાયને મીઠું ઘાસ મળે છે; તેના વાછરડાંને મીઠું દુધ મળે છે; મધમાખીને મધથી ભરેલાં પુલો મળે છે; પક્ષીઓને બીઆં મળે છે; માછલીને ભીંગડાં હોય છે; સર્પને તેને બંધબેસતાં દાંત; સાબરને શિંગડાં; હરણીને શિતાબ પગો; હાથીને લાંબા દાંતો એ સઘળું શું એ-તેફાકથીજ હશે? માનવી જે આવું મહાશ્રમથી બનાવેલું, આવું નાજૂક, આવું ફક્કડ, આવું ખૂબસૂરત, આવું અજબ જેવું અને તેની બાંધણી તથા રચનામાં આવું ભેદભર્યું બદન ધરાવે

છે, તે શું અકસ્માતથીજ ? માણુસની જમણી અને ડાબી બાજૂએ જે મનોરંજક સરખાપણું છે તે એ તેફાકીજ હશે ? શું આ અણુધારયું આકસ્મિક હશે કે આદમીની ચશ્મમાં સઘળી જોઈતી સ્થિતિઓને એવી તો બંધબેસતી રાખવામાં આવી છે કે તે ચિન્હોને નિહાળી શકે છે ? ટુંકમાં કહેતાં, આ દુનિયા જે માણુસ આરામ તથા લાભને અને નીચલા પ્રકારનાં પ્રાણીઓની સગવડ તથા આરામને બધી વાતે અજબ રીતે લાયક થઇ પડી છે તે શું અકસ્માતને લીધેજ હશે ? અગર આપણે એમ કહિયે કે એ સઘળું અકસ્માતનુંજ કામ છે તો આપણે એમ પણ કહેવાને વધારે હક્કદાર રહી શકિયે કે "હેમલેત"ને નામે મશહુર થયલો શેકસપિર્યરનો સુંદર નાટક ફક્ત અકસ્માતનુંજ પરિણામ છે, અને શેકસપિયરે તેની રચનાની; અકસ્માતથી તેની ટેબલ ઉપર સફેદ કાગળોના કેટલાક તાવો પડેલા હતા અને તે ઉપર, તેની ગેરહાજરીમાં, સારે નસીબે કેટલીક સંખ્યાબંધ માખીઓ ઉડી આવીને બેઠી અને પોતાની હાજરીની નિશાનો એવા તો નિયમિત ક્રમથી મુકી ગઈ કે "હેમલેટ"ના સુંદર નાટકના અક્ષરો, કલીઓ અને દેખાવો ઉત્પન્ન થયા. શેકસપિયરની આ નાદર કારીગરીની હસ્તીના બાબમાં એ શું વિદ્યાને અનુસરતો ખુલાસો છે ? દુનિયાની યોગ્યતાની હસ્તી બાબેનું અકસ્માત સિદ્ધાંત જેટલું બેહુદું છે તેટલોજ બેહુદો આ ખુલાસો પણ છે. તેટલા માટે એ મનોહર અને અચ્છી રીતે રચાયલા નાટક ઉપરથી એવું અનુમાન કરવું કે એક કવિ એવો પણ થઈ ગયો છે કે જેણે "હેમલેટ"નો નાટક રચ્યો છે, એ જેટલું અકલ પસંદ તેટલુંજ અકલ પસંદ સૃષ્ટિમાં નજર પડતી અજબ જેવી લાયકાત અને રચના ઉપરથી એક અપાર રહેમવંત પેદા કરનાર મીનોની ખરેખરી હસ્તી બાબેનું અનુમાન છે.

તેટલા ઉપરથી અગર આપણે પૂછિયે અને તહકીક કરિયે કે આપણાં તાળવાં અથવા મોહોડાંને માટે લહેજતદાર ચીજો, આપણા કાનને માટે સંગીત, આપણી આંખને માટે સુંદરતા, આપણાં નસ્કોરાંને માટે ખુશબો, આપણી ઉપર પ્રકાશવાને માટે આફ્તાબ,

આપણુને તાજગી આપવા માટે પાણી, આપણુને ખવરાવવાને માટે ખોરાક, આપણાં દર્દો સાજાં કરવા માટે રોપાઓ, આપણાં ઘરો બાંધવા માટે જંગલો, અને તે ઘરોના પાયા નાખવા માટે ડુંગરો એ સઘળું ક્યાંથી આવે છે? પતંગિયાની પાંખો ઉપર આવી મનોરંજક રીતે રચેલા રંગો ક્યાંથી આવ્યાં? ક્યાંથી આવ્યાં સુંદર વર્ષાદની કમાન, અરૂણ [Aurora] અને સેતારાઓથી ભરેલું આસ્માન? એ સવાલોની એકજ વ્યાખ્યા, એકજ ખુલાસો, એકજ જવાબ એ છે કે:—"ઓ મીનો મજદ (તું) પોતેજ (છે) તારા પવિત્ કાએદાની મારફતે રહમ ભર્યો, સઘળામાંથી બદી અથવા દુઃખને દફે કરનાર, અને (ગેતી તથા મીનોઇ) જેહાનનો દોસ્ત (યજ હા. ૪૪. ફ. ૨.)

"મારાં રવાને કેવી મદદ શોધવી અને તે શી રીતે શોધવી? મારાં ઢોરોને અને મને પોતાને રક્ષણ આપવા માટે કોણ જણાયલું છે, સિવાયે કે તારો પવિત્ર કાએદો, અને તું પોતે અને તારૂં સૌથી સરસ મન, ઓ અહુર-મજદ, ઓ તું પૂંજાયલા સાહેબ તે (મને) કહે. (યજ. હા. ૫૦. ફ. ૧).

"ઓ અહુર-મજદ! સેતારાઓ, અને ખુરશેદ અને અરૂણ.......એ સઘળાંઓ તારી કીર્તિ ગાવા માટે તારા પવિત્ર કાએદા મારફતે કાએદેસર રીતે (તેમનો) માર્ગ લેતા રહે છે" (યજ. હા. ૫૦. ફ. ૧૦).

તેટલા માટે જરથોસ્તી ધર્મ-મત સૃષ્ટિમાં એક પવિત્ર ક્રમ અથવા યોજના અને તેના યોજક અથવા પેદા કરનાર અહુર-મજદની હસ્તી સ્વીકારતો હોવાથી તે મત ખરોજ છે. એ મત પ્રમાણે સઘળા બુદ્ધિને લગતા, નીતિને લગતા, દીનને લગતા અને કુદરતને લગતા કાએદાને પેદા કરનાર અહુર-મજદ અને એકલો અહુર-મજદજ છે.—

"ઓ અહુર-મજદ! જ્યારે તેં તારા પોતાનાં મનની મારફતે સઘર પેહેલાં દુનિયાઓને અથવા સૃષ્ટિને ઉત્પન્ન કીધી, અને તેના

કાએદાઓ પેદા કીધા, ત્યારે તું દાદારે અમોને બુદ્ધિ તથા ગેતી જિન્દગી બખ્શી અને તેમની સાથે દીની કાએદાઓ આપ્યા, એટલા વાસ્તે કે ઈચ્છનાર પોતાની પસંદગી મુકરર" (યજ. હા. ૩૧. ફ. ૧૧.).

આ ફકરાની રૂએ માનવી એક મીશ્ર પ્રાણી છે. તેના વિચારથી તે બુદ્ધિના વર્ગને લગતો છે; તેની ઈચ્છાથી તે નીતિના વર્ગને લગતો છે; તેનાં તમામ રવાન અથવા જીવથી. તે દીનના વર્ગને લગતો છે; તેની જિસ્માની યાને બદનને લગતી જિન્દગીથી તે હાડમંદ અથવા શરીરિક વર્ગને લગતો છે.

આ ફકરા ઉપરથી ખુલ્લી રીતે દેખાઈ આવે છે કે આપણો ધર્મ–મત જે પ્રમાણે આત્માની તેજ પ્રમાણે પદાર્થની હસ્તી ના પાડતો નથી, આકાર પામવાને અને ગતિ લેવાને એટલે હિલચાલ કરવાને લાયક એવા નજરે દેખાતા સ્પષ્ટ થતા જાહેર પદાર્થની હસ્તી તે સ્વીકારે છે, અને વળી વિચાર તથા ઈચ્છાની હસ્તીઓ પણ કબૂલ રાખે છે અને તે બંને અહુર–મજદનેજ આભારી છે એમ ગણે છે.

આપણા ધર્મ–મતે રજૂ કીધેલા પદાર્થ અને આત્મા એ બે સિવાયે બીજાં કોઇપણ વજુદો આપણી લાગણીઓ અને અકલ આપણી આગળ જાહેર કરતી નથી. આપણી ઇંદ્રિઓની તપાસ હેઠળ જે વસ્તુ આવે છે તે પદાર્થ છે. આપણી ઇંદ્રિયો તેને જોઈ શકે છે, પકડી શકે છે, અને તેને અડકી શકે છે. તે ઇંદ્રિયો વિધ્યાએ શોધી કાઢેલા કાએદાઓ મુવાફેક તેનો ઉપયોગ કરી શકે છે. આત્મા પદાર્થ કરતાં કાંઈ ઓછો સ્પષ્ટ નથી. કારણકે આપણું રૂહાની યાને આત્મિક વજૂદ આપણે પોતેજ છિયે. આપણને તેની સચાઈ માલૂમ પડે છે. આપણને આપણાં બદન અને રવાન વચેનો તફાવત એટલા તો જોરથી માલૂમ પડે છે કે દરેક પળે તેમની ઐકયતા અથવા જોડાણની ખાતરી જેટલીજ તેમનાં બેવડાપણાં બાબે આપણી મુસ્તકીમ ખાતરી થતી રહે છે.

શું અહિંપણ કાંઈ વિરૂધતા આપણને મળે છે? હા આપણને મલે છે. પદાર્થનેજ સર્વોપરી ગણનારો મેટીરીએલીજમ એટલે જડ-

વાદનોજ સંપ્રદાય આત્માની ખરેખરી હસ્તી માનવાને ના પાડે છે. તે મીનોઈ અથવા આત્મિક વજૂદોની હસ્તીનો ઇનકાર કરે છે, તે આપણી એવી ખાતરી કરવાનો ફાંકો રાખે છે કે દુનિયામાં સ્પષ્ટ દેખાતા પૃથક્કરણ કરી શકાય એવા પદાર્થ ઉપરાંત બીજું કાંઈ નથી. તે વિચાર અને ઇચ્છાના ચમત્કારોનું કારણ સદાકાળ આગળ વધતા પદાર્થનેજ લાગુ પાડે છે. તે જાહેર કરે છે કે–પદાર્થ નાશવંત નથી પણ–જાવેદાનની હસ્તી ધરાવતો છે. તેના કહેવા પ્રમાણે પદાર્થ અવ્વલ ગતિમાં હતો અથવાતો શાંત સ્થિતિમાં પડી રહ્યો હતો. રફ્તે રફ્તે તેણે વધારે સંપૂર્ણ ગતિ અખત્યાર કીધી, તે પ્રથમ સ્વરૂપ ધારણ કરવા જેવી સ્થિતિ [Protoplasm] નાં મૂળ પરિણામ અથવાં પ્રકટી કરણ [Evolution] તુલિક આવી પોહોચ્યો ત્યાં સુધી તેણે એટલે પદાર્થે એ પ્રમાણે ગતિ લેવી જારી રાખી, જે ક્રિયા વનસ્પતિ તથા પ્રાણીઓની તરેહવાર જાતોમાંથી આગળ અને આગળ વધતી એક વાંદરની પેદાયશ સુધી આવી લાગી, અને એક વાંદરમાંથી આગળ વધતાં એક હબશી બન્યો અને એક હબશીમાંથી હાલની માનવી જાતની ઉત્પત્તિ થઈ.

અત્રે પુર ઇન્સાફથી કહી શકાય કે જડવાદ એક એવું સિદ્ધાંત છે કે જેની વળણ ઇન્સાન જાતને હીણપસ્તી લગાડનારી, તેને નીચે દરજે ઉતારી પાડનારી, તેના મરતબા તથા બુજોર્ગીનો નાશ કરનારી છે. એ એક એવું સિદ્ધાંત છે કે જેથી દુરાચારી મનનું માણસ રાસ્તીના ખિયાલોથી ઇન્સાફ અને જવાબદારીથી મોકલો થઈ જવાની અને એ રીતે પોતાનો સંતાપ દાબી દેવાની તથા જે શાંતિ તેને મળવી માહાલ છે તે શાંતિ પામવાની કોશેસ કરે છે યા તલબ રાખે છે. એ એક નીચ સિદ્ધાંત છે જે કુદરતની વિરૂદ્ધ, અકલ અને અનુભવની વિરૂદ્ધ જતું પુરવાર થઈ ચુક્યું છે.

જડવાદી એવું ધારે છે કે ધરતી પ્રકટીકરણ અને સંપૂર્ણતાની ચોકસ સ્થિતિએ પહોંચવા પછી, જે મિસાલે તે ઝાડપાન, ફુલો તથા ફળો ઉત્પન્ન કરી શકે છે તેજ મિસાલે તે ખિયાલો

દરિયાફતો તથા ઇચ્છાઓ ઉત્પન્ન કરવાને શક્તિવાન બને છે. આપણી સાદી સમજ તથા અનુભવ આવો બેવકુફી ભર્યો અભિપ્રાય માનવાને ના પાડે છે. કોઇપણ વસ્તુ લો, પછી તે જાનદાર હોય કે બેજાન, ચૈતન્ય વાળી અથવા ચૈતન્યવગરની યાને ઇંદ્રિયોવાળી કે ઇંદ્રિયો વગરની હોય અને તેને બને તેટલી ઉંચામાં ઉંચી સ્થિતિ અથવા પંકતી સુધી ખીલવો તો તમને તે માંહેલાં અવ્વલ મૂળતત્વ સિવાયે બીજું કાંઈપણ માલૂમ પડનાર નથી. બની શકતા સઘળા ઉપાયોથી એક સેબફળ અથવા સફરજનના ઝાડને રોપો અને તમે સદાકાળ થોભીને રાહ જોયા કરશો તોપણ સેબફળ સિવાયે તમને બીજું કાંઇ મળનાર નથી. એક પથરાને જમીનમાં દાટો અથવા રોપો અને તમો સદાકાળ થોભીને રાહ જોયા કરશો તોપણ કદી પણ તેમાંથી ફળનું ઝાડ ઉગી નિકળવાનું નથી.

વિદ્વાનોએ કારબૉનીક ઍસીડ, અલટ્રા–વાયોલેટ કિરણો, ઉંચામાં ઉંચુ ગરમીનું પ્રમાણ અને બીજી વસ્તુઓ અજમાવી જોઈ છે. તેમની એ સઘળી કોશીસો, સાધનો અને જ્ઞાન છતાં તેઓ એકબી જીવતું બદન ઉત્પન્ન કરવામાં ફાવ્યા નથી. ત્યારે કાંઈપણ બુદ્ધિ અને મદદ વગર બેજાન પદાર્થ જાનદાર આલમની જુદા જુદા પ્રકારની જાતો ઉત્પન્ન કરે એ શું બનવા જોગ છે? ઇંદ્રિયો અથવા ચૈતન્ય વગરના પદાર્થના રજકણો એવાં ભાગ્યવંત જોડાણમાં આવી પડે કે જેનાં પરિણામમાં એક જાનદાર વજૂદ પેદા થાય એમ ધારવું સદંતર માહાલ છે. કુદૂરતમાં પોતાની મેળે ઉત્પન્ન થતી પેદાયશ હરદમ થતી રહે છે એવું પુરવાર કરવાને આદમી કાંઈ હજારો વર્ષો થયાં અવલોકન કરતો આવ્યો છે, પણ હમેશ નિષ્ફળ થતો રહે છે. એથી ઉળટું તે એવું સાબેત કરવાને શક્તિવાન બન્યો છે કે પ્રકટીકરણ અથવા સ્વજાત ઉત્પત્તિ [Spontaneous Generation] નું સિદ્ધાંત ખોટું છે. તેણે એવું નકકી કીધું છે કે જેમ અગાઉ ધારવામાં આવતું હતુ તેમ સડી જતાં બદનોમાંથી કીડાઓ જન્મ પામતા નથી; કે મેલાં ચીંઠડાંમાંથી ઉંદરડાં ઉત્પન્ન થયાં નથી, અને વિછુંઓ વનસ્પતિમાંથી ફુટી નિકળયા નથી. તેણે એવું નકકી કીધું છે કે કૃત્રિમ અથવા

નકલી તરબિયત [artificial breeding] થી એક કબૂતરમાંથી ગીધ પક્ષીને ઉત્પન્ન કરવું અથવા એક કુત્રામાંથી બિલાડીને પેદા કરવી અશકય છે. જાનદારોની એક જાતમાંથી બીજી જાત ઉત્પન્ન થવાનો એકપણ દાખલો હજી સુધી મળી આવ્યો નથી.

આદમીની અકલ તથા તેની સ્વતંત્ર ઇચ્છા અને તેનાં બદનની રચના વટિક, વાંદરના બદનની રચના તથા જીવન–મૂળ [vital principle] થી એટલી તો ઉલટી અને એટલી તો ચઢિયાતી છે કે કોઇ વધારે ચઢિયાતી શક્તિ યા કારણનાં વચે આવ્યા વગર વાંદરમાંથી માનુવીનું પ્રકટીકરણ થાય, તે એક કાંકરાંમાંથી પુલો તથા ફૂલો પેદા થાય તેટલુંજ બેકયાસ છે. યાને પુરાતન કાળનાં પ્રાણીઓ તથા વનસ્પતિ બાબેનું જ્ઞાન આપતી વિધ્ય પૅલીઑન્ટૉલૉજી [Paleontology,] મનુષ્ય જાતના બાંધા તથા તેની ઉત્પત્તિની તવારીખ વગેરે દર્શાવતી વિધ્યા ઍન્થ્રોપૉલૉજિ [anthropology] માનવી જાતની જુદી જુદી તોખ્મો તથા ટોળાઓ વિગેરેનું જ્ઞાન આપતી વિધ્યા એ થ્નૉલૉજી [ethnology] જેવી વિધ્યાઓમાં આટલો બધો બોહોળો વધારો થવા છતાં, જે કડીઓથી માણુસ વાંદર સાથ સીધી રીતે જોડાવું જોઇએ તે કડીઓ હજી સુધી શોધી કાઢવામાં આવી નથી. એ બાબદ ઉપર એક મોટી સત્તા સમાન ગણાતો વિદ્વાન વીરશો કહે છે કે:–

"[ભુસ્તર વિધાએ મુકર્રર કીધેલાં ધરતીનાં જુદાં જુદાં પડો માહેલાં] કવાટરનૅરી અથવા ચતુર્થાવસ્થાનાં એટલે ચોથાં પડમાંથી મળી આવેલાં આદમીનાં બદનની પથ્થરમાં બદલાઇ ગયલી તારાજ–નિશાનો [fossil] નો અગર આપણે અભ્યાસ કરિયે–કે જે વેળાના આદમીઓ ઓલાદ બલકે ઉત્પત્તિના ક્રમમાં બેશક આપણાં પેહલા પૂર્વજોની વધારે નજદીકીમાં હોવા જોઇએ–તો આપણુને હમેશાં તે વેળાનું આદમી આપણા પોતાના જેવુંજ માલૂમ પડે છે........સામટી રીતે લેતાં આપણુને કબૂલ કરવાની ફરજ પડે છે કે નીચલા પ્રકારની માનવી ખીલવણીની તારાજ નિશાનનો ઘાટ

હજી મળી આવ્યાં નથી. ખરેખર, અગર આપણે ઘણાજ કદીમ જમાનાઓની મળી આવેલી આદમીનાં બદનની સઘળી તારાજ–નિશાનો લઇએ અને તેમના નમૂનાને આજની ઇન્સાન જાત સાથ સરખાવિયે, તો આપણે સ્પષ્ટ રીતે કહી શકિયે કે પાછલામાં યાને આજના જમાનાની માનવી જાતમાં તે જમાનાના માનવીઓ કરતાં વધારે ઉતરતા પ્રકારની ખીલવણી ઘણી મોટી સંખ્યામાં નજર પડે છે ચતુર્થાવસ્થા [quaternary] કાળના મોટામાં મોટા બુદ્ધિમાન માણસો, પોતા પછીની ઓલાદને માટે પોતાનાં હાડકાંઓ મુકી જવાને નસીબવંત થયા હતા યા નહિ તે નક્કી કરવાને હું હિમ્મત કરી શકતો નથી. પણ એક નિયમ તરીકે, એકાદ તારાજ નિશાનની બાંધણી ઉપરથી આપણે તો નહિ મળી આવેલી તારાજ નિશાનનો મોટા ભાગનાં લક્ષણ બાબે અનુમાન કરિયે છીયે. હું તેમ કરીશ નહિ. જે થોડીક ખોપરીઓ મળી આવી છે તે તે વેળાની તમામ ઇન્સાન જાતની માથાંની ખોપરીઓના નમૂના છે એમ હું ભાર મુકીને કહીશ નહિ. તોપણ, મારે કહેવું જોઈએ કે એક વાંદરની ખોપરીની અથવા એક વાંદર–માનવીની ખોપરીની એવી કોઈ તારાજ નિશાન હજી સુધી મળી આવી નથી કે જે ખરેખર કોઇ માણસનીજ ખોપરી હોય.........એટલા ઉપરથી એવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો આપણે દાવો કરી શકિયે નહિ કે આદમી વાંદર અથવા કોઇ બીજા હયવાનથી ઉતરી આવેલું છે.” વીરશો [Freedom of Science]

હાલી જમાનાનો એક મશહૂર ઍન્થ્રૉપૉલૉજિસ્ત જૉન રેંક પોતાનાં અવલોકનોનાં પરિણામોનો સાર આ પ્રમાણે આપે છેઃ–“ હાલમાં તમામ જાણીતી ઇન્સાની આલમ વચે કોઇપણ જાત, પ્રજા, તાયફો, કુટુંબ અથવા અમુક આદમી એવું હસ્તી ધરાવતું નથી કે જેને પ્રાણી વિધ્યાને અનુસરતી રીતે માનવી તથા વાંદર વચેના જોડાણની કડી તરીકે દર્શાવી શકાય ”

“ એ રીતે પ્રચીન અને અર્વાચીન કાળનાં અવલોકનો ઉપરથી માનવી અને વાંદર વચેનો કાંઈપણ સંગમ જાહેર થતો નથી. વળી

કુદ્રરતથી ઉલટી રીતે એવું એક કૃત્રિમ [artificial] મધ્ય દર્શન [intermediate phase] ઉત્પન્ન કરવાને થયલી કોશેસો પાર પાડી નથી. અને તોપણ અગર વાંદરો પોતાની મેળેજ માનવી તરીકે ખીલી નિકળ્યો હોય, તો તેને આજના જમાનામાં માનવી બેહદ્દ મોટી સગવડ અને આસાનીથી ભાષા, સહિત્ય વગેરેની તાલીમ આપીને લગભગ માનવી પંકતી ઉપર વધતો ઓછો લાવી શકયો હોત. પણ એક વાંદરને અકલથી વાત કરતો યાને બોલતો કરવાની કોશેસ કરો, સેંકડો જમાના પસાર થતાં પણ તે પોતાની મેળે પોપટના જેવો બબ્બડકારો કરવાની શકિતપણ મેળવી શકશે નહિ, જ્યારે ઑસ્ટ્રેલ્યાનો નીચમાંનીચ અસલ જંગલી વતની પોતાની ભાષા ધરાવે છે અને મીશનરીઓના રીપોર્ટો ઉપરથી જણાય છે તેમ, તે પેહલા સંભવમાં વટિક કેળવણીની પ્રથમ પંકતી સુધી ચઢી શકે છે યાને તેને વધતી ઓછી શરૂઆતની કેળવણી આપી શકાય છે”

શું વાંદરો આદમીની મિસાલે ‘હું” કરીને બોલી શકશે? શું તે તેની મિસાલે પોતાની ઉપરજ વિચાર ચલાવી શકશે? એનો કોઇપણ સમજુ **હોશદાર** આદમી ‘ના’ સિવાયે બીજો કાંઇપણ જવાબ આપી શકશે નહિ. જ્યારે હોશ અથવા બુદ્ધિના બાબમાં બોલતાં પ્રખ્યાત સિધ્ધુ પદાર્થ વિજ્ઞાની [Naturalist] ડુબોઈ રેમન્ડના શબ્દો અત્રે ટાંકેલા કવખતના થઈ પડશે નહિ, જે ઘણી નાસ્તિક પક્ષનો હોવા છતાં પોતાના “Limits of Natural Science” એ બાબદ ઉપરનાં ભાષણમાં બાપુકાર જાહેર કરે છે કે:—“માનવીના ભેજામાં ચાલતી શરીરને લગતી ક્રિયા ઉપરાંત બુદ્ધિને લગતી ક્રિયાઓનો ખુલાસો આપણી સમજથી ગુપ્ત છે. તે ક્રિયાઓ કોઈબી રીતે આપણી સમજથી દૂર છે.

“એક હાથ ઉપર, મારાં ભેજામાં ચાલતી મુકર્રર રજકણોની મુકર્રર ગતિ, અને, બીજા હાથ ઉપર, જે બીનાઓ એકલા મારા પોતામાંથીજ અસલમાં શરૂ થાય છે, જેમકે ‘મને દુઃખ થાય છે, મને ખુશહાલી ઉપજે છે, મને કાંઈ મીઠો મીઠો સવાદ લાગે છે, મને

ગુલાબના ફુલોનો 'ખુશબોદાર વાસ આવે છે, ઑરગનનો મધુર રાગ સાંભળું છું, મને કાંઇ રાતું રાતું દેખાય છે,' જેમનો ખુલાસો કે ઈન્કાર થઇ શકતો નથી, એઓ વચ્ચે શું સંબધ હસ્તી ધરાવતો ધારી શકાય? અને તેમાંથી પરિણામમાં એક સરખી તુરતજ થતી ખાતરી કે–'તેટલા માટે હું છુ'' એનું શું કારણ બતાવી શકશો? કારબૉન્ હાઇડ્રોજન્ ઑકસીજન નાઇટ્રોજન વગેરેનાં સંખ્યાબંધ પરમાણુ અથવા રજકણો તેઓ કેમ પડી રહે છે અને હિલચાલ કરે છે, તેઓ કેમ પડી રહ્યાં હતાં અને હિલચાલ કરતાં હતાં, તેઓ કેમ પડી રહેશે અને હિલચાલ કરશે, તે માટે બેફિકર કે બેપરવા નહિ હોય એ સદંતર અને સદાકાળ ખિયાલમાં નહિ ઉતરે એવું છે. તેમની મદદથી ચૈતન્ય શી રીતે ઉત્પન્ન થતું હશે તે સમજવું મોહાલ છે. અગર તેમને પોતાની સ્થિતિ તથા ગતિની રીતો માટે કાંઈ પરવા હોય તો, હરકોઇ તેમને દરેકને છુટું છુટું ભાન ધરાવતાં monads કલ્પી શકે. ચૈતન્યનો આથી ખુલાસો થઈ શકે એમ નથી........મગજનાં રજકણોનાં સાંચા કામમાંથી થતી ઉંચા પ્રકારની બુદ્ધિને લગતી ક્રિયાઓ સમજવી તદન અશકય છે અને સદાકાળ તેવીજ રહેશે........ હું જેમ ખાતરી પૂર્વક ધારૂંછું તેમ, આપણાં જ્ઞાનની હમણાંની પંકતી ઉપર બુદ્ધિનો ખુલાસો તેના પ્રાકૃતિક [material] સ્થિતિ ઉપરથી મળી શકવાનો નથી અને મામલો જોતાં તેવો ખુલાસો કદીપણ મળનાર નથી, એમ હવે હું સિદ્ધ કરીશ........ત્યારે, પૃથ્વી ઉપરના જિન્દગીનાં પ્રકટી કરણમાં કાંઇ નવું જણાય છે, જેના વિષે ત્યાર સુધી સાંભળવામાં આવ્યું ન હતું, એવું કાંઈ જે પદાર્થ અને શક્તિના તત્વની મિસાલે તથા ગતિની શરૂઆતની મિસાલે નહિ સમજ પડે એવું છે....... .....'' એ પ્રમાણે પદાર્થ વિજ્ઞાનનો આ નાસ્તિક શિક્ષા–ગુરૂ લાઈપઝીક ખાતે મળેલી પદાર્થ વિજ્ઞાની ઓની એક ભારે વગવાળી અને બુદ્ધિમાન સભાની હજૂરમાં બાપુકાર જાહેર કરે છે કે જડવાદ, અને તેજ પ્રમાણે વાંદરામાંથી માનવી ઉત્પન્ન થયું એવાં સિદ્ધાંતનો તે જે બોધ આપે છે તે નાપાયદાર અને કુદરતથી ઊલટું છે. તે આડકતરી

રીતે જાહેર કરતો દેખાય છે કે આપણે હજી. સુધી જે જોયું છે તથા જાણ્યું છે તેના મૂળ પાયામાં કાંઈ વધારે ઉંચા પ્રકારનું કારણ હસ્તી ધરાવે છે.

. આપણાં પવિત્ર પુસ્તકમાં, જમીન, પવન, પાણી, ઓરવર, હયવાન, માણસનું કુદરતી તથા હાસલ કીધેલું ડાહપણ અને બીજી જિસ્માની તથા રૂહાની વસ્તુઓના સંબંધમાં બધેબધ વપરાયલો વારંવાર આવતો વિશેષણ "મજ્દ-ધાત" એટલે મજ્દનો-બનાવેલો આપણી આગળ આ બીના રજૂ કરે છે કે કોઈ વધારે મોટી અથવા બળવાન શક્તિનાં વચે આવવા વગર પ્રાણીઓની એક જાત બીજી જાતમાંથી નિકળી નથી અથવા તેનું પ્રકટીકરણ થયું નથી; એ માહેલી દરેક જાત જે ખાસ ગુણ અથવા ખાસિયત અથવા જે ખાસ લક્ષણ ધરાવે છે તે અહુર મજ્દ તરફથી મળયાં છે. ફરવરદીન યશ્તની શરૂઆતમાં અહુર-મજ્દ કહે છે કે:—

"ફ્રવષિઓના પ્રતાપ અને ખોરેહની મારફતે હું........જમીનને વિંટાળી લેતાં........આસ્માનને ટેકાવી રાખું છું............

"........હું ટેકાવી રાખું છું પાણીઓને...............ઘણી બોહોળી ફેલાયલી તથા આસૂદગી બખ્શતી અર્દ્વી સૂર-અનાહિતને, જે........અહુરના કાએદાને તાબે રહે છે.

"........હું અહુરની બનાવેલી બોહોળી દુનિયાને ટેકાવી રાખું છું........"........હું (માતાના) ગર્ભમાં બાળકને ટેકાવી રાખું છું.........કે જેથી તે હુમલાઓથી મરણ પામે નહિ........અને હું તેનામાં હાડકાં, બાલ, તેના અંદરના ભાગને તથા પગોને ખીલવું........

"મજ્દએ તેઓની મદદ માગી કે જ્યારે તેણે આકાશ, પાણી, જમીન તથા ઉરવરોને ટેકાવી રાખ્યાં"..........(યશ્ત. ૧૩. ફ. ૧, ૧૧ તથા ૨૮).

યજ્સ્ને હા. ૧૯ માં અહુર-મજ્દ કહે છે કે "ઓ સ્પેતમાન જરથોસ્ત! આ અહુન-વઈર્યને મેં તારે ખાતર આસ્માનની આગમજ, જમીનની આગમજ, ઢોરોની આગમજ, ઉરવરોની આગ-

મજ, પાણીની આગમજ, આતશની આગમજ........અષો માણસની આગમજ....તમામ હાદમંદ દુનિયાની આગમજ, વળી મજ઼દનાં બનાવેલાં સઘળાં નેક પ્રાણીઓની આગમજ, નેક તોખ્મનાં પ્રાણીઓની આગમજ જાહેરકીધો." (યજ઼. હા. ૧૯. ફ. ૩).

આ ઉપરથી આપણે એવી સમજ ઉપર આવિયે છિયે કે અહુર-મજ઼્દે આસ્માન ઉપરથી પ્રાણીઓની જુદી જુદી જાતોને એકેક પછી જમીન ઉપર એકાએક ઉતારી ન હુતી, પણ સૃષ્ટિને જુદા જુદા ઘણાએક જમાનાઓમાં વહેંચાઇ ગયલા આગળ વધતા નિયમથી પેદા કરવામાં આવી હુતી. ઉપરાંત, ફરવરદીન યસ્તના ફકરાઓમાં આપણને જણાવવામાં આવ્યું છે કે અહુર-મજ઼્દે સૃષ્ટિ માહેલાં પ્રાણીઓની જુદી જુદી જાતોને આગળ વધતા અનુક્રમે પેદા કીધી, એટલુંજ નહિ પણ વળી તેમને ટેકવી રાખી અને હજી ટેકવી રાખે છે, તે સઘળીઓને સારી સ્થિતિમાં રાખે છે.

જ઼રથોસ્તી ધર્મ-મત પ્રાણીઓના દરેક વર્ગને તેની ખરેખરી હાલતમાં મેલે છે. તે દરેક વસ્તુને તેનાં ખરેખરાં સ્વરૂપમાં દેખાડે છે. તે ધર્મ-મત જગદીશ્વર વાદ [Pantheism]ની મિસાલે સઘળી વસ્તુઓને એક ઇશ્વરી ઘોંટાળામાં સંદોવી દેતો નથી. તે ખુદાને જેમ માનવી જેવે દરજ્જે ઉતારી પાડતો નથી તેમજ તેને પદાર્થ તરીકે જાહેર કરતો નથી. તે આપણને કહે છે કે સૃષ્ટિ ઇશ્વરી તત્વમાંથી નિપજેલી ઉત્પત્તિ નથીઃ સેતારો, ઝાડ, ઘોડો, સિંહ, વાઘ, અને વળી આદમી તથા આદમીનું રવાન વગેરે પરમાત્મા અહુર-મજ઼દના જુદા જુદા ભાગો નથી દરેક દુનિયાની તથા તેમાં હોતી વસ્તુની કમીના, કમજોર, મેસકીન હાલત જોઇને જ઼રથોસ્તી ધર્મ-મતે એવો અર્થ ઉઠાવ્યો હતો કે વજૂદ અને હયાતીનું મૂળ દુનિયામાં નહિ પણ તેને પેલેપાર, આપણી પોતાની પૃથ્વીના ગોળાની ઉપર પ્રકાશતા તેની આસપાસ ફેલાઇ રહેલા પેલા સઘળા ગોળાઓની પેલે પાર, સઘળા સેતારાઓની પેલે પાર આવેલું છે. જેમ કેઃ-"અમો અત્રે અહુર-મજ઼દને આરાધિયે છિયે કે જેણે દુનિયાને, અશોઇના કાએદાને, અને પાણીઓ તથા ભલાં ઉરવરોને અને સેતારાઓને

તથા સઘળી નેક વસ્તુઓને પેદા કીધી" (યજ. હા. ૩૭. ફ. ૧). "ઓ અહુર-મજદ, ઓ તું સૌથી ઘણોજ રહમવંત મીનો, હાડમંદ દુનિયાઓનો પેદા કરનાર, તું પાક સાહેબ!" (યસ્ત. ૧. વગેરે). "ઓ મજદ, રહમવંત મીનો, સઘળાંનો પેદા કરનાર!" (યજ. હા. ૪૪. ફ. ૭).

એ ઉપરથી જણાય છે કે અવસ્તા-મત પ્રમાણે અહુર-મજદ સિવાયે દરેક પ્રાણી-પોતાની મેળે નહિ પણ-તે પરબ્રહ્મના હાથથી પેદા થએલાં છે-પેદાં કરવું એ શબ્દના પુરેપુરા અર્થમાં તે અત્યંત રહમવંત મીનો અહુર-મજદે તેનાં નેકી ભર્યાં કામ (સ્પેન્ત) મારફતે તેમને પેદા કીધાં છે, કે જે સિફતથી તે આલેકમાં તેની મીનોઈ સંપૂર્ણતાની સઘળી સિફાતો જમા થઈ જાય છે. જગદીશ્વરવાદ [pantheism] જે એવો બોધ આપે છે કે, ઇશ્વરી સ્વતંત્ર વજૂદનું તત્વ તમામ સૃષ્ટિમાં ફેલાઈ રહેલું છે અને તેના ભાગ થઇ શકે એમ નથી; જે તરેહવાર વસ્તુઓથી સૃષ્ટિના જુદા જુદા ભાગો બનેલા છે, તે ઇશ્વરી તત્વોનાં તરેહવાર સ્વરૂપો છે,' એવા ઉપદેશનો ઝાંખો ભાસ પણ આપણને અવસ્તામાંથી મળી આવતો નથી.

જે ફકરાઓ અમોએ ટાંકયા છે તે ફકરાઓ આ સિદ્ધાંતને સદંતર દૂરજ રાખે છે. વળી તે ફકરાઓ અર્ધ- જગદીશ્વરવાદ અથવા ઉત્પતિ સિદ્ધાંતને પણ દૂરજ રાખે છે, જે સિદ્ધાંત એવું શિક્ષણ આપે છે કે સૃષ્ટિ વચે ઇશ્વરી તત્વ માત્ર એક નાના સરખા ભાગમાંજ રહેલું છે, અને તે ભાગ વળી વધારે નાના રજકણોમાં વહેંચાઈ ગયો છે, જે માહેલાં દરેક રજકણથી દુનિયા માહેલા દરેક અમુક પ્રાણીનો, અથવા કેટલાકો ધારે છે તેમ દરેક અકલમંદ પ્રાણી અને માનવીનો આત્મા અથવા તત્વ બને છે. એ બંને સિદ્ધાંતો પ્રમાણે, ખુદાનાં તત્વથી દુનિયા માહેલાં દરેક પ્રાણીનો આત્મા અથવા તત્વ બને છે, પણ ત્યારે તે તેનું સ્વતંત્ર અથવા નિરાળું લક્ષણ ખોહી દેછે, કે જે વગર મનમાં ઈશ્વરી સ્વતંત્ર વજૂદનો ખિયાલ આલવો અશકય થઈ પડે છે.

એથી ઉલટી રીતે, જરથોસ્તી ધર્મ-મત એવો સબક આપે છે કે અહુરમજદનાં તત્વના ભાગ થઈ શકે એમ નથી અને તે સાહેબનું લક્ષણ જે સંપૂર્ણતા છે તે તેના તત્વથી જુદું પડતું નથી. જે પ્રમાણે માનવી પોતાનાં વજૂદની સંપૂર્ણતામાં કામ બજાવે છે, જે પ્રમાણે તે બદન અને રવાન સાથે બે જુદાં જુદાં વજૂદો તરીકે નહિ, પણ એકજ જાતી વજૂદ તરીકે કામ બજાવે છે, તેજ પ્રમાણે અહુર-મજદ નહિ ભાગ થઈ શકે એવી પોતાનાં વજૂદ અથવા તત્વની સંપૂર્ણતામાં કામ બજાવે છે, તે સાહેબ પોતાનાં બળ, પોતાનાં ડાહપણ અને પોતાની નેકી અથવા કરમ બખ્શેસથી કામ બજાવે છે:- "ઓ અહુર-મજદ દુનિયાના આખેરી ફેરફાર વખતે તું સાહેબ તારા રહમવંત મીનોઈ તત્વ સાથે, તારાં સર્વોપરી બળ અને નેક મન સાથે આવશે, કે જેનાં પરાક્રમો અથવા કાર્યોથી દુનિયાઓમાં વધારો તથા આબાદી થાયછે......."(યજ. હા. ૪૩. ફ. ૬).

એ પ્રમાણે અહુર-મજદને, તેની બીજાને આપી નહિ શકાય એવી તમામ સંપૂર્ણતા સાથે કામ બજાવતાં એક જાતી વજૂદ તરીકે જણાવ્યો છે- એક માણસ અખંડ હોય છે, અને તે કુદરત આગળ, પોતાની બુદ્ધિ આગળ, પોતાનાં અંતઃકરણ આગળ અને મંડળી આગળ હમેશ મોજૂદ હોય છે, તેજ પ્રમાણે અહુર-મજદ પણ અખંડ છે અને સૃષ્ટિ માંહેલાં દરેક પ્રાણી આગળ હાજર હોય છે. અમોએ આપેલો પેહેલો અવસ્તા ફકરોજ કહી આપે છે કે અહુર-મજદ નેક મન અને રાસ્તીનો પેદા કરનાર અને ખલકતમાં ચાલતાં કામકાજોનો સાહેબ છે. તે ખાલેક શું મનને લગતાં શું આત્માને લગતાં શું શારીરિક કે સંસારી સઘળાં કામો અથવા સઘળી ક્રિયાઓ ઉપરના પોતાના સંપૂર્ણ અંકુશ અથવા ઉપરીપણાં મારફતે દુનિયાના દરેક ભાગઅથવા રજકણ આગળ સદાકાળ હાજર છે

તેટલા માટે જરથોસ્તી ધર્મ-મત જગદીશ્વરવાદને તેમજ અર્ધ-જગદીશ્વરવાદને, પ્રકટીકરણનાં તેજ પ્રમાણે ઉત્પતિ [emanation] નાં સિદ્ધાંતને રદ્દ કરે છે એમ માનવા

માટેની પુરતી ગવાહી આપણુને મોજૂદ અવસ્તામાંથી મળેછે. શોપેનહોર જેવો મશહૂર જરમન ફિલસૂફ વદિક જગદીશ્વરવાદને બેવકુફીભર્યો અને નહિ માનવા જોગ જાહેર કરે છે. તે નીચે પ્રમાણે કહે છે:—

"આ સિદ્ધાંત પ્રમાણે ચાલતાં નીતિનો નિયમ ટકી રહેતો નથી. સ્પીનોઝા વારંવાર તેને ગોળ ગોળ તકરારોથી બચાવી લેવાની કોશીસ કરે છે, પણ સામટી રીતે લેતાં તે કોશેસ તેને છોડી દેવી પડે છે. જગદીશ્વરવાદને આ કસોટી અને દુનિયા માહેલી બદી તથા દુખની કસોટી લાગુ પાડતાં તેના કુરચે કુરચા ઉડી જાયછે. અગર સૃષ્ટિ ખુદાનો અંશ [theopinny] હોય તો જે સઘળું આદમી કરે છે, બલકે, જે સઘળું હયવાન કરે છે તે ખુદાઇ અને સર્વો-ત્તમ હોવું જોઈએ; ત્યારે તો ઠપકો આપવા લાયક યા તારીફ કરવા લાયક કોઈબી હોઇ શકે નહિ; અને એ પ્રમાણે નીતિ શાસ્ત્ર પણ હોઈ શકે નહિ. એ ઉપરથીજ સ્પીનોઝાએ ઉપદેશેલા જગદીશ્વર-વાદને આપણા જમાનામાં નવેસરથી તાજો કરવાનાં પરિણામમાં નીતિ એટલી તો નીચે દબાઇ ગઈ છે કે........તેનો હાલ આબરૂ-દાર શેહેરી અને ઘરસંસારી જિન્દગીના માત્ર એક પ્રવેશ જેવો થઇ પડયો છે........"

ત્યારે શું તમો એમ ધારી શકશો કે માનવી કાંઈજ નહિ પણ એક લાગણીભરી રચનામાં કબજ થઈ પડેલો એક દેવતા છે? કેટલાક ફિલસુફો એવા છે કે જેઓ માનવી તે ઇશ્વરનો એક ભાગ છે એમ લોક પાસ મનાવે છે. તેઓ કહે છે કે તે જગત-મન અથવા બુદ્ધિ એટલે ખુદાનો એક અંશ છે. તેઓ તેના આત્માને એવી રીતે દર્શાવે છે કે જાણે તે સઘળી પેદાયશથી નિરાળો હોય, જાણે તેના ઉપર સત્તા ચલાવવા માટે તેનાથી ચઢિયાતું કોઈજ ન હોય, તેને હદ્દમાં રાખવાને આસપાસ કોઇ ન હોય, જાણે તેના કાબૂથી સૂર્ય પ્રકાશે છે, આકાશ ફેલાયલું રહે છે, હવા ફુંકે છે, અને સૃષ્ટિ માહેલી સઘળી વસ્તુઓ તેનાથીજ હોય છે. ટુકમાં

કહેતાં તેઓ તેને એક આપખુદ હસ્તી, આપખુદ સત્તા, અને આપખુદ સુખ લાગુ પાડે છે.

અવલોકન ઉપરથી આપણને જણાય છે કે ઇન્સાન પોતાથી કાંઈ ચઢિયાતી અને પોતાથી કાંઈ ઉતરતી એવી કોઈ શક્તિ અથવા વસ્તુઓ ઉપર આધાર રાખે છે. બેશુમાર બાબતોમાં તેને પોતાથી ઘણીજ ઉતરતી વસ્તુઓ ઉપર આધાર રાખવો પડે છે. જડ પદાર્થ તેને ગુપ્ત રીતે રોકી રાખે છે. તે ખાકનાં એક રજકણને વટિક પેદા કરવાને અથવા તેનો નાશ કરવાને અશક્ત છે. એક રજકણ તેની શક્તિઓને અટકાવવાને બસ છે. ત્યારે સૃષ્ટિનો તેના ઉપર કેટલો વધારે કાબૂ હોવો જોઈએ? આતશ અને પાણી એ બેઉ તેના સાહેબો અથવા શેઠો સમાન છે. તેનીઆબાદી હવાંની દયા ઉપર લટકેલી રહે છે. તેજ પ્રમાણે નીચલા પ્રકારનાં પ્રાણીઓ ઉપર તેને આધાર રાખવો પડે છે. કેટલાંક પ્રાણીઓ તેને ખાવા માટે માંસ અને પીવા માટે દુધ, કેટલાંક તેના પોશાક માટે ઉન જેવી હુંફાળી વસ્તુઓ અને કેટલાંક જાનવરો તેને પોતાનું કામ બજાવવા માટે પોતાનું કૌવત પુરૂં પાડે છે.

માનવીનું જ્ઞાન અતિ સાંકડી હદ્દમાં સંકોચાયલું હોય છે. તેણે સઘળાં દરદો ઉપર સંપૂર્ણ કાબૂ મેળવ્યો નથી. તે પોતાના વિચારનાં મૂળ કારણથી, તેના અમર આત્માની તરેહવાર ગતિઓથી, તેના તરેહવાર અધિકારો અથવા તરેહવાર શક્તિઓના તથા પોતાનાં મનનાં પદાર્થ સાથનાં જોડાણના કાએદાઓથી વધતો ઓછો નાવાકેફ છે. ગમે એટલું માન્સિક બળ તે ધરાવતો હોય, તેની બુદ્ધિની મોટાઇ કે લક્ષણ ગમે એવાં હોય, તોપણ તે કદીબી સ્વતંત્ર બની શકે નહિ. તેને પોતાનાં મન કરતાં વધારે ચઢિયાતાં મન મારફતે કેળવણી લેવાની જરૂર છે; એક વધારે ચઢિયાતી શકિતએ તેની રેહબરી કરવાની જરૂર છે. સાભળવું, મેળવવું અને તાબે થવું એ તેની તકદીરનો એક હિસ્સો છે.

"તારા કાએદાઓ શું છે? બોલ તું સાહેબ, ઓ મજદ! કે અમો તે સાંભળિયે...." "શિખવ તું સાહેબ ઓ અહુર-મજદ!

તારાં પોતાનાં મુખથી કે હું તે જાહેર કરૂં." "શું મારાં રવાને તું ખાલેક સિવાયે બીજા કોઈથી મદદ ચાહી છે? ઓ અહુર! તુને ઓ ખાવિંદ! મારા એકલા ઉસ્તાદ, અને સબક આપનાર તરીકે પસંદ કરૂ છું." "આવ તું ખાવિંદ મારી મદદે, અમો ઉપર પુષ્કળ મીનોઈ બળની નવાજેશ કર કે તેથી અમારો દુશ્મન તુટેલો થાય." "અહુર-મજ્દની મરજી પ્રમાણે અમારી ઉપર આ કે પેલું ગુજરો."

આ લીટીઓ ઉપરથી આપણે જોઇએ છિયે કે જરથોશ્તી ધર્મ-મત આપણ ઇન્સાનોને દેવતાઓ તરીકે સમજવાને નહિ, પણ તે ખાલેક જે આપણાથી ચઢિયાતો છે તેની તાબેદારીની મર્યાદામાં રહેવાને સરજેલાં તેનાં પેદા કીધેલાં પ્રાણીઓ તરીકે સમજવાને ફરમાવે છે. તે ધર્મ-મત આપણી બુલંદ મીનોઇ પક્ષ લઈને, આપણાથી ચઢિયાતું કાંઇજ નથી, એવું માનવાને આપણને સમજાવતો નથી. તેજ પ્રમાણે તે આપણી આગળ આપણું પોતાનું નીચ કિસમનું અને બે આબરૂ ભર્યું ચિત્ર રજૂ કરતો નથી. તે આપણી મોટાઈ જુએ છે અને આ પ્રમાણે રજૂ કરે છે:-"........એથી તું કરમ બખ્શેસથી પુર છે, ઓ અહુર-મજ્દ, જે મીનોઈ શક્તિએ અમારે માટે જેહાનને ખુશહાલીથી ભરપૂર બનાવી છે તે શક્તિનો (ધરાવનાર) છે. તેં ફ્રશઓસ્ત્રને પાકીજે કાએદાની બેહદ્દ ખુશહાલી-ભરી સરદારી આપી છે. તે સરદારી હું મારે પોતાને માટે અજે-જીથી માગી લઉં છું, કે જે તારાં ભલાં રાજ્યમાં છે; અમો તેની અંદર ઘણાજ પ્યારા અને આગેવાન થઇએ."

તોપણ, મેં ઉપર કહ્યું તેમ, જરથોશ્તી ધર્મ-મત માનવીને ઈશ્વરી ગુણ લાગુ પાડતો નથી, અથવા ખુદાઈ દરજ્જે ચઢાવતો નથી. તે માયાવાદ [idealism] ની મિસાલે ભાર મુકીને જણાવતો નથી કે કુદરતમાં સઘળું અપદાર્થીક, છે. તે ધર્મ-મત માણસને સાદી બુદ્ધિનો યાતો બદનનો બનેલો જણાવીને તેને વેંહચી નાખતો નથી. કારણ કે માનવી તેનાં સઘળાં કામોમાં નથી એક આત્મા યા નથી એક બદન; તે આત્મિક

તત્વ અને પદાર્થિક તત્વ એવાં એક બીજાંમાં ઘણાજ સંકોચાઇને ગુંથાઇ ગયલાં બે તત્વોનો. બનેલો છે. આ બે તત્વોને જે છુટાં પાડે છે, તે માનવીનો નાશ કરે છે.

એ ઉપરથી, ઉપર અમોએ જે સઘળી બીનાઓ જણાવી છે, અને જે સઘળા અવસ્તાના ફકરાઓ અમોએ ટાંકયા છે તે ઉપરથી સાબેત થાય છે કે સૃષ્ટિના અવ્વલ સબબ બાબે અવસ્તામાંથી અકસર કરીને ગાથાઓમાંથી નિકળતો ખિયાલ વિધ્યાના પાયા ઉપર ઉભેલો છે, ચાલુ જમાનાના વિચારોને અનુસરતો મુસ્તકીમ બેઠો રહેલો છે. એ ખિયાલ તે છે કે જે અહુર-મજદની મેહરથી પયગામ બર સાહેબ હજરત જરથોશતનાં ભેજાંમાં સપર પેહલો પ્રકાશી નિકળયો હતો. એ ખિયાલ તે છે કે જે તે વખતથી જેહાન ઉપર અમલ ચલાવતો આવ્યો છે. કદીમ હિન્દુ અને યુનાની દાનાઓએ એ ખિયાલની સચ્ચાઈ કબૂલ રાખી છે અને તેને પસંદ કીધો છે. ખ્રીસ્તી અને ઇસ્લામી મજહબો એ ખિયાલને પોતાના ટેકા અથવા પાયા તરીકે ધરાવે છે. ડીસ્કારટીસ, લોક, લીબનીટ્ઝ, કેપલર, ન્યુટન, કેન્ટ અને એવા બીજાઓ જેવા ઘણાજ આગળ વધેલા બુદ્ધિમાનો અને સૌથી સરસ વિચાર કરનારાઓ માહેલા ઘણાઓ એ ખિયાલને ભાર મુકીને રજુ કીધો છે. દુનિયાની ઘણી ખરી સઘળી પ્રજાઓના કેળવાયલા વર્ગો એજ ખિયાલ માને છે. જે જે સઘળા ખિયાલો માણસે ધાર્યા છે તથા જાહેર કીધા છે તે સઘળાઓમાં એ ખિયાલ, બેશક સૌથી ચઢિયાતો, સૌથી પવિત્ર, સૌથી ઘણોજ ફાયદાકારક અને સૌથી ઘણોજ લોકપ્રિય છે. તેટલા માટે આપણે સૃષ્ટિના અવ્વલ સબબ બાબેનો જરથોશ્તી ધર્મ-મત સઘળા મર્દો, ઓરતો અને બચ્ચાંઓને શિખવિયે, અને તેમને સર્વ શક્તિવાન ખુદા દાદાર અહુર-મજદ ઉપર યકીન રાખતાં કરિયે, એ રીતે તે પવિત્ર શાએરનો દિલ-સોજ અરમાન બર લાવિયે, જે અરજ ગુજારી ગયો છે કે; "........ઓ મજદ! તું તે જાહેર કર, કે તેથી અમો તે જાણિયે. તારાં મુખની જબાનથી તું તે બોલ કે અમો સઘળાં હયાતોને દીનદાર બનાવિયે." (યજ. હા. ૩૧. ફ. ૩).

પુરાતણ ઈરાન તથા હાલના જમાનાનો માનવી અને તેની મૂળ કેળવણી

આ અગત્યની બાબદ–ઉપર વિવેચન કરતાં અવ્વલમાં માનવીની ખાસિયત અથવા લક્ષણ શું છે તે તપાસવાની અને ત્યાર પછી, તે ખાસિયત કે લક્ષણને અવશ્ય કરીને શાની જરૂર છે તે જોવાની અગત્ય છે. એ મતલબ સર હું જ્ઞાનનાં નીચે જણાવેલાં મૂળો અથવા સાધનોનો ઉપયોગ કરવા ચાહું છું; તે મૂળો અથવા સાધનો–અવસ્તા, તે કદીમ આલમની સૌથી ઘણીજ સુધરેલી પ્રજાનું હાલમાં મૌજૂદ રહેલું સાહિત્ય, પશ્ચિમ તરફનું એટલે યુરોપ તથા અમેરીકાનું હાલી જમાનાનું સાહિત્ય અને આપણું અંગત અથવા જાતી અવલોકન તથા અનુભવ, એઓ છે.

એઓ માહેલું પેહેલું મૂળ અથવા સાધન, જેથી પવિત્ર જરથોશ્તી સાહિત્ય બનેલું છે તે આપણને જણાવે છે કે માનવી કાંઈ (કુદ્રરતની) આંધળી–મુગી શક્તિઓની ક્રિયાઓનું કુદ્રરતી પરિણામ નથી પણ પરમાત્મા દાદાર અહુર–મજ્દની સીધી પેદાયશ છે. આપણી એટલે આપણ જરથોશ્તીઓની એક સૌથી ઘણીજ અગત્યની કેતાબ યસ્ન અથવા યજશ્નેના પેહેલાજ હામાં કહે છે કે:–"હું અહુર–મજ્દ વિષે જાહેર કરૂં છું, જે પેદા કરનાર છે, જેણે અમો માનવીઓને બનાવ્યાં અને અમને અમારી શિકલ તથા સુરત બખ્શી."....."..... ઓ અહુર–મજ્દ! તું સાહેબે અમોને અમારૂં મન આપ્યું અને વળી અમને અમારી હાડમંડ જિન્દગી (હસ્તી) બખ્શી."

એ રીતે ત્યારે અવસ્તા પ્રમાણે માનવી પોતાનું શરીર તથા મન ધરાવે છે. અહુર-મજદની આ બખ્શેસોનો સારો યા માઠો ઉપયોગ કરવાને આદમી શક્તિવાન છે. તે પોતાની જિન્દગી ઉપર મરજી પ્રમાણે રાજ્ય ચલાવનાર છે (જયાતેઉશ ખ્ષયમનેંહ્‌ વસા ....યજ હા-૩૨, ફ. ૧૫). તેની સઘળી શક્તિઓ નેકી યા બદી ઉપર અમલ કરવાને લાયક અથવા શકિતવાન છે.

"માનવી-પોતાનાં કેરદારોનો-જવાબદાર છે અને દુનિયાના સારા ક્રમ અથવા બંદોબસ્તમાં દેખાતો બુરો ફેરફાર માનવીનાં અંતઃકરણથી પેદા થાય છે, એ બીના અવસ્તા મધ્યે યસ્ત ૧૯., ફ. ૩૧-૩૫ માં યિમના બાબમાં જે જણાવ્યું છે, તે ઉપરથી ઘણીજ સરસ રીતે જોઈ શકાશે. ત્યાં યાને ઉપર જણાવેલી યસ્તમાં આપણને જણાવવામાં આવ્યું છે કે પાદશાહ યિમે (જમશેદે) પોતાની જિન્દગીનો મોટો ભાગ નેકી અને અશોઈમાં ગુજાર્યો હતો અને તે સબબથી તે આ જેહાન ઉપર સુલેહ અને આબાદીથી રાજ્ય ચલાવવા પામ્યો હતો. તે મુદ્દત દરમિયાન સઘળા દએવો, જાદુગરો, પઇરિકો અને સઘળા જુલમગારો તેના સંપૂર્ણ કાબૂમાં રહયા હતા. કહે છે કે તેના લાંબા રાજ્ય અમલ દરમિયાન, જુઠાઈ કે હસદ, તેમજ બેહદ્દ સરદી યા બેહદ્દ ગરમી, તેમજ દુકાળ કે ટીપણી તેમજ આદમીઓ, હયવાનો યા ઝાડપાનોમાં બુઢાપો કે મોત જણાયલાં ન હતાં. પણ જેવી તેણે જુઠાઈ તથા તકોબ-રીમાં મોજ મેળવવા માંડી કે તુરતજ તેનું સઘળું ખોરેહ, બાદશાહી, આબાદી અને અમર્ગી તેની આગળથી દૂર નાસી ગયાં (મોશુ તત્ પઈતિ અકેરેનઓત્ અઓ શદ્‌હત્ હિજવ.....જુઓ યસ્ત ૧૯. ફ. ૩૧-૩૫ અને વંદીદાદ પરગરદ. ૨ ની પેહલવી શરેહ). તે ધુજયો અને પોતાના દુશ્મનોથી શિકસ્ત પામ્યો, અને સદંતર જમીનદોસ્ત થઈ ગયો. ત્યાર પછી ત્રાસ, સિતમ અને નાશનો અમલ જારી થયો. ઠરીઠામ વસાયલા મુલકોનો નાશ કરનાર તથા "અષ"ને મારી નાખનાર પેલો ત્રણ મોહાડાં અને ત્રણ માથાંવાળો અજિદહાક જેહાન ઉપર રાજ્ય

ચલાવવા લાગ્યો. તેને થ્રએતઓને (ફ્રેદુન) જીત્યો અને દુનિયાની સપાટી ઉપરથી તેની તમામ જબૂન અસરને હાંકી કાઢી ત્યાં સુધી તેનો નાશકારક અમલ જારી રહ્યો.

"અવસ્તાનાં આ બ્યાનમાં આપણે જોઇએ છિયે કે જુઠાઈ અને બુરાઈ, હસદ અને અદેખાઈ, ગુનાહ અને શરમ, (બેઅંદાજ) ભુખ અને પ્યાસ, દુકાળ અને ભુખમરો, બીમારી અને બુઢાપો યાને બુઢાપાની કમજોરી એઓ ખુદાની તેમજ તે ખાલેકની કુદરતની બનાવટ યા હુકમનાં નહિ પણ ખુદ ઈન્સાનનાંજ કામોનાં પરિણામો છે. વળી યિમ (જમશેદ)ના બાબમાં જે કહ્યું છે કે અવસ્તા રચનારા વલી જેઓ કદીમ જમાનાના સૌથી ઘણીજ બુલંદ ટોંચે પુગેલા આસામીઓ હતા તેઓ ખાતરી પૂર્વક માનતા હતા કે માનવી પોતા માટે અને પોતાની વર્તણુક માટે જવાબદાર છે, અને જે દુનિયાંમાં તે વસે છે તેની સ્થિતિ માટે મોટામાં મોટી જવાબદારી આદમીને સર લટકેલી છે. અવસ્તા રચનારા વલીઓ, આદમીનો ખવાસ શયતાનિયત ભર્યો હોય તેમજ દુનિયાં શયતાનિયત ભરી હોય, એવું માનતા ન હતા. પણ તેઓ એવું તો માનતાજ હતા કે માણસ પોતેજ સદંતર અધર્મી, અતિદુપપણે ઘાતકી અને કીના ભર્યાં કામો કરે છે જેથી તે પોતેજ પોતાને નાશકારક સાધન થઇ પડે છે. યજશને હા. ૩૨ માં જરથોસ્તી વલી ફરિયાદ ઉઠાવે છે કેઃ—"બદીનો સબક આપનાર (સારા) ઉપદેશોનો નાશ કરે છે, અને તેના બુરા સબકોથી આદમીઓને સારી સમજથી ફેરવી નાખે છે, તેઓની વાજબી પસંદગીનાં નેક મનના આશિર્વાદો તેઓ પાસેથી છીનવી લે છે" "તે મારા ઉપદેશોને ઉલટાવી નાખે છે યાને તેમનો ઉલટો અર્થ કરે છે તે જાહેર કરે છે કે દુનિયાં અને ખુરશેદ ઉપર જોવું (તેમની વાજબી કદરશનાશી કરવી) ગુનાહ ભર્યું છે........" તેટલા માટે અવસ્તા રચનારાઓના ધર્મ–મતની ખરી મકસદ જોતાં માલૂમ પડે છે કે કેટલાંક માણસોજ એવાં છે કે જેઓ સૃષ્ટિના અશોઇભર્યા ક્રમમાં હરકત નાખનારા, અને તેમાં સઘળી જાતની આત્મિક તથા શરીર સંબંધી બદીઓ લાવનારાં ઇબલીસો છે.

"માનવીનાં જ્ઞાન અને અનુભવ ઉપરથી જાહેર થતી બીનાઓ, આદમી પોતા માટે અને તેની આસપાસની સ્થિતિ માટે જવાબદાર છે, એ વાતની શું આપણુંને તેવીજ ખાતરી આપતી નથી? ખરેખર, આપણા વધારે દાના અને વધારે સુધારેલા આસામીઓની એજ ગુપ્ત રહેલી તથા જાહેરમાં આવેલી ખાતરી છે કે કેટલાંક માણસો પોતાનાં માનવી બંધુઓને બદઇલ્લત, છાકટપણાં, બદકારી, નાફરમાની, રાજ્ય પ્રત્યેની સરકશી અને શદંતર પાએમાલીમાં ખેંચી લઈ જવા માટે જોખમદાર છે. સામાન્ય રીતે લોકની એવી ખાતરી થઈ ચુકી છે કે આપણી પૃથ્વીના ગોળાની સપાટી ઉપર એવાં માણસો વસે છે કે જેમની કમ દિલસોજી, એકલપેટાઈ, મગરૂરી, લોભ, હુસદ, અદેખાઈ, જુલમ અને બીરહેમી એ તેમનાં ભાઈબંધ માનવીઓ વચે અજ્ઞાનપણું, મુફલસી, કંગાલિયત, બીમારી અને મરકીનો સબબ થઈ પડે છે. બેશક, આદમી કમજોર છે. તેના મુલકમાં ફાટી નિકળતાં કોઈ ગાજવીજ સાથનાં તોફાન આગળ, કોઈ વંટોળિયા આગળ યા કોઈ મરકી આગળ તેનું કાંઈ પણ ચાલતું નથી. ગરમી અને સરદી, ટીપણી અને વર્ષાદ એઓ તેના કરતાં વધારે બળવાન છે. તોપણ માણસ બોહોળી શકિત ધરાવે છે,—એટલી બધી કે તેને દુનિયાંનો સાહેબ બનાવવાને પુરતી થઇ પડે છે. અકસર કરીને, દુનિયાંને સુખી બનાવવાની અથવા કાંઇ નહિ તો તે માહેલી કંગાલિયતનો જથ્થો એટલો બધો ઓછો કરી નાખવાની એક શકિત તે ધરાવે છે કે તેથી દુનિયા હમણાં છે તેના કરતાં કાંઇ જુદાજ પ્રકારની બને. એ શકિત મેરબાનીની અથવા માયા છે કે જેમાં માયાવંતા વિચારો (હૂમત) માયાવંતા સુખનો (હૂખ્ત), અને માયાવંતાં કામો (હવરેશ્ત) સમાઇ જાય છે. આપણું માનવીઓ જેઓથી જે દુનિયાં યાને ઈન્સાની ખલકત બનેલી છે તે માનવીઓમાં માયા મહેરબાનીની ખૂટને લીધેજ માત્ર દુનિયાં બીરહેમ દુખ દંખથી ભરેલી થવા પામે છે. (જુઓ મારી "અવસ્તા પ્રમાણે જરથોશ્ત અને જરથોશ્તી દીન" પા. ૧૫૬—૧૫૮.)

મારાં પ્રિય મિત્રો ! દરેક આદમીમાં આ વાતનું ભાન રહે છે કે ઘણીએક બીનાઓ બનાવો જે હસ્તીમાં આવ્યા છે જે જે બનાવો યા બીનાઓ હસ્તીમાં આવે છે અને આવનાર છે તેમને તે હમણાં ફેરવી શકે અથવા અટકાવી શકે, યા તો ગયલા વખતમાં તે તેમને ફેરવી શકયો હોત અને અટકાવી શકયો હોત, તેમને પોતેજ તે ફેરવવી અને અટકાવવી ઘટતી હતી, તેણે ગુજશ્તે જમાનામાં જે કામો નહિ કીધાં તે તે કરી શકયો હોત એટલુંજ નહિ.પણ તે તેને કરવા ઘટતાં હતાં, અને તેણે બીજાં એવાં કામો કીધાં કે જે તેને નહિ કરવાં લાજેમ હતાં. એ પ્રમાણે જયારે માણસ ગંભીરાઈથી દરિયાફ્ત કરે છે ત્યારે તેને તેનાં અંતર્જ્ઞાનમાં (consciousness) બે બીનાઓ ભાર મુકીને પુકારતી માલુમ પડે છે અને તે બીનાઓ એ કે તે પોતે છુટ્ટાપણું ભોગવે છે અને "મારી ફરજ" જેવું કાંઈ તે જાણે છે.

આ બે રાસ્ત બીનાઓની પિછાન કીધા વગર એક આદમી બીજા આદમી માટે પોતાનું મત બાંધી યા ઉચારી શકે નહિ. તવારીખ જે સાહિત્યનો સૌથી ઘણોજ અગત્યનો ભાગ છે તે શાનો બનેલો છે? તે કાંઇજ નહિ પણ ગુજશ્તે જમાનાના આદમીઓ અને બનેલી હકીકતો ઉપર અભિપ્રાય આપવા માત્ર બનેલો છે. એ સઘળા અભિપ્રાયો આ કબૂલાયલા નિયમ ઉપર બાંધવામાં આવ્યા છે કે આદમીઓ સૃષ્ટિના શારીરીક બનાવો, સંજોગોના કાબૂહેઠલ નથી અને કદી હતાં પણ નહિ; શારીરીક આલમ માહેલી કોઈબી શકિતઓ સાથે નિસ્બત રાખવા વગર, માત્ર સ્વતંત્ર માનવીઓ તરીકે ઈન્સાની ફરજના કાયદા હેઠળ જે નિયમો તેઓ ધરાવે છે, તે નિયમો સાથેજ એકલી નિસ્બત ધરાવીને, તેઓ પોતાના સઘળા ફેસલાઓ નક્કી કરી શકે અથવા તેઓએ નક્કી કરવા જોઇએ. રૂમ દેશનો તવારીખનવેશ ઇંગલાંડના તવારીખનવેશ કરતાં એવા અભિપ્રાયો બાંધવામાં કાંઈ જિયાદા દગદગો ધરાવતો નથી. સઘળા તવારીખનવેશો માનવીના બાબમાં બનતા બનાવો જે આવતા રહ્યા છે અને આવતા રહે છે તેને માટે ખુદ માનવીને અને માન-

વીનાં નીતિમાન લક્ષણ (moral nature) ને જવાબદાર લેખતા આવ્યા છે. શું તે સઘળા તવારીખનવેશો આજ દીન સુધી ભૂલ કરતા રહ્યા છે? શું એ અભિપ્રાયો આદમીની સ્વતંત્રતાના, આદમીનાં નેક કેરદારો અને બદ કેરદારોનાં પરિણામો નથી? શુ તેઓ કાંઈબી હેતુ વગર, વગર વિચારે કામ બજાવતી, શારીરિક દુનિયાની શકિતઓનાં પરિણામો છે? બેશક નહિ.

પ્રોફેસર હક્સ્લી જેને સામાન્ય રીતે એક દેહાત્મવાદી (materialistic) ફિલસુફ તરીકે દર્શાવવામાં આવેછે તે ૧૯૬૯ ના ફેબ્રુઆરી માસના "ફોર્ટ નાઈટલી રીવ્યુમાં" હિમ્મતથી જાહેર કરે છે કે "દુનિયામાં પદાર્થ (matter) શકિત અને જરૂરયાત એ સિવાંયે બીજું કાંઈ નથી એવો દેહાત્મવાદીઓનો સંવાદ, સૌથી ઘણાંજ નાપાયદાર ઈશ્વરવાદી સિદ્ધાંત જેટલોજ વાજબી દલીલોથી ખાલી છે." પોતાના "હ્યુમ" નામનાં પુસ્તકમાં એજ પ્રોફેસર જણાવે છે કે:—"અને તેટલા માટે, કેવળ દેહાત્મવાદ (materialism) અને કેવળ અવિધ્યાવાદ (idealism) વચ્ચે જે તે એકને પસંદગી આપવાની જો મને હરજ્જ પડે તો પાછલો ઈલાજ યાને કેવળ અવિધ્યાવાદનેજ પસંદ કરવાને હું મારા ઉપર ફરજ આવી પડેલી સમજું" (સફે ૨૭૯) તે આગળ ચાલતાં કહે છે કે:—"મન યા પદાર્થ એ બેમાંથી કોઈબી કાંઈ 'વજૂદ' ધરાવે છે કે નહિ એ એક એવો સવાલ છે કે જે ઉપર વિવેચન ચલાવવાને આપણે નાલાયક છિયે, અને એ બાબદ ઉપર બીજો કોઈ અભિપ્રાય જેટલો સાચો હોય તેટલોજ સાચો સામાન્ય અભિપ્રાય પણ હોય એ પણ એકસરખુંજ બનવા જોગ છે. જે નિયમો પેહેલી નજરે માણસને નાસ્તિકપણા (scepticism) તરફ દોરવી લઈ જાય છે, તેજ નિયમો તેમનું ચોકસ હદ સુધી અવલોકન કરવાનું જારી રાખતાં, માણસને પાછો સાદી સમજ ઉપર લાવી મેલે છે........." જે બાબે મને ઘણોજ સખ્ત વાંધો છે તે એ છે કે ઘણાએક ફિલસુફી જેહન નહિ ધરાવતા દેહાત્મવાદીઓ કમનસીબે સઘળાં દેખીતા વિચારો અથવા અવલોકનોને ભૂલી જવાની આદત રાખે છે. જાણે પદાર્થ

(matter) નું જોહર અથવા અસલ તેજ સઘળી• વસ્તુઓનું જોહર અથવા અસલ (મુળ) હતું એ બીના સાબેત થવાથી હસ્તીના સઘળા ભેદોનો ખુલાસો મળી જતો હોય એવી એવી વાતો તેઓ કરે છે પણ ખરૂં જોતાં તો એવાં અનુમાનથી તેઓ જયાં હતા ત્યાં રહી જાય છે......." (સફે ૨૮૨,૨૮૯), મશહુર પ્રોફેસર હક્ષલી એવું મત ધરાવે છે.

આપણા પોતાના જમાનાના ઘણાએક ફિલસુફો અને વિદ્વાનો એને મળતોજ અભીપ્રાય ધરાવે છે. તેઓ બાપુકાર જણાવે છે કે આજે વિધ્યાભ્યાસીઓ તેમજ ફિલસુફો પોતાની હદ ઓળંગી જાય છે, સઘળી જાતનો કાબૂ ખોહી દે છે અને વિચારનાં એવાં વમળમાં ઝીપલાવે છે કે જયાં તેઓ આસાનીથી એવા એકરારો, સિદ્ધાંતો અને કેફિયતો તેમની સચ્ચાઈ પુરવાર કીધા વગર હિમ્મતથી જાહેર કરી શકે. સર ઑલીવર લૉડજ કહે છે કે "એવા પ્રકારના વિધ્યાભ્યાસીઓનો સૌથી ઘણોજ અસરકારક નમૂનો યેના (Yena) શહેરના પ્રોફેસર હૅકલના દાખલા ઉપરથી મળી આવે છે, જે મશહૂર દેહાત્મવાદીનો પોકાર હાલના અયામમાં કોઈ એકલવાયો જંગલમાં બુમ મારતો હોય તેના એકલવાયા અવાજ જેવો લાગે છે."

બાનૂઓ અને ગૃહસ્થો ! વિદયા તો માત્ર એક કતરો યાને ટીપું છે જયારે આપણું અજ્ઞાનપણું એક દરિયાવ છે, તેટલા માટે વિધ્યાભ્યાસીઓએ વિધ્યાની રીતીને, કાયદા કાનુનોને વિધ્યાનીજ ઘટતી હદમાં રાખવી. આદમીનો આત્મા જે વિધ્યાનો ખુદ મૂળ ઝરો અને પુષ્ટી આપનારો સબબ છે તેના ઉપરજ હાથ મારવાની હિમ્મત કરીને પોતાનીજ ખરાબી વિદયાએ કરવી નહિ.

(Physical science) એટલે પદાર્થ વિજ્ઞાનને તેની છેલ્લી હદ સુધી હણુસેલતાં તે ઘણું કરીને એવો જવાબ આપશે કે હાલની પંકતી ઉપર, તેનાં જ્ઞાનના વિસ્તારમાં ether યાને એક જાતની પતલી હવા અને ગતિ (motion) એઓનેજ મુખ્ય

હસ્તી તરીકે તે જાણે છે, જ્યારે બીજી વસ્તુઓ બાબે હાલમાં તો તે કાંઇ જાણુતી નથી. અગર એ વિધ્યાને જીંદગીની અથવા મનની હસ્તીના મૂળ સબબ બાબે પૂછવામાં આવે તો તેને જવાબ દેવો પડે કે તે જાણુતી નથી. જે સઘળું આપણે અનુભવી શકિયે અને પુરવાર કરી શકિયે તે એટલુંજ કે બેથી વધુ રજકણોનો સમુદાય જીવન શકિતનો મુખ્ય આધાર અથવા પાયા તરીકે હોઈ શકે; પણ જો પૂછવામાં આવે કે "પુરૂષપણું" (personality) "આત્મા" અથવા "જિન્દગી" (life) શું છે તો આપણુને કાંઈ જવાબ મળતો નથી. વિધ્યાભ્યાસીઓ તરફથી લાયક વસતુઓને સાથે સાથે સીકડીને બંધ રાખીને તથા તેમને લાંબો વખત સુધી જોઈતી ગરમીમાં રાખીને જીવનશકિત ઉત્પન્ન કરવાની ઘણી કોશેસો થઇ છે, પણ જો આગળ હસ્તી ધરાવતી જીવન શકિતના સઘળા ફણગાઓને સંભાળ અને ખંતથી બાજૂએ મેલવામાં આવે તો એ કોશેસો આજ સુધી નિષ્ફળજ થતી રહી છે.

અને તોપણ કેટલાક આસામીઓ એવા છે કે જેઓ પોતે માને છે અને બીજાંઓ પાસ મનાવે છે કે માનવી અંધપણે કામ કરતી આંધળી જડ પદાર્થિક શકિતઓની જડ પેદાયશછે કે જે જડ શકિતઓથી તે પેદા થયો છે તેમને, અને જે કાએદાઓ તે જડ શકિતઓમાં સર્વોપરી છે તે કાએદાઓને તે અનુસરતો છે; તેનાં કાર્યોમાં કાંઈ પણુ નીતિ અને તે જે કહે અથવા કરે તેમાં કાંઈપણુ વાજબી કે ગેરવાજબી જેવું હોઇ શકે નહિ; તેના સર ઉપર કાંઈપણુ જવાબદારી નથી. આ બેહુંદી ફિલસુફી કમનસીબે નબળાં મનનાં આદમીઓ વચ્ચે તેની નાશકારક તાસીર ફેલાવે છે; જેઓ સઘળા ફાયદેમંદ અંકુશોથી મોકળા રહેવાને ઇચ્છે છે તેઓ વચ્ચે એ ફિલ્સુફીનો વયવહારિક રીતે સ્વીકાર થતો જાય છે.

જે સિદ્દાંત એવું જાહેર કરે છે કે અંતઃકરણ એ તો માત્ર વંશપરમપરા ઉતરી આવેલો એક વહેમ છે, વાજબી ગેરબાજબી

એ તો વારસામાં મળેલો એક ધખારોજ માત્ર છે, જગતમાં સદંતર વાજબી કે ગેરવાજબી કાંઈજ નથી, અને માનવી બલદ યા કુતરા જેટલોજ નીતિરીતીનાં સંબંધમાં જોખમદાર છે, એવું સિદ્ધાંત જયારે માનવીઓ મોટી સંખ્યામાં સ્વીકારતાં થશે ત્યારે આપણી આ સુધારાવાલી ૨૦ મી સદી માટે બહુજ ખરાબ બદબખ્ત હંગામ આવી લાગશે એ જોઇ લેવું આપણને મુશ્કેલ નથી.

જે પ્રમાણે આપણે આત્માની અસર શરીર ઉપર થતી સ્વીકારિયે છિયે, તેજ પ્રમાણે શરીરની અસર આત્મા ઉપર થતીબી કબૂલ રાખિયે છિયે; પણ એમ કબૂલ રાખવાથી તન અને રવાન એકજ છે એવો એકરાર આપણે કરતા નથી. જો કે મન તનથી નિરાળું છે તોપણ બદનની માત્ર સાધારણ અસરોથી મન બેચેન થાય છે યા તો ઉસ્કેરાઇ જાય છે. જયારે એક શખ્સનાં લોહીનું ફરવું તેની રગોમાં અટકી પડે છે ત્યારે તે શખ્સ બેભાન બની જાય છે; તે વિચારીને નહિ પણ પ્રેરણા બુદ્ધિથી (instinct) કામ બજાવે છે. અગર કોઈ વિધ્યા એલમના અભ્યાસમાં મશગુલ રહેલો આસામી લાંબો વખત સુધી બેસીને કામ કરવાની તેને પડી ગયલી આદતને સબબે પોતાને લાગુ પડેલી ગંભીરતા ગમગીની અને ઉદાસીની બીમારીને જીતી શકતો ન હોય તો તે પોતાના રાબેતા પ્રમાણે લેવાના શરાબના જથ્થામાં વધારો કરે છે અને એ રીતે પોતાની ગમગીનીથી મોકળો થાય છે. આ સઘળું આપણે કબૂલ રાખિયે છિયે અને તોપણ તે ઉપરથી કોઇ પણ રીતે એમ પુરવાર થતું નથી કે રવાનને તન સાથ ગુંચવાવી નાખવું જોઈએ અથવા આત્મા અને બદન એકજ છે એમ માનવું જોઈએ. બેશક, કાળુ માછળીનું કોટલું તેજ કાંઈ ખરેખર કાળુ માછલી નથી. શું તેમ છે?

એક ઝાડ કોઈ આદમી ઉપર પડે છે અને તેથી તે માર્યો જાય છે. પણ ઝાડ તો નિર્દોષ છે. વિજળી પડવાથી કોઇનું ઘર સળગી ઉઠે છે અને ખાક થઈ જાય છે પણ તે માટે કોઈબી વિજળીને

દોષ દઈ શકશો નહિ. માત્ર એક બાળક ટેબલ સાથ માથું અફા-ળીને રડવા પડે છે અને ટેબલ સામે ફરિયાદ ઉઠાવે છે. પણ એક માણુસ જે બીજા' માણુસનો જાન લે છે તે પેલું ઝાડ જે તુટી પડે છે અને જાન લે છે તેના જેવોજ નિર્દોષ છે એમ શું આપણે કહી શકશું ? શું આપણે એમ કહી શકશું કે તે તેવાં કામને માટે જવા-બદાર નથી અને તે ખુની ઉપર દોષ મેલવામાં આપણે પેલાં બાળક જેવાં બનિયે છિયે કે જે, જે કુરશી સાથ તે અઠડી પડે છે, તે કુર-શીને "નઠારી કુરશી" કહીને મારે છે અને પોતાનેજ ઈજા કરે છે? આ સવાલનો આપણે ઉપર ઘણોજ દુરૂસ્ત જવાબ આપ્યો છે, કે જે જવાબ આપણાં પવિત્ર ધરમ પુસ્તકો તથા સહીત્યના બીજી બાબદો ઉપરના લખણોમાંથી મલતાં જ્ઞાન ઉપરથી, આપણાં અવલોકન અને અનુભવ ઉપરથી ઉપજાવ્યો છે. આ જવાબ આપણુને એવાં અનુમાન ઉપર આવવાને ફરજ પાડે છે કે માનવી જેમ સદંતર પદાર્થ નથી તેમ સદંતર આત્મા પણ નથી.

તેજ પ્રમાણે માનવી સદંતર બુદ્ધિ યા સદંતર લાગણીનોજ બનેલો નથી. આપણાં જે સૌથી પવિત્ર સત્તાવાર લખાણુ અવસ્તા પ્રમાણે આદમી ઉપર અહુર-મજદે, તનુ (બદન), બઓધંગ (બુદ્ધિ) અને વસો (ઈચ્છા) દએના (અંતઃકરણુ) રવાન (આત્મ) અને ફ્રવષિની નવાજેશ કીધેલી છે. ડો. મારટીનો કહે છે કે; "માનવીનું બદન ત્રણ વસનારાઓના વસવાટને માટે ત્રણ ભાગોમાં વેહેંચાઈ ગયું છે. તે માહેલો પેહેલો વસનાર તે બુલંદ ઉઠાવેલાં સરના કિલ્લા માહેલી અમર બુદ્ધિ છે,...........બીજો, તેજીભરી શક્તિઓ (Brave energies) જેનું મથક થબકતાં હૈડાંમાં અને ફુફાટા મારતા ફેફસાંમાં હોય છે, ત્રીજો વસનાર તે માત્ર ઇચ્છાઓનો સમુદાય છે, જે ઈચ્છાઓ તેમની હલકા પ્રકારની સ્થિતિને લીધે શરમ પ્રત્યેની પોતાની પરાધીનતા અને જવાબદારી કબૂલ કરે છે." એક બીજો ફિલસુફ આદમીની ખાસિયતનું એક ઘણુંજ સુંદર ચિત્ર આપે છે. તે આત્માને એક ગાળા સાથ સરખાવે છે,

જે ગોળો ખાકી બદનમાં આરામ કરતો એક ખાલેસ બીલોરનો એક દડો છે. આ પારદર્શક દડો ઉપરથી, આસપાસથી અને નીચેથી લાગુ પડતી લલચાવનારી અસરોને આધીન રહે છે. આ સઘળી અસરોની વચોવચમાં આત્મા હોય છે.

એ પ્રમાણે ત્યારે માનવી એક મિશ્રિત પ્રાણી છે, જેને તરેહવાર શક્તિઓ તથા જુસ્સાઓથી નવાજવામાં આવ્યો છે, જે શક્તિઓ તથા જુસ્સાઓ તેની હસ્તી તથા આબાદીને માટે જરૂરનાં છે. માનવી એક ગુંચવણ ભર્યું સાંચાકામ છે, જેના જુદા જુદા ભાગો એટલી તો નાજુકઇથી ગોઠવેલા અને એકેકમાં બેસાડેલા હોય છે કે તેઓ માહેલાં એકનુ પણ પ્રમાણ સેહજબી વધઘટ થતાં અથવા સમતોલમાં કાંઈ કસૂર પડતાં બાકીના બીજા સઘળા ભાગોનાં નિયમિત કાર્યમાં હરકત પોહોંચે છે. જો એક ભાગ અથવા શક્તિને બીજા ભાગો અથવા શક્તિઓ ઉપર ગાલેબ આવવા દેવામાં આવે તો એ ગલબો માનવીની જિન્દગી તથા લક્ષણને નાશકારક થઈ પડે. એ ઉપરથી સંગીન કેળવણી, જેનું મુખ્ય કામ એક આદમીને તેની રીતી નીતિ ચાલચલણ ઘટતી રીતે કેળવીને તેની જિન્દગીનાં કાર્યોને માટે લાયક બનાવવાનું હોય છે, તે ધડખમ કેળવણીનાં લક્ષણો કેવાં હોવાં જોઈએ, તે આપણે સફાઈથી જોઈ શકિયે છિયે.

અવસ્તામાં આપણને ખુલ્લું જણાવવામાં આવ્યું છે કે બઓધંગ (બુદ્ધિ), વસો (ઇચ્છા) અને દએના (અંતઃકરણ) એઓ કેળવણીને આધીન છે. યજશ્ને હા. ૪૮ ફ. ૪ અને હા ૪૯ ફ. ૪ માં ભાર મુકીને જણાવ્યું છે કે બુદ્ધિ અને ઇચ્છા ઈન્સાન ઉપર ઉતરેલી મોટામાં મોટી બખ્શેસો અને શક્તિઓ છે જેમને વધારે પવિત્ર કામોમાં ખીલવવી તથા તે કામોની આદત પાડવી જોઈએ (યે દાત્ મનો વહુયા મજદા અષયસ્યા.......... જુઓ યજ હા. ૪૮. ફ. ૪. લીટી. ૧.) અને તેમને મજદના કાએદાને સંપૂર્ણ રીતે અનુસરતી કરવી જોઇએ (થવહુમી ક્રતાઓ

અપેમેમ્ નના અર્હત.......જુઓ યજ. હા. ૪૮. ફ. ૪. લીટી ૪). યશ્ત ૨૨, ફ. ૧૪ માં દએના (અંતઃકરણ) ને સુંદર કહી છે અને નેક વિચાર, નેક સુખનો અને નેક કામો મારફતે વધારે સુંદર, વધારે મનોહર તથા વધારે ઇચ્છવા જોગ કરી શકાય એમ કહે છે. એ સઘળાં ઉપરથી જણાય છે કે અવસ્તા સાહિત્ય, માનવીની બુદ્ધિ તેમજ તેની ઇચ્છાને સૌથી સરસ રીતે કેળવવાની ભારે અગત્ય બાબે ભાર મુકીને ફરમાવે છે, માનવીમાં જે સૌથી ઉમદા છે તેને બાહેર લાવવાને અને ખીલવવાને તાકીદ કરે છે. આપણાં સૌથી પવિત્ર ભણતરો 'જે ગાથા છે તેમાં તેમજ યજશ્નેના પાછલા ભાગમાં આપણને જણાવે છે કે માનવીનો સૌથી બુલંદ હેતુ તે સંપૂર્ણ સુખ છે (યજ. હા. ૩૩. ફ. ૧૦) અને સંપૂર્ણ સુખ અથવાતો સંપૂર્ણ ભલાઇ ભરેલી જિન્દગી ગુજારવામાં (યજ. હા. ૪૫. ફ. ૮), ઉત્તમ વિચાર કરવામાં (યજ. હા. ૩૩. ફ. ૪૩, હા. ૬૦ ફ. ૧૧), રવાન સૌથી ખાલેસ (યજ. હા. ૬૦, ફ. ૧૧) અને બદન સૌથી સરસ રાખવામાં (ઉપલીજ શાહદત) સમાયલું છે; અને બીજું તો તે સંપૂર્ણ સુખ અહુર-મજદનાં દર્શન, સેલાપ, અને સંગતના ભોગવટામાં સમાયલું છે (યજ. હા. ફ. ૬૦. ૧૧. હા. ૪૪. ફ. ૧૭; હા. ૪૫. ફ. ૮). યજશને હા ૬૨. ફ. ૫ ના સુંદર ફકરામાં અવસ્તા રચનાર વલી અરજ ગુજારે છે "એ આદર! મને એક બીદાર, મદદગાર અને ટેકાવી રાખનાર, નીતિમાન અને ચાલાક, અમલ કરતું અને સભાઓ ઉપર પ્રમુખપદ ભોગવતું, બળ અને લાગવગ ધરાવતું, બાહોશ, લોકને કંગાલિયત અને દુઃખમાંથી છોડવનાર, એક પેહલવાન જેવું જોરાવર અને બાહાદુર એવું એક ફરજંદ બખશ, જે મારાં કુટુંબને, મારાં ગામને, મારાં શેહેરને, મારા મુલ્કને અને તેની દીનને આગળ વધારે યાને આબાદ કરે" અહીં આ બંદગીમાં આપણે ખુલ્લું જોઇએ છિયે કે આપણા નેયાગાનો, અવસ્તામતી લોકો, બદને, બુદ્ધિએ, દિલે, જુસ્સાએ જોરાવર અને આસૂદાં, સંસારી, સમાજીક, દેશહિતકારી, ધાર્મિક જિન્દગી, સંપૂર્ણ જિન્દગી ભોગ-

વવાને શક્તિવાન, એવાં ફરજંદો મેળવવાને બહુજ આતુરતાથી ઈચ્છતાં હતા.

બાનૂઓ અને ગૃહસ્થો ! જે પ્રમાણે કદીમ ઈરાનની સૌથી ઘણીજ સુધરેલી અવસ્તામતી પ્રજામા હતું તેજ પ્રમાણે આપણા પોતાના જમાનાની પશ્ચિમ તરફની એટલે યુરોપિયન તથા અમેરીકન પ્રજાઓમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જે કેળવણી તેના નામને લાયક છે તે કેળવણી વડે આદમીની સઘળી શક્તિઓને તેઓના સઘળા જુસ્સાઓ અને લક્ષણો સહિત ખીલવવી જોઇએ. આપણા પોતાના જમાનાના ઘણાએક યુરોપિયનો તથા અમેરીકનો, કેળવાયલા તેમજ બીન કેળવાયલા, એવું માને છે કે એકલી તેજ કેળવણી સંગીન કેળવણી કહી શકાય કે જે બદન સુધારવામાં, સમજ શકિતને કેળવવામાં, લાગણીઓને સ્વચ્છ કરવામાં ઊંચી કેસમનો શોખ અખત્યાર કરવામાં અને રીતભાંતોને સારી બનાવવામાં મદદગાર થઈ પડે. તેઓ ઇન્સાનમાં જે સઘળું ખુલ્લી રીતે ઈન્સાની (તત્વ) છે તેની ભરપૂર અને અનુકુળ ખીલવણી માટે કેળવણી છે એમ માને છે. અને તેટલા માટે તેઓ આદમીની ખાસિયતનો જરૂરી, હમેશગીનો અને અમર ભાગ જે આત્મા તેની કેળવણી તેઓ ભૂલી જતા નથી. તેઓની કેળવણીની મુખ્ય નેમ ખાસ કરીને ઇચ્છાના સુધારા તરફ અને ઇન્સાની ખાસિયતની નીતિમાન તથા ધાર્મિક બાજૂ તરફ ટાંકેલી હોય છે. અને તેટલા માટે અમેરીકા તેમજ યુરોપનાં પંથો, સભાઓ અને (કેળવણી વગેરેનાં) ખાતાંઓ મોટે ભાગે ધાર્મિક લક્ષણ ધરાવે છે. તેઓની નમૂનેદાર સ્કૂલો, તેઓની નમૂનેદાર કૉલેજો, તેઓની નમૂનેદાર યુનિવર્સીટીઓ તેજ ગણાય છે કે જે ધર્મિક કેળવણીને બાકાત નહી રાખનારી સ્કૂલો, કોલેજો અને યુનિવર્સીટીઓ હોય છે.

સાત વરસની વાત ઉપર જયારે યુરોપ અને અમેરીકાનાં મશહૂર સુંદરતા, અને ભરપૂર તવારીખી હકીકતો માટે પ્રખ્યાત

થયલાં મુખ્ય શેહેરોમી મેં મુલાકાત લીધી હતી ત્યારે જે એક બાબતે મારા ઉપર વધારે ઉંડી, વધારે ગુણકારક અને જાથુકની અસર કીધી તે ત્યાંના વિદ્યા તથા સુધારામાં બહુજ આગલ વધીં ગયલા લોકની ધાર્મિક વળણુ હતી. મારી મુસાફરી દરમિયાન, તેઓનાં સઘળાં અગત્યનાં કામકાજો, તેઓની સઘળી અગત્યની ક્રિયાઓ, જાહેર તેમજ ખાંનગી, સંસારી તેમજ રાજદ્વારી ઉત્સવો ઉપર ભાગ લેતી આ ધાર્મિક વળણુ જોઈ લેવાને મને ઘણાએક પ્રસંગો મળયા હતા. હું ન્યુ યૉર્કમાં હતો ત્યારે કોલંબ્યાની યુનીવરસીટીને લગતી કીંગ્સ કૉલેજની ૧૫૦ મી સાલગરેહની ક્રિયાઓ અને ઉત્સવોના મેળાવડાઓ નજરે જોવાનું અને તેમાં ભાગ લેવાનું મને માન મળયું હતું. ચાર ચાર દિવસો સુધી યુનાઇટેડ સ્ટેટસના સૌથી ઘણાજ પ્રખ્યાત આસામીઓ, સૌથી શ્રેષ્ઠ શેહરીઓ, પ્રખ્યાત દેશહિતકારીઓ, પ્રખ્યાત રાજદુઆરીઓ, ઓલમાઓ, અભ્યાસીઓ તથા નામાકીટ વેપારીઓ તે તેહવારની યાદગારી તથા ધામધુમ કરવા અર્થે યુનીવરસીટીને લગતાં જીમનેશિયમમાં ભેગા મળયા કીધા હતા. તે ઉત્સવ દરમિયાન એ દમામદાર અને વગવાલા મેળાવડામાં તેમની પવિત્ર બંદગીઓ તથા તેમના ધર્મગુરૂઓ પ્રત્યે જે ખાસ ભક્તિભાવ તથા માન ધરાવવામાં આવતું હતું તેથી મારૂં મગજ માનપૂર્વક તાજુબીથી ભરાઈ ગયું હતું. પણ એ મહાન કેળવણી ખાતાની પેહેલી મદેહનજર (Prospectus) ભાવાર્થે મારા ઉપર કીધેલી ગંભીર ઉંડી અસરના જેવી અસર બીજી કોઈબી અસર મને થઈ ન હતી. એ મદેહનજર (Prospectus) જે એકથી વધુ ભાષણોમાં ટાંકી બતાવવામાં આવી હતી તે ઉપરથી સાંભળનારાઓ એ ખાતાંના પેહલા સ્થાપકનું ડાહપણ, દૂરઅંદેશી અને યકીન જોઈ શકયા હતા. હું ધારૂં છું કે એ મદેહનજરમાંથી એક ફકરો નીચે ઉતારેલો સલાહકારક તથા ઉપયોગી થઈ પડશે. તે ફકરો આ પ્રમાણે છે:—

"આપણને જે મુખ્ય કામ આ કૉલેજમાં બજાવાનું છે તે બચ્ચાંઓને જીસસ ક્રાઇસ્ટ મારફતે ખુદાને પિછાનવા અને નિર-

મળ અંતઃકરણ તથા ચાલાક મનથી, તમામ જરૂરી ગંભીરતા, ઇશ્વરભક્તિ અને રાસ્તી સાથે તે સાહેબને ચાહવા તથા ભજવા શિખવવાનુ તથા તે ઉપર તેમના મનને રોકી રાખવાનું છે; અને તેઓને તે તરેહ કિસમની તબેહા અને એવાં સઘળાં ઉપયોગી જ્ઞાનમાં કેળવવાનુ છે કે તેથી તેઓ પોતાનાં કુટુંબ અને મિત્રો વચ્ચે ઇજ્જતદાર, તેમનાં વતનનો સિણગાર અને પોતાના જમાનાંની લોક સેવામાં ઉપયોગી થઇ પડે." બેશક એ વિદ્યાલયના સ્થાપકના આ શબ્દો કરતાં ધર્મની કેળવણીના બાબમાં બેહતર તુલોતવીલ બ્યાન કોઇથી હોઇ શકે નહિ.

બુજોર્ગ ડૉ૦ સેમ્યુઅલ જાન્સન જે એક વેળા કોલમબ્યાનો પ્રેસિડંત હતો તેણે નીચે પ્રમાણે પોતાનો અભિપ્રાય જાહેર કીધો હતો:-"પ્રથમમાં જિંદગીનો એક ભારખમ નીતિમાન અને ઉદયોગી ક્રમ પુરો પાડવા પછી, જવાન્યાઓને હું જણાવી ચુકયો છું તેવાં અતિશય બોહોળાં કેળવણીના ક્રમમાં કેળવવાની તથા તૈયાર કરવાની, અને સેવટે કુદ્રતના અભ્યાસ ઉપરથી તેમના પોતા માટેનાં જ્ઞાન તરફ તથા કુદ્રતના ખાવિંદ પરવરદેગારને લગતાં જ્ઞાન તરફ તેમજ તે ખાલેક પ્રત્યેની, તેમના પોતા પ્રત્યેની તથા એક બીજા તરફની ફરજ તરફ દોરવી લઈ જવાનો આ કૉલેજનો હેતુ છે." કોલંબ્યા યુનીવરસીટીનાં ગુજશ્તે જમાનાનાં લક્ષણ બાબે એટલું કહેવું બસ થશે.

પણ વ્યાપાર, વ્યવહાર અને પૈસાની કમાણીમાં ગરક થઈ ગયલાં જેવાં વારંવાર કહેવાતાં એ અવ્વલ અને સૌથી આગળ વધેલાં ન્યુ યોરક શેહરની સૌથી પ્રખ્યાત યુનીવરસીટીનાં હાલનાં લક્ષણ કેવાં છે? આ માહાન કેળવણી ખાતાંનાં હાલનાં લક્ષણ ૧૯૦૪ માં એ યુનીવરસીટીના સ્થાપનાના ૧૫૦મા સાલની વર્ષગાંઠના મહોત્સવ વેળાએ પ્રેસીડંટ બટલરે આપેલાં ભાષણમાં ઉચ્ચારેલા શબ્દો ઉપરથી સેહેલાઇથી જોઇ શકાશે. એ શબ્દો આ પ્રમાણે છે. "કૉલેજના શિક્ષાગુરૂઓએ કારોબારીઓએ એક સંપ થઇને

એક અરજ કીધી 'જે અરજ બક્ષવામાં આવી હતી, જેમાં તેઓએ ધર્મને લગતું શિક્ષણ આપવા માટેના એક શિક્ષાગુરૂની કુરશી સ્થાપન કરવાની સત્તા માગી હતી, જેને નેમવાનો હક શેહરનાં રીફોર્મ્ડ પ્રોટેસ્ટંટ ડચ ચર્ચના વડા ધર્મગુરૂએ અને ઉપાધ્યાઓના હાથમાં રહેવો જોઇએ. અહીં ખ્રીસ્તી ધર્મ પ્રત્યેનાં તે માન અને દિલસોઝી બાબે જે દૂરઅંદેશી અને અગમચેતી વાપરવામાં આવી હતી તે જણાઈ આવે છે..........જે આ પાછલા દિવસની કોલંબ્યા યુનીવરસીટી દર્શાવેછે..........."

બાનૂઓ અને ગૃહસ્થો!—દુનિયા માહેલી એક સૌથી ઘણીજ આગળ વધેલી સૌથી આબાદ યુનીવરસીટી ધર્મની કેળવણી અને કેળવાયલા ધર્મની બાજૂમાં હમેશ ઉભી રહેલી હતી, હાલમાં ઉભી રહીછે, અને ભવિષ્યમાં ઉભી રહેવાને બંધાયલી છે એવું દેખાડવાના ખાલેસ હેતુથી એ સઘળું મેં તમને ટાંકી બતાવ્યું છે. જે લોક સાધારણ રીતે ઘણાજ છુટા વિચારના ગણાતા આવ્યા છે તે લોક ખુદાઇ જ્ઞાન આપવા માટેની તદબીરો રચવા તથા તેની સગવડ કરી આપવામાં ગાફેલ રહેતા નથી, એ રાસ્ત બીના તરફ તમારૂં ખાસ ધ્યાન ખેંચવા માટે એ સઘળું મેં કહી સંભળાવ્યું છે.

જેમ સુધરેલી દુનિયાના બીજા ભાગોમાં તેમજ યુનાઇટેડ સ્ટેટસમાં કેટલાક અધર્મી તથા નાસ્તિક આસામીઓ હોય છે એ વાતનો કોઈબી ઈનકાર કરી શકશે નહિ; કોઈ ના પાડી શકશે નહિ કે એવા લોક સ્વતંત્ર-ઇચ્છા જેવી ખુદાની આપેલી બક્ષેસનો ગેરઉપયોગ કરે છે, ફાયદાકારક અતિમક વિષયોથી પોતાનાં મગજને ખુશ કરવાને અને તે વિષયોમાં મનને રોકી રાખવાને ના પાડે છે, ધર્મની હાંસી કરેછે, તમામ નીતિનો તિરસ્કાર કરેછે અને સેવટે દગા, ફેસાદ તથા કુસંપનું મૂળ થઈ પડે છે. પણ એવા આસામીઓથી તમામ પ્રજાનો એક નાનો સરખો અંશજ બનેલો છે. સારે નસીબે યુરોપ અને અમેરીકાની મોટી પ્રજાઓના લોકો મોટે ભાગે હજુ કોઈ અને કોઈ જાતના ધર્મની અસર હેઠળ છે.

તેઓ કેમે કરીને પણ એક બેહદ્દ બળવાન, અને ઈન્સાફી ખુદાને, મરણ પછી સારાં કામોનો નેક બદલો તથા બુરાં કામની સજા પામવા જેવી ભવિષ્યની સ્થિતિ, તથા સ્વઅંકુશ રાખવાની અને નેકી કરવાની વાસ્તવિક ફરજ માને છે. જે મજબૂત, મુસ્તકીમ અને ધડખમ મીનોઈ હેતુઓથી આલમનો સંસારી બંદોબસ્ત અંકુશમાં રહેલો છે તે હેતુઓ એ એતેકાદોથીજ બનેલો છે.

માણુસનાં મનની વળણોનો ખિયાલ કરો :—તેનો લોભ, એકલપેટાઈ અને લોભી ઇચ્છા; તેનો ધીક્કાર, અદેખાઇ અને કીનાખોરી; તેનું અપ્રમાણિકપણું, બેઈન્સાફી અને નાપાકી; કામ તથા ફરજ બજાવવા માટેની તેની નાખુશી, એ બધાં ઉપર દરિયાફત કરો ! એ વળણો કેમ જીતી શકાય ? શું પોલીસથી ? શું સત્તાદાર અમલદારોથી ? શું મુલકી કાએદાના મજબૂત હાથથી ? ખરેખર, એ સાધનો કાંઇ સારી તાસીર ધરાવે છે તે વાતનો આપણે ઈન્કાર કરશું નહિ, અને નાસ્તિકો, કુફરો તથા અધર્મીઓના બાબમાં તો એ સાધનો ભારે મોટી અગત્ય ધરાવેછે. તોપણ ઉપર જણાવેલા મીનોઈ યા ધાર્મીક સિદ્ધાંતો જે માનવી ઉપર મોટા અંકુશ સમાન છે તે અંકુશ બીજાં કોઈ સાંધનો ધરાવતાં નથી.

બાનૂઓ અને ગૃહસ્થો ! નીતિશાસ્રને ધર્મથી નિરાળું ધારવું મુશ્કેલ છે, મગર દીન ઉપર આસ્થા રાખનાર એક ઈમાનદાર શખ્સ અને લુખખા નીતિ નીયમો ઉપરજ ધ્યાન આપનાર વચ્ચેના તફાવતનો ખિયાલ કરવાનુ તથા તે જોઇ લેવાનુ આપણે માટે બિલ્કુલ્લ મુશ્કેલ નથી. એ તફાવત એક જાનદાર અને બેજાન વચ્ચે, અવયવ રચના અને એક પાસાદાર બીલોરની વચ્ચે હસ્તી ધરાવતા તફાવત જેવડો મોટો છે. એક ઈમાનદાર શખ્સ અવયવીની જીવતી જાગતી રચના સમાન છે જે બાતેનના જીવતાં જાગતા વૃદ્ધિના નીયમ મારફતે ઉગીને આગળ વધે છે, જ્યારે બીજો એક ખાલી બેજાન બીલોર છે જેનામાં ઉપલા નીયમની કોટાઈ હોવાથી પોતાથી બહારની રજકણો ઉમેરતાં મોટો થાય છે.

આદમી કમજોર છે. તેની કમજોરીને, પરમાત્મા ઉપરનાં યકીનથી ભવિષ્યમાં મરણ પછી થનારા ખુદાઇ ઇન્સાફની મુસ્તકીમ કદરશનાશીથી, આ ગેતી હયાતીમાં બજાવેલાં કામકાજોના મરણ બાદ મીનોઇ હયાતીમાં મળનારા નેક બદલાની આશા તથા શિક્ષાની દહેસતના આકારમાં બાંધેલા લાગણીપૂર્વક એતેકાદોથી અને એવા એવા બીજા ઇલાજોથી મદદ થવી જોઇએ છે તથા ટેકાવી રાખવી જોઇએ છે. એ સઘળા મીનોઇ યા ધાર્મિક સિદ્ધાંતો એક રાસ્ત મજ્હબ આદમીને પુરા પાડે છે અને તેમની મારફતે સંપૂર્ણતા મેળવવા માટે ગતિ, વૃદ્ધિ, ખિલવણી તથા આફતો ઉપર જીત મેળવવાની બેહદ શકિત આદમીને હાસલ થાય છે. એ ઉપરથી અવસ્તા વંદીદાદ પરગ. ૩-ફ૦ ૪૪ અને ૪૫ માં કહ્યું છે કે "જે કોઈ તમારી આગળ જ્ઞાન મેળવવાની તલબ કરતો આવે તેને માંથ્ર (પાકીજે કલામ) શિખવવા જોઇએ કે તેથી કરીને તેનાં (મીનોઇ) જ્ઞાનમાં વધારો થાય અને તે અષોઇમાં આગળ વધે." યજ્સને હા. ૫૫. ફ. ૨. માં માંથ્રોને આપણા રવાનના નિગાહબાનો, રક્ષકો, ખોરાક તથા પોશાક તરીકે જણાવેલા છે. એ પ્રમાણે ત્યારે ઇન્સાનની મીનોઇ હયાતીની આબાદ હાલત તેનાં હક્કમાં સૌથી મોટી અગત્ય ધરાવે છે અને તેવી હાલતનો આધાર તેને મળતી દીની તરબિયત તથા જ્ઞાન ઉપર રહે છે.

એ બાબે યુરોપિયનો તથા અમેરીકનોના બેહદ મોટા ભાગની સંપૂર્ણ ખાતરી થઇ ચુકી છે, અને એ ઉપરથી તેમનાં ઘરની કેળવણી, તેમની નિશાળની કેળવણી તથા કોલેજની કેળવણી વચ્ચે મન અને તનની કેળવણી કરતાં આત્માની કેળવણીને કાંઈ ઓછી અગત્યતા આપવામાં આવતી નથી. તેમની રીતભાંતની દિલ-કશ સાદાઇ, તેમની બુલંદ માન્સિક વકુફ, તેમના શરીરનો જોરાવર બાંધો, તેમનો બોહોળો વેપાર, તેમની બેશુમાર દૌલત, તેમનાં સઘળાં આચરણો તથા કાર્યોમાં જાહેર થતી ઉત્તમ પ્રકારની સુંદરતા, બંદોબસ્ત તથા વ્યવસ્થા એ સઘળાં આ વાતની ગવાહી પુરે છે કે જે લોકો નીતિ સંબંધી તથા ધાર્મિક કેળવણી હાસલ

કરે છે, તેને આશ્રો આપે છે, તેને ટેકાવી રાખે છે, તથા તેને ઉત્તેજન આપે છે, તે લોકોજ સૌથી ઘણાજં આલ્હાદ હોઈ શકે. તેટલા માટે, મારા પ્રિય મિત્રો! કદીમ પૂર્વ તરફની અને હાલી જમાનાની પશ્ચિમ તરફની સૌથી ઘણીજ સુધરેલી પ્રજાઓ યાને અવસ્તા મતી લોકો તથા અમેરીકનો અને યુરોપિયનો તરફથી મળેલા સબકો અને દાખલાઓ ઉપર આપણે દરિયાફ્ત કરવો જોઇએ, તેમને વખાણવા અને લાગુ પાડવા જોઈએ અને આપણાં બાળકોને જે જ્ઞાન આપણે આપિયે છિયે તેની બીજી દરેક શાખાઓ સાથે નીતિ સંબંધી અને ધાર્મિક કેળવણીને આમેજ કરવામાં તેમના જેવાજ આપણે દિલસોજ બનવા જોઈએ.

જે મિસાલે માનવીના બદનને હયવાનયતપણામાંથી બાહેર કાઢવા માટે તેને કેળવવાની જરૂર છે તેજ મિસાલે આત્માને વહેમ, આશ્રીદ્દા (નાસ્તીકપણું–Scepticism) સંસાદવેષ (cynicism) નાઉમેદી (pesimism) વગેરેમાંથી બાહેર કાઢવાને કેળવણીની જરૂર છે. આત્માને નીતિમાન અને ધાર્મિક કેળવણીથી કેળવવાની ઘણીજ મોટી જરૂર છે. માણસને એ જરૂર માલૂમ પડે છે, અને તે પણ સ્વાભાવિક રીતે માલૂમ પડે છે. માનવીને સ્વાભાવિક રીતે લાગણી થાય છે કે તેણે ગંભીર, રાસ્ત, પ્રમાણિક, પાક અને અસ્વાર્થી બનવું જોઇએ. તોપણ તે એક પ્રકારનાં અંતજ્ઞાનથી જાણે છે કે, અગર ખુદા પ્રત્યેનો પ્રેમ, દોજખની દહસત અને હમેશગીની કીર્તિનું તાજ જીતવાની આશા ન હોય તો, ફકત ફરજયાત લાગણી તેને ફરજની સીધી શાહ ઉપર રાખવાને પુરતી થઇ પડશે નહિ. એ અંતજ્ઞાંન એક સલામત રેહબર છે અને તર્કશાસ્ત્રના યા દલીલ શાસ્ત્રના (logic) આખાં કેતાબખાનાંઓ જેટલી કીમત ધરાવે છે.

કુદરતની તમામ સલતનતમાં આપણને જાતી–હોશ અથવા પ્રેરણા બુદ્ધિ (instinct) ખોટી પાડેલી કયાં માલૂમ પડે છે? કોઇ પણ પ્રાણી જયાં કોઈ ચોકસ જાતનો ખોરાક મળી ન શકે તેવી જગા ઉપર તેજ ખોરાક મેળવવાની પ્રેરણાથી આરજૂ કરે એવો કોઇ દાખલો આપણને મળે છે? ચલ્યાંઓ જયારે વાદળાં તથા

તોફાનથી બચવા માટે ઉડી જઇને વધારે ગરમ મુલ્કની શોધમાં નિકળે છે ત્યારે શું તેઓ પોતાની પ્રેરણાથી ઠગાય છે? શું તેમને દર્યાને પેલેપાર વધારે નરમ આબો હવા ખરેખર મળતી નથી? જ્યારે "મે-ફ્લાઈ" નામની માખીઓ અને બીજાં જીવજંતુઓ પોતાનાં કોટલામાંથી બાહેર નિકળે છે, પોતાની પાંખો ફેલાવે છે અને પાણીમાંથી બાહેર આવી હવામાં ઉડેછે ત્યારે શું તેમને જિન્દગીના એક નવા તબક્કા ઉપર ટેકવી રાખવાને લાયકનું વાતાવરણ તેઓને મળતું નથી? બેશક્ક તેઓને તે મળેછેજ.

અગર વધારે નીચલા પ્રકારનાં પ્રાણીઓની પ્રેરણા બુદ્ધિના બાબમાં એ બીના ખરી હોય તો માનવી જેવાં સૌથી ચઢિયાતા પ્રકારનાં પ્રાણીના બાબમાં તે શા માટે ખરી ન પડવી જોઈએ? બેશક્ક પક્ષીઓ તથા હયવાનોની માત્ર પ્રાણી પ્રેરણા જે તલબ કરે છે તે વાત જેટલી ચોકસાઈથી ખરેખરી સિદ્ધ થયલી છે તેટલીજ ચોકસાઈથી માનવીનો વિવેકી-સદાચારી સ્વભાવબી જે ખુલ્લી રીતે અને તાકીદથી તલબ કરેછે તે વાત પણ ખરેખરી સિદ્ધ હોવી જોઈએ.

દેખીતી રીતે, જેમ માનવીનાં શરીરને તેનાં પોષણ તથા ખીલવણીને માટે પદાર્થિક યાને ગેતી (material) ખોરાકની અને શારીરિક કસરતની જરૂર હોય છે, તેજ મિસાલે રવાન યાને આત્માં તેનાં નિયમવાર રક્ષણ અને કલ્યાણનને માટે મીનોઈ ખોરાક તથા મીનોઈ તરબિયતની તલબ રાખે છે. આ મીનોઈ ખોરાક તથા મીનોઈ કસરત રવાનને શી રીતે આપી શકાય? બીજી કોઈપણ રીતે નહિ પણ નીચે જણાવેલી રીતોથી:—

બુદ્ધિ પોતાની ઘટતી હદ્દ કુદાવી જતાં સઘળાં ઈશ્વરોક્ત શાસ્ત્રનો ઈનકાર કરી માત્ર માનવી અકલથી શોધી કાઢેલાં મતને સ્વીકારી બુદ્ધિ શાસ્ત્રવાદ (rationalism) ને નામે ઓળખાતી બેહદ્દ ના-માકુલ સ્થિતિમાં આવી પડે છે તે બુદ્ધિને તેની ઘટતી હદ્દની અંદર રાખવા માટેની રવાનને તાલીમ આપવાથી તથા તે

માટે તેને તૈયાર કરવાથી; યકીનની તાસીર તાસુબીથી કેવી જુદી પડે છે તે સાબેત કરવાથી, ઈમાન અને ધર્મનાં આંધળાં જનૂન (spiritual blindness) વચ્ચે કેવો અંતર છે તે દેખાડી આપવાથી, જુઠાઈ અને રાસ્તી વચ્ચે કેવો તફાવત છે, ઇન્સાનનો નફ્સ હયવાનના નફ્સથી કેવો ન્યારો છે; ખાલેસ મોહબ્બતનો જુસ્સો માત્રે બાદહવસીની મસ્તીથી કેટલો ઉળટો છે, મિતાહારપણાં તથા અપવાસ વચ્ચે, વાજબી ગુસ્સા તથા શિતાબીથી ફાટી નિકળતા ગુસ્સાના જોસ્સા વચ્ચે, ઘણા ઉડાઉપણાં અને કંજુસાઈભરી કરકસર વચ્ચે, ઘટતી સંભાળથી કીધેલા બાહેરના સાદા-સુઘડ દેખાવ અને ફાંકડા-છબીલાના અણગમો ઊત્પન્ન કરનારા દેખાવ વચ્ચે કેવા તફાવતો છે તે સઘળું પુરવાર કરવાથીજ તે મીનોઈ ખોરાક તથા મીનોઈ તરબિયત રવાનને આપી શકાય છે. ટુંકમાં કહેતાં સ્વકાબુ (self mastery) વડે ઇચ્છા ઉપર અંકુશ તથા હવસો ઉપર કાબૂની મારફતે વસ્તુઓના ઉપયોગ અને ગેર-ઉપયોગ વચ્ચે કેવો તફાવત છે, તે, તેમજ માનવી તથા માનવી વચ્ચેના સંબંધમાં ઈમાનદારી અને નામવરીને કેમ ખીલવવી, આપણા પોતાના હકો જેટલીજ પારકાંઓના હકની કદરશનાશી કેવી રીતે કરવી, તેમજ કોઈને પણ વિચાર, સુખન યા કામથી ઈજા કરવાથી કેમ દુર રહેવું અને તે મિસાલે સાદી તથા હિતકારક નીતિ અથવા નેકી ઉપર અમલ કેમ કરતા રહેવું તે સઘળું ધાર્મિક યાને આત્માને લગતી કેળવણી મારફતે દેખાડી આપવાથીજ (પોતાનાં તેમજ ભાઈબંધ માનવીનાં) રવાનને તે મીનોઈ ખોરાક તથા મીનોઈ તરબિયત પુરાં પાડી શકાય છે. એકેકથી ઉળટી જતી બીનાઓ સાબેત કરી આપવી, ખરાં અને ખોટાં, નેક અને બદ વચ્ચેનો તફાવત જોવો, પિછાનવો તથા મુકરર કરવો અને જે નેક અથવા ઉમદા હોય તેજ પસંદ કરવું, એજ આપણી કેળવણીની સૌથી ઘણીજ અગત્યની નેમ હોવી જોઈએ. આ અત્યંત અગત્યની નેમ અહુનવઈતિ ગાથા માહેલા નીચલા શ્લોકમાં અશારત પામેલો અવસ્તા શાએર દેખાડી આપે છે, "જે શખ્સો સારી

સમજ અથવા ડાહ્યપણુ ધરાવે છે તેઓ રાસ્તીનેજ પસંદ કરે છે, મગર અવિચારી આદમીઓ તેમ કરતાં નથી." (જુઓ યજ. હા. ૩૦. ફ. ૩). "જેનામા ડાહ્યપણુ હોય છે, તેની આગળ, જેમ મનથી પિછાનવાને શક્તિવાન શખ્સની આગળ, આ સઘળી રાસ્ત બીનાઓ ખુલ્લી છે......." (જુઓ ય. જ. હા. ૩૧, ફ. ૨૨). આ શ્લોક આગળ ચાલતાં કહે છે કે "......ઓ અહુર–મજદ ! એવો આદમી અશોઈના તરીકાને જાળવી રાખે છે, તથા તું સાહેબને ઘણીજ બળવાન મદદ થઈ પડે છે."

બેશક, રાસ્ત અને ના–રાસ્ત વચ્ચેનો અંતર પારખવા તથા તે અંતર મુકરર કરવાની અને જે નેક હોય તેજ પસંદ કરવાની રવાનને તાલીમ આપવી એ કામ, માણસની ફરજો ઘટતી રીતે અદા કરવા માટે, તેનાં બદન, મન તથા રવાનની નિયમસરની જાળવણી તથા કલ્યાણ માટે અને તેની આખેરી નેમ તથા હેતુ અથવા અંજામ પારપાડવા માટે જરૂરનું છે. તેનાથી તેની ખોડખામીઓ દૂર થાય છે, તેની લાગણીઓ તરબિયત પામે છે, તેના જુસ્સાઓ દાબમાં રહે છે, તેના ખિયાલો બાંધવાની શક્તિ કાબૂમાં આવે છે, તેની અક્કલ રોશની પામે છે અને તેની ઇચ્છાઓને મજબૂતી મલે છે. એ કામથી તેનું રૂહ કાએદાને આધીન, ફરજ તરફ વળતુ, સત્તાને તાબેદાર, ઉસ્તાદો પ્રત્યે ભક્તિભાવ રાખતુ, બુજોર્ગોનું માન જાળવતું તથા કમજોરો પ્રત્યે દેલસુઝ બને છે. ટુંકમાં કહેતાં, રવાનને એવી કિસમની તાલીમ મળવાથી, ઇન્સાનની સઘળી શક્તિઓ પોતાની કુદરતી ખાસ્યતો અને અસરો જાળવી રાખતાં, એવી તો સમતોલ અને અંદાઝામાં રહે છે કે, તેઓ અરસપરસ એક બીજાંને મદદ આપતી રહે છે, અને એકજ સામાન્ય અંજામ યા નેમ તરફ એકસંપીથી આગળ વધે છે; તેઓ માહેલી નીચલી શક્તિઓ પોતાની ઘટતી હદમાં રહીને, તેમને વધારે ઉંચી શક્તિઓથી મળતી પ્રેરણાને કાંઈબી વિરોધતા વગર તાબે રહે છે, અને ઇન્સાનને તેનો પોતાનો અને તેના કામોનો સંપૂર્ણ માલેક બનાવે છે. પરિણામમાં માણસઈ ખાસ્ય-

તને દરેક વાતે બંધ બેસતું લક્ષણ તેને પ્રાપ્ત થાય છે. તે શખ્સ અત્યંત શાંત સ્વભાવનો માનવી, અત્યંત મુસ્તકીમ ઠરાવનો, અત્યંત કાએદાને માન આપી ચાલનારો શેહેરી બને છે અને પરિણામમાં અવસ્તા કહે છે તેમ તેને પોતાને, માનવી જાતને, ખુદાને તથા ખુદાની તમામ કુદરતને "સૌથી ઘણીજ બળવાન મદદ" થઈ પડે છે.

બાનૂઓ અને ગૃહસ્થો! અગર તમો એવી કેળવણીના ફાયદા ઉપર માત્ર દરિઆફ્ત કરો, તે સમજો તથા તેની કદર બુજો તો તે કેળવણી તમારાં ફરજંદોને તે આપવા માટે તમો ઘણી દિલસોજીથી ચાહશો, ઘણી સંભાળથી તમો તેમની નીતિ-સંબંધી તથા દીની તરબિયત ઉપર નેગાહ જરૂરજ રાખતા રહેશો.

નીતિસંબંધી અને દીની કેળવણીના ઉત્તમ ગુણો સારી પેઠે સમજનારા તથા તેની ભારે કદરશનાશી કરનારા આસામીઓની એક સારી જેવી સંખ્યા આપણે આપણી કોમ વચ્ચે ધરાવિયે છિયે. તે આસામીઓ નેક નીયમોથી પુરતા વાકેફ હોવાથી તેમજ તેઓ પુરતો નેક જુસ્સો ધરાવતા હોવાથી તેઓ આ બીના ખુલ્લી રીતે જોઇ શકે છે કે આપણાં બાળકોને આપવી જોઈતી સઘળી જાતની તરબિયત વચ્ચે નીતિ સંબંધી તથા ધાર્મિક કેળવણી સૌથી મોટી અગત્યની જગા રોકે છે. લેકિન કહેવાને બેહદ દિલગીર છું કે આપણી કોમમાં એવાપણ આસામીઓ આપણને મળી આવે છે કે જેઓ નીતિ અને ધર્મની કેળવણીને આદમીની જિંદગીમાં એક સદંતર ઉતરતા દરજજાએ ઊતારી પાડવાની ખાહેશ ધરાવે છે, કે જેથી તે દુન્યવી લાભોને રસ્તે કોઇબી કારણથી આડે આવે નહિ. તેઓ બદનનેજ તૃપ્ત કરવા તથા તેનેજ પંપાળવાનેજ ઉપયોગી થઈ પડે એવા હુનરો તથા એલ્મોના અભ્યાસ પાછળજ બને એટલી જેહમત, વખત અને પૈસો ખરચવામાંજ ડાહપણ સમજે છે. પણ સવાલ કરી શકું કે જે ડાહપણ આત્માને ભોગે શરીરને આગલ વધારે તેને સાચું ડાહપણ

શી રીતે કહી શંકાય? બદનને સંતોષવું અને રવાનને ભુખે મરવાદેવું તે જેટલું મુર્ખાઈ ભર્યું તેટલુંજ ઘાતકી છે અને તેટલા વાસ્તે તે પરોપકારી નથીજ. આપણી કોમ માહેલાં ઘણુંએક માવતરો અને વાલીઓ પોતાનાં બચ્ચાંઓની શારીરિક અને મનની ખીલવણી ઉપર સંભાળથી નિગાહ રાખવાને દિલો મનથી ઇચ્છે છે. તેમના બેટાઓ અને બેટીઓ ઇંગ્રેજી જબાન સારી રીતે શિખે છે અને તે ફસાહતથી બોલે છે કે નહિ તે માટે, તેઓ લાટીન, સંસ્કૃત અને ફ્રેંચ કેતાબોની મતલબ સમજાવી કે સમજી શકે છે કે નહિ તે માટે, તેઓ અંક-ગણિત (arithmetic) અને બીજ-ગણિત (algebra) તવારીખ અને ભૂગોળમાં અને રસાયણ શાસ્ત્રમાં સારો જેવો વધારો કરે છે કે નહિ તે માટે તેઓ ઇંતેજારીથી અને બહુજ વારંવાર ખબર કાઢતાં રહે છે; પણ, તેમનાં ફરજંદો બેટા બેટીઓ પોતાના જુસ્સાઓને કાબૂમાં રાખવાને શિખ્યાં છે કે નહિ, તેઓ પરોપકારી, ઉદાર, તાબેદાર, રાજભક્ત, પ્રમાણિક, રાસ્ત, એહસાનમંદ અને દયાળુ બન્યાં છે કે નહિ તે માટે તેઓ કેટલી થોડી દરકાર રાખે છે અને તે બાબે કેટલી થોડી તેઓ જુસ્તજાૂઇ કરે છે?

આપણાં કેટલાં જાહેર તેમજ ખાનગી કેળવણી ખાતાંઓ આપણી સૌથી ઘણીજ અગત્યની મુખ્ય હાજત સાથે સંતોષકારક રીતે કામ લે છે? તે ખાતાંઓ માહેલાં કેટલાં ખાતાંઓ બચ્ચાંઓનાં રવાન, દિલ તથા અંતઃકરણોને તરબિયત આપી ખીલવવા માટેની પોતાની મુખ્ય જવાબદારી પિછાને છે? આપણાં કેટલાં બાળકોને સારી નિતિમાન અને ધાર્મિક કેળવણી આપવામાં આવે છે? તેઓ માહેલાં કેટલાં બાળકો આત્મિક જ્ઞાનની ઇચ્છા કરીને તેમાં ખબરદાર બને છે? તેઓ માહેલાં કેટલાંઓ સઘળી જાતની બદીઓ સામે થઇ શકવાને તાલીમ લઈ હથિયારબંધ તૈયાર થઇને દુનિયાદારીમાં પડે છે? તેઓ માહેલાં કેટલાંઓ દુનિયાદારીમાં પડી આપણી કોમનાં આત્મિક કલ્યાણનો વધારો કરવાનું સૌથી ઉમદા કામ સર ઉપર ઉઠાવે છે? તેઓ માહેલાં કેટલાંઓએ આપણા

ટોળાની આત્મિક કલ્યાણ માટેની ઉપયોગી સેવામાં પોતાને મળતી તકો અને સાંધનોના પ્રમાણમાં પોતાનુ મન, તન અને ધન અર્પણ કરવાનો ઠરાવ કીધો છે ?

એવા ઘણા અભ્યાસીઓ છે કે જેઓ ઘણું ઘણું જાણવાને ખાતરજ માત્ર અભ્યાસ કરે છે, પણ એ એક મુર્ખાઈભરી હોંશ છે. એવા ઘણા વિદ્યાર્થીઓ છે કે જેઓ ધંધો કરી પૈસો પેદા કરવાને ખાતર અભ્યાસ કરે છે, મગર એ એક બેહુદો લોભ છે. એવા ઘણાઓ છે કે જેઓ, પોતે લોકની જાણમાં આવે એવા હેતુથી વધુ અને વધુ જ્ઞાન મેલવવાની કોશેસ કરે છે, પણ એ એક ઠાલી બડાઈ છે. મગર એવા તો થોડાજ છે કે જેઓ બીજાઓને ખરી તાલીમ આપીને તેમનું કલ્યાણ કરવાના હેતુથી જ્ઞાન મેળવે છે કે જે ખરી સખાવત છે. એવા તો થોડાજ છે કે જેઓ પોતે જ્ઞાની બની પોતાના આત્માઓને સુધારીને ચઢતી પંકતી ઉપર લાવે એવી મતલબથી જ્ઞાનની તલબ કરે છે જેમાંજ ખરેખરૂં ડાહપણ છે.

આ વાત સારી પેઠે ધ્યાનમાં રાખવી કે પાકદામની, અશોઈ અથવા મીનોઈ રાહની સાથ કાંઇબી નિસ્બત નહીં ધરાવતું જુદી જુદી બાબદોનું લુખું જ્ઞાન આપણને માત્ર મગરૂરી અને શેખીથી ફુલવી નાખવા, આપણને તકોબરી અને અભિમાનથી ભરી નાખવા તથા આપણી જબાનોને દમામદાર શબ્દો અને વાકયો પુરાં પાડવા જેવી સેવા બજાવે છે. તેટલા વાસ્તે, વહાલા હમદીનો ! શિખેલા કહેવડાવવાને માટે નહિ, પણ નેકી ખુબી સંબંધી પુર્ણતા મેલવવા માટે વાંચો અથવા અભ્યાસ કરો. પાક ખુદાવંદતાલાની મોટાઈ બાબે ઘણું ઘણું જાણવાને બદલે તે ખાલેકની નેકીને ચાહવાની ઈચ્છા કરો. પાકીજે જિંદગી બાબે મોટી મોટી બાંગો મારવાને બદલે પાકીજે જિન્દગી ગુજારવાની ઈચ્છા કરો. સબબ કે એજ રાસ્ત મજહબનો, સાચી વિધ્યાનો, અને ખરી કેળવણીનો ખરો સારાંશ અથવા ખરી મતલબ છે.

સાચી કેળવણી, સામાન્ય સ્વામીત્વવાદ એટલે જેને ઇંગ્રેજીમાં (socialism) કહે છે તેના સિદ્ધાંતની મિસાલે, સઘળાં નીતિ સંબંધી અને શારીરિક દુઃખો માનવીના બાહેરના સંજોગોમાંથી ઉભાં થાય છે, એવો નિયમ યા એવી નેમ ધરાવતી નથી તે કેળવણી આ દુઃખોના ઇલાજ તરીકે તે સંજોગોને માનવીની ખાહેશને બંધ બેસતા કરી દેવાને સુચવતી નથી. પણ એ સંજોગોને પોતા-નેજ પોતાની મેળે સુધારવા ઉપર છોડી દઇને, બાતેનમાંથી બરપા થતી ખરાબ ઇચ્છા અથવા વળણથી માનવીને આજાદ તથા મોકળા કરવાની કોશેસ કરે છે. સાચ્ચો મજહુબ અને સાચ્ચી કેળવણી પોતાનું ધ્યાન અને નેમ શ્વાન ઉપર ઠેરવી રાખે છે કે જેને એ સંજોગો સાથ કામ લેવાનું હોય છે. જે મુખ્ય નિયમ તેઓ બંને આપણે માટે રજૂ કરે છે તે એ છે કે દરેક માણસ પોતેજ પોતાની દુનિયાનો બનાવનાર છે; તે પોતેજ પોતાનું સુખ ઘડે છે યા તેનો નાશ કરે છે.

સેહુજબી દગદગા વગર હું જણાઉંછું કે આપણાં બાળ-કોની મીનોઈ તાકત યાને આત્મિક શક્તિ ખીલવવા બાબે આપણાં માવતરો, વાલીઓ, નિશાળો અને કૉલેજોએ દેખાડેલી ગફલતી તથા બેદરકારી જો જારી રેહેશે તો આપણી ભવિષ્યની ઓલાદના વધારાને તે એક કાતેલ ફટકો થઈ પડશે. સબબ કે આપણાં ઘરોમાં, નિશાળોમાં અને કૉલેજોમાંજ જવાન ભેજાંઓ ઉપર ધર્મને લગતી સચ્ચાઈઓનો તથા નીતિ સંબંધી સિદ્ધાંતોનો છાપ ઘણીજ ફાયદેમંદ તથા ઘણીજ ફતે-હમંદ રીતે મારી શકાય છે, તેટલા વાસ્તે મારી અતિશય નાકેસ અરજ એ છે કે જે સાહેબો તથા બાનૂઓને આપણાં બાળકો, છોકરા છોકરીઓ અને જવાન નર–નારીઓની કેળવણી સોંપવામાં આવી છે તેઓ તેમની બચગી, છોકરવનપણા અને જવાનીના અઇયામોનો ઘણોજ સરસ ઉપયોગ કરે કે જે અઇયામોમાંજ મગજ ઉપર પડેલા સારા સબકોના છાપો તમામ જિન્દગી દર-મિયાન બેહદ મોટી અસર કરે છે અને નાજુક, ઉઘરતાં જિગરોમાં

ખુદાનો ચાહ, માનવી બન્ધુનો પ્રેમ, વતન તરફનો પ્યાર, અને કુટુંબ કબીલા ઉપરની મોહબ્બત પેવસ કરી શકે છે.

કુદરતનો સર્વવ્યાપક કાયદો એવો છે કે જે વસ્તુઓ તરફ બેદરકારી બતાવવામાં આવે છે તે વસ્તુઓ બિગડી જાય છે, સડી જાય છે તથા વધુ અને વધુ ખરાબ થઇ જાય છે. અગર બાગમાંના એક રોપા તરફ આપણે બેદરકાર રહીએ, તો બિગાડાંનો કુદરતી નિયમ તેમાં દાખલ થાય છે, અને તેથી તે એક વધુ ખરાબ થયલા અથવા બિગડેલા રોપામાં ફેરવાઈ જાય છે. અગર આપણે કોઈ ઘરસંસારી પ્રાણીઓ તરફ બેદરકાર રહીએ તો તેઓ રફતે રફતે બદલાઇને જંગલી તથા નકામાં જાનવરો બની જશે. હવે, આબાદ એજ મામલો તમારા અને મારા બાબમાં બને. અગર એક માણસ થોડાંક વર્ષ સુધી પોતા તરફ બેદરકાર રહેતો, તો તે બદલાતો રહીને વધારે ખરાબ માણસ અને વધારે નીચલા પ્રકારનો માણસ બની જશે. અગર તે પોતાનાં બદન તરફ બેદરકાર રહે તો તે એક વેરાન ટાપુ ઉપરના ગોયા માનવી પદ ખોહી બેઠેલા શખ્સ જેવો જંગલી અણઘડ બની જશે. જો તે પોતાનાં દેમાગ તરફ ગાફેલ રહેતો તે બિગડીને કમઅકલ તથા દીવાનો બની જશે. જો તે પોતાના અંતઃકરણથી ગાફેલ બને તો તે બેદરકાર અને બેલગામ બની જશે. અથવા સેવટે જો તે પોતાનાં રવાનથી ગાફેલ બને તો તે ખરાબી અને નાશમાં આવી પડયા વગર રહેશેજ નહી.

અગર એક વાડી અથવા બાગને ઘટતા બંદોબસ્તમાં રાખવાનાં સાધારણ સાધનો બાબે આપણે બેદરકાર રહીએ તો તેમાં નુકસાનકારક છોડવાઓ ઉગી નિકળીને તે બાગનો નાશ થવા વગર શી રીતે રહે? અથવા જો આપણે બેદરકાર રહીને આપણું મગજને ખેડવાની તકો જતી મેલીએ તો તે મગજ અજ્ઞાન પણું તથા કમજોરીની ચુંગાલમાંથી શી રીતે છટકી જાય? તેજ પ્રમાણે, અગર આપણે રવાનની ખીલવણીનાં સાધનો તરફ બેદરકાર રહીએ

તો તે રવાન જરૂર-આ-જરૂર ખરાબી અને પાએમાલીમાં ફરીથી જઈ પડવા વગર શી રીતે રહે? ગફલતની સજા ખરાબી છે અને ખરાબીનાં પરિણામો વધુ ખ્વારી, કાર્ય કરવાની શક્તિની હાની હલાકત અને મીનોઈ તત્વની કમજોરી છે.

કુદરતનો મુકરર કીધેલો એક બીજો કાનૂન એ છે કે કાંઇપણ ચીજે ફોકટની હસ્તી ધરાવવી નહિ. એ કાનૂનની રૂએ છછુંદર (mole) જેવાં દરમાં છુપાઈ રહેતાં પ્રાણીની આંખો લઈ લેવામાં આવી હતી, કારણકે તે પ્રાણીએ જમીનની સપાટી નીચે સદંતર અંધકારમાં જિન્દગી ગુજારવાનું જારી રાખવાથી તેની તે આંખો નિરૂપયોગી થઈ પડી હતી. આબાદ, એજ રીતે અથવા એજ કાનૂનની રૂએ અગર રવાન અથવા આત્મા રોશનીને બદલે તારીકીમાંજ રહેવાને પસંદ કરે તો માનવીની મીનોઈ ચશ્મ યાને આત્મિક શક્તિ, જે ઇન્સાનની સૌથી ઘણીજ ઉમદા તથા પવિત્ર શક્તિ છે તે મરણ પામવીજ જોઈએ.

હવે, સવાલ એ છે કે તે રોશની શું હશે? આ જેહાનમાં જેમ ગેતી રોશની મોજૂદ છે, જે વડે આપણી જોવાની ઇંદ્રિને ગેતી વસ્તુઓ દેખાઇ આવે છે, તેજ મિસાલે મીનોઈ રોશની બી મોજૂદ છે, જે વડે ઇન્સાનની મીનોઇ સીરત (તત્વ) માહેલી બસારત અથવા નજર તેની મીનોઈ રાસ્તીઓ જોઇ શકે છે. એ રોશની કાંઇજ નહિ પણ નીતિ સંબંધી તથા ધર્મને લગતું જ્ઞાન છે. જેમ જેમ એ જ્ઞાન વધારે ચઢિયાતું અને વધારે સંપૂર્ણ થતું જાય છે, તેમ તેમ રવાન અથવા આત્મા વધારે તેજ બનવા સાથ, ઇંદ્રિઓની ખોટી ભ્રાંતિયોને જડમૂળમાંથી ઉખેડી નાખીને અને સઘળી બુરી તથા નાશકારક ઈચ્છાઓને અંતઃકરણમાંથી કાપી કાઢીને, પોતામાં સઘળી જાતની નેકીઓ સમાવી લેવાને તથા સઘળી ઉંચ પ્રકારની શક્તિઓને સ્વચ્છ કરીને ખુલંદી આપવાને વધારે સામર્થવાન થાય છે. સઘળી નેકીઓ માટેની રોશનીના નાભ અથવા મથક તરીકે સૌથી સરસ નીતિ સંબધી

તથા ધાર્મિક જ્ઞાનજ એક એકીમતી ગૌહર, મિસાલ આદમીને ઉપયોગી થઇ પડે છે. એવું જ્ઞાન ધરાવનાર આદમી સઘળી ઉમદા આલા બાબદોને જોઈ લેવા તથા સમજવાને સૌથી સરસ રીતે લાયક હોય છે. જ્યાં સુધી તે એક જાતે ખુબસૂરત અને જોતાં દિલ–કશ લાગે એવા એક હીરા જેવો બને ત્યાં સુધી તે નેકીમાં ઉગતો અને ઉગતોજ રહે છે.

તેટલા વાસ્તે આપણને એવી ઇચ્છા તથા પ્રાર્થના કરવી જોઇએ કે ઘરની કેળવણી, અને નિશાળ તથા કૉલેજની કેળવણીની તાસીરો ધાર્મિક કેળવણીની ખુશબોઈ ભરી લેજ્જતથી એવી રીતે ભરપૂર બને કે જેથી આપણા જવાન છોકરા તથા છોકરીઓનાં દિલ ઉપર તેનો પકકો છાપ પડી રહે. આપણે સઘળાં એવી ઇચ્છા તથા પ્રાર્થના કરવી લાજેમ છે કે માવતરો, વાલીઓ, શિક્ષાગુરૂ તથા ધર્મગુરૂઓ એવું સમજતા થાય કે આપણ લોકની હાલની હાલતમાં, બાળકોનાં જિગરો, દિલો તથા રવાનોને કેળવવાની તેમની જવાબદારી વધતી જાય છે. આપણે સઘળાં એવી ખાહેશ તથા આજેજી કરવી ઘટારત છે કે માવતરો તથા વાલીઓ અને શિક્ષાગુરૂઓ તથા ધર્મગુરૂઓ, ખુદા, માનવી, જિન્દગી અને સંસારના સંબંધમાં નાશકારક નહિ પણ માનવીઓ વચ્ચે ગુણકારક ફાયદા કારક બંધારન વધારનાર કેળવણીની ઘણી જરૂરિયાત પીછાનતા થાય અને સારા જાતી દાખલા અને જાતી અસર પેસારવાની તે પ્રત્યેની પોતાની ફરજ અદા કરતા રહે. આપણે એવી ઇચ્છા તથા દોઆ બંદગી ગુજારવી જોઇએ કે તેમના પોતાના અમુક ધર્મોના ઉપદેશો તથા પરસ્તેશ પ્રત્યે બાળકોનાં જુદા જુદા ધાર્મિક પંથો તથા કોમોના છોકરાઓ અને છોકરીઓનાં દિલજીતી લેવાને, તેમને તેની તાલીમ આપવાને તથા તેમને તેમાં ટેકાવી રાખવાને આપણી નિશાળો તથા કૉલેજો ઘણીજ દિલ–સોઝ અને ખેંચાણકારક થઇ પડે. આપણે સઘળાં ચાહિયે તથા દોઆ ગુજારીએ કે ધાર્મિક કેળવણી તથા જ્ઞાન આપવા માટેનાં આપણાં ખાસ ખાતાંઓ તેમના નિભાવ અને ફતેહ માટે પૈસા સંબંધી મદદો

તથા બક્ષેસોથી મુસ્તકીમ રહે. આપણે સઘળાં એવી ખાહેશ તથા આજેજી કરિયે કે આપણુ માહેલા જેઓ ઓહોળાં સાધનો તથા પુરસદ ધરાવે છે અને જેઓ તે સાંધનો તથા ફુરસદને ઉડાઉપણે તથા નિરૂપયોગી પણે ખરચી નાખે છે તેઓ, આપણી ઓલાદ (કોમ) નાં આત્મિક કલ્યાણના બાબમાં પોતાના વખત અને પૈસા વડે શું શું બજા લાવી શકે તથા તેને કેવા વધારે ઉપયોગી થઈ પંડે, તે બાબેનો તેઓ દરિયાફ્ત કરતા થાય. ટુંકમાં કહેતાં, કોલંબ્યા યુનીવરસીટીના સ્થાપકની મદેહુ-નજરમાં જે દિલ-સોઝ ધાર્મિક જુસ્સો આપણે જોઈએ છીએ તેવોજ જુસ્સો આપણી કોમ અને આપણાં દેશના દરેક આદમીનાં દિલમાં અને દરેક કેળવણી ખાતામાં મુસ્તકીમ ઠસી બેસે એવું આપણે સઘળાં ચાહિએ તથા દોઆ ગુજારીએ. આપણે સઘળાં સાથે મળી આપણી આ નેક ખાહેશો તથા ખરાં દિલની આજેજીઓને તે હુરવસ્પ-તવાન અહુરમજદ આગળ મોકલિયે અને બારેતાલા તે સઘળી ખાહેશો તથા આજેજીઓ બર લાવો !

ધર્મનાં મૂળ સિદ્ધાંતોના સંબધમાં પારસીઓ વચ્ચે ચાલતી કેટલીક ગેરસમજુતીઓ તથા ગેરરીતીઓ.

આ વિષય કદાચ કેટલાંકોને બહુ નજીવો લાગશે, પણ આ વાત ભૂલી જવી જોઇએ નહિ કે કેટલીક ચીજો જે બાહેરથી નજીવી દેખાય છે તે બાતેનમાં ખરેખર નજીવી હોતી નથી. જે પ્રમાણે ઝીણી ઝીણી ચિણગારીઓ મોટાં બળતાંમાં અને પછી આગળ વધી નાશકારક આગમાં ફેરવાઈ જાય છે, જે પ્રમાણે બારીક જીવ-જંતુઓ (microbes) જીવલેણ દર્દો ઉત્પન્ન કરે છે તે પ્રમાણે ધર્મ, સંસાર અથવા રાજ્યને લગતી નજીવી દેખાતી ગેરસમ-જુતીઓ ધીમે ધીમે સાચા તથા સદાચારી આચાર વિચારોમાં મોટો મતફેર ઉભો કરી સુલેહ તથા સુખશાંતિમાં ઘણો બિગાડો કરી મેલે છે. જો આગ ઉત્પન્ન કરનારી ઝીણી ચિણગારીઓ બુજા-વવાની, જીવલેણ દુઃખ દર્દો પેદા કરનારાં બારીક જીવજંતુઓનો નાશ કરવાની અગત્ય કોઈથી ના પાડી શકાય નહિ તો સાચા, સદાચારી, ધાર્મિક આચાર વિચારો બાબે શક ઉત્પન્ન કરનારી તથા સંસાર સુખમાં દુઃખ પેદા કરનારી નજીવી દેખાતી ધર્મ સંબંધી ગેર-સમજુતીઓને જડમૂળથી ઉખેડી નાખવાની અગત્ય કયો સાચો જરથોસ્તી ના પાડી શકશે ?

અત્રે જે બાબદ ઉપર હું લખું છું તે બાબદ આપણુ વચ્ચે ચાલતી કેટલીક ધર્મ સંબંધી ગેર સમજુતીઓ છે. આપણી કોમમાં કેટલાક ધર્મ સંબધી ગુંચવાડાઓ ઉભા કરવાની તથા

મતફેરો વધારવાની જે કોશેસો થાય છે તે ઉપર તમારૂં ધ્યાન ખેંચવાની રજા લઉંછું.

મારા આ વિષયની મતલબ પુનર્જન્મનાં સિદ્ધાંતના કેટલાએક પારસી હિમાયતીઓ તરફથી ભાષણો તથા લખાણો મારફતે બાહેર પાડવામાં આવતી કેટલીક બીનાઓને તમો સનમુખ સાદી અને સેહેલ ભાષામાં રજૂ કરવાની છે. મારી મકસદ કોઈની મિઆલે મીઠા મધુર શબ્દોથી, કે છટાદાર ભાષણથી તમોને આંજી નાખીને, યા તો ભલતા ફતવાઓ તથા ખોટી આશાઓ આપીને કે કોઈબી જાતની લાલચ દેખાડી તમોને લોભમાં નાખીને તમારી બાપિકી ખાલેસ દીન તરફ શકમંદ કરવાની નથી. પણ તેથી ઉલટું મારો હેતુ તો આપણા પવિત્ર મજહબનો પાયો લુલો કરવાંની જે જે તદબીરો થતી રહે છે તે તે તદબીરો દાબી દેવાની એલતેમાસ કરવાનો છે.

આ મારી એલતેમાસ આજે કાંઈ પેહેલવેહેલી નથી. મારાં ઇંગ્રેજી પુસ્તકમાં,તેમજ મારાં આગળાં ઇંગ્રેજી ભાષણોમાં, તેજ પ્રમાણે કલબો, સ્કુલો યા કોલેજોના થયલાં જશનો વખતે મેં આપેલી ટુંક ટુંક વાએજોમાં આ બાબદને લગતા ઈશારાઓ હું અનેક વાર કરતો આવ્યો છું. વળી આ સૂચના હુંજ પેહેલ વેહેલો કરવા નિકળયો છું એવો દાવો પણ હું કરતો નથી. આપણા સાદા, સ્વચ્છ, પવિત્ર જરથોશ્તી ધર્મમાં બુધિસ્ત અને હિંદુ ધર્મોના ભુલભર્યા ફતવાઓ, અનેક પ્રકારના વહેમો, ભૂતભમારાઓ, જાદુકોટલો વગેરે તરેહવાર ખેણ કૌતકો આમેજ કરવાની તદબીર રચનારાને ઉંઘાડા પાડવાની તથા તેમના સબકોનું ખોટારૂં દેખાડી આપવાની મારા કરતાં ઘણે ચઢતે દરજજેની કોશેસો થતી આવી છે અને હજી થાય છે. આપણા અવસ્તા જમાનાથી આપણી તવારીખની શરૂઆતથી આપણા દસ્તુર—દાવરો, દીનચુસ્ત રાસ્ત જરથોશ્તીઓ એવા નાપાયદાર ફતવાઓ તરફ, ભૂત—ડાકણ, જાદુ—મંત્ર વગેરે વહેમો તરફ સદા તિરસ્કાર દેખાડતા આવ્યા છે.

તિરસ્કાર આપણા પાક અવસ્તા પુસ્તકોમાંથી, આપણી પહેલવી કેતાબોમાંથી તેમજ આપણી તવારીખમાંથી સ્પષ્ટ દેખાઈ આવે છે.

જરથોસ્તી દીન સામેની દુશ્મની કાંઈ આજકાલની નથી. એક નહિ પણ અનેક ખુદાને માનનારાઓ, ભૂત-ડાકણ, જાદૂ-કોટલ • ઉપર ઇમાન રાખનારાઓ, ધંતર મંતર કરનારાઓ ખુદ અશો જરથોસ્ત પયગામબર સાહેબના જમાનાથી આજ દિન સુધી જરથોસ્તી દીન ઉપર હુમલો કરતા આવ્યા છે અને એ બુલંદ દીનના ફેલાવાના માર્ગમાં વખતો વખત હરકત નાખતા રહ્યા છે. સાસાન્યન પાદશાહતના અઇયામમાં જ્યારે ઇરાનના સાસાન્યન પાદશાહો ચુસ્તમાં ચુસ્ત જરથોસ્તીઓ હતા, જ્યારે જરથોસ્તી હકુમત, દોલત, અને દોરદમામ પુર બહારમાં દીપી રહેલાં હતાં, અને જયારે જરથોસ્તી આબાદી અને રોબ તેમની બુલંદ ટોંચે પહોંચી ચુકયાં હતાં ત્યારે અને તે સઘળું છતાં માની અને મજદક જેવા દીનડુબાઉઓ જરથોસ્તી દીનને ઉળટાવી નાખવાને બાહેર પડયા હતા, અને થોડોક વખત સુધી એટલા તો ફાવી ગયા હતા કે ખુદ પાદશાહ કોબાદને પણ પોતા તરફ ખેંચી શકયા હતા. પરંતુ, તેઓ ઝાઝો વખત ટકી શકયા નહિ. દાનેશમંદ દસ્તુરોની, અકલમંદ ઉમરાઓની અને દીનચુસ્ત જરથોસ્તી રઈયતની એકદિલી તથા ભેગી કોશેસથી દીન દુશ્મનો નાબૂદ થવા પામ્યા તથા જરથોસ્તી ધર્મનો અને જરથોસ્તી કોમનો ઈરાન, એશિયા, યૂરોપ તેમજ આફ્રિકામાં ચારે બાજૂએ ફેલાવો થવા લાગ્યો, અને તે એટલે સુધી કે પાદશાહ ખુસરો પરવીજના જમાનામાં જરથોસ્તી દીન અને જરથોસ્તી કોમની હકુમત લગભગ હાલના આપણા બ્રિટિશ શાહનશાહતના જેવા ઓહોળા વિસ્તારમાં આગળ વધી હતી.

વહાલા હમદીનો ! તમો જાણોછો તેમ, સાસાન્યન પાદશાહત પછી તમારા નેયાગાનો, તમારા અસલી ઈરાની વડીલો, અતિશય બુરા સંજોગો વચ્ચે, ઈસ્લામી લોકોના જુલમી દોર વચ્ચે પોતાના

બાપિકા બુલંદ મજહબને ચીવટ વળગી રહ્યા હતા, અને તેની જાળવણીને ખાતર આપણા પૂર્વજો પોતાનું વતન, ઘરબાર, માલ મિલ્કત છોડી દઈ પરદેશમાં પરધર્મીઓના આશ્રા હેઠળ આવી વસ્યા હતા અને તેઓએ દરેક પ્રકારની મુશ્કેલીઓ તથા મુસીબતો ખમી હતી. તમો તેઓની ઓલાદથી ઉતરી આવેલાઓમાં તમારા અસલ જરથોશ્તી ધર્મ તરફની દાઝનો ઝરો પૂર જોશથી વહે છે, આપણી કોમના કેળવાયલા તેમજ બીનકેળવાયલા વર્ગનો, ઉંચા તેમજ ઉતરતા વર્ગનો મોટો ભાગ પોતાની અવ્વલ જરથોશ્તી દીન તરફ ઉંડી તીક્ષણ લાગણી ધરાવે છે અને તેથી કરીને આપણને ખાતરીથી માનવાને કારણ મળે છે કે આપણી જરથોશ્તી કોમ અને એ કોમનો અસલ ધર્મ આ સરજમીન ઉપર સદા કાયમ અને આબાદ રહેશે. એ કોમ અને એ ધર્મને વગોવનારાઓ તેમની બરબાદી ઇચ્છનારાઓ પોતાની કોશેસમાં કદીબી ફાવનાર નથી.

જરથોશ્તી કોમમાં ધર્મ સંબંધી મતફેરી ઉત્પન્ન કરનારાઓ પોતાની મકસદમાં ફતેહ પામવાના તો નથીજ. તોપણ અફસોસ! કે તેઓ જરથોશ્તીઓ ઉપર હાલમાં કાંઇક અસર કરવા પામ્યા છે. કેટલાક જવાન તેમજ ઘરડા જરથોશ્તીઓ શું ઘરમાં કે શું ઘરની બાહેર, ધંધા ધાપામાં વિચિત્ર ધખારાઓની અસર બતાવતા જોવામાં આવે છે. એ ધખારા ભમાદાની તાસીર હેઠળ તેઓ વારે ઘડીએ આંખો મિચતા, આંખો આકાશ ઉપર ચઢાવી દેતા કે જમીનપર ટગર ટગર જોતા નજર પડે છે. વળી કેટલાકો તો કામધંધાને લગતી વાતચિત કરતા કરતા 'મહાત્માઓનો સંદેશો આવ્યો છે, એમ કહી એકદમ દોડી જતા કહેવાય છે. એટલુંજ નહિ પણ પોતાનાં મા બાપ, ભાઇ બેન, ધણીઆણી કે બચ્ચાં છોકરાંની યા ખુદ પોતાની તનદરોસ્તીની દરકાર ન કરતાં, સાદી સમજ કે સાદી મનશક્તિના આસામીઓને છાજે એવો સંસાર વ્યહવાર ચલાવવાને બદલે મહાત્માઓને મળવાનાં ફોકટ ફાંફાં મારવામાં પોતાનો કીમતી વખત ગુમાવતા દીઠામાં તથા સાંભળવામાં આવ્યા છે. કાંઈ મુદ્દત થઈ આપણે જોતા આવ્યા છિયે કે તેઓ રસ્તે રસ્તે, ફરવા હરવાની

જગાઓ ઉપર, કલબે કલબ, જયાં ફાવે ત્યાં અને જેમ બને તેમ પોતાનાં વેહેજાંઓ, વહેમી ફટવાઓ પુર્નજન્મનાં પિંજણો જરથોશ્તીઓનાં મગજપર ઠસાવવાની વેતરણમાંજ ફરતા ફરે છે અને આંધળા જનૂનીઓની મિસાલે પોતાનો પુર્નજન્મનો કકો ખરો કરવાની અછાંડ પછાડ કરતા રહે છે. આવો મામલો ઘણો લાંબો વખત થયો ચાલતો હતો, પણ કેટલુંક થયું તેઓએ પોતાની તદબીરો આગળ વધારેલી લાગે છે. આપણા કેટલાક જરથોશ્તી તેહેવારોને ટાંકણે તેઓ તરફથી લોકો પાસે ફી ખરચાવી જશનો તથા ખાનીપીની અને ગાણુતાન કરવામાં આવે છે અને એમ કરી બૈરાં છોકરાંઓનો મોટો મેળાવડો કરવાની તજવીજ થાય છે. એ મેળાવડા સનમુખ ભાષણો કરવાની તક લેવામાં આવે છે અને એ ભાષણો મારફતે ખુદ જરથોશ્તી ધર્મનાં સબકો તથા ફરમાનોથી ઉળટા જતા આચાર વિચારો લોકોનાં મનપર ઠસાવવાની તદબીર થાય છે, પણ સાહેબો, ખૂબ યાદ રાખજો કે થિયોસોફી કે બીજા કોઇ પારકા ધર્મના ભલતા વિચારો આપણાં જરથોશ્તી બૈરાં છોકરાંઓનાં મનમાં ઠસાવવાની મતલબે કરવામાં આવતાં જશનોથી જરથોશ્તી ધર્મ કે જરથોશ્તી કોમનો ઉદય થનાર નથી અને એવી મતલબે કરવામાં આવતાં જશનોની આગેવાની લેવાથી યા તેમાં સામેલ થવાથી સવાબ લાગવાનું નથી. આવી મતલબે કરવામાં આવતાં જશનોને ટેકો કે ઉતેજન આપવું ઘટારત નથી, માટે દરેક સાચા જરથોશ્તીની ફરજ છે કે જો કોઇ, જશનની ખાનીપીની કે ગાણાં બજાનાંની લાલચ આપી, ખુદ જરથોશ્તી દીનથી વેગલા જતા વિચારો તમારાં દિલમાં પેવસ કરવાની તદબીર રચે તો તે તદબીરને વખોડી કાઢવાનીજ હમેશાં કોશેસ કરવી. વળી પુર્નજન્મવાલા પારસીઓએ એક બીજું પગલું આગળ ભરેલું લાગે છે. તેઓએ કેટલાંક ચોપડી, ચોપાન્યાં તથા વર્તમાનપત્રોને પોતાના લાગવગ હેઠળ લીધેલાં લાગે છે અને એ ચોપડી ચોપાન્યાં તથા વર્તમાન પત્રો મારફતે પોતાના આચાર વિચારો પોતાના હમદીનોમાં ઠસાવવાની આશા રાખે છે.

થોડાક ભૂલ ભમાટામાં સપડાઈ ગયલા અપવાદો સિવાયે આપણી જરથોશ્તી કોમનો મોટો ભાગ એવા ભલતા ફતવાઓની ખુબીઓથી ધરાઈ ભરાઈ ગયો છે અને એ વિચારોનું પોકળપણુ જોઇ શકયાથી તેઓ તરફ ધિક્કાર બતાવે છે. પારસી થિયોસોફીસ્ટોના આચાર વિચારો તથા શિક્ષણો માણસને વહેમી, શકમંદ અને તેની ખરી ફરજ બજા લાવવાને અશકત તથા કમજોર બનાવે છે એ વાત ઘણી તરફથી સિદ્ધ થઇ ચુકી છે અને એજ કારણસર કેટલાક જાણીતા કેળવાયલા આસામીઓએ થિયોસોફીકલ સોસાયટી સાથનો પોતાનો સંબંધ તોડી નાખ્યો છે. ત્યારે તો શિખેલા પારસી લેખકો તથા રોજીંદાં કે અઠવાડિક વર્તમાન પત્રો તથા માસિકોના માલેકો અને અધિતિઓની આઇન ફરજ છે કે માણસને ભમાવીને આડે માર્ગે દોરવનારા એવા આચાર વિચારો, તકરારો, ફતવાઓ વગેરેને વાંચક વર્ગ આગળથી દૂર રાખવાની કોશેસ કરે અને કોઈબી રીતે જરથોશ્તી કોમને પોતાના અસલ પવિત્ર મજહબથી વેગળી જતી અટકાવવાને સાધનભૂત થઈ પડે.

પારસી થિયોસોફીસ્ટોએ કોઈક ચોપડી, ચોપાન્યાં કે વર્તમાનપત્રો ઉપરજ થોડોક કાબૂ મેળવ્યો છે એમ નથી. તેઓ વળી આપણા ટોળાના કેટલાક બાહોશ, કેળવાયલા જાણીતા આસામીઓને પણ પોતા સાથ સામેલ કરવા પામ્યા છે. પણ સાહેબો, ધ્યાન રાખજો કે બાહોશ કેળવાયલા જાણીતા પુરૂષોમાંથી થોડાક કોઇ વિચિત્ર આચાર વિચારો માન્ય કરે તો તે ઉપરથી એમ નથી ઠરતું કે તે વિચારો તથા ફતવાઓ વાજબીજ હોવા જોઇએ. કારણ કે આપણા વાંચવામાં હરદમ આવે છે તેમ સર વૉલ્ટર સ્કૉટ, દી કવીન્સી જેવા બાહોશ, ડહાપણભર્યા લખાણ કરનારાઓને પણ એક અથવા બીજી જાતના ધખારા કે ચેટક વળગે છે અને એવો કોઇ ધખારો દિલમાં પેવસ થઇને જડ ઘાલી બેસવાથી માલ મિલકત તથા તનદુરોસ્તીની ખરાબી થવા છતાં તેઓ તે ધખારા કે ચેટક છોડી દેતા નથી.

આપણા ટોળા માંહેલા કેટલાક કેળવાયલાં, આગળ વધેલા આસામીઓ એક ધર્મ નહિ પણ અનેક ધર્મો સ્વીકારતા તેમજ એક પયગામબરને નહિ પણ અનેક પયગામબરોને વખાણતા દેખાય છે, જેમ હોવાથી તેમનો હાલ "નહિ ઘરના કે નહિ ઘાટના" જેવો ડામાડોળ થઈ પડયો છે. એક ફરમાન જરથોશ્તી ધર્મમાંથી તો બીજું બૌદ્ધ ધર્મમાંથી, તો ત્રીજું હિંદુ ધર્મમાંથી તો ચોથું પોતાનું ઉપજાવી કાઢેલું, એ રીતે તેઓ પોતાના આત્માની શાંતિ માટે મન ભાવતું "મિક્ષ્ચર" બનાવવાનું પસંદ કરે છે. વળી તેટલામાં બીજું કાંઇ નવું સાંભળયું અને ભેજાંમાં આવ્યું યા વાંચ્યું કે પોતે પસંદ કીધેલું બુધિસ્ત ફરમાન જરથોશ્તી ફરમાન સાથ બંધ બેસતું નથી તો જરથોશ્તી ફરમાન ઉળટાવી નાખવાની કોશેસ કરે છે. અવસ્તા શબ્દો જેમના અર્થો તથા વ્યાકરણ આજ જમાનાઓ થયાં ઘણા બાહોશ અનુભવી વિદ્વાનોથી નક્કી થઈ ચુકયાં છે, તે અર્થ અને વ્યાકરણ પણ એક કોરે મુકવા મુકાવવાની સૂચના કરવાને વટિક તેઓ ચુકતા નથી. એવી કોશેસો કરતાં વિદ્વાનોની હાંસીમાં આવવાનો જો ભય હોય તો પછી એક બીજી સુફીઆની દલીલ રજૂ કરવાને તેઓ અચકાતા નથી. તે દલીલ એ કે આપણું ધર્મ–સાહિત્ય આખું આપણને મળયું નથી. કેટલુંક ખોવાઇ ગયું છે. અને તેમ હોવાથી આપણને માનવાને કારણ રહે છે કે તે ખોવાઈ ગયલા ભાગમાં થિયોસોફીને અનુસરતાં થઈ પડે એવાં ફરમાનોનો સમાવેશ થયલો કદાચ હોય. હવે ત્યારે "કદાચ હોય" અને "થાય" ની વાત આવી. પણ જયારે એ દલીલ સામે એવી તકરાર લાવવામાં આવે છે કે અવસ્તાનાં જે અસલ અને અવ્વલ પુસ્તકો મોજૂદ છે, તેમાંથી તેઓ જે બાબદો માગે છે તેને લગતા પુરતા ફકરાઓ મળી આવે છે અને એ ફકરાઓને મરડી મચડીને પોતાની મતલબ પ્રમાણે જુઠી રીતે ચુંથી નાખવા વગર તેમનો જબાન શનાસી એટલે ભાષા શાસ્ત્ર (Phylology) ના નિયમો પ્રમાણે તરજુમો કરિયે તો અવસ્તા જમાનાના ખુદાને લગતા તેમજ

ભવિષ્યની જિન્દગીને લગતા આચાર વિચારો તથા ખુલાસાઓ ઝાઝી મુશકેલી વગર મળી શકે છે, ત્યારે પારસી થિયોસોફીસ્ટો એક બીજી ધરખમ તકરાર એવી લાવે છે કે પાછલા જમાનામાં લખાયલાં કોઈક (પહેલવી યા ફારસી) પુસ્તકોમાં પારસી થિયોસોફીસ્ટોનાં મતને અનુસરતાં લખાણો તથા ફકરાઓ મળે છે. પણ તેઓને આપણે સીધો જવાબ આપી શકિયે કે જ્યારે અસલ અને અવ્વલ પુસ્તકોમાંથી આપણે મત બાંધી શકિયે અને ખુલાસાએ મેળવિયે ત્યારે પાછલા વખતનાં, કહો કે આજથી થોડીક સદીઓ ઉપર થયલાં લખાણોમાં કોઈ ઉલટ પાલટ ફતવાઓ કદાચ કોઇએ ઘુસાડયા હોય તો તેમને મોટું રૂપ આપીને આપણા પવિત્ર ધર્મનાં અસલ ફરમાનો માટે વસવસા તથા ગુંચવાડા ઉભા કરવામાં કાંઇપણ ફાયદો નહિ પણ ઓર નુકસાન બરપા થવાનો સંભવ રહે છે. કારણ કે એવી રીતે ગુંચવાડા ઉત્પન્ન કરવાનું પરિણામ તો માત્ર એજ આવે છે કે લોકોનાં મન ડામાડોળ થઈ જાય છે અને તેવી ડામાડોળી વચ્ચે નીતિ રીતિનો કયો માર્ગ અખત્યાર કરવો તે માટે તેઓ ચોક્કસ અનુમાન ઉપર આવી શકતાં નથી અને એવી અચોક્કસ હાલતમાં માણસો નેક કામો કરવાને અશક્ત બને છે અને અધર્મી તથા અનીતિમાન રાહ અખત્યાર કરતાં થાય છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ઉપર ઊપર જણાવ્યા પ્રમાણેના ગુંચવાડાઓ ઉત્પન્ન કરવામાં કાંઈપણ સાર નથી. સુખ શાંતિની જાળવણી માટે માણસે ધર્મ ઉપર ચુસ્ત યકીન રાખવું ઘણુંજ અવશ્યનું છે, પરંતુ, આવા ગુંચવાડાઓ ઉભા થવાથી આયંદે તે યકીન ઉઠી જાય છે.

હાલમાં ફરયાદ ઉઠી રહીછે અને તે ફરયાદ વાસ્તવિકજ છે કે કેટલાક જરથોસ્તીઓનું યકીન ડામાડોળ થઈ ગયું છે, બલકે આપણી પાક દીન ઉપરથી લગભગ ઉઠી ગયું છે, પણ તે માટે બારીકીથી તપાસ કરતાં, તેમ બનવાનાં મુખ્યમાં મુખ્ય અને મોટામાં મોટાં કારણ તરીકે પારસી થિયોસોફીસ્ટોનાં કેટલાંક

ગુમરાહી ભર્યાં સિદ્ધાંતો આપણી સામે આવીને ખડાં રહે છે. પારસી થિઓસોફીસ્ટો જરથોશ્તી દીન ઉપરનુ પોતાના હમદીનોનું યકીન વધારવાની તથા તે ઉપર તેમની આસ્થા તથા ચાહ મુસ્તકીમ બેસાડવાની કારસાજી અને કાળજી કરવાના ખોટા દાવા અને ઠાલી ધરપચનાં જુઠાં ઓઠાં હેઠળ જરથોશ્તી ધર્મથી ઉળટાં જતાં ફરમાંનો આપણા લોકનાં મન ઉપર ઠસાવવાની આજ કેટલાંક વર્ષ થયાં પેરવી કરતા રહ્યા છે. આ કારણને લીધેજ મારૂં પોતાનું મત તેમજ આપણી કોમ તથા દીનના રાસ્ત ખયરખાહોનું મત તથા અનુમાન એવું છે કે પારસી થિયોસોફીસ્ટો આપણી કોમમાં પેદા થયલા કેટલાક ચીરૂટયાઓ, મડમ્યાઓ, મસાણ્યાઓ "રેશાનેલીસ્ટો," નાસ્તિકો વગેરે અધર્મી વિચાર ધરાવનારાઓ કરતાં વધારે નુકસાન કારક નિવડયા છે. જ્યાં સુધી પારસી થિયોસોફીસ્ટોના દીનના પાયાને કમજોર કરી નાખનારા એવા બેહુદા સબકો તથા ફતવા અપાતા જારી રેહેશે, અને તેમને અટકાવવા માટે, તેમના ખોટારાંઓ ઉઘાડાં પાડી તેમને તેમના ખરા આકારમાં રજુ કરવામાં આવશે નહિ, ત્યાં સુધી એ નુકસાન આગળ વધતું રહી મોટા વિસ્તારમાં ફેલાઇ જશે. કેટલાક નાસ્તિક, અધર્મી, દીન દુશ્મન યા કોમ દુશ્મન પારસીઓથી આપણી કોમમાં સંગીન કેળવણી અને ધર્મ-જ્ઞાનની કોતાહી હોવાથી, દીનદાર જરથોશ્તીઓ સેહેલથી ભોળવાઇ યા દોરવાઇ જઈ પોતાના બાપિકા મજહબ અને કોમથી આડે માર્ગે ઉતરી પડે એવા ઘણા સંભવો રહે છે. તેટલા માટે આપણા ધર્મની બરબાદી અને આપણી કોમમાં ચાલી રહેલા બિગાડા તથા કુસંપી માટે ઉપર કહેલા નાસ્તિકો વગેરે અધર્મીઓ જેટલા જવાબદાર છે, તેમના કરતાં વધારે કેટલાક પારસી થિયોસોફિસ્ટો ઠપકા લાયક છે.

આટલું સામાન્ય વિવેચન કરવા પછી આપણને મુખ્ય કરીને જે જોવાનું છે તે એજ કે આપણી બાપિકી બુલંદ મજદયસ્ની દીનનાં કયાં મુખ્ય સિદ્ધાંતો યા ફરમાનોના બાબમાં ગેરસમજુ-

તીઓ અને ગેરરીતિઓ બરપા થઈ છે અને થતી રહે છે વધારે ખુલ્લા શબ્દોમાં કહિયે તો, ખુદા અને મરણ પછીની ભવિષ્યની જિન્દગીને લગતાં જરથોસ્તી ધર્મનાં પરા પૂર્વથી આજ દન સુધી માન્ય રહેલાં ખરાં અને અસલ સિદ્ધાંતો, પારસી થિયો-સોફીસ્ટોએ એજ બાબદોને લગતી પારકા ધર્મોને આધારે અખત્યાર કીધેલી માન્યતાથી કેટલાં વેગળાં જાય છે, કેટલાં જુદાં પડે છે, તે તપાસવાની અવ્વલ મકસદ છે.

યુરોપ અને અમેરીકાની સુધરેલી પ્રજાઓ તેમજ બુશમેન, જેવી જંગલી અભણુ જાતો ખુદાની હસ્તી તેમજ ભવિષ્યની જિન્દગીમાં માને છે. આ માનવું કાંઈ એક બે કે પાંચ પચીસ સદીનું નથી. સેંકડો જમાનાઓ અગાઉ ઈજીપશિયનો, હિંદી આર્યો તેમજ બીજા લોકો ખુદા તેમજ ભવિષ્યની જિદગીને લગતા વિચારો ધરાવતા હતા, આપણા પાક અવસ્તાના જણાવ્યા મુજબ તેજ પ્રમાણે હાલની શોધ ખોળો મુજબ સૌથી પેહેલા જમાનાનો માનવી ખુદાની હસ્તી વિષે વકુફ ધરાવતો હતો. અવસ્તા કહે છે કે ગયોમર્દ જે સૌથી પેહેલો માણુસ તે અહુર મજદની મરજી મુવાફેક વિચારતો તથા તે પ્રમાણે કામ કરતો હતો.

માનવી પ્રથમથીજ ખુદા તથા ભવિષ્યની જિન્દગી વિષે વિચાર કરતો આવ્યો છે ખરો, પણ ખુદા તેમજ ભવિષ્યની જિન્દગીનો સ્પષ્ટ, ભરૂસેદાર, ખાતરી પૂર્વક, અકલ પસંદ વિચાર જેવો અશો જરથોસ્ત પયગામબર સાહેબના ધર્મમાં મળે છે તેવો તેમની આગમજના વખતમાં જણાયલો ન હતો. આ બીના આજના પશ્ચિમ તરફના વિદ્વાનો કબૂલ રાખે છે. અશો જરથોસ્તના ખુદા તેમજ ભવિષ્યની જિન્દગીને લગતા વિચારો સીધી તથા આડકતરી રીતે યાહુદી, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મો પાલનારાઓ ઉપર ઘણી ઉંડી અસર કરવા પામ્યા છે અને તેથી કરીને દુનિયાના મોટા ભાગમાં, દુનિયાની સૌથી આગળ વધેલી કોમે

તથા પ્રજાઓમાં ખુદા અને ભવિષ્યને લગતી જિન્દગીના વિચારો જે જાએજ અને કાયમ થયા છે તે વિચારોનું મૂળ જરથોસ્તી ધર્મ છે. ચીના અને જાપાનીઝો જેવા બુધિસ્ત ધર્મમાં જન્મેલાઓ વટિક જેમ જેમ ખ્રિસ્તી મીશનરીઓ મારફતે આપણા જેવા ધાર્મિક વિચારો અખત્યાર કરતા જાય છે તેમ તેમ તેઓ સુધારા વધારામાં આગળ વધતા રહે છે.

તમો તમામ પોતાનાજ ધર્મમાં સમાયલા વિચારોનેજ મગરૂરીથી વળગી રહો તેટલા માટે આટલીજ વિગત જાણવી બસ નથી. માટે જરથોશ્તી ધર્મમાં આવેલાં ફરમાનો કેવાં છે અને પારસી થિયોસોફીસ્ટો બુધિસ્ત તથા હિંદુ ધર્મોનાં જે ફરમાનોની હિમાયત કરે છે તે ફરમાનોથી જરથોશ્તી ફરમાનો કેટલાં વેગળાં છે તે આપણને જોવું જોઈએ છે. પરંતુ, તે તપાસ આજે આપણે બારીકીથી કરી શકિયે તેમ નથી, માટે ટુંકમાં ઉપર ઉપરથી જોઈ જઈએ.

ધર્મનાં સૌથી મુખ્ય ફરમાનો ખુદાની હસ્તી, માનવીની ઉતપતિ તથા માનવીના અંતને લગતાં છે. આપણને આ ફરમાનો ઉપર આપણું ધ્યાન દોરવવાનું છે. દુનિયાની જુદી જુદી કોમોના તેમજ જુદું જુદું જ્ઞાન ધરાવનારા લોકો થોડાક અપવાદો સિવાયે માને છે કે સર્વે ચીજો ઉપર, સર્વ પ્રાણીઓ ઉપર એક શ્રેષ્ટ, સર્વો ત્તમ શક્તિ, જેને આપણે ખુદા કહિયે છિયે તે હસ્તી ભોગવતી હોવીજ જોઈએ. અને એમ છેજજ. ખુદા છે અને તે એકજ છે એ વાત આજના અને અસલના વિદ્વાનો જેવા કે પ્લેટો, એરી-સ્ટૉટલ વગેરે માનતા આવ્યા છે. વિદ્વાનમાં વિદ્વાન પુરૂષોની મિસાલેજ અભણમાં અભણ મજુર જેવો આદમી વટિક જમીન ખોદતાં ખોદતાં પોતાની કોદાળી ઉપર હાથનો ટેકો દઇ "ઓ ખુદા!" "અરે રામ!" અથવા એવાજ અર્થના કોઈ શબ્દો ઓચિંતા એકદમ બોલી ઉઠે છે. ડારવીન, હક્ષલી, બોઇરેમન્ડ તથા વીરશો જેવા નાસ્તિક અધર્મી વિચાર ધરાવનારા સિદ્ધ

પદાર્થ વિજ્ઞાનીઓ (naturalists) કુદરતના અભ્યાસીઓ વટિક નીચે ટાંકેલા વાકયો મારફતે બતાવી આપે છે કે કુદરતનાં અવલોકન તથા અભ્યાસ ઉપરથી ખુદા નથી એવાં અનુમાનપર આવવાને પુરતા પુરાવાઓ મેળવી શકતા નથી. આ તેઓના શબ્દો છે. ડારવીન જેવાથી બોલાઈ ગયું છે કે:—

"There is a certain grandeur in considering life in all its properties, as it has been given at the beginning by the Creator... ..."

અર્થ—"જિન્દગીનું તેની સઘળી તાસીરો અથવા ખાસિયતો સાથે અવલોકન કરવામાં એક ચોક્કસ પ્રકારની મહાનતા સમાયલી છે, કે જે તેને (જિન્દગીની) શરૂઆતથીજ કિર્તારે બખ્શેલી છે..........."

હક્સલી કહે છે કે:—

"Science has no means to form an opinion on the commencement of life."

અર્થ—"જિન્દગીની શરૂઆત બાબે કાંઈ મત બાંધવાને વિદ્યા કાંઈ પણ સાધાન ધરાવતી નથી."

ડુબોઈ રેમન્દ પ્રમાણે.

"The origin of life is one of the seven riddles which seem to defy experimental Science."

અર્થ—"જે સાત ભેદ ભર્યા અખ્યાણુંઓ પ્રયોગી એટલે અખતરા કરનારી વિદ્યાનો અનાદર કરતાં દેખાય છે તેઓ માહેલું એક અખ્યાણું હયાતીનું મૂળ છે."

વીરશો હિક્કલને જવાબ આપતાં લખે છે કે:—

"According to my opinion we should simply acknowledge that in reality we know nothing on the question of the connection between the organic and the inorganic world. We cannot represent a hypothesis as a certainly, a problem as an established theory."

અર્થ—"મારાં મત પ્રમાણે આપણે માત્ર એવો એકરાર કરવો જોઇએ કે ખરૂં જોતાં તો આપણે ઇંદ્રિયવાન (organic) અને જડ (inorganic) સૃષ્ટિઓ વચ્ચેના સંબધના સવાલ બાબે કાંઇપણ જાણુતા નથી. એકુ પૂર્વ સિદ્ધાંત અથવા અનુમાન (hypothesis) ને એક ખાતરી ભર્યા ખુલાસા તરીકે યા એકુ વિવાદી વિષય (problem) ને એક નકકી થયલાં સિદ્ધાંત તરીકે આપણે દર્શાવી શકિયે નહિ."

આ વાકયો ઉપરથી આટલું તો સિદ્ધ થાય છે કે નાસ્તિકપણાં તરફ ઢળતા વિધ્વાનો વટિક સીધી કે આડકતરી રીતે કબૂલ કરે છે કે ખુદા જેવી એક સર્વ શક્તિવાન હસ્તી સ્વીકારવા વગર કુદરતના તરેહવાર ભેદી બનાવોનો ખુલાસો મેળવવો અશકય છે. વળી એજ વાકયો ઉપરથી આપણુને જોવાને બની આવે છે કે આ જમાનાના પશ્ચિમ તરફના કુદરતના અભ્યાસીઓ એવું માનતા નથી કે એક ને એકજ પદાર્થ અથવા સત્વ (substance) સૃષ્ટિની દરેક વસ્તુમાં અને દરેક પ્રાણીમાં પ્રકટી નિકળે છે. તેઓ એવાં અનુમાનપર આવી શકતા નથી કે નિર્જીવ વસ્તુનું સત્વ તેજ હરેક જાનદાર ચીજનું પણ સત્વ છે. જીવ વગરની વસ્તુનું સત્વ જીવવાલી વસ્તુનાં સત્વ સાથ સંબંધ ધરાવતું નથી. એક ને એકજ સત્વ ખીલી ખીલીને તથા સુધરી સુધરીને ધીમે ધીમે જુદા જુદા ગુણો તથા આકારો પકડતું નથી. ખનીજ પદાર્થનું સત્વ વનસ્પતી પદાર્થના સત્વમાં અને વનસ્પતી પદાર્થનું સત્વ જાનવરી પદાર્થનાં સત્વમાં બદલાઈ જતું નથી. તેમજ જાનવરનું સત્વ માણુસનાં સત્વની હાલતે પુગતું નથી.

એક ને એકજ ચીજ અથવા સત્વ (substance) રફ્તે રફ્તે ઉંચે તબકકે ચઢે છે એવી "પ્રકટીકરણ" (evolution) ની તર્ક ખોટી ઠરી છે. એવી તર્કના કકડા બુકલા થઈ ગયા છે અને એ સિદ્ધાંત (theory) ચુંથાઇ પીખાઈ ગયું છે. ગઈ અરધી સદીમ ડારવીન અને હિક્કલની પ્રકટીકરણની તર્કોને ટેકો આપનારા વિધ્વાન મંડળોમાં મોટી સંખ્યામાં મળી આવતા હુતા. નજદીક ત્રણ દાયકા સુધી એ તર્ક વિધ્વાનોને એટલી તો અર્થ સૂચક, ખેચાણ કારક અને માનિતી થઈ પડી હુતી કે જો કોઈ વિદ્વાન એ તર્કની વિરૂદ્ધ હોય તો તેની હાંસી થતી. તે એકલવાયો થઈ પડતો હુતો. જયારે ડારવીન અને હિકકલ ઘણા માનિતા થઇ પડયા હુતા ત્યારે પણ તેઓ કોઈ વિરોધી વગર ખાલી ન હુતા. વિગાન્દ (Wigand) જેવા જાણીતા સિદ્ધ પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રી (naturalist) અને ફિલ્સુફે ડારવીન અને હિકકલની તર્કો સામે પુસ્તકો બહાર પાડયાં હુતાં. પણ મેં ઉપર કહ્યું તેમ એવા વિરોધીઓ અળખામણા થઈ પડતા હુતા અને તેઓને કોઈ માનતું ન હુતું. પણ ત્રણ દાયકા પછી પાસો પાછો ફરવા લાગ્યો ત્યારે વિધ્વાનો વિગાન્દને યાદ કરવા અને વખાણવા લાગ્યા તથા તેની કબર ઉપર ફુલોના હારો ચઢાવવા અને તેની યાદગીરીને પુસ્તકો અર્પણ કરવા માંડયાં. ગઈ સદીની આખેરીથી આજદિન સુધી ડારવીન તથા હિક્કલની તર્ક ખોટી તથા રદ્દ બાતેલ ગણાતી જાય છે, તે એટલે સુધી કે વિલ્સેર (Wilser) નામનો વિધ્વાન કહે છે કે જો કોઇ ડારવીનનો મત સ્વીકારે તો તે કુદરતના અભ્યાસી તરીકે ન લેખાય:—"any one who has committed himself to Darvinism can no longer be ranked as a naturalist." ડારવીન તથા હિકકલની તર્ક મરણ કાંઠે આવી છે એ વાતનો ખુદ એ તર્કને હજી વખાણનાર, હજી વળગી રહેનાર પ્રોફેસર વાગનેર (Vagner) જેવો પ્રાણી વિધ્યાનો બાં (Zoologist) પોતાની "Umschan" નામની ચોપડીના હિસ્સામાં નીચલા સુખનોમાં એકરાર કરે છે:—

"It is not to be denied that in serious professional circles the former enthusiasm has considerably decreased and a scepticism is gaining ground more and more, which betrays a widespread tendency towards revolutionising current theories. The fin de siele (i. e. the end of the century) therefore finds Darvinism not with the proud mien of a conqueror but on the defensive against new antagonists. It seems, in fact, as if Darvinism were about to enter a crisis, the outcome of which can scarcely be any longer a matter of doubt ... ... Thus it happens that a theory which was once accorded enthusiastic approval, is treated with cold disdain or vice versa"

અર્થ—"આ વાતનો ઈનકાર થઈ શકશે નહિ કે ગંભીર ધંધાદારી મંડળોમાં (એ સિદ્ધાંતો તરફનો) આગળો જુસ્સો (હાલમાં) ઘણોજ કમતી થઇ ગયો છે, અને એક પ્રકારનો સંદેહ વધુ અને વધુ પગભર થતો જાય છે, જે બીના હમણાંના ચાલુ સિદ્ધાંતોમાં ઉથલ પાથલ કરી નાખવા તરફ ઓહોળી ફેલાયલી વળાણ દેખાડી આપે છે. તેટલા માટે આ સદીની આખેરીમાં ડારવીનનું સિદ્ધાંત ફતેહમંદ ઢબમાં નહિ પણ નવા હરીફો સામે બચાવ કરતી ઢબમાં માલૂમ પડે છે. ખરેખર, ડારવીન મત ગોયા એક નવા બારીક સમયમાં દાખલ થવાનો હોય એમ દેખાય છે, જેના પરિણામ ઉપર કદાચજ શક ઉઠાવી શકાશે..........એ રીતે એવું બને છે કે એક સિદ્ધાંત જેને એક દિલસોજી ભરી પસંદગીથી વધાવી લેવામાં આવ્યું હતું તેના ઉપર નાપસંદગી ભર્યા તિરસ્કારથી ચરચા ચલાવવામાં આવે છે."

ચાલ્સ રોબીન (Charles Robin) જેવો છુટા વિચાર ધરાવનાર (freethinker) એવું મત જાહેર કરે છે કે:—

"Darvinism is a fiction, a poetical accumulation of probabilities without proof and of attractive explanations without demonstration."

અર્થ—"ડારવીન મત એક કલ્પિત બનાવટ, સાબેતી વગરની સંભવિત બીનાઓનો તથા કાંઈપણ પ્રમાણ યાને દલીલ વગરના ખેંચાણકારક ખુલાસાઓનો એક સાએરી સંગ્રહ છે."

પ્રોફેસર મોરગન (Morgan) એવાં અનુમાન ઉપર આવે છે કે:—

"Not by the widest stretch of the imagination can such a result be accounted for on the selection theory of Darvin.

અર્થ—"કલ્પનાને સૌથી ઘણુંજ બોહોળા ઉપયોગમાં લીધા પછીબી ડારવીનનાં પસંદગીનાં સિદ્ધાંતનાં આવાં પરિણામનો ખુલાસો આપી શકાય નહિ."

કાત્રફાઝ (Quatrefages) જેવો નરવંશ વિદ્વાન (ethnologist) લખે છે કે:—

"Personal conviction, mere possibility, are offered as proofs or at least as arguments in favour of the theory... ... The first thing to remark is that not one of the creatures exhibited in this (Haeckel's geological) pedigree has ever been seen, either living or in fossil. Their existance is basod entirely upon theory."

અર્થ:—"એ સિદ્ધાંતની તરફેણમાં સાબેતીઓ તરીકે અથવા કાંઈ નહિ તો દલીલો તરીકે અંગત ખાતરીને ફક્ત સંભવનેજ રજૂ કરવામાં આવે છે............એમાં પહેલી બીના

જે ધ્યાનમાં લેવાની છે તે એ છે કે (હિક્કલે જણાવેલાં ભૂશતર શાસ્ત્રને લગતા પ્રાણીઓની આ વંશાવળી અથવા નસલ માહેલું એક પણ પ્રાણી, કાં તો હયાત હોતું યા તો જમીનમાંથી મલી આવતી તારાજનીશાનમાં બદલાઇ ગયલું કદીબી દેખાયું નથી. તેઓની હસ્તી સદંતર તર્કના પાયા ઉપરજ ટેકાવેલી છે."

નામીચા સિદ્ધપદાર્થ વિજ્ઞાનીઓ (naturalist) ડુ બોઇ રેમન્ડ (Du Boie Remond) અને કાર્લ વોગટ (Carl Vogt) એવાં અનુમાન ઉપર આવે છે કે:—

" Man's pedigree drawn up by Haeckel is worth about as much as is that of Homer's heroes for critical historians."

અર્થ:—"હિકકલે દોરી કાઢેલી માણસની વંશાવલી નુકતે ચીન તવારીખ નવેશોની નજરમાં હોમરની કવિતાઓ માહેલા ખિયાલી પેહુલવાનો જેટલુંજ વજન ધરાવે છે."

This law of Bio-genesis of Haeckel which I long held as well-grounded, is absolutely and radically false" (Carl Vogt).

અર્થ—"હિકકલની જીવન ઊત્પતિનો આ કાએદો જેને હું લાંબો વખત સુધી પાયદાર સમજતો હતો, તે તો સદંતર અને મૂળ પાયાથીજ નાપાયદાર છે." (કાર્લવોગ્ત).

હિકકલના વફાદાર સાગેર્દ તરીકે ઓળખાતા જાણીતા શારીર વૈદ્ય (anatomist) ઓસ્કાર હાર્ટવીગ (Oskar Hartwig) નો અભિપ્રાય એવો છે કે:—

" The law of Biogenesis of Haeckel as a contradiction contained in it (theory) may be removed."

અર્થ:—" તે (સિદ્ધાંતમાં) વિરૂદ્ધતા તરીકે સમાયલો (હિક્ક્લનો જીવન ઊત્પતિનો કાએદો) દૂર કરી શકાય."

કુર્થરસ જેવો ભૂશાસ્ત્ર શાસ્ત્રી (geologist) કહે છે કે:—

" The complete absence of intermediate forms and the sudden and contemporaneous appearance of highly organized and widely separated groups deprive the hypothesis of Genetic evolution of any countenance from the plant record of these ancient rocks. The whole evidence is against evolution (i. e. by minute modification) and there is none for it."

અર્થ:—" ઘણાજ પ્રાચીન કાળમાં ખડકોમાં દટાઇને પથર બની ગયલાં પ્રાણીઓના એકથી બીજા આકારની વચ્ચેના મધ્ય સ્થિતિ આકારોની સદંતર ગેરહાજરી, અને ઘણીજ સરસ રીતે રચાયલા અવયવોવાળી તથા એક બીજાથી બેહદ્દ નિચલા ઘાટનાં પ્રાણીઓ તથા વનસ્પતિના ઝુમખાઓની એકાએક અને એકજ કાળમાં નજર પડતી હાજરી ઉપરથી જુદી જુદી જાતિનાં પ્રકટીકરણનું અનુમાન આ પુરાતન ખડકોમાં જળવાઈ રહેલી વનસ્પતિક નોંધનો ખરો ટેકો ખોહી બેસે છે. એ તમામ ગવાહી પ્રકટીકરણ (એટલે કે બારીક ફેરફારના કાર્ય) ની વિરૂદ્ધ ઉતરે છે અને તેની તરફેણમાં તો એકપણ ગવાહી પડતી નથી"

પ્રોફેસર જુલિયસ સાક (Julius sacks) પ્રોફેસર કોરશીન્સકી (Korschinsky) અને પ્રોફેસર હેબર લેન્ડ (Haberland) જેવા વનસ્પતિ વિધ્યાવેતાઓ (botanists) અને પ્રોફેસરો મીવરત (Mivrat) અને સ્ટાઈમેન (Steiman) જેવા પ્રાચીન પ્રાણી તથા વનસપતિક વિધ્વાનો (paleontologists) તેમજ પ્રેફેસરો ફ્લાઈશમેન, આઇમેર અને ગતે જેવા પ્રાણી વિધ્યાના ખાંઓ સઘળા ડારવીન અને હિકકલની તર્કોને જમીન દોસ્ત કરી નાખનારી દલીલો રજૂ કરે છે.

પ્રોફેસર જુલિયસ સાકનું મત એવું છે કે:—

" For more than twenty years I have recognised that if we are to build up a strictly scientific theory of organic structural processes, we must separate the doctrine of descent from Darvinism. ... ... "

અર્થ:—" વીસથી વધુ વર્ષો થયાં મેં આ વાત પિછાનીને સ્વીકારી છે કે અગર જો આપણને ઇંદ્રિય બંધારણ ક્રિયા માટેનું ચોકકસ વિદ્વતા ભર્યું સિદ્ધાંત ઉઠાવવું હોય તો આપણે ડારવીન મતમાંથી ઉત્પત્તિનું શિક્ષણ છુટું પાડવું જોઇએ."

પ્રોફેસર ફ્લેઇશમેન પ્રમાણે :—

"The descent hypothesis will meet the same fate (be cast aside), since its incompatibility with facts of ordinary observation is manifesting itself. At the time of its appearance in new form, forty years ago, it exercised a beneficial influence on scientific progress and induced a great number of capable minds to devote themselves to the study of anatomical, paleontological and evolutionary problems. Mean-while viewed in a light of constantly increasing wealth of actual materials, the hypothesis has become antiquated and the labours of its industrious advocates make it obvious to unbiased critics, that it is time to relegate it ad-acta.

" Instead of scientists having been able from year to year to produce an increasing abundance of proofs for the correctness of the doctrine of Descent, the lack of proofs and the impossibility of procuring evidence is to-day notorious "

અર્થ:—" (વનસ્પતિ, પ્રાણી તથા માનવીનાં) તોખમને લગતી તર્કોનો ફેજ પણ એવોજ (રદ્દ—બાતલ થવામાં) આવશે, કારણ કે સામાન્ય અવલોકનથી મળી આવતી બીનાઓથી જુદી

તેની વિરૂદ્ધતા જાહેર થતી જાય છે. ચાલીસ વર્ષ ઉપર એ સિદ્ધાંત નવા આકારમાં જાહેર થયું તે વેળાએ તેણે વિધ્યાના વધારા ઉપર ફાયદેમંદ અસર કીધી હતી અને તેથી બુદ્ધિમાન આસામીઓની એક મોટી સંખ્યા શરીર શાસ્ત્ર, પ્રાચીન પ્રાણી વિધ્યા તથા પ્રકટી કરણને લગતા સવાલોના અભ્યાસ પાછલ મશગુલ રેહેવાને લલચાઈ હતી. પરંતુ, હાલમાં ખરેખરાં સાધનોની હમેશાં વધતી જતી દોલતની રોશનીથી જોતાં એ સિદ્ધાંત જુનું પુરાણું થઇ પડયું છે અને તેના ઉદયોગી હિમાયતીઓની વેદનાઓ ઉપરથી અપક્ષપાત નુકતેચીનો આગળ ખુલ્લું થતું જાય છે કે હવે તેને સીધે સીધું પામીચું આપવાનો વખત આવી લાગ્યો છે.

"વિધ્વાનો, ઓલાદને લગતાં એ શિક્ષણના વાસ્તવિકપણાં માટે વર્ષો વર્ષ વધતા જતા જથ્થામાં પુરાવાઓ રજૂ કરવાને શક્તિવાન થવાને બદલે પુરાવાઓની ખૂટ અને ગવાહી મેળવવાની અશકયતા આજકાલ મશહુર થઈ પડી છે."

પ્રકટી કરણની તર્કોના તવારીખ નવેશ પ્રોફેસર ગતે (Goette) લખે છે કે:—

"There can be no doubt that since its first apperance the influence of Darwinism on men's minds has notably diminished, although the theory has not been entirely discarded, (lest) they should have to accept not merely variation according to definite laws but likewese a principle of finality and other causes lying beyond the range of scientific investigation."

અર્થ:—"હવે કાંઈ શક નથી કે ડારવીન મન પ્રથમ જાહેર થયો ત્યાર પછીથી લોકોનાં મત ઉપરની તેની અસર ખુલ્લી રીતે કમતી થઈ ગઇ છે, તો જો કે એ સિદ્ધાંતને સદંતર રદ્દ કરવામાં આવ્યું નથી (નહિ તો કે) તેઓને નકકી થયલા કાએદાઓ પ્રમાણેનો

ફેરફારજ નહિ પણ, તેજ પ્રમાણે સંપૂર્ણતાનો.કાનૂન અને વિદ્યાની પરપૂછની હદની બાહેર હોતાં બીજાં કારણો પણ સ્વીકારવાં પડે."

સ્ટાઇનમેન કહે છે કે:—

"In the light of recent research, fossil discoveries have frequently appeared less intelligible and more ambiguous than before, and in those cases in which an attempt has been made to bring the descent system into agreement with the actual facts, the incongruity between the two has become obvious.

"Regarding this point (operative causes) opinions have perhaps never been so divergent as they are to-day. The times have passed when the Darlvinian explanations were regarded with naive confidence as the alpha and omega of the doctrine of Descent. Not only are the adherents of the Darwinian ideas are divided among themselves, but ... ..."

અર્થ:—"હાલની ચાલુ શોધખોળની રોશનીમાં ખડકમાં દબાઇને બદલાઇ ગયલી પ્રાચીન કાળની વનસ્પતિ કે જાનદારોની તારાજ નીશાનોની શોધો આગળના કરતાં વધારે ઓછી સમજ પડે એવી અને વધારે ગુંચવણ ભર્યા બેવડા અર્થો ધરાવતી, વારંવાર માલૂમ પડી છે, અને જે મામલાઓમાં નસલનાં ધોરણને ખરેખરી બીનાઓ સાથે અનુસરતું કરવાને કોશેસ કરવામાં આવી છે ત્યાં એ બે વચ્ચેની વિરૂદ્ધતા ખુલ્લી દેખાઇ આવી છે.

"આ (કાર્ય કરતાં કારણોના) મુદ્દાની બાબદમાં વિદ્વાનો વચ્ચે આજે જેવી મતફેરી ચાલે છે તેવી મતફેરી કદાચ કદીપણ ચાલી નથી. તે વખત હવે વહી ગયા, કે જયારે નસલનાં સિદ્ધાંતને લગતા ડારવીનના ખુલાસાઓપર ભોળો, નિખાલસ એતબાર પૂર્ણ ભાવથી મેળવામાં આવતો. (હાલમાં તે) ડારવીનના વિચારોને

વળગી રહેનારાઓ પોત પોતા વચ્ચે વહેંચાઈ ગયા છે, એટલુંજ નહિ પણ,...............”

વિદ્વાન મીવરતના શબ્દો પ્રમાણેઃ—

“The mass of paleontological evidence is indeed against minute and gradual modification.”

અર્થ:—“પ્રાચીન પ્રાણી તથા વનસ્પતી વિધ્યાની ગવાહીઓનો સમુદાય ખરેખર, બારીક અને ધીમે ધીમે થતા ફેરફારની વિરૂદ્ધ ઉતરે છે.”

આઇમેર નામનો પ્રાણી વિધ્યાનો ઉસ્તાદ (Zoologist) માને છે કેઃ—

“Development can everywhere proceed in only a limited number of directions, because the constitution, the material composition of the body, conditions these directions and prevents variations in all directions.”

અર્થ:—“બધે બધ ખીલવણી દિશાઓની સંકોચાયલી સંખ્યામાંજ માત્ર આગળ વધી શકે, કારણ કે શરીરનો બાંધો, તેની શારીરિક રચના, આ દિસાઓને નિયમથી બાંધી લે છે અને બધી દિશાઓમાં અંતર પડતો અટકાવે છે.”

જીવજંતુ પ્રાણી વિધ્યાનો એક ઉસ્તાદ એવા ટીકા કરે છે કેઃ-

“The discovery of the Neanderthal-man dates back as far as 1856. Since then numerous papers have been published on the subject till 1901. Schwalbe raised the skull to the rank of a representative of a genius intermediate between ape and man. We cannot help admiring Schwalbe's genius who was able to add a 12 opinion to the eleven already existing with regard to the Neanderthal man who in succession was considered to be an idiot, a Enongolian, a Cossack,

an ancient German, a Du'chman, and Australian Negro, a primi ive man or a more anthropied ape, which shows that his remains belong to those dubious finds in which every body can find what he puts in them a priori. It would certainly be andacious to declare in the name of science that by such finds the missing link between man and ape has been discovered. When professor Blanco of the Geologico-paleontological Institution of Berlin gave a lecture in the 5 International Congress 1901 on the subject 'The Fossil man,' some were anxious to hear from that competant specialist some paleontological evidence in favour of the animal descent of man, especially when Blanco pur the question :—" Who was the ancestor of man ? " But the only answer was this :—'Paleontology does not say any thing about it; we do not know any ancestor of man.' "

અર્થ—"(ભૂસતર શાસ્ત્રીઓની ઘણાજ પુરાતન જમાનાની તારાજ નિશાનોની શોધ ખોળમાં) 'નિયેન્ડરથલ" નામના વર્ગનાં માનવીનાં જમીનમાં દતાઈ બદલઈ ગયલાં બદનની શોધની તારીખ છેક ૧૮૫૬ સુધી જાય છે–યાને તે શોધ છેક ૧૮૫૬ ના સાલમાં થઈ હુતી. તે વખતથી ૧૯૦૧ નાં સાલ સુધી એ વિષય ઉપર સંખ્યાબંધ પત્રો પ્રગટ કરવામાં આવ્યાં છે. શ્વાલ્બેએ તે બદનનાં માથાંની ખોપરી ઉપરથી તે માણસને વાંદર અને માનવીની વચ્ચેના એક મધ્ય સ્થિતિ રાક્ષસ અથવા જીન વર્ગના એક પ્રતિનિધિની પદ્વી મેલ્યો, તે નિયેન્ડરથલ માનવી જેને અનુક્રમે એક મૂર્ખો, એક મેંગોલેચન, એક કોઝેક, એક કદીમ જરમન, એક વલંદો, એક ઑસ્ટ્રેલ્યન હબશી, ઇન્સાનની પેદાયશની શરૂઆતનું એક આદમી અથવા તો આદમિયતની વધારે નજદીક પોહોંચેલો એક વાંદર ધારવામાં આવ્યો હુતો. તેના બાબમાં હસ્તીમાં આવી ચુકેલાં અગિયાર મતોમાં બારમું મત ઉમેરવામાં શ્વાલ્બે શક્તિવાન થયો,

હતો તે માટે આપણને તેનાં બુદ્ધિબળની તારીફ કીધા વગર ચાલતું નથી, જે ઉપરથી જણાય છે કે તે નિયેન્ડરથલ માનવીનું મુરદું તે શકમંદ શોધોને લગતું છે કે જેમાં દરેક જણ તેઓમાં જેબી, કારણમાંથી પરિણામ તરફ (.miati–અલલ ટપે) મુકે છે તે તેને મળી આવે છે. એવી શોધોથી માનવી અને વાંદર વચ્ચેની ખોવાઇ ગયલી કડી શોધી કાઢવામાં આવી છે એવું વિદ્યાને નામે જાહેર કરવામાં ખરેખર એઅદબીજ છે. જયારે બરલીનના જિયોલોજીકો—પેલિયોનટોલોજીકલ ઈન્સટીટયુશન વાલા પ્રોફેસર બ્લેન્કોએ ૧૯૦૧ ની પાંચમી ઈન્ટરનેશનલ કોનગ્રેસમાં ‘The Fossil man’ યાને “તારાજ નીશાનમાં બદલઇ ગયલું માનવી” એ વિષય ઉપર એક ભાષણ આપ્યું ત્યારે, અકસર કરીને જયારે બ્લેન્કોએ એવો સવાલ પુછયો કે “માનવી જાતનો પ્રથમ વડવો કોણ હતો?’ ત્યારે, કેટલાકો માનવીની જાનવરી નસલના સિદ્ધાંતની તરફેણમાં પ્રાચીન પ્રાણી વિધ્યાને લગતી કાંઈ ગવાહી, તે બાહોશ જાણકારથી સાંભળવાને આતુરં બની રહ્યા હતા. પરંતુ, તેનો જવાબ તો માત્ર આજ નિકળી આવ્યો કે ‘પ્રાચીન પ્રાણી વિધ્યા તે બાબે કાંઇપણ કહેતી નથી; માનવીના કોઈબી પ્રથમ વડવાને અમે જાણતા નથી.”

ડારવીનના ગોઠિયા અને ડારવીન સિદ્ધાંતની શોધના ભાગિયા મી૦ આલ્ફ્રેડ રસલ વોલેસનાં મત પ્રમાણેઃ—

“Besides natural selection another factor in the production of the world for which old fashioned philosophers have always contended is as much required as ever, namely, a designer whose mind contained all those marvels which it is the glory of science to disclose.

“Spontaneous generation is required to complete the theory of organic evolution and is indeed postulated as a logical necessity by men, distinguished evolutionists.

Yet the evidence is overwhelmingly against its occurence at the present day or in earlier times under similar conditions. Hence the suggestion of Professor S. Arrhenis that life in the germ stage may pass from planet to planet is of considerable interest ... ...

If this could be shown as possible or probable a great difficulty would be removed from the theory of evolution. ... ... "

"સૃષ્ટિની ઉત્પત્તિમાં, કુદરતની પસંદગી ઉપરાંત, જેને માટે જુના વિચારના ફિલસુફો હમેશાં લડત ચલાવતા આવ્યા છે એવા એક બીજા પેશકારની સદાકાળ એટલીજ જરૂર પડતી રહી છે; તે પેશકાર વિધ્યાએ ઉકમાઇ સાથ જાહેરમાં આણેલા તે સઘળા ચમત્કારો જેનાં મગજમાં સમાયલા હતા એવો એક યોજક (યાને ખુદા) છે.

"ઇંદ્રિયવાન પ્રકટી કરણની તર્કને સંપૂર્ણ કરવા માટે આપો આપ ઉત્પન્ન થતી પેદાયશની જરૂર છે, અને જાણીતા પ્રકટીકરણ સિદ્ધાંતીઓએ તે પેદાયશને એક મંનકી હાજત તરીકે માની લીધી છે. તોપણ એક સરખી હાલતો વચ્ચે આ જમાનામાં કે આગળા અઇયામોમાં તેનાં સંભવિતપણાં વિરૂદ્ધ તેને કુચડી નાખે એવી ગવાહી ડોળા કકડાવતી ઉભી છે. એ ઉપરથી જિન્દગી (જીવ) ગાર્ભિત સ્થિતિમાં એક ગ્રહ ઉપરથી બીજા ગ્રહ ઉપર જઈ શકે, એવી પ્રોફેસર એસ અરહેનીસની સૂચના ભારે અર્થ સૂચક છે............એમ બનવું શકય યા તો સંભવિત છે એમ જો દેખાડી આપવામાં આવે તો પ્રકટીકરણનાં સિદ્ધાંતમાંથી એક મોટી મુશ્કેલી દૂર થઈ જાય..........."

આ વિધ્વાનોનાં મત પ્રમાણે પ્રકટી કરણ (evolution) ની તર્ક ખોટી ઠરે છે. તેઓ આપણુને શિખવે છે કે પુનર્જન્મ સિદ્ધાંતના પારસી હિમાયતીઓ કહે છે તેમ એકજ ચીજ અથવા એકજ સત્વ

(substance) છેક નીચલે તબકકેથી અઠડાઇ અઠડાઇને સુધરતા સુધરતાં માનવીના તબકકાપર આવી પહોંચતી નથી. એકજ ચીજ અથવા સત્વ જુદી જુદી સ્થિતિ, જુદા જુદા આકારો તથા ગુણો ધારણ કરતી નથી. સૃષ્ટિ વચ્ચે દરેક વસ્તુમાં સુધારા, વધારા તથા ફેરફારો થાય છે. એ વાત ખરી પણ મેં આગળ જણાવ્યું તેમ એ ફેરફારો અમુક હદ સુધીજ થયા કરે છે અને તેથી આગળ વધી શકતા નથી. જયારે આજની વિધ્યા તેમજ આપણો સાદો અનુભવ અને સાદી સમજશક્તિ આ પ્રમાણે શિખવે છે ત્યારે પુનર્જન્મવાલા પારસીઓની ખુદાને લગતી તર્ક માનવાને આપણને કાંઈપણ કારણ નથી. પુનર્જન્મવાલાઓનાં શિક્ષણ પ્રમાણે ઇશ્વરનું સત્વ (substance) અનેક ભાગોમાં વહેંચાઈ ગયું છે. સત્વનાં અસંખ્ય કિરણો અથવા ચિણગારીઓ આ દુનિયાની દરેક જાતની જાનદાર તથા બેજાન વસ્તુઓમાં પ્રકટી નિકળે છે યાને દરેક ચીજમાં, દરેક ઝાડપાનમાં, દરેક પ્રાણીમાં, દરેક માણસમાં ખુદાનો એક અંશ, એક કિરણ અથવા અકેક ચિણગારી છે. ખુદાની ચિણગારીઓ જુદી જુદી શારીરિક વસ્તુઓમાં હસ્તી ભોગવે છે સૌથી નીચલા તબકકાના ખનીજ પદાર્થમાં પણ ખુદા છે અને એ નીચલા તબકકામાંથી ખુદા, એટલે ખુદાનાં સત્વની ચિણગારી પગથી દર પગથી ઉપર ચઢતાં સૌથી ઉંચા માનવી તબકકા ઉપર આવી લાગે છે. આપણે ઉપર જોઈ ગયા તેમ વિધ્યા આપણને માનવાને કારણ આપતી નથી કે કોઇએક તબક્કા ઉપરની પદાર્થનું સત્વ કોઇ બીજા તબક્કા ઉપરના પદાર્થના સત્વમાં બદલાઈ જાય છે. ખુદા હમેશનો સર્વ શક્તિવાન, સદા વૃદ્ધિનો ઇચ્છનાર, વૃદ્ધિ કરનાર, તે ખુદા પોતેજ પોતાના કોઇબી અંશ અથવા સત્વને સૌથી નીચલા ખનીજ પદાર્થને તબકકે ઉતારી પાડે, તેને અથડામણ તથા ગુંચવણમાં નાખે અને પાછો તેને સૌથી ઉંચે તબકકે ચઢવાના ફાંફાંમાં નાખવાને પસંદ કરે એ માનવું અકલથી ઘણું દૂર છે. એક આખા, અખંડ, જીવતા, જાગતા, જ્ઞાની, કાર્ય સાધક, કામ કરતા ખાણસનું

જેવું વર્ણન આપિયે તેમ ખુદાને એક ગમથી સર્વ શક્તિવાન, નેક, ઇન્સાફી, માયાળુ, દયાળુ, રાસ્ત, જીવતો, જાગતો, જાણતો, મહાજ્ઞાની, અખંડ હસ્તી ધરાવતો વર્ણવવો અને બીજી ગમથી માનવું તથા કહેવું કે ખુદા ઝીણીઝીણી રજકણો અથવા ચિણગારીઓમાં વહેંચાઈ ગયલો છે એ કેટલું બેહુદું છે? કોઈબી ચીજ એકકી વખતે અખંડ અને ભાગેલી કેમ હોય અને કેમ કહેવાય? એક લાકડાંની ટેબલના ટુકડે ટુકડા થવા છતાં અને તે ટુકડાઓ જુદી જુદી ગમ વિખરાઈ જવા છતાં તેજ ટેબલ હજી આખી અખંડ ટેબલ હોય તેમ તેને શી રીતે વર્ણવી શકાય? તેજ પ્રમાણે ખુદાનું સત્વ ભાંગી તૂટીને ઝીણીઝીણી રજકણો અથવા ચિણગારીઓમાં વહેંચાઈ જવા છતાં તેને એકજ અખંડ ખુદાનાં સત્વ તરીકેના તેના અખંડ ગુણો કેમ લાગુ પાડી શકાય? વળી જેમ એક તદન ભાંગીને ટુકડા થઈ ગયલી ટેબલ એક આખી ટેબલની મિસાલે, ઉપયોગી, કાર્યસાધક કામ બજાવી ન શકે તેમ આપણે માની શકિયે કે ખુદાનું સત્વ ચિણગારીઓમાં વહેંચાઈ જવા પછી ખુદાના આખાં અખંડ સત્વની મિસાલે કાર્ય સાધક કામ બજાવી ન શકે; અને જો એકબારગી માનિયે કે ખુદાનું સત્વ સર્વ શક્તિવાન હોવાને સબબે ચિણગારીઓમાં વહેંચાઇ જવા છતાં એક અખંડ ખુદાનીજ પેઠે સર્વે કામો કાર્ય-સાધક રીતે કરી શકતું હોય તો તેની ઝીણી ઝીણી રજકણો કે ચિણગારીઓ જુદા જુદા પદાર્થોમાં દાખલ થવા પછીબી પોતાના અસલ સદગુણો ગુમાવી દેતી નહિ હોવી જોઇએ. જ્યાં સુધી એક ચીજને લાકડું કહિયે અને તેને લાકડાં તરીકે ગણિયે ત્યાં સુધી તે લાકડાંના મુખ્ય ગુણો તો બતાવતું હોવુંજ જોઈએ; પછી તે લાકડું એક મોટો ભારવટિયો યા એક નાનું સરખું છોડિયું હોય, એક ટેબલના આકારમાં હોય યા એક ખુરસીનાં રૂપમાં હોય. તેજ પ્રમાણે એક જાનવર અથવા માણસ જ્યાં સુધી પોતાના મુખ્ય ગુણો ધરાવતું હોય ત્યાં સુધીજ આપણે તેને એક જાનવર અથવા માણસ તરીકે પિછાની કે બોલી શકિયે. હવે ખુદાને માનનારાં

સર્વે લોકો કબૂલ કરે છે કે તે સાહેબ સર્વ શક્તિવાન ભલામાં ભલો છે. હવે જો ખુદાના આ મુખ્ય ગુણો હોય તો તે ગુણો તેની દરેક રજકણ દરેક .ચિણગારીમાં વધતે ઓછે દરજ્જે હોવાજ જોઈએ. અલબત્તાં, એ સારા ગુણોથી તદન ઉળટા ગુણો તો હોવાજ ન જોઈએ. ખુદાની દરેક ચિણગારી ભલાઈ, માયા, તથા દયાના ગુણો ધરાવતી રહેવી જોઇએ. હવે પુનર્જન્મ સિદ્ધાંત સ્વીકારનારા પારસીઓ સમજાવે છે કે માણસમાં ખુદા, ખુદાનું સત્વ છે. હવે જો માણસનો આત્મા તે ખુદાનુંજ સત્વ હોય અને વળી માણસમાં માનવી સત્વ તરીકે ભાગ બજાવતું હોય તો પછી માનવીમાં ઘાતકીપણુ, લુચ્ચાઈ, ઠગાઇ વગેરે ખુદાથી ઉળટા જતા દુષ્ટ ગુણો હોઈ કેમ શકે અને કયાંથી આવે ? આપણે માણસમાં કેટલીક વેળાએ ઘાતકી પણું, ઠગાઈ, લુચ્ચાઇ વગેરે દુર્ગણો જોઈએ છિયે. હવે માણસનું સત્વ તે માણસના આચાર વિચારો, સુખુનો તથા કામોનું મૂળ છે અને જો એ સત્વ ખુદાનુંજ સત્વ હોય તો ખુદા ઘાતકીપણું, ઠગાઈ, લુચ્ચાઈ વગેરે કરતો હોય એમ ગણાય. માણસ કાંઈબી બુરૂં કામ કરે તો તે માટે તે પોતાની અંદરનાં ખુદાનાં સત્વને આભારી છે એમ કહેવાય. ખુદા પોતે પોતાની ચિણગારી મારફતે માનવીમાં બુરાઈ ઉપજ્ઞ કરે છે એમ માની શકાય. આ પ્રમાણે પુનર્જન્મ માનનારા પારસીઓનો ખુદાને લગતો ખિયાલ કેટલો ગુચવણમાં નાખનારો, ખુદાને માટે કેટલો હલકો ખિયાલ ઉસ્કેરનારો અને બુરા લોકોને પોતાને માથેથી તેમની જોખમદારી ઓગાળી નાખવા માટે કેટલું સેહેલ કારણ આપનારો છે તે સમજવું મુશ્કેલ નથી. પારસી થિયોસોફીસ્ટોના ખુદાને માટેના બુધિસ્ટ કે હિંદુશાસ્ત્રોમાંથી લીધેલા આવા ફૃતવાઓથી માણસ ગુંચવાડામાં પડે, પોતાને બીનજોખમદાર ઠેરવે, બેપરવા થાય અને અધર્મી કે અનીતિમાન જિન્દગી તરફ ઘસડાય તેમાં કાંઈ શક નથી.

એથી ઉળટીજ અસર અશો જરથોશ્ત અને તેમના સાગેર્દોએ જાહેર કીધેલા અહુર-મજદને લગતા વિચારોથી માણસ જાત

ઉપર થવા પામી છે. એ વિચારો કોઇબી રીતે ગુંચવાડા, ઘોંટાળા કે શકમંદી ઉમન્ન કરતા નથી. પણ માણુસની સાદી સમજમાં ઉતરી શકે, કુદરતને લગતા માણુસના પોતાના અવલોકન અભ્યાસનો, વિદ્યા હુનરનો અને જ્ઞાનનો ટેકો મેળવી શકે અને તેનાં યકીન તથા એતેકાદમાં સુધારો-વધારો કરી શકે એવા વિચારો જરથોશ્તી ધર્મ દર્શાવે છે. જરથોશ્તી દીન શિખવે છે કે ખુદા જેને આપણે અહુર-મજદ કહિયે છિયે તે સર્વથી પેહેલો (પઓઉરૂયો), સ્વતઃસિદ્ધ (અહુર=self-existent), આપઅખત્યાર (વસોખ્શથ્રો=absolute, ruling according to His own will) અનંત હસ્તી ભોગવનાર (યવએજયો=eternal) છે. તે ખાલેક સર્વજ્ઞ (મજદા=omnicient), સૌથી સરસ મનશક્તિ (વહિશ્તેમ-મનો=best mind), ઉત્તમ સચ્ચાઇ અથવા નિયમ (વહિશ્તેમ અષેમ=best truth, order, law), ઉત્તમ શક્તિ અથવા સત્તા (ખ્શથ્ર વઈર્ય=having best power) ધરાવનાર છે. અહુર-મજદ હમેશાં એકજ સરખી હાલતમાં રહે છે એટલે કે તે સાહેબ વધતો યા ઘટતો નથી; તેનામાં કોઈબી રીતનો ફેરફાર થતો નથી (નૂરેમ્‌ચીત્‌ હાંમો=always the same). અહુર મજદ અશારીરિક અથવા નિરાકાર (અવતનુયો=incorporal) છે એટલે કે અહુર-મજદ હમેશાં અણદીઠ મીનોઈ હાલતમાંજ હસ્તી ગુજારે છે. અવસ્તાના જણાવ્યા પ્રમાણે પારસી થિયોસોફીસ્ટો કહે છે તેમ અહુર-મજદ સૌથી નીચે તબકકે ઉતરી પડી અકડામનમાં હાડમાર થઈ થઈને ખનીજ પદાર્થની પંકતીએથી ચઢતો ચઢતો, ધીમે ધીમે માણુસના આત્માની પંકતીએ પુગતો નથી. જરથોશ્તી ધર્મ પ્રમાણે, ઉંચે તબકકેથી નીચે તબકકે અને પાછો નીચે તબકકેથી ઉંચે તબકકે ઉતર ચઢ અને ચઢ ઉતરનાં ફાંફાં મારવાની અશો અહુર-મજદને કશી જરૂર નથી. અશો અહુર-મજદ સર્વ ઠેકાણે હાજર છે. અવસ્તાના એક ફકરા પ્રમાણે જેટલો માણુસનો કાન તેનાં નાકની નજદીક છે તેટલો અહુર-મજદ માનસના વિચારો, સુખુનો અને કામોની નજદીક છે. મતલબ કે

અહુર-મજદ માણુસની ઘણોજ નજદીક છે. પણ અવસ્તા કલામ આપણને એમ સમજાવતા નથી કે અહુર-મજદ અથવા અહુર-મજદનું ખુદ સત્વ માણુસનું સત્વ અથવા મધ્ય બિંદુ છે. યાને તે દાદાર માનવીના શરીર સાથે ગુંથાયલો ગુંચવાયલો છે. અવસ્તા ખુલ્લી રીતે જાહેર કરે છે કે અશો અહુર-મજદ સર્વેનો પેદા કરનાર (દાતર=Creator), નિભાવનાર (થાતર=nourisher) અને રક્ષણ કર્તા (પાતર=protector) છે. આ રીતે ત્યારે અવસ્તા ધર્મમાં અહુર-મજદને સૃષ્ટિની દરેક ચીજની બાહેર અલગ, એક સરખી, સર્વોત્તમ, સંપૂર્ણ હમેશગીની જીવતી, જાગૃત, મીનોઇ હસ્તી ગુજારનાર તરીકે ચિતારેલો છે; અને એ વર્ણનને માણુસની સાધારન સમજ શકિત તેમજ કુદરત સારી ગવાહી આપે છે અને અહુર-મજદની હસ્તી તથા ગુણો ઉપર આપણું યકીન મુસ્તકીમ કરે છે.

માણુસની સાધારણ મનશક્તિ કહે છે કે કાંઈબી (something) હમેશગીની હસ્તી પામેલું હોવુંજ જોઇએ. કારણ કે જો કાંઇબી હમેશગીની હસ્તી પામેલું ન હતે તો બધેબધ નિસ્તી (nothingness) બિંદુ, સૂન્યજ પ્રસરી રહેલું હતે. પણ જો પેહેલા ઘડથીજ નિસ્તી ચાલુ રહેલી હતે તો કોઇબી જમાનામાં કોઇબી હસ્તી થવા પામતેજ નહિ અને નિસ્તીજ (nothingness) હમેશ સુધી જારી રહી હતે. આપણી સાદી સમજ શકિત કહે છે કે નિસ્તી અને હસ્તી એક બીજાની વિરૂદ્ધ છે, તે એટલે સુધી કે જયાં હસ્તી ત્યાં નિસ્તી હોય નહિ, અને જયાં નિસ્તી ત્યાં હસ્તી કોઈબી કાળે આવવા પામે નહિ એટલે કે નિસ્તી અને નિસ્તીજ એકલી રહે. હવે આપણી આસપાસ સૃષ્ટિમાં આપણે અસંખ્ય ચીજો હસ્તી પામેલી જોઈએ છિયે ત્યારે આપણને વિચાર આવે છે કે નિસ્તી તો કોઈબી કાળે આવેલી ન જોઈએ પણ તેથી ઉલટું કોઇબી ચીજની હસ્તીજ હોવી જોઈએ, અને એમ હમેશનુંજ જારી રહેવું જોઈએ કારણ કે કોઈબી વખતે નિસ્તી હતે તો પોતાના હરીફ યાને હસ્તીને કદી આવવા દેતેજ નહિ અને પોતેજ (nothingness) સદા કાળ જારી રેહેતે. હવે જો કોઈબી

ચીજ સપર પેહેલી યા પેહેલે ઘડથીજ હસ્તી ભોગવતી હોય તો તે પોતે જાતેજ હસ્તીમાં આવેલી હોવી જોઇએ;• અને તે પોતે જાતે હસ્તીમાં આવેલી અને પોતેજ પેહેલ વેહેલી અને બીજું કાંઇજ નહિ ત્યારે તો તે પોતાના નિભાવને માટે પોતાનેજ આધારે રહેલી હોવી જોઈએ. હવે જો પોતે જાતે હસ્તીમાં આવી પોતાનો નિભાવ પોતે જાતેજ કરી શકે અને કોઇને આધારે નહિજ રહે તો તે પોતે સંપૂર્ણ અને સર્વ શકિતઓ ધરાવતી હોવી જોઈએ. હવે જે ચીજ સંપૂર્ણ અને સર્વ શકિતવાન તે સ્વત્વ એટલે પોતા પણું (personality) પણ ધરાવતી હોવીજ જોઇએ. એમ હોવાથી તે વિચાર શકિત, ઈચ્છા શકિત, સ્વભાન (self-consciousness), કાર્યો કરવાની શકિત, આપખુદ સાહેબી ભોગવવાની શકિત વગેરે શકિતઓ ધરાવતી હોવી જોઇએ. એ રીતે માણસની સમજ શકિત સપર પેહેલી હસ્તી ધરાવનાર જે ખુદા તેને માટે અભિપ્રાય બાંધે છે. એ અભિપ્રાયને કુદરત ટેકો આપે છે.

સૃષ્ટિ માહેલા વાયુરૂપ, (aerial-હવાઈ), પ્રવાહી, (liquid), વનસ્પતી તથા ખનીજ પદાર્થ તેમજ શું જાનવર કે શું માણસ જેવાં સૌથી ઉંચે દરજજેનાં પ્રાણીને વટિક પોતાના જન્મ, મરણ, વધ-ઘટ, અને પાળણ-પોષણ માટે કેટલેક દરજજે પોતાની ઉપર તથા એક મેક ઉપર પણ મુખ્ય કરીને આ હાડમંદ જેહાનથી અલગ, એવી કોઇ બાહેરની ચીજ અથવા શકિત ઉપર આધાર રાખવો પડે છે. સૃષ્ટિની જુદી જુદી વસ્તુઓ વચ્ચે સઘળી રચના, એવા તો નાજુક અને બારીક અનુક્રમ તથા સમતોલ પણાં સાથ સલામત જળવાયલી જોવામાં આવે છે કે આપણાથી માન્યા વગર રેહેવાતું નથી કે એવી નાજુક ગોઠવણ, એવું નાજુક સમતોલ પણું આ જેહાન બલકે તમામ સૃષ્ટિથી અલગ રહેલો કોઈ ત્રાહિત ધણીજ રાખી શકે. વળી આ રચના તથા સમતોલ પણું જાળવવા માટેના નિયમો એકમેક સાથ એટલી તો બારીકીથી ગુંથાયલા તથા વિંટળાયલા છે કે આપણી ખાતરી થાય છે કે એવા એકમેક સાથ ગુંથાઈ ગયલા તથા બંધ બેસતા નિયમો કોઇ એકજ ધણીએ

સઘળા બારીકમાં બારીક સંજોગો ધ્યાનમાં રાખી રચેલા હોવા જોઈએ. સૃષ્ટિમાં જેમ અસંખ્ય નિયમો છે તેમ અસંખ્ય દેખાવો પણ નજરે પડે છે. એ સઘળા સુંદર, શોભાયમાન અને ખુબસૂરત કુદરતી દેખાવોને વિદ્વાનો વખાણે છે. એ દેખાવોથી તેઓનાં મન ઉપર ઉંડી અસર થવા પામે છે અને તેઓને આનંદ ઉપજે છે. જ્યારે એ સુંદર, દિલ-કશ કુદ્રતી દેખાવોને વિદ્વાનો મોટી મુશ્કેલીથી પિછાની શકે છે, જ્યારે એ દેખાવોની સમજ મેળવવી વિધ્વાનોને પણ કઠણ પડે છે ત્યારે એવા દેખાવોનો રચનાર વિદ્વાનોનો વિદ્વાન હોવોજ જોઇએ. સમજો કે કોઇ દૂરના એકલા અટુલા ટાપુ ઉપર તમને એક કાગજ મળી આવે અને તે ઉપાડી તમે જુઓ અને તમને માલૂમ પડે કે તે ઉપર કાંઇ લખાણ થયલું છે અને તે લખાણ કાંઇ વિદ્વત્તા ભર્યું જણાય તો તુરતજ તમને ખિયાલ આવશે કે તે લખાણ કોઇ બુદ્ધિવાન વિચાર શકિતવાલા ધણીએ લખેલું હોવું જોઇએ; કારણ કે એ કાગજ વાંચવા માટે કેટલીક બુદ્ધિ વાપરવી પડે તો કાગજ લખવામાં વધારે મનશકિત વપરાયલી હોવી જોઇએ. હવે આપણી પૃથ્વીની સપાટી ઉપર જે જે દેખાવ રૂપી લખાણો આપણે જોઈએ છિયે તે લખાણો વિદ્વાનો પણ ફકત મોટી મુશ્કેલીથી ઉકલાવી શકે છે. જ્યારે સ્રિષ્ટનાં લખાણો ઉકલાવવા માટે ઉંચી વિધ્વત્તાની જરૂર છે તો તે લખાણો લખવામાં કેટલી વિધ્વત્તા, કેટલું ડહાપણ કેટલી હુશિયારી હોવી જોઇએ ? અને તે લખનાર કેટલો વધારે બુદ્ધિવાન અકલમંદ અને વિદ્વાન હોવો જોઇએ ? અલબત્તાં તેની મન શકિત તો અપારજ હોવી જોઈએ.

આ શારીરિક પૃથ્વીમાં તો એવું કોઈને માલૂમ પડતું નથી કે કોઈબી શારીરિક વસ્તુ એવી સંપૂર્ણ, અણુહદ શકિત ધરાવી શકે અને બીજાના આધાર વગર આપખુદ હસ્તી ભોગવી શકે. માણુસમાં આત્મા છે ખરો, મન શકિત, ઈચ્છા શકિત છે ખરી, પણ તે હદ વગરની નથી. માણુસનો આત્મા કેટલીક વાતે શરીર સાથ સંબંધ ધરાવે છે અને તેથી કરીને કેટલેક દરજજે શરીર

ઉપર આધાર રાખતો હોવાથી તે સંકોચાયલો છે. ઉપર કહ્યું તેમ ખુદા કોઇબી રીતે સંકોચાયલો નથી. તે કોઇને બી આધારે નથી કે કોઇનીબી અસર હેઠળ નથી અને તેટલા માટે શારીરિક વસ્તુ-એોમાં તે હોવો ન જોઇએ. ખુદા અથવા ખુદાનું સત્વ માણસનાં શરીરમાં ગુંથાયલું-ગુંચવાયલું રહે છે એવી પુનર્જન્મવાલા પારસી થિયોસોફીસ્ટોની તર્ક આ પ્રમાણે ખોટી ઠરે છે અને અવસ્તામાં આપેલો ખુદાને લગતો ખિયાલ અકલપસંદ તથા કુદ્રત ઉપરથી મળતા સબકોને બંધબેસતો છે.

ખુદાને લગતો જરથોસ્તી વિચાર જાણવા પછી ભવિષ્યની જિન્દગી બાબે અવસ્તા શું અભિપ્રાય દર્શાવે છે તે આપણે જોઇએ. દરેકે દરેક ધર્મ ખુદા વિષે તેમજ મરણ પછીની ભવિષ્યની જિન્દગી વિષે શિક્ષણ આપે છે. જે મિસાલે માણસ જાત ખુદા વિષે અવ્વલથી આજદન સુધી વિચાર ચલાવતી આવી છે, તેજ મિસાલે માણસની પેદાયશની શરૂઆતથી દરેક માણસનાં મનમાં ભવિષ્યની જિન્દગી બાબે વિચાર ઉત્પન્ન થતો આવ્યો છે. દરેક જમાનામાં, દરેક જગાએ, દરેક જ્ઞાતના, દરેક ટોળાના, દરેક વર્ગના, દરેક ધંધાના માણસને પોતાનો અંત કેવો આવશે તે જાણવાની ઇંતેજારી રહેતી આવી છે. પોતાની હસ્તી નાબૂદ થાય નહિ પણ સદાકાળ જારી રહે એવી કુદરતી ઇચ્છા દરેક માણસમાં રહે છે. આ સર્વવ્યાપક ઇચ્છા જે ખુદાએ માનવીમાં મુકી છે તે કાંઈ તેને માત્ર ખોટી રીતે હુંફાવવા તો નહિજ હોય. તે રાસ્ત, ઇન્સાફી, ભલા સાહેબે, તે ઇચ્છા બર આવતી હોવાથીજ માણસમાં મુકેલી હોવી જોઈએ. વળી કુદ્રત પણ પુરાવો આપે છે કે માણ-સનો આત્મા નાશ પામતો નથી. સૃષ્ટિ વચ્ચે કોઈબી ચીજ, કોઈબી પદાર્થ સંદતર નાશ પામે છે એવું કોઇએ જોયું નથી અને કોઈબી વિદ્વાન પુરવાર કરી શકયો નથી. હવાઈ, પ્રવાહી કે ખનીજ પદાર્થની ઝીણામાં ઝીણી રજકણ વટિક બિલકુલ્લ નાશ પામતી નથી. હવે જો હલકામાં હલકો પદાર્થ જો નાશ ન પામે તો પછી દુનિયામાં ઉંચામાં ઉંચી ચીજ જે માનવીનો આત્મા તે નાશ

પામે એમ માનવું સરતાપા બેહુદું તથા અકલથી તદન દૂર છે. માનવીનો આત્મા કાંઇ શારીરિક પદાર્થ નથી કે શારીરિક પદાર્થમાં નિપજેલો નથી. પણ તે તો શારીરિક પદાર્થથી તદન જુદાજ પ્રકારનો બિલ્કુલ્લ મીનોઇ મૂળમાંથી ઉત્પન્ન થયલો છે. બીજા શબ્દોમાં કહિયે તો માણુસનું રવાન યાને આત્મા ગેતી નહિ પણ મીનોઈ પેદાયશ છે. એ બીના પુરતી સાબેતીઓ સહિત પુરવાર થઇ ચુકી છે, જે પુરવારી આગળ નાસ્તિક મત ધરાવનારાઓ ટકી શકતા નથી. આત્મા, એ ગેતી નહિ પણ મીનોઇ અણદીઠ શકિત છે. રવાન અથવા આત્માને આપણે જોઈ શકતા નથી પણ જે જે અસરો તે ઉત્પન્ન કરે છે, તે તે અસરોનાં કારણો તપાસતાં આત્માની ખાસિયત તથા ઉત્પતિનો વિચાર કરી શકાય છે.

આપણી બરહક્ક જરથોસ્તી દીન પ્રમાણે માણુસનો આત્મા ખુદા નથી, કે ખુદાનો એક ભાગ યા અંશ નથી. પણ માણુસનો આત્મા અશો અહુર-મજદે પેદા કીધેલી મીનોઈ શકિત છે જે શકિત ગેતી બદનમાં કેટલી મુદ્દત સુધી રહયા બાદ તે બદન છોડી જાય છે. આદમીનું રવાન ગેતી બદન છોડયા પછી જાવેદાનની અણદીઠ મીનોઇ જિન્દગી ભોગવતું થાય છે. તે રવાન આ જેહાંનમાં ફરી ફરીથી આવીને નવાં નવાં યા તો તેને તેજ શરીરો ધારણ કરતું નથી. મીનોઈ રવાને એક વાર નીચલો તબકકો પસાર કીધો કે તે તબકકો પાછું ઉતરવાને ખાહેશ રાખતું નથી. આ હાડમંદ ગેતી બદનની અસર હેઠળ વધતે ઓછે દરજજે શરીરને આધારે રહેવા કરતાં તેની મીનોઇ ખાસિયતોને વધારે લાયક રીતે બંધ બેસતી મીનોઇ જિન્દગીના ઉંચા તબકકામાં ગેતી અસરોથી તદન નિરાળી હાલત વચ્ચે જાથુકનું મકાન કરવાને રવાન વધારે પસંદ કરે છે. પાક દાદાર અહુર-મજદના વૃદ્ધિના નિયમ તરફ જોતાં તેમજ બનવું જોઇએ. એક તબકકો પસાર કરીને આગળજ વધવું જોઇએ.

જરથોસ્તી ધર્મ પ્રમાણે આ ગેતી બદન છોડી જવા પછી રવાન બીજી યાને મીનોઈ જેહાનમાં પણ હયાત, જાગૃત અને

પુર હુશિયારીમાં રહે છે. તેની લાગણી, ચેતમશકિત, જીવનશકિત, મનશકિત, ઇચ્છાશકતિ સુખ દુઃખ ભોગવવાની શકિત, ખરૂં ખોટું પિછાનવાની શકિત, યાદદાસ્ત શકિત, ખીલવાની અથવા વૃદ્ધિ પામવાની શકિત વગેરે સઘળી શકિતઓ રવાન સાથે મીનોઈ જેહાનમાં કાયમ રહે છે અને તેમ થવુંજ જોઇએ. જયાં આત્મા ત્યાં તેની સઘળી શકિતઓ હોવીજ જોઇએ. અકસર કરીને હમેશ એમ બનતું રહે છે કે જયારે આત્મા શરીરમાં હોય ત્યારે શરીરને લાગુ પડતાં તરેહવાર દુઃખ દર્દોથી યા ચિંતા, બળાપો, કીનો, કપટ, બદ-ગુમાની જેવી મનને લાગુ પડતી અનેક બીમારીઓથી આત્માની વિચાર શકિત યા યાદદાશ્ત શકિત કે એવીજ બીજી શકિતઓ મંદ અથવા સુસ્ત થવા પામે છે યા તો બાજે વખ્ત નહિ જેવી થઇ જાય છે. પણ એક વાર તેવું કોઈ શારીરિક દુઃખદર્દ મટી ગયું યા તેવી કોઈ માન્સિક બીમારી દફે થઇ ગઇ યાને બદનની અસરમાંથી રવાન છુટી ગયું તો તેની શકિતઓ સંકોચાયલી રહેતી નથી પણ ઓર તે શકિતઓ પોત પોતાનાં કામો સંપૂર્ણ રીતે પાછી બજાવતી થાય છે. એ ઉપરથી આપણને અનુમાન કરવાને કારણ મળે છે કે માણસ મરણ પામતાં તેનો આત્મા તેનાં શરીરથી અને શરીરની અસરોથી આજાદ થઈને તમામ ગેતી (material) સંબંધોથી તદન નિરાળો થાય ત્યારે તો તેની સઘળી શક્તિઓ વધારે દુરૂસ્ત અને ચપળ હાલતમાં આવવીજ જોઈએ.

જરથોસ્તી ધર્મમાં જાહેર કરવા પ્રમાણે રવાન બદનથી છુટું પડવા પછી,—તેને નેમેલે વખ્તે યાને ચેહારૂમની બામદાદે,—બીજી યાને મીનોઈ જેહાનમાં દાખલ થતાંને વાર આર્શતાત, રશ્નુ રાસ્ત, મેહર તથા સરોશ ઇજદોને જુએ છે. તેની નજરે, અશોઈ, રાસ્તી, ઇન્સાફ, ખુદા અને કુદરતના નિયમો તરફની તાબેદારીને લગતા વિચારો ખુલ્લા પડે છે, તે રવાને પોતાની આંગળી ગેતી જિન્દગી દરમિયાન બજાવેલાં સઘળાં કામો તેની સામે આવી ઉભેલાં દેખાય

છે, તેનું દિલ યાને અંતઃકરણ તેની આગળ ખુલ્લુ દેખાવ દેછે, જેમાં, કયાં કામો તેણે તે અંતઃકરણનાં સૂચવવા પ્રમાણે કીધાં હતાં, કયાં કામો તે અંતઃકરણના પોકારને દાબી દઇ તેની વિરૂદ્ધ તેણે કર્યાં હતાં, તે તે જોઇ શકે છે. તેણે પોતાની ગેતી જિન્દગીમાં અંતઃકરણે ફરમાવ્યા મુજબ બજાવેલાં રાસ્ત, ઇન્સાફી, નેક કામો તે રવાનને ખુબસૂરત તથા ખુશનુમા લાગે છે અને તેથી તેનું મન શાંતિ, સુખ તથા આનંદ પામે છે અને તેવી શાંતિ, સુખ તથા ખુશહાલી વચ્ચે અથવા તેઓ મારફતે તે આગળ વધે છે અને વધારે અને વધારે ખીલતુ રહે છે. એ પ્રમાણે પુરતી વૃદ્ધિએ પુગી અશો અહુર-મજદને સંપૂર્ણ રીતે તે જોઈ શકે છે, યાને, તે સાહેબ માટે સંપૂર્ણ ખિયાલ, સંપૂર્ણ વિચાર બાંધી શકે છે, અને એ રીતે તે ખાલેકનો સંપૂર્ણ ખરો ખિયાલ તથા વિચાર મેળવ્યાથી પોતાની આખેરી નેમ બર આવેલી સમજી તે રવાન પુરેપુરો સંતોષ તથા ખુશવકતી સદાકાળ ભોગવતુ થાય છે. આવી ખુશવકતી ગરોથમાનમાં મળે છે જેને અવસ્તામાં ગરોન્માન કહ્યું છે. ગરોન્માનનો અર્થ ગાયનનું, રંગરાગનુ ઘર જ્યાં અશો અહુરમજદ અને અશો રવાનો નજરે પડવાથી તે રવાન ખુશ ખુશહાલીમાં આવી જઈ તેમની સ્તુતિનાં ગાયન ગાય છે. પવિત્ર ગાથાવાણી પ્રમાણે ગરોથમાન બહેસ્ત "વહિશ્તેમ મનો" યાને મનની સૌથી સરસ હાલતમાં સમાયલુ છે, અને મનને સૌથી સરસ હાલતમાં પુગાડવાનો માર્ગ "અષ" છે. અશોઈ અથવા રાસ્તીના બદલામાં મનની સૌથી સરસ હાલત હાંસલ થાય છે. "અષાઉને વહિશ્તેમ મનો અંઘહુશ અચિશ્તો દ્રેગવતાંમ,"—અર્થ "અશોને માટે સૌથી સરસ મનની હાલત અને બુરા પાપીને માટે સૌથી ખરાબ જિન્દગી છે" (ગાથા. હા. ૩૦. ફ. ૪).

એથી ઉલટું, જે આદમીએ અંતઃકરણના પોકારથી અને દીનના ફરમાનોની વિરૂદ્ધ જે જે કામો પોતાની હયાતી દરમિયાન બજાવ્યાં હોય તે સઘળાં કામો, તેનુ મરણ થતાં, તેનું રવાન તેનું ખાકી બદન છોડી જવાપછી, તેની સામે બેહદ્દ દેહશ-

તનાક સિયાહ સૂરતે આવી ઉભાં રહે છે. આ વેળાએ આત્મા ગેતી હાલતમાં ન હોવાથી તે ગેતી દુનિયાને લગતી મોજ મજાહ અને લોભ-લાલચની જાલમાંથી છુટો થયલો હોય છે,-તેની આંખો ઉપર ફરી વળેલો દુન્યાઇ મોહિનીનો સિયાહ પરદો દૂર થયલો હોય છે, જેથી કરીને તેનાં બુરાં કામો તેમના ખરા આકારમાં તેની નજરે પડે છે. તે બુરાં કામોથી થયલી પોતાને તેમજ બીજાઓની ખરાબીઓ તે બરોબર જાણી શકે છે અને જાણી બુજીને કીધેલી એવી ખરાબીઓ તથા નુકસાનો માટે હવે અંતઃકરણનો ડંખ તેને ઘણોજ સખ્ત માલૂમ પડે છે. હવેજ તેને, અશો નરો તથા અશો નારીઓનાં રવાનો પોતાનાં નેક કામોને માટે બહેસ્તમાં જે સુખશાંતિ ભોગવે છે તેનો ખરેખરો ખિયાલ આવે છે અને પોતે તે સુખશાંતિ કેવી ખોઈ દીધી તે, તે સમજી શકે છે. પોતાનાં બુરાં કામોથી પોતે શું ખોયું અને નેક કામોથી પોતે શું મેળવતે તેનો પુરેપુરો વિચાર આવી શકવાથી તથા વારેઘડિયે તેનો મુકાબલો કરતો હોવાથી તે હમેશાં ખિજવાટ, કમકમાટ, સંતાપ, ગમગીની અને પશેમાનીના ભારે બોજા હેઠળ કચદાતો, અંતઃકરણના તિક્ષણ ડંખનાં દર્દથી પીડાતો, ગમનાક પરેશાન હસ્તી ગુજારે છે. આવી હાલતને સબબે રવાનની વૃદ્ધિ અથવા ખીલવણીમાં હમેશાં ખલલ તથા હરકત પડતી રહેવાથી અને ખુદાને જોવાની જે સર્વોત્તમ નેમ તે બર આવી ન શકવાથી તે રવાન નિરાશા અને પશેમાનીમાં વખત પસાર કરે છે.

અવસ્તામાં આપણને ઘણે ઠેકાણે કહેવામાં આવ્યું છે કે પાપી માણસનું રવાન હમેશાં દુઃખી રહેસે. મને લાગે છે કે "હમેશાં" એ બોલ લાંબા વખતને અર્થે વાપરવામાં આવ્યો છે. આજની ભાષાઓમાં વટિક એજ પ્રમાણે ઘણા લાંબા વખતને વાસ્તે હમેશાં યા જાથુક કે એવાજ અર્થના બીજા શબ્દો વપરાય છે. એક સાધારણ દાખલો લઈએ. એક કપડું જાંજરૂ હોય અને બીજું મજબૂત હોય, તેમને એકમેક સાથ સરખાવતાં આપણે કહિયે છિયે કે જાડું કપડું જાથુકી એટલે હમેશ વાપરી શકાય

એવું છે. તો જો કે આપણે સારી પેઠે જાણિયે છિયે કે કોઈબી કપડું હમેશ બેર તો વાપરી શકાયજ નહિ. આ રીતે જયારે લાંબા વખતને બદલે આપણે હમેશ, જાથુક એવા શબ્દો વાપરિયે છિયે ત્યારે અવસ્તામાં પણ એ પ્રમાણે બોલાતું હોવું જોઇએ. વળી એમ માનવાને બીજું કારણ એ છે કે ગાથામાં એક ઠેકાણે દોજખી રવાનોના સંબંધમાં "યવ" એટલે હમેશને બદલે "દરેગેમ આયુ" એટલે લાંબો વખત વાપરવામાં આવ્યો છે. વળી અવસ્તામાં રસ્તા ખેજનો વિચાર દર્શાવ્યો છે. અવસ્તામાં જણાવ્યું છે કે એક વખત એવો આવશે કે જયારે કાંઈબી બુરી ચીજ હસ્તીમાં રેહેવા પામશે નહિ. અંગ્રમઈન્યુ પોતે પણ નાબૂદ થશે. જયારે એમજ છે ત્યારે તો દોજખી રવાન પણ દુઃખમાંથી મુકત થવુંજ જોઈએ. અવસ્તાના આ સઘળા ઇશારાઓ ઉપરથી આપણે એવાં અનુમાન ઉપર આવી શકિયે કે પાપી માણસને લગતા પશેમાનીના ડંખને લીધે તેનાં આગળ વધવામાં હરકત નડયા કરશે. પણ જેમ જેમ તે રવાન નેકી તરફ વધારે અને વધારે ઢળતું જશે, નેકીનો વધારે અને વધારે વિચાર કરતું રેહેશે અને નેક કામો કરતું જશે, તેમ તેમ તે હરકત રફતે રફતે કમતી થતી જશે. કારણ કે તેનાં નેક કામોનો જથ્થો તેનાં આગળાં બુરાં કામોના પ્રમાણમાં અતિ ઘણો વધી જવાથી અને બંનેની સરખામણી થવી ચાલુ રહેવાથી બુરાં કામોની પશેમાનીનો ડંખ કમજોર થતો રહીને અંતે નહિ જેવો થવા પામશે. એ પ્રમાણે રવાન તે હરકતમાંથી મુકત થવાથી તે અશો અહુરમજદને જોવાની શકિત ધીમે ધીમે મેળવતું જશે અને આયંદે તેની ઉંચામાં ઉંચી મુરાદ બર આવશે. એ રીતે અસલ જરથોસ્તી ધર્મપોથીઓ ઉપરથી ભવિષ્યની જિન્દગીના બાબમાં આવાં આશાવંતાં અનુમાન ઉપર આવી શકાય છે.

"અષાઉને વહિસ્તેમ મનો અંઘહુશ અચિસ્તો દ્રેગવતાંમ" એટલે "અશોને માટે સૌ સરસ મનની હાલત અને પાપીને માટે સૌથી બુરી જિન્દગી," એ ગાથાની લીટી કાંઈ મીનોઈ જેહાનનેજ લાગુ પડતી નથી, પણ આ ગેતી જેહાનને પણ લાગુ

પડે છે. અશો આદમીનું મન કાંઈ મીનોઈ જેહાનમાંજ ખુશવકતી, સુખ અથવા બહેશ્ત ભોગવે છે અને પાપી માણસનો આત્મા પશેમાનીના ડંખનાં દુઃખથી મીનોઇ જેહાનમાંજ પીડાય છે એમ નથી, પણ આ દુનિયામાં અશો માણસનું મન આનંદમાં ખુશહાલ રહે છે અને પાપી હમેશાં અંતઃકરણના ડંખથી મુઝાયા કરે છે. આ બીના દરેક સાધારણ કે અસાધારણ માણસ પોતાના સાધારણ કે અસાધારણ અનુભવમાં દરરોજ જોઈ શકે છે, આપણે જાણબુજથી કાંઇ ખોટું કામ કર્યું હોય તો આપણાં મનની સ્થિતિ કેટલી અશાંત અને ચિંતાતુર બને છે? આપણે કેવાં મુઝાઈએ છિયે? આ મુઝવણ આપણે જ્યારે શારીરિક મોજશોખ કે લોભ લાલચમાં વિટળાયલા હોઇએ ત્યારે કેટલેક દરજ્જે નરમ લાગે છે, પણ જ્યારે આપણે એકલા પડિયે યા એકાંત વાસમાં હોઇએ ત્યારે અંતઃકરણનો ડંખ, એ મનનો ખળભળાટ કેવા તિક્ષણ અને તેજ બનીને આપણને કેવાં બેચેન બનાવી મેલે છે! ફ્રાંન્સના પાદશાહ ચાર્લ્સ નવમાને માટે એમ કહેવાય છે કે તેણે સેંટ બારથેલોમિયોની કતલ માટે હુકમ આપવા પછી તે કદીબી શાંતિમાં ઉંઘાયો ન હતો, તેનાં દિલમાં ડર હોવાથી તે હમેશાં ચોંકી ઉઠતો હતો અને પોતાનાં અશાંત દુઃખી દિલની ફિકરે ફિકરે અંતે તે મરણ પામ્યો. ઈંગલંડના રાજા ત્રીજા રીચર્ડને માટે આપણે જાણિયે છિયે કે પોતાના નિર્દોષ ભત્રિજાઓને મારી નખાવ્યા પછી તે અંતઃકરણના ડંખ અને મનની અશાંતિથી ઘણોજ પીડાતો હતો. તે દિવસે ઠરેલો રેહેતો ન હતો અને રાત્રે ઉંઘાતો ન હતો, પણ બિછાનાંમાંથી ઉઠી ઉઠીને દિવાના આદમીની મિસાલે સુવાના ઓરડામાં આમથીં તેમ દોડયા કરતો હતો. પેલી કહેવત પ્રમાણે એજ જીવતું દોજખ છે અને એ દોજખી હાલત માણસનાં મરણ પછીબી તેનાં રવાન સાથે જારી રેહે છે.

આ શારીરિક દુનિયામાં આપણને જેમ પાપી દોજખી માણસના દોજખી આત્માની સ્થિતિને લગતા દાખલાઓ મળે છે તેમ અશો નેક માણસના આત્માની સુખી હાલતને

લગતા દાખલાઓ પણ આપણે જોઈ શકીયે છિયે. આપણે હરદમ જોતા આવ્યા છિયે કે આ જેહાનમાં માણસને જે ઉંચામાં ઉંચું સુખ, ઘણામાં ઘણી ખુશવકતી તથા ખુશહાલી મળે છે તે કાંઈ અધિકાર, સત્તા, દોલત કે દુન્યાઈ એશ આરામ અને મોટાઈથી નહિ, પણ તેનો આધાર તેનાં મનની હાલત ઉપર રહે છે, જે મન ફકત રાસ્તી અને અશોઈની મારફતેજ સુખી રેહે છે. ઉપલા રાજકર્તાઓના દાખલાઓમાં આપણે જોઈ ગયા કે તેઓ પોતાની જાહોજલાલી, બેહોળી દોલત, દોર દમામ અને આપખુદ સત્તા છતાં દુ:ખી હતા. કારણકે તેઓનાં મન તથા દિલ પશેમાનીના ડંખથી દુ:ખી હતાં. એથી ઉળટું, વળી આપણે જાણિયે છિયે કે વિદયાના સેંકડો—હજારો પૂજારીઓ દોલત દબદબાની સેહેજ બી દરકાર ન કરતાં સચ્ચાઈની કુદરતના ખરેખરા નિયમોની શોધખોળ પાછળ હમેશાં આરજૂમંદીથી મશગૂલ રહે છે અને એ શોધખોળમાં ફતેહ મળવાથી તેમનું મન જેટલું સુખી તથા ખુશહાલ થવા પામે છે તેટલું બીજાં કશાંથી થવા પામતું નથી. સાઈરેકયુજના એક જાણીતા ભૂમિતિ શાસ્ત્રી (geometrician) ને માટે કહેવામાં આવ્યું છે કે તે એ વિદયાને લગતો કોઈ ઘણોજ અગત્યના સવાલ (problem) નો ખુલાસો (solution) કરવા પાછળ રોકાયલો હતો. પણ તેની ગણત્રીમાં વારેઘડિયે ચુક પડતી હોવાથી તે નિષ્ફળ નિવડતો હતો. એક દિવસે સ્નાન કરતાં કરતાં તેને પોતાની ચુક માલૂમ પડી આવી અને પેલા સવાલનો ખુલાસો એકદમ મળી ગયો. પોતાને જોઈતો ખરો જવાબ મળી ગયાથી તેનું મન એટલું તો ખુશહાલીમાં આવી ગયું કે તે સ્નાન કરવાના ઓરડામાંથી એકદમ બાહેર કુદી પડયો અને વસ્ત્ર વગરજ મોહલ્લામાં દોડતાં દોડતાં બુમ પાડતો ગયો કે "મેં તે શોધી કાઢયો, મેં તે શોધી કાઢયો!" આ ઉપરથી આપણે ખિયાલ બાંધી શકિયે કે એક સાચો નિયમ શોધી કાઢવાથી, તે જાણવાથી આ જેહાનમાં મનને આટલી બધી ખુશવકતી ભર્યું સુખ મળે છે, તો સાચો નિયમ અખત્યાર કરી તેને અમલમાં મુકવાથી કેટલી

બધી ખુશી ખુશહાલી મનમાં પેદા થાય અને આત્મા કેટલું સુખ પામે?

નેક હમદીનો! નેકીનાં સુખ અને બદીનાં દુઃખના સંબંધમાં આપણને એક બીના ધ્યાનમાં રાખવાની છે અને તે એ કે મરણ પછીની ભવિષ્યની મીનોઈ હસ્તીમાં કોઈ જાતનું શારીરિક સુખદુઃખ તો છેજ નહિ. પાક અવસ્તા કલામ ઉપરથી માલૂમ પડે છે કે બહેશતમાં નેક રવાન આગળ શરબતનો પ્યાલો આવતો નથી કે દોજખમાં બુરાં માણસનાં રવાન આગળ ઝેરનો વાટકો યા સાંપ, વિંછુ આવતાં નથી. દોજખના સાંપ, વિંછુ તે કાંઈજ નહિ પણ બુરાં માણસનાં અંતઃકરણનો ડંખ છે, પણ આપણે આગળ જોઈ ગયા તેમ એ ડંખ સાંપ વિંછુના ડંખ કરતાં બદતર છે, બહેશ્તનું શરબત તે વોહૂમનો (નેક મન) તથા હુદએના (ભલું અંતઃસ્કરણ) છે, જેવાં નેક રવાનો બીજી જેહાનમાં દાખલ થાય છે, તેવાંજ વોહૂમનો તેમજ દએના બંને તેમની સામે આવી દેખાવ દેછે.

વળી આ બાબદના સંબંધમાં બીજું જે ગોખી રાખવાનું છે તે એ કે મીનોઈ જેહાનમાં જે મીનોઇ સુખદુઃખ મળે છે તે આ દુનિયામાં માણસે જે જે સંજોગો અને સાધનો વચ્ચે સારાં કે નરસાં કામો કર્યાં હોય, તે, તે સંજોગો અને સાધનોના પ્રમાણમાંજ મળે છે. જો એક માણસ ખરૂં શું અને ખોટું શું બરોબર જોઈ જાણી શકતો હોય અને તે છતાં ખુદ પોતાની પસંદગીથી કોઈ ખોટું કામ કરે તોજ તે જરથોશ્તી દીન પ્રમાણે ગુનાહગાર ઠરે છે. પણ જો તે અજાણ્યો હોય યા અશક્ત હોય તો તેનાથી કાંઈ ખોટું કામ થઇ જાય તે છતાં તેને તકસીરવાર કે જોખમદાર ઠેરવવામાં આવતો નથી. આપણી દીન કહે છે કે અશો અહુર-મજદ માણસની આસપાસના સઘળા બારીકે બારીક સંજોગો તથા સાધનો ધ્યાનમાં લેવા પછીજ તેનાં કામોનો નતીજો આપે છે, (યજ. હા. ૩૧. ફ. ૧૩) જેથી કરીને એક અભણ માણસને તેમજ એક વિદવાનને, એક જરદારને તેમજ એક મુફલેસને, એક તનદરોસ્ત આદમીને તેમજ દેહથી દુઃખી થતાં માણસને,

આગળા જમાનામાં થઈ ગયલાં, આ જમાનામાં હયાત હોતાં, તેમજ હજારો વર્ષો પછી આવનારાં માણસોને એક સરખો ઈન્સાફ મળે. એક માણસ આ જમાનામાં પોતાની બનતી કોશેસથી રાસ્ત તથા નેક કામો જાણી તથા બજાવી શકે અને તેથી કરી તેને જે સુખ પ્રાપ્ત થાય, તેટલુંજ સુખ હજાર જમાનાઓપછી આવનાંર માણસ પોતાથી બની આવેલાં પોતાની હદની અંદરનાં નેક કામો કીધાથી મેળવી શકે છે.

વળી એક બીજી બાબદ જે ધ્યાનમાં રાખવાની છે તે એકે બુરાં કામ માટેનું દુઃખ વર્ષો જતાં બમણું ત્રણ ગણું અથવા ચોગણું એ પ્રમાણે વધતું જતું નથી. એક ચોક્કસ બુરાં કામ માટેનો ડંખ અથવા દુઃખ બુરાઇના પ્રમાણમાં હમેશ સુધી એક-સાન રહે છે. આપણે એક ખોટું કામ આજે કરિયે અને તેથી કરીને આપણો આત્મા જેટલો આજે દુઃખી થાય અથવા મુઝાય તેટલોજ દુઃખી પચાસ કે પાંનસો વર્ષો પછી બી થાય છે; આપણાં મનમાં તેજ ખોટું કામ તેટલુંજ દુઃખ પેદા કરે છે. અશો અહુર-મજદે આવી રીતના નિયમો મુકરર કરવાથી કોઈબી જમાનાના કોઈબી સ્થિતિનાં માણસને ગેરઈન્સાફ થવા પામતો નથી. અસલ જરથોસ્તી ધર્મ-પોથીમાંથી ભવિષ્યની જિન્દગીને લગતા ઉપલા સઘળા વિચારો તથા અનુમાનો ઉપજાવી શકાય છે જે માહેલો દરેક વિચાર તથા દરેક અનુમાન આપણે જોયું તેમ આપણી સાદી સમજ શકિતને બંધ બેસતાં છે અને કોઈબી રીતે ખુદાઇ ઇન્સાફને ડાઘ લગાડનારાં નથી.

બસ્તે કુસ્તીઆન સાહેબો! ભવિષ્યની જિન્દગીને લગતા આવા ઈન્સાફી રાહ દેખાડનારા જરથોસ્તી વિચારો તથા અનુમાનોને બદલે પારસી પુનર્જન્મીઓ આપણને કેવા પ્રકારના વિચારો તથા અનુમાનો તરફ દોરવવાની પેરવી કરે છે તે થોડાક શબ્દોમાં તપાસિયે. એ પારસી પુનર્જન્મીઓ લોકોને સમજાવે છે કે માણસનો આત્મા ફરી ફરીથી આ દુનિયામાં આવે છે અને શારીરિક જિન્દગી

ગુજારે છે. પણ આ ફતવો સાધારણ માણસની અક્કલપણ કબૂલ કરે એવો નથી. જેમ માણસ માણસો વચ્ચે પોતાનો વસવાટ કરવાને રાજી હોય છે, જેમ હયવાનો, પક્ષીઓ, માછલીઓ વગેરે પોતપોતાની જાતમાંજ રહેવાને તથા ભેળાવાને પસંદ કરે છે, તેજં મિસાલે મીનો રવાન એક વાર ગેતી બદનમાંથી બાહેર પડયું અને મીનોઈ હાલતમાં બીજાં મીનોઇ રવાનો સાથે વસતું થયું તો પછી પોતાના મીનોઇ ખવાસને અનુસરતી મીનોઈ જેહાન છોડી મીનોઈ સોબતીઓથી દૂરજઇ, મીનોઇ હસ્તી કરતાં ઘણીજ ઉતરતી જે ગેતી શારીરિક જિન્દગી તે ધારણ કરવાને યા ભોગવવાને તૈયાર થાય એ બનવા જોગ નથી. તેમજ, અશો અહુરમજદ ખુદા પણ તે રવાનને એકવાર બદનનાં કેદખાનામાંથી આજાદ કરી તેને મીનોઇ હાલતમાંથી બહુજ નીચે દરજજે ઉતારી પાડી ફરીથી ગેતી જિન્દગીની અઠડામણમાં નાખે એ ખુદાના મહાન ડહાપણને માનભર્યું યા લાયક નથી. જો ખુદા આત્માને કોઈ તકસીર યા ગુનાહને માટે શારીરિક હાલતમાં પાછો અને પાછો લાવવાની જરૂર જોતો હોય તો તેને શારીરિક હાલતમાંજ કાં નહિ ચાલુ રાખે ? એક વાર તેને શરીરમાંથી બાહેર કાઢી તેને શરીરમાંજ પાછા ધક્કા ખાવાને મોકળવામાં શો ફાયદો ? એના ખુલાસામાં પુનર્જન્મનું સિદ્ધાંત કબૂલ રાખનારા પારસીઓ જણાવે છે કે એક શારીરિક જિન્દગી ગુજારવાથી આત્મા ઉપર અનુભવનો જે અત્યંત ભારે બોજો પડે છે તે બોજા તળેથી નિકળવા માટે તેને શરીરની બાહેર રહેવાની જરૂર છે. તેઓના કહેવા પ્રમાણે નજદીક ૧૨૦૦ વર્ષો સુધી આત્મા પાછો જન્મ લેતો નથી. ટુંકમાં કહેતાં, આત્માને એક શારીરિક જિન્દગી ગુજારવા પછી ૧૨૦૦ વર્ષની આસાએશ જોઈએ છે. પારસી થિયોસોફીસ્ટો લગભગ ૧૨૦૦ સાલની મુદ્દત કેમ નક્કી કરી ચુકયા તે તો તે સાહેબ જાણે. પણ સવાલ એ ઉભો થાય છે કે ૬૦ યા ૭૦ વર્ષની શારીરિક જિન્દગીની મેહનત માટે આત્માને મીનોઇ જેહાનમાં ૧૨૦૦ વર્ષ અથવા એવી કોઇ લાંબી મુદ્દતની આશાએશ શા માટે જોઇએ ? આપણે જોઈએ છિયે કે આ શારીરિક

દુનિયામાં ૧૮ કલાકની મેહનત પછી ૬ કલાકની આસાએશ બસ થાય છે તો પછી પેલી મીનોઈ જેહાનમાં મીનોઈ હાલત વચ્ચે ૬૦ કે ૭૦ વર્ષ આ દુનિયાની મેહનત તથા જંજાલની થાક ઉતારવા માટે અઢારગણી વધુ આસાએશ શું કામ જોઈએ? કદાચ આ સવાલનો જવાબ વદિક પુનર્જન્મ સિદ્ધાંતના પારસી હિમાયતીઓ પોતાનાં મહાત્માઓને મળી તેઓ સાથ મસ્લહત ચલાવી શોધી કાઢશે. વળી બીજો સવાલ એ ઉઠે છે કે તેઓના માનવા પ્રમાણે જયારે માણસનો આત્મા ખુદ ખુદાનું પોતાનું કિરણ અથવા ચિણગારીછે, ખુદાનું પોતાનુંજ સત્વ (substance) છે, તો પછી માણસના આત્માને થાક કે આસાએશ લેવાની શી જરૂર હોય? જો ખુદા પોતે સર્વશક્તિવાન છે તો ખુદાનું સત્વપણ સર્વશક્તિવાન હોવુંજ જોઈએ અને ખુદાનું સત્વ સર્વ શક્તિવાન હોય તો પછી તે સત્વ થાકી શકે કેમ અને તેને આસાએશની જરૂર હોય કેમ? જો માણસનો આત્મા ખરેખર ખુદાનુંજ સત્વ હોય અને ખુદાનું સત્વ સર્વશક્તિ ધરાવતું હોય તો માણસના આત્માને કોઇબી કાળે થાક કે આસાએશ લેવાની જરૂર રહે નહિ.

પુનર્જન્મની તર્ફથી જે બીજો સવાલ ઉભો થાય છે તે એ કે આત્માને ફરીફરીને આસાએશ લઈ ફરી ફરીને એક પછી એક શારીરિક જિન્દગી ગુજારવાનું કરણ શું? પુનર્જન્મવાળા પારસીઓ ખુલાસો કરે છે કે આત્મા પોતાનાં પાપો યા ગુનાહોનો નતીજો પામવા અને પોતાનાં બદ કેરદારોનું પરિણામ ભોગવી પોતાનામાં સુધારા વધારા કરવા માટે પાછો અને પાછો આ દુનિયામાં આવે છે અને નવાં નવાં શરીરો ધારણ કરે છે. જયાં સુધી તે પાપથી તદ્દન નિરાળો થતો નથી ત્યાં સુધી તેને શારીરિક હાલતમાં પાછું આવવું પડે છે.

નેક મજદયસ્નાનો! કોઈ સાધારણ સમજ શક્તિ ધરાવનાર માણસ પણ આ બીના તો કદી ના પાડી શકેજ નહિ કે જો કોઈ માણસને તેનાં બુરાં કામોનું પરિણામ ચખાડવું હોય, અને તેમ કરી તેને સુધારવું હોય તો તે માટે એવી ગોઠવણ હોવી જોઇએ કે તે

પોતાના આગળા અનુભવનો ઉપયોગ કરી શકે. કારણ કે માણસ અનુભવથીજ આગળ વધી શકે છે તથા સુધરી શકે છે. આ કુદરતી નિયમ ધ્યાનમાં રાખી જરથોશ્તી દીન આપણુને કહે છે કે રવાન બીજી યાને મીનોઈ હસ્તીમાં દાખલ થતાંને વાર પોતાનાં કામો પોતાની સનમુખ સ્પષ્ટ રીતે જુએ છે. કારણ કે માણસનો આત્મા જ્યાં સુધી માણસના આત્મા તરીકે ગણાય ત્યાં સુધી તેની મનશકિત તથા યાદદાસ્ત શકિત જેવી શકિતઓ તેની સાથેજ રહેવી જોઈએ કે જે શકિતઓ મારફતે આત્માને ચોક્કસ રીતે ખબર પડવીજ જોઈએ કે કયાં બુરાં કામ માટે કયું પરિણામ આવે છે કે તેથી કરીને તે ખરાબ પરિણામ બીજી વખત ન આવે તે માટેના ઘટતા ઉપાય તે લઈ શકે યાને તેવાં બુરાં કામથી દૂર રહે, અને સુધારા વધારામાં આગળ વધી શકે. કોઈ માણુસ દર્દથી પીડાતો હોય તો તેનું તે દર્દ કઈ જાતનું છે અને તેનું કારણ શું છે તે જાણુવા વગર તેના ખરા ઈલાજ લઈ શકાતા નથી અને તેના સાજા થવાના સંભવો ઘણુા થોડા રહે છે. તેમજ કોઈ માણુસ આગળા ભવમાં કીધેલા પોતાના કોઈ ગુનાહથી આ જેહાનમાં દુઃખી થતો હોય તો તે કયા ગુનાહથી કયાં બુરાં કામને લીધે દુઃખી થાય છે તે તેને અગ્વલથીજ અને ખુલ્લી રીતે જાણુવા જણુાવવાની જરૂર છે. આ દુનિયામાં અભણુમાં અભણુ ખેડુત વટિક નાનપણુમાં બનેલા બનાવોની યાદ અથવા બયાન મોટપણુમાં આપી શકે છે. પણુ કરોડો માણુસોની વસ્તીમાંથી કેટલાં માણુસો આગળા ભવના કામો તથા બનાવોની યાદ કે બયાન આપી શકશે? જો ખુદા આજ દુનિયાના સંજોગો અને સાધનો વચ્ચે આગળા ભવનાં પરિણુામો ચખાડવા તથા સુધારવા માટે આ જેહાનમાં માણુસોને લાવતો હોય તો તે તેમને આગલા ભવના ગુનાહોની યાદ યા ખબર સેહેલથી મળી શકે તેવા આ જેહાનનાં માણુસોને છાજતા જોઈતા ઈલાજો તે સાહેબે લેવા જોઇએ; નહિ કે કોઇ ગુપ્ત નિયમો મારફતે માણુસને અંધકાર વચ્ચે અઠડામણુમાં ગોથાં ખવાડવાં જોઇએ. જ્યારે એક સાધારણુ

માણસ પણ આવી ઈન્સાફી ગોઠવણની અગત્ય સમજી શકે છે ત્યારે મહા ડાહાપણવાળા ખુદા જેવો ન સમજે અને માણસને અણજાણપણાંના અંધકારમાં સબડાવી સબડાવીને જમાનાના જમાના સુધી, ભવના ભવ સુધી તેનું દુઃખ લંબાવ્યા કરવા જેવું અત્યંત નિર્દય ઘાટકીપણું વાપરે એમ માનવું તદન અશક્ય છે.

પારસી થિયોસોફીસ્ટોની ફિલ્સુફી પ્રમાણે જીવાત્મા (ego) કિરણોમાં વહેંચાયલો છે. કિરણોને તેઓ ગુમાસ્તાઓ સાથે અને જીવાત્માને શેઠ સાથ સરખાવે છે. જીવાત્માનાં કિરણો ગુમાસ્તાઓની પેઠે આ દુનિયામાં પોતાના શેઠ જીવાત્માની નોકરી બજાવવાને આવે છે. આ ગુમાસ્તાઓ સઘળા એકી વખતે નોકરી બજાવવાને આ દુનિયામાં આવતા નથી, પણ એક પછી એક આવે છે, અને પોતાની નોકરી પછી શેઠને જઇ મળે છે. થિયોસોફિસ્ટોનુંજ આ કહેવું એક બારગી માનિયે અને તેઓનો દાખલો લઇએ તો આપણે જોઈ શકિયે કે જો એક ગુમાસ્તો પાછો શેઠને આવી મળે અને પોતેજ પાછો જાય તો તેનો આગલો અનુભવ તેને બીજી ફેરીએ મદદ આવવોજ જોઇએ કે જેથી કરીને તેનું કામ સેહેલ થાય અને પોતે પોતાનાં કામમાં આગળ વધતો જાય. વળી આપણે એમ માનિયે કે એક ગુમાસ્તો શેઠ આગળ પાછો ફર્યા પછી શેઠ તેનેજ નહિ મોકળે પણ પોતાના બીજા ગુમાસ્તાને મોકળે, તોપણ એક સાધારણ સમજ શક્તિ ધરાવનાર શેઠ ખુદ પોતાના ફાયદા અર્થે તેમજ પેલા નવા ગુમાસ્તાની મદદ અને સગવડને ખાતર જે જે અનુભવ પેહેલો ગુમાસ્તો લાવ્યો હોય તે તે અનુભવ તેનેથી સાંભળી પેલા જતા નવા ગુમાસ્તાને તે અનુભવથી વાકેફ કરે કે તેથી કરીને તેનાં કામમાં થોડી અથડામણ થવા પામે. આ રીતે, એક ભવનાં કામોનો અનુભવ બીજા ભવમાં કારગર લાગવોજ જોઇએ નહિ તો તે અનુભવ વગર અર્થનો થઈ પડે,—તે અનુભવ કેહેવાયજ નહિ.

હમદીન બેરાદરો! અગર આપણે થિયોસોફિસ્ટોનું અણઘટતું કહેવું કબૂલ કરિયે કે માણસનો આત્મા ફરી ફરીને આ દુનિયામાં

આવી અણજાણપણાંમાં રહી રહી અથડાઈ અથડાઇ સુધરવા પામે છે. પણ એકબારગી માણસ આવી અણઘટતી રીતે સુધરવાબી પામે તો પછી તેને છેક છેલ્લે નતીજો શું? પારસી થિયોસોફીસ્ટો કહે છે કે છેક છેલ્લો નતીજો ખુદામાં આમેજ (absorb) થઈ જવાનો યાને ખુદા સાથ એક થઈ જવાનો છે એટલે કે ખુદાથી અલગ છુટી હસ્તી ગુજારતાં બંધ પડવાનું છે. હવે, જો કોઇ પોતાનું પોતાવટપણું અથવા એકત્વ (individuality) છોડી દે અને પોતાની જુદી, અલગ છુટી હસ્તી ધરાવતો બંધ પડે તો પછી તે દુનિયામાં પાછા અવતાર લઇ લઈ, મેહનત અને જેહમતો ખેંચી ખેંચી, સુધરવા માટે દુઃખ દર્દો વેઠે તે તો સઘળું ફોકટમાંજ જાય, કારણ કે તે પોતે તો તેનો સેવટનો બદલો પામવાનોજ નથી. હવે ત્યારે, થિયોસોફીસ્ટ પારસીઓ વારે ઘડિયે જે કહેવત બોલતા સંભળાય છે કે "કરશો તેવું પામશો," તે કહેવત ખરી કેમ ઠરે, જ્યારે પામનાર પોતે જાતે તો અંતે છુટી જુદી હસ્તી ધરાવી શકનાર નથી?

દાનેશમંદ સાહેબો! પુનર્જન્મવાલા પારસીઓ વળી સમજાવે છે કે માણસની આ શારીરિક જિન્દગીની હાડમારીઓ, મુસીબતો તથા હાદેસાઓ આગળી જિન્દગીનાં બુરાં કામોને આભારી છે. હવે જો એમજ હોય તો પયગામબર સાહેબ અશો જરથોશ્ત તથા ક્રાઈસ્ટ, બુદ્ધ, મહંમદ વગેરે જેઓને પારસી થીયોસોફીસ્ટો મહાત્માઓ એટલે કે અશોઇની સૌથી ઉંચી ટોંચે પુગેલા તરીકે ગણે છે તે સઘળાઓએ આ દુનિયામાં કેટલીક હાડમારીઓ તથા મુસીબતો જે ભોગવી તેનો ખુલાસો શું? આપણે સારી પેઠે જાણિયે છિયે કે અશો જરથોસ્ત તેમજ ક્રાઈસ્ટ તથા બીજા પયગામબરોને આ જેહાનમાં તેઓના દુશ્મનોથી કેટલીક રીતે ઘણું ખમવું પડયું હતું..

વળી જો પુનર્જન્મ વાલાઓ શિખવે છે તેમ માણસો શરીરે તેમજ પૈસે ટકે દુઃખી થાય છે તેનું કારણ તેઓના આગલા ભવનાં આગલી જિન્દગીનાં બુરાં કામોજ હોય અને તેજ બાબીને

લીધે તેઓ સુધરવા માટે પાછાં આવતાં હોય તો દુનિયાંમાં કેટલાકો પોતાની જિન્દગીનો પેહેલો ભાગ પૈસા ટકાના અથવા શરીરના સુખમા કાઢે છે અને જિન્દગીના પાછલા ભાગમાં દુઃખી રહે છે તેનું કેમ? આગલા ભવનાં બુરાં કામોનો નતીજો બીજા ભવની શરૂઆતથી શા માટે ન મળે?

પુનર્જન્મની તર્ક સાચી છે એવું માનવાના ટેકામાં થિયોસોફિસ્ટો કહે છે કે કેટલાંક માણસો જન્મથીજ પૈસે ટકે અથવા શરીરે દુઃખી જોવામાં આવે છે તેને લગતો ખુલાસો એ તર્ક આપી શકે છે એટલે કે જન્મથીજ દુઃખી હોવાનો સબબ આગલા ભવનાં બુરાં કામો છે. એક ગમથી તેઓ એમ સમજાવે છે અને બીજી ગમથી કહે છે કે શરીર તથા પૈસા ટકાનું દુઃખ સુખ કુચ્છ નથી; એ દુઃખ સુખને કુચ્છ ગણત્રીમાં લેવાં ન જોઇએ. જે ખરૂં સુખ તે આત્માનું સુખ છે માટે તે ઉપરજ ધ્યાન આપવું જોઇએ અને તેજ જાળવી રાખવાની આપણી મુખ્ય નેમ હોવી જોઇએ. આપણાં નેક કામોનો બદલો આપણા આત્માનાં સુખમાં સમાયલો છે. નેક કામોનું જે સારૂં પરિણામ આવે છે તે આત્માની સુખ શાંતિમાં છે માટે આત્મિક સુખ અથવા મનનું સુખ મળયું એટલે નેક કામોનો બદલો મળી ચુકયો. આત્મિક સુખ જાથુકનું છે માટે તેજ સુખ મેળવવાની આપણી નેમ રેહેવી જોઇએ.

પુનર્જન્મવાલા પારસીઓ આવો સબક આપે છે અને તે જો કે વાજબી છે તો પણ એ લોકો જેટલી હદ સુધી જાય છે તેટલી હદ સુધી શરીરની તથા શારીરિક સુખની તરફ જરથોસ્તી ધર્મ પ્રમાણે બેદરકારી દેખાડવી જોઇતી નથી. પારસી થિયોસોફીસ્ટો એટલે સુધી જાય છે અને કહે છે કે આપણાં શરીરને તો એક પેહેરવાનું પેહેરણ, ડગલા બંડીઆણ જેવું વસ્ત્ર ગણવું જોઇએ. એ લોકોનાં કહેવા પ્રમાણે ત્યારે ડગલા બડીઆનને આપણાં શરીર સાથે જેટલો સંબંધ છે તેટલોજ સંબંધ આપણો આત્મા આપણાં શરીર સાથ ધરાવે છે, એટલે કે ડગલા, બંડીથી આપણને કોઇબી રીતે હાનિ થાય તેથી શરીરને કાંઇબી હાનિ પુગતી નથી. તેમજ

શરીરને કોઇબી જાતનાં સારીરિક સુખને કોઇબી રીતની હાનિ પુગે તેથી આત્માને કાંઇ હાનિ હેરાનગતિ ઝાઝી થતી નથી. ત્યારે ખુદ થિયોસોફીસ્ટોની નજરે જોતાં, જો કોઇ માણસોની સારીરક એટલે પૈસા ટકા કે તનદરોસ્તીને લગતી હાંલત કોઇ રીતે નબળી હોય તો તે માણસોને ખરાં દુઃખી ગણવાં નહી જોઇએ. પણ જો તેઓના આત્માઓ નિર્દોષ હોય, જો તેઓનાં અંતઃકરણો ડાઘ ડંખ વગરના સાફ હોય, તો તેઓને ખરાં સુખી, ખરૂં સુખ ભોગવતાં કેહેવાં જોઇએ. એ પ્રમાણે ત્યારે પારસી થીયોસોફીસ્ટો જે તકરારો, દલીલો અને ખુલાસાઓથી પુનર્જન્મની તર્કને ખરી ઠેરવવાનો દાવો કરે છે તેજ તકરારો, દલીલો તથા ખુલાસાઓ તેઓનાં પોતાનાંજ બીજાં શિક્ષણો તથા ફતવાઓની વિરૂદ્ધ ઉતરે છે અને તેઓનાં તે શિક્ષણો તથા ફતવાઓને ઉલટાવી નાખે છે.

પારસી થિયોસોફીસ્ટોની એક બીજી જાણવાજોગ ઉલગબરડી ઉપર તમારૂં ધ્યાન ખેંચવા માગું છું. તેઓ કહે છે કે માણસના દરેક આગલા ભવનાં કામો, તેની દરેક પાછલા ભવની જિન્દગી માટે ખાસિયત તથા સંજોગો ઉભાં કરે છે. હુવે જો એ લોકના કહેવા પ્રમાણે દરેક આગલી જિન્દગીમાં કીધેલાં કામોનાં પરિણામમાં યા તે કામોની મારફતે પાછળ આવતી બીજી જિન્દગી માટેની માણસની ખાસિયત બંધાઇ ચુકે અને બાહેરના સંજોગો વટિક મુકરર થઈ જાય તો પછી એવાં બંધારણમાં અને એવા કાબૂ હેઠળ જન્મ લેવામાં માણસને શો લાભ? અંદરની ખાસિયત તેમજ બાહેરના સંજોગો બંધાઇ ચુકયા કે પછી માણસનો છુટકારો કેમ થવા પામે? તે પોતાના સુધારા કેમ કરી શકે? અને ઉંચામાં ઉંચી મહાત્માની પડવીએ શી રીતે પુગે? થિયો સોફીસ્ટો કહે છે કે ખરાબ કામનું પરિણામ ખરાબ નિપજે છે. હુવે જો એમજ હોય ત્યારે તો એક ભવમાં બુરાં કામો કીધાં તો પછી બીજા ભવમાં તે કામોનાં પરિણામમાં ખાસિયત તથા સંજોગો બુરાંજ નિપજવાં જોઇએ. હુવે જો એ બીજા ભવમાં

ખાસિયત બુરી અને સંજોગોપણ અભાગીઆ તો પરિણામમાં એજ ભવના કામોબી બુરાં બલકે નુકસાન કારકજ ઉતરવાં જોઇએ. ત્યારે બીજાં ભવના એવાં કામોનાં પરિણામો પણ ત્રીજા ભવમાં માણસને તેવીજ નુકસાન કારક રીતે આડે આવીને નડવાં જોઇએ. એ પ્રમાણે એક માણસ આ દુનિયામાં હજારો જન્મો લિયે તો પણ તેનો હાલ તો સુધરેજ નહિ. બલકે દરેક નવે જન્મે તે પાછળ હઠતોજ અને નીચલે તબકકે ઉતરતો રહે અને એમ પાછળ હઠતાં તથા નીચે ઉતરતાં આયંદે, કેટલાક જન્મો પછી, ઈન્સાનની ઈન્સાનિયત લગભગ હયવાનિયત જેવી બદતર થઈ પડે; અને એ રીતે એક હાથ ઉપર, માણસની પેદા થવાની તમામ હોંસ ઉમેદો ભંગ થઇ જાય; આ પૃથ્વી ઉપર અવતરવાને પસંદ કરેજ નહિ અને હાથ પગ જોડીને બેસી રેહેવામાંજ પોતાની સલામતી સમજે, જયારે બીજા હાથ ઉપર માનવીને પેદા કરવાની તે કિર્તારની નેમ કદીબી બર આવવા પામે નહિ.

થિયોસોફીસ્ટ પારસીઓ આવા બેઢંગા ઉળટા સુલતા વિચારો તથા અનુમાનો ઉત્પન્ન કરનારાં સિદ્દાંતો જરથોસ્તીઓનાં મન ઉપર ઠસાવવાનિ વારવાર અનેક યુક્તિઓ રચતા રહે છે. જાણે પુનર્જન્મની તર્ક ખરીજ હોય અને તે માનવામાંજ જિન્દગીનું સાર્થકા સમાયલું હોય તેમજ અશો જરથોશ્ત, મઇધ્યો માહ, જામાસ્પ, ફ્રસઓસ્ત્ર વગેરે જેવા જરથોશ્તી દીનના સ્થાપકો મરણ પછીની ભવિષ્યની જિન્દગીના બાબમાં ભુલથાપ ખાઇ લોકોને ખોટા સબકો કે ફરમાનો આપી ગયા હોય તેમ પયગામબરી દાવો કરનારા પારસી થિયોસોફીસ્ટો રાત અને દિવસ જરથોસ્તીઓ પાસે પોતાનો પુનર્જન્મનો કકો ભણાવવાની મમત અને જરથોશ્તી કોમમાં ધર્મ સંબંધી બે તડાં પડાવવા જેવું કામ લઇ બેઠા છે. પણ તેઓ એટલું સમજતા નથી કે એવા ફતવાઓનું મુખ્ય પરિણામ ભારે નુકસાન કારક હોય છે. તેથી લોકનાં યકીન ડામાડોળ

થઈ જાય છે; જેવો મામલો થિયોસોફીસ્ટ· પારસીઓના એવા બેહુંદા ફતવાઓથી. પારસી કોમમાં અત્યાર આગમજનો પગ-પેસારો કરી ચુકયો છે. કારણ કે હાલમાં જરથોશ્તી કોમના ચોક્કસ ભાગના મનની હાલત અસ્થિર થઇ પડી છે. પારસી થિયોસો-ફીસ્ટોનાં ફસાહત ભર્યાં (eloquent) ભાષણો તથા લખાણોથી કેટલાક ભોળા જરથોશ્તીઓ અંજાઇ જાય છે અને શકમંદ બનીને વિચારે છે કે પારસી થિયોસોફિસ્ટો પ્રમાણે પયગામબરો મહા-ત્માઓ છે, અને મહાત્માઓ અશોઈની ઉંચામાં ઉંચી ટોંચે પુગેલા હોય છે. જરથોસ્ત, મોઝીજ, કોનફ્યુશિયસ, બુદ્ધ; ક્રાઇસ્ટ, મહમદ જેવા પયગામબરો મહાત્માઓ હતા. તે સઘળાઓ અશોઇની ઉંચામાં ઉંચી ટોંચે પુગેલા હતા. તેઓ એકજ સરખો દરજજો, એક સરખીજ પંકતી ધરાવતા હતા. એઓમાંથી કોઇબી ઉંચી નીચી પંકતીનો ન હતો. તેઓ સઘળા એક સરખાં માનને લાયકના મહાત્માઓ હતા. જ્યારે પારસી થિયોસોફીસ્ટો આ પ્રમાણે સમજાવે છે ત્યારે એ પયગામબરોનાં ફરમાનો તથા શિક્ષણો જુદાં જુદાં, સચાઈમાં ચઢતાં ઉતરતાં અને કેટલાંક તો સચાઇથી બિલકુલ વેગળાં કેમ હોઇ શકે? એક ગમથી પારસી થિયો-સોફીસ્ટો પયગામબરોને સાચા મહાતમાઓ માને છે તથા મનાવે છે અને બીજી તરફથી એ પયગામબરો માહેલા કોઇ કોઈનાં કાંઇ નહિ ને કાંઈ ધર્મ ફરમાનો ખરાં નથી અથવા બંધ બેસતાં નથી એમ સમજે છે તથા સમજાવે છે થિયોસોફીસ્ટો કહે છે તેમ જો સઘળા પયગામબરો અશોઇની, રાસ્તીની ઉંચી ટોંચે પુગેલા મહાત્માઓજ હોય તો એ દરેક પયગામબરનો ધર્મ સાચો અને એક સરખો હોવો જોઇએ. પણ જો સઘળા પયગામબરોનાં ધર્મ ફરમાનો એક સરખાં અને સાચાંજ હતે તો થિયોસોફીકલ સોસાયટી હસ્તીમાં આવવા પામતેજ નહિ અને એ સોસાયટીને સાચાં ફરમાનો ચુંટી કાઢી તે ફરમાનો મનાવવાની અને જે ફરમાનો કુદરતને તથા અકલને બંધ બેસતાં ન હોય તેવાં ફરમાનો રદ્દ કરવા ઠરાવવાની

રંજ તથા જોહુલમ ખેંચવી પડતેજ નહિ. પણ કોઈ કોઈ પયગામબરોનાં કોઇ કોઈ ધર્મ ફરમાનોમાં ખોડખાપણો માલૂમ પડે છે તેથીજ કરીને થિયોસોફીકલ સોસાયટી એ ખોડખાપણો દૂર કરવાની રકઝક અને હાડમારીમાં પડી છે. આ પ્રમાણે જયારે જે કામમાં પયગામબરો જેવા ભુલથાપ ખાઈ ગયા તે કામ મેડમ બ્લેવેટસ્કીના ચેલાઓ માથે ઉઠાવીને ફતેહમંદી સાથ પાર ઉતારવાને બાહિમ્તથી બાહેર પડયા છે. પણ જયારે જરથોસ્ત અને ક્રાઈસ્ટ જેવા મહાત્મા પયગામબરો, સાચા પયગામ લાવનારાઓ વટિક ભુલ કરી ખોટાં ફરમાનો આપે તો પછી ભરૂસો કોણ ઉપર રખાય અને કોણનું કહેવું ખરૂં માની શકાય ?

એવા એવા અનેક ઉલટપાલટ વિચારો પારસી થિયોસોફીસ્ટોને પ્રતાપે કેટલા એક ભોળા જરથોશ્તીઓનાં મનમાં શકમંદી અને ગુંચવાડાનુ ધમશાણુ (chaos) મચાવી રહયા છે. પણ મારા નેક હમદીનો ! જરા કેયાસ કરો કે સાચો માર્ગ દેખાડનારા, રાસ્ત પયગામ લાવનારા મહાત્મા પયગામબરો ખોટા ઠરે તો પછી મેડમ બ્લેવેટસ્કી અને તેણીના ચેલાઓ જેઓ ખરાં ધર્મ-ફરમાનો ચુંટી કાઢી રાસ્ત અને બંધ બેસતો માર્ગ દેખાડવાનો ફાંકો રાખે છે તેઓ ઉપર કેટલો એતબાર મેલી શકાય ? તેમજ જો મહાત્માઓ ઉપર ભરૂસો ન રાખી શકાય તો તેઓ સાથ સંદેશા ચલાવવાનાં ફોકટ વલખાં શા માટે મારવાં જોઈએ ? વળી જરથોસ્ત જેવા મહાત્મા પયગામબરનાં ફરમાનો બંધ બેસતાં નથી એમ કહેવાની મેડમ બ્લેવેટસ્કી જેવી એક સાધારણ બાનૂ અને તેણીના ચેલાઓ જેવા હિમ્મત કરે તો મેડમ બ્લેવેટસ્કીના અને તેણીના સાગેર્દોના ફતવાઓ માનવાને કોઈબી સાધારણ માણુસ કાંય ના પાડી શકે નહિ ? આ સઘળા વિચારો કોઈબી સાધારણ મનશક્તિનાં માણુસમાં ઉત્પંન્ન થવા પામે છે. અને એ વિચારોનું અંજામ કાંઈજ નહિ પણ અવિશ્વાસ, સંશય, અને અધર્મીપણાંમાં આવે છે.

મેં ઉપર કહયું તેમ ધર્મ દુનિયામાં મુખ્ય છે. જેવો જેનો ધર્મ તેવા તેના આચાર વિચારો અને તેવીજ તેની રીતભાંત તથા વર્તણુક હોય છે. આપણે ઉપર જોઇ ગયા તેમ પારસી થીયોસોફીસ્ટોના ધર્મ સંબંધી ફતવાઓ ઉલટા સુલટી અને ભુલ ભરેલા છે, અને તે સબબથી તેઓની મનશક્તિ અકસર કરીને ડામાડોળ રહેવાથી તેઓની રીત ભાત તથા તેમનાં કામ-કાજો અચોક્કસ અને વાંધાભર્યાં હોય છે. એવોજ મામલો પારસી થીયોસોફીસ્ટોના સબકો ઉપર કાન દેનારાઓના હકમાં બને છે. પારસી થિયોસોફીસ્ટો એક તરફથી કહે છે કે જરથોશ્ત પયગામ-બર રાસ્ત પયગામ લાવનારા મહાત્મા હતા અને બીજી તરફથી એ મહાત્માનાંજ મુખ્ય ફરમાનો તથા શિક્ષણો રદ્દ કરી-કરાવી તેઓનું અપમાન કરવા જેવાં કામો કરે છે. તેઓ મરણ પછીની ભવિષ્યની જિન્દગીની બાબદમાં અવસ્તા-પહેલવી વગેરે જરથોસ્તી સાહિત્યમાં આપેલાં શિક્ષણોના આજ સુધી ખરા અને મોતેબર તરીકે મનાતા આવેલા અર્થોને રદ્દ કરી પોતાની મતલબ મુવાફેકના અર્થો મરડી મચડીને કરી દેખાડે છે યા તો તેઓ એક તરફથી આપણુ લોકને સમજાવે છે કે પુનર્જન્મની તર્ક જરથોશ્તી ધર્મમાં આવી નથી તે છતાં એ તર્ક માનવી જોઇએ અને બીજી તરફથી જરથોશ્તી દીન અને જરથોશ્તી રાહ રસમને માન આપી તેને વળગી રેહેવાની એલતેમાસો કરતા વારંવાર જોવામાં આવે છે. એક ગમથી તેઓ પોતાના માની લીધેલા પરધર્મી મહાત્માઓના ફતવાઓ તથા વહેમ-વસીલાઓ જે જરથોસ્તી ધર્મમાં નથી તે જરથોસ્તી બાનુઓ તથા બાળકોનાં મન ઉપર ઠસાવવાની વેતરણમાં ફરતા ફરે છે અને બીજા હાથ ઉપર જરથોસ્તી દીન ઉપર યકીન વધે અને જરથોસ્તી ધર્મ ફંડો તથા મકાનો જળ-વાય તે માટેની હિલચાલોમાં, સભાઓમાં અને લખાણોમાં આગેવાનીભર્યો ભાગ લેવાને નિકળી પડતા દેખાય છે. એક તર-ફથી તેઓ જરથોશ્તી માવતરોને પેટે નહિ જન્મેલાં એવાં જુદદીન ફરજંદોને જરથોસ્તી ધર્મ-ફંડો તથા ધર્મના મકાનોનો લાભ નહિ

આપવાની હિમાયત કરે છે અને બીજી તરફથી જરથોસ્તી માવતરોને પેટે અવતરી સુદરેહ કુસ્તી બાંધી હિંદુ તથા બુધિસ્ત જેવા પરધર્મના ફતવાઓ જાહેર રીતે સ્વીકારનારાઓ સામે જરથોસ્તી કુંડો તથા મકાનોના દરવાજા બંધ કરવામાં આવે તો તે કામને ગેરવાજબી તથા અણઘટતાં કામ તરીકે તેઓ લેખતા હોય એમ માલુમ પડે છે. વળી એક હાથ ઉપર, પુનર્જન્મની તર્કના પારસી હિમાયતીઓ કબૂલ કરે છે કે આપણી કોમનો કેટલોક ભાગ સંગીન કેળવણી તથા જરથોસ્તી ધર્મનાં સંગીન જ્ઞાનથી બેનસીબ છે અને તેવી કેળવણી તથા જ્ઞાનની કોતાહીને લીધે મુવેલા જુદ્દીનોની કબરોની તથા હિંદુ દેવ દેવીઓની માનતા મુનતા માને છે અને ચઢાવે છે અને એવી માનતા મુનતાને બહાને પારસી સ્ત્રી પુરૂષો પાસેથી અભણમાં અભણ હિંદુ સ્ત્રી પુરૂષો શ્રાવણ મહિનાના સોમવાર તથા સનવારે કે દરેક અમાસને દિવસે તથા બીજા એવાં હંગામો ઉપર પુષ્કળ પૈસો આસાનીથી કઢાવી જાય છે. આ સઘળી બીના જાણવા છતાં, પારસી સ્ત્રી પુરૂષોની સંખ્યા થિયોસોફીકલ સોસાયટીમાં દિન પ્રતી દીન જે વધતી જાય છે, તે માટે પુનર્જન્મમાં મુકતી શોધનારા પારસી થિયોસોફીસ્ટો જાહેર તેમજ ખાનગીમાં ભારે ઉકમાઇ તથા ગડાઈ લેતા નજર પડે છે. શું આ સઘળી વર્તણુક ઉળટા સુલતી ન કહેવાય? શું આવી ઉલટા સુલટી વર્તણુક સાચ્ચા જરથોશ્તીને જેબ દેતી કે બંધ બેસતી હોઇ શકે? શું આવી વર્તણુકથી કોઇ ઠગાઇને ન ભોળવાય? અને જો એવી કાંઈ વર્તણુકથી કોઈ ભોળાઓ ભોળવાઇને આડે માર્ગે દોરવાઈ જાય તો તેવી વર્તણુક વાજબી ગણાય કે? કોઈબી જાતની વર્તણુક જેથી કોઇએ બી ભોળવાવાના કે ઠગાવાના સંભવ હોય તો તેવી વર્તણુક ચલાવવી જરથોશ્તી ધર્મ પ્રમાણે સદંતર નારવાજ છે.

હિંદુ પુરાણ શાસ્ત્ર માં હિંદુ દેવ કૃષ્ણના નીચલા શબ્દોનો ચયલો ઇંગ્રેજી તરજુમો હું તમો સાહેબોને કહી સંભળાવું છું:—

"If I had not adopted such deceitful ways in battle, victory would never have been yours, nor kingdom nor wealth. You should not take it to heart that this foe of yours has been slain deceitfully ......"

અર્થઃ—"જો મેં લડાઈમાં એવા પ્રપંચી માર્ગો અખત્યાર કીધા ન હતે તો તમે કદીબી ફતેહ મેળવવા તેમજ રાજપાટ તથા ગંજ ભોગવવા પામતે નહિ. તમારો શત્રુ પ્રપંચથી માર્યો ગયો છે એ વાત તમોએ હૈડે ધરવી ન જોઇએ............"

ઉપલા ફકરા ઉપરથી આપણે જોઈ શકિયે છિયે કે હિંદુ દેવ કૃષ્ણ કોઈ મતલબ કાઢી લેવા ઠગાઈ કરવાની હિમાયત કરે છે. પણ જરથોસ્તી ધર્મપોથી તેથી ઉળટુંજ ફરમાવે છે. અવસ્તામાં અંગ્રમઇન્યુનુ બીજું નામ "દ્રુજ" આપેલું છે. દ્રુજનો અર્થ જુઠું, ઠગાઈ, ઠગબાજી, અથવા જુઠું બોલનાર, ઠગાઈ કરનાર, છેતરનાર થઇ શકે છે. આત્મિક તથા શારીરિક સઘળી બદીઓનાં તથા દુઃખોનાં મુખ્ય મૂળ તરીકે દ્રુજને ગણેલો છે. જમયાદ યશ્તમાં તેમજ આપણાં બીજાં સાહિત્યમાં આપણને જણાવવામાં આવ્યું છે કે પેશદાદયન વંશનો પાદશાહ જમશેદ પોતાના રાજ્ય અમલની શરૂઆતમાં પોતે તેમજ તેનો મુલક તથા રૈયત સૌ આબાદ તથા સુખ શાંતિ ભરેલાં હતાં. પણ જયારથી તેણે જુઠું બોલવા માંડયું, જુઠાઈ ઠગાઈમાં મજાહ લેવા માંડી ત્યારથી તેના પોતાના તેમજ તેની રૈયત ઉપર આફતો આવી પડી. અવસ્તા વંદીદાદ તથા યશ્તો ઉપરથી ખુલ્લું માલૂમ પડે છે કે ભૂત ડાકણો તથા જાદુ કોટલના ભમાટાઓ દ્રુજમાંથી જન્મ લે છે. આપણી દીનમાં જુઠાંને, ઠગબાજીને, ભૂત ડાકણ તથા જાદૂ કોટલને ભયંકર રૂપમાં ચિતારેલાં છે. અને એ રીતે આપણને આપણી ધર્મપોથી શિક્ષણ આપે છે કે માણસની ખરાબી જુઠાંથી, જુઠા વિચારો, જુઠા ફતવાઓ માનવાથી થાય છે. આવું ઉત્તમ ફરમાન જરથોસ્તી ધર્મ આપે છે જે જરથોસ્તી ધર્મને વળગી રહેવામાંજ આપણાં સુખનું સાર્થક થશે.

નેક આનૂઓ અને બહેરથા! એજ જરથોસ્તી દીને આપણા અસલી જરથોસ્તી ઈરાનીઓને તમામ જેહાનમાં મશહૂર કીધા હતા. એજ બરહક્ક દીનના જરથોસ્ત, હુવોવી, મઈદ્યોમાહ, વિસ્તાસ્પ, હુતોસ, જામાસ્પ, ફ્રસઓસ્ત્ર, તેસર, અરદાવીરાફ, આદરબાદ, નેરયોસંગ જેવા અશો નરો તથા નારીઓ પાકીજગી પરહેજગારી માટે પોતાનાં નામો અમર કરી ગયાં છે. એજ જરથોસ્તી દિન ઉપર યકીન અને એતેકાદ રાખ્યાથી અરદેશર પાપકાન, શાપુર, ખુસરો અનુશીરવાન, ખુસરો પરવીજ જેવા સાસાન્યન વંશના પાદશાહો પોતાની હકુમત, જાહોજલાલી, દોલત, માલખજાના તથા દોર દમામની યાદ જાથુકની મુકી ગયા છે; અને એજ ખુબીવંતી દીનના પ્રતાપથી આપણા નેયાગાનો મુઠીભર હોવા છતાં હિંદુસ્થાનના કરોડો પરધર્મીઓ વચ્ચે ઉગી નિકળીને પ્રકાશી રહયા હતા અને પરકોમોનાં મન તથા દિલો જીતી લઈ તેમનો ચાહ તથા વિશ્વાસ મેળવી તેઓના રાહબર તથા મદદગાર જેવા થઈ પડયા હતાં. આપણા એ વડીલો હાલના જરથોસ્તીઓની મિસાલે પશ્ચિમ તરફની કેળવણી તથા જ્ઞાન હાસલ કરવા પામ્યા ન હતા તે છતાં પણ તેઓ પોતાનાં મોટાં મન, ખુલ્લાં દિલ, વફાદારી, ઉદારતા, પરોપકાર, સખાવત તથા એવા બીજા અનેક સદગુણો માટે જે નામદારી તથા સરસાઈ ભોગવવા પામ્યા હતા તેનું કારણ બીજું કોઈજ નહિ પણ તેઓનો પોતાનો વાપિકો જરથોસ્તી ધર્મજ હતો. મરહુમ પેહેલા સર જમશેદજી જીજીભાઈ અને તેમના જેવાજ તેમની આગમજના અને પાછલના જમાનાના પરમાર્થી નેક કામો કરનારા નામાંકિત શુરા નરો જરથોસ્તી ધર્મ ઉપરજ ફિદા હતા, તેઓ કાંઈ પુનર્જન્મ કે મહાત્મા જેવું જાણતા કે સમજતા ન હતા. આપણા આ જમાનામાં પણ આપણા ટોળામાં ઘણાએક વીરલાં નરો તથા નારીઓ એવાં પણ છે કે જેઓ પુનર્જન્મ માનતાં નથી છતાં પોતાનાં તન, મન અને ધનને ભોગે પોતાનાં ઘરને, કોમને, શેહરને, દેશને ફાયેદમંદ થઈ પડે એવાં કામો બજાવતા આવ્યા

છે અને ધાર્મિક, સંસારી તથા રાજદ્વારી સુધારા વધારા કરવા કરાવવામાં તેમજ એવાં બીજાં પરમાર્થી કામો આરંભવામાં હમેશ મશગૂલ રહે છે. આપણી જરથોસ્તી દીન ઉપર એતેકાદ રાખનારા-ઓમાં વફાદારીના સદ્‌ગુણો ધરાવનારાઓની કાંઇ ખૂટ નથી. જેમ અસલમાં પોતાના જરથોસ્તી રાજકર્તાઓ તરફ, જેમ આગલા હિંદુ તથા મુસલમીન રાજ્યો તરફ તેમજ હાલમાં, રહેમવંત, માયાળુ, સુખ સગવડ બખ્શનારાં અદલ ઇન્સાફી બ્રિટિશ રાજ્ય તરફ, સુલેહ સંપજના સદાના હિમાયતી આપણા નામદાર શાહનશાહ તરફ જરથોસ્તીઓ વફાદારી, ફરમાન બરદારી તથા જાનફેશાની દેખાડતા આવ્યા છે અને આજે એકે એક સાચો જરથોસ્તી ધર્મપાળનાર પારસી બ્રિટિશ રાજકર્તાની ઓરદુએ અડ પગે ઉભો રહી એ રાજ્યની સેવા બજાવવા માટે આરજૂમંદ છે. કેળવણી તથા વેપાર ધંધામાં વધારો કરનારા ઇંગ્રેજી અમલની સલામતી માટે આજનો દરેક વર્ગનો, દરેક ધંધાનો, દરેક ઉમરનો જરથોસ્તી કોઇબી જાતી ભોગ આપવાંને તૈયાર છે.

હવે નેક હમદીનો ! જરથોસ્તી મજદયસ્ની દીન ઉપરજ એતેકાદ રાખનારાંઓ કોઇબી ઉંચા ગુણોથી બેનસીબ રેહતાં નથી અને જરથોસ્તી મજદયસ્ની દીન માણસમાં નેક ખાસિયતો જેવી જોઇએ તેવી રીતે ખીલવવાને શક્તિવાન છે ત્યારે જરથોસ્તી દીનનાં ફરમાનોને ઉળટાવી નાખી તેનું ઉલ્લંઘન કરવાની કોશેસ બેવકુફી ભરેલીજ લેખાવી જોઇએ તેટલા માટે આપણા ટોળાના દરેક અકાબર, રેહબર, ધર્મગુરૂની, તેમજ જરથોસ્તી લેખકો તથા છાપાવાળાઓની આઇન ફરજ છે કે આપણા ટોળાની અસલ બરહક્ક જરથોસ્તી દીનને કોઇબી કિસમની હાનિ પુગે તેવી કોશેસોને સદંતર જડ મૂળથી નાબૂદ કરવા કરાવવાની દરેક તક, દરેક જોગવાઇ હાથ કરી લિયે.

મારા નેક મજદયસ્નાનો ! મારા નેક હમદીનો ! અસલ ઇરાની જરથોસ્તી ધર્મમાં બુધિસ્ત, કે હિંદુ, જેવા બીજા કોઇબી પરધર્મના

સંબકે। તથા ફરમાનોની ભેળસેલ કરવા કરતાં તેને ખાલેસ અસલ જરથોસ્તી ધર્મ તરીકેજ પ્રકાશતો રેહેવા દો. તમારા ધર્મને પચરંગી પચકુલ્યાન બનાવવામાં તમારૂં કીમતી તન, મન, ધન અને વખત રોકવાં કરતાં તેમને તમારી બાપિકી અસલ બુલંદ જરથોશ્તી દીનનો અભ્યાસ કરવામાં રોકો, એજ દિનની ખૂબીએ। પિછાનતાં શિખો, એજ દીનના "હુમત" "હુખ્ત," અને "હવર્શ્ત"ના ફરમાનો ઉપર તમારૂં પુખ્ત ધ્યાન આપો, તેની ઉપર પુખ્ત વિચાર કરો અને તેને હમેશાં અમલમાં મુકતા રહો અને હું ખાતરી આપું છું કે એજ ફરમાન જેટલું જોઇએ તેટલું, જેવું જોઇએ તેવું, જયાં બી જશો અને જયાંબી માગશો ત્યાં, આ હાડમંડ ગેતીમાં કે પેલી મીનોઈ જેહાનમાં, ગેતી શારીરિક હાલતમા કે મીનોઈ આત્મિક હાલતમાં તમોને બહેશ્તનું સુખ જરૂર બા જરૂર આપશે; અને એજ બેહતરીના ફરમાનની મારફતે તમો તમારી પોતાની, તમારાં કુટુંબ કબીલાની, તમારી કોમની, તમારાં શેહરની, તમારાં દેશની આબાદી, કીર્તિ, તથા શાંતિમાં હરદમ અને હરહમેશ સુધારો વધારો કરવા પામશો.

ધર્મની મૂળ ક્રિયાઓ અને રસમોના સંબંધમાં પારસીઓમાં ચાલતી કેટલીક ગેરસમજુતીઓ તથા ગેરરીતીઓ.

આટલું તો સિદ્ધ થઇ ચુકયું છે કે આપણો બાપિકો બુલંદ જરથોશ્તી મજહબ કુલ્લે કુદરતને, કુલ્લે દુનિયાને, દુનિયાની કુલ્લે પેદાયશોને, કુલ્લે ઇન્સાન જાતને સદંતર બંધબેસતો છે. જરથોશ્તી સાહિત્યના મહાન અભ્યાસી, તે પેલા બુઝોર્ગ અનુંભવી વિદ્વાન ડૉ. મીલ્સ જેવણે પોતાની જિન્દગીનો સૌથી ઉત્તમ અને સૌથી મોટો ભાગ આપણું અવ્વલ ધર્મ પુસ્તક જે અવસ્તા અને તેમાં મુખ્ય કરીને ગાથા સમજવા તથા સમજાવવામાં અર્પણ કીધો છે, તેવણ પણ, એક ખ્રિસ્તી ધર્મ ગુરૂ હોવા છતાં, બીજાઓ સાથ એકમત થઇને પોતાનું અપક્ષપાત મત વખતો વખત બા હિમ્મત જાહેર કરતા રહયા છે કે જરથોશ્તી ધર્મ–સાહિત્યનું મધ્ય બિંદુ જે ગાથા, જે જરથોશ્તી દીનના પાયા સમાન છે, તેમની અંદર જે ધર્મ–મતો આપવામાં આવ્યાં છે તે ધર્મ–મતો સાર્વજનિક ધર્મના સ્વચ્છ અને સ્પષ્ટ મૂળતત્વો ગણાવાં જોઇએ. આપણાં અવ્વલ મજહબની પાકીજગી અને રાસ્તીને લીધેજ, કોઇબી નવી વિધ્યા કે ફિલસુફી આપણી દીનનાં અસલ સિદ્ધાંતોને ખોટાં પાડી શકી નથી અને હવે પછી પણ ખોટાં પાડી શકશે નહિ. પણ જે પ્રમાણે જરથોશ્તી ધર્મ ભૂતકાળમાં યાહુદી, ખ્રીસ્તી, મુસલમાન ધર્મો ઉપર, તેમની ફાયદે મંદ ખીલવણી થાય તેવી અસર કરીને તમામ આલમના સુધારા

વર્ધારામાં સીધી યા આડકતરી રીતે ભારે જરૂરી મદદનો હિસ્સો આપી અતિ ઘણો અગત્યનો ભાગ બજાવ્યો છે, તેજ પ્રમાણે ભવિષ્ય કાળમાં પણ એ મજહબ દુનિયાની રીતિ નીતિમાં સુધારા થાંય અને કુલ્લે જેહાનની બીનોઇ અથવા આત્મિક આબાદી વધે એવી સૂચના આ સર જમીન ઉપર સદાકાળ હુરદમ કરતો રેહેશે. અશો જરથોશ્તંત પછીના બોહોળા વિસ્તારમાં ફેલાયલા જુદા જુદા ધર્મોમાં ખુદાને લગતા તેમજ ખરી સુખી જિન્દગીને લગતા અશો જરથોશ્તના સબકો ઉપર કાંઈબી અગત જોગો સુધારો દીઠામાં આવતો નથી, પણ જુદા જુદા જાણીતા ધર્મોમાં અશો જરથોશ્તના ધર્મનાં મૂળ તત્વોનેજ તેમના અસલ સ્વરૂપમાં યા તો બાજે વખત બીજા કોઇ આકારમાં આલમ સનમૂખ રજૂ કરવામાં આવ્યાં છે, જે વાત ઘણાક વિધ્વાન ધર્મ–અભ્યાસીઓ તરફથી કબૂલ રાખવામાં આવી છે.

આ વાતમાં તો કાંઈપણ શક રહ્યો નથી કે જરથોશ્તી ધર્મ બેહદ્દ બુલંદ, બેહદ્દ મોતેબર ધર્મ છે. એ ધર્મ સાર્વજનિક (universal) છે. દરેકે દરેક માણસને મુવાફેક આવે તેવો એ ધર્મ છે. એ ધર્મ દુનિયાના ખાસ તેમજ આમ લોકોને એક સરખો ફાયદા કારક છે. કારણ કે આપણી બરહક્ક દીનની મોટામાં મોટી ખૂબી તેની સાદાઇ છે. આપણો ધર્મ કેટલાક પારસી ભાઇઓ સમજાવવા નિકળયા છે તેવો છુપા ભેદ ભરમોથી કે ગુંચવાડાઓથી ગુથાયલો મુશ્કેલ ધર્મ નથી. આપણા ધર્મના સિદ્ધાંતો તેમજ ક્રિયાઓ એટલાં તો સાદાં અને સેહેલ છે કે કોઈ સાધારણ સમજ ધરાવતું માણસ પણ નેક નિષ્ટા, પાકી જગીઅને પરહિજ ગારીથી તેમની સાધારણ અગત જોગી સમજ મેળવવા માગે તો તે મેળવી શકે અને તે અમલમાં મુકી તેથી થતા ફાયદાઓ હાસલ કરી શકે. તમો તમારી સાધારણ સાદી અકલથી તુરત કહી શકશો કે કુલ્લે આદમજાત માટેનો, કુલ્લે જેહાનની સુખ શાંતિ અને આબાદી માટેનો ખરો અને સાર્વજનિક ધર્મ એવોજ સાદો, ખાલેસ અને સેહેલથી કાર્યસાધક થઈ પડે તેવો હોવો જોઇએ. જે ધર્મ એવો ન હોય તે ખુદાના દરેક માનવી

માટે નહિ પણ માનવી જાતના એક ભાગ માટેનો કહેવાય. પણ ખરા ખુદાઇ ધર્મ માટે એમ કહેવું કે તે માત્ર આદમજાતના ચોકકસ ભાગનેજ પુરેપુરો સમજવા લાયક છે યા તેઓનેજ માટે છે, તે ખુદાને તેમજ તેના ખરા ધર્મને ગેર-ઇન્સાફ કરવા તેમજ અપમાન આપવા જેવું છે.

નેક જરથોસ્તીઓ !—આપણા બુલંદ, બાપિકા જરથોસ્તી મજહબની નેમ ઉમદામાં ઉમદા છે, અને તે એ કે એ મજહબ મારફતે માનવી ખુદાને, ખુદાઇ ખિયાલને, ખુદાઈ ખાસિયતને, ખુદાની ખૂબી તથા નેકીને અને ખુદાની ખલકતને પોતાની નજર આગળ હમેશાં રાખે અને તેઓથી મળતા સબકો મનમાં ચોખતો રહી તે પ્રમાણે ચાલવાની નિયમિત કોશેસ કરે અને તેમ કરી ખુદ પોતાના તેમજ પોતાની આસપાસનાઓનાં ભલાંમાં હમેશાં મશગૂલ રહે. એજ આપણા ધર્મની, આપણા ધર્મ સિદ્ધાંતોની, આપણી ધર્મ-ક્રિયાઓની, આપણી ધાર્મિક રાહ રસમોની મૂળ નેમ છે, જે કદીબી ભૂલી જવી જોઈતી નથી. એંજ નેમ પયગામબર સાહેબ અશો જરથોશતની અને તેમના પાકીજે, પરેહજગાર, નેક સાગેર્દોની હતી અને એજ નેમ તેઓએ ફરમાવેલાં સિદ્ધાંતો અને ક્રિયાઓમાં સ્પષ્ટ અને ખુલ્લી રીતે જોવામાં આવે છે.

ખરી વાત છે કે આપણી દીનની અસલ અવસ્તા પોથીઓમાં તેમજ પેહલવી કેતાબોમાં દર્શાવેલાં સઘળાંજ સિદ્ધાંતો, ક્રિયાઓ, રસમો વગેરે આપણા પયગામબર સાહેબ અશો જરથોશ્તના ખુદ પોતાના સુખુનોમાંજ મળતાં નથી. પણ તે છતાં સારી નિષ્ટા ધરાવનાર કોઇબી સાચો જરથોશ્તી અભ્યાંસી ના પાડવાની કદીબી હિમ્મત કરી શકે નહિ કે એ સઘળાં મૂળ સિદ્ધાંતો, ક્રિયાઓ અને રસમો અશો જરથોશ્ત પયગામબરની અને તેમના અતલગના સાગેર્દોની મૂળ નેમ અને "સ્પીરીટ" યાને જુસ્સો ધરાવતાં નથી. અશો જરથોશ્ત પયગામબરનો અવ્વલ જુસ્સો યાને "સ્પીરીટ" તેવણ પછીના જમાનાઓમાં લખાંયલાં ધર્મ-પુસ્તકોની અંદર કેટલી

હદ સુધી અને કેવી રીતે સ્પષ્ટ જોવામાં આવે છે તે મારી કેતાબ "પયગામબર સાહેબ જરથોશ્ત અને જરથોસ્તી દીન" માંથી જોઈ શકાશે. તેટલા માટે જે કેટલાક નાસ્તિક, અધર્મી વિચાર ધરાવનાર પારસીઓ આપણા જરથોશ્તી સિદ્ધાંતો, ક્રિયાઓ અને રસમો ઉપર ઢાંકણું વાળવા–વળાવવાની મતલબથી જરા જરામાં સમજાવવા નિકળી પડે છે કે "આ સિદ્ધાંત તો પાછલા વખતનું છે, પેલી ક્રિયા તો જરથોશ્તના જમાનાની નથી" ત્યારે હરેક સાચા જરથોસ્તીએ જે માત્ર જોવાનું અને ધ્યાનમાં રાખવાનું છે તે એજ કે દુનિયામાં આશકારા થયલી તથા બોહોલી ફેલાયલી કોઇબી દીન યા કોઈબી ફિલસુફી કે વિધ્યા પુરેપુરી તેના પેહેલા સ્થાપક, શોધક યા રચનાર તરફથી જાહેર થયલાં સ્વરૂપમાંજ આજ દન સુધી આખી ને આખી જળવાઈ રહેલી માલૂમ પડી નથી અને હવે પછી કદીબી માલૂમ પડશે નહિ. કોઇબી ધર્મ, કોઈબી ફિલસુફી, કોઈબી વિધ્યા એકજ ધણી તરફથી જાહેર થઈને અને ખીલીને પુર બહારમાં આવેલી માલૂમ પડી નથી. તે દરેકની ખીલવણી તેના પ્રથમ સ્થાપક, શોધક, રચનાર યા કર્તાના જમાના પછી થયલી જોઇએ છિયે, અને હવે પછી પણ જોઈશું. અગર જો પયગામબર સાહેબ અશો જરથોશ્તનાં પોતાનાં મુખમાંથી નિકળેલા સુખુનો યા તેમને પોતાને હાથે લખાયલાં લખાણો મોજુદ ન હોય તે છતાં પણ તેવણ પછીના જમાનામાં લખાયલાં અને રચાયલાં ધર્મ–સાહિત્યોનાં સિદ્ધાંતોમાં તથા ક્રિયાઓમાં તે હજરત સાહેબનો પોતાનોજ જુસ્સો કે તેમની પોતાનીજ "સ્પીરીટ" યા મુખ્ય નેમ કે નિસ્બત જોવામાં આવે તો તેમને પયગામબર સાહેબ જરથોશ્તના ખુદ પોતાનાંજ સિદ્ધાંતો અને ક્રિયાઓ તરીકે ગણી માનપૂર્વક અમલમાં મુકતા રહેવાની આપણી આઇન ફરજ છે. કારણકે આપણને જે મુખ્ય જોવાનું અને જે ઉપર અવ્વલ ધ્યાન આપવાનું છે તે તેઓની અંદરની "સ્પીરીટ" યા નેમ છે.

આપણા અશો પયગામબર વિધ્વાનોના વિધ્વાન, ફિલસુફોના ફિલસુફ તરીકે જાણીતા થઇ ગયા છે. ખરા ખુદાઇ ખિયાલના

આવિંદ અને પુખ્ત પવિત્રાઇના પિતા તરીકે મશહૂર થઇ ગયા છે. પવિત્ર સાહસને આગળ વધારનાર, રીતિ નીતિનો ઉંડો અને સપર પેહેલો છાપ માણુસનાં મનપર મારનાર અશો જરથોશ્ત સિવાયે બીજો કોણ હતો ? તે સાહેબ મીનોઈ રોશની, મીનોઇ ખુશહાલી અને મીનોઇ સુખના ગોયા મૂળ હતા અને આ ગેતી જેહાનની સપાટી ઉપર જે મીનોઈ રોશની, મીનોઈ ખુશહાલી અને મીનોઈ સુખનો ઝરો હજી સુધી પુર જોશથી વહે છે તેની શુભ શરૂઆત અશો જરથોશ્તે પોતે કીધી હતી. જાતી સુધારો (personal reformation) જાતી અશોઈ (personal purity) એજ જિન્દગીની મૂળ નેમ છે એ સબક સ્પષ્ટ અને સ્વચ્છ આકારમાં દુનિયાની નજર આગળ ધરનારા અશો જરથોશ્ત પયગામબર સર્વથી પેહેલાજ હતા. તેઓએ પોતાની દીન સ્થાપવા માટે અશો અહુરમજદ તરફથી જે આગાહીઓ તથા બશારતો મેળવી હતી તે તે કાંઈ ફકત પોતાની ઉંચી પાકીજગી, પારહીજગારી કે દુઆ બંદગીથીજ મેળવી નં હતી, પણ પોતાની પવિત્રાઈ સાથે દુનિયાના અવલોકન અભ્યાસ મારફતે મેળવી હતી. અશોઈની મારફતે પવિત્ર વિચારોની સૌથી ઉંચી ટોંચવેર પોહોંચ્યાથી એવણનાં પાક મનની નજર આગળ અશો અહુર મજદની કુલ્લ કુદ્રત તે સાહેબની ઇચ્છા અને તે સાહેબનો કાએદો એ સઘળું ખુલ્લું થઇ ગયું હતું. ઇજિશનેનાં ૪૫ માં હામાં જરથોશ્ત સાહેબ ખુશહાલી અને એહસાનના ઉભરા વચ્ચે પોકારી ઉઠે છે કેઃ— "મારી અશોઇ મારફતે હું તે સાહેબને જોઉં છું કે જે નેક વિચાર નેક સુખુન અને નેક કામનો માલિક અહુરમજદ છે."

આપણા આગળા નેયાગાનોનીજ મિસાલે હાલના કેળવાયલા તથા બીનકેળવાયલાં જરથોશ્તીઓ એમજ માનતા આવ્યા છે કે અશો જરથોશ્તે માણુસ જાત વચ્ચે માનવી મા બાપને પેટે જન્મ લીધો હતો, તેઓ માનવી ખવાસ અને માનવી શક્તિઓ ધરાવતા હતા, માનવી મિસાલેજ વર્તતા અને 'માનવી જાતમાંજ ખપવાનો દાવો કરતા હતા. પણ તે ઉપરથી કાંઇ એમ નથી ઠરતું

કે અશો જરથોસ્ત સાહેબ એક સાધારણ માણસ એક સાધારણ વિદ્વાન, યા એક સાધારણ ફિલસુફ કે એક સાધારણ ધર્મ રચનાર તરીકે જણાયલા હતા. પરકોમ અને પરધર્મના જાણીતા વિદ્વાન અને જરથોસ્તી ધર્મ-પુસ્તકોના ચુનંદા અભ્યાસી પ્રોફેસર સી. પી. ટીલ પોતાનાં "રીલીજીઅન ઑફ ધી ઇરાન્યન પીપલ" નામનાં જરમન ભાષામાં લખેલા વિષયમાં જણાવે છે કે:—

"The unique charactor of the Gathas and the tenets laid dov n in them show that the latter have not sprung sponteneously from he popular religion but have issued from the genius of scme thinker. The sage is not simply a sacred poet inspired by the divine afflatus who would glorify the solemn cu t and the efficacy of the sacrifice by new songs. He is rather the incarnation of Ahura Mazda Who has revealed all to hi n, of Who n he constantly inquires, and Whom he perpetually interrogates." (English Translation by G. K. Nariman.)

અર્થ:—"ગાથાઓનાં અસાધારણ લક્ષણ અને તેઓમાં આપેલા અભિપ્રાયો અથવા ધર્મ-મતો ઉપરથી જણાઇ આવે છે કે એ ધર્મ-મતો, તે જમાનામાં લોકો વચ્ચે પળાતા ધર્મમાંથી એકદમ ફુટી નિકળ્યાં નથી, પણ બીનોઇ જ્ઞાન ઉપર ધ્યાનથી અવલોકન કરતા કોઇ ખરેખરા વિચારવંત વિદવાનની કલ્પના શક્તિ અથવા બુદ્ધિ બળમાંથી પ્રકટી નિકળયાં છે. (એ ગાથાઓનો રચનાર) હકીમ (જરથોસ્ત) કાંઈ નવાં નવાં ગાયનો વડે તે ગંભીર ધાર્મિક સંપ્રદાયની અને ભોગની તાસીરની સ્તુતી કરે એવો માત્ર ખુદાઈ વહીથી બશારત પામેલો કોઇ શાએર નથી. બલકે તે તો અહુર-મજદનો અવતાર છે, જે અહુરમજદે તેના આગળ સઘળું જાહેર કીધું છે, જેનાથી તે ચાલુ જુસ્ત જુઈ કરતો રહે છે અને જેને તે હમેશાં સવાલો પુછયા કરે છે."

હવે ત્યારે ચુનંદા અભ્યાસીઓને આધારે, પયગામબર સાહેબ અશો જરથોસ્તના ઉપર ટાંકી બતાવેલા સુખુનોને આધારે, આપણું અસલ ધર્મ-પુસ્તક ગાથાને આધારે, દરેક દીન ચુસ્ત જરથોસ્તી હિમ્મતથી કહી શકે અને વાજબી રીતે મગરૂરી લઇ શકે કે અશો જરથોશ્ત પોતાના પવિત્ર વિચારો, સુખુનો અને કામોની મારફતે અશો અહુર-મજદના ઘાડા સંબંધમાં આવી, અહુર-મજદના સૌથી માનિતા મિત્ર થઈ પડી, અશો અહુર-મજદ પાસેથી સર્વોત્તમ પયગામબરીને બરની આગાહી તથા બશારત મેળવવામાં અશો અહુર-મજદની ખરી ઇચ્છા જાણવામાં અને તે સાહેબની ઇચ્છા લોકોનાં મન ઉપર સ્પષ્ટ તથા સ્વચ્છ આકારમાં ઠસાવવામાં સર્વેથી પેહેલા તેમજ છેલ્લા થઈ ગયા છે.

ભલા મજદયસ્નાનો!—આવા પયગામબરે તમારો વાહાલો પરા પૂર્વથી ઉતરી આવેલો ધર્મ રચ્યો છે. આવા અશોમાં અશો નરે તમારી જેહાન આશકાર થયલી જરથોસ્તી દીનનાં ફરમાનો તથા ક્રિયાઓનો પાયો નાખ્યો છે. મેં ઉપર કહ્યું તેમ, જરથોસ્તી ધર્મ તથા જરથોસ્તી ધર્મનાં ફરમાનો ખુલ્લે કુદરત ઉપરના માણસ જાતનાં અવલોકન તથા અભ્યાસ ઉપરથી રચાયલાં છે, તેમજ જરથોસ્તી ધર્મ-ક્રિયા પણ કુદરતનાં અને માણસ જાત ઉપરનાં અવલોકન તથા અભ્યાસ ઉપર રચાયલી છે અને તે સબબથીજ માણસની ખાસિયતને બહુજ ઉપયોગી થઇ પડે એવી છે.

અત્રે હું જે ક્રિયાઓ વિષે બોલવા માગું છું તે સાદી, સાધારણ, વખતો વખત હરદમ તમારા દીઠામાં આવતી નવજોત, લગ્ન, ગેહસારણું, ઉઠમણું તથા જશન આફ્રીનગાનની ક્રિયાઓ છે. આ ક્રિયાઓનાં મૂળ તત્વો વિષે જો તમો સેહજ ખિયાલ અથવા સમજ મેળવો તો હું ધારૂં છું કે આપણી બીજી દરેકે દરેક મોટી અથવા નાની ક્રિયાઓનો જરૂર જોગો ભાવાર્થ પોતાની મેળે સમજી શકો. કેહેવાની જરૂર નથી કે કોઇબી દીન ચુસ્ત જરથોસ્તી એવો ન હશે કે જેણે પોતાની જિન્દગી દરમિયાન નવજોત, લગ્ન, ગેહસારણું, ઉઠમણું તથા જશન-આફ્રીનગાનની ક્રિયા કરાવી

નહોય અથવા તેમાં ભાગ લીધો ન હોય; પણ મને મોટી દેલગીરી સાથ કેહેવાની ફરજ પડે છે કે ઘણાક જરથોશ્તીઓ બલકે જરથોશ્તી ટોળાનો મોટો ભાગ એવો છે કે જે આપણી જરથોશ્તી દીનની સાધારણ ક્રિયાઓની જરૂર જોગી મતલબ વટિક જાણુવાને કાલજી ધરાવતો નથી. તેટલાજ માટે મેં આ બાબદ તમારૂં ધ્યાન ખેંચવાની મકસદથી અત્રે રજૂ કરી છે.

જરથોશ્તી ધર્મ ક્રિયાઓ ઘણી મોતેબર છે અને તેમની અંદર સમાયલી નેમ અતિ ઉમદા છે. જરથોશ્તી ધર્મ ક્રિયાઓનાં બે તત્વો છે. એ બે તત્વો માહેલું એક તત્વ અલામતો (symbols) નું બનેલું છે. આપણા સઘળા ધાર્મિક સંસ્કારો અને ક્રિયાઓમાં ચોક્કસ સુચના કરતાં ચિન્હો તથા કાર્યો, ચોક્કસ આલાતો, ચોક્કસ વસ્તુઓ વાપરવામાં આવે છે. આપણી સર્વે ક્રિયાઓમાં સપર પેહેલી અને સર્વથી વધારે અગત્યની જે ચીજ તે આતશ છે. તમો જાણો છો તેમ રોશની માત્ર અશો અહુર-મજદની સર્વોત્તમ પેદાયશ છે, પછી તે રોશની સૂર્યની, તારાની કે આતશની હોય. તમામ સૃષ્ટિની અંદર કોઈબી તત્વ એવું નથી કે જેની શક્તિ અને ખૂબીને રોશનીની શક્તિ તથા ખૂબી સાથ સરખાવી શકાય. આખી સૃષ્ટિની અંદર કોઈબી ચીજ એવી નથી કે જે રોશની વગર યા તેની ગરમી વગર હસ્તીમાં આવી શકે યા હયાત રહી શકે. આખી દુનિયામાં કોઈબી બીજું તત્વ એવું નથી કે જે માણસની ઉંચામાં ઉંચી જાતી ઈચ્છા થોડે ઘણે દરજજે બી બર લાવી શકે. સર્વથી શ્રેષ્ઠ શક્તિ નો કાંઈક ખિયાલ મેલવવો એ માણસની સર્વોત્તમ જાતી ઈચ્છા છે. હવે સર્વેત્તમ શક્તિ જે અશો દાદાર અહુર-મજદ ખુદા, તેનો કાંઇક ખિયાલ આપવાને આ જેહાનમાં માત્ર એકજ ચીજ છે અને તે ચીજ આતશ યા રોશની છે. તેટલા માટે આપણી બરહક્ક દીનમાં આતશને યા રોશનીને અશો અહુર-મજદની અલામત એટલે અશો અહુર-મજદની સર્વેત્તમ શક્તિ, સર્વેત્તમ રાસ્તી (best truth) સર્વેત્તમ અશોઈ (best piety) દર્શાવનાર નુરમંદ નિશાન તરીકે ગણવાને ફરમાવેલું છે. હવે

ત્યારે આપણી દરેક ક્રિયામાં આપણને અશો ' અહુર-મજદને સપર પેહેલો યાદ કરવાનો હોવાથી, આપણી તે દરેક ક્રિયામાં આપણી નજર આગળ આતશને રોશન રાખવાની આપણે જરૂર જોઈએ છિયે. દરેક ધર્મમાં, આગળના તેમજ પાછલા જમાનાના ધર્મોમાં, જરથોશ્તી, વેદિક, યુનાની, રૂમી, એસીર્યન, ફીનીશ્યન, હીબ્રુ, ખ્રીસ્તી મુસલમાન ધર્મોમાં ધાર્મિક વિચારો પૂર ભાવથી દર્શાવવાને આતશ યા રોશનીનો આશરો લેવામાં આવ્યો છે.

આપણે ઉપર કહી ગયા તેમ આતશ વતરોગે બીજી અનેક ચીજોને આપણી જુદી જુદી ક્રિયાઓમાં જુદા જુદા અર્થસૂચક ચિન્હો અથવા વિચાર સૂચક નિશાનો તરીકે ગણવામાં આવે છે. આપણી નવજોતની ક્રિયા કે જે આપણાં બાળકો ઉપર કરવાની પેહેલી અગત્યની ક્રિયા છે તે ક્રિયાઓમાં નહાન નહવાડીને પાક કરેલાં બાળકને સગાંઓ, મિત્રો તથા ધર્મ-ગુરૂઓ વચ્ચે શુદ્ધ સુફેદ કપડાંની પીછોડીમાં લપેટીને તે બચ્ચાંની ખુદા સાથની નિસ્બત દેખાડવાને ખાતર તેને ઉગમણુ દિશા તરફ મોં કરીને બેસાડવામાં આવે છે, જે ઉગમણુ દિશા રોશનીની અલામત છે. જરથોશ્તી માબાપને પેટે જન્મેલાંઓને, સમજણમાં આવ્યા પછી પાક પેહેરણ સુદરેહ અને પાકી જે કમરબંધ કુસ્તી હમેશાં પોતાનાં બદનપર રાખવાની ધાર્મિક ફરજ છે. શુદ્ધ સુફેદ કપાસમાંથી બનેલો સુદરેહ અને મેંઢાં જેવાં નિર્દોષ પ્રાણીનાં સુફેદ ઉનમાંથી બનાવેલી કુસ્તી દરેક જરથોશ્તીને પોતાનું અંતઃકરણ સુફેદ અને ખાલેસ રાખવાની ફરજ હરદમ તથા હરહમેશ આપતાં રહે છે. તેનો પાક કમરબંધ તેના હમેશના રેહબર તરીકે તેને ચાલુ ચેતવણી આપ્યા કરે છે કે તે જરથોશ્તીએ મજદની દીન યાને કાએદા માટે પોતાની કમર હમેશ કસેલી રાખવી તથા તે દીનને સદાકાળ વફાદાર રહેવું, તેનું રક્ષણ કરવું, તેની વૃદ્ધિ કરવી. વળી કમર ઉપર કુસ્તીના ત્રણ આંટાઓ તેને "હુમત" (નેક વિચાર), "હુખ્ત" (નેક સુખુન) અને "હુવર્ષ્ત" (નેક કામ) નાં ત્રણ કુંડા-

ળાંઓની હદમાંજ પોતાની જિન્દગી ગુજારવાની તેની ફરજ તેનાં મન આગળ હમેશાં ધરી રાખે છે.

વળી નવજોતની તેમજ લગ્નની ક્રિયાઓમાં જે બીજી અગત્યની ચીજ અલામત તરીકે વાપરવામાં આવે છે તે ચોખા છે. નવજોતવાળાં બાળક ઉપર તેમજ પરણતાં જોડાં ઉપર દુઆ અથવા આશિર્વાદ દેતી વખતે વારંવાર ચોખા છાંટવામાં આવે છે, કારણ કે ચોખા આબાદી અથવા ફરાખીની નિશાન તરીકે ગણાય છે.

મરણ, ઉઠમણાં, આફ્રીનગાન, ફરોખશી વગેરે ક્રિયામાં આતશ ઉપરાંત જે બીજી કુદરતી વસ્તુ અલામત (symbol) તરીકે વાપરવામાં આવે છે તે ખુશબોદાર ફુલ છે. ખુદાનો પોતાની પેદાયશ પ્રત્યેનો ચાહ દર્શાવનાર તરીકે માનવીના ભાઈબંધ માનવી પ્રત્યેના પ્રેમનાં સાધણ તરીકે ફુલને સામાન્ય રીતે સ્વીકારવામાં આવ્યું છે. એ કારણથી મોબેદો "અહુરહે-મજ્દાઓ રઓવતો ખરેનડ્હતો" યાને "અહુર-મજ્દ નુરમંદ અને ખોરેહમંદ" એ પ્રમાણેના વચનો કાઢતાં ફુલ હાથમાં ઉંચે ધરે છે અને પછી એકમેક સાથ અદલા બદલી કરે છે. ખુશનુમા ખુશબોદાર ફુલ પોતાની ખુબસુરતી અને પમરાટથી માણસનાં મગજમાં ખુબસુરતીનો ખિયાલ અને દિલમાં ખુશહાલી ભરી લાગણી બેદાર કરે છે, એટલુંજ નહિ, પણ માણસનાં મનમાં દિલ અથવા અંતઃકરણની ખુબસુરતીને લગતા વિચારો સૂચવે છે. ફુલ આપણને સબક આપે છે કે આ જેહાનમાં આપણી હસ્તી ફક્ત તનને પરવરેશ કરવા, તનને પંપાળવા, તનને એશઆરામ આપવા માટેનીજ નથી પણ જે પ્રમાણે એક ઉમદા ફુલ પોતાના કાંઈપણ સ્વાર્થ વગર, કાંઇબી ફાયદો હાસલ કરવા વગર યા ફાયદાની કસી આશા રાખવા વગર પોતાની નાજુકાઈ, ખુબસુરતી તથા ખુશબોથી માણસનાં દિલને ખુશ તથા મગજને તર કરવાનાં સખાવતી કામો બજા લાવી કરમાઇને જિન્દગી ખતમ કરે છે, તેજ પ્રમાણે માણસે સખાવતી, પરોપકારી, પરમાર્થી કામો કરી એવાં કામોની ખુબી, ખુબસુરતી અને ખુશબોથી ભાઇબંધ માનવીઓનાં મન

અને દિલ ખુશ તથા આબાદ કરવા માટે હસ્તી ભોગવી આ જેહાનથી ગુજર પામવાનું છે. આફ્રીનગાનની ક્રિયામાં મોબેદ પોતા આગળ ફુલોની જે બે હાર ગોઠવે છે તે બે હાર બે હયાતીઓ દર્શાવે છે. બે હાર માહેલી એક હાર આ દુનિયામાં "હુમત," "હુખ્ત" અને "હુવર્શ્ત"ની મારફતે મળતી હુમેશગીની ખુશહાલીભરી ખુશબોદાર જિન્દગી દર્શાવે છે. આ મતલબ હોવાથી ક્રિયા કરનાર મોબેદો એકેક હારનાં ત્રણું ત્રણ ફુલો હાથમાં લેતાં લેતાં નીચે પ્રમાણે બોલે છે:—

"અમો તમામ નેકીની તરફેણવાલા હોવાથી જેઓ આ જેહાન માટે તેમજ બીજી દુનિયાને ખાતર નેક વિચારો (હુમત), નેક સુખુનો (હુખ્ત) અને નેક કામો (હુવરશ્ત) બજા લાવે છે, અને જેઓ બજા લાવી ગયા છે તેઓના અમો વખાણનાર તથા તેઓની ઉપર ચિંતન કરનારા છિયે."

વળી આફ્રીનગાન કરનારા બંને મોબેદો સાથે મળી એક ચમચ પકડી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ સઘળી બાજૂએ ચમચ ફેરવે છે અને ફેરવતાં ફેરવતાં એકવાર યથા અહુ વઈર્યો પઢે છે અને બીજીવાર અષેમ વોહૂ પઢે છે. આ ટુંક પણ ઘણીજ ઉત્તમ બંદગીઓ પઢતાં પઢતાં બંને મોબેદો સાથે ચમચ પકડી સઘળી બાજૂએ ફેરવતાં એ દર્શાવે છે કે એ ટુંક બંદગીઓમાં જે ઉત્તમ સબકો આપ્યા છે તે દુનિયાની ચો તરફ પંથરાય અને અમલમાં આવે એવી કોશેસ કરવામાં બંને જણા હમશરીક છે. સેવટે બંને મોબેદો એક બીજા સાથે હાથો મેળાવી ઇચ્છે છે કે તેઓ બંને જણા તમામ નેકી કરવામાં હમશરીક થાય.

એ પછી આફ્રીનગાન તેમજ બાજની ક્રિયામાં દરૂન, ફ્રુટ, મેવો, દુધ વગેરે ખાવાની જણસો મુકવામાં આવે છે જે સઘળી જણસો ક્રિયા કરનાર મોબેદ જેમ અશો અહુર-મજદ, અશો રવાનો તથ અશો ફરોહરો આગળ નેક વિચારો, નેક સુખુનો, નેક કામો, શોતાયશો, નમાજો ધરે છે, તેમ આ ચીજો પણ ધરે છે. તેઓની

ખિદમતમાં સઘળી ખેતર અને બાગની પેદાયશો તથાં નેઆમતો રજૂ કરે છે. (યજ હા. ૩૪, ફ. ૧–૩; હા. ૧, ફ. ૮, ૧૧; હા. ૧૬, ફ. ૭), આ પ્રમાણે રજૂ કરી ભેટ દેખાડી પોતાની પ્રેમ, ઇજ્જત અને એહસાનની લાગણી ઉસ્કેરે છે તથા જાહેર કરે છે.

હવે ત્યારે આપણે ટુંકમાં જોયું કે ધાર્મિક સંસકારો, ક્રિયાઓ ચોક્કસ સૂચના કરતાં ચિન્હો તથા કાર્યો છે કે જે આપણી દીનમાં અશો અહુર-મજદની કીર્તિ ગાવાને તેમજ ગુજરેલાં યા હયાત લોકોનાં અશો ફરોહરો તથા અશો રવાનોની સ્તુતિ કરવાને તેમની ખુશનુદીને માટે ફરમાવેલાં છે. બેશક, અવસ્તા પ્રમાણે અહુર-મજદની અને ગુજરેલાં તથા જીવતાં અશો રવાનો તથા અશો ફરોહરોની ખરી સ્તુતિ કરનાર તો તેજ છે કે જે વિચાર, વચન અને કામમાં અશો હોય. (યજ. હા. ૪૫. ફ, ૬; હા. ૫૦. ફ. ૪, ૯, ૧૧; હા. ૧૬. ફ. ૭). તોપણ મનના બાતેની વિચારો જે દેખીતી નિશાન મળયા વગર ખીલીને પુખ્તગી પામતા નથી, તે વિચારો નીશાનો મારફતે જાહેરમાં લાવવાને અવસ્તા પોથી કોઈબી રીતે મના કરતી નથી. જ્યાં સુધી આદમી શારીરિક હસ્તી ધરાવે છે ત્યાં સુધી તેના ખિયાલો અને લાગણીઓ કલ્પના શક્તિ (imagination) તથા ઇંદ્રિયોને અસર કરે એવા કોઈ અર્થસૂચક આકારમાં જાહેર થવાં જોઈએ, તેટલા વાસ્તે દરેક ધર્મમાં બે ભાગો જોવામાં આવે છે; એક જાહેર અથવા દેખીતી નિશાનો યા ચિન્હોનો હોય છે જ્યારે બીજો બાતેન અથવા અણદીઠ હોય છે. એક બાજૂએ યકીન તથા વિશ્વાસ જાહેર કરેલાં હોય છે, જ્યારે બીજા હાથ ઉપર દંત-કથાઓ, સંસ્કારો, ક્રિયાઓ તથા નુસખાઓ જેમાં તે યકીન તથા વિશ્વાસ જાહેર કરેલાં તે આવે છે. જે મિસાલે એક સારૂં ગાયન યા વાજિંત્ર ધ્યાનથી સાંભળવામાં આવે ત્યારે આપણી તાકાત તેજ બને છે, આપણાં મનની ગતિ ચપળ થાય છે અને આપણું દિલ ખાલેસ લાગણીઓથી ભરપૂર થઈ જાય છે, તેજ મિસાલે આપણી ક્રિયાઓ જો ઘટતી રીતે બજા લાવવામાં આવે તો તેઓ આપણા ખિયાલોને તેજી

બખશે છે, આપણી હોંશ ઉલટને બુલંદ કરે છે. અને આપણી ઇચ્છા ઉપર એવી અસર કરે છે કે તેથી આપણે આ॰ગેતી જેહાનમાં આપણને કરવી પડતી નીતિમાન કોશેસમાં અને ધાર્મિક જંગમાં મદદ અને કુવ્વત હાસલ કરિયે છિયે. દાનાવ અનુભવી શખ્સોની ખાતરી થઈ ચુકી છે કે બાહેરની અર્થસૂચક નિશાનો, ચિન્હો યા અલામતો (Symbols) અને ક્રિયાઓ વગર કોઈબી ધાર્મિક મતો, ધાર્મિક વિચારો (doctrines) પાળવાની અથવા પળાંવવાની કોશેસો. કુદરતથી ઉળટી અને નિષ્ફળતાને પાત્ર છે. આ કારણને લીધેજ હાલના તેમજ કદીમ જમાનાઓના સુધરેલા તેમજ જંગલી લોકોના સઘળા ધર્મોમાં જાહેર અને બાતેન દેખીતા અને અણદીઠ એવા બે ભાગો જોવામાં આવે છે, (જુઓ મારી "પયગામબર સાહેબ જરથોશ્ત અને જરથોશ્તી દીન" પ્રકરણ ૫ મું). યુરોપિઅન અને અમેરીકન જેવી સૌથી સુધરેલી પ્રજાઓમાં સ્થપાયલાં ફ્રીમેસન જેવાં મંડળો જે છુટામાં છુટા વિચારો ધરાવવાનો તથા ફેલાવવાનો દાવો કરે છે તેવાં મંડળો પણ દંતકથાઓ, સંસકારો, ક્રિયાઓ, નુસ્ખાઓ, અલામતો અને નિશાનોના ઉપયોગની અતિ ઘણી જરૂર જુએ છે. અમેરીકન તથા યુરોપિઅન ફ્રીમેસનોમાં વખણાયલા સત્તાધિકારી લખનારાઓના નીચે ટાંકેલા ફકરાઓ ઉપરથી આપણે સ્પષ્ટ જોઇ શકિયે છિયે કે સુધરેલામાં સુધરેલા સૌથી છુટા વિચારો ધરાવવાનો દાવો કરનારાઓ પણ ક્રિયાઓ તથા અલામતોને કેટલી બધી હદ સુધી આવકાર દે છે. ઘણોજ જાણીતો વિધ્વાન અમેરીકન ફ્રીમેસન ડૉકટર મેકે કહેછે કે:—

"A Lodge is an assemblage of Masons duly congregated, having the Holy Bible, the Square and Compasses, a Charter and the Trestle Board (Dr. Mackey's Masonic Ritualist. p. 47)

અર્થ:—"એક લોજ (યાને ફ્રીમેસન મંડળ અથવા તેનું મકાન) એ, પવિત્ર બાયબલ, ચોખૂણ તથા વર્તુલ દોરવાનાં ઓજારો (square and compasses), એક સનદ અને ચોકઠાંનું પાટિઉ

(a Charter and the Trestle Board) (એ વસ્તુઓ) ધરાવતા, ઘટતી રીતે-ભેગા મળેલા મેસનોનો એક સમુદાય છે." (મેકેની મેસોનિક રિચુએલિસ્ટ).

એક બીજો અતિ નામિચો અમેરીકન ફ્રીમેસન લખે છે કેઃ—

"The Compass is the Hermetic symbol of the Creative deity and the Square, of the productive Earth or Universe" (See American Freemasonry by Preuss.)

અર્થ:—"વર્તુલ દોરવાનું ઓજાર કમ્પાસ (Compass) એ ઉત્પાદક દૈવત (Creative deity) નું યાને પેદા કરનાર ખુદાનું અને ચોખૂણુ દોરવાનું ઓજાર (Square) એ ઉત્પત્તિકારક (productive) પૃથ્વી અથવા સૃષ્ટિનું ત્રિભૂત દર્શક (Hermetic) ચિન્હ છે" (જુઓ પ્રેયૂસની અમેરીક ફ્રીમેસનરી).

એજ પ્રમાણે નીચે આપેલા બીજા ફકરાઓ ઉપર તમો નેક હમદીનોનું ધ્યાન ખેંચું છું.—

"Supreme Deity was bi-sexual or hermaphrodite including in the essence of his being the male and female principles, the generative and prolific powers of nature, This was the universal doctrine in all the ancient religions, and was very naturally developed in the symbol of the Phallus and Ctics among the Greeks and in the corresponding one of Lingam and Yoni among the Orientals; from which symbols the Masonic point within a circle is a legitimate derivation. They all taught that God, the creator, was both male and female" (Symbolism, p. 185 by Mackey).

અર્થ:—"પરમેશ્વર પોતાનાં વજૂદનાં તત્વમાં નર અને નારીનાં લક્ષણો, (યાને) કુદરતની ઉત્પાદક (generative) અને પ્રસવ-શીલ (prolific) શક્તિઓ સમાવતો દ્વિ-જાતિય (bisexual)

અથવા ઉભય લિંગ (hermaphrodite) છે. એ સઘળા પ્રાચીન ધર્મોનો સામાન્ય ઉપદેશ હતો અને અતિ સ્વભાવિક રીતે–તે ઉપદેશ ફાલુસ અને ટીઇસિનાં ચિન્હમાં તથા પુરાતન યુનાનીઓ વચ્ચે તેને મળતાં આવતાં લિંગમ તથા યોનિનાં ચિન્હમાં ખીલી નિકળયો હતો; જે ચિન્હો ઉપરથી ફ્રીમેસનોનું વતુલ માહેલું બિંદુ એક વાસ્તવિક ઉત્પતિ છે. તે સઘળાં ચિન્હો એવું શિખવતાં હતાં કે ખુદા એકી વેળાએ નર અને માદા બંને છે." (મેકેનુ સીમ્બોલીઝમ).

"All the truths of Masonry are contained in symbols. The chief, the all-important symbol is the letter G, and the letter G is the most familiar of all the symbols of Freemasonry suspended on over the Master's chair (See Preuss' American Freemasonry).

અર્થ:—"મેસનરીની એટલે મેસન ધર્મની સઘળી સત્યતાઓ અલામતોમાં સમાયલી હોય છે. તેઓ માહેલી મુખ્ય, સર્વથી અગત્યની અલામત G અક્ષર છે અને G અક્ષર 'માસ્ટર'ની એટલે વડા મેસન ગુરૂની કુરસી ઉપર ટાંગવામાં આવતી ફ્રીમેસનરીની સઘળી અલામતો વચ્ચે સૌથી ઘણીજ જાણીતી અલામત છે." (જુઓ પ્રેયુસની અમેરકન ફ્રીમેસનરી).

"In the ancient mysteries the first step taken by the candidate was a purification. The candidate was not permitted to take any part in the secret formula of initiation until by water or fire he was emblematically purified from the corruptions of the world. A similar principle exists in Fremasonry when the first symbols presented to the entered apprentice are those which inculcated a purification of the heart of which the purification of the body was symbolic." (Mackey's Masonic Ritualist).

અર્થ:—"પુરાતન ગુપ્ત ક્રિયાઓમાં ઉમ્મેદવાર જે પેહેલું પગલું ભરતો હતો યાને તેના ઉપર જે ક્રિયા સપર પેહેલી કરવામાં આવતી હતી તે પવિત્ર કરવા માટેની હતી, એટલે તેને સ્નાન કરીને પાક થવું પડતું હતું. તે ઉમ્મેદવાર દુન્યાવી આલુદગીઓમાંથી પાણી યા આતશ વડે અર્થ સૂચક રીતે પવિત્ર થાય નહિ ત્યાં લગી તેને તે પંથમાં દાખલ થવા માટેની–દિક્ષા અથવા સંસ્કારની ગુપ્ત પદ્ધતિ એટલે રીતિમાં કાંઇપણ ભાગ લેવા દેવામાં આવતો ન હતો. એને મળતોજ એક નિયમ ફ્રીમેસનરીમાં હસ્તી ધરાવે છે કે જયારે નવા દાખલ થયલા શિખાઉને ભેટ કરવામાં આવતી પેહેલી અલાંમતો એવી હોય છે કે જેમાંથી અંતઃકરણની પાકીઝગીનો ઉપદેશ મળે છે કે જેનું શરીર પાકીઝગીનો લાક્ષણિક ચિન્હ છે." (મેકેની મેસોનિક રિચુએલિસ્ટ).

"The material light which spring forth at the Grand Architect (God) when darkness and chaos were dispersed, has ever been in Masonry a favourite symbol of that intellectual illumination which it is the object of the Order to create in the minds of its disciples, whence we have justly assumed the title of 'Sons of Light'. This mental illumination, this spiritual light which ... ... is but another name for divine truth, the truth of God and of the soul" (Masonic Ritualist by Mackey).

અર્થ:—"જયારે અંધકાર અને ગેરબંદોબસ્ત વિખેરાઈ ગયાં ત્યારે તે મહાન કારીગર (ખુદા) ના હુકમથી જે જિસ્માની યાને ગેતી (material) રોશની પ્રકાશી નિકળી તે રોશની હમેશાં મેસનરીમાં પેલી માન્સિક (intellectual) રોશનીની એક માનિતી અલામત થઇ પડી છે, કે જે માન્સિક રોશની પોતાના શિષ્યોનાં મનમાં ઉત્પન્ન કરવાનીજ નેમ (અમારો) પંથ ધરાવે છે. જે ઉપરથી અમોએ 'રોશનીના બેટાઓ' એવો એલકાબ વાજબી

રીતે ધારણ કીધો છે, આ માન્સિક રોશની, આ ભીનોઇ રોશની જે..........તે ગેબી રાસ્તી ખુદાની અને આત્માની રાસ્તીનું એક બીજું નામ માત્ર છે," (મેકેની મેસોનિક રિચુએલિસ્ટ).

" The first thing which arrests our attention as we open Masonic Ritualist is the Masonic altar. It is apparently a block of stone with three candle-sticks. ... ..." (See Preuss' American Freemasonry.

અર્થ :—"'મેસોનિક રિચુએલિસ્ટ' ઉઘાડતાં જે પેહેલી ચીજ ઉપર આપણું ધ્યાન ખેંચાય છે તે મેસોનિક દરગાહ (altar) છે, તે દેખીતી રીતે ત્રણ શમએદાની સાથનું પથરનું એક ઢીમરૂં છે......." (જુઓ પ્રેચુસની અમેરીકન ફ્રીમેસનરી).

" Thus it is that the sun has become so prominent in masonic system, not as an object of worship but purely as a symbol." (Encyclopoedia of Freemasonry by Mackey).

અર્થ:—"એ પ્રમાણે ખુરશેદ મેસોનિક કાનૂન અથવા શાસ્ત્રમાં એક પરસ્તેશની વસ્તુ તરીકે નહિ પણ એક ખાલેસ અલામત તરીકે એટલો પ્રસિદ્ધ થઇ પડયો છે" (મેકેની એનસાઇકલો પીડિયા ઓફ ફ્રીમેસનરી.)

" The Sun is the most wonderful work of the Grand Architect of Universe, the regenerator or revivifier of all things." (Mackey's Ritualist).

અર્થ:—"સઘળી વસ્તુઓને નવેસરથી પવિત્ર કરનાર અથવા તેમની વૃદ્ધિ કરનાર સૂર્ય સૃષ્ટિના મહાન કારીગરનું અત્યંત ચમત્કારિક કાર્ય છે" (મેકેની રિચૂએલીસ્ટ)

" It is this peculiar character as a symbolistic institution, this entire adoption of the method of instruction by symbolism, which gives its whole

identity to Freemasonry ... It is this that has bestowed upon it (Freemasonry) that attractive form which has always secured the attchment of its disciples and its own perpetuity. It (symbolism) is in Freemasonry the very life-blood and soul of the institution born with it at its birth or rather the germ from which the tree has sprung and still giving it support, nourishment and even existence. Withdraw from Freemasonry its symbolism and you take from the body its soul" (Symbolism of Freemasonry by Mackey.)

અર્થ:—"તેનાં ચિન્હસૂચક મંડળ તરીકેનાં આ ખાસ લક્ષણથીજ, ચિન્હો મારફતેજ કેળવણી આપવાની રીતિના આ સંપૂર્ણ સ્વીકારથીજ ફ્રીમેસનરીને તેની તમામ સમાનતા મળી છે. ....એથીજ તે (ફ્રીમેસનરી) ને એવું ખેંચાણકારક ધોરણ અથવા રૂપ મળયું છે કે જેથી તેના શિષ્યોની તેના પ્રત્યેની પ્રીતિ અને તેની પોતાની કાયમયત હુમેશાં જળવાઇ રહી છે. ફ્રીમેસનરીમાં એ (ચિન્હ રૂઢી) તે મંડળની સાથેજ તેના જન્મ વેળાએ અવતરેલું તેની જિન્દગીનું લોહી અને જીવ, બલકે જે મૂળમાંથી (ફ્રીમેસનરીનુ) ઝાડ ઉગી નિકળયું છે તે મૂળ છે; અને–તે રૂઢી તેને હજી પણ પુષ્ટિ પોષણ તથા હસ્તી વિટક આપતી રહી છે. ફ્રીમેસનરીમાંથી ચિન્હ રૂઢીને કાઢી નાખો તો તમો શરીરમાંથી તેનો જીવ લઈ લેવા જેવું કરશો. (મેકેની સીમ્બોલીઝમ ઓફ ફ્રીમેસનરી).

"A Mason is said to be bright who is well acquainted with the ritual ... ... The ceremonies of initiation, ... The mere ritual is still carefully preserved as the casket should be which contained so bright a jewel"(Mackey's Encyclopædia and Symbolism)

અર્થ :—"હરેક મેસન જે ક્રિયા-કર્મથી સારી પેઠે વાકેફ હોય તે હુશિયાર કહેવાય છે..........દિક્ષા આપી પંથમાં દાખલ કરવાની ક્રિયાઓ..........આવું પ્રકાશિત ઝવેર જે દાબડીમાં હોય તે દાબડીને જેમ જાળવવી જોઇએ તે મિસાલે માત્ર ક્રિયા કર્મને હજી સંભાળથી જાળવી રાખવામાં આવે છે." (મેકેની એનસાઇકલો પિડીઆ એન્ડ સિમ્બોલીઝમ).

"The candidate is divested of all money and metal, has his right arm, left breast and left knee bare, the right heel shipshod, is blind-folded and has a rope put round the neck and a sword pointed at the breast. In this state he is led to the outer guard of the Lodge door" (The Text Book of Freemasonry. See X rays in Freemasonry by Cowan p. p. 64–65).

અર્થ:—"ઉમ્મેદવાર પાસથી સઘળો પૈસો અને ધાતુ (દ્રવ્ય) લઇ લેવામાં આવે છે, તેનો જમણો હાથ, છાતીનો ડાબી તરફનો ભાગ અને ડાબું ઘુંટણ ખુલ્લાં અને જમણી એડી ઢીકાઢાક (shipshod), તેની આંખે પાટા બાંધે છે અને ડોકીની આસપાસ એક દોરડું વિંટાળેલુ તથા છાતી આગળ એક તલવારની અણી ધરેલી હોય છે. એ હાલતમાં તેને લોજના દરવાજાની બાહેરના પોહેરેગીર આગળ દોરવી લઇ જવામાં આવે છે." (ધ ટેક્સ્ટ બૂક ઓફ ફ્રીમેસનરી જુઓ કોવનની એકસ રેઝ ઇન ફ્રીમેસનરી સફે ૬૪–૬૫)

"A Mason would repudiate the idea of a mere 'Parrot Mason,' and yet such is his real condition in the eyes of his instructed Brothern."

"એક મેસન માત્ર એક 'પોપટ મેસન' હોવાના ખિયાલનો ઇનકાર કરશે, અને તોપણ તેના વધુ કેળવાયલા બેરાદરોની નજરમાં તેની એવીજ (પોપટ જેવીજ) સ્થિતિ હોય છે"

"In all time truth has been hidden under symbols and often under a succession of allegories; where veil often had to be penetrated before the true light was reached." (Morals and Dogma by Pike).

"બધો વખત ખરી સચાઇને અલામતોની અંદર અને વારંવાર અનુક્રમે આવતાં અલંકારોની અંદર છુપાવી રાખેલી હોય છે; જ્યાં ખરી રોશનીને પોહોંચવા આગમજ પરદા પાછળ પરદામાં પેવસ થવું પડતું હતું." (પાઇકની મોરલ્સ એન્ડ ડોગમા).'

"Freemasonry is a beautiful system of morality veiled in allegory and illustrated by symbols" (Signs and Symbols, by Oliver, p. 105).

અર્થ:—"ફ્રીમેસનરી એ અલંકારમાં ઢંકાયલી અને ચિન્હો વડે સમજાવવામાં આવતી એક સુંદર નીતિમાન રચના છે." (સાઇન્સ એન્ડ સિમ્બોલ્સ, મેકે સફે ૧૦૫).

"A Mason," says Dr. Mackey, "who commits to memory the questions and answers of the catechetical lectures and the formulœ of the ritual but pays no attention to the history and philosophy of the institution, is commonly a parrot Mason, because he is supposed to repeat what he has learned without any conception of its true meaning, Too many of them confine their acquaintances to a knowledge of signs and the ceremonies of ... ... " (See American Freemasonry by Preuss).

અર્થ:—ડા. મેકે કહે છે કે "જે મેસન સવાલ જવાબને રૂપે આપેલાં ભાષણો અને ક્રિયા કર્મની રીતિઓ મોઢે ભરડે છે, પણ એ પંથની તવારીખ તથા ફિલસુફી ઉપર કાંઇપણ ધ્યાન આપતો નથી તે સાધારણ રીતે એક પોપટ મેસન કહેવાય છે,

કારણ કે તે જે શિખ્યો છે તે તેના ખરા અર્થના કાંઈ પણ ખિયાલ વગર પાછું બોલી જતો તેને ધારવામાં આવે છે. તેઓ માહેલા ઘણાઓ પોતાની માહિતીને........ની નિશાનો અને ક્રિયાઓનાં જ્ઞાનની અંદરજ સંકોચી રાખે છે." (જુઓ 'પ્રેયુસની અમેરીકન ફ્રીમેસનરી).

ઉપલા ફકરામાં કહેવામાં આવ્યું છે કે ફ્રીમેસનોને કેટલાક સવાલ જવાબો શિખવવામાં આવે છે. એ સવાલ જવાબો કેવા પ્રકારના હોય છે તેનો સેહજ ખિયાલ આપવા માટે સર કાવસજી જાંહગીર "ઓપથેલમિક" હોસ્પીટલ નો "મેસોનિક" ક્રિયા પ્રમાણે પાયો નાખતી વખતે કરવામાં આવેલા કેટલાક સવાલ જવાબો નીચે ટાંકી બતાવવાની રજા લઉં છું:—

Question—" Right worshipful junior Grand Wardens, What is the proper jewel of your office " ?

Answer—" The Plumb, Most Worshipful Grand Master."

Question—" Have you applied the Plumb to the side of the Stone " ?

Answer—" we have, Most worshipful Grand Master."

Question—" Right worshipful Senior Grand Wardens, what is the proper jewel of your office ? "

Answer—" The Level."

Question—" Have you applied the Level to the top of the stone ? "

Answer—" we have, Most worshipful Grand Master

Question—" Right Worshipful Substitute Grand Master, what is the proper jewel of your office " ?

Answer—" The Square "

Question—" Have you applied the Square to the angles of the stone " ?

Answer—"We have, Most Worshipful Grand Master. ... ... "

અર્થ:—

સવાલ—"લાયક પૂજ્ય નાના મહા અધિકારીઓ! તમારી પદવીનું ખરેખરૂં ઝવેર શું છે?"

જવાબ—"ઓલંબો, અતિ પૂજ્ય મહાગુરૂજી"

સવાલ—"તમોએ પત્થરની બાજૂએ ઓલંબો લગાડયો?"

જવાબ—"હા જી, લગાડયો, અતિ પૂજ્ય મહાગુરૂજી",

સવાલ—"લાયક પૂજ્ય વડિલ મહા અધિકારીઓ! તમારી પદવીનું ખરેખરૂં ઝવેર શું છે"?

જવાબ—"સાધની

સવાલ—"તમોએ પત્થરને મથાળે સાધની લગાડી?"

જવાબ—"હાજી, લગાડી, અતિ પૂજ્ય મહાગુરૂજી."

સવાલ—"લાયક પૂજ્ય પ્રતિનિધિ મહાગુરૂ! તમારી પદવીનું ખરેખરૂ ઝવેર શું છે?"

જવાબ—"સ્કવેર યાને ચોખૂણુ કે કાટખૂણુ દોરવાનું ઓજાર."

સવાલ—"તમોએ પત્થરના ખુણાંઓને સ્કવેર લગાડયો?"

જવાબ—"હા, જી, લગાડયો, અતિ પૂજ્ય મહાગુરૂજી!"

આ પ્રમાણે જ્યારે ફ્રીમેસન જેવાં મંડળો જે મંડળો કોઇબી ચોક્કસ ધર્મ પાળવાનો ઇનકાર કરે છે, જે મંડળો માત્ર ભાઇચારો, એક્યતા અને મિત્રાચારી વધારનારાં મંડળો તરીકેજ ખપવા માગે છે, જે મંડળો છુટામાં છુટા, સૌથી ખાલેસ નકકર નીતિમાન વિચારો ધરાવવાનો દાવો કરતાં રહે છે, જે મંડળોમાં ઘણા ઘણા વગવસીલાવાલા લોકો, ઘણા ઘણા બડેખાંઓ, રાજપતિઓ, અમીર ઉમરાઓ, વાઇસરોયો, ગવરનરો, ઓધેદારો અને માલદારો સભાસદો હોવાથી, તેમજ જે મંડળો ઘણાએક દમામદાર "ડીનરો" હરદમ આપતાં હોવાથી તથા બીજા ઘણાએક સંજોગોને લીધે ખેંચાણકારક થંઇ પડયાં છે તેવાં મંડળો વટિક, આપણે ઉપલા

ફકરામાં જોઇ ગયા તેમ, ઘણીક સૂચક વસ્તુઓ, નિશાનો, નુસ્ખાઓ, અલામતો, સંસ્કારો, ક્રિયાઓ, અલંકારો વગેરેના ઉપયોગની આપણા કરતાં વધુ જરૂર જોતાં માલૂમ પડે છે. ઉપર આપેલી સઘળી વિગતો ઉપરથી સેહલથાં જણાંઈ આવે છે કે ફ્રીમેસન પંથના ખરડાનો કાંઠો તેની અલામતો તથા ક્રિયાઓ છે.

આવાં મંડળોમાં આપણા કેટલાક પારસી બેરાદરો બહુજ આતુર ઉલટથી ઝીપલાવે છે. કેટલાક સુધારકો તરીકે જણાયલા, કહેવાતા સુધરેલા પારસીઓ એ મંડળોમાં જાનફેશાની ભર્યો ભાગ લે છે. તેઓ એ મંડળોને લગતી ક્રિયાઓમાં દમામદાર પોશાકો પેહેરી પુર ગંભીરાઈથી તે ક્રિયાઓને લગતાં આલાતો, અલામતો તથા ઓજારો જેવાં કે દંડુકો (rod), હથોડી (mallet), શરાબનું વાસણ, તેલનું વાઝ વગેરે હાથમાં લઇને ચાલવામાં, ક્રિયાઓને લગતા સવાલ જવાબો કરવામાં મોટું માન સમજતા લાગે છે. હવે, જ્યારે એક હાથ ઉપર, જે કેટલાક સુધરેલા તથા છુટા વિચારો ધરાવનારાં મંડળોમાં કે કોઈ સુધરેલી સોસાયટીઓમાં ભેળાતા પારસીઓ આપણી ખાલેસ પવિત્ર જરથોસ્તી ક્રિયાઓને હસીકાઢીને, તેમને અર્થ વગરની, બીનજરૂરી કહીને, તે ક્રિયાઓને વખોડી કાઢી તેમાં સામેલ થવાની સુગ દેખાડીને, તેમજ તેમાં સામેલ થનારાઓની ઘિંગ કાઢી, તેમના તરેહવાર ચેષ્ટાઓ કરી લોકોમાં વસવસો તથા અણગમો પેદા કરવાને અચકાતા નથી, ત્યારે, બીજા હાથ ઉપર, તેજ સુધરેલા તથા સુધારકોમાં ખપતા પારસી ભાઇઓને ફ્રીમેસન મંડળોના સંબંધમાં એવી રીતે વરતતાં જોઇને આપણા જરથોસ્તીઓમાં બેહદ્દ ખેદ તથા અફસોસ ઉત્પન્ન થાય તેમાં અજબ થવા જેવું કાંઇ નથી.

બાનૂઓ અને અહુસ્થો!—આપણી કોમનો કેટલોક ભાગ ફકત બાહેરના દેખાવથી ખેંચાઇ જઈ તેપર ભરોસો તથા ભપકાસપકા, લાગવગ અને દોરદમામ તરફ વધારે ઢળતો માલૂમ પડે છે. એવા વર્ગમાં કેટલીક ગેરસમજુતી તથા બેદરકારી બરપા થવાથી તે કાંઈ એમજ માનતો મનાવતો દેખાય છે કે જેબી કાંઇ આપણુ

જરથોશ્તીઓનું પોતાનું, જેણી કાંઈ આપણા બાપિકા ખુલંદ જરથોશ્તી ફિરકા, જરથોશ્તી દીન, જરથોશ્તી સંસાર કે રાહરસમને લગતું હોય, તે સઘળું વગર અર્થનું, વગર જરૂરનું અને હસી કાઢવા જેવું છે. પણ એવા કોઈ સુધારકોમાં ખપતાઓની રીતભાત, તેઓનું કહેવું તથા કરવું બારીકીથી તપાસવામા આવતાં આસાનીથી જણાઈ આવે છે કે તેઓ ઉળટે માર્ગે દોરવાઇ ગયા છે. તેઓની વર્તણુક ઉળટાસુલતી, નિયમ વગરની, ઢંગ ઢડા વગરની દામાડોળ, કોઇક જાતના ધખારા, ફાંટા યા ગેરસમજુતી કે અજ્ઞાનપણાંને લીધેજ છે. એક બાજૂથી તેઓ આપણી જરથોશ્તી ક્રિયાઓને તુચ્છકારતા રહે છે અને બીજી બાજૂથી તેઓ પરધર્મ, પરકોમ, પરમંડળ, પારકી સોસાયટી અથવા પારકાં બ્રધરહુડને લગતી ક્રિયાઓમાં પુર ઉલટ અને ગંભીરતાથી ભાગ લેતા માલૂમ પડે છે.

આપણી ખાલેસ જરથોશ્તી દીનની ક્રિયાઓ અને અલામતોની ખરી મતલબ બારીકીથી તપાસો અને પરધર્મો તથા પરમંડળોની ક્રિયાઓ સાથ અપક્ષપાતપણે સરખાવો તો મારી પુર ખાતરી છે કે તમો તમારી પોતાની જરથોશ્તી દીનની ક્રિયાઓને, અલામતોને તથા ભણતરોને માન આપીને ચીવટાઇથી વળગી રેહેશો.

આપણી ક્રિયાઓનું એક તત્વ જે અલામતનું બનેલું છે તે વિષે બોલ્યા પછી હવે આપણે તેમનું બીજું તત્વ તપાસિયે. આપણી જરથોસ્તી ક્રિયાઓનું બીજું મૂળતત્વ પાક કલામો છે. દરેક જરથોશ્તીએ વખ્તો વખ્ત કુસ્તી છોડવી અને પાછી બાંધવી એ તેની એક ધાર્મિક ફરજ છે. છોડતાં અને બાંધતાં જે ટુંક બંદગીઓ કરવી પડે છે તે બંદગીઓ તમો સર્વે સારી રવેશે જાણોછો તેમ અષેમ–વોહુ, યથા–અહુ–વઇર્યો, કેમના–મજદા, હોરમજદ–ખુદા, જસમે–અવઙ્હે–મજદ નામની બંદગીઓ છે, ઘણું લંબાણુ થઈ જાય તે માટે બેજ બંદગીઓની સમજણ આપી આગળ ચાલીશું.

અષેમ-વોહુનો તરજુમો:—"અશોઈ નેક છે; તમામ નેકીમાં તે ઉત્તમ છે. અશોઈ તેજ સુખ છે. સુખ તેને ઘટે છે જે અશોઈમાં ઉત્તમ છે."

યથા-અહુ-વઈર્યોનો તરજુમો:—"જે પ્રમાણે તે સાહેબ (અહુર-મજદ)ની ખાહેશ છે, તે પ્રમાણે અશો માણસ ખુદાઈ હુકમ પ્રમાણે (ચાલે છે), (તે શખ્સ અહુરમજદને ખાતર આ જેહાનમાં નેક મનનાં કામોનો ટેકાવી રાખનાર અને (દુનિયા ઉપર) અહુરમજદની સલ્તનતને પુષ્ટિ આપનાર છે, જે સલ્તનત ગરીબોને મદદ તથા આશ્રો આપે છે."

હમદીન બાનૂઓ અને ગ્રહસ્થો!—એ પ્રમાણે આ ટુંક બંદગીઓમાં, તેમજ કેમના મઝદા અહુર-મજદ ખુદા જસમે-અવડ્હે મજદ એ સઘળી બંદગીઓમાં જોઇએ છિયે કે તેઓ અશોઈ, સખાવત, યકીન, વફાદારી તથા એહસાન મંદીના પાકીજે વિચારો આપણાં મન આગળ ધરી, તેવા વિચારો આપણામાં ઉસ્કેરે છે. આ બંદગીઓ મારફતે દીનદાર શખ્સ પોતાના પેદા કરનાર તરફની, પોતાના પયગામબર તરફની ફરજો અદા કરતો રહે છે, તેઓની તારીફ કરેછે, તેઓની મદદ ચાહેછે; નેકીની તારીફ કરેછે અને નેકી કરવાને જિગરથી ઇચ્છેછે; ખુશી યા નાખુશીથી જાણી જોઈને યા અણજાણપણે કીધેલા ગુનાહોથી પશેમાન થાય છે; અંગ્રમઈન્યુનો ઈનકાર કરે છે; બધી જાતની બદીઓ તેમજ બુરાં માણસો તરફ ધિક્કાર બતાવેછે. આ બંદગીઓ હરરોજ અનેકવાર પઢવી પડતી હોવાથી આપણાં મન આગળ ઉમદા વિચારો તાજા અને તાજા રાખવાને અને સઘળા બુરા વિચારો, જેમને જો દાબી દીધા ન હોય તો કાર્યોનું રૂપ પકડવા માંડે છે, તેમને, દૂર કરવાને એ બંદગીઓ એક ચાલુ મદદ જેવી થઈ પડે છે અને એવી મદદ જારી રહેવાથી મન અશોઇની નેહરમાં આસાનીથી વહેતાં શિખે છે.

બેશક, આપણો સુદરેહ કુસ્તીનો તરીકો, તેને લાગુ પાડેલી બંદગીઓ સાથે ભારે ખૂબીવંતો છે. અગર, આપણે આ દુનિયાની મોજમજાહોથી ઘેરાયલા છિયે તેનો ખિયાલ કરિયે, આ દુનિયાની લાલચો અને ફરેબો વચ્ચે સાબેત કદમ રેહેવું કેટલું મુશ્કેલ છે તે વાતનો વિચાર કરિયે, આપણા ગુનાહોથી આપણને એક પળ કેવો સંતાપ ઉપજે છે અને આપણે તે સુધારવાનો ઠરાવ કરિયેછીએ અને બીજીજ પળે આપણે પાછો તેનો તેજ ગુનાહ કરીએ છીએ, એ બાબદનો દરિયાફ્ત કરિયે તો આપણા સુદરેહ કુસ્તીના તરીકાની અગત્ય અને ઉપયોગ સેહેલાઇથી સમજી શકિયે. આપણો સુદરેહ કુસ્તીનો તરીકો તેની બંદગીઓ સાથ, મન અને ઇચ્છાને જે રાહની જરૂર છે તે રાહ તરફ વળાવવાનો રામબાણ ઇલાજ છે. દુનિયાની દોડધામ અને ખુમારીમાંથી મગજને પાછું હઠાવવાનો અને તેની આગળ અશોઈ તથા શાંતિનો ચિતાર રજૂ કરવાનો અને એમ કરી તેના લોભી ખિયાલો તથા મોટી ફિકરો અને ઇંતેજારીઓને શાંત પાડવાનો એ તરીકો છે, જે તરીકો કદીમ જમાનાથી આપણી ઉપર ઉતરતો રહયો છે. આવો ઉતમ તરીકો હર અમેશા જાલવતા રહી તેને અમલમાં મુકતા રહેવાની આપણી એક મોટી ફરજ છે. મોટી અફસોસની વાત છે કે આવા ઉતમ જરથોસ્તી તરીકા તરફ આપણા લોકો, કેટલાક પારસીઓ દીનપર દીન વધારે અને વધારે બેપરવા બનતા જાય છે, અને એ ઉતમ તરીકો નબલો પડતો જાય અને વીસરઇ જાય તેવાં ચીન્હો બતાવા લાગ્યા છે. આ માઠી બેદરકારી માટે આપણે આગળ ચાલતાં વધુ બોલીશું.

લગ્નની ક્રિયા વિષે બોલતાં પરણુતાં જોડાંને જે આશિર્વાદ દેવામાં આવે છે તેનો માત્ર ટુંક સાર મને આપવાનો છે, લગ્નની ક્રિયાના મુખ્ય ભાગ બલકે તમામ ભાગ દુઆઓનો બનેલો છે. જે સઘળી દુઆઓનો બોલેબોલ તરજુમો આપતાં ઘણું લંબાણ તથા કંટાળા ભર્યું થઇ પડે એમ હોવાથી આખા આશિર્વાદનો માત્ર ટુંક સાર આપીશ. એ સાર હું આપીશ તે એવા આકારમાં, એવી

હાથમાં આપીશ કે જે હપ આશિર્વાદ દેનાર દસ્તુર. આ એબેદ વાપરે છે. તે આશિર્વાદ દેનાર નીચે આપેલી રીતે અને મતલબે આ પ્રમાણે બોલે છે :—

"આજના મુબારક રોજે આ શહેરમાં તે સર્વેનો પેદા કરનાર અહુરમજ્દ તેને માનનાર તરીકે, અશો જરથોશ્ત પયગામબરના વખાણનાર અને તેની ભલી મજદયસ્ની દીન પ્રમાણે ચાલનાર તરીકે તમો બંને જણાઓએ તમારા ખેશ કુટુંબીઓ, સાક્ષી-વાલીઓ, દોસ્ત આસ્નાઓ વચ્ચે તમારી એકમેકની રાજીખુશીથી લગ્નનો પવિત્ર કોલ આપ્યો છે તે તમારી જિન્દગીની છેલ્લી ઘડી સુધી પાળજો અને જરથોશ્તી દિનના હુમત, હુખ્ત અને હુવર્શ્તનાં ફરમાનો હમેશાં અમલમાં મુકતાં રહી જે મિસાલે તમારો જાન તમારાં બદન સાથ વળગેલો છે તે મિસાલે એક મેકની સાથે જોડાયલાં રેહેજો અને દુષ્ટ વિચાર, દુષ્ટ સુખુન, અને દુષ્ટ કામ, તથા કીનો કપટ, કજીઓ કંકાસ, અદેખાઇ અંતસ તથા એવી જાતની દરેક દરૂજી અને દુર્વદીથી વેગળાં રહી, તમારાં ખેશ કુટુંબીઓ, દોસ્ત આસનાઓ સર્વે સાથ સુલેહ સંપજથી રેહેજો !

"તમો બંને જણાં કયેખુસરો પાદશાહ જેવાં બેઆજાર તનવાળાં, કાવુસ પાદશાહ જેવાં ખબરદાર, ખુરશેદ જેવા તાબનાક, માહબોખ્તાર જેવાં સફાઇદાર, પયગામબર જરથોસ્ત જેવાં નામદાર, રૂસ્તમ પહેલવાન જેવાં જોરાવર અને સર જમીન જેવાં ફળવંત થજો !

"બખ્શે તમો નેક જોડાંને અશો અહુરમજ્દ બેહમન અમશાસ્પંદ મારફતે નેક વિચારવું, અર્દીબેહશ્ત અમશાસ્પંદ મારફતે નેક બોલવું, શહેરેવર અમશાસ્પંદ મારફતે નેક કરવું, અસ્પંદારમદ અમશાસ્પંદ મારફતે સંપૂર્ણ મનશાની, ખોરદાદ અમશાસ્પંદ મારફતે શીરીની દરોસ્તી અને અમરદાદ અમશાસ્પંદ મારફતે ફળવંતપણું ! કરે તમોને તે દાદાર આદર ઇજત જેવાં રોશનીવાળાં,

આવાં ઇજત જેવાં પવિત્રાઈવાળા, ખુરશેદ ઇજત જેવાં શરફ્રાજી અને ચઢતી કળાવાળાં, મોહર ઇજત મારફતે વૃદ્ધિમાન ગોસ્પંદ તોખ્મવાળાં, તીર ઇજત મારફતે સખાવતી અને ગોશ ઇજત મારફતે પરહેજગારીવાળાં !

"આપે તમોને તે ખાવિંદ મેહર ઇજત મારફતે વાજબી ઇન્સાફ, સરોશ ઇજત મારફતે સાચો માર્ગ, ફરરોખ ફરવરદીન મારફતે ઘણું ઘણું કુવ્વત, બેહરામ ઇજત મારફતે ફતેહ ફીરોજી, રામ ઇજત મારફતે શાદી રામશાની અને ગોઆદ ઇજત મારફતે તેજ શક્તિ. !

"નવાજેશ કરે તમોને ખુદાવંતઆલા દીન ઇજત મારફતે દીનઆઇનને લગતું જ્ઞાન, અર્શીસ્વંગ મારફતે ગેતી તથા મીનોઈ દુનિયાઓને લગતી દૌલત, આસ્તાદ ઇજત મારફતે હુનરનો ગ્રખીરો, આસ્માન ઇજત મારફતે ઘણો ઘણો ઉદયોગ, જમ્યાદ ઇજત મારફતે કાયમ મુકામ, મારેસ્પંદ ઇજત મારફતે નેક નજર અને અનેરાંન મારફતે તનપરવરશી. તમો બંને જણાંને જે કાંઈ સૌથી સરસ તે મલજો અને ખરાબ હોય તે તમોથી દૂર રેહેજો. !

"તમોને હેશમત, હુકુમત, આબરૂ ઇજત, તમોને જાહો જલાલી, ખુશી ખોરરમી, તમોને ફરજંદોની વૃદ્ધિ, ફરજંદોનાં ફરજંદોની વૃદ્ધિ, તમોને ઉમર દરાજી, તમોને દોઢસો વરસની લાંબી જિન્દગી, તમોને ગેતી તેમજ મીનોઈ દુનિયાને લગતું હરેક પ્રકારનું સુખ તે અશો અહુરમજદ બખ્શો !"

આવી ઢપની અને આવી મતલબ ધરાવનારી આશિર્વાદ ક્રિયાની બંદગી છે.

હવે આપણે મરણની ક્રિયાઓપર આવિયે. મરણની સપર પેહેલી અગત્યની ક્રિયા તે ગેહેસારણું છે. એ ક્રિયાનો સઘળો ભાગ અહુનવઇતી ગાથાનો બનેલો છે. મરણને ગંભીર ટાંકણે જ્યારે મીનોઇ વિચારો વધારે સારી રીતે અસર કરવા પામે છે ત્યારે એ પાક કલામો મોટે સાદે લોકોની હાજરીમાં સચકાર સનમુખ ભણ-

વામાં આવે છે, કે જેથી કરીને તે ગુજરેલાંનો આત્મા તેમજ જીવતાં ભેગાં મળેલાં લોકોનો આત્મા પાક કલામોમાં સમાયલા પવિત્ર, પાકીજે વિચારો અને સબકોથી ઘણો સધ્યારો, આશાની તથા શાંતિ પામે.

ગુજંર પામેલાંઓ માટે બીજી સાધારણ ક્રિયાઓ, ઉઠમણું, આફ્રીનગાન, ફરોખ્શી અને સતુમ છે. આ સઘળી ક્રિયાઓમાં પાક કલામો મુખ્ય ભાગ બજાવેછે. એ ક્રિયાઓની શરૂઆત દીબાચાથી થાય છે અને તેમનું સેવટ દુઆઓથી આવેછે. દીબાચામાં અશો અહુરમજદ તરફ મોહુબ્બતની લાગણી દર્શાવવામાં આવેછે, તે સાહેબને આરાધવામાં આવેછે, પયગામબર સાહેબ અશો જરથોસ્તને, તેવણના સાગેર્દોને, અસલના કદીમ ઇરાની પાદશાહોને, વજીરોને, પેહલવાનોને, દસ્તુરોને, મોબેદોને સઘળા મુલ્કોના અને સઘળા જમાનાનાં અશો નરો તથા નારીઓને, તેઓનાં નેક કામોને, નેક ગુણોને, આ દુનિયાનાં ભલાં અર્થે તેઓએ લીધેલી જેહમતો, રંજો અને તેઓની સુખી જિન્દગાની પછીના સુખી અંજામોને યાદ કરીને તે સઘળાંપર ધ્યાન ધરવામાં આવે છે. વળી આફ્રીનગાનમાં કેટલાક ફકરાઓ પઢવામાં આવે છે, જેની અંદર ગુજરેલાંઓનાં અશો ફરોહરો, અશો રવાનો તેઓના યાદ કરનારને તથા ચાહનારને ભલી દુઆ અને મદદ કરવાને ચુકતાં નથી એમ બતાવવામાં આવ્યું છે. તેઓ આ પ્રમાણે દુવા દેતાં જણાય છે:—" આ ખાનદાનમાં માણસો અને ઢોરોની આબાદી થજો! આ ઘરમાં સેતાબીથી ચાલનારા ઘોડાઓ તથા મજબૂત રથો હોજો! જે શખ્સ અમોને હાથમાં વસ્ત્ર તથા ખોરાક સાથે તેમજ નેકી અને અશોઈ વધારનારી બંદગી સાથે આરાધે તે શખ્સ જોરાવર અને અંજુમનનો સરદાર થજો!"

આ ફકરાઓ ઉપરથી તેમજ આપણે આફ્રીનગાનના દીબાચાની બાબદ વિષે બોલ્યા તે ઉપરથી એજ અનુમાન ઉપર આવી શકાય કે અહેસાનમંદી, કદરસનાશી તેમજ ગુણગારાપણું

આપણા ધર્મ પ્રમાણે ઘણા અગત્યના ઉમદા સદ્દગુણો છે. એ ઉપ-રથી હવે આપણે જોઇએ છિયે કે આપણા ભણતરો મારફતે, અશો અહુરમજદ, અશો જરથોસ્ત, અશો રવાનો તથા અશો ફરોહરો તરફ તેમજ દુનિયાની તમામ ભલી ચીજો તરફ આપણે આપણો ચાહ જાહેર કરિયે છિયે તેઓનાં નેક ગુણો તથા નેક કામો યાદ કરી સ્તુતી ગાઇએ છિયે. ડા૦ આરનલ્ડ કહે છે કેઃ—

"The habits of admiration or praise and enthusiastic reverence for excellence impart to ourselves the qualities which we admire."

અર્થઃ—"ઉત્તમ ગુણની સ્તુતિ અથવા તારીફ કરવાની અને તેના તરફ દિલસોજ માનની લાગણી ધરાવવાની આદતો, જે સદ્દ્ગુણોની આપણે સ્તુતિ કરિયે છિયે તે સદ્દગુણો આપણા પોતામાં ઉતારે છે."

આ વાકયની મતલબ એ છે કે નેક ગુણો, નેક ચીજો, નેક કામો ઉપર ધ્યાન ધરી તેઓની સ્તુતિ કરવાથી અને તેમને માનની નજરે જોવાથી આપણામાં અશો અહુરમજદે જે નેક ખાસિયત મુકી છે તે ઉસ્કેરાય છે અને એવી ઉસ્કેરણીથી ખીલેછે અને એવી ઉસ્કેરણી તથા ખીલવણીથી નેકી તરફ આપણો ચાહ વધેછે અને એ ચાહ વધવાથી નેકી તરફ ખેંચાતાં ખેંચાતાં અંતે આપણે નેકીનાં કામો કરતાં થઇએ છિયે. આ પ્રમાણે ત્યારે આપણી ક્રિયાઓ માહેલા પાક કલામો અને ભણતરો આપણા આત્માને ખીલવવાને, આસાની બખ્શવાને તથા ખુશનુદ કરવાને મદદગાર થઇ પડે છે.

આપણી ક્રિયાઓમાં કાંઇ વહેમ વસીલા ભર્યું ઢોંગ-ધતુરા કરાવનારૂં કોઇબી તત્વ નથી. આપણી ક્રિયાઓ અદભૂત અથવા અકલથી દૂર હોય એવા ચમત્કારો કરી બતાવવાનાં સાધનો પ્રાપ્ત કરવાને ખાતર નથી. આપણી ક્રિયાઓ કાંઇ ખાલી હવાઇ ફતવો આપનારી નથી. આપણી ક્રિયાઓ કોઈ માનતા

સુનતા માટે નથી. કોઈ ખિયાલી ભક્તિઓ સાંધવા માટે નથી. આપણી ક્રિયાઓ કોઈ આઈતો લાહુવો ખાઈ જવા માટે નથી. આપણી ક્રિયાઓ દેવદેવીઓને દેહેરાં, દેવૂલ, કે દરિયા, કુવા, તલાવ કે કબરોને, ઢીંગલીઓ, બકરાં, મેઢાં, મરઘાં, બદકાં, કે મલીદા, લાડવા, પોળી, જલેબી, ફુલપાન, કે ખાંડ, સાકર, ઘી, તેલ ચઢાવંવાને યા તેમના ભોગ આપવાને માટે નથી. આપણી ક્રિયાઓમાં કોઈ જાતનો ઘાતકી ભોગ આપવા યા કોઈબી જાન માલની બરબાદી કરવાને ફરમાવેલું નથી. આપણી ક્રીયાઓ ગેરયા ગરબાની માનતા સુનતા કરવાને કહેતી નથી આપણી જરથોસ્તી ક્રીયાઓ બ્રામનો, જોશીઓ, ફાલ જોનારાઓ વગેરે હુતમ ઘાતા કરનારાઓના લાગવગ હેઠળ પુંજા પાત્રી કરવાને રજા આપતી નથી કે અમાસ યા અપાસ પાળવાની યા પંચક ક્રીયા યા બાધાસુધા કરવાને ફરમાવતી નથી કે ગુજર પામેલાંઓના કાલબુદો સાથે કપડાંના ઢીંગલા ઢીંગલી બનાવી ગેહાન ઉપર મુકી દખમે ચઢાવવાને પરવાનગી આપતી નથી. પણ આપણી ક્રિયાઓ માણસની અકલને અનુસરતી, માણસની નેક ખાસિયતને ઉસકેરનારી અને તેને તાજી કરનારી છે, જેની તરફ દરેક દીનદાર જરથોસ્તીએ માનની નજરથી જોવાની ફરજ છે.

ક્રિયાઓનાં મુળતત્વો માટે વિવેચન કરવા પછી, આપણે ક્રિયાઓ સંબંધી ચાલતી કેટલીક ગેરસમજુતીઓ અને ગેરરીતિઓ વિષે બોલીશું. પયગામબર સાહેબ અશો જરથોસ્તની અવ્વલ નેમ અને "સ્પીરીટ" શું હતી તે મેં આ વિષયની શરૂઆતમાં થોડાક શબ્દોમાં કહી સમજાવી છે. મેં ઉપર જણાવ્યું તેમ એ નેમ બર લાવવા માટેનાં સાંધનો તે જરથોસ્તી ધર્મનાં સિદ્ધાંતો અને ક્રિયાઓ છે. પણ આ વાત ચોક્કસ યાદ રાખવી કે અશો જરથોસ્ત સાહેબની નેક નેમ, ભલી "સ્પીરીટ" આપણે ત્યારેજ બર લાવી શકિયે કે જ્યારે એ સિદ્ધાંતો અને એ ક્રિયાઓને આપણે પુર યકીન, એતેકાદ અને ખરાં જિગરથી, સંપૂર્ણ ગંભીરતા અને પુરતાં માન સાથ ચિત્ત લગાડીને, ઘટતું ધ્યાન

ધરીને અમલમાં મેલતાં રહિયે. જો તેમ કરિયે નહી તો તેની ધારેલી અસર યા ધારેલો ફાયદો મેળવવાની આશા રાખવી ફોકટ છે. મને ઘણીજ દિલગીરી સાથે કહેવું પડે છે કે આપણી કોમમાં તે ધારેલી અસર, ધારેલો ફાયદો થવા પામતો નથી; કારણ કે આપણા જરથોસ્તી સિદ્ધાંતો તથા ક્રિયાઓ જેવી જોઈએ તેવી રીતે અમલમાં મુકવામાં આવતાં નથી. અત્રે મારે જે કહેવાનું છે તે ક્રિયાઓના બાબમાં જે જે ગેરસમજુતીઓ તથા ગેરરીતીઓ થવા પામે છે તે બાબદનાં સંબંધમાં છે.

હું જે બાબદ ઉપર સપ્પર પેહલ્લાં બોલવા માગું છું તે જરથોસ્તી ધર્મ ક્રિયાઓ થતી વેળાએ જોવામાં આવતી ગેરહાજરી છે. નવજોત, લગ્ન, જશન યા ઉઠમણાની ક્રિયા થતી વખતે આપણા લોકો મોટે ભાગે ગેરહાજર રહે છે. ઘણીક વખતે ખેશિઓ, દોસ્ત-આશનાઓ વટિક હાજરી આપતાં નથી અને જો હાજરી આપે છે તો મોડાં યા વેહેલાં આપે છે, ઠેરવેલેજ વખતે હાજર થવાની કાળજી રાખતાં નથી. આથી કરીને ક્રિયાઓ મોડે યા વેહેલે શરૂ કરવામાં આવે છે અને મુકરર કીધેલો વખત તો બાજૂએજ રહી જાય છે. ઘર ધણીઓ વટિક કોઇને કોઇ કારણે ફલાણા આવવાના છે, ઓલા આવ્યા નથી, એવાં હરેક બહાને યા કારણે મુકરર કીધેલે વખતે ક્રિયાઓ શરૂ યા પુરી કરાવવામાં ઢીલ કરે છે અને તે ઉપરથી બને છે એમ કે ક્રિયા કરનારા દસ્તુર મોબેદો તેમજ ક્રિયામાં સામેલ થનારા બેહદીનો ઠેરવેલે વખતે હાજર રહેવાની દરકાર કરતા નથી.

જો કેટલાકો ક્રિયા કરતી વખતે હાજર રહે છે તો શાંતિથી ક્રિયા બંદગીમાં પોતાનું મન અને ધ્યાન લગાડવાને બદલે, વાત ચીત કરવા, હસવા બોલવા અને લગ્ન જેવી ક્રિયા વખતે ગોઠવાઇને બેસવાને બદલે ક્રિયા શરૂ થઇ કે ખાવા પીવા તથા દારૂના પેગો લેવા મંડી જાય છે જે રૂઢી ઘણીજ નાપસંદ કરવા જોગ છે. લગ્ન ક્રિયા શરૂ થવા અગાઉ એકથી વધુ કલાક ગોઠવાઇને શાંત બેસે છે, પણ જેવી ક્રિયા શરૂ થઇ કે હોહોકાર, ગડબડ, સડબડ અને

ખાણાંપીણાં ચાલેછે. આપણુને સારી પેઠે રોશન છે કે યુરોપિયનોમાં આ આપણી અણઘડ રીતિથી ઉલટીજ રસમ છે. તે લોકો ક્રિયા કરવાને જે વખત મુકરર કરેલો હોય છે તેજ વખતે શરૂ કરેછે અને તેમાં લોકો વખતસર હાજર રહી પુર ગંભીરતા અને શાંતિથી ક્રિયા બંદગીમાં સામેલ અને મશગુલ રહી તે પૂરી થયા પછીજ તે લોકો વિખરાઈ જાયછે અને હસવા બોલવા તથા ખાવા પીવા માંડેછે.

આપણા લોકો ઘણાખરા આપણી પવિત્ર જરથોસ્તી ક્રિયા બંદગીઓમાં દિલોજાનથી સામેલ થઇ તેમાં ભાગ લઈ એ ક્રિયા બંદગીથી મળતા સબકો અને તેથી ઉપજતા ફાયદાઓ હાસલ કરવાને બદલે ગેરહાજર રહેછે. મેં ઉપર આપણી મોતેબર ક્રિયાઓના મુળ તત્વો દેખાડી તેની મુળ નેમ જે સમજાવી છે તે ઉપરથી તમો સર્વે જોઇ શકયા હશો કે ક્રિયા થતી હોય ત્યાં ક્રિયા કરાવનારાઓની હાજરી વગર ક્રિયા કરાવવી ફોકટ છે તેમજ ઘણું બેહુદું છે; કારણ કે દરેકે દરેક ક્રિયાનો અવ્વલ હેતુ જીવતાંને સબક આપવાનો તેમજ તેમનાં મગજ ઉપર સારી અસર કરવાનો હોયછે. ઉપર વર્ણવેલી ક્રિયાઓની મતલબ તથા ફાયદા ઉપરાંત ક્રિયાઓમાં ભેગા મળવાથી આપણને વમાસવાને કારણ મળે છે કે આપણ સર્વે એકજ ખુદાને, એકજ પયગામબરને અને એકજ ધર્મને માન આપનારા છિયે અને તેમ હોવાથી આપણ સર્વે એકમેક સાથ મજબુત ગાંઠથી બંધાયલા છિયે; માટે આપણાં મન અને દિલ એકસરખાં હોવાં જોઇએ, આપણે એકમેકપર પ્રિતી રાખવી જોઇએ, એકમેકનું દુઃખ નિવારણ કરવાની ફરજ અદા કરવી જોઇએ. ક્રિયાઓમાં સામેલ થવાથી આવિ કિસમના અનેક વિચારો આપણા મનમાં જાગરૂત થાય છે અને ઐકયતા, ભાઇચારો તથા મીત્રચારીના સદગુણો આપણામાં ખીલવા પામે છે. ત્યારે એ પ્રમાણે દરેક તક મળવે ક્રિયાઓમાં ભેગા મળવાથી ભાઈબંધી વધારવાનું સાંધન હાથ આવે છે. ક્રિયા થતી વેળાએ ગેરહાજર

રહેવાથી ક્રિયાઓમાં ભેગા મળવાની આવી એક ઉમદા મતલબ સદંતર ઉંધી વળેછે.

આપણે જોઈ ગયા તેમ ગુજરેલાંઓ માટેની આપણી ક્રિયાઓ માત્ર ગુજર પામેલાંઓના આત્માઓનેજ માટે નથી પણ સાથે લાગી જીવતાંઓનાં ભલાંને અર્થેણી છે. મને દિલગીરી સાથ કહેવું પડે છે કે કેટલાક દીનચુસ્ત જરથોસ્તીઓ વટિક ધાર્મિક જ્ઞાનની કોતાહીને લીધે એમંજ સમજે છે કે ક્રિયાઓ કરાવવાના પૈસા ખરચ્યા, દરૂન, ફરૂ, મીઠાઈ, મેવો વગેરેની ચાશણી કીધી એટલે ગુજરેલાં તરફની ધાર્મિક ફરજ અદા થઈ ચુકી. એમ સમજવાથી જરથોસ્તીઓ ક્રિયા થતી વખતે તરેહવાર કામકાજોમાં રોકાયલાં જોવામાં આવે છે. કોઇ બાવરચીખાનામાં તરેહવાર પકવાનો પકાવવામાં ગુંટાયલાં, કોઈ ચાકરી ધંધે, કોઇ લાઇબ્રેરીમાં, કોઈ પોતાના "રીડીંગ રૂમ"માં ન્યુસપેપર કે ચોપડી વાંચવામાં, કોઈ "ડ્રૉઈંગ રૂમ"માં હસતાં બોલતાં તો કોઈ પ્યાનોફોર્ટ વજાડતાં વટિક દિઠામાં આવે છે. આવી ગેરરિતી કેટલાંક કુટુંબોમાં ચાલુ રહેલી નજર પડે છે કે જે એક દીનચુસ્ત સમજુ જરથોસ્તીનાં દિલમાં ઘણોજ કચવાટ તથા દુઃખ ઉમજા કર્યા વગર રહેતી નથી.

આપણાં લોકો જેમ ક્રિયા ઘરમાં થતી વખતે ગેરહાજર રહે છે તેમ ધર્મનાં મકાનોમાં થતી વખતે પણ કરે છે. ઘરમાં જોઈતી સગવડ, સવળતા, સફાઇ સુઘડાઈ મેળવવી મુશ્કેલ હોવાથી ઘણાક લોકો પોતાને ત્યાની ક્રિયાઓ આતશબેહરામ યા અગિયારીઓમાં કરાવે છે. અલબત્તાં ધર્મનાં મકાનોમાં ક્રિયા કરાવવી એમાં કાંઈ ખોટું નથી. ધર્મનાં મકાનો ક્રિયા બંદગી માટેજ બંધાવેલાં હોયછે અને સુખ સગવડને ખાતર જો એ મકાનોનો ઉપયોગ થાય તો ઓર ખુશી થવા જોગ છે. ખાસ કરીને જ્યારે હાલના વખતમાં કેટલાક પારસીઓ જરથોસ્તી તરીકા પ્રમાણેની સફાઇ સુઘડાઇ સાચવવાને બેદરકાર રહેછે, ત્યારે તો આવાં મકાનોમાંજ ક્રિયાએ થવી જોઇએ. પણ તેથી કરીને મોબેદને બે પાંચ રૂપિયા પકડાવી, ક્રિયા તેને સોંપી, મોબેદ જવાબદાર છે

એમ માની લઈ ઘરે બેસવાનું નથી. એ પ્રમાણે કીધાથી માત્ર માથેથી કાસળ કાઢેલી કહેવાય.

ખાનગી ક્રિયાઓમાં ક્રિયા કરાવનારાઓ ગેરહાજર રહેછે, એટલુંજ નહિ, પણ જાહેર જશનોમાંએ તેવીજ રૂઢી ચાલે છે. ફી ઉગડાવીને જશનો કરાવવાનો અને તેમની સાથે ખાણીપીણીઓ કરવાનો મોટો ચાલ પડી ગયો છે. અકસર કરીને દે મહિનામાં તો એવાં જશનો ઘણાં જોવામાં આવેછે. પણ ધર્મને બહાને, જશનોને બહાને જે મોજમજાહ, ખાણાંપીણાં, ગાનાંબજાનાં, ઢીંગામસ્તી કરવાની ખરચાળુ રૂઢી પેવસ કરવામાં આવી છે અને દિનપર દિન ફેલાવો પામતી જાયછે, તે ખરેખર વખોડવા લાયક છે. ખરેખર આપણા બુલંદ ધર્મને, આપણી ધર્મ ક્રિયાને અપમાન કરનારી, આપણી ક્રિયાઓની મૂળ નેમને ઉલટાવી નાખનારી અને આપણા કેટલાક દીન દુશ્મનોને આપણા ધર્મને વગોવવાનું કારણ આપનારી છે. જશન માટે ફી ખરચનારાઓ એમજ સમજતા લાગે છે કે તેઓને જે મુખ્ય ભાગ લેંવાનો છે તે રાતનાં ખાણાંની ટેબલ ઉપર છે. જયારે આપણે બિનકેળવાયલાઓને આવી ખરાબ રૂઢી પ્રમાણે જશન કરતા જોઈએ છિયે ત્યારે આપણે કહિએ છિયે કે બીચારાઓ અણઘડ છે, પણ જો કેટલાક કેળવાયલાઓ, કોલેજિયનો, વકીલ બેરીસ્ટરો, ડાકટરો તથા સોલીસીટરો વટિક એવી રૂઢી અખત્યાર કરી, ક્રિયામાં સામેલ રહેવાનું પડતું મેલી, ફકત જમણમાં ભાગ લેવાને ઉતરી પડે તો સમજુ જરથોસ્તીઓની નજરમાં એવા કેળવાયલાઓની કેળવણી ઝાંખ મારે તેમાં શી નવાઇ? દે મહિનાનાં જશનોમાં કોઇ કોઇ ઠેકાણે એટલી હદ સુધી અતેરૂં થાય છે કે જયારે ભોંયતળિયે જશનની ક્રિયા થતી હોય ત્યારે તેમાં સામેલ થઈ ખુદાને અને તેની નેઆમતોને યાદ કરી અહેસાનમંદી દેખાડવાને બદલે, દુઆ બંદગીમાં મશગૂલ થવાને બદલે, જશનમાં ભાગ લેવા આવેલાઓ માળ ઉપર જઈ રમત ગમતમાં એટલા તો ચકચુર થઇ જાય છે કે નીચે ક્રિયા થાય છે તેનું ભાન પણ તેમને રહેતું નથી. કોઇ કોઇ વખતે સોગઠાં

આસાના એવા તો અવાજો નિકળે છે કે ભોંયતળિયે ભણનારાઓના સાદ વટિક ઢંકાઇ જવાના સંભવો રહેછે.

બાનુઓ અને ગ્રહસ્થો!–કયો સાચ્ચો, શુધ્ધો, સમજુ જરથોસ્તી નહિ વિચારશે, કયો દીનચુસ્ત જરથોસ્તી અંતઃકરણથી નહિ ઇચ્છશે કે એવી રીતે ધર્મને અને ધર્મ ક્રિયાને હીણુવા કરતાં, ધર્મને તથા ધર્મક્રિયાને હાંસીમાં લાવ્યા કરતાં, ધર્મની અને ધર્મ ક્રિયાની રૂસવાઈ કરાવવા કરતાં, આવી કઢંગી કિસમનાં જશનો થવા નહિજ પામે ?

નેક જરથોશતીઓ!–આપણે ઉપર જોયું તેમ આપણી પવિત્ર ક્રીયાઓ થતી વખતે ગંભીરતા જેવું તો કાંઇ દીઠામાં આવતુંજ નથી. કોલ્યાં માછીમારોના જેવી હલકી અભણ જાતોની અંદર એવી બાબદમાં જેવું અંધેર અને જેટલી ગંભીરતાની કોતાહી દીઠામાં આવે છે તેથી ઓછાં પ્રમાણમાં નહિ બલકે વધારે આપણી કહેવાતી કેળવાયલી પારસી કોમની અંદર દેખાય છે, અને વધુ અફસોસકારક બીના તો એ છે કે આપણી કોમના કહેવાતા શિખેલાઓ, સુધરેલાઓ, યુરોપિયન સોસાયટીમાં ફરનારાઓ આગળ રહીને એવું અંધેર ચલાવે છે અને ચાલવા દે છે. એવા આસામીઓ ક્રિયાઓ થતી વખતેની ફેશન–ફિસિયારી, તુંદાઈ, તકોબ્બરી કરવામાં અને જરથોશ્તી રાહ રસમ, વિવેક તથા સભ્યતાનો ભંગ કરવા કરાવવામાં ગોયા મોટાઈ કે બડાઈ લેતા હોય એમ લાગે છે. વધારે બેહુદું તો એ લાગે છે કે જયારે એવા લોકો યુરોપિયનોની શાદી રામશની કે ગમીનાં હંગામોપર તેમનાં દેવળોમાં અને પારટીઓમાં જાય છે યા ખાણાંની ટેબલ ઉપર બિરાજે છે ત્યારે તો પોતાના ફાંટા, તુંદાઈ, તથા તકોબ્બરી બાજૂએ મુકી યુરોપિયન એટિકેટ યા વિવેક બધી રીતે જાળવવાની ઇંતેજારી અને કાળજી બતાવે છે. યુરોપિયન રાહરસમો પ્રમાણેનાજ પોશાકોમાં સજ થાયછે, અર વખ્તે માથેથી ટોપી ઉતારે છે વગેરેની ફરજો બજાલાવી તે વખતે ગોયા યુરોપિયનજ બની જાય છે. કહેવત છે કે "લકડી આગે માંકડી નાચે" તેમ આપણા પેલા કહેવાતા,

શિખેલા, સુધરેલા પારસીઓ જ્યાં ઢીલી દોરી જુએ છે ત્યાંજ પોતાની ટેહેંકરાઈ, તુમાખી, સરકશી તથા બેહયાઈ વાપરે છે. એ તો રાંક પારસી કોમ, પારસી મંડળો એવાઓની બેઅદબી, તુંદી, લોક લાગણી દુખવનારી રીતભાંતો સાંખી જાય છે તેથીજ કરીને તેઓને જરથોશ્તી રાહ રસમ અને લાગણી સાથ ચેડાં કાઢવાનું તથા તેમને તડછોડી મેલવાનું વધારે અને વધારે મન થાય છે. પણ યુરોપિયન મંડળોમાં એવી તુંદી, છાલકાપણું કે યુરોપિયન એટિકેટ કે રાહ રસમથી ઉંધી રીતભાંતો સંખાતી નથી. રાજા હોય કે પ્રજા હોય, સર હોય કે સાહુકાર હોય, માતબર હોય કે મુફ્લેસ હોય, કોઈબી યુરોપિયન, યુરોપિયન મંડળીના તરીકાથી ઉલટો યા વેગળો જવાને હિમ્મત કરી શકતો નથી. કારણ કે ત્યાં તો એવા કોઈ પોતાનાજ ફાંટા મુજબ ચાલનારની શુધ તુરતજ ઠેકાણે લાવવામાં આવેછે. તેને બધી વાતે "બોયકોટ" કરી ગોયા ન્યાત બાહેર જેવો ગણવામાં આવેછે અને સારાં મંડળોમાં યા કુટુંબોમાં કોઈ ઝાઝું કોહું કે આવકાર દેતું નથી. યુરોપિયન કોમોના સુધરેલા, શિખેલા, તેમજ બિન કેળવાયલા અભણ, તવંગર તેમજ ગરીબ ખાતરીથી માને છે અને સારી રીતે સમજે છે કે કોમની રાહ રસમ, એટિકેટ, વિવેક અને કાએદા કાનૂનને માન આપી ચાલવામાં, તે જાળવવા તથા બજા લાવવામાંજ કોમનું બંધારણ, ઐકયતા, એકદિલી, હેલસોજી, અને કુવ્વત સમાયલું રહેછે અને તે સબબથી તેઓ એટિકેટ તથા રાહરસમની બારીકમાં બારીક બાબદોપર વટિક ધ્યાન આપવાને પોતાને બંધાયલા ગણેછે. તે કેટલી હદ સુધી તે નીચે ટાંકેલા દાખલાઓ ઉપરથી જોઈ શકાશે. મારી યુરોપ અને અમેરિકાની મુસાફરી દરમિયાન મેં પોતે જાતે જોયલા તથા અનુભવેલા દાખલાઓમાંથી બે ત્રણ દાખલાઓ ટાંકી બતાવવાની લાલચ હું આ તકે થોભાવી શકતો નથી.

તમોને યાદ હશે કે ૧૯૦૪ ના સાલમાં હું "કોનગ્રેસ ઓફ ધી હીસ્ટરી ઓફ રીલીજિયન્સ" જે સ્વીટઝરલેંડમાં આવેલાં

આઝમ શેહરમાં ભરાઈ હતી અને જેમાં દુનિયાંના જુદા જુદા ધર્મના અભ્યાસીઓ, પ્રોફેસરો તથા વિદ્વાન ધર્મગુરૂઓએ ભાગ લીધો હતો તેમાં શામેલ થઇ આપણા જરથોસ્તી મજહબ ઉપર એક નિબંધ વાંચવાનું માન મને પણ મળ્યું હતું. તેને લગતું કામકાજ ચાર દિવસો સુધી ચાલ્યું હતું; સભાઓ ભરાઈ હતી, નિબંધો વંચાયા હતા તેમજ ચાર ચાર દિવસો સુધી દરરોજ રમત, ગમત, ખાણીપીની, મોજમજાહ કરવાનાં સાધનો તથા સંજોગો પણ પૂરાં પાડવામાં આવ્યાં હતાં. હું પોતે જેમ નિબંધો માટેની સભાઓના વાદ વિવાદોમાં શામેલ થતો હતો, તેમ રમત ગમત, ખાવાપીવા તથા ફરવા હરવામાં પણ બીજાઓની મિસાલે ભાગ લેતો હતો. દરેક પ્રસંગે દરેક ઠેકાણે મારો એક વિદ્વાન મિત્ર મારી સાથે મદદગાર થઈ રહેતો હતો. કોનગ્રેસના મુકરર કીધેલા છેલ્લા દિવસે રાત્રે તેના સંબંધમાં એક મોટું દમામદાર ખાણું કરવામાં આવ્યું હતું, જેમાં મને તથા મારા વિદ્વાન મિત્રને શામેલ થવાનું હતું. એ મારો વિદ્વાન મિત્ર છેલ્લા દિવસ સુધી મારી સાથે બધેબધ જતો આવતો રહયો હતો. પણ છેલ્લાં ખાણાં ઉપર તેણે મારી સાથ જવાને ના પાડી. હું તેથી ઘણોજ અજબ, નાશિપાશ અને રંજીદા થયો. મે તેને ઘણીક આજેજી કીધી પણ તેણે સાફ ના પાડી હું જયારે ઘણોજ બજિદ્દ થઇ કારણ પૂછવા લાગ્યો ત્યારે તેણે ખાનગી રીતે મને કહયું કે તે ખાણાં ઉપર જેવો 'કોટ' પેહરેવો જોઇએ તેવો "કોટ" તેની પાસે ન હતો તેથી તે ખાણાં ઉપર મારી સાથ આવવાને અશકત હતો. મેં જયારે જણાવ્યું કે તેવો કોટ મારી પાસે પણ ન હતો ત્યારે તેણે મને જવાબ દીધો કે હું એક હિંદીવાન હોવાથી મને ચાલી જાય, પણ એક યુરોપિયન અને તેબી એક શિખેલા કેળવાયલા યુરોપિયનને તેવા "કોટ" વગર એવાં ખાણાં ઉપર અને એવાં મંડળમાં જવું લાજેમ નથી. એક પ્રોફેસર જેવો ગ્રહસ્થ તેમ કરે તો તેની હાંસી થાય અને કોઈ તેને કોહું દે નહિ.

બીજો દાખલો, હું જ્યારે લંડનમાં હતો ત્યારે એક દિવસે સર મનચેરજી ભાવનગરીને ત્યાં ચા "રીફ્રેશમેંટ" લેવા ટેબલ ઉપર બેઠો હતો. ત્યાં સર જ્યોર્જ બર્ડવુડ. તેવણનાં ધણિયાણી વગેરે હતાં. ચા "રીફ્રેશમેંટ" લીધા પછી સર જ્યોર્જ બર્ડવુડ છુટા પડતી વખતે સફેદ પાઘડી સાથના મારા જરથોસ્તી પોશાક ઉપર નેગાહ કરતાં બોલી ઉઠ્યા કે "તમોને તમારા પારસી પોશાકમાં જોઈને હું ઘણોજ ખુશ થયો છું. તમો એ પોશાકમાં ઘણા "ગ્રેંડ" લાગો છો. પારસીઓ પોતાનું જે સઘળું બાપિકું તે શું કામ મુકી દેતા જાય છે? જુઓ મુસલમાનો લંડનમાં મસજીદ બંધાવવાની તજવીજ કરે છે, કાં નહિ પારસીઓ પોતાના ધર્મનું મકાન અહિં બંધાવતા? પારસીઓ પોતાની નામાંકિત થયલી કોમની જાળવણી અને કાયમી સાથે, પોતાનું પારસીપણું, પારસી અખંડપણું જાળવી રાખવું જોઇએ" એ પ્રમાણે એ બુજોર્ગ, જાણીતા અને આપણુ વચ્ચે માનિતા થયલા માજી અમલદારે ટીકા કર્યા કે જે ટીકા તદન વાજબી અને ડાહપણ ભર્યા હતા.

ત્રીજો દાખલો, જ્યારે હું યુરોપ અમેરિકાની મુલાકાત દરમિયાન મોટાં મોટાં દેવળોની કારીગરી જોવા, વાએજો સાંભળવા યા ક્રિયાઓની કાંઈક માહિતી મેળવવાની મતલબે દેવળોની અંદર જતો ત્યારે મને માથું ઉઘાડું મુકવાને આગ્રહ કરવામાં આવતો હતો. પણ જ્યારે હું તે આગ્રહ કરનારાઓને સારી રીતે સમજ પાડતો કે અમારી જરથોસ્તી રાહ રસમ તથા વિવેક પ્રમાણે ધર્મનાં પવિત્ર મકાનમાં ઉઘાડે માથે દાખલ થવું એ તે મકાનનું અપમાન કરવા બરાબર છે ત્યારે તેઓ માથું ઉઘાડું મુકાવવાથી જિદ લેવાને બદલે પોતાનો આગ્રહ પાછો ખેંચી લઇ મારા તરફ માનની લાગણી દેખાડતા હતા.

ચોથો દાખલો એ છે કે હું અમેરિકા ગયો ત્યારે ન્યુયોર્કમાં પોહોંચતાંને વાર હજી તો સ્ટીમર પરથી ઉતર્યો તેટલામાંજ પ્રોફેસર જેકસન જે મને લેવા આવેલા તેવણે મને ત્યાં ને ત્યાંજ

કેટલીક વાતો સંભળાવા માંડી જેની અંદર ખાનેની મતલબ હું તુરતજ સમજી ગયો. તેમાં એક વાત એ હતી કે જ્યારે પ્રોફેસર જેકસન પેરીસમાં પોતાના મિત્ર પ્રોફેસર પોલહોર્નની મુલાકાતે ગયા હતા ત્યારે જેવા ટ્રેનમાંથી ઉતર્યા તેવાજ પોલહોર્નને ઘરે ગયા. પણ ઘરેથી જવાબ મળયો કે પોલહોર્ન રમતનાં મેદાનમાં રમવા ગયાછે. તેવાજ પ્રોફેસર જેકસન તે મેદાન તરફ ગયા. પણ હજી તો પોલહોર્નને જઈ મળેછે તે આગમજ પોલહોર્નની જેકસન ઉપર નજર પડતાંને વાર તેવણ આગળ દોડી આવ્યા અને બગલગીરી કરી પડયા. તેમ કરતાં પ્રોફેસર જેકસનની ટોપી ઉપર નજર પડી કે તુરત બોલી ઉઠયા કે "આ શું તમે માથે પેહર્યું છે ? આ ટોપી પેરીસ શહેરમાં ચાલે નહિ, ચાલો આપણે પાધરા ટોપીવાલાની દુકાને જઈ બદલી નાખિયે; નહિ તો આ લોકમાં ફરવું ભારી પડશે, કારણ કે આવી ટોપી આ શહેરમાં પેહેરવાનો રેવાજ નથી."

આ સઘળા ઉપલા દાખલાઓ ઉપરથી સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે કે સુધરેલી, શિખેલી યુરોપિયન તથા અમેરિકન પ્રજાઓ અને કોમો પોતાની નજીવી બારીક રાહ રસમ તથા રેવાજો વગેરે તરફ કેટલી તીક્ષણ લાગણીને માન આપવાપર કેટલું ધ્યાન આપે છે અને એ સુધરેલી, શિખેલી કોમોના વિદ્વાન પુરૂષો વિરૂધ્ધ લોક લાગણી દુખવતાં કેટલા અચકાય છે. હમ કોમની ધાર્મિક તથા સંસારી રાહરીતિ સાચવવામાં કેટલા બંધાયલા અને કાળજીમંદ રહે છે, એટલુંજ નહિ પણ, એ સુધરેલા, કેળવાયલા વેપાર, ઉદ્યોગ, વિધ્યા હુનર તથા ધંધામાં આગળ વધેલા યુરોપિયનો તથા અમેરિકનો બીજી કોમોને પોતપોતાની ધાર્મિક કોમીક, સંસારી રાહ રસમ અને કાએદા કાનૂનને માન આપતા જોવાને ઈચ્છે છે અને ઇંતેજાર રહે છે.

આ પ્રમાણે સુધરેલી યુરોપિયન અને અમેરિકન પ્રજાઓના શિખેલા તેમજ સાધારણ લોકો વર્તે છે ત્યારે આપણાં પેલા કહેવાતા શિખેલા સુધરેલા પારસીઓ કેવી રીતે હમકોમ તરફ વર્તવામાં માન, મરતબો, મોટાઈ તથા સુધરાઈ સમજે છે? એ પારસી ભાઈઓ પોતાની કોમની ધાર્મિક તેમજ સંસારી રસમ રાહુરીતિ અને કાએદા કાનૂનથી ઉલટા જઈને કેટલીક વખતે તો; સાંભળવામાં આવે છે તેમ, કેટલાક પારસીઓ સુદરેહ કુસ્તી પણ બદનપર ન રાખી આપણી સભાઓમાં, જરથોસ્તી ક્રિયાઓમા વટિક જાંગલાની પેઠે દાખલ થઈ જાણે પોતાના હમદીનોની લાગણી દુખવનારા દેખાવો કરતા અને વધારતા રહે છે. પણ એવાઓને હું સવાલ કરૂં કે જ્યારે તેઓ યુરોપિયનો તથા અમેરિકનોની કેટલીક બદીઓ જેવી કે તનદરોસ્તીને, પૈસા તકાને હાની પોહોંચાડનારી ધર્મથી ઉળટી બીડી પુંકવાની બદી, ફેશન ફિશિયારી વધારવાની બદી, ખરચાળું ઉડાઉ બનવાની બદી વગેરેની નકલ કરવાની ઉકમાઈથી વડાઈ લે છે, તો એજ યુરોપિયનો તથા અમેરિકનોની ખૂબીઓ, તથા સારી રીતભાંતો પસંદ કરી તેઓને પગલે ચાલવાની કોશેસ શા માટે કરતા નથી? આપણી કોમમાં કેટલાક પારસીઓ, જેઓ, કહો કે ફકત નામનાજ જરથોસ્તીઓ છે, જેઓ સુદરેહ કુસ્તીનું પણ ઠેકાણું રાખના નથી, તેઓ કાંઈ એવુંજ લઈ બેઠેલા લાગે છે કે કોઈને કોઈ બહાને, કોઈને કોઈ રીતે, કોમનો ધર્મ, રસમ, સંસાર, કોમની ઐક્યતા તથા એકદિલીતોડીને ભંગાણ પાડવું અને આપણી જમાનાઓ થયાં માન પામતી આવેલી કોમનું અખંડપણું તથા કાયમિયત તોડી નાખીને તેને ખરાબીના અને સેવટે પાયમાલી તથા નાબુદગીના ખરાબા ઉપર લઈ જઈ નાખવી. એવા કેટલાકોને પગલે કેટલાક વગલે વાંધેનાં લોકો ચાલી તેમની પૂંઠે ઘસડાય છે અને એવા સબબથી આપણી કોમનો ટાળો દિન પ્રતિ દિન બિગડતો રહીને આજે સિયાહ ભવિષ્યની સરહદ ઉપર આવી પુગ્યો છે, જેમાંથી ખુદા અમારા જરથોશતી ટોળાને બચાવે!

વહાલાં હમદીનો:—ઉપર વર્ણવ્યા ઉપરાંત, ગંભીર પ્રસંગો ઉપર જાળવવી જોઈતી ગંભીરતા બીજી રીતે કેમ તૂટેછે તે માટે હજી મને ઘણુંક કહેવાનું છે. નવજોત, લગ્ન કે મરણને લગતી ક્રિયા થતી વેળાએ કેવી રીતભાંત રાખવી અને કેવી ગંભીરતા જાળવવી તે આપણા જરથોસ્તીઓ મોટે ભાગે મુદલજ જાણતા નથી. ક્રિયા થતી વેળાએબી આપણા લોક શાંતિ રાખી શકતા નથી. જાણે આપણી ક્રિયાઓ ફાર્સ સમાન હોય, જાણે ક્રિયાઓ ક્રિયા કરનારાઓ માટેજ હોય, જાણે ક્રિયા બંદગી ઉપર ધ્યાન લગાડવાની જરૂર ન હોય, ધ્યાન આપવાનું તો એક બાજુ રહ્યું, પણ ધર્મ ક્રિયા તરફ માનની નજરથી જોવાને અને તેને માન આપવાને જરથોસ્તી તરીકે ખપતા પારસી જરથોસ્તીઓ બંધાયલા ન હોય તેમ કેટલાકો ક્રિયાઓ થતી વેળાએ ગેરહાજર રહે છે, યાતો હાજર રહી વાતચીતમાં, ગપાસપા મારવામાં, હસવા બોલવા તથા ઠઠ્ઠા મસ્ખરી કરવામાં હમેશાં મશગૂલ રહેતાં જોવામાં આવેછે. અને તે એટલી હદ સુધી કે પર કોમના લોકો જેવા કે યુરોપિયનો એવી કોઇ ક્રિયા વેળાએ હાજર થાય છે ત્યારે તેઓ આપણ લોકના એવા રંગ અને ઢંગો જોઇને અજાયબી અને અચરતીથી દંગ થઈ જાય છે અને સવાલ કરે છે કે "પારસીઓમાં આ કેવી કઢંગી અને બેહુંદી રીતભાંત!" મેં મારે પોતાને કાને કેટલાક યુરોપિયનોને જરથોસ્તી મિજલસોમાં બોલતાં સાંભળયા છે કે "સુધરેલી અને શિખેલી પારસી કોમ, ક્રિયાઓ વખતે કેમ વર્તવું, કેવી ગંભીરતા રાખવી, ધર્મ–ક્રિયા અને ધર્મગુરૂ તરફ કેવું અને કેટલું માન દેખાડવું તથા જાળવવું તે તદન જાણતી નથી. સુધરેલી પારસી કોમમાં ક્રિયાકામો વેળાએ આવાં ગડબડ ગોધ્યારાં, આવા ઘોંઘાટ ઘોંટાળાની પરકોમવાળાઓ આશા રાખી ન શકે." આવા ટીકાઓ યુરોપિયનો કરે તેમાં નવાઈ નથી. કારણ કે યુરોપિયનો તો ક્રિયાઓ વખતે ક્રિયાઓ તરફ તેમજ ક્રિયા કરનારાઓ તરફ બેહદ માનથી વર્તેછે. હોહાકાર કે ગડબડ ઘોંટાળા તો રહયા, પણ જો ક્રિયા વખતે

કોઇને બોલવાં ચાલવાની ઘણી જરૂરજ પડે તોજ ધીમેથી અંગુઠા-પર ચાલે છે યા હળવેથી ફુસફુસે છે અને ગંભીરતા એટલી તો જાળવે છે કે ક્રિયાઓનો અને ક્રિયા કરનારાઓનો માન મરતબો જાળવવામાં કોઇબી રીતની ખલલ પોહોંચતી નથી. અને તેમ થવુંજ જોઈએ. આપણી કોમ સુધરેલી કોમમાં ખપવા માંગતી હોય તો તેણે પણ એવીજ ગંભીરતા તથા શાંતિ જાળવવી જોઇએ.

તમો સર્વે જાણો છો તેમ હાલના વખતમાં હિંદુ, મુસલમાન, યુરોપિયન વગેરે પરકોમના લોકોને જરથોશ્તી મિજલસોમાં જરથોશ્તી ધર્મક્રિયાઓ થતી વેળાએ બોલાવવાનો તથા તેમાં સામેલ કરવાનો અભખરો પારસી કોમમાં દિનપર દિન વધતોજ જાય છે. જાણે યુરોપિયન જાંગલા મડમોની હાજરી વગર જરથોસ્તી મીજલસ શોભતીજ ન હોય તેમ કોઇબી રૂઠાફુઠા ટોપીવાલાને લાવી બેસાડે તોજ સંતોષ મળતો હોય એમ લાગે છે. હવે જો યુરોપિયન મડમ જાંગલાઓની હાજરીથી આપણી ક્રિયાઓને કોઈબી રીતની હાનિ પુગતી ન હોય, આપણી ધાર્મિક રાહરસમ, સફાઈ સુઘડાઈ સચવાતી હોય અને ક્રિયા વખતે ઉપર દર્શાવેલા ફેસ્તા ફજેતા બનતા ન હોય તો યુરોપિયનોને યા બીજી જાતવાલાઓને સામેલ કરવામાં કાંઈ વાંધા જેવું નથી. પણ જો પરકોમવાલાઓની હજૂરમાં તેઓની નજર આગળ ફેસતા ફજેતા, ગોંડળ ઘોંઘાટ અને હાંસી થવાના સંભવો હોય તો પરકોમવાલાઓને હાજર નહિજ કરવામાં આપણી શોભા આબરૂ ઢંકાયલી સમજવી. નવજોત લગ્નની ક્રિયાઓ થતી વખતે જે મચ્છી બજાર જેવો દેખાવ થઈ રહે છે, અને તે ઉપરાંત, દારૂના બાર ઉઘડવાના તથા જલ્દી જલ્દી જમવા બેસી જવાના જેવા બીજા કેટલાક અણઘટતા દેખાવો દિઠામાં આવે છે તે પરકોમવાલાઓને અકસર કરીને યુરોપિયનોને ઘણાજ ચોંકાવનારા, પારસીઓને, પારસી કોમને પારસી જરથોસ્તી ધર્મ ક્રિયાઓને તેઓની નજરમાં ઉતારી પાડનારા નિવડવાજ જોઈએ.

આટલું તો આપણે કબૂલ કરવુંજ જોઇએ કે દરેક ધર્મની ક્રિયાઓનો અને તે ક્રિયાઓ કરનારાઓનો મરતબો બુલંદ છે. સુધરેલી શિખેલી યુરોપિયન તથા અમેરિકન પ્રજાઓ પોતાની ધર્મક્રિયાઓ તેમજ ધર્મ-ગુરૂઓને ઘણો બુલંદ મરતબો, ઘણી ઉંચી જગા આપેછે એ બીના કોઇથી ના પાડી શકાશે નહિ. તેઓ ક્રિયાને તેમજ ક્રિયા કરનારાઓને પુલપીટ જેવિ ઉંચી જગા આપેછે એ બીના સર્વેને જાણીતી છે. હુવે આપણા પારસી જરથોસ્તીઓ, દીનચુસ્ત જરથોસ્તીઓ વટિક શું કરેછે તે જુઓ. જે પાંથરણાંપર નવજોતની કે બીજી ક્રિયા થતી હોય તેની નજદીક બેહુદીનો ખુરસીઓપર બેસી પગ, જોડા યા બૂટ મુકી રાખે છે, એટલુંજ નહિ પણ પરકોમવાલા દુરવંદોને વટિક તેવીજ રીતે બેસાડવાની ગોઠવણ રાખે છે. આવી બેસવાની અને બેસાડવાની ગોઠવણથી કરીને ધર્મક્રિયાનું તેમજ ધર્મગુરૂઓનું અપમાન કરવા જેવું કામ થાય છે, એટલુંજ નહિ પણ પાકીજગી અને પરહેજગારીને લગતો જરથોસ્તી તરીકો સચવાતો નથી. કારણ કે એવી ગોઠવણથી નહાન નાહેલું બાળક તેમજ કુશ્તી પાદીઆવ કીધેલા દસ્તુર મોબેદો તરેહવાર દુરવંદોના સમાગમમાં આવવા પામે છે, જે આપણા ધર્મથી અને તેની "સ્પીરીટ"થી વિરૂદ્ધ છે.

વળી નવજોતના સંબંધમાં એક બીજી અગત્યની બીના જે તમારાં ધ્યાનપર લાવવા જોગ છે તે એ કે કોઇ બડેખાંઓને ત્યાં ધામ ધુમથી નવજોત થાય છે ત્યારે ઘણાક યુરોપિયન, મુસલમાન, હિંદુ પરોણાઓને નોતરવામાં આવેછે. હુવે જ્યારે ત્યાં હાજર રહેલા પારસી પરોણાઓ તેમજ યુરોપિયનો, મુસલમાનો કે હિંદુઓ બૂટ જોડા સુધાં ગાલીચાપરથી ચાલી જઇ ક્રિયા કરવાની જગા નજદીક જઈ બેસે છે ત્યારે બીચારા મોબેદોને દૂર વેરથી એક આખી હાર પસાર કરી, તેમજ હોલનો કેટલોક ભાગ પરકોમવાલાઓની વચ્ચેથી જોડા કાઢી ઉઘાડે પગે ચાલી જવાનો આગ્રહ કરવામાં આવે છે. અને તેનું એક કારણ એ જણાવવામાં આવે છે કે મોબેદોના જોડાથી ગાલીચાઓ ખરાબ થાય છે અને

બીજુ' કારણ એ કે ત્યાં બેઠેલાં લોકોની સામેજ મોબેદોના જોડાનો ઢગલો થાય તે કઢંગો લાગેઅને જોડાઓ પેહરતી વખતે તે ભેળાઇ નજાય યા અદલા બદલી ન થાય તેવી ધાસ્તીથી મોબેદો જે દોડાદોડી કરી મેળે છે અને તે ગડબડથી જે કઢંગો દેખાવ થવા પામે છે તે પરકોમવાલાઓની નજરમાં ઘણો ખરાબ લાગે છે. પણ સવાલ એ છે કે બીજા પારસી પરોણાઓ, યુરોપિયન મંડમ જાંગલાઓ, મુસલમાનો તથા હિંદુ'ઓને વટિક બૂટ જોડા સુધાં ગાલીચા ઉપરથી ચલાવી લઇ જાઓ અને તમારા પોતાના ધર્મગુરૂઓને પરકોમવાલાઓની વચ્ચેથી દૂરવેરથી ઉઘાડે પગે ચાલવાને ફરમાવો તો તે દેખાવ શું ઓછો કઢંગો અને ઓછો નામોશી ભરેલો લેખાય? હું તો આવા પ્રસંગો ઉપર સોથી સરસ ઉપાય એ જોઉંછુ' કે નવજોતવાલાં બાળકને તેમજ દસ્તુર મોબેદોનેબી ખુરસીઓ ઉપરજ બેસાડવા. બાળકને વચમાં અને તેની આસપાસ ધર્મગુરૂઓને ગોઠવવા કે જેથી કરીને ઉપર જણાવેલા કઢંગા દેખાવો નાબૂદ થવા ઉપરાંત નહાન નાંહેલું બાળક તેમજ દસ્તુર મોબેદો ક્રિયા બંદગી કરતી વખતે આપણા જરથોસ્તી તરીકા પ્રમાણે દુરવંદોના સમાગમથી વેગળા રહી શકે. હું કબૂલ કરૂંછુ કે પાંથરણાંની આસપાસ મોબેદો જેમ ગમે તેમ અને જ્યાં ગમે ત્યાં જોડાઓ કાઢી મેળે છે તેથી પાંથરણાંની આસપાસ પારસી કે યુરોપિયન પરોણાઓ ખુરસી ઉપર બેઠેલા હોય તેમની સામે જાણે પૂજા કરવા મુકયા હોય તેમ લાગે છે. હવે આપણાં લોકોને તો એવો દેખાવ સાધારણ થઇ પડયો છે પણ પરકોમવાલાઓને અને અકસર કરીને યુરોપિયનોને તો એ દેખાવ ઘણોજ કઢંગો અને અપમાન ભર્યો લાગે તેમાં નવાઇ નથી. માટે હું ધારૂં છું કે મારો ઉપર સૂચવેલો સુધારો અખત્યાર કરવા જોગ છે.

અત્રે મને એક બીજા હાંસીકારક કઢંગા દેખાવની યાદ આવે છે જે માટે પણ તમોને આ તકે ચેતવણી આપવાની જરૂર જોઉંછું. લગ્નને દિવસે વરરાજા નહાન નાહીં બદન પાક કરી મિજલસમાં બેઠક લીધા પછી તેવણના યુરોપિયન, હિંદુ કે મુસલ-

માન જેઓ જુદદીન મિત્રો હોય તે વરરાજાને હાથો હાથ ભેટવા તથા મુબારકબાદી આપવા યા શેકહેંડ કરવા માટે તેવણુ આગળ હોંસ હરખ ભર્યા જાય છે તો મિજલસમાંથી કોઇ ને કોઈ પારસી તેઓ સામે આડા હાથ કરી ફરી વળે છે અને વરરાજાને અડકાય નહિ એમ કહી તેઓને પાછા વાળે છે. આવી રીતથી કરીને પેલા જુદદીન પરોણાઓ અજાયબી અને ગભરાતથી લોકો વચ્ચે ખસ્યાના પડી ચાંઈ બની જાય છે અને મનમાં અપમાન માની લે છે. વળી એથી વધારે બેહુદો દેખાવ તો એ થાય છે કે સાજનમાં વરરાજાને દુરવંદોથી અતરંગ અને અલગ રાખવાની દોડાદોડી થાય છે પણ જયારે તેજ વરરાજા અને દસ્તુર મોબેદો કુશ્તી પાદીઆવ કરીને ક્રિયા કરવાની જગાએ જાય છે, ત્યારે યુરોપિયન હિંદુ કે મુસલમાનો જેઓને પેહેલી હરોળમાં બેસાડેલા હોવાથી, તેઓને અડકી અડકીને જવું પડે છે તો પછી તેની કસી દરકાર કે પરવા કોઇ કરતું નથી અને દસ્તુર મોબેદો ધ્યાન ખેંચે છે કે કુશ્તી પાદીઆવ કે જે સેવટની અને તન, મન પાક કરવાની અગત્યની ક્રિયા છે તે કરવા પછી દુરવંદોના સમાગમમાં ન રહેવું જોઈએ, તે છતાં અખાડા કરવા કરાવવાની તજવીજ થાય છે. હવે જો આવી ઉળટા સુળતી ઢંગઢડા વગરની રીતભાંત યુરોપિયનો કે બીજા જુદદીન પરોણાઓની જાણુમાં આવે યા તેઓની જાણુમાં કોઈ લાવે તો તેઓ કેટલા ગુંચવાય, કેવા હસે તેનો વિચાર આપણા લોકને આવતો નથી. મારી નાકેસ સૂચના એ છે કે આવી હાંસી અને રકાસ કરવા કરાવવા કરતાં કાંઇ છુટ છાટ મુકવી અને છુટછાટ મુકવામાં ન આવે તો બેહતર કે પરધર્મવાલાઓને તેવાં ટાંકણાંપર બોલાવવાનું મોકુફ કરવું કે જેથી કરીને રકાસ ન થાય અને આપણો જરથોશ્તી તરીકો જળવાય. હું છુટ છાટ મુકવાની જે સૂચના યા ભલામણ કરૂં છું તે એ કારણથી કે વરરાજા બદન

પાક કીધા પછી પોતાના હાથ વડે કોઇ જુદદીનને અડકે તો તે હાથ ફુસ્તી પાદીઆવ કરતી વખતે પાછો પાક થઇ શકે છે. વળી વરરાજાને તો ખુરસી ઉપર પુટલાંની મિસાલે બેસી રહેવાનું હોય છે. દસ્તુર મોબેદોજ પવિત્ર કલામોની મારફતે આશિર્વાદ દેછે અને જ્યારે દસ્તુર મોબેદો જેઓ પવિત્ર કલામો પઢનારા ખુદ ક્રિયા કરનારા તેઓ ગાડીમાં, ત્રેનમાં કે ત્રામમાં બેસી જુદદીનોને અડકી આથડી આવે છે તેમને સલાંમ શેકહેંડ કરે છે તો તેઓ માટે કોઇ વાંધો લેતું નથી તો પછી વરરાજા જેને કાંઇ ક્રિયા ભણુતર કરવાં પડતાં નથી તેને માટે દુરવંદોના સંબંધમાં શું કામ વાંધો લેવો જોઇએ તે વિચારવું મુસ્કેલ લાગે છે.

હવે આપણે બીજી ગેરસમજૂતી અને ગેરરીતી તરફ આપણું ધ્યાન દોડાવીશું. એ ગેરસમજુતી તથા ગેરરીતી સારા માઠા પ્રસંગોપર, નવજોત, લગ્ન અને મરણ પાછળ અણઘટતા, શક્તિ ઉપરાંતના મોટા મોટા ખરચો કરવા કરાવવાને લગતી છે. શક્તિવાલા દોલતમંદ લોકોએબી છકેલ બની જઈ સાડા ત્રણ ઘડીની ફેશન ફિશિયારી, આપવડાઈ, ખોટી ઉકમાઈ અને હરીફાઇ કે મોટાઇને ખાતર જેમ ગમે તેમ એવા હંગામોપર પૈસા ઉડાવી દેવા જોઇતા નથી. કહેવાતા મોટા લોકો આ પ્રમાણે વર્તવાથી જે વચલે વાંધેના લોકો તેઓની નકલ કરવા મંડી જાય છે તેઓ પૂંઠે પૂંઠે ઘસડાઈ તણાઇ તુટેછે અને કરજ દરદમાં આવી પડે છે. પૈસાદાર લોકોએ વટિક મધ્યમપણું જાળવી પૈસાનો મોહ એવા પ્રસંગોપર ન કરતાં એવા પ્રસંગોની યાદગારી કાયમ રાખવા અર્થે કાંઇ નહિ ને કાંઇ સખાવતનાં કામો કરવાં જોઇએ છે. પણ દિલગીરીની વાત છે કે પૈસાદાર લોકો બાહેરના દેખાવને ખાતર પૈસા પાણીની મિસાલે રેડી દે છે અને જયારે કોઇ સારા પૂણ્યવંતાં કામ આરંભવાને સબબે તેઓ પાસે પૈસાની મદદ માગવામાં આવે છે ત્યારે હજાર ખુશઆમદ તથા આજેજી કરાવ્યા છતાંબી નજીવી જેવી રકમ ભરવાથી પણ છટકી જવાને અનેક બહાના તથા રાહનાંશાણાં કાઢવા બેસે છે.

નંવજોન તથા લગ્ન જેવા સારા પ્રસંગો ઉપર તવંગર તેમજ ઉતરતા વર્ગના લોકો અણઘટતી રીતે પૈસા ઉડાવેછે તેના કરતાં વધુ પૈસાની ખરાબી તેઓ મરણ ક્રિયાના હંગામોપર કરે છે. મરનારની ક્રિયાઓને બહાને મીઠાઇ મેવા, ફ્રુટ–ફળ પાછળ હદથી બેહદ ફોકટમાં નાખી દઇ મરનાર ખેશીમાં રૂહના આશિષ લેવાને બંદલે તે રૂહને કચવાટ અને બદનામી આપે છે. વરસી, છમસી, કે બાજ રોજગારપર એક સોથી બસો રૂપિયા મીઠાઇ મેવા અમે ફ્રુટ–ફળપાછળ ખોહી દે છે. મીઠાઇ તથા ફ્રુટના ઢગલા કરવામાં આવેછે. મેં ખાનગી ઘરોમાં વીસથી પચીસ ડજન ફ્રુટ એક નાકેથી બીજા નાકાં વેર સુફ્રા ઉપર બિછાવેલી જોઇછે તેમજ મીઠાઇના થાળાપર થાળા ગોઠવેલા મારા દિઠામાં આવ્યા છે. આવી રીતે પૈસો ખરચવાથી શું સવાબ લાગે છે, તથા શું ફાયદો થાયછે તે તો એ પ્રમાણે પૈસો ખરચનારાંઓજ જાણતાં હશે. આપણે યા આપણો ધર્મ તો એ વિષે કાંઇ જાણતા નથી. એમ કરવામાં ખોટા ખખારા, ખોટી બડાઇ તથા ઉકમાઇ ખોટાં ફાંફાં, હાડમારી તથા પૈસા, વખત અને મેહનતનો ગેરઉપયોગ કરી પોતાની હાંસી કરાવવા સિવાયે જાજું કાંઇએ આપણે જોઇ શકતા નથી. એમાં પૈસાની ખરબાદી થાયછે, મીઠાઈ મેવાના ઢગલા ખુમચાઓમાં આગળા વખતમાં ઘરેઘર, મોહલ્લે મોહલ્લે, સાંજના ત્રણ ચાર વાગતા સુધી રખડ રઝડમાં પડતા હતા, અને પછી તે સઘળું માણસનાં યાતો ગાય બકરાંનાં પેટમાં પડતું હતું. પણ હાલમાં એવા ખુમચાઓને ઠેકાણે પાડવાનો એક બીજો ઇલાજ શોધી કાઢવામાં આવ્યો છે અને તે એકે ભરેલા ખુમચાઓ એમના એમ ગરીબ છોકરાઓ માટે યા તો આંધળાં લુલાં કે વિધ્વાઓ માટે મોકલી આપવામાં આવેછે. એ ખાતાંઓનાં કમજોર ગરીબ લોકોને આવા ખુમચાઓ અવારનવાર આવી મળતા હોવાથી તેમનાં ખાધાંમા

વારે ઘડિયે ભારે ખોરાક આવેછે અને તે જરપત થતો ન હોવાથી એ લોકની તબિયતમાં બિગાડો થવાની ફરિયાદો ઉઠવા લાગી છે અને તેથી કરીને તેઓને વારે ઘડિયે એવો ભારે ખોરાક મળતો બંધ કરવાને વિચાર ચલાવવામાં આવે છે. બધી રીતે જોતાં મીઠાઈ મેવા ફ્રુટ ફળોના ખુમચાઓ ભરી મરનારની યાદ કરવાની અને વફાદારી દેખાડવાની રસમ ખોટી અને ખ્વાર કરનારી છે. ઘણીક વખતે મારા તરફથી સમજાવવામાં આવે છે કે જો પૈસો ફાજલ પાડી શકતા હોવો તો મીઠાઈ મેવાના ખુમચાઓ ભરી રવડાવવાના કરતાં ઘણીજ અગત્યની સાદી ચીજો ક્રિયામાં ભણાવી બાકીનો પૈસો ધર્મકેળવણી આપવા અપાવામાં, ધર્મ સાહિત્ય ખીલવવામાં ખરચો કે જેથી એવી કેળવણીની અને એવાં સાહિત્ય ખીલવવાની જે આપણી કોમમાં ઘણીજ હાજત છે તે હાજત પૂરી પડે અને ગુજર પામેલાં રવાનો એવાં સમજ ભર્યાં સખાવતી કામોથી સંતોષ તથા શાંતિ પામે તેમજ જીવતાંઓને ફાયદો થાય. આવી સમજણ આપવા છતાં જરથોસ્તીઓ પોતાનાં મગજમાં પેવસ થયલા અને જડ ઘાળી બેઠેલા ખખારાઓ, વેહેમો અને ખોટા ખિયાલોનેજ આધિન થઇ આડા અવળા પૈસા બરબાદ કરવાની આદત છોડતા નથી.

હાલમાં વળી મરણ ક્રિયા કરાવવા પાછળ એક બીજી ફહંગી રસમ અખત્યાર થયલી જોવામાં આવે છે. તે એ કે આપણાં લોકો બેવડી, ત્રેવડી અને ચોવડી ક્રિયા ભણતરો કરાવવા લાગ્યાં છે. કેટલાક દાખલાઓમાં દસ્તુરો તેમજ મોબેદો બેહદીનોને સમજાવે છે કે એટલી બધી ક્રિયાઓની જરૂર નથી. તોપણ આવા વખતમાં જ્યારે સારા મોબેદો ઝાઝા મળતા નથી તે છતાં તેઓ બેજીદ્દ થઇ પોતાના ફાંટા ઉપરજ ચાલે છે અને પૈસાની ખ્વારી કરે છે.

મરનારની સગાઈ કદીમી તથા શેહનશાહી એવા બે પંથની મળી આવતાં તેનાં ખેશીઓ બેવડી બેવડી ક્રિયાઓ કરવાને માટે

જાય છે અને તેનો સબબ પૂછવામાં આવતાં જવાબ મળેછે કે જો શેહેનશાહી યા કદીમી પંથમાનો કોઇએકનો રોજ માહ ખોટો હોય તો બંને પંથોના રોજ માહ પ્રમાણે ક્રિયાઓ કીધી હોય તો પછી વસવસો કે ડગડગો રહે નહિ, અને પૈસા ફોકટમાં જાય નહિ. પણ ઘણી અફસોસની વાત છે કે આપણા લોકને હજી આટલુંબી ભાન આવતું નથી કે ખરા રોજમાહ, ખરા તેહવારો, જશનો વગેરે શેહનશાહી તેમજ કદીમી રોજ માહ, તેહવારો, ગાહમબારો તથા જશનો મળતા નથી પણ જુદાજ પડે છે અને જ્યારે એમજ છે ત્યારે બેવડી ત્રેવડી ક્રિયાઓ કરવાનો અર્થ શું? એવાં ખોટાં ફાંફાં મારવા કરતાં જે આપણા ખરા કુદરતના કાએદા અને બર વખતના હંગામો પ્રમાણે આપણી અસલ ઈરાની ખરી ગણત્રી પ્રમાણેના રોજ માહ નક્કી કરી તે રોજ માહ પ્રમાણે તમારાં ગુજર પામેલાં વહાલાંઓની ક્રિયાઓ બરવખતે કરવા કરાવવાની કોશેસ કરો કે જેથી કરીને તમોને તેમજ રવાનોને ઘટતો સંતોષ, સંધ્યારો તથા ફાયદો હાસલ થાય.

મને ચોક્કસ યાદ છે કે મારા એક જજમાનને ત્યાં એક દિવસે ગાહમબારનું આફ્રીનગાન કરતાં ભૂલથી એકને બદલે બીજાજ ગાહમબારનું નામ મારેથી દેવાઇ ગયું તથા તેની ખશનુમન બોલાઇ ગઈ. હજી તો તે બોલવાને શરૂ કરૂંછું તેટલામાં આસપાસના મારી સાથે બેઠેલા મોબેદો તેમજ બેહદીનો ચોંકી ઉઠયા અને એકમેકનાં મોઢાં ટગર ટગર જોવા લાગ્યા. આથી મારૂં ધ્યાન ખેંચાયું અને મેં મારી ભૂલ તુરતજ સુધારી, પણ મનમાં વિચાર કરવા લાગ્યો કે એ અથોરનાન તથા બેહદીન સાહેબો આવી કોઇ કદાચ ભૂલ માટે ખળભળાટ કરી મેલે છે; પણ તેઓ આજ સુદ્દતો થઇ ખોટા રોજ માહ ભણ્યા કરે છે, ગાહમબારો, તેહવારો, જશનો ખોટા દિવસોપર પાળે છે, રવાનોની ક્રિયાઓ બર વખ્તે કરતા કરાવતા નથી તો તેનો વિચાર અંદેશો તેઓને કેમ ઉપજતો નથી? તે સુધારવા માટે શા માટે કાળજી, કે ઉમંગ ધરતા અને દેખાડતા ન હશે?

આટલી તો જાણીતી ખિના છે કે શેહનશાહીં તેમજ કદીમી રોજ માહ ખરી ગણત્રી પ્રમાણેના ખરા રોજ–માહથી વેંગળા જાય છે. એ વાત કોઇબી ના પાડી શકતું નથી. અભ્યાસીઓ વચ્ચે મત ફેર છે, પણ તે મતફેર કયો મહિનો પેહેલો ગણવો અને ચાર વરસે જે એકજ દિવસ ઉમેરવો જોઇએ તે ચાર વરસે ઉમેરતા જવું કે એકસો વીસ વરસે એક આખો મહિનો ઉમેરતા રેહેવું એ બાબદમાં છે. મારા અદના અભ્યાસ મારફતે હું આ અનુમાન ઉપર આવી ચુકયો છું કે પેહલો મહિનો ફરવરદીનજ અસલમાં ગણાતો હતો અને તેમજ ગણાવો જોઇએ. આ મત ખુદ અવસ્તા મધે ફરવરદીન યસ્તમાં મળી આવતા કેટલાક ઇશારાઓને આધારે બાધું છું, જે તમો "અવસ્તા પ્રમાણે જરથોશ્ત અને જરથોસ્તી દીન" નામની મારી ચોપડીમાં જોઈ શકશો. અહિંયાં એ બાબદ ઉપર લંબાણથી બોલવાની જરૂર નથી.

હવે બીજો વાંધો ચાર વરસે એક દિવસ કે એકસો વીસ વરસે એક મહિનો ઉમેરવો તે બાબે છે. કેટલાકોનું મત એવું છે કે સૂર્યની ચાલ પ્રમાણે ચાર વરસે એક દિવસ વધારવો એટલે કે દર ચાર વરસે ત્રણસો છાસઠ દહાડાનું એક વરસ ગણવુ જોઇએ. પરંતું, કેટલાકો જણાવે છે કે આપણા નેયાગાનો કરતા હતા તેમ દર એકસો વીસ વરસે એક મહિનો વધારતા જવું. પણ વળી કેટલાકોનું કહેવું એવું છે કે દર ચાર વરસેજ એકેક દિવસ ઉમેરતા જવું કે જે માટે પણ આપણા નેયાગાનો છુટ આપી ગયા છે. આપણી સાધારણ સમજ શક્તિ, આપણી સગવડ, સંજોગો, સાંધનો, આપણી રાજપાટ તથા સત્તા વગરની હાલત આપણને ચાર વરસે એક દિવસ ઉમેરવાની ભલામણ કરે છે. તેમજ આપણી ધર્મપોથી, સત્તાવાર પેહલવી દીનકર્દ જેવી પોથી જે ઘણી અગત્યની અને એતબાર સુકવ. લાયક માનિતી કેતાબ છે તેનાં ત્રીજાં પુસ્તકની આખેરીએ જે કેટલાક ઈશારાઓ આવેલા છે તે ઉપરથી આસાનીથી જોઈ શકાય છે કે ચાર વરસે એક દિવસ, ચાલીસ વરસે દસ દિવસ, એકસો વીસ વરસે એક મહિનો, છસો વરસે

પાંચ મહિના કે ચૌદસો ચાલીસ વરસે એક આખું વરસ ઉમેરી શકિયે. આ પ્રમાણે આપણી પુરાતન પોથી આપણને છુટ આપે છે અને ખુલ્લી રીતે જણાવે છે કે ચાર વરસે એક દિવસ ઉમેરવાની રીત તથા રસમ આપણે પસંદ કરી શકિયે ત્યારે આપણે તે સગવડ અને ડાહપણ ભરી રીત શા માટે અખત્યાર ન કરિયે તેની મને સમજ પડતી નથી. એકસો વીસ વરસની મુદ્દત ઘણી લાંબી છે અને તે લાંબી હોવાથી ભૂલાવો, ગફલતી, ઘોંટાળા વગેરે થવાના ઘણાએક સંભવો રહે એ દેખીતુંજ છે. માટે સામ સામી પક્ષના લોકોએ ખોટી જિદ્દ મુકી દઈ આપણાં ધર્મ પુસ્તકોનો આધાર તથા ગવાહીઓ લઇ, આપણી સાદી સમજ શક્તિનો ઉપયોગ કરી એ બાબદનો જેમ બને તેમ જલ્દીથી નિવેડો લાવવો જોઇએ કે જેથી કરી આપણાં ફરોહરોની યાદ, આપણા તેહવારો, ગાહમબારો, જશનો, રોજ માહ વગેરે બર વખતે ખરા હંગામોપર પડતા જાય અને ક્રિયા બંદગીઓમાં જાણી જોઈને ખોટા રોજ માહ પઢવાના ગુનાહથી આપણે મુકત થઇએ.

હવે એક બીજી ક્રિયા કે જે પણ બેવડી કરવા કરાવવાનો કેટલાક જરથોશ્તીઓ હોંસ અને અભખરો રાખે છે તેના બાબમાં કેટલુંક વિવેચન કરવાની જરૂર જોઉં છું. તે ક્રિયા જરથોશ્તી જોડાંઓનાં લગ્ન વખતે કરવાની જરથોશ્તી આર્શિવાદની ક્રિયા છે. કેટલાકો એ ક્રિયા પેહલી રાતના તેમજ પાછલી યા મધરાતના કરવા કરાવવાની હઠ લે છે અને તેનું કારણ એવું જણાવતા રહે છે કે આપણા બાપદાદાઓ કરતા આવ્યા છે. તેઓ હિંદુસ્થાનમાં આવ્યા ત્યારે હિંદુ રાજાને હિંદુ રસસ પ્રમાણે બે વખત આશિર્વાદની ક્રિયા કરવાને તેઓએ કબૂલાત આપી હતી, તેમ આપણને કરવુંજ જોઇએ. ખરીવાત છે કે આપણા વડિલોએ જયારે તેઓ હિંદુસ્થાન આવ્યા ત્યારે અવ્વલ ઇરાની રસમ પ્રમાણે એકજ વખત નહિ, પણ બીજી વાર મધરાત્રે બી, અસલ ઇરાની પાજંદ ભાષામાંજ નહિ પણ વળી હિંદુ સંસ્કૃત ભાષામાંબી આશિર્વાદ

નાખવાનો હિંદુ રાજાને કોલ આપ્યો હતો. પણ આપણને જે ધ્યાન રાખવાનું અને વિચારવાનું છે તે એકે એ કબૂલાંત, આપણા વડિલો તે વખતે સંકડામણમાં હોવાથી આપવાની તેમને ફરજને સર ફરજ પડી હતી, અને નહિ કે તેઓ પોતાની અંવલ સગવૂડભરી જરથોસ્તી રસમ પડતી મુકવાને રાજી હોવાથી એવી કબૂલાત આપી હતી. જ્યાં સુધી આપણે હિંદુ રાજાઓની હુકુમત અને રાજ અમલ હેઠળ હતા ત્યાં સુધી આપણે આપણો હિંદુ રાજા અને રાજ્ય સાથનો કોલ વફાદારીથી પાળયો. પણ હવે જયારે આપણને ઇંગ્રેજી રાજયમાં આપણો વહાલો અંવલ જરથોસ્તી મજહુબ અને રસમ પાળવા પળાવવાની પુરતી છુટ મળી છે અને પારકી અગવડભરી રસમ પાળવાને ફરજ પાડવામાં આવતી નથી ત્યારે આપણે આપણી અંવલ જરથોસ્તી દીની રસમ આવી છુટ મળવે અખત્યાર કરીને શામાટે અમલમાં ન મુકિયે? જો કદાચ કોઇ કારણને લીધે આપણો ધર્મ તથા આપણી રસમો કેટલોક વખત આપણાથી ન પળાય તો તેથી એમ નથી ઠરતું કે છુટ મળે તોપણ હમેશ સુધી તેમને પડતાં મેળવાં. જો કદાચ કોઇ જુલ્મી રાજયકારભારને સબબે કોઇક જરથોસ્તીને કેટલીક મુદત સુધી પોતાનું જરથોસ્તી પેહેરણ સુદરેહ કુસ્તી બાજૂએ રાખવું પડે તો તેથી શું છુટ મળવે જરથોસ્તીઓની ફરજ નથી કે તે પોશાક પાછો પેહરવા માંડે? દરેક તક શોધી, દરેક તક લઈ, દરેક તજવીજ કરી આપણી અંવલ ઈરાની જરથોસ્તી દિન અને જરથોસ્તી રાહ રસમજ પાળવા પળાવવાની દરેક જરથોસ્તીએ પોતાની આઇન ફરજ સમજવી કે જેથી કરીને જરથોસ્તી ધર્મ, જરથોસ્તી ક્રિયાઓ, જરથોસ્તી રસમો અને એઓ સાથ અતલગનો સંબંધ ધરાવતો જરથોસ્તી ટોળો નાબૂદ થવાના સંભવો કદીબી હસ્તીમાં આવવા ન પામે અને આપણાં મોતેબર લોહીની આપણી મોતેબર કોમ હમેશાં કાયમ રહે. તેટલા માટે, આપણને ઇંગ્રેજી રાજયમાં મળેલી સારી છુટનો ઘટતો ઉપયોગ કરી બે વખતના નહિ, પણ

ઇરાની જરથોસ્તી રસમ પ્રમાણે એકજ વખતના, સંસ્કૃત ભાષામાં નહિ, પણ આપણી ઇરાની જરથોસ્તી પાજંદ જબાનમાં આશિર્વાદની ક્રિયા કરતા કરાવતા થવું જોઇએ. સંસ્કૃતમાં આશિર્વાદ નાખવામાં વખત ગાળવા કરતાં, ગુજરાતી જે હાલમાં સમજ પડતી ભાષા છે તેમાંજ આશિર્વાદની ટુંક સમજણ આપવામાં પાંચ દસ મીનીટ નાખી હોય તો વધારે બેહતર છે, કારણ કે પરણતાં જોડાંએ એવી સમજણ મેળવી અવસ્યની છે.

વળી હિંદુ રસમ પ્રમાણેના બીજીવારના એટલે કે મધ્ય રાતના આશિર્વાદની ક્રિયા બંધ કરવાની એલતેમાસ કરવાનું બીજું મોટું કારણ એ છે કે મધરાત્રે આશિર્વાદની ક્રિયા થતી વેળાએ કેટલાક રકાસો તથા ફાર્સો એવા જોવામાં આવે છે કે જેથી તે પવિત્ર ક્રિયામાં ખલલ થાય છે એટલુંજ નહિ, પણ તેને હાંસીમાં લાવી મેલે છે. મધરાત્રે આશિર્વાદની ક્રિયા થતી વેળાએ કેટલાક લોકો તરેહવાર ઢોંગો, તોફાન, મસ્તી, મર્યાદા વગરની ગેર સલૂકાઇ કરતા રહે છે અને જો તે માટે ઠપકો આપવામાં આવે તો એવો બચાવ કરવામાં આવે છે કે લોકો ખાધેલાં પીધેલાં છે. જયારે આવી રીતે બચાવ કરવામાં આવે છે ત્યારે બચાવ કરનારાઓની તેમજ તોફાન મસ્તી કરનારાઓની અકલ, કેળવણી અને નીતિરીતિનો તોળ કરવો મુસ્કેલ પડતો નથી. માટે મારી નમ્રતા પૂર્વક અરજ એ છે કે આશિર્વાદની પવિત્ર જરથોશ્તી ક્રિયાને હાંસીમાં તથા હાનીમાં લાવ્યા કરતાં મધરાતની એ બિન જરૂરી ક્રિયા નહિજ કરવી. એ ક્રિયાને સબબે ગંભીરતાનો ભંગ થવા ઉપરાંત ઘર ધણીઓને તેમજ પરોણાઓને મધરાતવેર થોબતાં ઘણીક હાડમારી તથા હાડછેરી ખમવી પડેછે. લગ્નના કારભારથી ઘરધણીઓ તેમજ નજદીકનાં સગાંવહાલાંઓ થાકીને કંટાળી ગયલાં હોવાને સબબે તેઓને લગ્નની બીજી વારની ક્રિયા થતી વેળાએ ઉંઘતાં, ઝુકતાં ગોયા જોર જુલમથી ખુરસીપર ટેકો દઈ માથું પછવાડે નાખી બેસવાની ફરજ પડે છે. તેમજ કેટલીક વખતે પરણતાં જોડાંબી એટલાં ઝુકેછે કે જો તેઓ ઉપર જરા

જોરમાં ચોખા ન છંટાયા તો ખુરસી ઉપરથી નીચે ટપકાઈ પડી જમીન માપવાના ઘણા સંભવ રહે છે. વળી કેટલાંકોનાં રહેવાનાં મકાનો દૂર દરાજ હોવાને સબબે તેઓ મધરાત્રે ત્રેન, ત્રામ કે ઘોડાગાડીની સારી સગવડ અને સાધન મેળવી શકતાં ન હોવાથી સવારે પાંચ છ વાગતા સુધી વાડીમાંજ થોભી રહેવાની તેઓને ફરજ પડે છે. આટલી બધી અડચણો તથા હાડમારીઓ શું કામ વેઠવી જોઈએ તેની કાંઈ સમજ પડતી નથી. એ બાબે ધર્મનું ફરમાન તો બિલકુલ્લ નથી તો પછી મધરાત્રિ આશિર્વાદની ક્રિયા કરવામાં ઢીલ કરવી જરૂરની નથી.

નેક મઝદયસ્નાનો !—અત્યાર સુધી જરથોસ્તી ધર્મ ક્રિયાઓનાં સંબંધમાં થતી ગેરસમજુતિઓ અને ગેરરીતિઓ ઉપર મેં સામાન્ય રીતે વાદ વિવાદ ચલાવ્યો છે. હવે હું આપણી ક્રિયાઓ છુટી છુટી લઇ તેના સંબંધમાં જે મોટી ગફલતી તથા ભુલો આપણા જરથોશ્તીઓ વારંવાર કરતા માલૂમ પડે છે તેના તરફ તમારૂં ખાસ ધ્યાન ખેંચીશ.

નવજોતના સંબંધમાં જે બાબદ તરફ તમારૂં ખાસ ધ્યાન ખેંચવાનું છે તે એ કે બાળકને આપણા ધર્મના મૂળ સિદ્ધાંતોને લગતું, નવજોત ક્રિયાઓ લગતું અને સુદરેહ કુસ્તીના તરીકાને લગતું જોઈતું, જરૂર જોગું, ટુંક ભાગું તુટું જ્ઞાનબી આપવામાં આવતું નથી એટલુંજ નહિ, પણ બાળકોને સુદરેહ કુસ્તીને લગતા અવસ્તા કલામ બંદગી વટિક શિખવવામાં આવેલી ઘણાક દાખલાઓમાં માલૂમ પડતી નથી. માબાપની આવી બેદરકારીથી પ્રથમ પડથીજ બચ્ચાંનાં મન ઉપર એવોજ છાપ બેસે છે કે સુદરેહ કુસ્તીનો તરીકો તેમજ તેના સાથ જોડાયલાં બંદગીનાં ભણુતરો કાંઈબી અગત્ય ધરાવતાં નથી. આ આપણા સુદરેહ કુસ્તીના બે કીમતી અને ઉપયોગી તરીકા તરફ જાણે પ્રથમથીજ બાળકોને બેદરકાર રહેવાને, તિરસ્કાર દેખાડવાને શિખવવામાં આવતાં હોય એમ લાગેછે.

એક બીજી બુરી રૂઢીની શરૂઆત આ તર્ફે તમારા કાન ઉપર લાવવાની હું ઘણી જરૂર જોઉં છું, કે જેથી કરીને તે બુરી શરૂઆત ટુંકમાંજ દબાઇને નાબૂદ થઈ જાય. આપણી કોમ માહેલા કેટલાકોમાં અજ્ઞાનપણાને યા બીજે સબબે ભૂત, ભમાટા જાદુ કોટળ વગેરે વહેમો તથા વેહેજાંઓનો ઘણો પ્રસાર થઇ રહ્યો છે અને હાલમાં તે એટલી હદ શુધી વધી ગયલો લાગે છે કે કોઈ કોઇ ઠેકાણે નવજોત જેવાં ગંભીર ધાર્મિક ટાંકણાં ઉપર વટિક નહાન નાહેલાં બાળકનાં બદન ઉપર નવજોત કરતી વેળાએબી તાવીજે વગેરે જેવી વહેમ વસીલાભરી ચીજો લટકાવેલીજ રાખવામાં આવે છે અને તે કાઢી નાખવાને સલાહ આપવામાં આવતાં બેહુયાઈભર્યો જવાબ મળે છે કે એ તો બાધા છે અને જન્મથીજ લટકાવેલી છે અને તે બદનપરથી દુર કરાય નહિ. આપણા ધર્મમાં વહેમ વસીલાભર્યા જાદુ-કોટલ, બાધા વગેરેનાં તત્વને ધિક્કારથી જોવાને ફરમાવેલું છે. એવાં તત્વને કોહું આપનારા અને માનનારાઓને ગુનેહગાર જેવા ગણેલા છે તે છતાં જરથોસ્તી માબાપો યા વાલીઓ તરફથી ઉપર દર્શાવેલો બેહુદો, બેહુયાઇભરેલો જવાબ મળે તે કેટલું અફસોસકારક છે? હું આશા રાખું છું કે અણુજાણુપણામાં કોઇ જરથોસ્તીઓ એવી રૂઢી ચલાવતાં હોય તો તે ચાલુ રાખતાં અટકશે અને હવેથી ખરા જરથોસ્તીને કમકમાટ ઉપજે તેવા માઠા દેખાવો કદીબી જોવામાં આવશે નહિ.

વળી એક બીજી એબ અને તે સૌથી બુરી એબ આપણા જરથોસ્તી ટોળામાં પેવસ થએલી જણાય છે તે અવ્વલથી, હજારો વરસોથી ચાલતા આવેલા, ચાલુ રહેલા જરથોસ્તી ધર્મને લગતા સુદરે કુસ્તીના અગત્યના અને મે ઉપર દેખાડયું તેમ ઘણા ઉપયોગી ફાયદામંદ તરીકાનો, એને માટેના ફરમાનનો અનાદર કરવાની સાંખી નહિ શકાય તેવી એબ છે. મે ઉપર કહયુ તેમ કોઇક પારસીઓ માટે પોતાના બદન પર સુદરેહ કુસ્તી નહિ રાખવાની અને આપણી એ ધાર્મિક નીશાન અને લાબકાત વગર જરથોસ્તીઓમાં, જરથોસ્તી સભાઓમાં અને ક્રીયાઓમાં વટિક સામેલ થવાની,

જરથોસ્તી તરીકે ખપી, ખપવા માગી, જરથોશ્તી કોમને લગતા જરથોસ્તી ફંડોને લગતા લાભો મેલવતા રહેવાની. ફરયાદ થાય છે. પણ કોઇબી સમજુ સાચ્ચો જરથોશ્તી આટલુ તો કબુલ કર્યા વગર રહેશે નહી કે આટલી હદ સુધી શેખઇ કરનારા પારસીઓને જરથોશ્તી તરીકે ગણવા યા ગણાવા દેવા સામે દીનદાર જરથોસ્તીઓ વાજબી રીતે પોતાનો પોકાર અને ફરયાદ ઉઠાવે, તેઓ સામે ચાંપતા પગલાં ભરે અને અગત પડે તો સરકારી કાયદાની પણ મદદ માગી એ બાબદનો જોઇતો બંદોબસ્ત કરે તો તે દીનદાર જરથોશ્તીઓને લાજમ છે. તેઓને વાંધો ઉઠાવાને, પોતાની કોમ અને ધર્મને જાલવવાની યુકતીઓ તેમજ બંદોબસ્તો કરવાને પુર સત્તા તથા હકક છે. એમાં કાંઇબી ખોટુ નથી, સહુનસીલતાનો યા સુધારાપણાનો યા છુટ્ટાપણાનો ભંગ થવા યા કરવા જેવું બીલકુલ નથી. આપણે ઉપર જોઈ ગયા તેમ સુધરેલામાં સુધરેલી યુરોપિયન અમેરીકન કોમો પણ પોતાની હુમકોમ, તેના ધર્મ, રસમ, સંસાર વેહુવારને લગતાં સિધ્ધાંતો, તરીકાઓ, કાયદા કાનુંનો, પોષાકો વટિકને માન આપવા અપાવવામાં, તે પ્રમાણે ચાલવા ચલાવવામાં પોતાની હુમકોમની, હુમધર્મની સુખ સલામતી સમજે છે. અને તેમ છેજ અને હોવુંજ જોઇએ. એવી રીતે ચાલવામાં માન આપવા અપાવવામાંજ દરેક સમજુ શખ્સ દુનિયાંની દરેક કોમની સલામતી સુખશાંતી જોય છે. ત્યારે આપણી સુધરેલી કોમોમાં ખપવા માગતી જરથોશ્તી કોમે જે કોમનાં અવ્વલ ધરમે જેના ધાર્મિક સિધ્ધાંતોએ, ધાર્મિક તરીકાઓએ, ધાર્મિક રસમોએ માત્ર ખુદ-જરથોશ્તી કોમનેજ ફાયદા કીધા છે, સદગુણોથી અને સદ્ અહુસ્થોથી અને નામાકીન પુરૂષોથી ભરપુર અને આબાદ અને દુનિયામાં આશકારા કીધી છે એટલુંજ નહિ, પણ આપણે તવારી-ખમાં વાંચીએ છિએ તેમ પરકોમો, પરધરમો ઉપર પણ સારી અસર કરી તેઓને સુધારવામાં, આગળ વધારવામાં ઘણીક રીતે મદદ કીધી છે, તેજ જરથોશ્તી કોમે હદથી બેહદ સહુનસીલતા

બતાવી, સહનસીલતા અને સુધારાપણાના અને છુટટાપણાના ખોટા ખ્યાલની અસર યા લાગવગ હેઠલ રહી અને તેની અંદર દબઈ, આપણી કોમની, જરથોશ્તી ધર્મની, જરથોશ્તી તરીકાની, જરથોશ્તી રાહ રસમની સલામતી જોખમમાં જવા દેવી એ સુધરેલીમાં ખપતી જરથોશ્તી કોમને શોભા ભરેલું, દુરઅંદેશી ભર્યું, અક્કલ પસંદ કામ નથી. આટલુ તે આપણા દીનદાર જરથોશ્તીઓએ માન્ય રાખવુંજ જોઇએ કે બુઢીસ્ટ, હિન્દુ ધર્મમાં માનનારા નામના પારસીઓની તેમજ નાસ્તિક વિચારો ધરાવનારાં જરથોશ્તી ધર્મ અને રાહ રસમને તેમજ ક્રીયાને પડતી મુકનારા, તુછકારી કાઘનારા, જુદદીન જેવા પારસીઓની ભેલસેલથી બનેલી જરથોશ્તી કોમની મોટી સંખ્યામાં તેવી સંખ્યા જાલવવા અને વધારવામાં જરથોશ્તી કોમનું, જરથોશ્તી ધર્મનું, જરથોશ્તી સંસાર વેહવારનું અજ્ઞાનપણુ તેમજ તેમની સલામતી, મજબુટી, આબાદી, કીર્તિ, અને પાયદારી સમાયલી નથી, પણ જરથોશ્તી ધરમ, જરથોશ્તી રાહ રસમ, જરથોશ્તી ક્રિયા કાનુન, જરથોશ્તી સંસાર વહેવારને અનુસરીને ચાલનારા, માન આપનારા વફાદાર જરથોશ્તીઓથી બનેલી કોમમાં, તેવી કોમ જાલવી રાખવામાં, વધારવામાં સમાયલી છે. એક લડાયક લશકરની જીત અને કીર્તિ તે લશકરની સંખ્યા ઉપર આધાર રાખતી નથી અને મોટી સંખ્યાને લીધે હોતી નથી, પણ તે લશકરના કાયદા કાનુન, "ડીસીપલીન" વગેરેને માન આપવાની લશકરીઓને ફરજ પાડવાથી, તેઓ વચ્ચે જે ઐકયતા અને બંધારન જલવાઇ રહે છે તેનેજ તે લશકરની જીત અને તેથી મલતી કીર્તિ મુખ્ય કરીને આભારી છે. વળી એક લશકરમાં જોઇતી ઐકયતા, એકદિલી, સંપ, બંધારણ વગેરે જેવા સદગુણો જેને લીધે લશકરનુ કવ્વત, જોર તકી રહે છે, વધવા પામેછે અને જીત તેમજ કીર્તિ મેલવવાને સામર્થવાન થાય છે તે ઐકયતા, એકદીલી, સંપ બંધારણ વગેરેના સદગુણો જેટલા વધારે એકજ કોમ, એકજ ધર્મ રાહ રસમને લગતા વફાદાર લશકરીઓથી બનેલાં લશકરમાં જોવામાં આવે છે તેટલાજ પ્રમાણમાં

યા તેથી ઓછા પ્રમાણમાંથી, જુદી જુદી કોમો, અને ધરમોને લગતાં માણસોથી બનેલી ફોજમાં તે જોવાની આસા રાખવી તદન ફોકટ છે. એજ મિસાલે એક કોમના બાબમાં પણ બને છે અને બનવુંજ જોઈએ. હવે ત્યારે જો આપણી કોમ ખરો જરથોશ્તી ધર્મ, રાહ,રસમ, અને સંસારથી વેગલા જનારા પારસીઓની, હિન્દુ, બુધીસ્ત, ખ્રિસ્તી યા નાસ્તિક વિચારો ધરાવનારા પારસીઓની, તેવા જુદદીન વિચારો અમલમાં મુકનારા પારસીઓની ચુસ્ત જરથોશ્તીઓ સાથની ભેલસેલની બનતી યા વધતી જાય તો આપણા અવ્વલ જરથોશ્તી બુનથી, અવ્વલ જરથોસ્તી ધર્મ સંસાર વહેવારથી આપણામાં ઉતરી આવેલા સદગુણો, ઐકયતા, એકદિલી સલાહ સંપજ, બંધારન, સુખશાંતી જે સઘળું દરેક કોમની જાલવની, ખીલવણી, કાયમયત અને આગળ વધવા માટે અવશ્યના છે, તે આપણી ભેલસેલ ઉંઢા ચતા વિચારવાલા પારસીઓથી બનતી કોમમાં દીનપર દીન ઓછાં અને ઓછાંજ પ્રમાંણમાં જોવાની અને સેવટે તે ગુણો અને તેનાથી ઉપજતાં સારાં પરીણામો આપણી કોમમાંથી તદનજ નાબુદ થવાની વકી રાખી શકાય એમ કોઈબી દુરઅંદેશ અપક્ષપાત શખ્સ કબુલ કર્યા વગર રહેશે નહિ. આપણી કોમના સમજુ અપક્ષપાત ચુસ્ત જરથોશ્તીઓજ નહિ પણ પર કોમોના મુસલમાન, ખ્રિસ્તી, હિન્દુ કોમોના સમજુ લોકો વટિક આપણી કોમ માટે આવીજ આગાહી કરતા માલૂમ પડે છે. જે પરકોમો જે મુસલમાન, હિન્દુ વગેરે પરકોમો જરથોશ્તી કોમને નમૂનેદાર નકલ કરવા જોગ કોમ તરીકે પોતાના હમકોમોના લોકોની નઝર આગળ ધરતી હતા તેજ પરકોમો હવે ઢંગઢડા વગરની પારસી કોમને, તેમાં હદથી બેહદ છુટટાપણા, કેહવાતાં સુધારાપણાથી, અધરમીપણા અને નાસ્તિકપણાથી પારસી કોમમાં વધતી જતી ખરાબીને પોતાના મુસલમાન, હિન્દુ લોકો સનમુખ ચેતવણી લેવાના, ચોંકીને ચાલવાના એક જીવતા જાગતા દાખલા તરીકે આંગળી કરી દેખાડતી હોય એમ આપણે વર્તમાન પત્રોમાં આવતાં કેટલાંક લખાણોપરથી જોઇ શકીએ છિએ. માટે જેમ બને

તેમ જલદી આપણા સદ્ગ્રહસ્થોએ, દીનચુસ્ટ જરથોશ્તીઓએ ઉલટ ઉજમ પકડી જે જે ધર્મ યા સંસાર વહેવાર સંબધી એબો, બદીઓ પેવસ્ત થઈ યા થતી હોય તેને દાબી દઈ જડમૂળથી ઉખેદી કાઢવાની બનતી કોશેસ કરવી જોઇએ છે.

કહેવાની જરૂર નથી કે આપણી કોમમાં દિન પર દિન ધર્મને તેમંજ સંસારને લગતી મટફેરી ઉમેરાતી રહેછે અને તેનાં પરીણામમાં મીનાકેસો, કજીઓ, કંકાસ વધતા જાય છે. અને તેનું મૂળ કારણ શોઢવું બીલકુલ મુશકેલ નથી. મૂળ કારણ મુખ્ય કરીને આપણી કોમમાં દમ પર દમ ઉભાં થતાં મંદળો, સોસાયતીઓ, સભાઓ યા કોનફરંસો જેવાં ભાઇચારો યા સુધારો કરવા કરાવવાને બહાનેહુસતીમાં આવેલાં ખાલી ઓઠાંઓ છે. એ ઓઠાંઓ અકેક પછી અકેક હુસતીમાં આવવા અગાઉ અને આવતાંને વાર પોતાની નેમ ભાઇચારો ઐકયતા વધારવાની, સુધારા કરવાની, દીન ચુસ્ત બનાવાની છે એમ જાહેર કરે છે. પણ તેઓના કામો ઉપરથી, કામોના પરીણામો ઉપરથી ખુલ્લું માલૂમ પડે છે કે તેઓ ભાઇચારો ઐકયતા વધારવાનો, સુધારા કરવાનો દાવો કરે છે તે તો માત્ર બહારનું ડોળ છે. ખરૂં જોતાં તો અંદરખાનેની મટલબ કાંઇ બીજીજ, એક મેકની સામે, એક મેકને ટોડી પાડવાની, અને કોમના સાધારણ લોકને એક યા બીજી બાજુ દોરવી લઈ જવાની હોય છે. આ પ્રમાણે આપણી કોમમાં આ સઘળાં અકેક પછી ઉભા થતાં ડોળગાલુ મંદળો ભાઇચારો વધારનારાં કે સુધારા કરનારાં યા દીન ઉપર યકીન વધારનારાં નહિ, પણ આપણી નાની કોમમાં મીનાકેસો, મતફેરી, તાનાજાની, કજીઆ ફેસતા વધારનારાં મુખ્ય હુથીયાર થઈ પડયાં છે. માટે આપણી કોમના સમજુ લોકોએ સાથે મલી જે સામાન્ય કોશેસ કરવાની છે તે હાલ તુરત એકકે એક એવાં મંડળને જે મીનાકેસાના મૂળ થઈ પડયાં છે તેને કોહુ ન આપતાં વિખેરી નાખવાની છે. હું તો ખાતરીથી માનુંછું અને દરેક સમજુ શખ્સ માનતો હોવોજ જોઇએ કે આ સઘળાં મંડળો કદીબી હુસતીમાં આવ્યાં ન હુતે તો આપણી

કોમમાં સલાહ સંપજ અને સુધારા વધારા સારી રીતે આગળ વધતે. આ મંડળોની સામસામી ચરસા ચરસી ઉસ્કેરણીથી આપણી કોમજેટલી સલાહસંપજમાં સુધારા વધારામાં પાછળ પડતી રહેસે તેટલી આ મંડળોને વિખેરી નાખી તેઓને નીસ્તીમાં લાવ્યાથી પાછળ પડવાની નથી, પણ તેથી ઉલટું વખતના વહેવા સાથ આગળ વધતી જશે. આપણી કોમમાં મંડળો ઉભાં કરવાનો ગોયાં ખરાબ પવન ફુંકાતો રહ્યો છે. પણ એ પવનથી જે મતફેરી, મીનાકેસો મુશકેલી વધતાં ચાલ્યાં છે તે આપણી કોમની ખાના ખરાબી નાબુદીની નીશાન "સીગનલ" જેવી છે.

આપણા હમકોમીઓએ આટલું ખુબ ધ્યાનમાં રાખવું જોઈએ કે માહોમાહેની મતફેરી, મીનાકેસા, કજીઆ ટંટા કોઈબી કુટુંબની, કોઈબી કોમની યા કોઈબી દેશની પડતી લાવે છે. આપણને એ વાતની સચ્ચાઈ હાલમાં તુરકો અને બાલકન્સ સ્ટેટો વચ્ચે ચાલતી લડાઈ ઉપરથી સહેલથી જોવાને બની આવે છે. આપણને સત્તાધીકારી સાહદતોથી માલૂમ પડયું છે કે તુરકો આ લડાઈમાં તદન હાર ખાઈ ઘણી નામોશીમાં આવી પડયા છે તેનું મુખ્ય કારણ એજ છે કે તુરકોમાં પોતામાં સલાહ સંપજ, ઐકયતા, એકદિલી અને તેથી નીપજતું સારૂ બંધારન નથી, પણ પોતપોતામાંજ કુસંપ, મતફેરી, મીનાકેસા, અને અનઘટતી હરીફાઈ, દુશમની વગેરે આજ મુદત થઈ ચાલ્યા કરે છે. આથી ઉલટીજ અવસ્થા બાલકન સ્ટેટસોની જોવામાં આવેછે. એ સ્ટેટો જેઓ આગળા વખતમા એકમેક સાથ કજીઆ કંકાસ, લડાલડી, દુશમની હરીફાઈ કરતાં રહયાં હતાં તે હાલમાં મીનાકેસા મતફેરી દુર કરી એકસંપ થયાં અને એકમેક સાથે મલી ભેટી ચાલતાં થયાં અને તેનું પરીણામ એ આવ્યું કે તેઓ પોતે ઘણીક રીતે આબાદ બનતાં ગયાં અને હાલમાં પોતાના તુરકી દુશમનો જેઓ સામે પોતપોતાના વચ્ચેના કુસંપને લીધે ટકી શકતાં ન હતાં તેજ દુશ્મનને માહત કરી મોટી જીત અને કીર્તિ મેલવવા પામયાં છે. આવી કેસમના ઘણાક દાખલાઓ

આપણે લગભગ હરરોજ જોઇએ છિયે જે ઉપરથી આપણુને ધડો લઈ આપણી કોમમાં મતફેરી મીનાકેસા જેમ બને તેમ ઓછા થાય તેવા ઉપાયો લેવા જોઇએ કે જેથી કરીને આપણી કોમમાં ઐકયતા, એકદિલી જલવાય, જુદા જુદા ફાંટા પ્રમાણે ચાલ નારા પારસીઓથી બનતાં તડાં પડતાં અટકે અને આપણી જરથોસ્તી કોમ મીનાકેસા, મતફેરી, તડાં વગરની ખાલેસ ખરો અવ્વલ જરથોશ્તી ધર્મ, રાહરસમ, સંસાર વહેવાર પ્રમાણે આબરૂ ઇજ્જતથી ચાલનારી અહુરમજદ પરસતી અખંડ કોમ તરીકે દુનિયામાં કાયમ રહે અને જેમ ભૂતકાળમાં એક નમૂને દાર નકલ કરવા જોગ કોમ તરીકે પરકોમોમાં વખનાતી હતી તેમજ ભવિષ્યકાળમાં પણ સદા ચાલુ રહે.

આપણી મૂળ બાબદથી હું વેગલો ગયો તે માટે દરગુજર ચાહી હવે પાછો તે ઉપર આવું છું. લગ્નની ક્રિયાના બાબમાં હું કેટલુંક બોલી ચુકયો છું. પણ અત્રે એક ખાસ ભૂલ દેખાડયા વગર મારેથી રહેવાતું નથી. કેટલીક તરફથી કહેવામાં આવે છે કે આપણી લગ્નની ક્રિયા જેનો મુખ્ય અને અગત્યનો ભાગ આશિર્વાદના કલામોનો બનેલોછે, તે કાંઇ અસલ ક્રિયા નથી. પાછળથી ઉભી કીધેલી ક્રિયા છે. મેં આ વિષયની શરૂઆતમાં જણાવ્યું તેમ આપણા પાછળા અવસ્તા તથા પેહલવી લખાણો જેમાંથી જરથોશ્તી સિદ્ધાંતો તેમજ ક્રિયાઓને લગતી સમજણો તથા સાહદતો મળેછે તે સઘળાં લખાણોજ આખાં જોકે પયગામબર સાહેબ અશો જરથોસ્તના કે તેવણના પેહલા સાગેર્દોના ખુદ હાથના યા ખુદ તેમનાં પોતાના મુખથી બોલાયલાં બોલોમાંજ લખાયલાં સદાબરાં મળતાં નથી, પણ મેં શરૂઆતમાં કહ્યું તેમ કોઇબી પયગામબરના, કોઇબી ધર્મના કે કોઇબી ફિલસુફીના સંબંધમાં તેમ બન્યું નથી અને હવે પછી કોઇબી કાળે તેમ બનવાની આશા નથી. આપણુને જે મુખ્ય જોવાનું છે તે એજ કે અશો જરથોસ્ત પયગામબરવી "સ્પીરીટ" યાને જુસ્સો

તે લખાણોમાં, તે સિદ્ધાંતો યા ક્રિયાઓમાં છે કે નહિ. અને જો તે લખાણોમાં તે સાહેબની મૂળ "સ્પીરીટ," મતલબ, નેમ, તથા ઇચ્છા જોવામાં આવતાં હોય તો તે લખાણો, સિદ્ધાંતો અને ક્રિયાઓને પયગામબર સાહેબના ખુદ પોતાના ગણી તેમને અમલમાં મુકતાં રહેવાની આપણી આઇન ફરજ છે. આપણે આપણી જરથોસ્તી આશિર્વાદની ક્રિયા પયગામબર સાહેબની "સ્પીરીટ," નેમ, ઇચ્છા, વળણ, ધોરણ વગેરે જોઇએ છિયે. આપણા માનિતા અને માન પામેલા પવિત્ર ગાથાના છેલા હાની અંદર અશો જરથોસ્ત પયગામબરં પોતાની બેટી પોઉરૂચીસ્તીને જામાસ્પ સાથે પરણાવી આપતાં જે નસિહત, જે સબક આપે છે તેનો આબાદ પડઘો, તેની આબાદ નકલ આપણા આશિર્વાદમાં જોઇએ છિયે. વળી હું પૂછવા માગું છું કે અશો જરથોસ્ત પયગામબરનું મુખ્યમાં મુખ્ય કામ શું હતું? અશો જરથોસ્ત પયગામબર સાહેબનું મુખ્યમાં મુખ્ય કામ પાકીજગી, પરહેજગારી, પવિત્રાઇ, અવલોકન, જ્ઞાન, બંદગી વગેરે મારફતે અશો અહુરમજદ પાસેથી દુઆઓ, સબકો, નસિહતો તથા શિક્ષણો મેળવવાં અને તે મળવે પોતાના સાગેર્દોમાં, આસપાસનાં લોકોમાં તેમની સમજ આપી તે સઘળાં ફેલાવવાં. અશોજરથોસ્તનું આ મોટામાં મોટું કામ હતું. તેઓની મોટામાં મોટી ફરજ એજ હતી. અને એજ કામ, એજ ફરજ બજા લાવતાં આપણે એવણને તથા એવણના સાગેર્દોને પવિત્ર ગાથામાં દગલે અને પગલે જોઇએ છિયે. તેમજ અશો જરથોસ્તના વખત પછીના જમાનામાં દસ્તુર દાવરો પણ જરથોસ્ત પયગામબર સાહેબનેજ પગલે ચાલતા હતા અને હજી સુધી તેમ કરતા રહયા છે. આપણી આશિર્વાદની ક્રિયામાં મુખ્ય કરીને નસિહતો અને દુવાઓ સિવાયે બીજું શું છે? બીજા ધર્મવાલાઓ પણ લગ્નની ક્રિયામાં દુવાઓ તથા નસિહતો દેવા સિવાયે બીજું શું કરેછે? આપણી આશિર્વાદની ક્રિયા તથા તેમાં સમાયલા પવિત્ર કલામો ખુદ અશો જરથોસ્તના પોતાના ધોરણ, નેમ અને સુખનો પર રચાયલાં છે અને તેનો જુસ્સો ખુદ જરથોસ્તી જુસ્સો

"સ્પીરીટ" છે. અને તેટલા માટે આપણી આશિર્વાદની ક્રિયાને ખુદ અવ્વલ જરથોસ્તી ક્રિયા તરીકે ગણી લગ્નની એટલે કે જિન્દગીના એક નવા અને અગત્યના તથા જોખમ ભર્યા તબકકે ચઢવાની શરૂઆતમાં થવી જોઈતી ક્રિયા લેખી તેને માનની નજરે જોવાની અને અમલમાં મુકતા રહેવાની અગત્ય પિછાનતા રહેવું જોઇએ છે.

હવે હું મરણ ક્રિયાઓને લગતી ખાસ ગેરસમજુતિઓ અને ગેરરીતિઓ ઉપર થોડુંક વધુ વિવેચન કરવાની રજા લઉં છું. મરણની કેટલીક ક્રિયાઓના બાબમાં ખોટી રૂઢીઓએ બલકે નહિ સંખાય તેવી આપણા ધર્મથી ઉળટી રસમોએ પગ પેસારો કીધેલો માલૂલ પડે છે તે નાબૂદ કરવાની સુચના યા ભલામણ વિષે અત્રે મારે બે બોલ કહેવાની ઘણી જરૂરછે. આપણા કેટલાક જરથોસ્તીઓ નસાખાનામાં અલાહેદી રાખવામાં આવતી સાધારણ પથ્થરની લાદીઓ ઉપર લાશને સચકીને મુકી રાખવાને બદલે ઘરમાં વપરાતી સંગેમરમરની, ટેબલોના સ્લેબો ઉપર લાશને સચકી મુકે છે અને તે સ્લેબો ધોઈને પાછી ઘરના વપરાસમાં લેછે. આવી ઉકમાઇ, બડાઈની શરૂઆત પ્રથમમાં, પોતાની મોટાઇ દેખાડવાને ખાતર શ્રીમંત જરથોસ્તીઓથી થઇ છે અને તેઓની પૂંઠે વચલે વાંધેના લોકો ઘસડાઇને માંગીટાંગીનેબી સંગે મરમરના પથ્થરોપર પોતાનાં ગુજરેલાં ખેશીની લાશ સચકી મુકે છે તોજ જાણે સંતોષ પામતાં હોય એમ લાગે છે. આ એક ખોટી અને નઠારી રસમ આપણા લોકમાં પેવસ થઈ છે અને આગળ વધતી જાયછે, જેથી કરીને ખરા દિનચુસ્ત જ્ઞાની જરથોસ્તીનાં દિલમાં ખેદ ઉપજવોજ જોઇએ. કારણ કે આપણી દીનમાં ફરમાવેલી સફાઈ સુઘડાઈની "સ્પીરીટ" તપાસતાં લાશના સીધા અને લાંબા વખત સુધીના ઘાડા સંબંધમાં રહેલી કોઇબી ચીજ ધોઇનેબી ઘરના વપરાસમાં પાછી લેવામાં આવે તો તે ખોટું ગણાય. આજના વિધ્યા અભ્યાસની નજરે જોતાં પણ એ નુકસાનકારક ઠરે. વળી શક્તિવાલા લોકો લશા મુકવા માટે સંગેમરમરના પથ્થર વાપરે અને ગરીબો સાધારણ પથ્થરનો ઉપયોગ કરે તેથી કરીને મરણ પછીબી તવંગર અને

ગરીબ વચ્ચેંનો બાહેરના ભપકા સપકાનો તફાવત રખાતો અને દેખાતો લાગે છે જે પણ જરથોસ્તી મજહબની "સ્પીરીટ" અને ફરમાનથી ઉલટું છે. આપણા મજહબ પ્રમાણે ખુદાની નજરમાં, પૈસા ટકાના, શારીરિક માલ મિલ્કતના પ્રમાણમાં માનવી મોટો નાનો હોતો નથી, પણ તેની ખૂબી નેકી અને અશોઇનાં પ્રમાણમાં ચઢતી યા ઉતરતી પંકતીનો ગણાયછે. આપણા બરહક્ક મજહબ પ્રમાણે માણસ આ ફાની દુનિયામાંથી ફારેગ થયો કે તવંગર અને ગરીબ એકજ પંકતી ઉપર મુકાય છે. આપણાં જરથોસ્તી ધર્મ ફરમાનની રૂએ મરણ પછીની સઘળી ક્રિયાઓ તવંગરો તેમજ ગરીબો માટે એકજ સરખી રીતે થવી જોઇએ છે. તવંગર તેમજ ગરીબનાં કાલબૂદને એકજ સરખી રીતે જુનામાં જુનાં કપડાં પેહેરાવી, સાદીમાં સાદી રીતે સચકી સાદામાં સાદા પથ્થર ઉપર મુકી પછી એકજ સરખી ક્રિયા ભણતર કરી એકજ સરખી સાદામા સાદી લોખંડની ગેહન ઉપર મુકી ઠેકાણે પાડી એકજ સરખી રીતે એકજ સપાટી ઉપર જાનવરો યા પક્ષીપાસ ભક્ષ કરાવવાને સૂર્યની રોશનીમાં ખુલ્લું મુકવું જોઇએ. આ પ્રમાણે આપણો ધર્મ મરણની ક્રિયાઓ વખતેબી ઉંચામાં ઉંચો સબક તથા ધરો આપવાને ફરમાવે છે અને એજ તેની મોટામાં મોટી ખૂબી છે, જે ખૂબી ખ્રીસ્તી મુસલમાન વગેરે પરધર્મોમા જોવામાં આવતી નથી. ખ્રીસ્તીઓ, મુસલમાનો કે યાહુદીઓમાં દુન્યાવી માલ મિલકત યા મોભા દરજા પ્રમાણે મરનારની લાશને પોષાક પેહરાવવામાં તથા ચઢતી ઉતરતી જગા અને કબરો વગેરે આપવામાં આવે છે. આપણી ઉપલી જરથોશ્તી ક્રિયા તથા રસમ આપણને સબક આપે છે કે જીવ શરીરથી છુટો પડતાંજ, યાને મરણ પછી આ ફાની દુનિયાને લગતી ગેતી દોલત યા માલ મિલ્કત યા માન મરતબો સાથે આવતી નથી કે કામ લાગતી નથી. આ ગેતીજેહાનમાં માણસો માણસો વચ્ચે પૈસા ટકાને લીધે તફાવત રાખે છે, તથા એક બીજાને ઉંચ નીચ ગણે છે તે તફાવત મરણ પછી રહેતો નથી, અને સઘળા એકજ સરખી સપાટી ઉપર મુકાયછે. આવો ઉત્તમ

સબક લેવામાં તથા આપવામાં કેટલાક અણઘડ જરથોશ્તીઓ ખલલ પોંહચાડવા તથા તોડી નાખવા જેવાં કામો પોતાની હાળી ઉકમાઈ તથા બડાઈ દેખાડવાને ખાતર કરતા રહે છે જે કોઈબી સાચા જરથોશ્તીને છાજતું નથી.

બાજે વખત કેટલેક ઠેકાણે કાલબૂદને ઘણો લાંબો વખત ઘરમાં રાખવામાં આવે છે તેથી કાલબૂદ ખરાબ થાય છે યા તે ફાટી જઈને તેમાંથી ઘણીજ ખરાબ બો નિકળે છે જે આસપાસનાંઓને નુકસાન કારક નિવડે છે. માટે આપણાં લોકોએ વધુ વખત કાલબૂદ ઘરમાં રહેવા ન પામે તેવી ગોઠવણ કરી, આપણા જરથોસ્તી ધર્મે આપેલો સફાઈ સુઘડાઇનો કાએદો ધ્યાનમાં રાખી, માન અકરામને ખાતર યા મોટી મિજલસ મેળવવાને ખાતર યા તો બાહેર ગામથી કોઈ આવનારાઓને ખાતર તે કાએદાનો ભંગ નહિ થાય તેની કાળજી દેખાડવાની પોતાની પેહેલી ફરજ ગણવી.

એક બીજી ખરાબ રૂઢીથી કેટલાક જરથોશ્તીઓ આપણા જરથોશ્તી તરીકાનો ભંગ કરે છે. તે એ કે કેટલાંક જરથોશ્તીઓ બુતપરસ્તીની અસર હેઠળ હિંદુ રાહ રસમો તથા વહેમ વસીલાઓમાં વિંટળાઇ ગુઠાઇ ગયલા હોવાથી હિંદુઓમાં પંચકને નામે ઓળખાતા હંગામો ઉપર જો કોઇ કુટુંબમાં મોત થાય છે તો તે પંચકમાં થયલું ગણી રખેને તેજ કુટુંબમાં પાંચ મોત નિપજે એવો હિંદુ વહેમ તથા ધખારો રાખી કપડાંની પાંચ ઢીંગલીઓ બનાવી ગેહાન ઉપરખરાં કાલબૂદ સાથ દોખ્મે ચઢાવે છે અને જાણે ઉતાર આપ્યો હોય તેમ હિંદુઓ પેઠે સંતોષ મેળવી સધિયારો લે છે. આવું કામ, આવી માન્યતા આપણી પાક દીનની નેમથી ઉળટાં છે. જરથોશ્તી દીનમાં જરથોશ્તી દીનની ક્રિયાઓ કે જરથોસ્તી રાહ રસમમાં જુદદીન હિંદુ વહેમ વસીલા તથા વેહેજાંઓ દાખલ કરવા જેવું છે; એથી જરથોશ્તીઓમાં બિગાડાના તત્વોનો વધારો થાય છે, જે કારણથી એ અણઘડ, અજ્ઞાન જરથોશ્તીઓએ જરથોતી ધર્મનું જ્ઞાન મેળવી

જરથોશ્તી ધર્મ તરફની પોતાની ફરજ અને જરથોશ્તી ટોળા માટેની પોતાની જવાબદારી તથા જોખમદારી સમજતા થવું જોઈએ છે.

સચકાર કાઢવાની વખતે એક બીજી ગંફલતી જોવામાં આવે છે. ગેરસારણાનો યા તો સચકાર કાઢવાનો જે વખત જાહેર કરવામાં આવે છે તે વખતેજ ગેહ સારવામાં કે સચકાર કાઢવામાં આવતો નથી. મોડે યા વેહેલે તેમ કરવામાં આવે છે તેથી સેજદો કરવા આવનારાં લોકોને ઘણી અડચણ વેઠવી પડે છે અને કંટાળો ઉપજે છે. ઘણો લાંબો વખત એટલે બેસી રહેવું પડતું હોવાથી લોકો ટાહેલાં તથા વાત ચિત કરવા માંડે છે અને તેબી એવી રીતે કે ગંભીરતા જેવું કાંઇ રહેતું નથી અને એવા દેખાવથી મરનારનાં સગાવહાલાંઓનું દેલ દુઃખાવા જેવું બને છે. માટે વખત મુકરર કરી જાહેર કરવો જોઇએ છે અને ઘટતે વખતે ક્રિયા કરવાથી લોકો પોતાને કામે કાજે જવાની સગવડ તથા સવળતા મેળવી શકે એવી તક આપવી જોઇએ છે.

વળી પાયદસ્તના સંબંધમાં એક બીજી કઢંગી રીત ઉપર તમારૂં ધ્યાન ખેંચવાની જરૂર છે. જેમ એક બે દાયકા અગાઉ પાયદસ્ત પછવાડે મરનારને છેલું માન આપવા અર્થે ત્યાં એકઠા થયલાં મરનારનાં સગાંવહાલાં તથા દોસ્ત આશનાઓ થોડાંક કદમ ચાલતાં હતાં કે જેવી રસમ કેળવાયલી તેમજ બિનકેળવાયલી કોમોમાં જોવામાં આવેછે અને જે રસમ આપણી કોમને તથા આપણા ધર્મની "સ્પીરીટ" ને ઘટતી અને છાજતી છે તે રસમ આપણા માહેલાં કેટલાંક લોકો મુકતાં જાયછે અને જેમ બીજી અનેક બાબદોમાં ખોટા સુધારાનાં ઓઠાં હેઠળ આપણા લોકો સુધારાને નામે તુન્દી, તકોબ્બરી અને તોછડાઈ વધુ અને વધુ અખત્યાર કરતા અને દેખાડતા જાયછે તેમજ આ પાયદસ્ત પછવાડે ચાલવાની બાબદમાંબી બનતું લાગેછે. જાણે થોડાંક કદમ પછવાડે જવાથી પગ ઘસાઈ જતા હોય યા તો થાક ચઢતી હોય યા તો પોતાની મોટાઈ યા મરતબામાં કાંઈ ખોટ ખમવી પડતી હોય તેમ કેટલાક તુન્દ,

તોછડા જરથોસ્તીઓ જે ખુરશી આગળ ઉભેલા હોય ત્યાંજ ઉભા રહી જાયછે, અને ત્યાંજ બેસી જાયછે, જેમ કરવું તેઓને શોભા તથા આબરૂ ભર્યું નથી.

વળી કેટલીક મુદત થઈ પાયદસ્ત કાઢવા અગાઉ એક બીજી ગેરરીતી જોવામાં આવેછે. ઘરધણી મોબેદપાસે મોટે સાદે બાંગ મરાવેછે કે "ઓટલો ઉઠમણું નથી." આવી રીત ઘણીજ કઢંગી છે. બે દાયકા અગાઉ સચકાર કાઢવા પછી સગાં વહાલાં તથા દોસ્ત આશનાઓ મરનારના ઘરને ઓટલે સવાર સાંજ ત્રણ ત્રણ દિવસો સુધી જઇ બેસી ટાહેલાં ટપ્પાઓમાં અરધો પોણો કલાક ગાળતા હતા. પણ પાંચ દસ વરસ થયાં એ ખોટી રસમ લગભગ નાબુદ થઈ ગઈ છે ત્યારે એમ બાંગ મરાવાનુ કારણ શું ? દરેક ઠેકાણે મિજલસમાં ફરી ફરીને બાંગ મરાવવાની જરૂર નથી. કદાચ કોઈ એકલ દોકલ કુટુંબની મરજી હોય કે આગળી રસમ પ્રમાણે લોકોને ત્રણ દીવસ સુધી ઓટલે આવવાદેવાં તો તેનેજ પોતાની ઇચ્છાથી લોકોને વાકેફ કરવાની જરૂર છે. બીજાઓને નથી.

જેમ લોકોને ઓટલે આવવાની વગર કારણે તસ્દી નહી આપવાની મતલબથી મોબેદપાસ બાંગ મરાવવામાં આવેછે તેમ ઉઠમણાંની ક્રીયામાં બી લોકો આવવા યા શામેલ થવા ન પામે તેવી મતલબથી મોટે સાદે કહેવાડવામાં આવેછે કે ઉઠમણુ નથી. આ કેવી બેહુદી રીત ! ઉઠમણું દરેકે દરેક ઠેકાણે આપણી દીનની રાહ રસમ મુંજબ કરવામાં આવેછે તે છતાં ઘરધણીએ જાણી જોઇને જુઠું બોલાવવું, અને તેબી એક મોબેદ જેવા ધર્મગુરૂ પાસે, અને તે મોબેદે જાણી જોઈને ભર મિજલસમાં ખોટું બોલવું એ કેવું કઢંગું લાગેછે ! ત્રીજા દિવસની સાંજનાં ઉઠેમણાંની ક્રીયા, જે એક ઘટતી, ફાયદાવંતી અને અર્થસુચક ક્રીયા છે, જે ગુજર પામેલાંઓને ખુશનુદ કરનારી, સંતોષ શાંતિ બખશનારી તેમજ જીવતાંઓને સબક, શાંતિ, સધ્યારો તથા દેલાસો દેનારી છે, તેવી જરથોસ્તી ક્રીયા જેની મતલબ જોતાં જરથોસ્તીઓએ તેમાં શામેલ થઈ વાતચિત તથા ટાહેલાંમાં વખત ન ગુમાવતાં, ક્રીયા બંદગીમાં મશગુલ

રહી, ખુદાને તથા અશો ફરેોહરોને તેઓની ખુશી, નેકીને યાદ કરી, વફાદારી બતાવી એ ક્રીયાની મારફતે મળતા ફાયદા પ્રાપ્ત કરવાની ફરજ છે તે ફરજ અદા કરતાં ઘરધણીઓએ અટકાવ શું કામ મુકવો જોઇએ? આ પ્રમાણે વર્તવું ખરા અને સાચા જરથો-સ્તીઓને સજાવાર નથી. આવી રીતથી ખરા અને દીનદાર જરથોસ્તીઓનાં અશો રવાનો તથા અશો ફરેોહરો નાખુશ થાય એ માનવા જોગ છે. આપણી પવિત્ર ક્રીયાને અપમાન કરવા, કરાંવવા જેવું એ કામ છે. માટે દીનદાર જરથોસ્તીઓએ પોતાનાં સગાંવહાલાં, દોસ્ત આશનાઓને એવી ક્રીયામાં ભાગ લેવાને તક તથા આવકાર આપવો જોઇએ છે, અને કોઇબી રીતે તેઓની આમદને નાપસંદગી કે હરકત દેખડાવવી જોઇતી નથી. પાછલી રાતનાં ઉઠમણાં કરતાં સાંજનાં ઉઠમણાંમાં શામેલ થવાને લોકોને વધારે સગવડ ભરેલું લાગેછે તેથી સાંજનાં ઉઠમણાંને વધારે અગત્ય આપવી જોઇએ છે. તેને બદલે બેહદીનો પાછલી રાતનાં ઉઠમણાંને વધારે અગત્ય આપતા જણાયછે જો કે દસ્તુરો અને આખો ધર્મ-ગુરૂ વર્ગ એટલે સઘળા અથોરનાનો પાછલી રાતનું ઉઠમણું કરાવવાને બિલકુલ્લ જરૂર જોતા નથી અને પોતાને ત્યાંના મોઠા બનાવો યાને મરણો વખતે પોતાનાં વહાલાંમાં વહાલાં ખેશીઓનું પણ પાછલી રાતનું ઉઠમણું કરાવતા નથી. તેઓ પાછલી રાત્રે જે ક્રીયા કરાવવાની ઘણીજ કાળજી રાખેછે તે આફ્રીનગાન તથા દરૂન બાજ છે અને તે છતાં પાછલી રાતનાં ઉઠમણાંને બેહદીનો અગત્ય આપેછે. ઘણીક વખત બેહદીનોને જણાવ્યા તથા સમજાવ્યા છતાં તેઓ કેટલીક વગર અર્થની ખોટી ચાલુ રસમો પકડી રાખવાની હઠ લઇ બેસી તે પ્રમાણેજ ચાલવાને પસંદ કરેછે અને બીજી ગમથી દસ્તુર મોબેદોને વગોવતા રહેછે કે દસ્તુર મોબેદોએ લંબાણ કરી કરી બધું વધારી મેળવ્યું છે.

ઉપર દર્શાવ્યા પ્રમાંણે જેમ બીજી કેટલીક જરથોસ્તી ક્રીયાંઓમાં હિંદુઓના વહેમ, વસીલા, વેહેજાંઓ તથા બુતપરસ્તીનું

તત્વ આમેજ થયલું દિઠામાં આવેછે તેમ ઉઠમણાંની ક્રીયામાં પણ એવાં તત્વને આમેજ થયલું જોઈ ઘણો ખેદ ઉપજેછે. કોઈક ઠેકાણે ઉઠમણાંનાં પાંથરણાં ઉપર આતશ વગેરેની જરથોસ્તી ક્રીયાઓને લાયકની સામગ્રીઓ સાથ મરનારોની ફુલોથી આરાસ્તે કીધેલી સબીઓ ખુમચા યા અફરગાન્યાં આગળ મુકેલી હોયછે. કોઈક ઠેકાણે જયારે ગુજર પામેલાંઓનાં અશો રવાનો તથા અશોફરોહુરોની નઈયતે આફ્રીનગાન વગેરેની ક્રીયા થતી હોય તે વખતે, તેઓની વારસીક યા માસિક ક્રીયાને ટાંકણે તે મરનારીની સબીઓ તે ક્રીયાઓની નજદીક ભિંતે ટાંગી યા ટેબલ ઉપર મુકી તેમને ફુલોના હાર પેહેરાવવામાં આવેછે યા ફુલોથી શિણગારવામાં આવેછે. આવી રીતી, આવી વળાણુ ખુદ બુતપરસ્તી નહિ તો બીજું શું કેહેવાય? જે સિદ્ધાંતો, વહેમ વસીલાઓ, વેહેજાંઓ, બુતપરસ્તી તથા ખુદ પરસ્તીની સામે થવાને, તેમને નાબુદ કરવાને, જડ મુળથી ઉખેડી નાખવાને આપણા જરથોસ્તી નેયાગાંનોએ, પયગામબરે, પાદશાહોએ દસ્તુર દાવરોએ જીવતોડ મેહનત અને જેહમત ખેંચેલી, જાન માલના ભોગો આપેલા, તેજ વહેમ વસીલાઓ, બુતપરસ્તી તથા ખુદપરસ્તી આપણી જરથોસ્તી દીન અને જરથોસ્તી ક્રીયાઓમાં ફરીથી દાખલ કરવાની શરૂઆત કરનારાઓ, ખરા ચુસ્ત જરથોસ્તી હોવાનો, જરથોસ્તી દીન અને જરથોસ્તી કોમના ખયેર ખાહો હોવાનો, તેવા ગણાવાનો, તેવા કહેવડાવવાનો અને જરથોસ્તી તરીકેના લાભો તથા ફાયદાઓ મેળવવાનો દાવો કરી શકે કે! તેઓએ એવો દાવો કરવો લાયક, લાજેમ અને વાજબી નથી. તેઓએ એવો દાવો કરતાં અટકવું, યાતો પરધર્મનાં, પરકોમનાં સિદ્ધાંતો, વેહેજાંઓ, વહેમ વસીલાઓ વગેરે પડતાં મુકી પોતાના ખાલેશ જરથોસ્તી ધર્મનેજ વળગી માન આપી ચાલવું તથા બીજાઓને ચલાવવું કે જેથી કરીને જરથોસ્તી સિદ્ધાંતો, તથા જરથોશ્તી ક્રીયાઓ તેઓની અસલ સ્થિતિમાં રહી તેઓમાં સમાયલી અવ્વલ નેમ બર આવતી રહે, જરથોશ્તીઓની

આબાદી તથા કીર્તિમાં વધારો થતો રહે અને આપણી નાની કોમ વિખરાઈ જતી, તડાંઓમાં વહેચાઇ જતી અટકે. 'પરધર્મોની, પરકોમોની ખામીઓ તથા ખરાબીઓનો સડો આપણા ધર્મમાં, આપણી કોમમાં લગાડવામાં સારો સાર આવવાનો નથી એમ ખાતરીથી માનવું.

મરણ પછીની બીજી ક્રીયાઓ બાબે હું આગળ બોલી ચુક્યો છું. અત્રે મારે એટલુંજ કહેવાનું રહ્યું છે કે આપણી મરણ પછીની મરનારની નઇયતે કરવા કરાવવાની ક્રિયાઓ એવી છે કે ટુંક કમાઈવાલો ગરીબ જરથોશ્તી વટિક તે ક્રિયાઓ કરાવી મરનારની યાદ તથા તેના તરફની વફાદારી દેખડાવી, મરનારને તેમજ પોતાને સંતેપ તથા શાંતિ આપી શકે. એ સંતોષ તથા શાંતિ લેવા તથા આપવા અર્થે એક ગરીબમાં ગરીબ જરથોશ્તીએ જે ક્રિયા કરાવવીજ જોઇએ છે તે મરનારનાં અશો રવાન તથા અશોફ્રેરોહરની નઇયતે આફ્રીનગાન, સતુંમ અને બાજ છે. એ ક્રિયા મરણ પછી ચોથા દિવસની બામદાદે, દસમે દિવસે, પહેલું વરસ પુરૂં થાય ત્યાં સુધી દર મહિને અને એક વરસપછી દર વરસે કરાવવી બસ છે. જો તે ગરીબ જરથોશ્તીની એટલીબી સંપજ ન હોય તો, ફકત ચોથા દિવસની બામદાદે, દસમે દિવસે, એક મહિનો પૂરો થવા પછી, દર વરસે મરનારનાં અશો રવાન તથા અશો ફ્રેરોહરની યાદ કરવી જરૂરની છે. આ ક્રિયા માટે જોઈતી ચીજો જેવી કે ફ્રૂટ, ફુલ, દરૂન સુખડ લોબાન માટે દોઢ રૂપિયો ઘણો થયો અને સંપૂર્ણ ક્રિયા ભણતર કરાવવા માટે પણ નજદીક દોઢ રૂપિયો મળી ત્રણ રૂપિયા મારા ધારવા અને હિસાબ પ્રમાણે હાલના વખતમાં થવા જોઈએ. જો પોતાનાં વહાલાંઓને યાદ કરી તેમના તરફ વફાદારી દેખાડવા અને સંતોષ, સધિયારો તથા શાંતિ આપવા તથા લેવા અર્થે ક્રિયા કરવા કરાવવાની એટલીબી સંપજ ન હોય તો પોતાનાં ત્રણ ચાર વહાલાંઓના રોજગારો તથા બાજો જુદે જુદે દિવસે તથા જુદે જુદે વખતે પડતાં હોય તે સઘળાંઓની નઇયતે સાથે એકજ દિવસે તથા વખતે ઉપલી

ક્રિયાઓ તે સઘળાં વહાલાંઓનાં નામો સાથે એકઠાં દેવડાવી આગળ રહીને, તન મન ઘસીને સારી ધ્યાતન તથા ખરાં જિગરથી કરવી-કરાવવી. ગુજરેલાંઓનાં ફ્રોહરો તથા રવાનોને નામે તણાઇ તૂટવું, હાય અફસોસ સાથે ફરજ દરદ કરીને વધારે ક્રિયા કરાવવી, વખતો વખત કરવી કરાવવિ યા તો અધુરી કરાવવી, અંગો ઉતારવા ખાતર યા તો તેમાં હાજર અને મશગૂલ થયા યા અંગત ભાગ લીધા વગર, મન ધ્યાન વગર કરવી કરાવવી એ કોઇબી રીતે સવાબનું કામ નથી પણ તેથી ઉલટું ગુનાહનું કામ છે. એ પ્રમાણે ચાલવાથી ક્રિયા કરવા કરાવવાની નેમ બિલકુલ બર આવતી નથી. ગુજરેલાંઓનાં રવાનો તથા ફ્રોહરો ખુશનુદી તથા શાંતિ ભોગવતાં નથી કે જીવતાં વહાલાં-ઓને આશિષ દેતાં નથી. પણ તેઓની ઉપર વગર કારણે તથા વગર અર્થે કાંઇક રીતનો ભાર બોજ મુકવામાં આવતો હોય તેમ તેઓ નારાજ થઈ કચવાય છે અને દુઃખી થાય છે. પણ તે છતાં આટલું યાદ રાખવું કે ગરીબી છે, લાચારી છે એવે બહાને, યા કામકાજ છે, અગવડ છે, બનતું નથી, કોઇ મદદ કરતું નથી એવે એવે કારણે છુટી જવાની કોશેસ કરવી, પોતાનાં ગુજરેલાં વહાલાંઓને, પોતાના નેયાગાનોને વિસારી મુકવાં, જરથોસ્તી તરીકા મુજબ તેઓની નઈયતે કરવી જોઈતી ફાયદાવંતી ક્રિયાઓ ઉપર ઢાંકણું વાળવું એ કામ પણ ગુજર પામેલાંઓનાં રવાનોને તથા ફ્રોહરોને ઓછું કમકમાટ તથા દુઃખ ઉપજાવનારૂં નથી. તેમ કરવામાં કાંઈ ઓછો ગુનાહ નથી, અને ખુદાને ઓછા જવાબદાર ઠરતા નથી. જેમ દુનિયા સંસાર માટે ગરીબમાં ગરીબને કેટલીક ચીજોની અગત્ય પડે છે અને તે ચીજો મેળવવા માટે ગરીબમાં ગરીબ માણસ પણ મેહનત, વખત અને પૈસાનો ફાલો ફાજલ પાડે છે તેમ ઉપલી ક્રિયાઓને પણ જરૂરી ગણી ખુદા તરફની, ધર્મ તરફની અને ગુજરેલાં વહાલાં તરફની ફરજ અદા કરવા માટે બનતું કરી, કાંઈબી ફાજલ પાડી તે ફરજ અદા કરવીજ જોઈએ. કારણ કે એ ફરજ આપણે આગળ જોઇ ગયા તેમ જીવતાંઓ

માટેબી કાંઇ થોડી ફાયદા કારક નથી, થોડી સુખાકારી અને આત્મિક વૃદ્ધિ બખ્શનારી નથી.

હાલના વખતમાં આપણી કોમ મધે એવો બુરો ચાલ પડી ગયલો માલૂમ પડે છે કે જ્યારે કોઇ ઉપલી ધાર્મિક ફરજ યા કોમ તરફની ફરજ અદા કરવાની હોય છે ત્યારે પૈસાને બહાને યા કામકાજને બહાને તે ફરજ અદા કરવામાં પછાત પડે છેઃ પણ એવે બહાને પછાત પડનારા લોકોજ તવંગર તેમજ ગરીબ, ખાવાપીવા, ખમન જમણ, દીનર પાર્ટી, તથા મોજ મજાહમાં ભાગ લેવાનો હોયછે તો તેઓને કામકાજ કે પૈસાની નડતળ પડતી નથી અને તેઓ તુરતજ તૈયાર થઇ જઈ પોતાનાં ગજા તેમજ આવકજાવક ઉપરાંતબી પૈસા, ટકા, તેમજ વખત ગુમાવે છે અને તેને ફરજ અદા કરવાની ઉપમા આપે છે. પણ જરાજરામાં દીનર પાર્ટીઓ, જમણ ખમણ, તથા ખાણાંપીણાંના મેળાવડાઓ ઉભા કરવામાં ઉલટ, ઉમંગ અને ભાગ લેવા કરતાં, તેમાં વખતની અને પૈસાની બરબાદી કરવા કરતાં ઉપર દર્શાવેલી ફરજો અદા કરવા પાછળ તન, મન અને ધનનો ઘટતો ઘસાડોબી ખર્ચ્યો હોય તો ઘણું બેહતર થઇ પડે.

કેટલીક તરફથી કહેવામાં આવેછે કે ધર્મના ફરમાનો અને ધર્મ-ક્રિયાઓ સમજાવે છે કોણ કે જરથોસ્તીઓ ધર્મ-સિદ્ધાંતો અને ધર્મ-ક્રિયાઓ સમજે અને તેમના ઉપર યકીન તથા એતેકાદ ધરાવી તેમને અમલમાં મુકવાની કાળજી રાખતાં રહે; કહે છે કે જરથોસ્તીઓ ક્રિયામાં ગંભીરતા સાચવતાં નથી, ઘણાં ખરાં ગેરહાજર રહે છે, ક્રિયાઓ કરાવવાને આનાકાની કરેછે. તે સઘળાનું મુખ્ય કારણ એજ છે કે તેઓ પોતાનો ધર્મ સમજતાં નથી. આ વાત તો સાચીજ છે કે જ્યાં સુધી કોઇબી ચીજની સમજણ હોય નહિ ત્યાં સુધી તેની પિછાન થઇ શકે નહિ. તથા તેના તરફ ચાહ વધી શકે નહિ. પણ ત્યારે સવાલ એ છે કે ધર્મથી અને ધર્મ-ક્રિયાથી અજ્ઞાન રહેવાનું કારણ શું? અજ્ઞાનપણામાં રહેવા માટે કસુર કોણનો? શું આજના વખતમાં

ધર્મનું જ્ઞાન મેળવવાના સાધનોની કુતાહી છે? અગર જો આજથી પચાસ કે પંચોતેર વરસ અગાઉ કોઇ જરથોસ્તી ધર્મની બાબદોથી અજ્ઞાન હતે અને પોતાના બચાવમાં કહેતે કે જ્ઞાન મેળવવાનાં સાધનો નથી તો તે બચાવ કદાચ કાંઈ પણ ટકી શકતે. પણ હાલના જમાનામાં એવો બચાવ ફોકટ છે, બલકે ખોટાં બહાનાં જેવો બેદરકારીનો કલંક ઢાંકવા અને અધર્મીપણું છુપાવવાનાં ફાંફાં સમાન છે. ગયાં પચાસ વરસની મુદ્દત દરમિયાન આપણા ધર્મનો અભ્યાસ કરનારા યુરોપિયન તેમજ જરથોશ્તી ઓલમાઓથી આપણા ધર્મને લગતી બિકટ તેમજ સાધારણ બાબદો ઉપર, ધર્મ-સિદ્ધાંતો તેમજ ધર્મ-ક્રિયાઓ ઉપર લંબાણથી તેમજ ટુંકમાં સાદી, સરળ, ઇંગ્રેજી તેમજ ચાલુ બોલાતી ગુજરાતી ભાષામાં તથા ફારસી, ફ્રેંચ, જરમન, રશ્યન, દેનીશ, સ્વીડીશ વગેરે જબાનોમાં જેવાં જોઇએ તેવા લખાણો, તરજુમાઓ, ખુલાસાઓ વિવેચનો, દલીલો વગેરે કરવામાં આવ્યા છે. જરથોશ્તી અભ્યાસીઓની જેહમતથી અને રોજીંદાં તથા અઠાવડિક ન્યુસપેપરો તેમજ માસિકોની મદદથી આપણા ધર્મ સંબંધી બાબદોપર સંખ્યાબંધ લખાણો અને વાયજો બાહેર પડતાં રહે છે અને તેમ થવાથી કોઇબી સાધારણ જરથોશ્તી ઘણોજ નજીવે ખરચે ધર્મનું સાધારણ જ્ઞાન મેળવી શકે. લખાણો એટલા તો થયાં છે અને થાય છે અને લોકોને ધર્મ જ્ઞાન મેળવવાની ટકો એટલી તો આપવામાં આવે છે કે કોઇ કામ ધંધામાંથી રોજ થોડોક વખત ફાજલ પાડી તે વાંચવા માંડે તો તે પૂરાં કરતાં વરસો જોઇએ. ધર્મ-સિદ્ધાંતોની અને ધર્મ-ક્રિયાઓની સાદી, સાધારણ, અગત જોગી સમજણ મેળવવાનાં સાધનો પુસ્તકો, લખાણો તેમજ વાયજો એટલાં તો થયાં છે અને એવાં તો છે કે કોઇબી સાધારણ જરથોશ્તી નેક નિષ્ટાથી સમજણ મેળવવાજ ચાહતો હોય તો તે અગતજોગી સમજણ સેહલાઇથી અને સસતી રીતે મેળવી શકે. ધર્મને લગતી સમજણ આપનારાં પુસ્તકો સંખ્યાબંધ નિકળે છે એટલુંજ નહિ પણ ઘરેઘર મોઢાં-આગળ જઇ અઠડે છે તો પણ તે લઇને વાંચવા માટેની કાળજીં દેખાડનારા જરથોશ્તીઓ ઘણા જુજ માલૂમ પડે છે.

આપણા ધર્મની તરેહવાર બાબદો ઉપર લખાયલાં ગુજરાતી તેમજ ઇંગ્રેજી લખાણો જાણીતી જાહેર લાયબ્રેરીઓમાં, તેમજ ખાનગી લાયબ્રેરીઓમાં, પારસી કુટુંબોમાં, ખુદ કેળવાયલા પારસીઓનાં કેતાબખાનાંઓમાં ઉપયોગ વગર પડી રહીને સબડે છે અને કીડાઓથી ખવાતાં માલૂમ પડે છે. વળી કેટલાક પારસીઓ પાસે અને તેબી બીજી શક્તિવાલા કેળવાયલાઓમાં ખપતા પારસીઓ પાસે પોતાના ધર્મની સમજણ આપતાં પુસ્તકોનો સંગ્રહ હોવા છતાં તેઓમાં પોતાના ધર્મનાં મૂળ સિદ્ધાંતોનું, તેની મૂળ બાબદોનું પણ જ્ઞાન હોતું નથી. આપણા લોકોમાં ખાસ કરીને કહેવાતા કેળવાયલા વર્ગમાં મુખ્ય ખામી માત્ર એજ છે કે તેઓ ધર્મ સંબંધી બાબદમાં અજ્ઞાન અને અભણ રહેવાને પસંદ કરે છે એટલુંજ નહિ પણ ધર્મની બાબદમાં અજ્ઞાન રહેવામાં અને અજ્ઞાનપણું દેખાડવામાં મોટાઇ, ઉકમાઇ, છુટાપણુ તથા સુધરેલપણું સમજે છે. જો આ ખોટો ધખારો, આ બુરો ખિયાલ પારસીઓમાંથી નિકળી જાય તો પારસીઓ પોતાની મેળે સેહલથી અને સસતી તથા સારી રીતે પોતાનાં ધર્મ ફરમાનોની અને ધર્મ ક્રિયાઓની અગત્ય જોગી સમજણ મેળવતાં થાય અને જરથોસ્તી સિદ્ધાંતો તથા ક્રિયાઓ અને રસમો સંબંધી જે જે ગેર સમજુતીઓ, જે જે ગેરરીતિઓ જોવામાં આવે છે, અને એવી ગેરસમજુતીઓ તથા ગેરરીતીઓથી જરથોસ્તી ધર્મ અને ધર્મ-ક્રિયાઓ હાંસીમાં, અને જરથોસ્તી કોમની કિર્તિ ઘટી પડવા જેવી હાલતમાં આવી પડે છે તેમ થવા ન પામે. આપણી કોમમાંથી ધર્મ સંબંધી બેખબરી નાબૂદ થાય એવું દરેક રાસ્ત જરથોસ્તીનું ઇચ્છવું હોવું જોઇએ.

મારાં વહાલાં હમદીનો !—આવી નેક ઇચ્છાથીજ મેં આ તેમજ બીજાં લખાણો, ભાષણો, વાએજો મુસાફરીઓ તથા સફરો કીધી છે. હું દેલોજાનથી ઇચ્છું છું કે તમો નેક જરથોસ્તીઓ ભલી જરથોસ્તી દીનના સિદ્ધાંતોને તેમજ તેની ક્રિયાઓને લગતી જરૂરજોગીઅી સમજણ મેળવો અને તેમની ખરી નેમ તથા ખરી ખુબી પીછાનો, અને ખરાં જિગરથી જેવી જોઇએ તેવી રીતે અમલમાં મુકતા રહી તેની મારફતે તમારી આત્મિક હાજતો તૃપ્ત કરો અને સંતોષ, સધિયારો તથા શાંતિ પામો !

ધર્મગુરૂ પેશામાં પડેલા મોબેદોના સંબંધમાં પારસીઓમાં ચાલતી કેટલીક ગેરસમજુતીઓ તથા ગેરરીતીઓ.

તમો સર્વે સારી પેઠે જાણોછો તેમ હાલમાં આપણી કોમ વચ્ચે જે સવાલ ઘણો અગત્યનો, ઘણોજ ધ્યાન ખેંચનારો અને ઘણોજ ચરવાતો રહયો છે તે આપણા બુલંદ, બાપિકા પવિત્ર મજહબની અને તેના પેશવાઓ યાને ધર્મગુરૂઓની જાળવણી, ખીલવણી, સુધારા અને વધારાને લગતો છે. હાલમાં અનેક સદ્‌ગ્રહસ્થો તરફથી તેમજ અનેક લાયક મંડળો તરફથી એ બાબદને લગતી વ્યવહારૂ યોજનાઓ સૂચવવાની માંગણીઓ થાય છે. આપણી કોમના કેટલાક દૂરઅંદેશ દીનચુસ્ત અગ્રેસરો એ બાબદ ઉપર ધ્યાન આપવાની જરૂર ધારે છે, અને તે માટેની વ્યવહારૂ યોજનાને ટેકો આપવાને આતુર છે. આપણા મધ્યમ વર્ગના સમજુ લોકો એ બાબદને લગતી વ્યવહારૂ કોશેસોને ઉપાડી લેવાને પોતા તરફથી બનતી મદદ કરવાની જરૂર પિછાને છે.

દુનિયામાં માણસ જાતના સુધારાની શરૂઆતથી, વિધ્યા હુનરની શરૂઆતથી દરેકે દરેક બાબદપર એકેકથી વિરૂદ્ધ, એકેકથી ઉલટા વિચાર ધરાવનારા માનવીઓ સામસામી હસ્તી પામતા રહ્યાછે. તેજ મિસાલે, દરેક જમાનામાં, દરેક મુલ્કમાં, દરેક કોમમાં ધર્મની, ધર્મગુરૂઓની વિરૂદ્ધ, બલકે ખુદ ખુદાની હસ્તી વિરૂદ્ધ મત ધરાવનારા, નાસ્તિક અને અધર્મી વિચારો ફેલાવનારા આસામીઓ વધતી ઓછી સંખ્યામાં વખત બ વખત જાહેર થતા રહયા

છે. પણ એવા વિચારો કે મતો બાંધનારા અને ફેલાવનારાઓની કોશેસથી ખુદાની કે ધર્મની હસ્તી કાંઈ નીસ્તીમાં ફેરવાઈ જતી નથી. માનવી જાતનો મોટો ભાગ કોઇ પણ પ્રકારે, કોઈપણ રૂપે ખુદાની હસ્તી માનતો રહયો છે અને માનતો રહેવાનોજ; તેવી માન્યતાની અગત્ય તે હરદમ જોતો રહયો છે અને જોતો રેહેશેજ. તેજ મિસાલે ધર્મની અને ધર્મગુરૂની હસ્તી તથા કાયમીની અગત્ય કોઇબી રીતે ઓછી થવા પામી નથી અને કદીબી ઓછી થવાની નથી. તવારીખ આપણુને કહે છે કે જેમ જેમ દુનિયાના લોકો અને પ્રજાઓ સુધરતાં જાય છે તેમ તેમ ખુદાની હસ્તીની માન્યતાની તેમજ ધર્મ તથા ધર્મગુરૂ વર્ગની હસ્તી કાયમ રાખવાની અગત્ય કબૂલ રખાતી આવી છે.

માનવી જાત એક યા બીજા ધર્મને લગતી હોવીજ જોઇએ અને તેમ છેજ. જ્યાં જ્યાં માણુસ જાત વસે છે ત્યાં ત્યાં એક યા બીજા આકારમાં ધર્મ હસ્તી ધરાવતો માલૂમ પડયો છે. કદીમ જમાનાથી તે હાલી જમાના સુધી દુનિયામાં વસતી જુદી જુદી જાતો તથા પ્રજાઓ, અભણમાં અભણ આફ્રીકન અને અમેરિકન જાતો તેમજ ચઢતામાં ચઢતી કેળવણી પામેલી તથા વિધ્યા હુનરમાં આગળ વધેલી યુરોપિયન તથા અમેરીકન પ્રજાઓ, કે છુટામાં છુટા વિચાર ધરાવતી યુનાઇટેડ સ્ટેટસની પ્રજા વટિક ધર્મની, ધર્મક્રિયાની, બંદગીની અને ધર્મગુરૂ વર્ગની જાળવણી અને ખીલવણી માટે કાળજી રાખતી આવી છે, જેમ કરવાની જરૂર તે અચ્છી રીતે પિછાનતી રહી છે. યુરોપ-અમેરિકાની સુધરેલી, કેળવાયલી પ્રજાઓ પોતાના ખ્રિસ્તિ ધર્મની જાળવણી તથા ખીલવણી કરવાને લાખો બલકે કરોડો રૂપ્યાઓ દર વર્ષે બલકે દર મહિને પોતાના ધર્મગુરૂઓ પાછળ ખરચીને તેમની મારફતે ધર્મને લગતાં લખાણો, ભાષણો, વાએજો, તથા શિક્ષણો અપાવી લોકોનાં મનની સનમુખ ધાર્મિક, નીતિમાન વિચારો, અને સબકો વખ્તો વખ્ત ધરવાની, તેમનાં મગજમાં ઠસાવવાની અને તાજાં રાખવાની કોશેસે- કરતી રહેછે અને એ પ્રમાણે પોતાના હમદીનો તથા હમવતા

નીઓના આત્મિક સુધારા વધારાની હાજત પિછાની તે યોગ્ય રીતે પૂરી પાડતી રહે છે. કારણ કે તેઓ સારી રીતે સમજે છે કે માણુસ માટે જે મુખ્ય ચીજ તે તેનો આત્મા છે, યાને માનવી પોતાના આત્માથી માનવી પદ ભોગવે છે, અને આત્માની શાંતિ અને ફાયદાનો મુખ્ય આધાર માણુસની નીતિરીતિ ઉપર રહેલો છે, અને માણુસની રીતિનીતિ જાળવી રાખવા માટેનું જે એકલું અને મુખ્ય સાધન તે ધર્મ છે. માણુસ જાતના મોટા ભાગની રીતભાંત, ચાલચલણ વર્તણુંક વગેરે ધર્મ ઉપર મુખ્ય આધાર રાખે છે. આદમ જાતનો મોટો ભાગ પોતા ઉપર જે કાબૂ રાખી શકે છે તે ધર્મનાજ પ્રતાપથી છે તેમજ માનવી ભાઇબંધ માનવીઓ ઉપર જે અંકુશ મેલી શકેછે તેપણ મુખ્ય કરીને ધર્મનીજ મારફતે હોય છે. ઘરમાં, ગામમાં, શેહરમાં દેશમાં કે દુનિયામાં સુલેહસંપજ, શાંતિ, આબાદી વગેરે અનેક ફાયદાઓ, સાચ્ચા ધર્મનાં ફરમાનો ફેલાવ્યાથી જાળવી તથા વધારી શકાય છે. માણુસ જાતના મોટા ભાગમાં માનવી માનવી વચ્ચે જેટલું વળગણ, જેટલું બંધારણ ધર્મથી રહે છે તેટલું બીજાં કશાંથી રેહેતું નથી. ઇન્સાન ઇન્સાન વચ્ચે જેટલો ભાઇચારો જેટલી એકદિલી, જેટલી દિલસોજી, જેટલી ઐકયતા ધર્મની મારફતે ટકાવી શકાયછે તેટલી બીજા કોઇ સાધનથી ટકાવી શકાતી નથી. આ વાત જેમ આગળા જમાનાના મહાન પુરૂષો કબૂલ રાખી ગયાછે તેમ આપણા વખતના બીનકેળવાયલા તેમજ કેળવાયલા લોકો ખાનગી તેમજ જાહેર રીતે સ્વીકારતાં આપણી જાણમાં વારેઘડીએ આવેછે. થોડીક મુદ્દત થઈ જાહેર છાપાઓમાં વારે ઘડીએ આપણે વાંચિયે છિયે કે કેળવાયલા, શિખેલા, બાહોશ, વિદવાન ઓહ્દેદારો, ગવરનરો, વાઇસરાયો, આર્ચ બીશપો, રાજપતિઓ ધર્મ સંબંધી અને નીતિમાન કેળવણી આપવા માટે લોકોને ભાર મુકીને આગ્રહ કરતા રહેછે. એવા ઉંચી મનશક્તિ, ઉંચી કેળવણી, ઉંચી પદવી ધરાવનારા આસામીઓને આપણે વારંવાર ધર્મની અને નીતિ સંબંધી કેળવણી માટે અત્યંત કાળજી

અને ઘણી અગત્ય દેખાડતા જોઇએ છિયે તેનું કારણ એજ છે કે તેઓ પોતાના ઓહોળા અનુભવ ઉપરથી જોઇ ચુકયા છે કે વિધ્યા હુનર અને વ્યાપાર વ્યવહાર સંબંધી મળતી કેળવણીથી લોકો પૈસો પેદા કરી પોતાનું પેટ ભરી શકેછે તથા શારીરિક એશ-આરામ ભોગવી શકેછે ખરા, પણ તેવી કેળવણીથી ઉંચી નીતિરીતિં સાથ સંબંધ ધરાવતી ખરી સુખશાંતિ તેઓ ભોગવી શકતા નથી. શરીરની પરંવરેશ સાથ આત્માની પરવરેશ થવીજ જોઇએ અને જો તેમ ન બને, જો તનને પંપાળી રવાનને પડતું મેલવામાં આવે, તેને અનુસરતો ખોરાક જે ધર્મબોધ અને નીતિ-માન શિક્ષણ તે તેને પૂરો પાડવામાં ન આવે તો તે આત્મા ભુખયો રહેવાથી અશાંત બને છે અને તેથી કરીને સુલેહસંપજ અને સુખશાંતિમાં ઘણી ખલલ થવા પામે છે. આવો કડવો અનુ-ભવ કેળવાયલા વિદવાન ઓધ્ધેદારો, રાજપતિઓ, વજીરો કે અમીર ઉમરાઓજ મેળવે છે એમ નથી, પણ આપણ સર્વે આપણી કોમમાં, આપણા કુટુંબ કબીલાઓમાં, આપણા સંસાર વ્યવહારમાં જ્યાં જ્યાં નજર ફેરવિયે છિયે ત્યાં ત્યાં દગલે અને પગલે, ધર્મ કેળવણી અને નીતિમાન શિક્ષણની ગેરહાજરીમાં તુન્દી, તુમાખી તકોબ્બરી, "હું કોણ અને તું કોણ?"–નો નિયમ પ્રસાર પામી રહેલો જોઇએ છિયે. જાણીતો વિદવાન ડો૦ જોન્સન કહે છે કે, "ધર્મ વગર રહેવું ધાસ્તી ભર્યું છે." એ વાકયનું ખરાપણું આપણે પોતે જાતે નજરો નજર અને વખ્તો વખ્ત આપણી આસપાંસ જોઇએ છિયે.

ધર્મની જાલવણી અને ખીલવણીની જરૂર માટે કોઈબી સમજુ અને દુનિયાદારીનું જ્ઞાન ધરાવનાર શખ્સ ના પાડી શકે નહિ. તેમજ ધર્મગુરૂ વર્ગની જાલવણી અને ખીળવણીની અગત્ય માટે બે મત હોઇ શકે નહિ. માનવી જાતની શરૂઆત પછી તેને માટે જે મુખ્ય અગત્ય પિછાનવામાં આવી હતી તે ધર્મની અગત્ય હતી. તેમજ માનવીઓ વચ્ચે સૌથી પેહેલા હસ્તીમાં આવેલા પેશાઓમાં જે પેશો પ્રથમથીજ વધારે વજન પામી ચુકયો હતો તે ધર્મગુરૂ વર્ગ

હુતો. આપણી અસલ સુધરેલી ઇરાની પ્રજામાં ધર્મગુરૂ વર્ગ સૌથી પેહેલી પંકતિ ધરાવતો હતો. અસલ જરથોશ્તી પાદશાહ પેહલવાનો પોતાના ધર્મ-ગુરૂઓને ઉંચો મરતબો આપી પોતાના અતલગના સલાહકાર વજીરો તરીકે ગણુતા હુતા, એટલુંજ નહિ પણ, આગળા જરથોશ્તી અમીર ઉમરાઓ ધર્મગુરૂઓ સાથ બેટા બેટીઓનો વ્યવહાર રાખવામાં માન મરતબો સમજતા હુતા. હાલની કેળવાયલી સુધારેલી પ્રજાઓ, આપણી ઉપર રાજ કરતી, જેહાનમાં આશકાર થયલી ઇંગ્રેજી પ્રજા વટિક પોતાના ધર્મગુરૂ વર્ગને કાંઇ થોડી અગત, થોડો માન મરતબો આપતી નથી. આપણા મરહુમ નામદાર શાહનશાહ એડવર્ડ પોતાના વડા ધર્મગુરૂને કેટલીક વખ્તે એવું માનપાન આપતા વાંચવામાં આવ્યા છે કે જે માન તે નામદાર કોઇને જવલેજ આપતા માલૂમ પડતા હુતા. વળી એ વડા ધર્મગુરૂને એટલી સ્વતંત્રતા અને સત્તા આપવામાં આવેલી હોય છે કે રાજકુટુંબમાંથી જો કોઇ ધર્મ વિરૂદ્ધ અથવા આડી ચાલ ચલાવે તો તેને ઠપકો તથા નસિહત આપતાં તે ડરતો નથી. હાલના વખતની સૌથી સુધરેલી જે યુનાઇટેડ સ્ટેટ-સની પ્રજા કહેવાય છે તે પોતાના ધર્મ-ગુરૂઓને ચઢતા ઉતરતા દરજ્જા પ્રમાણે પૂરતો માન મરતબો આપતી આપણે જાણિયે છિએ.

ત્યારે એ પ્રમાણે આપણે જોઇએ છિયે અને તવારીખ પણ આપણને ટેકો આપે છે કે અસલના વખતથી તે હાલના આપણા જમાના સુધી દુનિયાની સુધરેલી શિખેલી પ્રજાઓ વટિક પોતાના ધર્મગુરૂ વર્ગને મોટો માન મરતબો આપતી આવી છે, અને ભવિષ્યમાં પણ સદા આપતી રેહેશે. કારણકે જ્યાં સુધી માણસાઈ ખવાસ માણસાઇ ખવાસ તરીકે આ દુનિયામાં રહેશે ત્યાં સુધી માણસાઈ ખવાસને જરૂરની જોઇતી ચીજ જે ધર્મ તેને જાળવનારા તથા ખીલવનારા જે ધર્મગુરૂઓ, તેઓની અગત્ય ઓછી થવાની નથી. દુનિયામાં લોકો જેમ જેમ કેળવણીનાં આગળ વધશે તેમ તેમ ધર્મની અને ધર્મગુરૂની અગત ઓછી થશે એમ વિચારવું અથવા માનવું તદન નાપાયેદાર છે. આપણે તવારીખ ઉપરથી,

વિદ્દવાનોના પાકટ અનુભવ ઉપરથી, તેમજ આપણા પોતાના અંગત અનુભવ ઉપરથી જોઇએ છિયે કે આપણી નજદીક આપણા કુટુંબ કબીલાઓમાં, લોકો ધર્મની કેળવણી વગર, અને બીજી સર્વ પ્રકારની કેળવણી છતાં, કેટલાં અધીરાં, અસંતોષી, અશાંત, થતાં જાય છે. આપણી કોમમાં ગુનેહગારોની સંખ્યા આગળ કરતાં દિન પ્રતિ દિન કેટલી વધતી જાય છે તે આપણે "સ્ટેટિસ્ટીકસ" ઉપરથી સત્તાવાર રીતે જોઇ શકિયે છિયે. નીચે આપેલા પંદર વરસના પોલીસ રીપોર્ટ ઉપર નેગાહ કરતાં આપણુને સ્પષ્ટ માલૂમ પડે છે કે પારસી ગુનેહગારોની સંખ્યા દીન પ્રતિ દિન કેટલી વધતી જાય છે.

પારસી ગુનેહગારોની ટીપ:

વરસ	મરદો.	ઓરતો.
૧૮૯૦.	૬૭૮.	૪૪.
૧૮૯૧.	૬૮૭.	૪૯.
૧૮૯૨.	૬૮૯.	૪૬.
૧૮૯૩.	૬૧૫.	૪૪.
૧૮૯૪.	૬૮૩.	૩૪.
૧૮૯૫.	૬૮૩.	૪૯.
૧૮૯૬.	૪૪૯.	૨૬.
૧૮૯૭.	૮૭૦.	૫૭.
૧૮૯૮.	૮૭૦.	૧૦૮.
૧૮૯૯.	૯૧૬.	૧૦૪.
૧૯૦૦.	૧૦૪૫.	૩૪.
૧૯૦૧.	૭૬૭.	૯૨.
૧૯૦૨.	૭૫૨.	૯૦.
૧૯૦૩.	૮૫૧.	૭૭.
૧૯૦૪.	૮૧૧.	૭૮.
૧૯૦૫.	૧૦૫૪.	૧૨૨.

પારસી કોમમાં કેળવણીનો ઓહોલો ફેલાવો થવા છતાં, ધંધાધાપાની, વેપાર વણજની, વિદ્યા હુનરની કેળવણીના વધારો થવા છતાં, પૈસા ટકાના ઉમેરા છતાં, આપણી કોમ સામાન્ય રીતે આગળા વખતની પારસીઓની નીતિરીતી સંસાર સલૂક સાથ સરખાવતાં નીતિના બાબમાં કેટલી પછાત પડતી જાય છે તેનુ તોળ કરવાને આ ઉપલી ટીપ આપણુને ઘણી મદદ કરે છે. આપણે એ ઉપલી ટીપ ઉપરથી કહી શકીયે છીએ કે મરદ ગુનેહગારોનો આંકડો ૪૪૯ થી વધી વધીને ૧૦૫૪ ઉપર આવ્યો અને ઓરત ગુનેહગારોની સંખ્યા જે એક વાર ૨૬ ની હતી તે ૧૨૨ સુધી વધી ગઇ.

આપણી કોમનો નીતિરીતી સંબંધી મામલો જે હાલમાં જોવામાં આવે છે તે જો ચાલુ રહયો તો પારસી સ્ત્રી પુરૂષ ગુનેહગારોની સંખ્યાનો છેડો કયાં આવશે, પારસી કોમનો અંજામ શું થશે તેનો વિચાર કરવો ઘણોજ અંદેશો તથા ચીંતા ઉપજાવનારો થઇ પડયો છે. નીચમાં નીચ જાતના નામોશી ભરેલાં અનીતિમાન કામો, નીચમાં નીચ હવસી પેશા યા ધંધાને લગતાં કામો જે કામો આપણી કોમમાં જવલેજ માલૂમ પડતાં હતાં, જે કામો કદાચજ અને છુપા છુપીથી બનતાં સાંભળવામાં આવતાં હતાં, જે કામો તરફ આપણી જરથોસ્તી કોમ ધિકકારની તીક્ષણ લાગણીથી જોતી હતી અને તેવાં કામો કરનારાઓને ઘટતે ફેજે પુગાડવાને અનેક તજવીજો તથા તદબીરો કરતી રહેતી હતી અને તેથી કરી પરકોમવાલાઓની વખાણ મેલવતી રહેતી હતી, પરકોમવાલાઓ વચ્ચે સુર્ખરૂ રહી મગરૂરી લેતી હતી તે નીચ કામો, ન છાજતાં બદફેલો આપણી કોમમાં કેળવણીના વધારા સાથે ઘટવાને બદલે વધે છે, બેહુયાઈ સાથે, લાજ શરમ વગર ખુલ્લી રીતે બનતાં જરથોસ્તીઓના તેમજ પરકોમોના જોવામાં તથા જાણમાં વખતો વખત આવતાં રહે છે. અને વધુ અફસોસ કારક બીના તો એ છે કે એ અનીતિમાન મામલા તરફ આપણી કોમે જરથોસ્તી ધર્મ સંસાર વ્યવહારને છાજતી ધિકકારની જે

તીક્ષણ લાગણી દેખાડવી જોઇએ, એવાં કામો, એવો પેશો કરનારાઓની જે સખત ખબર લેવી જોઇએ તે દેખાડવામાં કે લેવામાં આવતી નથી.

આપણી કોમમાં અનેક બદીઓ પેવસ થઈ આગળ વધતી જાય છે પણ તેનો અટકાવ કરવાને બદલે, તેની ઉપર કોઇને કોઈ રીતે અંકુશ મુકવાને બદલે, સુધારેલપણાં અને છુટટાપણાના અને સહનશિલતાના ખોટા ખ્યાલ અને ખોટા અર્થની અસરને લીધે તે બદીઓ તરફ જાણી જોઈને આંખ મિચામણાં કરવામાં આવે છે.

ઉપર જણાવેલા નીચ પેશા ઉપરાંત આપણી જરથોસ્તી કોમને નામોશી લગાડનારી બદી જે બદીએક બે દાયકા આગમજ આપણા વડીલો ધિકકારની નજરથી જોતા હતા, જે આપણી કોમમાં દાખલ થઇ પૈસાની તેમજ તનદરોસ્તીની ખાનાખરાબી વધારતી જાય છે તે બીડી પીવાની બદી છે. એ બદી સામે, એ બુરાં વ્યસન સામે યુરોપ અમેરિકાના સમજુ શિખેલા સુધરેલા લોકો વટિક પોકારો ઉઠાવે છે, તેને દાબી દેવાને યત્ન કરે છે. યુરોપિયન તેમજ અમેરિકન સ્કુલો, કોલેજો, યુનીવરસીટીઓમાં જવાન્યાઓને એ ઈલ્લતમાં પડતા અટકાવવા, બંધ કરવા અર્થે ખાસ કાએદા કાનૂનો ઘડવામાં તથા અમલમાં મુકવામાં આવે છે. ત્યારે આપણી કોમના ખાસ કરીને સુધરેલામાં ખપવા માગતાઓ એ દુષ્ટ વ્યસનને ધાર્મિક બાધના કારણે યા બહાને અટકાવવાને બદલે તેને વધાવી લઈ ઉતેજન આપતા અપાવતા હોય એમ લાગે છે. પણ જ્યારે દીનદાર જરથોસ્તીઓ પોતાના અવ્વલ જરથોસ્તી યકીન, એતેકાદ અને તરીકા પ્રમાણે અહુરમઝદ ખુદાના પ્રતિરૂપ જે આતશનો નુરી કેબલો તેની ઉપર પોતાની શક્તિ યા ગુંજાસ પ્રમાણે બે પૈસા, બે ચાર આના યા બે ચાર રૂપીઆનુ અને તેપણ મહિનાના યા વરસનાં મોટાં ટાંકણાઓ પર, પચીસ કે પચાસ દહાડા ખુશબોદાર સુખડ લોબાન મુકી તેની તરફ માનની લાગણી જાહેર કરે છે તો એવી ધાર્મિક રસમને વગોવવા અર્થે તેને મોટું ખોટું રૂપ આપી એ કેહવાતા

સુધારકો દીનદાર જરથોશ્તીઓ સામે, પોકાર અને ફરિયાદ ઉઠાવે છે કે તેઓ દર વરસ ત્રણ લાખ રૂપીઆની ના હકની બરબાદી કરી નાખે છે તેમ ન કરતાં તેટલી રકમનો કોઈ બીજો સારો ઉપયોગ કરવો જોઇએ. ખરા જરથોશ્તીઓ પોતાની ઘટતી ધાર્મિક રસમ અને ફરજ અદા કરે છે તો તેઓને આ પ્રમાણે વગોવવાની તજવીજ થાય છે. પણ નામના જરથોશ્તીઓ જેઓ બુરાંમાબુરી આદતો તથા વ્યસનો અખત્યાર કરી આપણી કોમમાં પૈસાની તેમજ શરીરની ખરાબી કરે છે અને ફેલાવે છે તો તેને માટે તદન ચુપકીડી પકડી રાખવામાં આવે છે. હુ સવાલ કરૂં કે કેટલાક પારસીઓ બીડી પીવા લાગયા છે અને જોકે તેઓની સંખ્યા હજી નાની છે છતાં વરસ દહાડે શરીરની ખરાબી ઉપરાંત પૈસાની થોડી ઘણી ખરાબી કરે છે? એ પારસીઓમાંનાં દરેક જણ દરરોજ બીડી પીવાના લખ યા વ્યસન પાછલ કમમાં કમ બબે ચાર ચાર રૂપીઆ ફેંકી દેતા હોવા જોઇએ. કારણકે "ફ્લેવર" સાથની બીડીઓ, જે એ પારસીઓને માઢે લાગેલી છે તે ઘણી મોંઘી વેચાય છે અને રોજની એક નહિ પણ અનેક બીડીઓ ફુકયાની લાલચ થતી હોવાથી સામટી રીતે લેતાં એ પારસીઓની નાની સંખ્યબી વરસ દહાડે કમમાં કમ ત્રણ ચાર લાખ રૂપીઆની બરબાદી કરતી હોવીજ જોઈએ. અને તે છતાં સુધારક તરીકે ખપવા માગતાં પારસીઓ અને મંડળો એવી ન છાજતી ખરચાલુ બદી અખત્યાર કરનારાઓ સામે એક પણ હુકફ ઉચ્ચારવાની હિમ્મત દેખાડતા નથી પણ તેઓ તરફ આંખમિચામણાં કરતા રહે છે. અને તેઓને પંપાળતા હોય એમ ખુલ્લું જણાઇ આવે છે.

કોઇબી સાધારણ સમજુ જરથોશ્તી આટલું તો કબુલ કરયા વગર રહેશે નહિ કે કોઇબી બદી તરફ કોઈબી મટલબે યા આપ સ્વાર્થે યા બહાને બદ કારના પૈસા ટકા યા દોરદમામ દરજાથી દરી જઈ દબાઇ આંખ મિચામણાં કરવાં-એ પણ એક જાતની બદી છે. જેટલું ગેરવાજબી ખરાંને ખોટું ગણવું યા ગણાવવું

અને ખોટાંને ખરાં કામ તરીકે ઓળખવું યા ઓળખાવવું છે તેટલુંજ ગેરવાજબી ખોટાં કામને છુપાવવું યા તેની તરફ આંખમિચામના કરવાં અને કરાવવાનું છે. ખરૂં જરથોશ્તીને છાજતું સુધરેલપણુ હિન્દુ યા બુઢીસ્ત વેહમ વસીલા વેહજાં ભરેલાં સિધ્ધાંતો અને માન્યતાઓ વખોડી કાઢવામાં અને નાબુદ કરવામાંજ સંમાયલું નથી પણ આપણી કોમમાથી બેહુન્દા દુષ્ટ વિચારો, વ્યસનો અને ઇલ્લતો, પછી તે ઇલ્લતો, વ્યસનો, વિચારો હિન્દુ, બુઢીસ્ત, ખ્રિસ્તી, યુરોપિયન, અમેરિકન યા મુસલમાન કોમ યા ધરમને લગતાં હોય, ગમે તેના હોય, તો પણ તેમને તરછોડી કાઘી દુર કરવામાં સમાયલું છે. સહુનશિલતા અને છુટટા પણાના ઓઠાં હેઠલ જેમ હિન્દુ યા બુઢીસ્ત વિચારો, સિદ્ધાંતો, વેહજાંઓ લઇ ચલાવાને જરથોશ્તીઓને સજાવાર નથી તેમજ યુરોપિયન યા અમેરિકન નાસ્તિક વિચારો યા વ્યસનો યા ઇલ્લતો જેને જડ મૂળથી ઉખેડી કાધવા માટે રાત અને દીવસ યુકતીઓ અને તજવીજો શોધવી અને વાપરવી જોઇએ, જેની સામે રાત અને દીવસ જબરો ધુજારો ચલાવવો જોઇએ, તેવા વિચારો અને વ્યસનો તરફ સીધી યા આદકટરી રીતે પસંદગી બતાવવી, આંખમિચામના કરવાં યા કરાવવાં યા ચુપકીદી અખત્યાર કરવી લાજમ નથી. એવી સહુનશિલતા, એવી ચુપકીદી. સદગુણ તરીકે લેખાતી નથી પણ બદીઓના મૂળ તરીકે, બદીઓને પંપાળનાર પોષણ કરનાર, વધારનાર તરીકે ગણાતી રહી છે. આવી અનઘટતી સહુનશિલતા, છુટટા પણા અને ચુપકીદીના પરીણામમાં અનેક બદીઓ આપણી કોમમાં પેવસ થઇ આગળ વધતી ચાલી છે. આ સઘળી ઉપર દર્શાવેલી ગેરસમજુતીઓ અને ગેરરીતીઓનુ, ગુચવન ગુચવાડાઓનુ મુખ્ય કારણ બીજુ કાંઇજ નહિ પણ આપણી કોમમાં સંગીન સપુર્ણ કેળવણીની કોટાઇ છે કે જે સંપુર્ણ સંગીન કેળવણીનું મૂળ તત્વ, મેં આ પુસ્તકના બીજાં પ્રકરણમાં દેખાડયું છે તેમ, ધર્મ અને નીતિ સંબંધી જ્ઞાન છે.

એ સઘળું જોવા અને જાણવા છતાં આપણાં જરથોશ્તી માબાપો પોતાનાં બાળકોને ધર્મ અને નીતિસંબંધી કેળવણી આપ-

વામાં કેટલાં પછાત પડે છે? જરથોશ્તી માવતરો પોતાનાં બચ્ચાંઓ ક્યારે બી. એ. અને એમ. એ. થઈ બાહેર પડે તે માટે ઘણી ઈંતેજારી ધરાવે છે, આપણાં જરથોશ્તી માબાપો પોતાનાં બચ્ચાંઓ ક્યારે વેપાર ધંધામાં કે નોકરીચાકરીમાં આગળ વધે તે માટે આરજૂમંદ રહેછે, પણ તેજ જરથોશ્તી માબાપો છોકરા છોકરીઓની ચાલચલણ, તેઓના આત્માની હાલત, તેઓની નીતિસંબંધી હાજત વિષે સંભાળ રાખવાની દરકાર કરતાં જવલેજ માલૂમ પડે છે. કેટલાંક જરથોશ્તી માબાપોની વળણ ઉપરથી તેઓ એમજ માનતાં લાગે છે કે પોતાનાં બચ્ચાંઓની ધર્મ અને નીતિસંબંધી હાલત માટે કાળજી દેખડાવવી એ સુધરેલામાં ખપવા માગતાં માબાપોને છાજતું કામ નથી. પણ આવી ગફલતીનો શું નતીજો તેઓ પામે છે, તેઓનાં બચ્ચાંઓ પોતાનાં વડીલોનાં નામ કેવી રીતે ખરાબ કરે છે તે આપણે જોઇએ છિયે. માટે આપણી કોમ માટે અતિઘણું જરૂરનું છે કે જરથોશ્તી બચ્ચાંઓનેજ નહિ પણ જરથોશ્તી માબાપોને પણ ધર્મસંબંધી અને નીતિસંબંધી તથા તેઓની ફરજ સંબંધી વખતો વખત સબકો આપવા અપાવવાની ગોઠવણ કરે.

પણ આપણી કોમ તેવી ગોઠવણ કરવામાં કેટલી ઉલટમંદ છે? આપણા માતબર જરથોશ્તીઓ તનની દરોસ્તી માટે, વિદ્યા હુનરની ખીલવણી માટે લાખો રૂપીઆ કાઢી આપે છે. આપણા શ્રીમંત લોકો ઈસ્પીટાલો, સેનેટરિયમો, દવાખાનાંઓ, ધર્મશાળાઓ, વર્ક કલાસો, જીમનેશિયમો, યુનીવર્સીટીઓ વગેરે તનને અને મનને જાળવવાના તથા ખીલવવાનાં ખાતાંઓ સ્થાપવાને લાખો રૂપીઆ ફાજલ પાડવાની જરૂર જુએ છે. આપણા દોલતમંદ જરથોશ્તીઓ સરકારી અમલદારો, ઓહ્દેદારો અને દોસ્ત આસ્નાઓને ખાણાંપીણાં કે પાર્ટીઓ આપવામાં ધુમ પૈસો ઉડાવે છે અને તેમાં ઉકમાઈ તથા વડાઈ લે છે. આપણા પૈસાદાર જરથોશ્તીઓ માન અકરામ તથા ખેતાબો મેળવવાના લોભમાં, હોંશ અને ઉલટતથી તરેહવાર રીતે પોતાની દોલતનો ઉપયોગ

કરવાને વાજબી ધારે છે, પણ એજ આપણા જરથોસ્તી દોલતમંદો, આપણી કોમની આત્મિક હાલત સુધારવા અને વધારવા પાછળ દર વર્ષ કેટલી રકમ ફાજલ પાડવાને તૈયાર થાય છે? આપણી કોમમાં રવાનની દરૂસ્તી ટેકાવનારાં અને વધારનારાં કેટલાં ફંડો, કેટલાં ખાતાંઓ હસ્તી ભોગવે છે? આપણી કોમમાં ધાર્મિક અને નિતિમાન કેળવણી માટે કેટલાં સાધનો અને સગવડો હયાત છે? અને દર વર્ષે તેમાં કેવો અને કેટલો વધારો થતો જાય છે? જયારે યુરોપ અમેરિકાની સુધરેલી, કેળવાયલી, રાજ કરતી પ્રજાઓ પોતાના ખ્રિસ્તી ધર્મના ફેલાવા માટે દર વર્ષે કરોડો રૂપીઆ પોતાના ધર્મગુરૂઓ પાછળ ખરચી, લોકોમાં ધાર્મિક લાગણી સજી-વન રાખવાની જરૂર ધારે છે, ત્યારે સુધરેલીમાં ખપતી આપણી જરથોસ્તી કોમ પોતાના ધર્મગુરૂ વર્ગ તરફ કેવી નિષ્ટા, કેવી વર્તણુક દેખાડે છે? આપણી કોમ ધર્મગુરૂ વર્ગને જોઈતી છાજતી સગવડ, લાયકાત વગેરે ઉપર કેવું અને કેટલું ધ્યાન પોહોંચાડતી રહી છે? પોતાના ધર્મગુરૂઓને આબરૂ ઈજજત આપવાની અને જોઇતાં સાધનો પૂરાં પાડવાની ફર્જ કેવી રીતે અદા કરે છે? જો આ સવાલોનો જવાબ કોઇ અપક્ષપાત પ્રમાણિક જરથોસ્તી આપે તો તેને તે જવાબ બહુજ નિરાશી અને નામોશી ભર્યોજ આપવો પડે.

આપણો ધર્મગુરૂ વર્ગ એવી ખરાબ હાલતમાં સબડે છે કે કોઈબી સાચા જરથોસ્તીને તે હાલત જોઇ અફસોસ તથા દુઃખ ઉપજયા વગર રહે નહિ. એ વર્ગના બીનકેળવાયલાઓ બતંગ હાલત ભોગવે છે. તેમજ શિખેલા–કેળવાયલાઓ પણ તેવીજ હાલતમાં સબડે છે. બી. એ. એમ. એ. થયલા, અવસ્તા પેહ્લવીનું જ્ઞાન ધરાવનારા ચાલાક મોબેદ જાદાઓ તથા દસ્તુર જાદાઓ લાયક જ્ઞાન ધરાવ્યા છતાં, પરકોમની નોકરીચાકરીમાં પોતાની જિન્દગી ગુજારે છે. અને એવી ઉંચી લાયકાત ધરાવનારાઓ સરકારી ઓફી-સોમાં જોડાતા વખ્તો વખ્ત જોવામાં આવે છે.' એનું મુખ્ય કારણ એ છે કે અભ્યાસ ચાલુ રાખી શોધ ખોળ કરવા પાછળ મંડેલા

રહેવાને તેઓ પાસે ગુંજાસ હોતી નથી. તેઓને ધર્મને લગતાં લખાણો અને ભાષણો કરવાને જોઇતી સગવડ તથા સાધનો કે ઉત્તેજનો મળતાં નથી. તેઓને પોતાનો અને પોતાના ભાઈ ભાંડુઓનો ગુજારો કરવાની મુશ્કેલી ઉપરાંત ઘણી વાતની હાડમારી ખુશામદ, તાનામેણાં, પારઆભાર, નિરાશી વગેરેથી વારંવાર ખમવું પડે છે. હાલમાં ઘણાક પારસીઓ નાટક, કલબ, ખાણાં પીણાં વગેરેની મોજમજાહ પાછળ પોતાની શકિત ઉપરાંત પૈસા ઉડાવે છે, પણ તેજ પારસીઓ પાસે ધર્મના ફેલાવા અર્થે જો મદદ માગવામાં આવે તો તેઓ હજારો તકરારો ચલાવશે, હજારો ટિકાઓ કરશે અને અણઘટતા સુખુનો કહી સંભળાવશે. અફ્સોસની વાત છે કે એવા સુખુન સંભળાવનારાઓમાં મોટે ભાગે શિખેલા, સુધરેલામાં ખપનારાઓ નજરે પડે છે. એવા લોકો જો ખરેખર જ્ઞાની હોય, પોતાના ધર્મનું જરૂર જોગુંખી જ્ઞાન ધરાવતા હોય, અને જો પોતાનાં જ્ઞાનને આધારે તેવી કાંઈ મદદ આપવાની જરૂર જોતા ન હોય યા તેવી મદદ આપેલી ફોકટ ધારતા હોય તો તે એક દીગર વાત છે. પણ જયારે એવા લોકો પોતાના ધર્મનું નજીવું જેવું પણ ભાન ધરાવતા નથી, અને ગરજ પડતાં ધર્મ–અભ્યાસીઓ અને ધર્મ પુસ્તકો માટે ફાંફાં મારે છે, ત્યારે તેઓની અભ્યાસીઓ પ્રત્યેની બેપરવાઇ, તુન્દી, તકોબ્બરી અને બેર સલૂકાઈ ઉપર વધારે અફસોસ તેમજ ધિક્કાર છુટે છે. આપણી કોમમાં આવા બેદરકાર લોકો ઘણા હોવાથી આપણા જરથોશ્તી ધર્મ અભ્યાસીઓને મેહનત કરવા છતાં, જેહમત ખેંચવા છતાં, નાણાં સંબંધી જોખમ ખેડવા છતાં તેમને નિરાશ થવું પડે છે; અને બાજે વખત તેઓ નાહિમ્મત થઇ જાય છે. ઉપર વર્ણવેલા સઘળા સબબોને લીધે આપણું ધર્મ સાહિત્ય જેવું ખીલવું જોઇએ તેવું ખીલવા કે વધવા પામતું નથી અને આપણા ધર્મનો ફેલાવો ખુદ આપણી પોતાની કોમમાં થઈ શકતો નથી અને આપણા જરથોસ્તીઓનો મોટો ભાગ ધર્મ સંબંધી બાબદમાં અણજાણ અને અણઘડ હાલતમાં સબડે છે. આપણા જરથોસ્તીઓની

જરથોસ્તી ધર્મ અભ્યાસીઓ તરફની લાગણી તથા વળાણ આવી કઢંગી રહેતી હોવાથી જરથોસ્તી ધર્મ-અભ્યાસીઓની સંખ્યા ઘણીજ નજીવી રહે છે અને એવી નજીવી સંખ્યા પણ હવે પછી જારી રહે તે માટે મોટો શક રાખવામાં આવે છે.

આપણી કોમમાં ઘણાએક ઉલટમંદ, ચાલાક, જરથોસ્તી અભ્યાસીઓ મેળવી શકાય. પણ તેઓને સગવડ, સાધન અને ઉત્તેજન લાયક રીતે મળવાં જોઇએ. આપણા કેટલાક લોકો પોતે સારા છાયામાં, સારી સ્થીતીમાં બેઠા બેઠા તરેહવાર મોટી મોટી વાતો કરેછે અને કહેછે કે "એમ સ્વભોગ આપવો જોઇએ, તેમ સંતોષ રાખવો જોઇએ, એમ ધીરજ રાખવી જોઇએ અને તેમ જાતી મેહનત તથા આપબળ ઉપર આધાર રાખવો જોઇએ" આવી આવી વાતો તો ઘણીએ થાય, પણ માણુસાઇ ખવાસ કાંઇ બદલાવાતો નથી. માણુસાઈ ખવાસ એવો છે કે તેને આસ-પાસની અરસપરસ મદદ મેહરબાનીની જરૂર પડેછે અને તે જરૂરિયાત ચીજો, જરૂરિયાત સાધનો, સગવડો, ઉત્તેજનો વગર તે ખવાસ કદી નિભી શકતો નથી. ધર્મ-ગુરૂઓને તેઓનાં આપબળથીજ, જાતી મેહનતથીજ, અરસપરસની મદદ અને સગવડ તથા સાધનો વગર નિભાવવાનું બનતું હતે તો, યુરો-પિયન તથા અમેરિકન જેવી સુધરેલી શિખેલી પ્રજાઓ જેમ પોતાના ધર્મ-ગુરૂઓને માટે સુખ સગવડો કરી આપવાની જરૂર ધારી કરોડો રૂપીઆ ખરચે છે તેઓ તેમ કરવું સેંકડો વર્ષો થયાં શું કામ જારી રાખતે? શું યુરોપ તથા અમેરીકાની પ્રજાઓ ઓછી અકલમંદ તથા ઓછી જ્ઞાની છે? શું તે પ્રજાઓ આપબળ જાતી મેહનત કે સ્વભોગ જેવું સમજી શકતી નથી? આપણી પારસી કોમમાં ઘણાકો પોતાના ધર્મ તથા સંસારને ન છાજતી રીતે, પોતાનાં ગજા ઉપરાંત ખરચ કરીને ખોરાક, પોશાક, ફેશન ફિસિયારીઓમાં તેમજ શરાબ તથા બીડી પીવા જેવી બદીભરી ઇલ્લતો વગેરેમાં યુરોપ તથા અમેરીકાની પ્રજાઓની નકલ કરવાને આતુર રહેછે અને તેમ કરવામાં પોતાનો માન મરતબો

વધેલો સમજેછે, તેના કરતાં એ સુધરેલી શિખેલી પ્રજાઓ જેવી રીતે પોતાના ધર્મગુરૂઓની જાળવણી તથા ખીલવણી કરવા પાછળ કાળજી દેખાડે છે તે નકલ કરે તો ખરેખર તે નકલ છાજતી અને માનભરી ગણાય.

શું એ સુધરેલી પ્રજાઓ ધર્મને અને ધર્મ-ગુરૂ વર્ગને વગોવવામાં અને હીનવામાં પોતાનો સુધારો વધારો સમજે છે? શું તેઓ પોતાના ધર્મ-ગુરૂ વર્ગની નાંમોશી અને બરબાદીમાં પોતાની કીર્તિ તથા આબાદી સમજે છે? એ પ્રજાઓમાં ધર્મ-ગુરૂ વર્ગને માટે સઘળી છાજતી, દીપતી ગોઠવણો મુકરર કરેલી હોય છે એ વાત આપણા લોકોને અણજાણી નથી. પોતાના ધર્મ-ગુરૂ વર્ગને માનપાન મળે અને તેઓનું સારી રીતે ગુજરાણ થાય તેમાં તેઓ કાંઇબી કસર કે વાણુ કરતા નથી. આપણે જાણિયે છિયે તેમ તેઓના વડા ધર્મ-ગુરૂઓને રાજવંશીઓ તેમજ અમીર ઉમરાઓની સભાઓમાં અને પારલામેંટમાં બિરાજવાનો હક છે. ધર્મગુરૂઓ માટે ચઢતા ઉતરતા ઓદ્ધા, લાયકાત અને દરજ્જા પ્રમાણે દર મહિને દશ હજાર રૂપીઆથી તે સો રૂપીઆ સુધીના ચઢતા ઉતરતા દરમાયા અથવા લવાજમો નક્કી કરી આપેલા હોય છે. એ દરમાયા તેઓ જિન્દગી સુધી ભોગવે છે. ટુંકમાં કહિયે તો એ ખ્રિસ્તી ધર્મગુરૂઓ પોતાના ઓદ્ધાઓ સુખચેનથી આબરૂ ઇજ્જતથી, સારાં સાધનો, સગવડ અને ગુજરાન સહિત સ્વતંત્રપણે સંસાર વ્યવહાર ચલાવી હસી ખુશીથી પોતાનાં બચ્ચાં છોકરાંનું પુરૂં કરી શકે છે. કેથોલીક ધર્મગુરૂઓને પ્રોટેસ્ટંટ ધર્મ-ગુરૂઓની મિસાલે ચઢતા ઉતરતા દરજ્જા પ્રમાણે ચઢતા ઉતરતા મુસારાઓ મળતા નથી, પણ તેઓને દરેક જોઇતાં સાધન તથા સગવડ, દરેક જોઈતી વસ્તુ મુફત પૂરી પાડવામાં આવેછે અને તેઓ પણ કોઇના ઓકા ધોકા વગર, કોઇનીબી ખેર-ખુશામદ વગર, કોઇબી સંસાર વ્યવહારની ચિંતા ફિકર કે ખટપટ વગર સુખચેનમાં પોતાની જિન્દગી ગુજારે છે, તે એટલે સુધી કે, કોઇબી બાહેરનો શખ્સ તેઓની અદેખાઇ કર્યા વગર

રહે નહિ. તેઓને બચ્ચાં છોકરાં, પાળણ પોષણ, કે પૈસાટકા મેળવવાની કે જાળવવાની ફિકર હોતી નથી. એટલુંજ નહિ, પણ સાધારણ નજીવી બાબદમાં પણ ખટપટ કરવી પડતી નથી. તેઓને બધી જાતનો જોઇતો સંગીન ખોરાક, દારૂ, ફ્રૂટ, ફળ, કપડાં લત્તાં વગેરે તેમજ સારૂં રહેવાનું હવાવાલું મકાન મળે છે. એટલુંજ નહિ પણ દરેકે દરેક ચીજ માગણી કર્યા અગાઉ તેઓની આગળ નિયમિત હાજર થાય છે. નેમેલે વખતે બદલવાનાં નવાં કપડાં ઓરડામાં આવી પડે છે અને મેલાં કપડાં કાંઇ પણ શબ્દ કાઢયા વગર ઉચકાઇ જાય છે. ઓરડામાં હારબંધ પડેલી બુટની જોડીઓ કોણ અને કયારે સાફ કરશે, લેમ્પમાં કોણ તેલ પૂરશે, કચરો, બિછાનું કોણ સાફસુફ રાખશે વગેરે માટે તેઓને જરાબી વિચાર કરવો કે શબ્દ બોલવો પડતો નથી. નેમેલે વખતે નેમેલાં માણસો સઘળું કર્યા જાય છે. પાદરી સાહેબને તો ફકત તેમની ધર્મગુરૂ તરીકે જે ફરજ નેમી આપી હોય તે ઉપરજ પોતાનું સઘળું ધ્યાન તથા ચિત રોકવું પડે છે અને આટલી સુખ સગવડ છતાં વળી થોડી થોડી મુદ્દતે પાદરી સાહેબને હવા ખાવા, હવા ફેરબદલ કરવા અથવા જોવા બાહેરગામ જવાની જરૂર ધારવામાં આવે છે અને તેઓને ફંડમાંથીજ જુદે જુદે ઠેકાણે મોકલી આપવામાં આવેછે. એટલું છતાં એ ધર્મગુરૂઓને મોઢે મારા સાંભળવામાં આવ્યું છે કે હિન્દુસ્તાનમાં તેઓ જેવી જોઇએ તેવી ફરાગતથી રહી શકતા નથી. વળી એ ધર્મગુરૂઓને આટલી સગવડ આટલું સુખચેન ફંડો મારફતે મુફ્ત મળવા છતાં તેઓ ઉપર કામનો ઝાઝો બોજો ન પડે અને તેઓની તનદરોસ્તીમાં ખલલ ન થાય તે વિચારથી ધર્મગુરૂની ફરજો વહેંચી નાખેલી હોય છે. દરેકને જે તે એક કામ સોંપેલું હોય તેનાજ ઉપર તે મંડેલો રહેછે. જો એક ધર્મગુરૂને પોતાનાં પેરીશનાં લોકો ઉપર દેખરેખ રાખવાનું, તો બીજા ઉપર વાએજ કરવાનું, તો ત્રીજા ઉપર છોકરાંઓને શિખવવાનું, તો ચોથા ઉપર ખજાનચી તરીકેનું,

એ પ્રમાણે દરેકને શકિત અને જ્ઞાન પ્રમાણે કામ આપેલું હોય છે જેથી કરીને તે કામ ફતેહમંદીથી તે કરી શકે છે.

આપણા પારસીઓ જેમ પોતાના શિખેલા એરવદો કે દસ્તુરો પાસેથી કામની આશા રાખે છે, જેમ પારસીઓ કોઈ શિખેલા એરવદ કે દસ્તુર પાસે છોકરાંઓને શિખવવાનું, વાએજો કરવાનું, પુસ્તકો રચવાનું, ક્રિયાકામ કરવાનું, ક્રિયાકામ પર દેખરેખ રાખવાનું, નવજોત, લગ્ન, ઓટલા, ઉઠમણાં મારફતે પોતાનું પાળણ પોષણ કરવાનું તથા સંસાર વ્યવહાર ચલાવવાનું સામટું કામ મેળવવાની ખાહેશ રાખતા રહે છે તેમ ખ્રિસ્તી ધર્મગુરૂઓના બાબમાં બનતું નથી. ખ્રિસ્તી ધર્મગુરૂને તો પોતાથી બનતી ચોક્કસ ફરજ યા કામ પાછળજ પોતાની શક્તિ અને જ્ઞાન રોકેલું રાખવાનું અને તે અદા કરવાનું હોય છે. જો આપણે કોઈ એવા ખ્રિસ્તી ધર્મગુરૂ આગળ જઇએ કે જેનું કામ છોકરાંઓને ગણીત શાસ્ત્ર શિખવવાનુ હોય અને તેને વાએજની બાબદ માટે પુછવામાં આવે તો તે ખુલ્લાં દિલથી અને વગર આનાકાનીએ કહેશે " કે હાળ મારી ડયુટી" વાએજ માટે નથી તેથી હાલમાં હું એ બાબદથી વાકેફગાર રહેતો નથી માટે તમોએ ફલાણા આગળ જવું જેવણ એ બાબદમાં હાલ પડેલા છે અને તમોને એ વિષે કાંઇ કહી શકશે." એ પ્રમાણે દરેક જણ કોઇએક ચોક્કસ કામમાંજ મંડેલા રહે છે અને તેથી કરીને તેમાં તે પ્રવિણ થવાને સામર્થવાન અને સત્તાધિકારી જેવો થવા પામે છે. એમ હોવાથી એ ધર્મગુરૂ વર્ગ એટલો તો આગળ વધેલો, એટલો તો લાયકાત ધરાવતો થયો છે કે કદાચ એકી વખતે એકને બદલે બે ત્રણ કામો કે ફરજોણી સોંપી હોય તો તે પાર પાડવાને શક્તિવાન થાય. જયારે આપણી કોમમાં હજી તો કોઇક દસ્તુરો કે એરવદો સાધારણ કેળવણી પામી થોડું ઘણું કરવાને બાહેર પડયા, હજી તો આપણું ધર્મ સાહિત્ય બચગીમાંથી બરોબર આવ્યું નથી, તેટલામાં તો તે એરવદો અને દસ્તુરોને સુધરેલી યુરોપિયન પ્રજાના ધર્મ-ગુરૂઓની

પેઠે પ્રવિણ થયલા અને તેઓની મિસાલે કામ કરતા જોવા માગે છે જે માગણી તદન ફોકટ અને ગેરવાજબી છે.

સુધરેલી પ્રજાઓમાં ધર્મગુરૂઓ માટેની સર્વે ગોઠવણો, સૌ સૌના મરતબા, દરજજા અને શકિતનાં પ્રમાણમાં છાજતી રીતે કરવામાં આવી છે અને તેથી કરીને એ ધર્મગુરૂઓ પોતાના ઓદ્ધાની રૂએ પોતાનાં જ્ઞાનનો પુર છુટથી અંતઃકરણના અવાજ મુજબ ઉપયોગ કરી પોતાની ફરજ સંપૂર્ણ રીતે અદા કરી શકે છે. એ પ્રમાણે ધર્મગુરૂઓને સ્વમાન, સ્વત્રંતા, સત્તા, માનપાન અને ગુજરાન મળતું હોવાથી, ધર્મગુરૂ વર્ગની અંદર ઉંચ કુળના, ઉંચી મન શકિતના અને ઉંચી લાયકાત ધરાવનારા જવાનો હરવખ્તે જોડાવાને રાજી રહે છે. અને એવા ઉલટમંદ કાબેલ જવાનો જોડાયાથી ખ્રિસ્તી ધર્મની જાળવણી અને ખીલવણી કરવાનાં સાધનો દિનપર દિન એટલાં તો બોહોળાં અને ચોળાં, એટલાં તો મજબૂત અને ધડખમ થતાં જાય છે કે ભવિષ્યમાં કોઇબી કાળે ખ્રિસ્તી ધર્મ ચિંતાતુર હાલતમાં આવી પડે એમ વિચારવું તદન મહાલ લાગેછે. તેઓનું ધર્મ સાહિત્ય એટલું તો ગંજાવર થવા પામ્યું છે કે જો હજારો ધર્મગુરૂઓ દર અઠવાડયે હજારો વાએજો કરે તોપણ તેઓને આઈતી વાએજો, આઇતી બાબદો તેઓનાં સાહિત્યમાંથી વર્ષો સુધી તૈયાર મળી શકે. પણ એ ગંજાવર સાહિત્ય કાંઈ આજકાલનું, પાંચ દસ દાએકાનું, કે પાંચ પચીસ ધર્મગુરૂઓનું કામ નથી. પણ સેંકડો બલકે હજારો ચંચળ, કેળવાયલાં, ખીલેલાં ભેજાંઓ સેંકડો વરસો થયાં એ ખ્રિસ્તી ધર્મ ખીલવવા પાછળ મંડયા રહયાથી એ સાહિત્ય આજની ઉંચી પંકતીએ પોહોંચીને એવું ગંજાવર કદ ધરાવતું થયું છે. તેઓનો ધર્મગુરૂ વર્ગ આવા ઉંચા તબક્કા ઉપર પોહોંચવાથી તેઓ પોતાના ધર્મ ઉપરનું યકીન તથા એતેકાદ સાબેત રાખવાને પણ શકિતવાન છે, એટલુંજ નહિ પણં, પરજાતના પરધર્મના હજારો લાખો લોકોને વટલાવી તેઓ ઉપર ધર્મને લગતી દેખરેખ રાખવાને

પણ શક્તિવાન થયાછે. પણ આપણી કોમમાં તો મૂળમાં આપણા જરથોસ્તી માબાપોને પેટે જન્મેલાં લોકોને પોતાના ધર્મનું જ્ઞાન આપવાના અને ધર્મ ઉપર યકીન સાબેત તથા કાયમ રાખવાના વાખા પડેછે, તો પરધર્મના લોકોને વટલાવી તેઓ ઉપર દેખરેખ રાખવાનો સવાલજ કાઢવો તદ્દન બેહુંદો છે. હું તો માનુંછું કે હાલની આપણી કોમની સ્થિતિમાં પરધર્મનાને વટલાવવું એ આપણી કોમમાં હાલ ચાલતા ગડબડ ગોંટાળામાં ઉમેરો કરવા જેવું કામ છે અને એવો ઉમેરો કરવો એ બેવકુફી છે.

આપણા શિખેલા કેળવાયલા ધર્મગુરૂઓ તરફની પારસીઓની વળાણ અને વર્તણુકનો સહેજ ખિયાલ આપ્યા પછી બિનકેળવાયલા, બિનશિખેલા અથોરનાનો તરફની તેઓની ચાલચલણનો કાંઇક ચિતાર રજૂ કરવાની રજા લઉંછું. આપણી કોમમાં ઘણાઓ શારીરિક મોજમજાહ અને સુખ સગવડ મેળવવાનાં સાધનો સંઘરવામાંજ મશગુલ હોવાથી અને તેમાંજ પોતાનું સાર્થક સમજતા રહેવાથી પોતાની અને પોતાની કોમની ધર્મ સંબંધી કે નીતિરીતિ સંબંધી હાલત ઉપર ધ્યાન આપતા નથી અને દિનપર દિન યકીન તથા એતેકાદ વગરના થઈ વિખરાતી હાલતમાં ઘસડાઈ જતા માલૂમ પડે છે. આ કારણને લીધે તેઓ પોતાના ધર્મગુરૂ વર્ગને બતંગ હાલતમાં જોવાને અને રાખવાને રાજી હોય એમ લાગે છે. આપણી કોમના એક ભાગમાં ધર્મને યા ધર્મગુરૂ વર્ગને વખોડવાનું અને હલકા પાડવાનું કામ ઘણુંજ પસંદ પડતું અને આવકારદાયક થઈ પડેલું જણાય છે. તેઓમાં અથોરનાનો માટે બોલવાનું સેહજબી બહાનું મળતાં નબોજાં વિશેષણો સાથનાં ભાશણો તથા મોટાં મથાળાં સાથનાં લાંબા લચ લખાણો કરીને એક જાતની રમુજ મેળવવાની અને દિલને ખુશ કરવાની ફેશન થઈ લાગી છે. તેઓમાં તેવાં ભાષણો સાંભળવાની અને વાંચવાની ઘણી ઉત્તમ આસ્થા જોવામાં આવેછે. આપણી કોમના કેટલાક સુધરેલાઓમાં ખપતા, કેટલાક મોટાં મંડળોમાં ફરતા, માન. મરતબા પામેલાઓ, એલકાબ ઓહ્દા ધરાવનારાઓ

વટિક પોતાના ધર્મગુરૂઓને સંકડાસમાં, દબાણમાં, ખુશામદ કરતા, આશરે પડેલા, હીણાતા, અફળાતા પોતા સામે હાથ જોડી ઉભા રહેતા જોવાને રાજી હોય છે અને તેઓ સ્વમાન મરતબો જાળવતા થાય એ જોવાને નારાજ હોય એમ લાગે છે. મને ચોકકસ યાદ છે કે એક દિવસે જ્યારે હું સાન્તાકરૂજ જવાને મરીનલાઈન્સનાં સ્ટેશન ઉપરથી ટ્રેનમાં બેઠો ત્યારે મારાજ કમ્પાર્ટમેંટમાં બે જરથોસ્તીઓને બેઠેલા જોયા. તેઓ માહેલા એક સોલીસીટર હતાં પણ બીજા કોણ હતા તે હું જાણતો નહતો, પણ તેવણબી ઘણાજ દમામદાર, શિખેલા અને સુધરેલા હોય તેમ દિસતા હતા. સાંજનો વખત હતો તેથી જેવી અમારી ટ્રેન મરીનલાઇન્સનાં સ્ટેશનપરથી ઉપડી કે સાદડી ફાનસપર બેઠેલા, ચોપટ પાનાં રમતા અને બુમબરાડા મારતા મોબેદો ઉપર ફર્સ્ટકલાસ કમપાર્ટમેંટની બારી આગળ બેઠેલા પેલા બે સાહેબોની નજર પડી. તેમનામાંના એક જેવણને હું સોલીસીટર તરીકે પિછાનતો હતો તેવણ બોલ્યા કે "જુઓની આ ધર્મગુરૂઓની રીતભાંત! એઓને માટે કાંઇબી થવું જોઇએ. પેહેલાં એક ફંડ ઉભું કરી એઓને સુધારવાની કોશેસ થવી જોઇએ." ત્યારે બીજા સાહેબે ઉત્તર આપ્યો કે "મુગા મુગા બેસી રહોની! બધું કીધું! એ વાતજ માંડી વાળો." એક વખ્તે, એક માનચાન પામેલા, સરકાર દરબારમાં ફરતા બુર્જોગ અગ્રેસર સાથે ધર્મગુરૂઓની કેળવણી વિષે વાત નિકળતાં તેવણ ઝટ બોલી ઉઠયા કે "અરે જો મોબેદોને કેળવણી મળી તો પછી હાલની માફક તાબેદારી કરવાના નથી અને પારસી બેહદીનોની માફક બધી રીતે આપખત્યાર થવા માગશે તો પછી મોબેદી ધંધો કોણ ચલાવશે? હાલ ચાલેચ તે ઠીકજ છે." એક જાણીતા દીનચુસ્ત અકાબર સાથે મને વાત થતાં તેવણે એક વખત જણાવ્યું કે "અલબત્તાં શિખેલા ધર્મગુરૂઓને લાયકાત પ્રમાણે ચઢતા ઉતરતા દરજજા આપવા અને તે દરજજાને લાયકના સારા જેવા મુસારા કરી આપવાને એક ફંડ ઉભું કરવું જોઇએ." પોતાની યોજના શું હતી તે તેવણે મંને થોડાક શબ્દોમાં

કહી સંભળાવી. પણ બીજી વખત મળતાં તેવણુ અફસોસ દેખાડવા લાગ્યા કે બીજા જાણીતા તવાંગર અગ્રેસરોને એ બાબદમાં "સાઉન્ડ" કરી જોયા તો માલૂમ પડે છે કે તેઓ સાથે મળી કામ આરંભવું મુશ્કેલ છે." એક બીજા જાણીતા જાહેર અગ્રેસર બી મુદ્દત થઈ વિચાર ચલાવે છે અને વાતો કરે છે પણ હજી સુધી તેનો છેડો વાતોમાંજ અટકી રહયો છે. આવા દાખલાઓ તો અવારનવાર મળે છે અને સાંભળવામાં આવે છે જે ઉપરથી, પોતાને શિખેલા, સુધરેલા કહેવાડનારાઓની, આગેવાનમાં ખપનારાઓની પોતાના ધર્મગુરૂઓ તરફની નિષ્ટા અને વળાણ જોવાને બની આવે છે.

ધર્મગુરૂઓને મોટા મુસારા, સગવડ તથા સાધન કરી આપવાનાં તો રહયાં પણ તેઓના મરતબા પ્રમાણેનો સાધારણ આવકાર કે આદરમાન આપવાનું ભાન કે ધ્યાન આપણા કેટલાક સમજદારમાં ખપતા પારસી ભાઇઓને બી હોતું નથી. મોબેદો, જેઓ આખરે કેમે કરીનેબી તેઓના ધર્મગુરૂઓજ ગણાય અને કહેવાય, તે મોબેદોને સાધારણ આવકાર આપવાનો તો રહયો, પણ તેને બદલે મોબેદ પોતે, જે તેઓનો ધર્મગુરૂ, તે ઘરની કે બંગલાની સીહીડી ઉપર પગ મુકતાંને વાર, પોતાના યજમાનને જોતાંને વાર અથવા તો યજમાનનાં છોકરાં છોકરી ઉપર નજર પડતાંને વાર બીચારો વાંકો વળી બે હાથે સલામ કરતો કરતો ચઢે છે, અને તેમ છતાંબી જો બાઈ–શેઠનાં ધ્યાનમાં આવ્યું તો ડોકી જરા હલાવે અને કોઇ વખતે પોતાનાં ધ્યાનમાંજ, વિચારમાંજ બેસી રહે તો તેમાં આ સુધરેલા જમાના વચ્ચે કશું ખોટું કે તોછડાઈ, તકોબ્બરી ગણાતી નથી. કેટલાકો મોબેદોને આવકાર આપવાને એટલા તો ઉલટમંદ દિસે છે કે મોબેદોને આગળે દરવાજે આવજા કરવાની રજા આપવાને બદલે તે બીચારાઓને પાછલા અથવા આજુબાજૂના દરવાજાનોજ હવાલો આપવામાં આવે છે. કેટલાંક પારસી કુટુંબમાં બાવરચી અથવા મીઠાઈ કરનારાઓ વટિક બેઠા બેઠા મોબદોપર હકુમત ચલાવે છે, તેઓ મોબેદોને બાજ, ખુમચા,

ફ્રુરૂટ, ફ્ળ, આતશ વગેરે લાભ લઇજા કરવાને કહે છે, અને કેટલાક બેહદીનો મોબેદોનો ટેક અને મરજી સાચવવાને બદલે, મીઠાઈ કરનારને રાજી રાખવાને વધારે કાળજી ધરાવતાં જોવામાં આવે છે. બાવરચીને, મીઠાઇ મેવા કરનારાઓને, જેટલા પૈસા આપવાને પારસીઓ તૈયાર થાય છે તેના કરતાં અરધે ભાગે પણ પોતાના ધર્મગુરૂને આપવાને આનાકાની દેખાડે છે. મુકતાદમાં મીઠાઇવાલાઓને સો સવાસો રૂપીઆ આપવાને તેઓ ખુશીથી કબૂલ થાય છે અને મિષ્ટાંનો તથા પકવાનો પાછળ બીજા બસો ત્રણસો રૂપીઆ ઉડાવી નાખે છે. પણ જો મોબેદોનાં ભણતર વગેરેનો આંકડો પચાસ કે પોણોસો રૂપીઆનો થયો હોય તો તેની અનેક પુછપરછો, જવાબ સવાલ, અને કાપકુપ કરવાને તજવીજો થાય છે અને કેટલીક વખતે આંકડો પૈસા ચુકવ્યા વગર એમનો એમ સુઇ જાય છે. બંગલા વાડીએ જો મીઠાઇવાલાને સો સવાસો રૂપીઆ આપી રાખે છે તો પોતાના ધર્મગુરૂને પચાસ કે સાઠ આપવા કહી બંગલામાંજ રાખી મુકતાદના સઘળા દિવસોપર તેનો દમ લેછે, એટલુંજ નહિ પણ, પારસી બેહદીનો પોતાના મોબેદો પાસે ખુદ બાવરચીનું કામ કરાવવાને પણ ચુકતા નથી. પારસીઓ પોતાના ધર્મગુરૂઓની લાચારીનો ગેરલાભ લઇ તેઓ પાસે પાંથરણા પંથરાવેછે, ફ્રુટ કપાવે છે, પાણી ભરાવેછે એટલુંજ નહિ, પણ પોતાના મોબેદ યાને ક્રિયા ભણતર કરનાર ધર્મગુરૂ પાસે દરૂન તથા મીઠાઈ કરાવવાને અને સતુમના ભોજનો રંધાવવાને પણ ચુકતા નથી અને તેજ મોબેદને રાંધણીમાંથી ફારેગ થવા પછી પાઘડી, ડગલી પેહેરાવી ક્રિયા ભણતર કરવા બેસાડેછે. સાધારણ કુટુંબોમાં, બિનકેળવાયલાં પારસી કુટુંબોમાં આવી હીનપસ્તીભરી ન છાજતી રીતભાંત પોતાના ધર્મક્રિયા કરનાર મોબેદો તરફ ચલાવવામાં આવે તો તેવાં કુટુંબોને માટે બચાવ કરવામાં આવે કે એઓ તો અભણ અણઘડ છે. પણ જ્યારે એવી નામોશીભરી વર્તણુક ઉંચામાં ઉંચા વરગમાં ખપતાં, સુધરેલાં, શિખેલાં, કેહવાતાં આગળ વધેલાં કુટુંબોમાં જાણી જોઇને ચલા-

વવામાં આવે ત્યારે તો સાચા જરથોસ્તીને અફસોસ અને ધિક્કાર છુટયા વગરં રહેતો નથી. શું એ ઉંચા, શિખેલાં સુધરેલાં જરથોસ્તીઓ આટલો વિચાર કરી શકતાં ન હશે કે પોતાનાં ધર્મગુરૂ તરીકે ગણાતા, પોતાનાં મોભાદાર, નામાંકિત ગુજર પામેલાં વહાલાંઓને માટે ક્રિયા બંદગી કરનારા, તે કુટુંબો તરફથી જીવતાંઓ તેમજ ગુજર પામેલાંઓ માટે ખુદાને અરજો ગુજારનારાં પાસે આવાં હીનપરિયાં કામો કરાવવાં અને તેમને અપમાન આપવાં એ પોતાને તેમજ પોતાનાં ગુજર પામેલાં વહાલાંઓને હિણુવા અને તેમનું અપમાન કરવા બરાબર છે ? શું આટલો વિચાર તેઓ દોડાવી શકતા ન હશે ?

કેટલાક પારસીઓ વારંવાર તક મળવે મોબેદોને અભણુ બેઅક્લી વગેરે નામો આપે છે. પણુ ઉપર દર્શાવેલી વર્તણુક ચલાવનારાં કુટુંબોને કેવાં વિશેષણો લગાડવાં જોઇએ તેનો વિચાર કરવો ઝાઝો મુશ્કેલ નથી. સંગીન કેળવણી, સંગીન સુધારા અને સારી તાલીમની કોતાહીને લીધે પારસીઓ પોતાના ધર્મગુરૂઓને કેવા તુચ્છ ગણે છે, તેમને કેવાં નજીવાં દામ આપી, તેમને અપમાન કરી સતાવે છે તેનું તેઓને ભાન કે ધ્યાન રહેતું નથી. મોબેદોના હાથમાં બાજે વખ્ત એવું દામ મુકવામાં આવે છે કે બીચારા ગરીબ મોબદોની આંતરડી એવાં દામથી દુઆ દેવાને બદલે કકળે છે અને તેથી કરીને એવી આશોદાદ આપનાર સવાબને બદલે સતાવવા જેવું કામ કરે છે. દસ્તુરો અને મોબેદોનો મોભ્ભો, દરજ્જો, મેહનત, વખત, રોકાણુ વગેરે તપાસતાં તેઓને શું દામ આપવું જોઇએ તેની સમજ ધરાવ્યા છતાં,—તેઓ હાથમાં જે કાંઇ મુકવામાં આવે છે તે મુંગે મોઢે કબૂલ કરે છે,—તેનો ગેર લાભ લઈ ઘણીક વખત અણુઘટતું દામ આપવામાં આવે છે. આવી રીતે જયારે સતાવણી થાય છે ત્યારે ગેરસમજુતી, ખટપટ વગેરે ઉભી થાય છે. કેટલાક દસ્તુર મોબેદો જે કુટુંબોમાં ઘટતું દામ કે ઘટતું માન અકરામ મળતું ન હોય તે કુટુંબોમાં જવાના અખાડા કરે છે ત્યારે એ પારસી કુટુંબીઓ ખરૂં અને ખુલ્લું કારણુ બાહેર લાવવાને બદલે દસ્તુર

મોબેદોને તંરેહવાર નામો આપે છે, તેઓને મગરૂર, મિજાજી વગેરે કહે છે. આથી કરીને મામલો સુધરવાને બદલે ઓર બિગડે છે, વધુ ફાટફુટ પડતી રહે છે અને હરેક રીતે એક બીજાંની સતાવણી કરવાની તજવીજો અંદરખાનેથી ચાલે છે. પરિણામમાં બંને બાજૂના લોકોમા ફેસતા ફજેતા થાય છે.

અલબત્તાં, જેબી કુટૂંબો, મંડળીઓ કે મંડળોમાં દસ્તુરો કે મોબેદોનો મોભ્ભો કોઈબી રીતે જળવાતો ન હોય તો તેવાં કુંટુંબો કે તેવી મંડળીઓ કે તેવાં મંડળોમાં તેઓએ જવું યા જોડાવું સજાવાર નથી. દસ્તુરો યા એરવદો એવો વિચાર ધરાવતા હોય કે જેમ તેઓ વધારે મંડળીઓના કે મંડળોના સભાસદો કે પ્રમુખો બને તેમ તેમનો મોભ્ભો તથા લાગવગ વધે છે તો તે વિચાર તદ્દન ભૂલભર્યો છે. એ મંડળીઓ કે મંડળોનો કારોબાર કેમ અને કેવો ચાલે છે, કેટલીક વેળા ત્યાં કેવી પીખા પીખી થાય છે અને તેને પરિણામે પ્રમુખ તેમજ સેકરેટરી વગેરેની અકેક પછી અકેક કેવી અદલા બદલી થાય છે વગેરે બાબદોથી આપણી કોમ માહિતગાર છે. મંડળીઓમાં યા મંડળોમાં જુદાં જુદાં મત ધરાવનારાઓ તો હોવાજ જોઇએ. પણ એવા મત ધરાવનારાઓ તકરાર દરમિયાન યા તકરાર પછી, હરેક તક શોધી પોતાના મોભ્ભાદાર વિરૂધીઓ સાથ ઘણીક વખત અણુઘટતી છુટ લે, અણુઘટતી વર્તણુક ચલાવે અને મલાજો કે અંદાજો ન રાખે તો તેવી મંડળીઓ યા મંડળોથી મુખ્ય કરીને દસ્તુરોએ અલગજ રહેવામાં શોભા છે. અભ્યાસી દસ્તુરો તેમજ એરવદોની મુખ્ય ફરજ અને મુખ્ય નેમ એજ હોવી જોઇએ કે તેઓનાં હાલનાં સાધનો તથા સંજોગો જેટલી તક, વખત અને મદદ આપે તે પોતાનો અભ્યાસ વધારવામાં, તે અભ્યાસનાં પરિણામો પુસ્તકો, ભાષણો તથા વાએજો મારફતે બાહેર પાડવામાં, અને પોતાના મતો તથા વિચારો જરથોસ્તી આલમ વચ્ચે છુટથી ફેલાવવામાં રોકે. આપણી કોમની તથા મંડળીઓની હાલની સ્થિતિ જોતાં એજ માર્ગ વધારે ફાયદાકારક છે. અને એજ 'સબબથી હું' કોઇબી

મંદળ યા સભા-સોસાઈટીમાં જોડાવાનું પસંદ કરતો નથી અને હવે પછીબી તેમજ ચાલુ રાખીશ.

હું જે જે કહી ચુકયો છું તથા હવે પછી કહીશ તે સઘળું મારા પોતાના જાતી અંગત અનુભવ તથા અવલોકન ઉપરથી કહું છું, એમ ખાતરીથી માનવું. મેં પોતે અનેકવાર જોયું છે કે મોબેદોને બે ત્રણ માઇલને છેટે ઠંડીમાં યા વરસાદમાં વટિક તણાતા ઘસડાતા બોલાવી પાછલી રાતથી તે સવાર સુધી નજદીક ત્રણ કલાક રોકી મેહનત કરાવી હાથમાં એક રૂપ્યો મુકવામાં આવે છે અને વળી કેવા એક વરતાવી નાખ્યા હોય તેમ દમામ કરવામાં આવે છે. હવે એજ પારસીઓ સારી પેઠે જાણતા તો હોવા જોઇએ કે કોઇ ઘાટીગરીનેબી ઉપર દર્શાવેલા વખતે એટલે કે પાછલી રાત્રે ત્રણ વાગતે એક બે માઇલ ચલાવી બે ત્રણ કલાક ખાલી બેસાડીને રોકી રાખ્યો હોય તો તે પણ હાલના વખતમાં અને મુંબઈ શેહરમાં એક રૂપ્યો કબૂલ કરવાને આનાકાની કરે. ત્યારે પારસીઓ અને તેબી સમજદારમાં ખપતા શક્તિવાલા પારસીઓ પોતાના ધર્મગુરૂને આટલી બધી મેહનત અને હેજગારી માટે એક રૂપ્યો પકડાવે એ કેટલું હીનપસ્તી ભર્યું અને ગેરવાજબી ગણાવું જોઇએ? ઘણાક પારસીઓ, ઘણાંક પારસી કુટુંબો મો સવાધ્યાંને ખાતર, લોકોમાં બડાઈ મારવાને ખાતર, મીઠાઇ મેવા અને ફુરૂટ ફૂળ પાછળ એક દિવસમાં ચાલીસ પચાસ રૂપ્યાનો ધુમાડો કરી નાખે છે. પણ તે છતાં ભણતર ક્રિયા દોડાદોડી તથા ગથળમથળ વગર સંપૂર્ણ રીતે થવા પામે તેવી મતલબથી બે અથવા ચાર રૂપ્યા વધારે ખરચવાની એલતેમાસ થઈ તો બસ થઈ ચુકયું! તેની અનેક તકરાર તથા પુછપરછ ચલાવવામાં આવે છે, આગળા વડીલોના આંકડાઓ તથા ચોપડાઓમાંથી દાખલાઓ ટાંકવામાં આવે છે. દાખલા તરીકે ફરેસ્તા જેવી ક્રિયામા ફિશિયારીને ખાતર ઉંચામાં ઉંચી ફુરૂટો, ફૂળો અને ફુલો વગેરેના ઢગલા પાંથરણાંપર પાંથરવામાં આવે છે. પણ ફરેસ્તાની ક્રિયા ભણતર લંબાણ છે અને તે સંપૂર્ણ કરતાં લાંબો વખત નિકળી જાય છે માટે મોબેદો

તે ભણુતર તથા ક્રિયા ધીરજથી અને બરોબર રીતે ભણે તથા કરે એવી મતલબથી બે માણુસો વધારે રોકવા યા બે ચાર રૂપ્યા વધારે આપવા કહ્યા તો મોબેદ કે પંથકી ઉપર બુમબરાડા આવી પડે છે અને ધમકી આપવામાં આવે છે કે "અમારા આગળા ધારા પ્રમાણે કરવું હોય તો કરો નહિ તો અમે બીજા માણુસો જોઈ લઈશું." આથી કરીને મોબેદો દરે છે કે રખેને થોડાંમાંથી પણ તેઓ રખડી જાય અને પુરાજ વાખા પડે.

હાલમાં વળી એક બીજું ધટિંગ ચાલે છે તે ચાશણીનું છે. ઘણાક પારસી કુટુંબો ઘરમાં કાંઈબી અફારકુટ ન પડે અને તેઓ જરાકબી પોતાનાં વહાલાંઓ પાછળ ન ઘસાય, તેટલા માટે મોબેદને એક, બે, કે પાંચ રૂપ્યા આપી માથેથી અંગો ઉતારી ઘરે બેસી જમતી વખતે મીઠાંઇ મેવાની ચાશણી ચાખણાં કરવામાં બધી ફરજ ઉતારેલી સમજે છે. મોબેદને ચાશણી કરવાનો હુકમ આપતી વખતે જે મુખ્ય તાકીદ થાય છે તે એજ કે કુરૂટ મલીદો સારો અને ઘણો થાય, અને જયારે ઘરે ચાશણીના ખુમચા આવે ત્યારે પેહેલી તપાસ કુરૂટ મલીદાની ગણવા મેજવાની થાય છે. પણ તેઓ જરાક બી વિચાર ચલાવતાં નથી કે આટલી બધી કુરૂટ અને મલીદા પાછળ મોબેદે કેટલો પૈસો ખરચ્યો હશે, અને બાકી ફાજલ શું રહયું હશે કે જેમાંથી તે સંપૂર્ણ ભણતર ક્રિયા કરે અને કરાવે! ફકત ચાશણીમાં શું શું આવે છે તેની ઉપર સઘળું ધ્યાન આપવામાં આવે છે. ક્રિયા કામ થયાં હોય યા ન થયાં હોય તેનો વિચાર તો બાજૂએજ રહી જાય છે. બસ ખુમચા શોભિતા અને છળાછળ ભરાઈ આવ્યા અને ચાખણાં ભરપુર થયાં એટલે ગુજર પામેલાંઓનાં રવાનો ખુશ થઈ ગયાં અને જીવતાંઓ વફાદારી બતાવી ચુકયાં! આવી રીતના પારસી બેહદીનોના ઢંગઢડા, ચાલચળણ અને વળાણ ચાલુ રહેવાથી, મોબેદો બી જેમ પોતાથી ગાડું ગબડાવાય તેમ ગબડાવે છે અને પેલી કહેતી "ડાશી તેવું અફરગાન" પ્રમાણે ચાલવાને લલચાય છે અને બેહદીનોનું કોઇબી રીતે મન-

મનાવી સધ્યારો લેછે કે જેવું અધુરૂં દામ તેવું અધુરૂં કામ થવુંજ જોઇએ.

હાલમાં, એક ઇજશ્નેની ક્રિયા ભણુતર કરવા માટે કોઇ એક રૂપ્યો, કોઇ સવા, કોઈ દોઢ તો કોઇ બે રૂપ્યા આપવાનો સાધારણુ ચાલ છે. હવે ઇજશ્નેની ક્રિયા ભણુતર સંપૂર્ણુ રીતે કરવા માટે બે મોબેદો કમમાં કમ અઢી કલાક રોકાવા જોઇએ. હવે એવી સંપૂર્ણુ ઇજશને કરવા માટે એક બારગી બે રૂપ્યા બી આપવામાં આવે તો અકેક મોબેદને અકેક કલાકની છાતી તોડ મેહનતના ફકત છ આના મળે. એક સાધારણુ અફ્રિનગાન આતશની નિયાએશ સાથે કરવા માટે કોઈ ચાર આના, કોઈ છ આના કે કોઈ તેથી વધારે આપે છે અને ઘણીક વખત તો આફ્રિનગાનના એ ટુંક લવાજમમાં બે ભાગ પડે છે. હવે એક સાધારણુ આફ્રિનગાન નિયાએશ સાથે સંપૂર્ણુ રીતે કરવા માટે નજદીક એક કલાક થાય છે અને તે માટે ઘણાખરા બે મોબેદોને રોકવામાં આવે છે. હવે જો એ પ્રમાણે છે તો આફ્રિનગાનનું લવાજમ કેટલું થોડું ગણાવું જોઇએ? ટુંકમાં કહિયે તો એક મોબેદ છાતી તોડ મેહનત પાંચથી વધુ કલાક કરી ન શકે, દરેક મોબેદને દરરોજ પાંચો કલાકનું ચાલુ કામ મળવું મુશ્કેલ છે, મોબેદોનો ધંધો દિવસના ચોક્કસ વખતેજ ચાલે છે એટલે કે ઘણાંખરાં પારસી કુટુંબો સવારના આઠથી તે દસ કે અગ્યાર વાગતા સુધીમાં પોતાનાં ક્રિયા કામો કરાવી લેવાની ખાહેશ રાખે છે, વળી મોબેદોને ખોટી કરે છે, મોબેદોને થોડે અથવા ઘણે છેટે જાવ આવ કરવી પડે છે, કેટલીક વખતે ગાડી ભાડું ખરચવું પડે છે, એ સઘળું ધ્યાનમાં લેતાં એક પ્રમાણિક મોબેદ છાતીતોડ મેહેનત કરી પ્રમાણીકપણેજ પૈસો પેદા કરવા ઇચ્છે તો તે મોબેદ હાલની સઘળી ભણુતર ક્રિયાના લવાજમોથી મહિને કેટલું પેદા કરવાની આશા રાખી શકે અને કેટલી સરાસરી પેદા કરે? હું મારા જાતી અનુભવ અને અવલોકન ઉપરથી કહિ શકું કે એક પ્રમાણિક મોબેદ પ્રમાણિકપણેજ છાતી તોડ મેહનત કરીને મહિને ત્રીસ કે ચાલીસ રૂપ્યા પેદા કરવાની વધારેમાં વધારે આશા રાખી

શકે. અને જો તેમ છે તો એક પ્રમાણિક મોબેદ હાલના જમાનામાં અને મુંબઇ શેહરમાં ધર્મ-ગુરૂને લાયકની આબરૂ ઈજ્જતથી પોતાનાં કુટુંબનું પુરૂં કરી પોતાનાં બચ્ચાંઓને સારી કેળવણી કેમ આપી શકે? હવે જો પારસીઓ ઉપર દર્શાવેલી કઢંગી રીત-ભાંતો પોતાના ધર્મની ક્રિયાઓ કરનારા મોબેદો તરફ ચલાવે અને ચાલુ રાખે અને મોબેદો ઉપર દર્શાવેલી બતંગ હાલતમાં પોતાના દહાડા કાઢે તો એવો ધર્મગુરૂ વર્ગ, એવો મોબેદી ટોળો પોતાના ધંધામાં ચંચળ, શિખેલા અથોરનાન જવાનોને ખેંચી શકે કે? કેળવાયલા, બાહોશ જવાન અથોરનાનો એવા વર્ગમાં જોડાવાની દરકારપણ કરે કે?

મોબેદોના જે બેટાઓ ચાલાક અને કેળવણી પામી આગળ વધી શકે તેવા હોય છે તેઓ પાંચમા કે છઠા સ્ટેન્ડર્ડમાં આવ્યા કે બાપ-કાકા સાથે મોબેદી ધંધો કરવાને સાફ ના પાડે છે. બાપ-કાકાને વહિત્રાં કરતાં જોઈ તેઓને ધિક્કાર છુટે છે અને પોતેજ નહિ પણ પોતાના બાપ-કાકાઓ પાસેથી વટિક તેઓનો ધંધો છોડાવી દેવાની તજવીજ કરે છે. ક્રિયા કરનાર મોબેદોના જે છોકરાઓ બોઠડ કે ઠોઠ હોય છે તેવાજ છોકરાઓને તેમના બાપ કાકાઓ બીજા ઓછી મહેનતના હલકા ધંધાઓમાં નાખવા કરતાં પોતાનાજ મોબેદી ધંધામાં નાખવાને રાજી થાય છે. એવા છોકરાઓને ભાગીતૂટી ક્રિયા તથા ભાગુતૂટું ભણતર શિખ-વીને, નાવર મરાતબ કરી જલ્દી પાઘડી લપેટાવામાં આવે એટલે તેઓ મોબેદીને લાયક થયલા ગણાય છે અને એરવદનો એલકાબ અખત્યાર કરે છે. આવી રીતે છોકરાઓને મોબેદીમાં નાખવાની છુટ હોવાથી મોબેદી ટોળો ઘણોજ પછાત રહે છે. તેઓ પોતાની ફરજો શું છે, દરજ્જો કેવો છે, નીતિ રીતિ કેવી હોવી જોઇએ તેનું ભાન ધરાવી શકતા નથી અને મોતપણે આડે માર્ગે ઉતરી પડી કેટલીક વખતે એવી તો નકારી રીતભાંતો ચલાવે છે કે દીનચુસ્ત જરથોશ્તીઓ ગમે એવી ધીરજ રાખવા છતાં તે રીતભાતો શાંખી શકતા નથી. મોબેદી ટોળામાં વખતો વખત ઉપલી કિસમના છોક-

રાઓ જોડાતા રહે તો તે ટોળામાં ન છાજતી ચાલચલણ, અનિયમિતપણું, અપ્રમાણિકપણું, તુન્દી, તોછડાઈ, ઘોંટાળા, ગથલમથળ, આળસાઇ, અદેખાઇ, અંતસ, કજિયા કંકાસ વધતા જતા જોવામાં આવે તો તેમાં અજબ થવા જેવું કાંઈ નથી. કેટલીક વખતે ફજેતા એટલા વધી પડે છે કે કોર્ટ દરબારે વરઘોડો ચઢે છે. અથોરનાન ટોળા સંબંધી ગેરબંદોબસ્તને લીધે એ ટોળામાં કેટલાક એવા માલૂમ પડે છે કે જેઓ પોતાના ટોળાને, પોતાના ધંધાને બિલ્કુલ્લ જેબ આપતા લાગતા નથી. કેટલાક એવા માલૂમ પડે છે કે જેઓ પોતાના વર્ગનો, પોતાના ધંધાનો માન મરતબો નાશ કરવા પાછળજ મંડયા હોય એમ દેખાય છે. તેઓ જયાં ગમે ત્યાં ખાવા પીવા ઉતરી પડે છે અને જેમ ગમે તેમ અનિયમિતપણે ખાઇ પી, પવિત્ર મકાનોમાં તેમજ બાહેર મોં ભાવતી શરમભરી ભાષામાં ભાંડણુ કરતા માલૂમ પડે છે. તેઓ નથી પોતાનાં ભવિષ્ય માટે વિચાર રાખતા કે નથી પોતાની આલ ઓલાદનું ભવિષ્ય કે ભલું જોતા; તેઓ નથી પોતા ઉપર અંકુશ રાખતા કે નથી બીજાના અંકુશ હેઠળ રહેતા; તેઓ નથી ખુદાનો ડર રાખતા, નથી દુનિયાની શરમ કરતા, નથી લોકોની તાનાજાનીથી બીહીતા કે નથી પોતાના ઉપરીઓની અથવા યજમાનોની ઈતરાજીમાં અથવા ઠપકામાં આવી પડવાની ફિકર કે ધાસ્તી રાખતા. કેટલીક વખતે ઉપરીની યા યજમાનની હાજરી છતાં, દામ મેળવવા છતાં, કામ કરવાની આળસાઈ બતાવે છે. ટુંકમાં કહેતાં, તેઓએ જેવાં યકીન અને વફાદારીથી, જેવાં ખાલેસ દિલ તથા ધ્યાનથી, સારી નઈઅત નિષ્ઠાથી, ધીરજ અને ગંભીરતાથી, તન અને મનની સફાઇ સુઘડાઇથી સંપૂર્ણ રીતે ક્રિયાકામો કરવાં જોઇએ તેમ કરતાં ઘણીક વખત જોવામાં આવતા નથી. જે જગાએ અને મકાનોપર પવિત્ર ક્રિયા કામો થવાં જોઇએ તે જગાઓ અને મકાનો ગડબડ ઘોંટાળા, ગચળમચળ, લુચ્ચાઈ, ચોટ્ટાઇ તથા ગાળગળોચનાં ગોયા ધામો થઈ લાગેલાં હોય એમ લાગે છે, અને તે એટલે સુધી કે કેટલીક વખતે અથોરનાનો પોતે કચવાય છે અને ફરિયાદ ઉઠાવે છે, દીનચુસ્ત

જરથોસ્તીઓનાં દિલ દુખાતાં રહે છે; તેમનો વિશ્વાસ, એતેકાદ ઓછો થતો જાય છે અને ધર્મ-ક્રિયાઓ થતી બંધ પડે છે. આ સઘળાં માઠાં પરિણામો મોબેદોની કેળવણી વગરની, સાધન વગરની હાલતને આભારી છે; અને એ હાલતનું મૂળ કારણ પારસીઓની સુસ્તી, તથા બેદરકારી છે એમ કહેવું તદન વાજબી છે.

હું તો ધારૂં છું કે ઉપર દર્શાવેલી સઘળી કઢંગી હાલતમાં ધર્મગુરૂ વર્ગ સબડતો રહે તેના કરતાં એવો વર્ગ તદન નાબૂદ થયલોજ ભલો. હું તો ઇચ્છું છું કે આપણો ધર્મગુરૂ વર્ગ હાલની નામોશીભરી સ્થિતિમાં, ગોટાળા ઘોટાળામાં જિન્દગી ગુજારે તેના કરતાં કોઇ બીજો સુમાર્ગ પસંદ કરી તે અખત્યાર કરે. દુનિયાં કાંઈ ખાલી નથી. કરોડો બલકે અબજો માણસો દુનિયાના જુદા જુદા ધંધાઓમાં પડી પોતાનો ગુજારો કરે છે તો પારસી ધર્મગુરૂ વર્ગના પાનસો કે હજાર આસામીઓને બીજા કોઇ ધંધા વડે ગુજરાનનાં સાધન ન મળી શકે? બેહતર કે તેઓ બતંગ હાલતમાં હીણાવા કરતાં આબરૂ ઇજ્જત ભરેલું, સ્વમાન જાળવનારૂં પ્રમાણિક સાધન જોઈ કાઢી પોતાનો ગુજારો ચલાવે. માણસની ખરી સુખ શાંતિ જેવી પ્રમાણિક પણે પેદા કીધેલા પૈસાથી મેળવી શકાય છે તેવી ગડબડ ઘોંટાળામાં, લુચ્ચાઈ ઠગાઈથી મેળવેળા ગમે તેટલા વધુ પૈસાથીબી મેળવી શકાતી નથી. પ્રમાણિકપણે પેદા કીધેલા પૈસાની પાઇએ પાઇનું રગમાં લોહી બને છે જયારે અપ્રમાણિક પણે મેળવેલા પૈસા હર બહાને પાણીમાં જાય છે, કમાર્ગે વપરાય છે એ બીના આપણા મોબેદો તથા પંથકીઓએ મનમાં ખૂબ ગોખી રાખવી જોઇએ છે.

હું ફરીફરીને અને ભાર મુકીને કહું છું અને વાજબી રીતે ઇન્સાફની રાહે કહું છું કે આપણા ધર્મગુરૂ વર્ગની માઠી હાલત માટે જેટલો દોષ પારસી કોમને માથે છે તેટલો ધર્મગુરૂ વર્ગને માથે નથી. પારસી કોમને પોતાના ધર્મગુરૂ વર્ગનો હાલનો મામલો ચલાવી લેવાની, તે તરફ આંખ મિચામણાં કરવાની કશી જરૂર નથી

બલકે તેમાં શોભા નથી અને સારો સાર પણ નિકળવાનો નથી. આપણી કોમના કેટલાક લોકો, કેટલાક શિખેલા કેળવાયલા, કેટલાક આગેવાનો વટિક કાંઇ એવોજ ધખારો રાખતા લાગે છે કે ધર્મને યા ધર્મગુરૂને માટે કાંઇબી હિલચાલ કરવી, એવી કોઈ હીલચાલમાં ભાગ લેવો એ આજના સુધરેલા વખતમાં, સુધરેલા લોકમાં ખપાવવા માગતાઓને દીપતું યા છાજતું કામ નથી. તેઓ કાંઈ એમજ માનતા જણાય છે કે ધર્મ અને ધર્મગુરૂ વર્ગના સુધારા વધારા અર્થે બાહેર પડવું એ સુધરેલા લોકની નજરમાં ઉતરી પડવા બરોબર છે. પણ એવા ધખારા રાખી પોતાની કોમની નામોશી ભરી હાલત, તેમજ પોતાનાં ધર્મ અને ધર્મગુરૂ વર્ગની નબળી સ્થિતિ જાણી જોઇને લઇ ચલાવનારાઓ ખરાં સમજુ લોકોની હાંસીમાં અને તિરસ્કારમાં સૌ પહેલે આવી પડવાજ જોઇએ. કોઇબી સમજુ પ્રમાણિક શખ્સ પોતાનાં અંતઃકરણ ઉપર હાથ મુકી કહી શકશે કે પારસી કોમનો ધર્મગુરૂ વર્ગ હિણું લગાડનારી હાલતમાં નથી ? અને જો તે વર્ગ એવી હાલતમાં હોય તો શું પારસી કોમ હીનપસ્તી ભરી હાલતમાં હોતી ન કહેવાય ? જો પારસી ધર્મગુરૂ વર્ગ દુનિયાની નજરમાં ઉતરી પડે તો તેજ દુનિયાની નજરમાં પારસી કોમ ઉંચે ચઢેલી લાગે કે ? જો પારસીઓ ઉપર દર્શાવેલી સઘળી માઠી રીતભાંતો પોતાના ધર્મગુરૂ વર્ગ તરફ ચલાવે તો પારસી કોમ આલમની નજરમાં સુધરેલી ગણાય કે ? કોઇબી કોમમાં તેનો ધર્મગુરૂ વર્ગ આવી કંગાલ હાલતમાં સબડતો હોય તો તે કોમ પોતાને શિખેલી સુધરેલી કોમોની હરોળમાં મુકી શકે કે ? દુનિયામાં એવી કોઇબી ખરી સુધરેલી કોમ હશે કે જેની અંદર ધર્મ અને ધર્મગુરૂ વર્ગને લગતું આપણી કોમના જેટલું અંધેર ચાલતું હોય ? જયાં સુધી આવું અંધેર ચાલતું હોય ત્યાં સુધી કોઇબી ખરો શિખેલો, સુધરેલો જરથોશ્તી પોતાની કોમને માટે માન ધરાવી શકે અને મગરૂરી લઇ શકે કે ? આ સઘળા સવાલોનો જવાબ કોઇબી સાચ્ચો માણસ હાકારમાં કદી આપી શકે નહિ. અને તે છતાં પારસી

કોમ આવા ગડબડ, ઘોંટાળા અને ગફલતીમાં પડી રહેવાને શા માટે પસંદ કરતી હુશે ? શું આપણી કોમમાં પૈસાની મદદ માટે દોલતમંદોની ખૂટ છે? શું કોઈ દોલતમંદ શખ્સ કે કુટુંબ એ બાબદમાં નાણાંની મદદ કરે તો તેની ઓછી પિછાન થાય ? ઓછી નામના વધે ? ઓછી યાદગારી રહે ? આપણી કોમમાં અનેક દોલતમંદો અને જરદાર કુટુંબો છે, તેમાંનાં ફકત એકજ કુટુંબ એકજ શખ્સ એકી વખતે પાંચ, દસ લાખ રૂપયા કાઢી આપીને એ બાબદમાં શરૂઆત કરી પોતાનું નામ કાયમ કરી શકે. શું આપણી કોમમાં દાના, દુરઅંદેશ, અનુભવી, શિખેલા, વગવસીલો, માનપાન, સત્તા, લોક વિશ્વાસ, કુનેહ, કારસાજી ધરાવનારાઓની ખૂટ છે ? અનેક એવા લાયક પુરૂષો છે કે જેઓ જો એ બાબદ ધ્યાન ઉપર લઇ ધીરજ અને ખંતથી કામ કરે તો એ બાબદમાં સારી શરૂઆત કરી શકે. જો આપણી કોમના આગેવાનો, દસ્તુરો, દાવરો, આતશબેહરામો તથા અગ્યારીઓના મુતવલીઓ, મુખીઓ તથા આપણી કોમનું ભલું ઈચ્છનારા દીનચુસ્ત જરથોસ્તીઓ એ કામ ઉપર મંડે તો કાં નહિ એ કામ પાર પાડી શકે ? જો બીજી હલકી ન્યાત જાતોમાં અને પ્રજાઓમાં આ બાબદનો બંદોબસ્ત થઇ શકે છે તો આપણી કોમ કાં નહિ તેવો બંદોબસ્ત કરી શકે ?

સપર પેહલાં એક સારૂં ફંડ ઉભું થવું જોઈએ. જો આપણા શ્રીમંતો મન ઉપર લે તો એક દિવસમાં એક ફંડ ઉભું કરી શકે. જો એમ ન થાય તો દરેકે દરેક કુટુંબ પોતાની ગુંજાસ મુજબ હિસ્સો આપી એક "નેશનલ ફંડ" જેવું કરે. આગળા વખતમાં આપણાં રવાનોને અવ્વલ મંજલ પોહોચાડવાની બહુ હાડમારી પડતી હતી તે જોઇ એ કામ માટે બહેસ્તનશીન સર જમશેદજી જીજીભાઈનાં મશહૂર ખાનદાનમાંથી એક ધડખમ રકમનું એક ફંડ ઉભું થયું અને વખત જતે તેમાં ઉમેરો થતો રહયો અને હાલમાં એ ફંડ ભરપૂર થયું છે તથા આપણા નેયાગાનોની નેમ બર આવી છે. તેમ કોઈ સખીવજૂદે યા તો આપણા લોકોએ આ

બાબદનાં એક ફંડ માટે જલ્દીથી શરૂઆત કરવી જોઇએ. વખત જતે લોકો જેમ જેમ તેના ફાયદા જોશે તેમ તેમ તેને વધારવાને અને પૂરતું કરવાને ચુકશે નહિ. પણ શરૂઆતમાં દર મહિને પદંરસોથી બે હજાર રૂપ્યા જેટલી રકમ આપણા હાથમાં આવે તેવી ધડખમ ગોઠવણ થવી જોઇએ.

એવું એક ફંડ ઉભું થવા પછી આપણને જે કરવાનું છે તે એ કે આપણા ધર્મગુરૂ વર્ગને બે ભાગમાં વહેંચી નાખવો. આપણી કોમની સ્થિતિ, ધર્મિક રાહ રસમ, સંજોગો વગેરે તપાસતાં ધર્મ-ગુરૂ વર્ગની મુખ્ય ફરજો બે ભાગમાં વેહેંચાવીજ જોઇએ. એક ભાગ ઉંચી કેળવણી પામેલા, ઉંડો અભ્યાસ કરી ધર્મજ્ઞાન ફેલાવનારાઓનો, અને બીજો ભાગ સાધારણ કેળવણી પામીને સામાન્ય જ્ઞાન, સાધારણ ધર્મજ્ઞાન અને ધર્મ ક્રિયા ભણતરનું સંપૂર્ણ જ્ઞાન ધરાવનારાઓનો બનેલો હોવો જોઇએ. પેહલા ભાગની અંદર યુનિવર્સીટીમાંથી સામાન્ય જ્ઞાન તથા અવ-સ્તા, પહેલવી, ફારસી વગેરેનું જ્ઞાન મેળવી બાહેર પડેલા બી. એ. એમ. એ. થયલા અભ્યાસીઓનો બનવો જોઇએ. એ અભ્યા-સીઓ વળી જરમન, ફ્રેંચ અને સંસ્કૃત ભાષાઓનું, તેમજ આત્મજ્ઞાન, ખુદાઈ જ્ઞાન (theology) ફિલસુફી વગેરેનું સારૂં જેવું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ, એટલુંજ નહિ પણ, તેઓ સારી ફસાહત, બોલીદરાજી, કુનેહ કારસાજી, ખેંચાણ કારક ઢબછબ, અને છટા ધરાવતા હોવા જોઇએ કે જેથી કરી તેઓ લોકો ઉપર સારો કાબૂ રાખી શકે અને અસર કરી શકે.

શરૂઆતમાં અવસ્તા પહેલવી વગેરે ભાષાઓ શિખી બી. એ. એમ. એ. થયલા અરધી ડજન ચંચળ અથોરનાન જવાનોને પસંદ કરી તેઓને ધર્મ-ગુરૂના પેશાને લગતી સઘળી ઉંચી તાલીમ આપવી. એ તાલીમ માટે તેઓને ત્રણ વરસ મુંબઈમાંજ, બાહોશ, અનુભવી, વિદ્ધાન જરથોશ્તી ઉસ્તાદોના હાથ હેઠળ અભ્યાસ કરાવી આપણી પોતાની ધાર્મિક અને સંસારી આગળી તથા હાલની રાહ રસમોની, નીતિ રીતિની, પૂરતી તરબિયત

આપવી તેમંજ આપણાં અતિ પુરાતન તેમજ ત્યાર પછીના જમાનાઓમાં રચાયલાં સાહિત્યનો અસલ ઈરાની જબાનોમાંજ અભ્યાસ કરાવી, આપણા જરથોશ્તી "સ્પીરીત" અને સંસાર વ્યવહારને અનુસરતો, છાજતો તથા ફાયદાકારક અનુભવ અપાવી, વધુ તાલીમ માટે તેમને બીજાં ત્રણ વરસો સુધી યુરોપ યા અમેરીકા મોકળી ત્યાંના અવસ્તા પેહલવીના કામેલ અભ્યાસીઓ મારફતે તેઓની અભ્યાસ કરવાની રીતિ (methods)નુ તથા તેમની શોધ ખોળ કરવાની તરતીબોનું, "થિયોલોજી," "મોરલ ફિલોસોફી," વાકચાતુર્ય (eloquence) વગેરે બાબદોનું જ્ઞાન અપાવવું.

ઉપલી સઘળી તાલીમોનો ખરચ ફંડમાંથીજ કરવો, એટલુંજ નહિ, પણ જો કોઈ અથોરનાન જવાનો ઘણાજ ચંચળ, ભવિષ્યની સારી આશા આપનારા અને ફાયદો કરનારા માલૂમ પડે, પણ તેઓ પોતાની યા પોતાનાં માબાપની તંગ હાલત અને મુફલસીને સબબે વગર આવકે પાંચ છ વરસ અભ્યાસમાં ગુજારવાને અશક્ત હોય તો તેવા હુશિયાર જવાનોને ફંડમાંથી તાલીમ આપવાના ખરચ ઉપરાંત પચાસ યા પોણોસો રૂપ્યાની સ્કોલરશીપ આપતી કરવી. મુંબઈમાં ત્રણ વરસ અભ્યાસ કરવા પાછળ જે પચીસ પચાસ દર મહિને ફંડમાંથી આપવા પડે તેમાં લાચાર પણ ઘણા ચંચળ છોકરાઓને પચાસ યા પોણોસો દરમહિને વધારે આપતા કરવા તેમજ યુરોપ યા અમેરીકામાં અભ્યાસ કરવા પાછળ દરમહિને બસો (યુરોપમાં) યા ત્રણસો (અમેરીકામાં) થાય તો તેમાંથી પચાસ યા પોણોસો રૂપીઆ ઉમેરીને તેમનાં ગરીબ માબાપોને મદદ કરવા અર્થે આપવાનું ચાલુ રાખવું. સંપૂર્ણ તાલીમ મળવા પછી તેઓની નેમણુક કરવામાં આવે અને દર મહિને બસો રૂપ્યાનો દરમાયો ચાલુ થયો કે પછી સ્કોલરશીપ બંધ કરવી શરૂઆતમાં બસો રૂપ્યાનો દરમાયો બંધાવા પછી દર બબે વરસે વીસ વીસ રૂપ્યાનો વધારો પંચાવણુ વરસની ઉમર થાય ત્યાં સુધી કરતા રહેવાની તથા પંચાવણુ યા સાઠ વરસની ઉમરે "રીટાયર્ડ" થાય તો અથવા થોડાં વરસ ધર્મગુરૂ તરીકે કામ

કરવા પછી જો વધુ કામ કરવાને અશકત થઇ પડે તો આપણી મેહરબાન ઈંગ્રેજ સરકારના કાએદા કાનૂનો પ્રમાણે પેન્શન આપવાની કબૂલાત આપવી તથા તેવી ગોઠવણ કરવી. જો વયે બુજોર્ગ થવા છતાં પણ કામ કરવાને શક્તિવાન હોય તો તેને મરણ તુલિક આખો લવાજમ આપવાને જારીજ રાખવું. એ પ્રમાણેના બંદોબસ્ત સાથે એક વખત ધર્મગુરૂ તરીકેની નેમણુક થઇ અને કાએદા કાનૂન તથા ગોઠવન મુવક્ફેક તે ધર્મગુરૂ કામ બજાવતો રહે તો તેને કોઇબી તેની જગાપરથી ખિસાડી યા બરતરફ કરી ન શકે યા તે માટે તેને કશા પ્રકારની બીહીક કે ધાસ્તી ન રહે તે બાબે તેની ખાતરી કરી આપવી.

અલબત્તાં તે ધર્મગુરૂ પેહલેથી તે તેની જિન્દગીની છેલ્લી ઘડી સુધી, પાકીજે, પરહેજગાર, સારી ચાલચલણ તથા નીતિરીતિ ધરાવનાર અવ્વલ જરથોશ્તી લોહીનો, અવ્વલ જરથોશ્તી ખાસિયતનો ખરી જરથોશ્તી લાગણીનો, ખરી જરથોશ્તી દાઝ અને જોસ્સા (spirit) નો" નેક અથોરનાન જાદો ખુદ પોતે અથોરનાનજ હોવો જોઇએ. કહેવાની જરૂર નથી કે તે પોતે સપર પેહલાં તો સઘળાં ક્રિયા ભણતર સંપૂર્ણ હદે શિખી આપણી જરથોશ્તી રાહ રસમ પ્રમાણે નાવર્ મરાતબ થઇ, ક્રિયા ભણતર, પાકીજગી, પરહેજગારી, સફાઈ, સુઘડાઇ વગેરેનો જાતિ અનુભવ મેળવેલો હોવો જોઇએ, કે જેથી કરીને આપણા ધર્મ અને રાહ રસમ પ્રમાણે તે ધર્મગુરૂ તરીકે ગણાવાને લાયક થયલો કહેવાય અને સાધારણ જરથોશ્તીઓ તેને કબૂલ રાખી તેને ધર્મગુરૂ તરીકે માન આપે અને તેઓ ઉપર તેનો ધર્મગુરૂ તરીકેનો કાબૂ, લાગવગ, તથા શિક્ષણની અસર સારી રીતે થવા પામે. તે ઉપરાંત તે પોતે ધર્મ-ક્રિયા, ભણતર, રાહરસમ વગેરેનો જાતિ અનુભવ પામેલો તથા તેમનું અવલોકન કરી ચુકેલો હોવાથી આગળ ચાલતાં તેને ભવિષ્યમાં પોતાના અભ્યાસમાં, અને જરથોશ્તી ધર્મ-ફરમાનો, ક્રિયાઓ તથા રાહ રસમો સમજાવવામાં અત્યંત સવળતા તથા ફાયદો થાય. વળી અભ્યાસી ધર્મ-ગુરૂમાં બીજી જે લાયકાત હોવી જોઇએ તે જાતિ હુશિયારી, જાતી ચલાકી, શોધ ખોળ કરવાની જાતિ તેજ શક્તિ અને જાતિ દૂર અંદેશી છે.

યુરોપ અમેરીકાની સૂધરેલી પ્રજાઓની મિસાલે આપણી કોમે ધર્મગુરૂને છાજતી, જોઈતી જરૂરી લાયકાત ઉપર પેહેલું અને મુખ્ય ધ્યાન પુગાડવાની અગત્ય છે. જે પ્રમાણે ચોકકસ આસામીઓને સત્તાવાર ડોકટર, વકીલ, યા ઈજનેર તરીકે ગણાવા અને સ્વીકારવા આગમજ, ચોક્કસ જ્ઞાન, મેળવવાની, ચોકકસ બાબદોનાં જુદાં જુદાં ક્રમોની પરિક્ષાઓ પસાર કરવાની ફરજ પાડવામાં આવે છે તે પ્રમાણે ધર્મ-ગુરૂનો ધંધો કરવાનો હક મેળવવા અને અમલમાં મુકવા આગમજ ધર્મગુરૂપણાંને લગતું સઘળું જ્ઞાન મેળવી, ચોકકસ તાલીમ લઈ ચોકકસ તપાસ પસાર કરાવવી જોઇએ. જો વેદાં, ઈજનેરી કળા અને વકીલાતને લગતો ધંધો કરવાને ચોકકસ જ્ઞાન મેળવવાની જરૂર જોવામાં આવે તો ધર્મગુરૂને લગતો ધંધો ચલાવવા માટે ધર્મગુરૂના ધંધાને લગતું પૂરતું જ્ઞાન મેળવવાની જરૂર કેમ ન હોય? ધર્મગુરૂનો ધંધો કાંઇ એટલો સહેલ, નજીવો તથા બીનજોખમદાર નથી કે જેથી ફરીને કોઇબી સાધારણ માણસ જ્ઞાન વગર તે ધંધો ચલાવી શકે અથવા ધંધો ચલાવવાની પરવાનગી મેળવી શકે. કોઇબી સમજૂ શખ્સ કબૂલ કર્યા વિના રહે નહિ કે ધર્મગુરૂનો ધંધો બીજા સર્વ ધંધાઓ કરતાં ઘણો ઉમદા, ઘણો જોખમદારી ભર્યો અને ઘણો બિકટ છે. બીજા સર્વે ધંધાઓ શારીરિક સુધારા અને સુખને લગતા છે, ત્યારે ધર્મગુરૂનો ધંધો આત્મા જે સૌથી ઉમદા ચીજ તેના સુધારા તથા સુખને લગતો છે. માટે એ ધંધામાં જેટલી વધુ જોખમદારી સમાયલી છે તેટલી વધુ લાયકાત એ ધંધો કરનારમાં હોવીજ જોઇએ. આ પ્રમાણે યુરોપ અને અમેરીકાની સુધરેલી, શિખેલી પ્રજાઓ બરોબર સમજે છે અને તેથી કરી તેઓ જેને, ગમે તેને, જેમ ગમે તેમ, ધર્મના ઉપાધ્યા તરીકે કામ કરવા દેતી નથી અને તેને ગણુતી કે ગણુ કારતી નથી.

આપણી કોમમાં પણ એજ મુવાફેક બંદોબસ્ત થવો જોઇએ. ચાલાક શિખેલા અથોરનામોએ પુરતી તાલીમ લીધા પછી તેઓની ચોકકસ રીતે ધર્મના ઉપાધ્યા તરીકેની નેમણુક જાહેર થવી જોઇએ

અને એવા સ્વીકારાયલાઓનેજ ધર્મગુરૂ તરીકે ગણી તેઓનાંજ શિક્ષણોને માન આપીને ચાલવું જોઇએ. હાલના અંધેર કારભાર વચ્ચે આપણી કોમમાં જેવા ગમે તેવાઓ ધર્મગુરૂ તરીકે બાહેર આવે છે અને ધર્મગુરૂ કહેવાય છે. આપણાં લોકોમાં સંગીન જ્ઞાનની કુતાહીને લીધે જેવા ગમે તેવા વિચાર, વળાણ અખત્યાર કરનારાઓને લોકો વધાવી લેછે તથા પૂંજે છે. આપણા લોકોમાં બરાબર પિછાન કરવાની શક્તિ ઝાઝી હોતી નથી તેથી કરીને જેવા ગમે તેવાઓ, બુદ્ધિસ્ત, હિંદુ, ખ્રાસ્તી, નાસ્તિક વિચારો પોતાની વકતાં બીજી, બોલી દરાજી, કુનેહ કારસાજી, ધાંધલ ધરપચ અને ઢોંગ ધતુરાથી જરથોશ્તીઓમાં પેવસ કરવાની તજવીજો કરતા ફરે છે અને કેટલીક વખતે જરથોશ્તીઓને આડે માર્ગે દોરવી લઈ જવામાં ફાવે છે. જરથોતીઓમાં બુદ્ધિશ્ત, હિંદુ, નાસ્તિક વિચારો અને સિદ્ધાંતોનો ફેલાવો થતો રહે છે અને તેનાં પરિણામમાં આપણે આપણા જરથોશ્તીઓતે પેટે જન્મેલાંઓને કેટલીક વખત ઉખળી જતાં જોઇએ છિયે, કેટલાકોને પોતાના જરથોશ્તી ધર્મ પ્રમાણે સંસારમાં રહી, સંસારસુખ સુધારી, તે સુખ ભોગવવા કરતાં, સંસાર વ્યવહાર, કુટુંબ કબીલા છોડી દઈ કાશી બનારસમાં જિન્દગીનું સાર્થક શોધવા જઈ ભરાતા આપણે સાંભળિયે છિયે; વળી કેટલાકો આપણો બાપિકો બુલંદ, જરથોશ્તી ધર્મ તજી દેવળો અને મંદિરોમાં જઈ બેસવાને પસંદ કરે છે, તો કેટલાકો ખુદાને પૂજતા થવાને બદલે હવસ અને હલકી મોજમજાહને પૂજતા માલૂમ પડે છે. આ પ્રમાણેનાં પરિણામો કેટલાક સુદરેહ કુસ્તી આંગ ઉપર રાખી, પરધર્મનાં અને પરજાતનાં વેહજાં અને વિચારો આપણી કોમમાં દાખલ કરનારાઓ લાવે છે અને આપણી નાની કોમને વિખરાતી ડામાડોળ હાલતમાં મેળતા જાય છે, જે બસ્તે કુસ્તીઆનોને માટે ઘણુંજ નાલાયક કામ છે. એવાઓ દીનદાર કે દીનદોસ્ત નહિ પણ જરથોશ્તી દીનના હડહડતા દુશ્મનો ગણાવા જોઇએ. ટુંક ભંડાળિયાઓ આપણી કોમની ડંગધડા વગરની માઠી હાલતનો ગેરલાભ લેછે. સસતી જાહેરાત મેળવવાનો, લાગવગ વધારવાનો અભખરો હોવાથી

જશજશરામાં લોકોની સનમુખ ઉભા રહી ધર્મના ઉપાધ્યા તરીકે જાણીતા થવાનાં ફાંફાં મારે છે. આવી હાલતમાં અને આવા મામલા વચ્ચે આપણી કોમ માટે ઘણુંજ અવશ્યનું છે કે જરથોસ્તી ધર્મની તેમજ સામાન્ય જ્ઞાનની ઉંચી તાલીમ લીધેલા એરવદ તથા દસ્તુર અભ્યાસીઓને કોમના સત્તાદાર ધર્મગુરૂઓ તરીકે ચોકકસ ધોરણે જાહેર કરવાં કે તેથી કરીને જરથોસ્તી કોમ તેવા ધર્મગુરૂઓ ઉપરજ જરથોસ્તી ધર્મ-જ્ઞાન મેળવવાનો આધાર રાખે અને તેઓ ઉપરજ વિશ્વાસ રાખી તેઓનું શિક્ષણ કબૂલ કરે.

પણ આ ધર્મગુરૂઓમાં જે સપર પેહેલો અને ઘણોજ અગત્યનો ગુણ હોવો જોઈએ તે જરથોસ્તી ધર્મ ઉપરનો પુર એતેકાદ છે. તેઓ પોતે જરથોસ્તી ધર્મ-મતો ઉપર તેમજ જરથોસ્તી ધર્મક્રિયા તથા રાહરસમો ઉપર જાનફેશાનીથી મરી ફીટતા હોવા જોઇએ. જરથોસ્તી ધર્મગુરૂમાં જો આ ગુણ ન હોય તો તેને જરથોસ્તીઓએ પોતાના ધર્મગુરૂ તરીકે ગણવો ના રૂવા છે. જરથોસ્તી ધર્મગુરૂમાં જો આ ગુણ હદથી બેહદ્દ પ્રમાણમાં ન હોય તો તેના બીજા સઘળા ગુણો, તેનું બીજું સઘળું જ્ઞાન, હુનેહકારસાજી, બોલીદરાજી વગેરે તદન રદ્દ છે. જરથોસ્તી અભ્યાસી ધર્મ-ગુરૂની મુખ્ય નેમ એવી હોવી જોઇએ કે જે જે સારા ગુણો તે ધરાવે, અને જે જે જ્ઞાન તે મેળવે, તે જરથોસ્તી ધર્મ ઉપરનો જરથોસ્તીનું યાકીન તથા એતેકાદ મુસ્તકીમ કરવામાં અને વધારવામાંજ વાપરે. જરથોસ્તી અભ્યાસી ધર્મ-ગુરૂ દરેક જ્ઞાન મેળવે તથા દરેક જ્ઞાન બીજાંને આપે તેની મૂળ નેમ જરથોસ્તી ધર્મની ખૂબીઓ સમજાવવાની, અને સ્પષ્ટ કરી બતાવવાનીજ હોવી જોઈએ. એવો સત્તાદાર રીતે સ્વીકારાયલો ધર્મગુરૂ નાસ્તિક મત ઉપર યા બુદ્ધિસ્ત, હિંદુ, ખ્રીસ્તી, મુસલમાન કે બીજા કોઇબી પરધર્મના પુસ્તકો યા સિદ્ધાંતો ઉપર, સોહબત સંગતો ઉપર, સહેજબી મોહી પડેલો ન હોવો જોઇએ. તેથી ઉળટું, તેની સોહબત સંગતોને તોડનારો તથા નાશ કરનારો હોવા સાથ જેબી ફિલસુફીઓ કે તર્કો અને પરધર્મોનાં જેબી સિદ્ધાંતો જરથોસ્તી

સિદ્ધાંતો અને ફિલસુફીની વિરૂદ્ધ રજૂ કરવામાં આવતાં હોય તેમનાં ખોટારાં દેખાડી આપવાની શક્તિ ધરાવતો હોવો જોઇએ.

આવી કિસમના અભ્યાસી ધર્મગુરૂઓની નેમણુક કરી તેઓને અભ્યાસ, શોધખોળ, ભાષણો, વાએજો, લખાણો વગેરે કરવા માટેની સઘળી જોગવાઈઓ, સગવડો તથા ગોઠવણો કરી આપવી જોઇએ, એટલુંજ નહિ, પણ તેમનો માન મરતબો જળવાય તેવાં ધોરણો રાખવાં જોઈએ. તેઓને માટે એવી તજવીજો રાખવી જોઇએ કે તેઓ કોઈની ખેરખુશામદ વગર કોઈના લાગવગ કે ઉપકાર હેઠળ જવા વગર, આબરૂ ઇજતથી સ્વમાન તથા સ્વતંત્રપણું જાળવી, સુખ ચેન સાથે પારસી કોમને શોભા લાગે તેવી રીતે પોતાનું તથા કુટુંબનું ગુજરાન ચલાવી પોતાનું સઘળું મન તથા ધ્યાન પોતાનાં મોતેબર કામ ઉપર લગાડી પોતાની ફરજ અદા કરવા પાછળ જાથુકના મંડેલા રહે.

ઉપર સૂચવેલી ગોઠવણુથી ચંચળ અથોરનાનો ધર્મ-ગુરૂ વર્ગમાં જોડાશે અને અથોરનાન ટોળાના બાહોશ જવાનો પોતાનો બાપિકો પેશો અખત્યાર કરવાને ખેંચાશે તથા મગરૂર રહેશે અને પોતાની ફરજો બર લાવવાને ઉલટ તથા ઉમંગ પકડશે. કારણકે બીજા ધંધામાં સાધારણ રીતે જે આવક, માન, મરતબો મેળવવાના સંભવો હોય તેવાજ સંભવો ધર્મ-ગુરૂ તરીકે માન મરતબા સાથે સુખ ચેનથી ગુજરાન ચલાવવાના મળી આવે તો બીજા ધંધામાં જયાં તિક્ષણ હરીફાઇ વધી પડી છે ત્યાં શા માટે ખેંચાય? હું તો કહું છું અને ખાતરીથી માનું છું કે ધર્મગુરૂના ધંધામાં ચંચળ અથોરનાન જવાનોને ગુજરાન તથા માનપાન મળવાના અને વધારવાના સારા સંજોગો અને સાધનો મેળવી આપવામાં આવે તો માત્ર ચંચળ અથોરનાન જવાનોજ નહિ પણ બેહદીન જવાનો વટિક માથે સફેદ પાઘડી બાંધી ધર્મગુરૂ થવાને તૈયાર થઇ જાય. હાલતુરત આપણા જવાનો માટે એક નવું ખેતર ઉઘડે અને કેટલાક અથોરનાન છોકરાઓ બીજા ધંધામાં તિક્ષણ હરીફાઇને લીધે નોકરીમાં રહે છે તેઓને પોતાની ચંચળાઇ અને ઉંચી મનશક્તિ ખીલવવાના સંજોગો તથા સાધનો

મળે, તેઓ કોમને ઉપયોગી થઈ પડે, જરથોસ્તી ધર્મ તથા જરથોસ્તી કોમની કીર્તિ વધે, અને હાલમાં આપણા લોકો જે અવસ્તા તથા પેહલવી સાહિત્યોની સમજ માટે યુરોપ તથા અમેરીકાના અભ્યાસીઓ ઉપર કેટલોક આધાર રાખે છે તેને બદલે આપણી કોમ પોતાના ધર્મની શોધખોળ માટે સ્વતંત્રપણે પોતાની ઉપરજ આધાર રાખતી થાય અને આપણા ધર્મનો જે ખરો જરથોશ્તી "સ્પીરીટ" તે યુરોપિયનો અને અમેરીકનો કરતાં વધારે સારી રીતે સમજતા તથા સમજાવતા થાય. મારૂં એવું આધીન મત છે કે જરથોશ્તી ધર્મનો ખરો "સ્પીરીટ" એક જરથોશ્તી અભ્યાસી જેવી સારી રીતે અને થોડી મુશ્કેલીથી જોઇ અને દેખાડી શકે તેવી સારી રીતે અને તેવી આસાનીથી એક ખ્રિસ્તી અભ્યાસી, તે ગમે એવો અપક્ષપાત હોવા છતાં જોઇ યા સમજાવી શકે નહિ. એક ખ્રીસ્તી અભ્યાસી ખરી જરથોશ્તી "સ્પીરીટ"નાં ઉંડાણમાં ઉતરતાં થોડે ઘણે દરજ્જે બી ગોટાંઓ ખાય તો તેમાં નવાઈ નથી.

આ બાબદ તરફ જોતાં પણ આપણને જરથોશ્તી અભ્યાસી ધર્મગુરૂની અગત્ય કબૂલ કરવાની ફરજ પડે છે. તુરત વેળા બી આપણે જો એવા શિખેલા અભ્યાસી ધર્મ-ગુરૂઓનો વર્ગ આપણી કોમમાં ઉભો કરવા માગિયે તો તે મુશ્કેલ નથી. કાંઇ નહિ તો એક દજન ઉપર ચાલાક બી. એ. અને એમ. એ. થયલા અવસ્તા પેહલવીનું જ્ઞાન ધરાવનારા દસ્તુરજાદાઓ અને અથોરનાનજાદાઓ હાલ મળી શકશે અને તેઓને સગવડ સાધન કરી આપી, હજી ઉંચી તાલીમ આપી હોય તો, આપણી ધારેલી સારી શરૂઆત થઈ શકે. પણ આપણા લોકોએ દરેક કામમાં તેમજ આપણાં આ નવાં કામમાં ધીરજ અને ખંત રાખવી જોઈએ છે. આપણા લોકોએ અધીરા બની જઇ એકદમ એવી આશા ન બાંધવી કે આજ કાલ કે પાંચ દસ વરસો પછીબી એ નેમેલા અભ્યાસી ધર્મગુરૂઓ યુરોપ અમેરીકાના ઘણા આગળ વધેલા ધર્મગુરૂની હાલતે પૂગી અસંખ્ય શોધોં કરી નાખી પારસીઓને દરરોજ અથવા દર અઠવાડિયે કે દર પખવાડિયે વાએજો, ભાષણો અને લખાણોથી

ભરપૂર કરી નાખશે. યુરોપ અમેરિકાના ખ્રિસ્તી ધર્મ અભ્યાસીઓ અને ધર્મગુરૂ કાંઈ એક બે દાયકા કે એક બે સદી પછી બી તેઓની હાલની વિદ્વત્તાભરી હાલતે પૂગ્યા નથી. તેજ પ્રમાણે આપણા અભ્યાસી ધર્મગુરૂઓને પણ તેવા થવાને ઘણી લાંબી મુદ્દત પસાર થવી જોઇશે. વળી આપણે એવી આશા ન રાખવી કે એક બે ડજન અભ્યાસી ધર્મગુરૂઓ આપણી કોમને જોઇતા એવા બસો પાનસો અભ્યાસીઓની ગરજ સારશે, પણ તે છતાં આ જમાનામાં આપણે નાના પાયાપર શરૂઆત કરશું તો આપણી કોમની ગરજ ભવિષ્યમાં સંપૂર્ણ રીતે પૂરી પડશે અને આપણી ઓલાદ આપણી એ શરૂઆતનાં પૂરેપૂરા ફળ ચાખવાને જરૂર સામર્થવાન થશે.

મેં જે જે સુચનાઓ આપણા ઉંચી કેળવણી લેનારા ધર્મગુરૂ વર્ગની બેહતરી અર્થે કીધી છે, જે જે ગોઠવણો, શરયતો, તજવીજો, બંદોબસ્ટો, સુચવયાં છે, ટુંકમાં કહીએ તો જે સ્કીમ મેં હ્વડી જરથોસ્તી આલમ સનમુખ મુકી છે તેજ સ્કીમ મેં આજ મુદત થઇ કેટલાક આ ણી કોમના આગેવાનોને સમજાવી તેઓના હાથમાં મુકી હતી અને એ સ્કીમ તેઓએ ઘણી ઉલટ અને કાલજીથી અને તાકીદથી માગી તે ઉપર અમલ કરવામાં આવશે એવી આસા આપત્રામાં આવી હતી. પણ આવી સ્કીમને બદલે અથોરનાનોને તાલીમ આપી આપણી કોમની આપણા ધર્મગુરૂ વર્ગની બેહતરી માટે ભલતીજ લેશાગુ હીલચાલો થવા પામે તો તે ફેકટ છે. આપણા જરથોસ્તીઓએ આટલું ખુબ યાદ રાખવું કે જયાં સુધી કોઈબી કામમાં પક્ષાપક્ષી યા મતલબી હીલચાલો કરવાની રૂઢી આપણી કોમમાંથી દુર થશે નહિ ત્યાં સુધી કોઈબી કામમાં ફતેહમંદી મેળવવી મુશકેલ છે. ઉપર દર્શાવેલી સ્કીમ સિવાય બીજી કોઈ ભલતીજ હીલચાલમાં કોઈક જરથોસ્તીઓ પૈસા ટકા વગેરેની મદદ કરવા નીકલી પડે તો તેથી કરીને કાંઈ આખી સામાન્ય કોમને, ખુદ સાચ્ચી ખરી જરથોસ્તી કોમને થવો જોઇતો ફાયદો થનાર નથી. પૈસો ટકો, મેહનત જેહમત કોશેસ વગેરે બરબાદ જશે,

અથોરનાન વર્ગને માથે જેવો દોષ હાલમાં છે કે તેઓ ઉપર આટલી કાળજી દોલટ વગેરે નાખ્યા છતાં તેઓ સુધરતા નથી કે કોમને ફાયદો કરતા નથી તે દોષ જેમને તેમજ રહેવાનો. બલકે વધવાનો એટલુંજ નહિ પણ કોઈ એકતરફી તજવીજોથી ઉપર તપકેની મતલબી તાલીમ યા ઉતેજનથી કોમમાં મીનાકેશો મતફેરી કાંઈક બાકી રહી ગઇ હોય તો તે સંપૂર્ણ હદે જઇ પુગવાની અને તેવી સ્થિતી માટે પણ એકતરફી તાલીમ અને વળણ અખત્યાર કરનારા અથોરનાનોનેજ જોખમદાર ઠેરવી તેઓનેજ વગોવવાનું થશે. એકતરફી તાલીમ પામેલાં અથોરનાનો આખી કોમના ધર્મગુરૂ રાહબરો તરીકે નહિ ગણાશે, આખી ચુસ્ત જરથોસ્તી કોમ તેઓને પોતાના ધર્મગુરૂ તરીકે સ્વીકારવાને ના પાડશે. એવા અથોરનાનો માત્ર પારસી કોમના એક ભાગને માટે એક વીખુટી પડેલી ટોળકીના ઉભાં કીધેલાં ઓહદાંઓ તરીકેજ લેખાશે અને એવી ટોળકીનેજ સંતોષ સધ્યારો આપી ખુશી કરી શકશે. માટે જો કોમને અને અથોરનાન ટોળાને ખરોજ ફાયદો કરવો હોય તો સારા શિખેલા, ઉપયોગી, ઉદયોગી, ઉલટમંદ, જરથોસ્તી ધર્મને, જરથોસ્તી કોમને વફાદાર એવા અથોરનાનો ઉતપન્ન કરવા કરાવવા લાયકની સ્કીમ અમલમાં મુકવાની નાના પાયા ઉપર મે જેમ મારી સ્કીમમાં દેખાડયું છે તેમ શરૂઆત કરવી જેથી કરીને જરથોસ્તીઓનો મોટો અને સાચ્ચો ભાગ એવી રીતે કેળવાયલા ધર્મગુરૂઓની રાહબરી હેઠલ રહેવાને ખુશી થાય. ભલતાંજ ફાંફાં મારયાં તો જ્યાંને ત્યાંજ જેમ આજ વરસો થયાં આપણે એ બાબદમાં પછાત છીએ તેના કરતાં વધુ પછાત પડવાના તે ખચીત માનવું. મારી સ્કીમે ઘણીક તરફથી પસંદગી મેલવી છે તેમાં હજી વધારે સારા સુધારાઓ કરવા ઘટે તો તે સાથે મલી કરી કરાવી તેને અમલમાં મુકવાની હું મજબુત ભલામણ કરૂં છું. તુરત વેલાતો મારી મોંટામાં મોટી ભલામન એ છે કે બીજા તદનજ નવા લે ભાગુ યા શિખઉ અથોરનાન જાદાઓને પેહલેથી તાલીમ આપવા ઉપર સેંકડો હજારો

રૂપીઆ નાખવા કરતાં જે જે અથોરનાન દંજાદાઓ જેઓ અવસ્તા પેહેલવી તેમજ સામાન્યા જ્ઞાન મેલવી બી. એ. એમ. એ. થયા છે એટલુંજ નહિ પણ તેમ થયા પછી પોતાની ચાલાકી હુશીયારી "ઓરીજીનાલીટી" વગેરે દેખાડી ચુકા છે તેઓનેજ સારા સાંધનો, મોટાં લવાજમો વગેરે કરી આપવાની કબુલાતો આપી તેઓનેજ કાં નહિ ખેંચવાને કોશેસ કરવામાં આવતી તે સમજવું મુશકેલ છે. કોઈ અથોરનાનજાદાઓને શરૂઆતથી શિખવી આપણને જોઈતા કેળવાયલા ધર્મગુરૂઓ તૈયાર કરવાના કરતાં સારી રીતે અભ્યાસ વિધ્યામાં કસાયલા આગળ વધી તૈયાર થએલા અથોરનાદાઓને બીજા ધંધાઓમાંથી પાછા ખેંચી પોતાના ધર્મગુરૂના પેશામાં પડવાની પુરતી જોગવાઈઓ અને ઉતેજનો આપો કે જેથી કરીને આપણી હાજત થોડે ઘણે દરજ્જે પુરી પડે અને નવા શિખ-ઉઓથી તે હાજત પુરી પાડતાં હજી બીજાં પાંચ સાત વરસ લાગે તો તૈયાર થએલાઓથી તે હાજત એકાદ વરસમાંજ પુરી પડતી થાય. આડાં તીરાં ફાંફાં મારવામાં યા સમજ વગરના ભલતા પછાડા બુમ બરાડા મારવાથી આપણી કોમનું દલદર ફીતનાર નથી કે ભલું થનાર નથી. અપક્ષપાત પણે જોઈ તપાસી બરોબર લાંબો વિચાર કરી કોઈબી સીધો માર્ગ અખત્યાર કીધો તોજ આપણા લોકો પોતાની સારી નેમમાં ફાવશે નહિતો માત્ર કોઈક મટલબીઓજ પોતાની અંદર ખાનેની મટલબ કાઢી લેવામાં કદાચ ફતેહમંદ નીવડશે.

હવે, આપણે કરવા ધારેલા ધર્મગુરૂ વર્ગના બે ભાગો માહેલા એક ભાગ ઉપર બોલ્યા પછી બીજા ભાગ ઉપર આવીશું. આપણે જોયું તેમ પેહેલા ભાગનો ધર્મગુરૂ વિધ્યા અભ્યાસની અંદર કુશળ હોવો જોઈએ, જ્યારે બીજા ભાગનો ધર્મગુરૂ ધર્મ-ક્રિયા કરવામાં તથા તેની દરેક વાતની પક્કી સમજ ધરાવવામાં ઘણોજ ખબરદાર રહેવો જોઇએ. અને એ બંને ભાગો ઉપર સર્વોપરી દસ્તુરો પોતાના જાતિ અભ્યાંસ, અનુભવ અને અવ-લોકન મારફતે બરાબર માહિતગાર હોવા જોઇએ.......

કરવા ધારેલા બીજા ભાગ માટે જે પેહેલો બંદોબસ્ત થવો જોઈએ તે એ કે હાલમાં અથોરનાનજાદાઓને જે ભાગું તૂટું ભણતર ક્રિયાઓ શિખવી નાવર મરાતબ કરી સફેદ પાઘડી લપેટાવિ મોબેદી ધંધામાં નાખવામાં આવે છે તેનો અટકાવ થવો જોઈએ. જ્યાં સુધી એક અથોરનાનજાદો પાંચમા કે છઠા સ્ટેન્ડર્ડ જેટલું સામાંન્ય જ્ઞાન ધરાવે નહિ, જરથોસ્તી નીતિરીતિ તથા પાકીજગી અને પરહેજગારીની સારી સમજણ ધરાવતો થાય નહિ, શુદ્ધ પદે ભણી તે ભણેલું સમજી શકે નહિ, અને સઘળી અગત્યની ક્રિયાઓનું જ્ઞાન મેળવે નહિ ત્યાં સુધી તેને મોબેદી ધંધો કરવાનો હક કે પરવાનગી મળવી ન જોઈએ. ગરીબ અથોરનાનોને પોતાના છોકરાઓને એવી હાલતે પૂગાડવાને મુશ્કેલી પડે તેટલા માટે એવી લાયકાત મેળવતા છોકરાઓને ત્રણસો યા ચારસો રૂપ્યાનું ઈનામ આપતું કરવું જોઈએ. હાલમાં પણ, નવસારી ખાતે ચાલતી મરહુમ શેઠ નશરવાનજી તાતાની મદરેસામાંથી ક્રિયાકામો સંપૂર્ણ રીતે શિખીને બાહેર પડતા ચાલાક અથોરનાનજાદાઓને ત્રણસો રૂપ્યાનું ઈનામ આપવામાં આવે છે.

વળી આ બીજા ભાગના સંબંધમાં બીજી બાબદ જે ધ્યાન પુગાડવા જોગ છે તે એ કે મોબેદોને ક્રિયાઓ કરવાનાં દામ અથવા લવાજમમાં હાલના વખતને અનુસરતો વધારો કરી આપવો, હાલની દરેક ચીજની મોંઘવારી જોતાં, મોબેદોની મેહનત, વખત, રોકાણ વગેરે તપાસતાં, હાલમાં તેઓને જે દામ મળે છે તે બહુજ ઓછું મળે છે અને તેથી કરીને ક્રિયા ભણતરો દોડાદોડીમાં અથવા તદન અધુરાં થવાની અનેક ઠેકાણેથી ફરિયાદો ઉઠેછે અને કેટલીક વખતે એ ફરિયાદોમાં વજૂદ પણ જોવામાં આવે છે. માટે એ ફરિયાદ દૂર કરવાનો એક ઉપાય એ છે કે મોબેદોને મળતાં દામ વધારવાં. મેં ઉપર દેખાડયું છે કે મોબેદોને મળતાં દામો ઘણાં નજીવાં છે અને હવે હું જે દેખાડવા માગું છું તે એ કે દામમાં કેટલો વધારો કરવો અને તે કેમ કરવો. સૌથી સરસ રીત તો હું એજ જોઉં છું કે મોબેદોને ક્રિયા

ભણુતર કરવાનું કામ તેઓ તે માટે જેટલો વખત રોકાય તેનાં પ્રમાણુમાં એક સરખું ઠેરવવું. ક્રિયા ભણુતરમાં જેટલો વખત રોકાય તેટલા વખતના કલાકે બાર આના લેખે આપવું, અને ખોટી કરે તેમાં, તથા જાવ આવ કરવામાં જેટલો વખત જાય તેના કલાકે આઠ આનાને હિસાબે પૈસા આપવા. જો જવા આવવાનું લંબાણુ હોય અને જો તેનું ગાડીભાડું આપવું પડે તો ગાડીમાં તે ઠેકાણે જવા આવવાને જેટલો વખત લાગે તેટલા વખતના વધું પૈસા આપવા. આપણામાં ચાલુ થતી જુદી જુદી સાધારણ ક્રિયાઓ સંપૂર્ણ રીતે કરવા માટે કેટલો વખત અને કેટલા મોબેદો રોકાય તેનો એક કોઠો નીચે આપું છું કે જેથી કરીને ક્રિયા કરાવનારાંઓનો ગુંચવાડો દૂર થાય અને જુદી જુદી ક્રીયાઓ જો કે બેહદીનો સમજે નહિ તો પણ તે સંપુર્ણ થઇ કે ગઠલ મઠલ કરવામાં આવી તેનો બેહદીનો વખત તપાસવા ઉપરથી કાંઇક ખ્યાલ બાંધી શકે અને મોબેદને સવાલ પુછી શકે.

ક્રિયાઓના નામો.	મોબેદોની સંખ્યા.	લગભગ કેટલા કલાક.
૧. વંદીદાદ	૨.	આખો દિવસ રોકાય. ક્રિયા ભણુતર સવારની ઇજશને અને રાતના વંદીદાદ વગેરે મળી દસ કલાક.
૨. ઇજશ્ને	૨.	અઢી કલાક.
૩. બાજ (ફ્રેરેસ્તાની)	૪.	બે કલાક.
૪. બાજ (રોજગારના દીવસે યા ગંહુબારના દીવસે)	૧.	એક કલાક
૫. બાજ (સીરોજાના દીવસે)	૨.	દોઢ કલાક.
૬. આફ્રીનગાન આતશની નેયાએશ સાથે	૧ અથવા ૨.	એક કલાક.
૭. ફ્રેરેસ્તા આફ્રીનગાન	૪. અથવા ૨.	બે કલાક.
૮. ફ્રોખશી.	૧.	પોણો કલાક.

૯. સતુમ.	૧.	પા કલાક.
૧૦. ગેહુસારણું	૨.	પોણો કલાક.
૧૧. મરણ પછી ત્રણ દિવસ ગેહે ગેહે નિયાએશ પતેત	૨. અથવા ૪.	અરધો કલાક.
૧૨. મરણ પછી ત્રણ દિવસ રાતના સરોશનો કરદો	૧. અથવા ૨.	પોણો કલાક.
૧૩. સાંજનું ઉઠેમણું.	૪ યા વધુ.	એક કલાક.
૧૪. પાછલી રાતનું ઉઠેમણું આફ્રીનગાન સાથનું.	૪. યા વધુ.	બે કલાક.
૧૫. નવજોત.	૧.	અરધો કલાક.
૧૬. લગ્ન.	૨.	અરધો કલાક.
૧૭. નવજોત યા લગ્ન વખતે છોકરાંઓને આપવામાં આવતું નાન.	૧.	પા કલાક.

બાજ ધરવાને તથા આફ્રીનગાન કરવાને માટે મેં જેટલો વખત આપ્યો છે તેમાં કેટલીક વખત વધારો પણ થાય. જો એક કરતાં અનેક રવાનોની નઃયતે એકજ દિવસે એ ક્રિયાઓ કરવાની જરૂર હોય તો દરેક રવાન દીઠ આફ્રીનગાનમાં એક કરદો વધુ થાય અને તેને માટે પાંચ મિનિટ વધુ લાગે. તેમજ દરેક રવાન દીઠ એક બાજ વધુ ઈજાય અને તેને માટે પા કલાક વધુ લાગે. વળી કેટલાક પ્રસંગો ઉપર પણ એકાદ બે આફ્રીનગાનના કરદા વધારે ભણવા યા એકાદ બાજ વધારે કરવી પડે ત્યારે પણ મેં કહ્યું તેમ દરેક કરદા દીઠ પાંચ મિનિટ અને દરેક વધુ બાજ દીઠ પા કલાક વખત ઉમેરવો અને તે છતાં જો કોઇ એહદીનને ગુંચવાડો લાગે તો અનુભવી દસ્તુર કે મોબેદને પૂછી નિવેડો લાવવો.

શાહી રામશની તથા નવજોતની ક્રિયાઓ વિષે મારે કાંઈ બોલવું નથી. એ ક્રિયાઓ ઉપર તો બમણું કે ત્રમણું દામ આપે તો તે બી થોડું છે, જો મરણ પાછળની ક્રિયા માટે બાર આના

આપતા હોય તો નવજોત જેવા ખુશહાલીના હંગામ ઉપર કલાકે બે રૂપ્યા ઓી આપેલા ઘણા ન કહેવાય. લગ્નની ક્રિયા માટે તો આપણાં વડીલોએ પચીસ રૂપ્યા નક્કી કરી આપ્યા છે તે હજી સુધી અપાય છે. તેમજ જો આપણે બીજી ક્રિયાઓ માટે બી દામ નક્કી કરિયે તો ભવિષ્યમાં નકકી કીધેલું દામ અપાતું રહે.

વળી મેં ઉપર કહયું તેમ મોબેદોને ખોટી કરવામાં આવે અથવા લાંબે છેટે બોલાવવામાં આવે તો તેને માટે જુદું દામ આઠ આના લેખે આપવું જોઇએ કારણ કે મોબેદોને ઘણી વખત ખોટી કરવામાં આવે છે, અને લાંબે છેટે બોલાવવામાં આવે છે. મોબેદને જો કોઈ પરેલ કે ગ્રાંટરોડ બોલાવે અને તેણે ક્રિયા ભણતર એક કલાક કીધું હોય તેનાજ તેને ફકત બાર આના આપે તો તેને કેમ પરવડે? તેનો નજદીક એક કલાક તો જાવ આવ કરવામાંજ નિકળી જાય. અને જો ગાડીમાં જાય તો ગાડીભાડું ખરચવું પડે તે ઉપરાંત તેનો અરધો કલાક જાવ આવ કરવામાં જાય. હવે બે ચાર આના ગાડી ભાડાંનો ખરચ કર્યા છતાં અને આવજાવ કરવાના અરધા કલાક ઉપરાંત ક્રિયા કરવા પાછળ એક કલાક રોકવા છતાં તેને ફકત બારજ આના મળે તો તે દામ તદન ઓછું કહેવાય. ગાડી ભાડાંના પૈસા બાદ કરતાં આઠ કે દસ આના રહે તે તેને દોઢ કલાકના મળેલા કહેવાય એટલે કલાકે નજદીક છ આના પડી રહ્યા. હવે જો એમ થાય તો મોબેદો સારી કમાઈ કરી ન શકે. માટે ગાડીભાડું, આવ જા કરવાના તેમજ ખોટીના વખતે તેને આઠ આના લેખે લવાજમ મળવોજ જોઈએ. લવાજમને લગતી એવી ગોઠવણો છતાં બી એક મોબેદ જો પ્રમાણિકપણે ચાલી દર રોજ ચારથી પાંચ કલાક ચાલુ છાતી તોડ મેહનત કરવાને રાજી થાય તોપણ સઘળા બીજા આગળ દર્શાવી ગયલા સંજોગો જોતાં તે દર મહિને સરાસરી પોણોસો રૂપ્યા પેદા કરવાની આશા રાખી શકે.

વખતના પ્રમાણમાં દામ મુકરર કરવાના બાબમાં સવાલ ઉઠાવવામાં આવશે કે ક્રિયા કામ માટે થતા વખત અથવા કલાક તપાસવા કોણ બેસી રહે? તો તેનો જવાબ એ છે કે જે ધણી

ક્રિયા કરાવનાર હોય તેણે તે વખત તપાસવાની કાળજી રાખવી જોઈએ અને ક્રિયા પૂરી થાય ત્યાં સુધી હાજર રહેવાની તેની પોતાની યા તો તેનાં સગાં વાહાલાંઓની ફરજ છે. જે પ્રમાણે ખુશહાલી યાને લગ્ન નવજોતની ક્રિયાઓમાં ઘરધણી પોતે તેમજ સગાંવહાલાંઓ ભાગ લેવાને હાજર થાય છે, તેમ મરણ પાછળની ક્રિયાઓમાં શા માટે હાજર ન રહે? તે ક્રિયાઓમાં મોજમજાહ કે રંગ રાગ કરવાના નહિ હોવાથી ત્યાં હાજર રહેવાને તેઓ અખાડા કરે છે? કદાચ ધણી પોતે કોઈ અડચણને સબબે હાજર થઈ ન શકે પણ પોતાનાં કોઈબી સગાં વહાલાંઓને તો હાજર રાખી શકે. મારાં આગળાં પ્રકરણમાં મેં જણાવ્યું છે તેમ ઘરધણી અને તેનાં કુટુંબની ક્રિયાઓ ગુજર પામેલાંઓના ફાયદા કરતાં જીવતાંઓના ફાયદા માટે વધુ અગત્ય ધરાવે છે. હાલ ઘણાએક પારસીઓ બાવરચીખાનાને, યા બાવરચીઓને યા મોબેદોને ક્રિયાઓ સોંપી અલગ થઈ જાય છે. એ રૂઢી ઘણીજ ધિક્કારવા જોગ છે. એ પ્રમાણે ક્રિયાઓ કરાવેલી હાંસીકારક અને વગર અર્થની છે. એ પ્રમાણે ક્રિયાઓ ન થયલીજ ભલી. કોઈબી સુધરેલી કોમમાં એટલી હદ સુધી બેદરકારી જોવામાં આવે નહિ. માટે એ બેહુદી રૂઢી જેમ બને તેમ ઉતાવળે નાબૂદ થવી જોઇએ. પૈસા ખરચી ફકત અંગો ઉતારવા કરતાં ક્રિયાઓનો ખરો હેતુ તપાસી તેમનો ખરો ફાયદો હાસલ કરવાની હમેશાં નેમ રાખવી. જીવતાંઓએ ગુજર પામેલાંઓ તરફ અને ખુદા તરફ એ ક્રિયાઓ મારફતે ખરી દાજ, ખરી લાગણી, ખરી વફાદારી, અને ખરૂં ગુણગારાપણું દેખાડવાની નેમ રાખવી અને ક્રિયા કામ થતું હોય તે દરમિયાન તેમાં હાજર રહી પોતાને માટે તેમજ ગુજરેલાં વહાલાંઓનાં રવાનો અને ફરોહરો માટે તે ખાવિંદની હજુરમાં બંદગી અને અરજ ગુજારવી તથા યાદમાંજ સઘળું મન તથા ધ્યાન રોકી નાખી મશગુલ રહેવું. આ પ્રમાણે ઘટતી રીતે ક્રિયા કરાવવામાં આવે તો ક્રિયા કરાવનાર ધણીને તેમજ બીજાં આસપાસનાં સગાં વહાલાંઓને ક્રિયાનો ખરો ફાયદો મળે એટલુંજ નહિ

પણ જે મોબેદોથી ગથળમથળ થવાની જે ફરિયાદો વારંવાર થાય છે તે ફરિયાદોનો અંત આવે. જો બેહદીનો હાજર રહે તો મોબેદોને કોઇબી રીતની અણઘટતી નઠારી લાલચ થાય નહિ અને ક્રિયાઓ સંપૂર્ણ રીતે થવા પામે.

વળી એ પ્રમાણે હાજર રહેવાથી એક બીજી ફરિયાદ દૂર થઈ શકશે. તે ફરિયાદ એ છે કે કેટલાક પંથકીઓ સારૂં પેદા કરે પણ પરચુટણયાઓ જેઓ ખરી મેહનત કરી પૈસો પેદા કરેછે તેઓ કામ વગર રવડતા ફરેછે અને તેઓને ગુજરાન ચલાવવું મુસ્કેલ પડે છે. હું કહું છું તેમ જો બેહદીનો દરેક ક્રિયા કામ ચોક્કસ રીતે કરાવવાની કાળજી ધરાવતા થાય તો આ ફરિયાદ પણ દૂર થાય અને એ પરચુટણયા કામ કરનારા મોબેદોને સારૂં દામ મળતું થાય અને તેઓનો ગુજારો ચાલતો રહે. હું તો કહું છું કે જો દરેક ધણી પોતાને ત્યાંની ક્રિયા પાછળ કાળજી ધરાવી તે ક્રિયા સંપૂર્ણ રીતે કરાવવાની તજવીજો રાખે તો કદાચ ક્રિયા કામો એટલાં વધી પડે કે બીજા મોબેદોની જરૂર પડવાથી જેમ જેમ મોબેદો માટેની માગણી વધતાં તેઓની કમાણીમાં વધારો થતો રહે તેમ તેમ નવા મોબેદો તેમાં પોતાની મેળે જોડાવાને રાજી થાય.

એમ માની લઇએ કે જો ક્રિયાકામો ચોક્કસાઇથી કરાવવામાં આવે તો મોબેદો ખુટી પડે અને બધા બેહદીનોનાં કામોને પૂગી વળવાને તેમનાથી ન બને. એવો સમય કદાચ આવેબી તો બેહદીનોએ પોતાને ત્યાંની ક્રિયા વારાફરતી કરાવવી અથવા ઘણી કરાવતા હોય તો ઓછી કરાવવી યાતો સાથે મળીને કરાવવી. હાલમાં ઘણાક લોકો એક આફ્રીનગાન યા જશન સાથે મળી કરાવે છે અને એકજ આફ્રીનગાનમાં જુદાં જુદાં કુટુંબોને ત્યાંના નામો દેવાય છે અને તે માટે સાથે મળી ભાગે પરતો ખરચ કરવામાં આવે છે. એ પ્રમાણે કરવામાં કાંઇબી ખોટું નથી પણ ઓર તે એક લાયક કામ છે. એવી રીતે સાથે હલી મળી સઘળાંઓ એક બીજાંના ખેશીઓ યા સગાં ભાઇ બહેનો હોય

તેમ કોઈની ક્રિયા સાથે કરાવી તેમાં સામેલ રહેતો, એકયતા, એકદિલી, અને દિલસૂઝી વધવાનુ સાધન થઇ પડે. ક્રિયાઓ જુદી જુદી કરાવી અને ઘણી ઘણી કરાવી હોય પણ તે ક્રિયાઓ અઠડતી લઠડતી થતી હોય તો તેમાં ફસું સવાબ મેળવવાની આશા રાખવી ફોકટ છે. બધી ક્રિયાઓ થઇ ચુકી અને થાય છે એવા ખોટા ખોટા સધ્યારા મેળવવામાં અને આંખ મિચામણાં કરવામાં ઉળટો ગુનાહ છે. અગર જો કોઇ બેહદીન પોતાના પંથકી કે મોબેદને વરતાવવા ખાતર આંખમિચામણા કરતા હોય તો તેઓને એમ કરવું સજાવાર નથી. જો પોતાના પંથકી કે મોબેદને વરતાવવાજ ચાહતા હોય તો તેઓને સર અવસરે જેટલી જોઇએ તેટલી આશોદાદ સીધી રીતે આપીને ખુશ કરવાનું કામ બેહતર છે. આતશબેહરામો તથા અગિયારીઓના મુતવલીઓ, મુખીઓ અને બીજા લાગતા વળગતાઓએ પણ એવો અભખરો યા ઈચ્છા ન રાખવી જોઇએ કે તેઓનાં મકાનોમા કામો ગમે તેવાં પણ ઘણાં થતાં રહે અને મોબેદોની વસ્તી ઝાઝી રહે. એ પ્રમાણે ઈચ્છા રાખવા કરતાં એવી ખાહેશ રાખવી જોઇએ કે તેઓનાં પવિત્ર મકાનોમાં ગડબડ ઘોંટાળા ન ચાલે અને કામ ઠોડું પણ સંપૂર્ણ રીતે કાએદેસર થવા પામે તથા ગમે તો મોબેદો થોડા વસે પણ તેઓ લાયક અને આબરૂદાર હોય. એ મુતવલીઓ અને મુખીઓએ પૈસાની ખેંચતાણ ન કરતાં પૈસાની છુટ મુકી મોબેદોપાસ ચોક્કસ કામ લેવાની નેમ રાખવી અને નહિ કે મકાનોનાં ફંડોના વધારા તરફજ નેગાહ રાખી તેનેજ વધારવાની તજવીજ કરતા રહેવું.

હાલમાં આતશબેહરામો અને અગિયારીઓ બાંધવાની અને બંધાવવાની હજી કેટલાકો હોંસ અને ઉલટ ધરાવે છે અને તેમ કરવામાં સવાબ ગણે છે. પણ ખરૂં જોતાં હાલમાં આતશ બેહરામો તથા અગિયારીઓ પુરતાં છે, માટે એવાં બીજાં નવાં મકાનો બાંધવાની કે બંધાવવાની બિલકુલ જરૂર નથી. જેની ખરી અને ઘણી જરૂર છે તે આપણાં મોજૂદ આતશબેહરામો તથા અગિયારીઓમો

વહિવટ અને કારોબાર શુધારવાની અને તેઓને સારા પાયા ઉપર મુકી સારા બંદોબસ્તમાં રાખવાની છે.

આતશબેહરામો તથા અગિયારીઓના મુતવલીઓ યા મુખીઓએ, દસ્તુર દાવરોએ, કોમના આગેવાનોએ, કોમની દાઝ ધરાવનારાંઓએ સાથે મળી એવા ઠરાવો અને બંદોબસ્તો કરવા જોઈએ કે જેથી કરીને અથોરનાન વર્ગની અને આતશબેહરામો અને અગિયારીઓની બેહુતરી થાય અને તેવા ઠરાવો છતાં જો કોઈ અથોરનાનો તકસીરવાર ઠરે તો તેઓની તકસીરનાં પ્રમાણમાં થોડી મુદત સુધી પારસી કુટુંબોમાં તેમજ આતશબેહરામો અને અગિયારીઓમાં ક્રિયા કામ કરતા અથવા રેહઠાણ કરતા અટકાવવા. હાલના વખતમાં કોઇ પારસી કુટુંબમાં યા કોઇ આતશબેહરામ કે અગિયારીની અંદર કોઇ મોબેદ ખરાબ ચાલ ચલાવે છે અને તેને તે કુટુંબમાંથી યા તે આતશબેહરામ કે અગિયારીમાંથી દુર કરવામાં આવે છે તો તેને બીજાં મકાનવાલાઓ અથવા બીજાં પારસી કુટુંબો અણુજાણપણે યા જાણીજોઇને બી આવકાર દઇ બોલાવે છે. આથી કરીને મોબેદોપર જેવો જોઇએ તેવો અંકુશ રાખી શકાતો નથી. માટે એવો બંદોબસ્ત થવો જોઇએ કે ગેરવર્તણુક માટે કોઇબી આતશબેહરામ યા અગિયારીમાંથી યા કોઇબી પારસી કુટુંબમાંથી બરતરફ થયલો મોબેદ થોડી કે લાંબી મુદ્દત સુધી બીજે કેઠેબી આવકાર યા કામ મેળવી શકે નહિ. જો તે કોઈ બીજાં મકાનમાં જવા માગે તો હાલમા જેમ સ્કૂલો તથા કોલેજોના મુતવલીઓ સારી ચાલચલણની સરટીફિકેટ માગે છે અને તે જોવા પછીજ વિધ્યાર્થીને પોતાની સ્કૂલ યા કોલેજમાં દાખલ કરે છે તેમ આતશબેહરામ તથા અગિયારીઓના મુતવલીઓએ બી બંદોબસ્ત કરવો જોઇએ, કે જેથી કરીને મોબેદોપર કાબૂ રાખવાને અને તેમને આડે માર્ગે જતા અટકાવવાને બની શકે.

વળી એક બીજી બાબદ જે ધ્યાનમાં લેવાની છે તેએ કે બેહદીનો જે જે કામો પોતાના મોબેદો પાસે જે જે મકાનોમાં કરવા કરાવવા ચાહતા હોય તે તે મકાનોના દસ્તુરો યા મુખીઓને તે કામોની વિગતો, જેવી કે મોબેદનું નામ, ક્રિયાનું નામ તથા મોબેદને

આપવા ઠેરવેલું દામ વગેરે બીનાઓ આગમજથી આપવાની જરૂર છે કે જે ઉપરથી તેઓ મકાનમાં તપાસ રાખી શકે. હાલના ગડબડ ઘોંટાળામાં બેહદીનોની રીત એ છે કે આઈતી વખતે ક્રિયા કરવાને દિવસેજ આવીને દસ્તુરો અને બેહદીનોથી પુછપરછ કરવા મંડી જાય છે અથવા તો બીજા પારકા મોબેદોથી ખબર કાઢવા બેસે છે. પણ એ રીત તદન ખોટી છે. જો આગમજથી ચેતાવવામાં આવે નહિ અને આઈતી વખતે પૂછવામાં આવે તો તેઓને કેમ અને કેવો જવાબ મળી શકે અને દસ્તુરો અથવા મુખીઓ કેવી રીતે જોખમદાર ઠરી શકે. માટે જો કામ ચોક્કસજ કરાવવું હોય તો આતશબેહરામો અથવા અગિયારીઓના મુખીઓને પુરતું દામ આપી કામ સોંપવું યા જો પોતાના પંથકીને સોંપે તોતે મુખીઓને આગમજથી બધી વિગતોથી વાકેફગાર કરવા.

વળી આતશબેહરામો અને અગિયારીઓના પંથકીઓ અને મોબેદોએ પોતપોતામાં કેટલોક બંદોબસ્ત કરવો જોઇએ છે અને તેમાં મુખ્ય એ છે કે જે બેહદીનો અને જે મોબેદો આડી ચાલ ચલાવતા હોય યા કમાર્ગે જતા જણાય તેઓની સાથે તેઓની તકસીરનાં પ્રમાણમાં ઘણી યા થોડી મુદત સુધી બિલકુલ સંબંધ રાખવો નહિ અને તેમનું કામ કરવું નહિ. જે મોબેદો બેહદીનોને ત્યાં બાવરચીને લગતાં કામો કરે, તેડાં વાળા તરીકે અથવા એવાં બીજાં ધર્મગુરૂને ન છાજતાં હલકાં કામો બજાવે તેઓ સાથ કામકાજનો વેહવાર રાખો ભેળાવું યા શામેલ થવું નહિ.

આવા ઠરાવો અને આવા બંદોબસ્તો આતશબેહરામો તથા અગિયારીઓના મુતવલીઓ, મુખીઓ, દસ્તુરો, મોબેદો અને પંથકીઓએ સાથે મળીને કરવાની પેહલી અગત્ય છે. એવા ઠરાવોથી, એવા બંદોબસ્તોથી એક મેક સાથે મળી ભેટી, એક મેકનો માન મરતબો જાળવવાથી તેઓની જેટલી નામના વધશે અને જેટલો ફાયદો હાસલ થશે તેટલો ફાયદો કે નામના એકમેકના કામમાં માથાં મારી એકમેકને ઉતારી પાડવાની તજવીજથી "હું વડો કે તું વડો?" "મારો હક કે તારો હક?" "હું કોણ, તું

કોણુ ?" "હુ તો માલેક મેનેજર ને તું તો મંથકી," "હું તો ભગરિયો તું કરકરિયો પેલો તો ગોદાવરો ઓલો તો ઉડવાડિયો-" "તારૂ ભણેલું હું નહિ ખાઉં" "મારૂં કીધેલું તું નહિ કબૂલ કરે," "મારી સાથે તું પદાન નહિ બાંધે" "તારી સાથે હું ક્રિયા નહિ કરૂં" વગેરેની ખોટી અને ફોકટની હોજાતોજી, તાનાજની, મારામારી, ફેસતા ફજેતી કરવાથી કાંઇપણ હાસલ થનાર નથી તે નકકીજ માનવું.

નેક હમદીનો !—સેવટે એક વાર ફરીથી તમોને કહેવાની રજા લઉં છું કે આ વિષયમાં દર્શાવેલી સઘળી બાબદો ખરી બનેલી હકીકતોના અનુભવ, અવલોન તથા અભ્યાસની મારફતે મેળવી છે અને તે બાબદો કોઈની બી પક્ષ ખેંચવા વગર, તેમજ કોઇને દુઃખ યા ડંખ દેવાની મતલબ વગર તમો સનમુખ તેમના ખરા આકારમાં રજૂ કરવામાં આવી છે કે જેથી કરીને એ બાબદોનો તોડ કાઢી આપણી કોમનું ભલું કરનારો કોઇ સાચો માર્ગ તમો અખત્યાર કરો. એ બાબદો હાર પાડવા માટે મારી નાકેશ શકિત મુજબ જરથોસ્તી આલમ હજૂર મેં એક અદના યોજના રજૂ કરીને એક દસ્તુર તરીકેની મારી ફરજ અદા કરવાની કમજોર કોશેસ કીધી છે. એ યોજનામાં સુધારા વધારા કરવાનું અને અમલમાં મેલવાનું કામ જરથોસ્તી કોમનું છે. જરથોસ્તી કોમના આગેવાનોને, જરથોસ્તી કોમના આગેવાન મંડળોને, જરથોસ્તી કોમના હિતેચ્છુઓને, દસ્તુરો તથા દાવરોને નમનતાઈ પૂર્વક અરજ ગુજારૂં છું કે આ વિષયની બાબદોં ઉપર ધ્યાન પોહોંચાડે, આ રજૂ કીધેલી યોજનામાં ઉપયોગી સુધારા કે વધારા કરવા ઘટે તો તે કરીને એને હાર પાડે. જેબી સાહેબો કે બાનૂઓ એ બાબદમાં મારી સાથ મશવરત કરવાને અને મારી મદદ લઇ આગળ પગલાં ભરવાને ઇચ્છાતાં હોય તેઓની સેવામાં હાજર થવાને હું દેલો જાનથી ખુશી થઇશ.

આ પુસ્તકમાં દર્શાવેલી સઘળી ગેરસમજુતિઓ અને ગેરરીતિઓ ઉપર ભૂતકાળમાં ઘણું બોલાયું હશે અને હવે પછી પણ ઘણું

બોલાશે પણ એક દસ્તુરની નજરે જોતાં પારસીઓમાં શું શું ગેરસમજુતિઓ તથા ગેરરીતિઓ ચાલેછે તે મારા હમદીનોને મારાં અવલોકન, અનુભવ, અને અભ્યાસની મદદથી દેખાડી આપવાની મારી આઈન ફરજ સમજું છું. આટલું ધ્યાનમાં રાખવું કે કેટલીક વખતે એક દસ્તુર પોતાના ધંધાની રૂએ પોતાના અનુભવ, અવલોકન તથા અભ્યાસની મારફતે જે જે ખામીઓ જોઈ શકે છે તે તે ખામીઓ બીજાંઓની નજરે કવચિતજ પડી શકે છે. અલબત્તા એક દસ્તુર ખામીઓ, ગેરસમજૂતિઓ, અને ગેરરીતિઓ જોઈ તથા જાણી શકે છે ખરા અને તે માટેના ઇલાજો તથા સુધારાઓ પણ સૂચવી શકે પણ તે ઇલાજો અને સુધારાઓ અમલમાં મુકવા તે કાંઈ એકલા દસ્તુરથીજ બની શકે એમ તો કોઈબી માની યા કહી શકે નહિ. સુધારાઓ અને સુચનાઓ અમલમાં મુકવા માટે શું દસ્તુર કે શું દેશાઈ, શું રાજા કે રઈયત, શું સર કે શેઠિયા; એ દરેકને આમ લોકની અરસ પરસની મશવરત, મસ્લહત અને મદદની મોટી જરૂર રહે છે.

આજ લાંબી મુદત થઇ હું જોઇતી જરૂરની સૂચનાઓ કરતો રહયો છું. મારા સુચવેલા સુધારાઓની અગત્ય પણ કબૂલ રખાતી આવી છે. મારા એ સુધારાઓને લગતી યોજનાઓ અમલમાં મુકવા માટે જરથોશ્તી આલમને, જરથોશ્તી અકાબરોને, જરથોશ્તી મંડળોને તથા જરથોશ્તી સોસાયટીઓને હું એપીલ કરતો રહયો છું. પણ આજ દિન સુધી એ મારી સુચનાઓ સુચનાઓ તરીકેજ રહી ગઇ છે અને કદાચ હમેશ સુધી તેમજ રેહેશે. હવે જ્યારે જરથોશ્તી કોમમાં આટલી બધી હદ સુધી સુસ્તી અને બેદરકારી અને તે બી ઘણાજ અગત્યના સવાલો બાબેની બેદરકારી પ્રસાર પામી રહી છે ત્યારે વારે ઘડિયે બનતી જોગવાઇએ દસ્તુરોને તથા શિખેલા તેમજ બીન કેળવાયલા ધર્મગુરૂઓને જરા જરામાં વચ્ચે લાવી હોવ હેવા એ સમજૂ માણસોની નજરમાં તદન ગેરવાજબી અને વાહિયાત વેહેમ સમાન છે એટલુંજ નહિ પણ દસ્તુર-દાવરો

અને મોબેદોની નિંદા કરવા સમાન, અને તે નિંદામાં મોજ મજાહ મોટાઈ અને ઉકમાઇ લેવા જેવું કામ છે.

આપણી કોમમાં કેટલાક એવા આસામીઓ, કેટલાંક એવાં મંડળો અને કેટલીક એવી સોસાયટીઓ હસ્તી ધરાવે છે કે જેઓ માહેલાં કેટલાંક ખરો, અવ્વલ જરથોશ્તી મજહબ, ખરી અવ્વલ જરથોશ્તી રાહ રસમોને બાજૂએ મુકવાની, પછાત રાખવાની કોશેસ કરી, બુધિસ્ત, કે હિંદુ વેહેંજાંઓ અને ધખારાઓ આપણાં લોકોમાં પેવસ કરવાની તજવીજો ચલાવતા રહે છે; જ્યારે બીજા કેટલાક આસામીઓ અને કેટલાંક મંડળો પારસી જરથોશ્તીમાં ખપી તથા ખપવા માગી અંદર ખાનેથી અધર્મીપણું, નાસ્તિકપણું, યા તો ખ્રીસ્તી યુરોપિયન ધર્મને લગતી રાહ રસમ, જે આપણને, આપણા ધર્મ તથા સંસારને ન છાજતી, તે અખત્યાર કરી તેને હાલના જમાનાના સુધારાની ઉપમાં આપી જરથોશ્તીઓને ખોટે રસ્તે દોરવવાની અછાડ પછાડ કરી રહ્યા છે. આ ઉપલા બંને બાહેરના દેખાવ કરનારા નામના જરથોશ્તી પારસીઓ જો તેઓની ઉપર વર્ણવેલી બુધિસ્ત યા હિંદુ વળાણ યા નાસ્તિક બધર્મી કે ખ્રિસ્તી યુરોપિયન ધોરણ અખત્યાર ન કરતાં ખરૂં જરથોશ્તીપણું સમજી તથા સમજાવી આપણી કોમને ખરી જરથોશ્તી કોમ બનાવવામાં પોતાનાં મન, તન અને ધનને રોકે તો ખરેખર તેઓ અશો અહુરમજદના તેમજ સાચાં જરથોસ્તીઓના તથા તેમની આલ ઓલાદના આશીષને લાયક થાય અને તેવા આશીષ તેઓ હંમેશાં પામતા રહે.

જરથોશ્તી જુદદીન લગ્નનો સવાલ, તેની જરથોશ્તી ધર્મની રૂએ તપાસ.

આપણી કોમમાં વારંવાર ઉભરી નીકળી ચર્ચા પામતા અનેક સવાલો વચ્ચે જરથોસ્તી જુદદીન લગ્નના સવાલે હમણાં હમણાં આપણા લોકમાં એકથી વધુ વેળાએ અસાધારણ ખળભળાટ મચાવી મેલ્યો છે, અને આપણા ટોળાના મોટા તથા ઘડખમ ભાગની ચિવટ તિક્ષણ લાગણી ઉપર નિગાહ કરતાં હું સંતોષ પૂર્વક આશા રાખી શકું છું કે જરથોસ્તી જુદદીન લગ્ન વિરૂદ્ધનો અણગમો, કહો કે તિરસ્કાર, આપણી કોમના સમજુ ભાગમાં લાંબો વખત બલકે હમેશ સુધી કાયમ રહેશે.

એવાં લગ્નો આપણી કોમ વચ્ચે જાએજ થાય તો આપણા પરાધિન થઈ પડેલા મુઠ્ઠીભર ટોળાને કેટલું બધું ખમવું પડે તે આપણી કોમનો દાના અને દૂરઅંદેશ વર્ગ સારી પેઠે સમજતો રહ્યો છે. જુદદીન સ્ત્રી કે પુરૂષ સાથના કાએદેસરના યા કાએદા વિરૂદ્ધના એટલે અનીતિમાન સંબંધો તરફ પારસી પ્રજા મત એક કોમ તરીકે વિરૂદ્ધ થતું આવ્યું છે. આજથી અરધી સદીની બાત ઉપર પણ પારસી અંજુમને તે સામે સખ્ત અણગમો દેખાડયો હતો, જે અણગમો, મને જણાવવાને ખુશાલી ઉપજે છે કે હજી સુધી જારીજ રહ્યો છે અને વળી ચાલુ દાયકા દરમિયાન ફરી ફરીથી પ્રગટી નિકળયો છે. એવા નુકસાનકારક સંબંધો તરફ આગળ કરતાં હાલમાં વધુ અણગમો જોવામાં આવે છે. માટે આપણી કોમની આજ કાલ થઈ પડેલી કાંઈપણ અંકુશ વગરની સ્થિતિ વચ્ચે એવા નુકસાનકારક સંબંધને કેટલીક વખતે લઈ ચલા-

વામાં આવે છે તે સંબંધ એક રેવાજ તરીકે સદંતર બંધ પડવો જોઈએ. અને ચાહવું ખુદાનું છે તો ચંદરોજમાં, થોડાંક વર્ષોમાં આપણે ઘટતા બંદોબસ્તોથી તે બંધ પાડી શકીશું. એવાં કોઇ લગ્નોના, યા એવા કોઇ અઘટિત પાપી સંબંધથી પેદા થયલી ઓલાદને આપણી દીનમાં લેવાના કોઇ કદાચ બનતા દાખલા ઉપરથી કેટલાક કહેવાતા આગળ વધેલા વિચારના પારસીઓ એવાં લગ્નની હિમાયતમાં તેવા દાખલાને એક રેવાજ તરીકે આગળ રજૂ કરવાની જે હિમ્મત કરેછે, તેમાં કેટલું વજૂદ સમાયલું છે તે દૂરઅંદેશો સારી પેઠે સમજે છે.

ગયાં ૧૯૧૦ ના સાલમાં નામદાર વાઈસરોયની ધારાસભાના એક બંગાલી સભાસદ આનરેબલ મી૦ ભુપેંદ્રનાથ બાસુએ વડી ધારાસભામાં "સીવીલ મેરેજ બીલ" દાખલ કર્યું. તે બીલ જો કાએદા તરીકે પસાર થાય તો પારસી કોમ ઉપર કેવી માઠી અસર થવા પામે તે વખતસર ચેતી જઈને તે બીલની વિરૂદ્ધમાં પોતાનો અભીપ્રાય દરશાવવાને તા૦ ૨૩ મી નવેમબર ૧૯૧૧ ને દિને સાંજના પારસી જરથોસ્તી કોમની એક જાહેર સભા ફરામજી કાવશજી ઇન્સ્ટીટયુશનના કુશાદે હોલમાં મળી હતી. તે વેળાએ લોકોની ભેગી મળેલી ગંજાવર ઠઠ, કોમની તથા દીનની દાઝ હૈડે ધરાવનારા દીનદાર જરથોસ્તીઓએ તે બીલની વિરૂદ્ધમાં કીધેલાં મુસ્તકીમ દલીલો સાથનાં જુસ્સાદાર ભાષણો ઉપરથી અને તેમને તેવાજ જુસ્સાથી સભાસદોએ આપેલા ટેકાઓ ઉપરથી એવાં જુદદીન સાથનાં લગ્નો યા જુદદીન સાથના એવા અનીતિમાન સંબંધો વિરૂદ્ધ લગભગ સમસ્ત જરથોસ્તી કોમની તિરસ્કારભરી લાગણી સ્પષ્ટ જાહેર થઈ હતી.

આપણુ પારસીઓએ તેમજ હિંદસર જમીનની બીજી દેશી કોમોએ બાસુ બીલની વિરૂદ્ધમાં ઉઠાવેલા પોકારની અસરથી તે અળખામણું બીલ પસાર થવા પામ્યું નથી તે માટે ખરેજ આપણને તે પાક દાદાર અહુરમજદની શુક્ર ગુજારી કરવી સજાવાર છે. કારણ કે એવો નુકસાનકારક કાએદો પસાર થવાથી પારસી

કોમ મધે નજદીકનાં કે દુરનાં ભવિષ્યમાં કેવી ખરાબી અને પાયેમાલી ઘર ઘાળી બેસતે તેનો ખિયાલ કરવો મુશકેલ છે, બલકે તેવો ખિયાલ કરવા જતાંજ ધુજરાં અને કમકમાટ છુટે છે. તેટલા માટે જરથોશ્તી–જુદદીન લગનની યા જરથોશ્તી–જુદદીન સંબંધની બાબદ ઉપર અત્રે કાંઇ પણ નવું વિવેચન ન કરતાં, મજકુર સભામાં એ બીલની વિરૂદ્ધ જે પેહેલો ઠરાવ રજૂ કરવાંનું માન મને મળયું હતું તે ઠરાવના ટેકામાં મેં દર્શાવેલા વિચારો તથા ઉચ્ચારેલા શબ્દો એક બીજે રૂપે કાંઇક વધારા સહિત અત્રે ફરીથી રજૂ કરૂં છું.

મજકુર બીલના સંબંધમાં ચાલેલી ચર્ચા વેળાએ, હંમેશ બને છે તેમ, આપણી કોમ બે પક્ષોમાં વહેંચાઇ ગઇ હતી. તેમાં નાનો પક્ષ જે પોતાના જાતી દાખલા વચનો અને વિવેચનો ઉપરથી કોમની રેહબરી કરવાનો ફાંકો રાખીને પોતાને બહુજ આગળ વધેલા અને સુધરેલા વિચારનો જણાવી કોમને ગોયા નાબૂદગી અને તારાજીના ખરાબા ઉપર ખેંચી જવાનોજ પેશો લઇ બેઠેલો દેખાય છે, તે પક્ષે એ બીલની હિમાયતમાં, તકરાર દરમિયાન કેટલીક મીઠી મીઠી અને લલચાવનારી દલીલો આણી હતી. પણ એ કહેવાતા કેળવાયલા અને આગળ વધેલા વિચારના સુધરેલા પક્ષની દલીલોનું તકલીદીપણું રાસ્તીની રોશની આગળ જમીન દોસ્ત થઈ ગયું. કારણ કે તેજ વખતે ઉપર જણાવેલી સભામાં તેમજ તેની બાહેર જરથોસ્તી કોમના બુજોર્ગ, અનુભવી અને દુરઅંદેશ આસામીઓથી બનેલા, તેજ પ્રમાણે ખરી અને ખડખમ કેળવણી પામેલા જવાનોથી બનેલા વર્ગોએ અને પારસી છાપાએ અનેક વિવેચનો, લખાણો, ભાષણો તથા તકરારો મારફતે દેખાડી આપ્યું કે ઓનરેબલ મી૦ બાસુનું "સીવીલ મેરેજ બીલ" અથવા તેવી મતલબનો કોઇ કાએદો પસાર થવાથી અને તે પારસી કોમને લાગુ પાડવાથી આપણી બરહક્ક દીનને આપણી ધાર્મિક રાહરસમોને, આમણા સંસાર વ્યવહારને મોટામાં મોટો ધોકો પહોંચે. એ વિવેચનો, લખાણો તથા ભાષણોમાં સમાયલી

દલીલો અને સાહેદતો એટલી તો મુસ્તકીમ હતી કે દરેક સાચો અને સમજુ જરથોશ્તી જોઈ શકયો કે, કહેવાતી સુધરેલી, કેળવાયલી પક્ષની તકરાર માત્ર સુખુનપરવરીનો ઠાલી બકબકારોજ હતો. એ ચર્ચા દરમિયાન એ સુધરેલા કહેવાતા પક્ષના નાના સરખા અપવાદ સિવાયે, તમામ જરથોશ્તી કોમની તે વખતથીજ ખાતરી થઇ ચુકી કે એવું એક બીલ પસાર કરવામાં આવે તો તેથી હિંદુસ્થાનમાં વસતી સઘળી કોમો માહેલી જે કોમને નહિ દુરૂસ્ત થાય એવું (irreparable) નુકસાન ખમવું પડે તે પારસી જરથોશ્તી કોમ છે. મારૂં અદના મત પણ એજ છે અને તેનાં અનેક કારણો છે, જે સઘળાં કારણો અત્રે વિસ્તારીને લંબાણથી દર્શાવવાની જરૂર નથી. મારે માત્ર એટલુંજ કહેવું છે કે બાસુ બીલમાં સમાયલી મતલબ તપાસતાં તેવું બીલ આપણી દીનનાં ફરમાનો, તરીકાઓ અને રાહ રસમની સદંતર આડે આવે છે, અને એવાં એક બીલને પસાર થતું અટકાવવાના અનેક કારણોમાં સૌથી મુખ્ય કારણ પણ એજ હતું. કારણ કે સૌ કોઇ જાણે છે તેમ બાસુબીલની મકસદ એવો એક કાએદો પસાર કરાવવાની હતી કે જેની રૂએ એકમેકથી જુદા ધર્મો પાળનારાં સ્ત્રી-પુરૂષો કોઈબી ધર્મને લગતી ક્રિયામાંથી પસાર થવા વગર એકમેકને થોડાક શબ્દો કહી સંભળાવી અને અરસપરસ વફાદારીના કોલ આપીને કાએદેસર પરણેલાં જોડાં તરીકે મુકરર થઈ શકે અને પોતાનો બાપિકો ધર્મ પાળતાં રહીને કાએદેસર ધાર્મિક ક્રિયાથી થયલાં લગનોના સઘળા હકો ભોગવી શકે. હવે, આપણા બાપિકા બુલંદ જરથોશ્તી મજહબની રૂએ તપાસતાં અને આપણી બરહકક દીનનાં ફરમાનો ઉપર નિગાહ કરતાં એવી કિસમનાં લગનો બિલકુલ ના રવા છે. જરથોશ્તી મરદ યા ઓરતને જુદદીન સાથ શાદીના ગાંઠથી જોડાવાની મનાઈ છે જે મનાઈ વંદીદાદની અઢારમી પરગરદના નીચે ટાંકેલા ફકરા ઉપરથી ખુલ્લી રીતે માલૂમ પડી આવે છેઃ—"થ્વામ થીમ અહુરેમ મજદાંમ મજિશ્ત ત્બએષ્યઇતિ, યો ઝ્હુદ્રાઓ હાંમ રએથ્વયેઇતી દહમનામ, અદહમનાંમચ, દ્એવયસ્નનાંમ અદએવયસ્નનાંમચ."

આ ફકરો ખુલ્લેખુલ્લું દેખાડી આપે છે કે કોઇપણ જરથોશ્તી મજદયસ્નાને જુદદીન સાથનાં લગ્નથી બંધાતા ઘાડા સંબંધ યા સમાગમમાં આવવું ન જોઇએ. બેશક એ ફરમાન અત્યંત એતેબર છે અને તે સાથ જરથોસ્તી દીનની "સ્પીરીટ" અને કાનૂનને બંધ બેસતું છે, કારણ કે એવા બાધ એવી મનાઇને સબબેજ પવિત્રાઇ, પાકીજગી અને પરહેજગારીને લગતો જરથોશ્તી દીનનો તરીકો હજારો હાદેસાઓ અને ઉઠળ પાઠળો વચ્ચે આજ દિન સુધી વધતો ઓછો જળવાઈ રહયો છે. જરથોશ્તી ધર્મમાં અશોઇ, પાકીજગી અને પરહેજગારીના સંબંધમાં જેવાં ઉમદા અને નાદર ફરમાનો મળી આવે છે તેવાં ફરમાનો બીજી કોઈ બી દીન યા કોમમાંથી મળી આવવાં મહાલ છે, તેટલા વાસ્તે, જો કોઇ જરથોસ્તી કોઈ જુદદીન સાથ પરણીને તેના સાથ લગ્નનો સંબંધ યા સમાગમ મોત તુલિક જારી રાખે તો તે જરથોશ્તીને પોતાની દીનમાં ફરમાવેલો પાકીજગી, પરહેજગારી વગેરેનો તરીકો અમલમાં મુકતાં ઘણી ઘણી અગવડો તથા મુશ્કેલીઓ વેઠવી પડે, બલકે તે તેને અશકયજ થઇ પડે. એટલુંજ નહિ પણ, તેવા કોઈ જરથોશ્તીના ખેશકુટુંબીઓને તથા જરથોશ્તી આંડોશી પાડોશીઓને પણ એ બાબદમાં તેનીજ મિસાલે હાડમારી અને અગવડમાંજ હરદમ વખત ગુજારવો પડે. દાખલા તરીકે, ધારો કે એવાં લગ્ન કાએદેસરનાં ઠરે અને તેની રૂએ એક જરથોશ્તી કોઇ જુદદીન ઓરતને પરણીને પોતાનાં કુટુંબમાં લાવી વસાવે. હવે તે કુટુંબમાં તેમજ ઉપર નીચેના માળો ઉપર વસતાં જરથોસ્તી ભરભાડુતોમાં પોતાનાં ગુજરેલાંઓના બાજરોજગાર વગેરે મરણ ક્રિયાઓ ઘરમાંજ કરાવવાનો કોઈ જરથોશ્તીઓનો વિચાર યા ઇરાડો હોય તો તેવા પ્રસંગો ઉપર ઘરમાં એક જુદદીન ઓરતની હાજરી કેટલી બધી અગવડ ભરી થઈ પડે? એ પ્રસંગો ઉપર, તેજ પ્રમાણે કુટુંબમાં કે ભરભાડુતોમાં કોઇનું ગુજરવું થાય ત્યારે તેવી ઓરતને ઘરમાંથી સદંતર દૂર કરવી પડે અને તેટલો વખત તેણીને રાખવા માટે કોઈ બીજું મકાન ન હોય તો બારે શરમિંદગી અને

અહેરાન ગતી ખમવી પડે. વળી એવે પ્રસંગે કોઈ ફાંટાહાર બદ ખસ્લત જુદદીન ઓરત હરેક બહાને ઘરમાંથી બાહેર નિકળવાને હુજજતથી ના પાડે તો તેણીને સમજાવીને યા તો જબરીથી પણ ઘરથી દૂર કરવી પડે. એ ઉપરથી જણાશે કે જરથોસ્તી-જુદદીન લગન જરથોસ્તી કુટુંબમાં, તથા જરથોસ્તી આડોશી પાડોશીઓ વચ્ચે અઠડાઅઠડી, કુસંપ અને કડવાસનું પીડાકારક કારણ થઈ પડવું જોઇએ.

વળી, આપણુ સર્વે જાણિયે છિયે કે એશિયા ખંડમાં તેમાં અકસર કરીને આપણી આસપાસ હિંદમાં વસતી કેટલીક જુદદીન પ્રજાઓ તથા કોમોમાં એક ધણિયાણી પોતાના ખાવિંદનો તેની પોતાની મિલ્કત તરીકેનો દાવો કાએદેસર લેખાય છે. ત્યારે એવાં કાએદેસર પરણેલાં જોડાંમાંથી જરથોસ્તી ઓરત પોતાના જુદદીન ખાવિંદની હયાતીમાંજ મરણ પામે અને તે ખાવિંદ તેણીની લાશને પોતાનાજ ધર્મની રૂએ કબ્રસ્તાનમાં દફન કરવા અથવા તો સ્મશાનમાં બાળવાનો દાવો કરે તો તેણીના જરથોસ્તી ખેશ કુટુંબીઓનું તેના આગળ શું ચાલે? તેજ પ્રમાણે એવાં હકકદાર ઠરેલાં લગ્નથી પેદા થયલાં બચ્ચાંઓમાંથી કોઈ અતિ નાની, વયમાં, નવજોત થવાની આગમજ મરણ પામે અને તે બાળકનો જુદદીન માતા હકકદાર માવતરના હકકથી તેને એજ મિસાલે દફન કરવા યા બાળવાની હુજજત કરે તો ત્યારે પણ તે બાળકનાં જરથોસ્તી ખેશીઓ કેવી સંકડામણમાં આવીને લાઈલાજ બની જાય? પરિણામમાં એવા બંને પ્રકારના સંજોગો ઉપર નસાને જમીનમાં ગાડવા યા તો આતશ ઉપર બાળવા દેવાનો અજીમ ગુનાહ જરથોસ્તીઓને સર ચોંટે! વળી એવાં લગ્નથી પેદા થયલાં બાલકોને ધરમમાં લેવાનો, દાખલ કરવાનો સવાલ ઉઠતાં માતાના કે પીતાના ધર્મમાં લેવો તે માટે ધણી ધણીઆની વચ્ચે કેટલી ભાંજગડ તાનાજાની કુસંપ થવા પામે? ઉપર જણાવેલી અને બીજી દુર ન થઇ શકે એવી અનેક મુશ્કેલીઓનો જરથોસ્તી-જુદદીન લગ્નના હિમાયતીઓ કાંઇ ખિયાલ કરશે?

જરથોસ્તી દીન જુદદીનસાથ લગ્ન જેવો સંબંધ પાડવાને ખુલ્લી મનાઇ કરે છે એટલુંજ નહિ પણ ઓર એવા લગ્ન અટકાવવાને ફરમાવે છે. વળી અત્રે ધ્યાન ખેંચવાની જરૂર છે કે એવી કિસમના બાધને માન આપનારા અને તેમાં પોતાની સુખ શાંતિ તથા સલામતી સમજનારા માત્ર આપણ જરથોસ્તીઓજ એકલા નથી, આપણી આસપાસ વસતી સઘળી હિંદુ જ્ઞાતોમાં તેમજ યુરોપિયન તથા અમેરીકન જેવી કેળવાયલી અને સુધરેલી ખ્રીસ્તી પ્રજાઓ વટિક, તેમજ બીજી પરકોમો તથા પરધર્મીઓ એવો અટકાવ રાખવામાં પોતાના ધર્મની અને કોમની સલામતી માને છે. હિંદુઓ તથા મુસલમાન પ્રજાઓ તથા કોમોને માટે કોઈ કહેવા નિકળશે કે તેઓ કેળવણી અને સુધારામાં પછાત હોવાથી ફક્ત વહેમ અને ધર્મનાં આંધળાં જનૂનથી દોરવાઇને એવો બાધ કે અટકાવ રાખે છે. પણ ત્યારે યુરોપ અને અમેરીકાની સુધારા વધારા તથા કેળવણીમાં બેહદ આગળ વધેલી ખ્રીસ્તી પ્રજાઓમાં પણ એવોજ મામલો જારી રહેલો છે તેનું કેમ? ખ્રીસ્તી આલમની તવારીખ તથા રાહ રસમથી કોઈણી માહિતગાર શખ્સ કહી શકશે કે તેના પ્રોટેસંટટ અને કેથોલીક પંથો પોત પોતાના પંથના લોકોમાજ પરણવાને આગ્રહ બલકે બાજે વખ્ત તો ફરજ પણ પાડે છે. જો કે એ બંને પંથના લોકો એકજ ખ્રીસ્તી ધર્મ પાળે છે તો પણ એકમેકનાં સિદ્ધાંતો અને ફરમાનોમાં કાંઇક હેરફેર હોવાથી બંને પંથવાળાઓ એકમેક સાથ લગ્નના ગાંઠથી જોડાઇ ઘણા અતલગના સંબધમાં આવવાને રાજી નથી. કારણ કે તેઓ અચ્છી રીતે સમજી શકે છે કે આ જેહાનમાં માનવી અને માનવી વચ્ચે જે ઘાડામાં ઘાડો સંબંધ હોય છે તે ધણી ધણિયાણી વચ્ચેનો સંબંધ છે. વળી દુનિયામાં માનવી ઉપર જે મોટામાં મોટો લાગવગ ધરાવે છે તે લાગવગ માટી બૈયર એક મેક ઉપર ધરાવે છે તે છે. આ કારણને લીધેજ યુરોપના જુદા જુદા મુલકોના રાજા રાણીઓને પણ જુદા જુદા પંથમાં પરણતાં અટકાવવામાં આવે છે કે જેથી કરીને તેઓ પારકા પંથમાં ઘસડાઈ

જવા ન પામે. એ પ્રમાણે ત્યારે આપણી બરહકક દીને આપણુ જરથોસ્તીઓ ઉપર જુદદીન સાથનાં લગ્નના અટકાવ અર્થે જે બાધ મુકયો છે તેને માન આપીને ચાલવામાંજ આપણા જરથોસ્તી ટોળાની આબાદી અને સલામતી સમાયલી છે. એવો બાધ એવો અટકાવ હોવાથીજ આપણે આપણા નાના ટોળાને વિખરાતો, બરબાદ થતો તથા મોટી કોમો કે પ્રજાઓમાં આમેજ અને ગુમ થઈ જતો અટકાવી શકયા છિયે અને હવે પછી પણ અટકાવી શકશું. એવો અટકાવ ચાલુ રાખવા માટે બનતી કોશેસો કરવાની આપણ જરથોશ્તીઓની આઇન ફરજ છે જે ફરજ અદા કરવાને નીચલા અવસ્તાના પવિત્ર કલામોથી આપણે બંધાયલા છિયેઃ—

"નોઇત અહુમાત આંજયાઓનીમ માજદયસ્નીષ અઓઇ વીસો નોઇત અસ્તો નોઈત ઉસ્તાનહે ચિનમાની."

"મજદ યસ્નાનોની ખરાબી યા તંગીનો સબબ હું કદીબી થઈ પડું નહિ, મારાં બદન અને જિન્દગીને ખાતરબી નહિ."

"સીવીલ મેરેજ" નો ચેપ આપણુ જરથોસ્તીઓમાં ફેલાય યા તો તેવાં લગ્નો હકકદાર અને કાએદેસર ઠરાવનારો એકુ ધારો પસાર કરીને આપણુ જરથોસ્તી મજદ યસ્નાનોને લાગુ પાડવામાં આવે તો આપણી કોમને કેટલું ખમવું પડે, તેથી કેવી કેવી ખરાબીઓ થાય અને કેવી કિસમની તંગી ફેલાય તે આપણી કોમનો મોટો ભાગ સારી પેઠે સમજતો હોવાથી અત્રે લંબાણથી દર્શાવવાની જરૂર નથી. આ વાત સર્વ કોઇને રોશન છે કે હાલમાં આપણી જરથોશતી છોકરીઓ તથા છોકરાઓ પોતાના ધર્મ અને કોમનાં સાહિત્યથી, તેમની તવારીખથી તેમજ તેમની મોતેબરી અને કીર્તિથી, તેમના ઉંચા ખુનથી અતિશય અજ્ઞાન રહે છે. વળી આ બિના પણ છુપી રહી નથી કે આપણી જરથોશ્તી કુંવારીકાઓને જરથોશ્તી ભરથારો મેળવતાં બહુજ મુસ્કેલી, તંગી તથા વિપતિ ભોગવવી પડે છે. કારણ કે એક ગમથી જયારે સુધારા અને ફેશનને નામે આંપણાં લોકોએ પોતાના સંસાર ખરચને

આવક ઉપરાંત અતિ મોટાં પ્રમાણમાં વધારી મેળવ્યો છે જેને પોહોંચી વળવાને આપણા કેળવાયલા કે અજ્ઞાન જવાનોની કમાઈ પુરતું બળ ધરાવતી નથી અને તે સબબથી ઘર રાખુ, સાદી અને કમાઈની હદની અંદર કરકસરથી ઘર ચલાવે એવી મોહુરદારો મળે તોજ પરણીને સંસાર ચલાવવાને પરવડે એવી હાલતમાં તેઓ આવી પડયા છે. ત્યારે બીજી ગમથી આપણી કોમમાં માતબર અને મધ્યમ વર્ગના જવાન તેમજ અધોર વયના કેટલાક આસામીઓનાં મગજ ઉપર, તેઓને મળેલી કેળવણી, સોહુબત, યા દેખાદેખીની અસરથી એવોજ કાંઈ ઉંડો છાપ બેસી ગયો છે કે સઘળું અસલી તથા દેશી તે રદ બાતેલ, નકામું અને તુચ્છ છે અને એમ હોવાથી તેમની નજર પશ્ચિમ ઉપરજ ઠરેલી રહે-છે કારણ કે તેઓ પોતાની પશ્ચિમની મુલાકાતો દરમિયાન માત્ર ત્યાંની દિલ લલચાવનારી મોહિણીનોજ એક તરફી અનુભવ મેળવી આવ્યા છે,-તેઓ પોતાની કોમની નાજનીનોથી અને તેમની ખુબસૂરતીથી સંતોષ ન પામતાં યુરોપ અને અમેરીકાની મડમોને પોતાની મોહરદારો બનાવવાની તલબ અને ઇંતેજારીમા રહે છે. મામલો એવો થઈ પડેલો હોવાથી જુદદીન જરથોસ્તી લગ્નો કાએદેસર ઠરતાં ઉપર જણાવેલા બંને કિસમના જરથોસ્તીઓને પોતાની દીનનાં ફરમાનોની બેખબરીમાં પોત પોતાને રૂચતી જુદદીન ઓરતોને પરણવાનો માર્ગ સસતો અને આસાન થઈ પડે. જ્યારે જરથોસ્તી છોડીઓને જરથોસ્તી ખાવિંદો મેળવાનો માર્ગ જે અત્યાર તુલિકમાંજ અત્યંત તંગ અને ખડબચડો થઈ ગયો છે, તે પૂરેપૂરો બંધ પડી જાય અને અશકય થઈ પડે તથા એવી દૂર ન થઈ શકે તેવી અતયંત મુશ્કેલી અને તંગીને સબબે છેવટે જરથોશ્તી છોડીઓ કાંતો અનીતિમાં ફસી પડવાના યા તો જુદદીન ભરથારોને હાથ જઈ પડવાના સંભવો કેટલા વધ્યા જાય તેનો વિચાર કરવો મુશ્કેલ નથી. હવે જ્યારે એવા સંભવો ઘણા વધે અને જરથોશ્તી દીન, તવારીખ અને સાહિત્યથી બેખબર રહેતાં જરથોશ્તી છોકરીઓ અને છોકરાઓ

જુદદીનો સાથ લગ્નના ગાંઠથી જોડાય અને તેઓના અતલગના સમાગમમાં આવી જુદદીનોની અસર અને લાગવગ હેઠળ સદા વસતાં થાય, તે છતાં પણ જરથોશ્તી કોમનું અને જરથોશ્તી ધરમનું જરથોશ્તીપણું અને અખંડપણું જળવાઈ રહેશે એમ માનવું યા કહેવું તદન બેહુદું અને અકલથી દૂર છે. જરથોશ્તી છોકરીઓ અને જરથોસ્તી છોકરાઓ જુદદીન લાગવગ તથા અસર હેઠળ રાત દિવસ જાણુક રહે તો જરથોસ્તી કોમ થોડી મુદતમાં નાબૂદગીના ખરાબાપર જઈ અઠડે તેમાં શક નથી. માટે ઉપર ટાંકેલા ફકરામાં આપેલાં આપણી દીનનાં ફરમાન મુજબ આપણા ટોળાની ખરાબી થતી અટકાવવાને ખાતર આપણી કોમમાં જુદદીન–જરથોસ્તી લગ્નોનો અટકાવ કરીને આપણી ફરજ અદા કરવી જોઇએ.

"સીવીલ મેરેજ" જેવાં ધતિંગને આપણી નાનકડી કોમમાં પગપેસારો કરતું અટકાવવાને એક બીજું મોટું કારણ એ છે કે એવાં ધાર્મિક ક્રિયા કીધા વગરનાં લગ્નો જે આપણા મજહબ અને હજારો વર્ષથી ચાલતી આવેલી રસમથી ઉળટાં છે તેવાં લગ્નો કાએદેસર ઠેરવવાને "સીવીલ મેરેજ"ના હિમાયતીઓ તરફથી પછાડા મારવામાં આવે છે, આપણી બસ્તુકક દીન પ્રમાણે હરેક જરથોશ્તી ત્યારેજ પરણેલો કહેવાય અને પરણેલી જિન્દગીના હકકો ભોગવવાને લાયકનો ગણાય કે જ્યારે તેના ઉપર એક જરથોશ્તી અથોરનાન જરથોશ્તી દીન પ્રમાણેની આશિર્વાદની ક્રિયા કરી રહે. આ ક્રિયાના સંબંધમાં કેટલાક કહેવાતા પારસી સુધારકો તરફથી એવી તકલીદી તકરાર લાવવામાં આવે છે કે જરથોશ્તીઓપર થતી લગ્નના આશિર્વાદની ક્રિયા કાંઈ ખરી જરથોશ્તી ક્રિયા નથી, તે કાંઈ જરથોશ્ત સાહેબના જમાનાની નથી પણ પાછલા વખતમાં ઉભી કીધેલી ક્રિયા છે અને તેટલા માટે એ ક્રિયા અગત્ય ધરાવતી નથી. પણ આવી તકરાર વખતે આપણને જે મુખ્ય તપાસવાનું છે તે એજ છે કે આપણી લગ્ન કરવા માટેની આશિર્વાદની ક્રિયામાં અશો જરથોશ્ત પયગામબરની મૂળ નેમ, અને "સ્પીરીટ" ચાંને જુસ્સો છે કે નહિ. આપણી લગ્ન ક્રિયા

વખતે પઢાતા આશિર્વાદમાં ખુદ જરથોશતનો પોતાનો જુસ્સો, "સ્પીરીટ" વગેરે જાહેર થાય છે એટલુંજ નહિ, પણ ખુદ તે સાહેબનાં પોતાનાં ધોરણો તથા નસિયતો ખુલ્લાં જણાઇ આવે છે. આપણા માનિતા અને માન પામેલા ગાથાના છેલ્લા હાની અંદર અશો જરથોશ્ત સાહેબ પોતે પોતાની બેટી પોઉરૂચીસ્તીના જામાસ્પ સાથનાં લગ્ન વખતે જે નસિહત કરે છે તેના આબાદ પડઘા અને નકલ ખીલેલા આકારમાં આશિર્વાદમાં જોઇએ છિયે. વળી હું સવાલ કરૂંછું કે અશો જરથોશતનું મુખ્યમાં મુખ્ય કામ શું હતું? અશો જરથોસ્તનું મુખ્યમાં મુખ્ય કામ પાકીજગી તથા પરહેજગારી મારફતે અશો અહુર-મજદ પાસે નેકી તથા ખુબીઓ માગવાનું, અશો અહુર-મજદ પાસે સારા સબકો તથા શિક્ષણો મેળવવાનું, અને તે મેળવેલી નેકી, ખુબી, સબકો તથા શિક્ષણો પોતાની આસપાસનાંઓને આપવાનું હતું, અને તેજ અશો જરથોસ્ત પયગામબર સાહેબનું મોટું કામ હતું, અને તેકામ બજાવતા આપણે તે અશો નરને ગાથામાં અનેક ઠેકાણે જોઇએ છિયે, તેમજ તેમના સાગેર્દોને પણ તેમનેજ પગલે ચાલતા જોઇએ છિયે અને તે સાગેર્દોને પગલે ચાલતા દરેક જમાનામાં તેમજ આપણા પોતાના જમાનાના પવિત્ર પેશો ચલાવતા દસ્તુર મોબેદોને જોઇએ છિયે. હવે આપણી આશિર્વાદની ક્રિયામાં દુઆઓ, સબકો, નસિહતો સિવાયે બીજું શું છે? પરકોમોના ધર્મગુરૂઓ પણ લગ્ન કરતી વખતે કયો મુખ્ય ભાગ ભજી બતાવે છે? આશિર્વાદમાં સમાયલી દુઆઓ અને નસિહતો ખુદ અશો જરથોશ્તનાં પોતાનાં મુખ્ય ધોરણ અને સુખુનોપર રચાયલી છે અને તેનો જુસ્સો પૂરે પૂરો ખુદ અવ્વલ જરથોશ્તી "સ્પીરીટ" યાને જુસ્સો છે અને તેટલા ખાતર એ આશિર્વાદને, આપણી આશિર્વાદની ક્રિયાને ખુદ અવ્વલ જરથોશ્તી ક્રિયા તરીકે, આપણી જિન્દગીના એક નવા, સૌથી અગત્યના અને જોખમદાર તબક્કાની શરૂઆતમાં થવી જોઇતી ક્રિયા ગણી તેને પુર માન, યકીન અને એતેકાદથી અમલમાં મુકતા રહેવાની આપણ જરથોશ્તીઓની ફરજ છે.

વળી જરથોસ્તી-જુદદીન લગ્નની તરફદારી કરનારા પારસીઓ એક બીજી વજૂદ વગરની તકરાર લોકો આગળ એવી રજૂ કરે છે કે "સીવીલ મેરેજ" નો કાએદો ઇંગલંડમાં આજ વર્ષો થયાં અમલમાં મુકાયો છે અને તેનો લાભ લેવા પારસીઓ ત્યાંથી જુદદીન સાથ લગ્ન કરી લગ્નના સઘળા હક્કો તેમજ જરથોશ્તી તરીકેના લાભો ભોગવે છે તો તેઓને કોણ અટકાવે, અને કોણ તે માટે વાંધો ઉઠાવે છે? અને જ્યારે એમજ છે ત્યારે "સીવીલ મેરેજ" નો કાએદો હિંદુસ્થાનમાં બી અમલમાં આવતાં શું ખરાબી થઇ જવાની હુતી? જે જરથોશ્તીઓ એવાં લગ્ન કરવા માગતા હોય તેઓ તો તેમ કરવાનાજ, પછી "સીવીલ મેરેજ"-નો કાએદો હિંદુસ્થાનમાં અમલમાં આવે કે નહિબી આવે, તો પછી એ કાએદો હિંદુસ્થાનમાં લાગુ પડતો અટકાવવામાં ફાયદો શું થયો? આ તકરારનો જવાબ કોઇબી સાદી સમજથી આપી શકે કે ઇંગલંડવેર જઈ ભારે ખતરાટ તથા ભારે ખરચમાં પડી જુદદીન સાથ એક જરથોશ્તી લગ્ન કરી શકે તો અલબત્તા એવાં લગ્નો ઘણાંજ થોડાં થાય, ખટરાટ અને ખરચ એક જાતનાં અંકુશ સમાન છે, ઘણાં ખરાં લોકો એવી ખટરાટ તથા ખરચમાં ઉતરવાને પસંદ કરે નહિ યા તે ખટરાટ અને ખરચ કરી શકે નહિ. પણ જ્યારે ઘરનાં બારણાં આગળજ એવાં લગ્નો સહેલ અને સસતી રીતે થઇ શકે તો પછી ઘણાઓને એ લાલચ થાય અને ગણાંઓ એવાં લગ્નમાં પડે અને એવાં લગ્નોની સંખ્યા ઘણી વધી જાય.

વળી એજ કહેવાતા સુધારકો તરફથી કહેવામાં આવે છે કે હાલમાં જરથોશ્તી મરદો જુદદીન ઓરતો સાથ ગેરકાએદે સંસાર વ્યવહાર ચલાવી તે વ્યવહારથી પેદા થતાં બચ્ચાંઓને સુદરેહ કુસ્તી પેહેરાવી આપણી કોમમાં લઈને જરથોશ્તી તરીકે ગણે છે અને તેમાં કાંઈ વાંધા જેવું ગણાતું નથી, તો આવા "સીવીલ મેરેજ" ના કાએદાની રૂએ જરથોશ્તીઓ જુદદીન સાથ લગ્ન કરે અને તેમનાં ફરજંદોને આપણી કોમમાં લઇએ તો તે વધારે કાએ-

દેસર અને નીતિમાન ગણાય. આ તકરારનો જવાબ એજ છે કે કોઈક જરથોશ્તીઓ આડે માર્ગે જઇ જુદદીન ઓરતો સાથ અનીતિમાન જિન્દગી ગુજારે છે તેને આપણા ધર્મનો તેમજ આપણી જરથોશ્તી કોમના મોટા ભાગનો ટેકો નથી. એવા અનીતિમાન વ્યવહાર સામે અને તે વ્યવહારથી પેદા થયલાં છોકરાંઓને આપણી દીન અને કોમમાં લેવા સામે આજેજ પોકાર ઉઠે છે એમ નથી પણ આજ ઘણા દાયકાઓં થયા આપણા દીનચુસ્ત જરથોશ્તીઓ એવા વ્યવહાર સામે તિરસ્કાર દેખાડતા રહ્યા છે અને આજે પણ આપણી જરથોશ્તી કોમનો મોટો ભાગ એ બદીને, એવાં અનીતિમાન કામને કોઈબી રીતે ઉત્તેજન આપવાને બદલે તેને જડ મૂળથી ઉખેડી નાખવા માગે છે.

સામી પક્ષવાલાઓ તરફથી એક બીજી નાપાયદાર તકરાર એવી લાવવામાં આવે છે કે જરથોશ્તીઓ હિંદુસ્થાનના દૂર દરાજ ભાગોમાં તથા હિંદુસ્થાનની બાહેર જરથોશ્તી કોમની મુખ્ય મથકોથી ઘણે લાંબે છેટે કામકાજ, ચાકરી કે વેપાર ધંધાને સબબે જઇ રહેતા હોવાથી લગ્ન કરવા માટે જરથોશ્તી છોકરીઓ યા જરથોશ્તી ધર્મ-ગુરૂઓ શોધવા યા મેળવવા સેંકડો માઇલો કાપી ખરચ કરતા કેમ આવે? એ મુશ્કેલી "સીવીલ મેરેજ" થી દુર થાય અને હરેક જરથોશ્તી ગમે તે જાતિની સ્ત્રી સાથે જરથોશ્તી ધર્મગુરૂ વગર નેકાહના ગાંઠથી જોડાઇ શકે. અલબત્તાં જે પારસીઓ માત્ર કહેવાતા એટલે અમસ્થા નામનાજ જરથોસ્તીઓ હોય, અને જેઓને જરથોશ્તી ધર્મ અને જરથોસ્તી કોમની હસ્તી કે કાયમિયત યા પાયદારીની દાઝ, દિલસોજી કે હમ ગમ ન હોય તેઓને તો આવી તકરાર વજનદાર અને વાજબી લાગે. પણ ખરેખરાં જરથોસ્તી લોહી અને બુનિયાદના ખરા અને ચુસ્ત જરથોસ્તી દીન જરથોશ્તી કોમના ખયર ખાહો તેમની હસ્તી, જાળવણી અને પાયદારી માટે ઇંતેજાર અને કાળજીમંદ છે તેઓ તો એમ વિચારતા તથા ઇચ્છતા અને વાજબી રીતે વિચારતા તથા ઇચ્છતા હોવા જોઈએ કે કોઈબી જરથોસ્તીને પરણવા માટે જરથોસ્તી છોકરીઓ

યા જરથોસ્તી ધર્મગુરૂઓ મેળવવા સાફ લાંબે છેટે ખરચ ખાતા તથા હાડમારી ભોગવતા જવુંબી પડે તો ગરીબમાં ગરીબ જરથોસ્તીએ બી પોતાની કીર્તિવંત કોમ અને દીનની જાગવણી સાથ સરખાવતાં તેવા સો–પચાસના ખરચને કે પાંચ પચીસ દિવસની હાડમારી ભરી મેહનતને કુચ્છ બિસાદમાં ગણવી નં જોઇએ.

યુરોપ તથા અમેરીકાની સુધરેલી અને કેળવાયલી પ્રજાઓમાં હરરોજ બનતા સેંકડો તથા હજારો દાખલાઓ ઉપરથી આપણે જોઇએ છિયે કે એ કોમોના કેળવાયળા તેણુજ અભણુ આસામીઓ, વેપાર ધંધામાં પડેલાઓ યા નોકરી ચાકરી કરનારાઓ તેમજ ઓધેદારો, સીવિલ્યનો કે લશ્કરીઓ, હિંદુસ્થાનમાં, આફ્રીકાનાં ભિત્તરમાં યા તો બીજા કોઇબી પરદેશનાં ખુણાંમાં જયાંબી હોય ત્યાંથી સેંકડો બલકે હજારો માઇલોથી ખરચ ખાતા પોતાંનીજ કોમની, પોતાનાંજ દેશની અને પોતાનાજ ધર્મની છોકરીઓ પરણુવા જવાને પસંદ કરે છે અને પોતાનીજ જાત અને પોતાનાજ ધર્મની પરણેતરને, પોતે જયાંબી વેપાર ધંધે કે ચાકરીએ જાય છે ત્યાં પોતાની સાથે લઈ જઈ રાખવાને અને જિન્દગીનાં સુખ દુઃખમાં ભાગ લેવા તથા આપવાને પોતાને બંધાયલા સમજે છે. કારણ કે એ લોક દુરઅંદેશીથી જોઈ તથા જાણી શકે છે કે પોતાની નાત જાત અને ધર્મની ધણીયાણિ સાથે રહેવામાં જેટલી સુલેહ સંપજ તથા સુખશાંતિ રહે છે તેટલી પરજાત અને પર ધર્મની સ્ત્રીઓ સાથ લગ્નના ગાંઠથી જોડાયાથી રેહેવાના સંભવો ઘણાજ થોડા હોય છે. આ પ્રમાણે આપણે જાણિયે છિયે અને એ આગળ વધેલા ચગોર લોકો દુનિયાના કોઇબી ભાગમાંથી પોતાને વતન જઈ પોતાની નાત જાત અને ધર્મની સ્ત્રી સાથ પરણી તેઓ સાથ પરદેશ જઈ વસે છે, એટલુંજ નહિ પણુ, બાળકને જન્મ આપવા તેમજ પોતાનાં બાળકોને ઉછેરવા, ઉધારવા, તથા કેળવણી આપવા માટે પણુ તેમને તથા પોતાની ધણિયાણીને હજારોનો ખરચ કરીને પોતાની નાતજાત

વચ્ચેજ પોતાનાં વતનમાંજ મોકળે છે તથા રાખે છે. જ્યારે સુધરેલી કેળવાયલી અને આગળ વધેલી કોમો આ પ્રમાણે પોતાના સંસાર વ્યવહારને, કોમને તથા ધર્મને જાળવવાની કોશેસ કરવા કરાવવામાં ફાયદો સમજે છે ત્યારે આપણા પેલા કહેવાતા સુધારકો તેથી ઉળટી રીત રસમ પકડી તે અખત્યાર કરવામાં શા માટે ઉકમાઇ, બડાઇ અને સુધરેલપણું સમજતા હશે ? શું એ પારસીઓ સુધરેલી કોમો યા પ્રજાઓની ખુબી તથા સદગુણોની નકલ કરવાને પસંદ કરતા નથી ? તેઓ શું એ પ્રજાઓની માત્ર બદીઓજ આપણી કોમમાં પેવસ કરવાને આરજૂમંદ તથા ઉલટમંદ રહેવામાં પોતાની, પોતાની કોમની અને પોતાની દીનની સુખશાંતિ સુધારો તથા વધારો સમજે છે ? એવા કહેવાતા સુધરેલ વર્ગના કેટલાક પારસીઓ યુરોપિયન મંડળોમાં આમેજ થવાના અને સાહેબ લોકમાં ખપવાના અભખરાથી યા એવાં એક કે બીજા કારણથી ખ્રીસ્તી ધર્મમાં વટલી યા નહિ વટલી તે કોમની સ્ત્રીઓ સાથ પરણીને જે ફ્રેજે પુગ્યા છે અને પુગે છે, યુરોપિયન મંડળોથી, યુરોપિયન લોકોથી હીણાય છે તથા ધીકકારાય છે, યુરોપિયન મંડળોને યા કલબોને સેંકડો બલકે હજારો રૂપ્યા લાલચ દાખલ ખવડાવવા છતાં તેજ યુરોપિયન મંડળો તથા યુરોપિયન કલબોથી યુરોપિયન સંસાર વ્યવહીરમાંથી બરતરફ, ન્યાતબાહર જેવા, એકલા અટુલા, નાશિપાશી, ફ્રેસતા ફજેતી તથા નામોશી ભરી જિન્દગીમાં દહાડા કાઢે છે તે શું આપણી પારસી કોમને ધડો લેવાને અને આપવાને બસ નથી ?

મારી યુરોપ અને અમેરિકાની સફરથી પાછા ફરતાં બનેલી એક બીનાની આ તકે મને ફરીથી યાદ આવે છે. હું જ્યારે જીનોઆથી મુંબઇ આવવાને "રૂબેટીનો" સ્ટીમરમાં નિકળયો ત્યારે મારી સાથ ઘણાં એક યુરોપિયન બાનૂઓ અને ગ્રહસ્થો સ્ટીમર ઉપર હતાં. વળી સઘળા પેસેંજરો વચ્ચે એક ઇંગ્રેજબાનુ અને એક શામળા રંગના બંગાલી ગ્રહસ્થથી બનેલું પરણેલું જોડું પણ હતું. આ જોડું જો કે ફર્સ્ટ કલાસ કેબીન પેસેનજર તરીકે હતું

તે છતાં યુરોપિયન બાનુઓ અને અહુસ્થો તેઓ સાથ ભેળાઇને વાતચિત કરતા ન હતા, એટલુંજ નહિ પણ તેઓ તરફ નજર નાખવાને વટિક રાજી દેખાતા ન હતા. સ્ટીમર ઉપરના સઘળા યુરોપિયન મડમ જાંગલાઓ મારી સાથે તેમજ એક બીજા હિંદી પેસેનજર સાથે ઘણી ખુશીથી, છુટથી અને માનપૂર્વક રીતે ભેળાતા હતા પણ તે જોડાં ને તો ફોહું નહિજ આપવાને જાણે બધાંઓએ એકસંપ કીધો હોય તેમજ લાગતું હતું. તેઓ તે જોડાં તરફ એટલી હદ સુધી અણુગમો અને સુગ ધરાવતાં હતાં કે કેટલીક વખત અમારી સાથ વાત કરતાં ઇશારો પણ કરવાને ચુકતાં નહિ કે "પેલી ઇંગ્રેજ ઓરત ઘણાજ હલકા વર્ગની અને બદઅસલત હોવી જોઇએ નહિ તો આવી રીતે લગ્ન કરવાને કદીબી પસંદ ન કરતે."

વળી ઉપલા દાખલા ઉપરાંત, આવી રીતનાં લગ્નોથી પારસીઓ કેવાં હીણાય છે તેના દાખલા જાહેરમાં આપણી જાણમાં આવે છે. મડમો પરણુતા પારસી વટલેલો જીવતાં જીવત પોતેજ હીણાય છે, ન્યાત બાહેર જેવી જિંદગી ગુજારે છે, એટલુંજ નહિ પણ મુવાં પછી પણ એ વટલેલોનાં બચ્ચાંઓનાં કાલબૂદો ન્યાત બાહેર જેવાં ગણાય છે. તેઓનું કોઇક બચ્ચું મરણ પામે છે તો તેને ક્રીસ્તી કબ્રાસ્તાનમાં ખુદ ક્રીસ્તીઓ સાથે દાટવાની રજા મળતી નથી પણ તેઓથી વેગળાંજ દાટવાનો હુકમ થાય છે. આવી રીતના દાખલા આપણી નજર આગળજ બનતા રહે છે. વળી મેં ઉપર ઇશારો કર્યો તે પ્રમાણે કલબોને કલબોનાં ફંડમાં સેંકડો રૂપ્યા લાલચ યા લાંચ અર્થે આપવા છતાં તે યુરોપિયન ધડખમ કલ-બોમાં યા મંડળોમાં યુરોપિયનોની મિસાલે શામેલ થવાની યા છુટથી ભાગ લેવાની પરવાનગી વટલેલોને યા મડમ પરણેલા-ઓને મળતી નથી. આ પણ ખરા બનેલા બનાવની યાદ છે. સફેદ ચામડીવાલી મડમો ઉપર મોહી પડી, પોતાનો બુલંદ જરથોસ્તી ધર્મ, પોતાની ઉંચ કોમ, પોતાનાં ઉંચ ખાનદાન, માનપાન પામેલાં અને પામતાં કુટુંબ કબીલા એ સઘળું તજી દઇને પોતાના હવ-

સથીજ દોરવાઈ જનારા પારસીઓ માટે આ કાંઈ થોડી શિક્ષા કહેવાય અને ગણાય? એવા પારસીઓ અંદરખાનેથી કેટલા પસ્તાતા, મુંઝાતા અને દુ:ખી થતા હશે તેનો વિચાર કરવો ઝાઝો મુશ્કેલ નથી. અને આટલું છતાં, આટલા ઠોકડાવા છતાં, જીવતા જાગતા દાખલાઓ આપણી આગળ રજૂ થતા હોવા છતાં કેટલાક પારસીઓ શા માટે હજી એવાં બેવકુફી ભર્યાં કામની તરફદારી અને હિમાયત કરતા હશે? પોતાની દુન્યવી મતલબ સર યા પોતાનો હુવસ બર લાવવા ખાતર કહેવાતા જરથોશ્તીઓ પરકોમની સ્ત્રીઓ સાથ પરણવાને પસંદ કરતા જણાય છે. પણ શોભીતી રૂપાળી બધી રીતે ચઢિયાતી પારસી જરથોશ્તી છોકરીઓ શું આપણી કોમમાં મળી શકતી નથી? આપણી કોમમાં સેંકડો ઘણે ચઢિયાતી છોકરીઓ મળી શકે અને સંસાર સુખ મેળવી શકાય. પણ કેટલાક કહેવાતા પારસીઓ ગુમરાહીમાં ગર્ક થયલા હોવાથી, હુવસી મોજમજાહમાં લપેટાયલા હોવાથી યા તો સૂધરેલપણાંનો તદન ખોટો હુવાઈ ખિયાલ મગજમાં રાખવાથી ખરાબ રસ્તે ઉતરી પડી ઘસડાતા માલૂમ પડે છે. પણ એવાઓની સેહજબી દરકાર ન કરતાં આપણી કોમે તો દૂરઅંદેશી વાપરી, આપણી કીર્તિવંત કોમનું, આપણી બુલંદ દીનનું, આપણું ઉંચ લોહીનું ભવિષ્ય તપાસી તે તરફ નેગાહ રાખતા રહી તેમની જાળવણી થાય અને પાયદારી નિભે એવાં પગલાં ભરતાં રહેવું જોઈએ.

આપણી બરહકક જરથોશ્તી દીનનાં ફરમાનો, મનાઈઓ તેમજ આપણી જરથોશ્તી ક્રિયાઓ અત્યંત મોતેબર છે. આપણો જરથોશ્તી ધર્મ શ્રેષ્ટ ધર્મ છે. મોટા ધર્મોના અભ્યાસીઓથી, વિદવાનોથી અનેકવાર પુરવાર થઈ ચુકયું છે કે જે ધર્મ બીજા જાણીતા ધર્મોનું મૂળ, જે ધર્મ દુનિયામાં પેહેલો અને મુખ્ય સુધારો કરનાર, નીતિરીતિ અને તેથી મળતી સુખશાંતિનો વધારનાર તે જરથોશ્તી ધર્મ છે. પરધર્મનો બુજોર્ગ અનુભવી વિદવાન ડૉ. મીલ્સ જેણે ઈરાની સાહિત્ય પાછળ પોતાની જિન્દગી ઘસી નાખી છે તે પોતાનું મત ખુલ્લે ખુલ્લું જાહેર કરે છે કે જરથોશ્તી ધર્મના

મૂળતત્વો એવાં તો ઉમદા અને ખુબીવંતાં છે કે તે તત્વો સાર્વજનિક (universal) ધર્મના, દરેકે દરેક ધર્મનાં મૂળ તત્વો તરીકે ગણવા ગણાવાં જોઇએ.

એક બીજા યુરોપિયન વિદ્વાનના મત પ્રમાંણે આપણો પાકી જે ધર્મ ઘણું કરીને યાહુદી ધર્મ જેટલો (બલકે તેથી પણ જિયાદા) પુરાતન છે, જે ધર્મ રવાનની અમર્ગી અને ગેતી હયાતી દરમિયાન માણસે વમાસેલા વિચારો, ઉચ્ચારેલા શબ્દો, અને કીધેલાં કાર્યોનાં પરિણામમાં મરણ પછીની મીનોઈ હયાતીમાં મળનારી નેક બદલા ભરી યા સજાભરી સ્થિતિ વિષેના સિદ્ધાંતો, જે સિદ્ધાંતો કદીમ યાહુદી લોકોમાં ફેલાયાં તેની આગમજ ઇરાની એર્યનોને શિખવ્યાં, જે ધર્મ, જે વખતે ઇંગ્રેજ અને ફ્રેંચ પ્રજાઓનાં પૂર્વજો પોતાના લોહીના પ્યાસા દેવતાઓને ભોગો ચઢાવતા હતા, તે વખતે (બલકે તે આગમજ) પોતાના ધર્મ પાળનારાઓને પ્રાણીઓને નટિક ઘાટકીં પણે મારી નાખવાને મનાઈ કીધેલી તેવા એક ખાલેસ કદીમ ધર્મ પ્રત્યે સુધરેલી આલમે હમેશ માનની નજરથી જોવું જોઇએ અને તે ધર્મ માટે દરેક પારસીએ સદા મગરૂર રહેવું જોઇએ. એવા એક નાદર ધર્મમાં જન્મ આપવા માટે પાક દાદાર અહુરમજદના એહસાનમંદ રહીને તેવા ઉમદા ધર્મનું દરેક વાતે રક્ષણ કરવાને આપણે આઇન ફરજથી બંધાયલા છિયે. તેવી રાસ્ત દીનને ટકાવી રાખવા માટેની કોશેસ આપણે હરદમ જારી રાખવી જોઇએ.

કેટલાક કહેવાતા સુધરેલ પારસીઓ એવી તકરાર કરે છે કે આપણી બરહકક દીનનો ફેલાવો જેહાનમાં ચોમેર કરવા માટે આપણી પવિત્ર કેતાબોમાં ઠામે ઠામ ફરમાનો મળી આવે છે અને તેવાં ફરમાનોનો આધાર લઇને કેટલાકો એવી તકરાર લાવે છે કે જરથોસ્તી ધર્મનો દુનિયામાં ચોગરદમ" ફેલાવો કરવા માટે ખુદ તેના સ્થાપક અશો જરથોસ્તે ફરમાવ્યું છે તથા આદેશ દેખાડી

છે ત્યારે તે ઉપર અમલ કરવા માટેનો એક રસ્તો' જરથોસ્તી-બુદ-દીન લગ્નોથી ખુલ્લો થાય છે. કારણ કે એક તો આપણી કોમ સંખ્યામાં બહુજ કમતી છે બલકે ઘઉંમાં કાંકરા સમાન છે, તેમાં હાલમાં તે તન અને મનનાં બાબમાં પછાત પડતી જાય છે તો તેવી સ્થિતિ વચ્ચે પરકોમોનાં તનદરોસ્ત અને મનદરોસ્ત સ્ત્રી પુરૂષો સાથ "સીવીલ મેરેજ" જેવા કાએદાથી લગ્ન કરીને તેમાંથી ઉત્પન્ન થયલી આસુદી, તનદરોસ્ત અને મનદોસ્ત ઓલાદને આપણી દીનમાં લેવાથી આપણી સંખ્યા એટલી વધવા સાથ આપણને તનશકિત તથા મનશકિતનો એટલો વધુ લાભ મળે. વળી બીજા કેટલાકો એવી તકરાર લાવે છે કે હાલના તમામ સંજોગો અને સ્થિતિ ઉપર નિગાહ કરતાં જરથોસ્તી કોમ અને તેની સાથ જરથોશ્તી દીન નાબૂદગી તરફ રાહ લેતી હોય એવી દરેક નિશાન માલૂમ પડે છે જેમ 'થતું' અટકાવવાને માટે બનતા ઈલાજો લેવાને વખત હવે આવી લાગ્યો છે. તેવો એક ઈલાજ કેળવાયલી તેમજ અભણ પરજાતોમાં આપણી દીનની મોતેબરી જાહેર કરીને તેઓમાં આપણી દીન ફેલાવવાની કોશેસ કરી તેઓમાંથી બને એટલાં સ્ત્રી પુરૂષોને આપણી દીનમાં દાખલ કરતા રહેવું અને તેવાં નવાં બનેલાં હુમદીનો સાથ શાદીનો વ્યવહાર રાખીને આપણી ઓલાદના વધારા સાથે આપણી કોમની સંખ્યામાં વધારો કરતા જવું.

ઉપલી તકરારો કેટલી બે-વજૂદ બલકે કોમને અને દીનને ઓર નુકસાનકારક થઈ પડે એવી છે એમ પુખ્ત દરિયાફ્ત કરતાં સેહજ જણાઈ આવે છે. જરથોશ્તી દીન દુનિયામાં બધેબધ ફેલાય એવાં ફરમાનો અને ખાહેશો અવસ્તામાં જાબજા મળી આવે છે એ વાત ખરી. પણ જરથોશ્તી દીનનો મૂળ હેતુ તેને પાળનારાંઓનું કલ્યાણ શોધવાનો અને નહિ કે તેને નુકસાન કરવાનો છે. તે હેતુને અનુસરીનેજ જરથોશ્તીઓ આજ દન સુધી ચાલતા રહ્યા છે. જે ફરમાન અમલમાં મેલવા માટે સંજોગ મુવાફેક આવતો ન હોય યા તો કોઈ વિરૂદ્ધ સંજોગથી ચોક્કસ

ફરમાન પાળવા જતાં પોતાને નુકસાન પોહોંચતું હોય તો તે વેળાએ તે ફરમાન પાળવાનું મોકૂફ રાખવામાં આવે છે. અને કેટલાંક ફરમાનોના બાબમાં આપણે તેમ બનતું જોઈએ છિયે. બલકે તેમ કરવાની આપણને ફરજ પડે છે. હાલમાં કોઈબી સ્વરૂપે જરથોસ્તી દીનનો ફેલાવો કરવાની કોશેસ ઓર દીન અને કોમની નાબૂદગીનો સબબ થઈ પડે. જુદદીન સાથ લગ્ન કરવા કેવું નાશ્વા છે તે તથા તેના ગેરફાયદા અને નુકસાનો હું આગળ દર્શાવી ગયોછું. ઉપરાંત, એવાં લગ્નથી પેદા થયલાં બચ્ચાંઓને તેમનાં જુદદીન માવતરો આપણી દીનમાં દાખલ થવા દેશે કે કેમ, અને તેમ કરવાની રિકજિકમાં આપણી કોમ અને પરકોમો વચ્ચે ભારે કુડવાસ પેદા થવાના કેવા અને કેટલા સંજોગો પેદા થાય તેનો અવ્વલ વિચાર કરવો જોઇએ છે. વળી એવાં લગ્નોથી પેદા થયલી ઓલાદને આપણી દીનમાં લેવા પછી તે તેના ઉપર પુર યકીનથી સાબેત કદમ રેહેશે યા પોતાનાં જુદદીન માવતરનાં દુધ યા ખુનની અસર ઉપર જઈને આપણી દીન તજી દેશે કે તેમાં જુદદીન આચાર વિચારનાં તત્વો આમેજ કરીને જરથોસ્તી દીનને નામે એક કિસમનો ભેળસેળ થયલો અને બીગડેલો ધર્મ પાળશે તે પ્રથમથી કોણ નક્કી કહી શકે? આપણી કોમની સંખ્યા નાની છે તો તેને મોટી કરવા માટે "સીવીલ મેરેજ" જેવા રસ્તા લેવા જતાં આપણી કોમ સામી ઘટી જવાના દરેક સંભવ આપણી સામે આવીને ડોળા કકડાવે છે. આપણાં તન અને મનનાં બળના ઘટાડાનાં ખરેખરાં કારણો શોધી કાઢી તે દુર કરવાથી આપણે તનદરોસ્ત અને મનદરોસ્ત ઓલાદ મેળવી શકશું અને નહિ કે "સીવીલ મેરેજ" જેવા ઇલાજોથી.

વળી કેળવાયલી અને અભણ પરજાતોમાં આપણી દીનની મોતેબરી જાહેર કરીને તેઓમાં આપણી દીન ફેલાવવાની કોશેસ શું હાલના સંજોગોમાં બનવા જોગ છે? ખુદ આપણી કોમનો, તેના ધર્મગુરૂ વર્ગ સુધાંનો મોટો ભાગ પોતાની દીનની સમજ, તવારીખ વગેરે સાહિત્યથી બે-ખબર છે, હું આગળ વધીને કહું

તો આપણી કોમ માહેલા કેટલાકો સદંતર ગુમરાહી અને દુરવંદો રાહ અખત્યાર કરી બેઠા છે, જયારે આપણી કોમજ યકીનની ડામાડોળીમાં વળખાં મારે છે ત્યારે તે પર ધરમવાલાઓની યા પર ધરમમાથી વટલી આપણી કોમમાં દાખલ થએલાઓની રેહનુમાઈ શી રીતે કરી શુકશો ? આસ્માની આફતો અને દીનદુશ્મનોના દોરથી આપણી દીન અને તવારીખ વગેરેનું અસલ સહિત્ય લગભગ પરાગંદેહ થઈ ગયું છે, તયારે તમારા પોતાનાં કમજોર યકીન અને કકડા બુકલા થઇ ગયલાં સાહિત્યનાં તુટેલાં ઓજાર જેવાં બળથી કેળવાયલી પરજાતોની આજની બહુંજ આગળ વધી ગયલી મંતકી સામે, અને અભણ પરજાતોનાં હજારો વર્ષથી જડ ઘાળી બેઠેલાં ચુસ્ત ઈમાન સામે લડત ચલાવી તેઓની ગુમરાહી દુર કરવામાં ફતેહ મેળવવાની આશા રાખોછો ? આપણી આસપાસ આપણે શું જોઇએ છિયે ? લખોનો ખરચ કરી સેંકડો માઇલ દુરથી ખ્રીસ્તી મીશનરીઓ આ દેશની જાતોને ખ્રીસ્તી બનાવવા માટે આવે છે તેઓ કેટલી ફતેહ મેળવે છે ? તેઓ જે થોડી બી ફતેહ કડવાસ વચ્ચે મેળવે છે તેનો સબબ એટલોજ કે તેઓ રાજ કરતી બળવાન કોમોને લગતા છે અને તેમનેં માથે તથા બાજૂમાં તેમની પોતાની કોમ તથા રાજ કર્તાઓનુ રક્ષણ અને મદદ ખડાં રહેલાં છે. શું આપણુ જરથોસ્તીઓ આપણી હાલની હાલત વચ્ચે એ મીશનરીઓની માફક હજારમે હિસ્સેબી કાંઇ બજાવી શકશું ? પણ ધારો કે એવી કાંઇ હિલચાલ આપણામાં ઉભી થાય અને આપણી આસપાસ વસતી મુસલમાન જેવી જનૂની પરજાતોમાંથી થોડાંક કુટુંબો આપણી દીનની મોતેબરી સ્વીકારી તેમાં દાખલ થાય તો તેઓના અસલ જાતિવાલાંઓમાં બરપા થતાં જનુનનાં પરિણામોથી શું આપણી કોમ પોતાને માથે રાજ કરતાં બળવાન બ્રીટીશ રક્ષણ છતાંબી પોતાનેબચાવી શકશે ? વાસ્તે એવા હવાઈ ખિયાલોથી દુર રહેવામાંજ ડાહપણ સમજી તે ઉપર આપણા દુરઅંદેશ નેયાગાનોએ આ હિંદ સર જમીન ઉપર આવી વાસો કીધા પછી અમલ કરવો ચાલુ રાખવાથી તેમની કોમની થોડાક

ઓની સંખ્યા વધીને આજે એક લાખ જેટલી થવા પામી છે. કોમના વધારા અને દીનના ફેલાવા કરતાં આપણી હાલની કોમ અને તેના જરથોશ્તી ઈમાનને ટકાવી રાખવાના ઈલાજો એકદિલી અને સંમતીથી લેવાનીજ હાલમાં તો મોટી જરૂર છે.

મેં ઉપર કહયું તેમ આપણો જરથોશ્તી ધર્મ મૂળ ધર્મ તથા શ્રેષ્ટ ધર્મ છે, તેમજ એ ઉંચ શ્રેષ્ઠ ધર્મ. પાળનારાઓ પણ ઉમદા કુળના, ઉંચી તોખમના છે. અસલ જમાનાના જરથોસત, [જામાસપ, ફરસોસતર, મેદીઓમાહ, અરદાવીરાફ, આદરબાદ [મારાસપંદ હુતોસ, હુવોવી જેવા અશોનરો નારીઓ જેઓ પોતાની પાકીંઝગી પરરેજગારી માટે પોતાનું નામ આ દુનીયામાં અમર કરી ગયાં છે, ગોસતાસપ, અરદેશીર, શાપુર, નોશેરવાન જેવા દીનચુસત જરથોશ્તી પાદશાહો શહેનશાહો જેઓ પોતાની દીનદારી, ભલી ભલાઈ, બોહળી સખાવત, કારકીરદી, બોહળી હકુમત, રાજપાત, હેશમત, માલમીલકત, જાહોજલાલી, દોરદમામ માટે આખી દુનીયામાં મશહુર થઈ ગયા છે. એ અમર મહાન પુરૂશોની કોમને લગતઃ તેઓની જાતના આપણે હાલના જરથોશ્તીઓ છીયે. આપણા અસલી ઈરાની વડીલો જેઓ પોતાના ધરમને ખાતર ઈરાન વતન છોડી હીંદુસથાન આવી વસી મુઠીભર હોવા છતાં કરોડો પરધરમવાળાઓ વચે પોતાના ઉંચા ધરમ અને તેથી ઉપજતા ઉંચા સદગુણોને લીધે ઉગી છાજી નીકળયા હતા, અને ચાહ મેળવતા થયા હતા. તેજ નામાકીત વડીલોથી ઉતરી આવેલો, તેઓનાજ ઉમદા તોખમનો આપણો આજનો જરથોસતી ટોળો છે. એવા ધર્મની, એવા ટોળાની પાસબાની કરવી, તેની કોઇબી રીતે બરબાદી અને ખરાબી થતી અટકાવવી એ આપણ દરેક જરથોશ્તીની આઇન ફરજ છે. એ ફરજની રૂએ મેં જરથોશ્તી જુદદીન લગ્નને લગતા સવાલની તપાસ એકવાર ફરીથી લઈ બતાવી છે કે જેથી કરીને ખરેખરા વિલાયતી સુધારા ઉપર નહિ પણ વિલાયતી કુધારા ઉપર મોહી પડી તેના ઉપર ફિદા ફિદા થઈ જઈને તેમાં ફાંફાં મારતા "સીવીલ મેરેજ" ના હિમાયતીઓ ખાસુ બીલને મળેલી હારથી દપટ ન પડતાં ફરીફરીથી સરકશી કરે એવો દરેક સંભવ હોવાથી, મારા હમદીનોને સાવચેત રહેવાને બની આવે.

ગુજર પામેલાં જરથોશતીઓને ઠેકાણે પાડવાને લગતો સવાલ, તેની જરથોશ્તી દીનની રૂએ તપાસ.

આ જેહાન ઉપર હરેક જાનદારની ગેતી હયાતી ખતમ થવાપછી તેનાં જાત વગરનાં બદન ઉપર અંદરથી અને બાહેરથી કુદરતની ચોક્કસ ક્રિયાઓ જારી થતાં, થોડા યા ઘણા વખતમાં, આસપાસનાં જીવતાં પ્રાણીઓની તનદરોસ્તીને ખાતર, તેમની વચ્ચે રાખવાને તે નાલાયક બને છે. બીજા શબ્દોમાં કહિયે તો મરણ પછી મુવેલું કાલબુત કોહવા માંડે છે, અને તેમાંથી નિકળતી આલુદગી ભરી નજિસ ઝેરી હવા બાહેર આસપાસની સ્વચ્છ હવામાં પ્રસરીને એક કિસમનો એવો ઉડતો ચેપી રોગ ફેલાવે છે કે જેથી આસપાસનાં જીવતાં માણસો તથા હયવાનોની તનદરોસ્તીને ભારે નુકસાન પોહોંચવા સાથે બાજે વખ્ત તેમની જિન્દગી જોખમમાં આવી પડે છે. એ બિના વિષે હજારો વર્ષથી આજ દીન સુધીમાં જાતી અનુભવથી તેમજ વિધ્યા બળથી માનવી જાતની એક સરખી રીતે ખાતરી થતી આવી છે. એમ હોવાથી શું જંગલીમાં જંગલી, કે શું સુધરેલામાં સુધરેલી તમામ ઇન્સાની આલમ પોતાનાં ગુજરેલાં ખેશીઓ કે મિત્રોનાં મુવેલાં બદનને જેમ બને તેમ શિતાબીથી ઠેકાણે પાડી દેવાની પેહેલી કાળજી રાખતી આવી છે, તે એટલે સુધી કે, તે કાળજી, આજ હજારો વર્ષ થયાં દુનિયા ઉપર પળાતા જુદા જુદા સર્વે ધર્મોનાં એક મુખ્ય ફરમાન તરીકેની સત્તા ધરાવતી રહી છે. કોઇબી ધર્મ પોતાના પાળનારાઓ

(followers)ને તેમનાં ગુજરેલાંઓનાં મુવેલાં બદનોને કેમ ઠેકાણે પાડવાં તે માટે કાંઈ નહિ ને કાંઈપણ ફરમાન આપવાથી ખકાત રહ્યો નથી. એ બાબદમાં દરેક ધર્મનું ફરમાંન તેના ખાસ "સ્પીરીટ"ને એટલે તેની ફિલ્સુફી, ઇશ્વરજ્ઞાન (theology) તેમજ આત્મા (spirit) તથા પદાર્થ (matter) ને લગતા તેના આચાર વિચારોને અનુસરીને આપવામાં આવેલું માલૂમ પડે છે. જરથોશ્તી સિવાયે બીજા જેબી ધર્મો મરણ પછી મરનારનો આત્મા ગેતી હયાતી દરમિયાન તેણે ગુજારેલી નેક યા બદ જિન્દગીનો સારો યા માઠો બદલો મીનોઇ યાને આત્મિક સ્થિતિમાં એટલે બહેશ્ત યા દોજખમાં, કેયામત અથવા રસ્તાખેજ સુધી ભોગવતો રહેછે અને દુનિયાની આખેરીએ રસ્તાખેજના હંગામ ઉપર તે આત્મા આ જેહાનમાં પાછો આવી અમર જિન્દગી ભોગવતો થશે એવો એતેકાદ ધરાવે છે, તે સઘળા ધર્મો મરનારની લાશ ઉપર ચોક્કસ ક્રિયાઓ કરીને તેને જમીનમાં દફન કરવાનું ફરમાન આપે છે. પણ જે ધર્મો પૂર્ન જન્મ સિદ્ધાંત સ્વીકારે છે, એટલે કે મરણ પછી મરનારનો આત્મા થોડુંકમાંજ આજ જેહાનમાં નવેસરથી પાછો જન્મ લઈને આગળી જિન્દગી માહેલાં પોતાનાં કર્મોનાં સારાં યા માઠાં ફળો ભોગવતો રહે છે એવો તર્ક જાહેર કરે છે, તે ધર્મો ગુજરેલાંઓની લાશોને આતશ ઉપર બાળીને તેમનો નાશ કરવાને ફરમાવે છે. કદીમ જમાનામાં જે પ્રજાઓ મરણ પછી આત્માની હયાતી જેવું કાંઇ માનતી ન હતી તેઓમાં પણ ગુજરેલાંઓની લાશોને બાળી નાખવાનો રેવાજ હતો એમ તવારીખ ઉપરથી જણાય છે. વળી એક વધુ રીતિ મુવેલાં બદનને પાણીમાં ડુબાડી દેવાની છે.

પરંતુ, એ સઘળી રૂઢીઓ જરથોશ્તી ધર્મ અને તેના "સ્પીરીટ" થી તદન વિરૂદ્ધ હોવાથી એ ધર્મમાં ગુજરેલાંઓને ઠેકાણે પાડવાની જુદીજ રીતિ નજરે પડે છે. મુવેલાં બદનને ઠેકાણે પાડવા માટે ઉપર જણાવેલી રીતિઓ; આલમની જુદી જુદી પ્રજાઓ વચ્ચે જે નેમથી જાએજ થઈ છે તે નેમ એ રીતિઓથી

મોટે ભાગે, બલ્કે એમાની કોઇ રીતિમાં બિલ્કુલ્લ જળવાતી નથી. જરથોસ્તી દીન મરણ પામેલાં બદનને યા મુવેલાં કે જીવતાં બદનના કોઇબી છુટા પડેલા ભાગને, તેમજ બીજી જેબી વસ્તુથી ગંદકી, ચેપ, બીમારી, કોહવાટ નજીસાત વગેરેનાં નુકશાનકારક તત્વો આસપાસની હવામાં ફેલાતાં જીવતાંઓની આસૂદગીને જિયાન પોહોંચવાનો સંભવ રહે છે તે સઘળી વસ્તુઓને "નસા" ને નામે અપવિત્ર ગણીને તેમને ઈન્સાનો તથા ઉપયોગી હયવાનોના વસવાટથી ઘણે દુર લઇ જઈ તેમનો નિકાળ કરવાને તાકીદથી ફરમાવે છે. માણસ જાતનો જાતી અનુભવ અને આજની બહુજ આગળ વધેલી વિધ્યા આપણી બરહકક દીનનાં એ ફરમાનની મોતેબરી કાંઈપણ વાંધા વિના સ્વીકારે છે.

વળી જરથોસ્તી ધર્મ જમીન, હવા, પાણી તથા આતશ જેવાં કુદરતનાં મહાન તત્વો, જેમના ઉપર તથા જેમની સ્વચ્છતા ઉપર કુલ્લે જાનદાર ખલકતનાં જીવણ અને આસૂદગીનો આધાર રહેલો છે, તેમને પવિત્ર ગણીને તેમની બનતી સંભાળ લેવાને અને તેમને હર પ્રકારની આલૂદગી તથા અસ્વચ્છતાથી બચાવવાને સખ્ત તાકીદ કરે છે. જરથોસ્તી દીન ગેતીને યાને આ જેહાનને એક જુઠી માયા (delusion) અને ગેતી હયાતીને એક સ્વપ્ન તરીકે લેખતી નથી, પણ જરથોસ્તી દીન તો એ બંનેને એક ખરેખરાં સત્ય (reality) તરીકે ભાર મુકીને જાહેર કરે છે. તે આપણી આ જિન્દગીને આપણને દાદાર અહુરમજદે સોંપેલી એક બેકીમતી અમાનત લેખે છે અને તેને બહુજ સંભાળથી ઉછેરવાની આપણ ઉપર ફરજ નાખે છે, એટલુંજ નહિ પણ, આપણ દરેક જણની અમુક જિન્દગી ઉપરાંત, આપણાં નજદીકનાં કે દુરનાં ખેશીઓ, પાડોશીઓ, હમકારો, હમદીનો અને કુલ્લે ભાઇબંધ માનવીઓની જિન્દગીની પણ તેવીજ કાળજીથી સંભાળ લેવાને આપણને ફરમાવે છે. એ ફરજ, એ ફરમાન માત્ર "અષ" ના તરીકા ઉપર ચાલી કુદરતના કાનુનોને માન આપીને મનની અને તનની દરોસ્તી જાળવવાથીજ બજા લાવી શકાય. એમ હોવાથી

આપણી બરહક્કક દીને જેમ બીજી બાબદોમાં તેમ આપણાં ગુજરેલાંઓની લાશોને અવ્વલમંજલ પોહોંચાડવાની બાબદમાં બી ચોકક્કસ ફરમાનો આપીને આપણુને અમુક નિયમો મુકર્રર કરી આપ્યા છે, જે ફરમાનો અને જે નિયમો ઉપર સેંકડો ઉઠળ પાથળો અને હાદેસાઓ વચ્ચે આપણો ટોળો આજદન સુધી અમલ કરતો રહીને આપણાં ગુજરેલાંઓની લાશોને દોખ્મેનશીન કરી, ખુલ્લી હવામાં ખુરશેદ નેગિરશની વચ્ચે કુદરતનાં મેહતરો (scavengers) જેવાં મુવેલું માસ ખાનારાં પક્ષીઓ પાસે ભક્ષ કરાવી નાખવાની રૂઢી જાળવી શકયો છે. પછી તે રૂઢી, તેની ખરી મકસદથી અણજાણ રહેલાં કોઇ જુદદીન યા હમદીનને ગમે એવી વિચિત્ર અને વાંધા ભરી લાગે, યા તો તેની ખરી મકસદ સમજવા છતાં વિલાયતી સુધારો અખત્યાર કરવાની ધુંઇમાં આવેલા કોઇ હમદીનો જાણી જોઇને તે સામે ગમે એવા વાંધા ઉઠાવે તેનો કાંઇ મુજાએકો નથી.

હવે ઉપર જણાવેલી જુદી જુદી રીતિઓ જરથોશ્તી ધર્મને અને તેનાં "સ્પીરીટ" તથા હેતુ (end) ને કેટલી અનુસરતી છે તેની કાંઈ તપાસ લઈએ. ઘટતા અને અપક્ષપાત અવલોકન ઉપરથી સરખામણી કરતાં કોઈપણ કહી શકશે કે જરથોશ્તી દીન અને ખુદાની કુદરત એ બંનેના મીનોઈ અને ગેતી "સ્પીરીટ" તથા હેતુ એક બીજાંમાં આમેજ થઈ ગયાં છે. કુદરતના બારીક અભ્યાસ અને અવલોકન પરથી જે સબક તમો મેળવશો તેજ સબક પયગામબર સાહેબ અશો જરથોશ્તે અને તેમના જાનશીનોએ હજારો વર્ષ ઉપર આલમ આગળ રજૂ કીધા છે. જેઓ તે સબકોને અનુસરીને ચાલતા રહીને જરથોશ્તી દીનનાં ફરમાનો સર ઉપર ચઢાવતા રહયા છે, તેઓ ગેતી અને મીનોઇ એટલે શારીરિક અને આત્મિક એ બંને ફાયદાઓ પામતા રહી ગેતીમાં શારીરિક (physical) માન્સિક (mental), સંસંરી (social) તથા રાજદવારી (political) શરતોમાં આગળ વધવા પામવા સાથ દુન્યાવી મોટાઈની

અને મરણ પછી મીનોઈ આબાદીની ટોંચે પોહોંચ્યા છે. પણ તે સબકો અને તે ફરમાનોનો અનાદર કરતાં, તેમના પ્રત્યે બેદરકાર અને ગાફેલ રહેતાં, પરિણામો આયંદે ખ્વારીમાં અને ત્યાર બાદ ફોકટની પશેમાનીમોજ આવ્યાં છે, જે રાસ્ત બિનાની ગવાહી ઘણુજ કદીમ જમાનાથી આજદન સુધીની જરથોસ્તી ફિરકાની તવારીખના જુદા જુદા તબકકાઓ આપણને પુરી પાડે છે.

એવા બુલંદ "સ્પીરીટ" તથા એવા ઉમદા હેતુને અનુસરીને જરથોસ્તી દીન ગુજરેલાંઓને ઠેકાણે પાડવાની ઉપર જણાવેલી ત્રણે રૂઢીઓથી પરહેજ રહેવાને ફરમાવે છે. મુવેલા બદનને જળ–દાહ કરવાથી એટલે પાણીમાં નાખવાથી તે લાશ પાણીના ભીનાસથી વધુ અને વધુ સડતી રહીને પાણીને તથા આસપાસની હવાને મોટા વિસ્તારમાં ઝેરી બનાવે છે અને તેમાં ઉડતાં દુઃખ દર્દો તથા તરેહવાર બીમારીઓનાં તત્વો આમેજ થવાથી તે હવા દમમાં લેતાં, અને તે પાણી પીવા, ધોવા તથા નાહવાનાં કામમાં વાપરતાં જીવતાંઓની તનદરોસ્તીને ભારે નુકસાન પોહોંચે છે. એમ હોવાથી હવા–પાણી જેવાં અત્યયંત ઉપયોગી અને ફાયદેમંદ તત્વોને હરેક પ્રકારની આલૂદગી અને નુકસાનીમાંથી બચાવવાનો જરથોસ્તી દીનનો એક મુખ્ય તથા અગત્યનો હેતુ બર આવતો નથી અને તે સબબે જરથોસ્તી દીન પાળનારાંઓ એ નજિસ, નાશકારક રીતિથી આજદન સુધી વાજબી રીતે દુર રહેતા આવ્યા છે.

એવીજ નાશકારક અને નુકસાનભરી રીતિ મુવેલાં બદનને ભૂમિદાહ એટલે જમીનમાં દફન કરવાની છે. જમીનની નીચે થોડાક ફીટના ઘેરાવાની બંધ્યાર જગામાં લાશને દાટીને બંધ કરવાથી તે લાશ તુરતજ કોહવા માંડે છે અને સેહજ વખતમાં તેમાં નાશકારક ઝેરી જીવજંતુઓ પેદા થાય છે, જેઓ માહેલાં કેટલાંકો ખુલ્લી નજરે દેખી શકાય છે જ્યારે બીજાં કેટલાંક અતિ સૂક્ષ્મ હોવાથી અણદીઠ રહે છે. એ સૂક્ષ્મ જંતુઓ જિયાનકાર બીમારીથી ભરપૂર એવી કબર માહેલી બંધ્યાર હવા સાથે જમીનનાં

છીદ્રો (pores) મારફતે હરદમ બાહેર નિકળતાં રહી આસપાસની ખુલ્લી હવાને અસ્વચ્છ બનાવે છે અને આસપાસની જીવતી વસતીમા તરેહ ક્રિસમની કાતિલ બીમારી તથા દુઃખ–દર્દો પેવસ કરવાનો સબબ થઈ પડે છે. વળી ભૂમિદાહની રૂઢીથી કુદરત અને તેની પેદાયશની કરકસરનો નિયમ બિલ્કુલ્લ જળવાતો નથી. હરેક ગામ, શેહર યા કસબાની નાની યા મોટી સંખ્યાની વસતીનાં પ્રમાણમાં મરણોની સંખ્યાપણ હરદમ વધતી રહેવા સાથ કબ્રસ્તાનોના વિસ્તારોપણ વધતા રહે છે અને એ રીતે બેશુમાર મુરદાંઓમાંથી સામટી રીતે જથ્થા બંધ નિકળતી નુકસાનકારક જેરી હવાના અને સૂક્ષ્મ જંતુઓના ફેલાવાની કાંઈબી હદ્દ રહેતી નથી. એ અને એવાં બીજાં અનેક કારણોથી મુવેલાં બદનને ભૂમિદાહ કરવા માટે જરથોશ્તી દીને સખ્ત તાકીદ સાથ જાહેર કીધેલી મનાઈની મોતેબરી આપો આપ જણાઇ આવે છે.

જો કે મુવેલાં બદનને ભૂમિદા કરવાની રીત આટલી બધી નુકસાન કારક છે તે છતાં ઘણી શિખેલી, સુધરેલી વિદવતામા આગળ વધેલી યુરોપિયન તથા અમેરિકન ખ્રિસ્તી કોમોનો પ્રજાઓનો મોટો ભાગ સેંકડે નેવું ટકા પોતાની અસલ ધાર્મિક રૂઢીને ચીવતપણે વલગી રહી તેનીજ હીમાયત કરે છે. ખરીવાત છે કે કેટલાક યુરોપિયનો તથા અમેરિકનો ક્રીમેટોરયમથી લાશને ભસમ કરી નાખવાને પસંદ કરે છે અને તેથી રાજી હોય છે. પણ એવી ખ્રિસ્તી ધર્મની રૂઢીથી ઉલટી રૂઢીને પસંદગી આપનાર યુરોપિયનો અને અમેરિકનો ઘણા ખરા ધરમ એકીન એતેકાદ વગરના માલૂમ પડયા છે. ચુસ્ત ખ્રિસ્તીઓમાથી તો કોઈ કોઈજ ક્રીમેતોરયમની મારફતે લાશને ઠેકાણે પાડવાને રાજી હોય છે. અને એવા અપવાદો ખ્રિસ્તી કોમોમાં હોય તેથી કાંઇ એમ નથી ઠરતું કે શિખેલી સુધરેલી આગળ વધેથી ખ્રિસ્તી કોમો અને પ્રજાઓ ક્રીમેતોરયમમાં પોતાના ધરમથી ઉલટા જઈ લાશ બાલવાને મંજુરયાત યા પસંદગી આપવાને રાજી યા તૈયાર છે. બલકે તેઓ તો ઘણા જનુનથી અને ચીવતપણે વિરૂધ્તા બતાવે છે અને તેને

વખોડી કાઢે છે. આવી આગળ વધેલી કોમો પ્રજાઓ જેઓની ઘણીક બાબદમાં આપણા પારસીઓ વાંદર નકલ કરવા મંડી ગયા છે તે કોમો પ્રજાઓ ધર્મને ધાર્મિક રાહ રસમોનેજ માન આપી તે પ્રમાણે ચાલવામાં ફાયદો સમજે છે, પોતાનું અખંડપણુ, સલામતી, પાયદારી માને છે તો પછી આપણા કેળવાયલા પારસીઓ આ બાબદમાંબી તેઓની માફક પોતાના ધર્મને માન આપી ચાલવામાં, અને હમદીનોની લાગણીને નમી વરતવામાં પોતાનું તેમજ પોતાની કોમનું ભલું કાંય નહિ સરજતા અને માનતા હશે વારૂ?

અગ્નિદાહ એટલે મુવેલાં બદનને આતશ ઉપર બાળીને ભસ્મ કરવાની રૂઢી પેહેલી નજરે જોતાં ઉપલી બે રૂઢીઓથી ઓછી નુકસાનકારક અને વધુ સગવડ ભરી માલૂમ પડશે. પણ બરોબર તપાસ કરતાં મુરદાં બાળવાની આજ દન સુધી અમલમાં રહેલી રીતિપણ લગભગ તેટલીજ નુકસાન કારક જણાય છે. હરેક વસ્તુને આતશ ઉપર બાળતાં તેમાંથી તે વસ્તુની ખાસિયત પ્રમાણેની ખુશબો યા બદબો નિકળીને આસપાસ ફેલાતાં તેની તે ખાસિયત પ્રમાણે જીવતી આલમને ફાયદો યા નુકસાન પોહોંચાડે છે. ખુલ્લાં સ્મશાનમાં એક મુરદું બળી રહેતાં બહુ લાંબો વખત નિકળી જાય છે, જે અરસામાં તેમાંથી નિકળતી બદબો તથા ઝેરી હવા આસપાસ ઘણે દૂર સુધી ફેલાઈને જીવતાં પ્રાણીઓની સુખશાંતિ તથા આસૂદગીમાં ભારે ખલલ પોહોંચાડે છે. સ્મશાનની નજદીકમાં રહેનારાંઓ અને તે તરફથી હરદમ આવ જા કરનારાંઓ એ ખરી બીનાની ગવાહી વગર શકે આપી શકશે.

જરથોસ્તી ધર્મ ઉપર જણાવ્યા પ્રમાણે કુદરતનાં તત્વોને પવિત્ર ગણીને તેમને બનતાં સુધી કોઈબી કારણે અસ્વચ્છ તથા આલૂદા કરવા સામે સખ્ત મનાઈ કરે છે. આતશને ખુદ્દ અહુરમજદના બેટા તરીકેનું માન એ દીન આપે છે. તે એટલે સુધી કે આતશ આગળ પવિત્ર ક્રિયા કરનારા મોબેદને તેનાં મોઢાંના દમની આલુદગી વટિક આતશને ન લાગે તે માટે મોં ઉપર

આડું પદાન રાખીને તે ક્રિયા ભણતર કરવાને ફરમાવ્યું છે. એક તદન મરણ પામેલી લાશની નજિસાત તથા આલુદગી સાથ સરખાવતાં જીવતાં માણસનો શ્વાસ તથા શુક જોકે ઓછાં નુકસાન કારક છે તોપણ જરથોશ્તી દીન તેમને પણ એક સરખાં અપવિત્ર ગણીને તેમને આતશથી દૂર અને અલગ રાખવાને ફરમાવે છે. અને એજ કારણને લીધે જરથોશ્તીઓએ બીડી ફૂંકવી લાજમ નથી, પણ ગુનાહ ભરેલું છે. ત્યારે જે ધર્મ સાધારણ નજિસાતને બી અપવિત્ર ગણીનેતેથી પરહેજ રહેવાને પોતાના પાળનારાઓ (followers) ને તાકીદથી ફરમાવે છે તેજ ધર્મ, પોતે જાહેર કીધેલા મીનોઇ (spiritual) અને ગેતી (material) આલમમાં એક સરખી રીતે પવિત્રાઈ અને બુલંદી ધરાવતાં આતશ જેવાં મહાન તત્વના સીધા સમાગમ (contact) માં મુરદાં જેવા ઝેરીમાં ઝેરી આલુદગી ભર્યા "નસા" ને લાવવા જેવું કામ કોઇબી પ્રકારે શાંખી શકે એ નહિજ બનવા જોગ છે. જરથોશ્તી દીન કોઈબી કિસમના "નસા" ને આતશના નજદીકના કે દુરના, ખુલ્લા કે ઝાંખા, કોઇબી સમાગમમાં લાવવાંનાં કામને સખ્ત તાકીદથી ખુલ્લી રીતે ગુનાહ ભર્યું જાહેર કરે છે.

જરથોશ્તી દીનનો "સ્પીરીટ" તથા તેના સઘળા હેતુઓ અને સંજોગો જોતાં અને આપણને કુદરત તરફથી તથા તેને કાએદે મળતો સબક ધ્યાનમાં લેતાં, ગુજરેલાંઓને ઠેકાણે પાડવા માટેની એ દીને ફરમાવેલી રીતિ સર્વોત્તમ તથા તમામ ઇન્સાની આલમે એક સરખી રીતે અખત્યાર કરવા જોગ છે. ઉપર જણાવેલી બીજી રીતિઓ લાંબો વખત થયો એક કે બીજે કારણે વધતી-ઓછી અગવડભરી, ખરચાળ અને નુકસાન કારક માલૂમ પડી ચુકી છે ત્યારે હજારો વર્ષ થયાં જરથોશ્તી એર્યનોથી ચાલતી આવેલી આપણી રૂઢી દરેક જમાનામાં ઓછી અગવડ ભરી, ઓછી ખરચાલ અને નુકસાનથી સદંતર નિરાળી પુરવાર થતી રહી છે.

ઘણુંજ પુરાતન જમાનામાં આપણા પેહેલા જરથોશ્તી નેયાગાનો વચ્ચે ગુજરેલાંઓની લાશને વસતીથી ઘણે દુર ડુંગર કે ટેકડીને મથાળે લઇ જઈ તેને ઘટતા બંદોબસ્તથી ખુલ્લી રાખીને તેના સડી જતા ભાગને એટલે માંસને જંગલી કુત્રાં, કોહલાં, વરૂઓ અને મુવેલું માસ ખાનારાં પક્ષીઓ (vultures) પાસે ભક્ષ કરાવી દેવાનો તરીકો શરૂ થયો હતો. સઘળું માસ ખવાઈ રહેવા પછી તેનાં હાડકાંઓને ત્યાંજ ખુલ્લી હવામાં દિવસના ખુંરશેદની ગરમી અને રોશની વચ્ચે અને રાત્રે ઠાર તથા દવમાં સુકવવામાં આવતાં હતાં. એમ કેટલાક દિવસો સુધી રાખીને હાડકાં માહેલી ગુડ તથા બીજો આલુદગી ભર્યો પદાર્થ સદંતર નાબૂદ થયા પછી એટલે પુરતાં સુકાયા પછી તે હાડકાંઓને બરણી જેવાં વાસણમાં યા તો પથરના કે ધાતુના પેટારામાં પુરતી તરતીબથી બંધ કરી જમીનની નીચે યા જમીનની ઉપર બંધ્યાર જગામાં રાખવાનો રેવાજ આપણા ઇરાની નેયાગાનોમાં લાંબો વખત સુધી જારી રહ્યો હતો, એમ આપણાં પુરાતન સાહિત્યો અને કદીમ યુનાની તથા રૂમી લેખકોનાં લખાણો ઉપરથી જણાય છે. આજ પણ એ રીતિ મધ્ય અને પૂર્વ એશિયાના કેટલાક છુટા છવાયાં તાયફાઓમાં અસલ સ્વરૂપેજ જાએજ રહેલી નજર પડે છે. પણ આપણી સાસાન્યન પાદશાહત દરમિયાન એ રીતિમાં આગળ વધતા જમાનાને અનુસરતો ફેરફાર કરવાની જરૂર જણાવાથી તેમાં જરથોશ્તી દીનનો “સ્પીરીટ” અને હેતુ પુરતી રીતે જાળવીને આપણ વચ્ચે હાલ સુધી જાએજ રહેલી ગુજરેલાંઓને દોખ્મે નશીન કરવાની વધારે મલાહેજા અને સગવડ ભરી રીતિ જારી કરવામાં આવી હતી. કેટલાક વારના વ્યાસવાળી કુવાની પાળરોકી ગોળ દિવાર ભરી લીધેલાં દોખ્માંને નામે જણાયલાં મકાનમાં મરણ પામેલી લાશને લાવી મેલવા પછી ગીધો વગેરે મુવેલું માસ ખાનારાં પંખીઓ તે લાશ ઉપરનું તમામ માસ બાહેરથી અને અંદરથી થોડાજ વખતમાં ભક્ષ કરી નાખે છે અને ખાલી હાડકાંને ઉપર જણાવ્યા પ્રમાણે કેટલાક દિવસ સુધી ખુલ્લાં રાખવા પછી દોખ્માંની

વચ્ચોવચમાં બહુજ ઉંડાણુ સુધી ખોદેલા ભંડાશમાં નાખી જમા કરવામાં આવે છે. દેખીતી રીતે એ રૂઢીથી આસપાસની હુવા બિગડવાનો અને જીવતાંઓની આસૂદગી તથા સુખ શાંતિમાં ખલલ પોહોંચવાનો કાંઇબી સંભવ રહેતો નથી.

એ રીતિ સામે આજ સુધીમાં કાંઈબી કારણે વાંધો ઉઠાવવામાં આવ્યો ન હુતો. પણ હુમણાં વિલાયતી સુધારાની મોહિણીમાં અંજાઈ ગયલા કેટલાક પારસી ભાઈઓને "સીંગમાં સડો" નજર પડે છે જેથી તેઓ વારંવાર ભડકી ઉઠી એ રીતિ સામે બુમરાણ મચાવી મેલીને કોમમાં નાહુકનો કડવાસ અને દગદગો બરપા કરતા રહે છે. પણ એઓનાં એવાં કામોનું અંજામ કોમ પરકોમના સમજૂ વર્ગની ખફગી અને હાંસીમાંજ આવ્યા કરે છે. મુરદાંઓને જલ્દીથી બાળી નાખવા માટેનાં "ક્રિમે ટોરિયમ" નામનાં વિજળીક યંત્રની શોધ પશ્ચિમમાં થવા પછી તે યંત્ર આપણી કોમમાં પણ દાખલ કરવાની જિકર કેટલાક વિલાયતી મસાણિયાઓ તરફથી ઉઠાવવામાં આવી હુતી અને સને ૧૯૦૫ ના સાલમાં એ સવાલની ચકચારે ભારે જોર પકડયું હુતું અને તે વેળાએ મને પણ એ ચકચારમાં વધતો ઓછો ભાગ લેવાની ફરજ પડી હુતી. પાક દાદાર અહુરમજદની કરમ બખ્શેસથી આપણી કોમમાં હુજી બાકી રહેલી ખરી ધાર્મિક લાગણીની આગળ "ક્રમેટેરિયમ" ની જિકર જો કે જમીનદોસ્ત થવા પામી છે તો પણ હુજી કોઈ કોઇ વેળા વિલાયતી મસાણિયા ભાઈઓને હૈડે એ ઝળકતું વિલાયતી સ્મશાણુ ચઢી આવ્યા કરે છે. જેના બળાપામાં તેઓ પોતાનાં વાજીંત્રોમાં આપણી ગુજરેલાંઓને ઠેકાણે પાડવાની રીતિ સામે અવાર નવાર બખાળા કાઢતા, અને "ક્રિમેટોરિયમ" ની ખુબીનાં બાકાં પુકતા રહી, આપણી બરહુકક દીનનાં ફરમાનોની ખરી મોતેબરીથી અણજાણ એવા બિન અનુભવી જવાન વર્ગનાં મનને ગુમરાહ કરવાની કોશેસ વારંવાર કરતા હોવાથી ઉપર જણાવેલી ચકચાર વેળાએ અત્રેનાં વર્તમાન પત્રોમાં મેં જાહેર કીધેલા વિચારો એકવાર ફરીથી મારા જરથોસ્તી વાંચકો આગળ રજૂ કરવાની હું જરૂર જોઉં છું.

૧૯૦૫ ના સાલમાં આપણાં ગુજરેલાંઓને ઠેકાણે પાડવાની બાબદને લગતી ઉપલી ભારે ઝુંમબેશ કેટલાક દિવસો સુધી લાગત ચાલુ રહી હતી અને તે માટે ઇંગ્રેજી તથા ગુજરાતી વર્તમાન પત્રોમાં સંખ્યાબંધ ચર્ચાપત્રો બાહેર પડતાં હતાં. ઇંગ્રેજી પત્રોમાં એ ચકચાર ચલાવવા માટે કેટલાક ચર્ચાપત્રીઓએ તદન વાજબી વાંધો ઉઠાવ્યો હતો તે વાંધા સાથ તે વેળાએ હું એક મળતો થયો હતો અને આજે પણ થાઉં છું. તેઓએ કીધેલા ટીકા તદન વાજબી હતા, કારણ કે આપણા આચાર વિચારોને જાહેરાત આપવા માટે આપણી કોમમાં બોહોળો ફેલાવો પામેલાં ખાસ વર્તમાન પત્રો હોવા છતાં આપણી પોતાની કોમ અને ધર્મને લગતી જે બાબદો આપણે પોતેજ વધારે સારી રીતે સમજી તથા તપાસી શકિયે તે બાબદોનો નિવેડો લાવવાનો જે આપણે પોતેજ હકક ધરાવિયે છિયે તેવી બાબદો ઇંગ્રેજી પત્રોમાં લઈ જઈને આપણી કોમની અને ધર્મની હાંસી કરવા–કરાવવા જેવું કામ કોઇબી કેળવાયલા સમજુ શખ્સને છાજતું નથી.

હું એકવાર ફરીથી તમો જરથોશ્તીઓને કહું છું કે હરેક પ્રજા કે કોમમાં મજહબનાં ફેરમાનોનુ ઉલંઘન કરનાંરા, સંસારી નીતિ રીતિમાં ગુચવાડો ઉત્પન્ન કરનારા લોકો જોવામાં આવે છે. પણ તેવા લોકોથી આખી કોમને કે આખી પ્રજાને કોઈબી રીતે ધોકો પોહોંચતો નથી. માટે જો કદાચ એવી ખાસિયતના પચીસ પચાસ યા બસો પાનસો આસામીઓ આપણી જરથોશ્તી કોમમાં હસ્તી ધરાવતા હોય તો તેથી કરીને જરથોશ્તી કોમની કે જરથો-શ્તી મજહબની હસ્તી વિષે ફિકર કે ચિંતા રાખવાને કાંઇ કારણ નથી. એવા લોકોથી જરથોશ્તી દીનને કોઇબી રીતની અલવલ કે હરકત પોહોંચવાની નથી. આપણ સર્વ જાણિયે છિયે તેમ જરથોશ્તી કોમ અને જરથોશ્તી દીન આજ ત્રણ હજાર વર્ષ થયાં બલકે તેથી પણ આગમજ આ દુનિયાની સપાટી ઉપર હસ્તીમાં આવી તકવિયત પામતી રહી છે. એ કોમ અને એ દીન ઉપર વર્ષો અને સદીઓ સુધી આપણાં અસલ ઇરાન વતનમાં ગ્રીકો, રોમનો

અને મુસલમાનો તરફથી અનેક તરેહની મુશ્કેલીઓ અને આફતો, અનેક પ્રકારની મુસીબતો વિટી છે. જ્યારે એ ગ્રીકો, રોમનો અને મુસલમાનોની આપણી કોમ અને ધર્મ પ્રત્યેની દયાહીન વર્તણુક છતાં, તેઓની હકુમત, માલ ખજાના, લાગવગ અને દોડધામ છતાં આપણી કોમ અને આપણી દીન કાયમ રહેવા પામી છે તો પછી આપણી કોમમાં આ દુનિયાની માલમિલકત તથા પૈસા ટકા ઉપર મુસ્તાક રહેનારા થોડાક મુઠ્ઠીભર અધર્મી આસામીઓ હોય અથવા હવે પછી થાય તો તેથી આપણુને બીહુવાનું કે ડરવાનું કાંઇ કારણ નથી.

જરથોશ્તી ધર્મ સેંકડો વર્ષોના ઉપરાસાપરી હાદેસાઓમાંથી બચવા પામ્યો છે એજ બનાવ આપણુને એ ધર્મની ઉંચી ખુબી સત્યતા અને અમર્ગીનો એક મોટો પુરાવો આપે છે. હાલના વિધ્યાહુનરમાં ઘણા આગળ વધેલા જમાનામાં ઉંચી કેળવણી પામેલા યુરોપ અને અમેરીકા ખંડોમાં આપણો ધર્મ ઘણોજ મશહુર થઇ રહયો છે, એટલુંજ નહિ, પણ ત્યાંના ખ્રીસ્તી ધર્મગુરૂઓ અને વિદ્વાનો તેના ઉંડા અભ્યાસમાં રોકાયલા રહયા છે. તેઓના અભ્યાસથી અને એ ધર્મના બીજા ધર્મો સાથ મુકાબલા કીધાથી જરથોશ્તી દીનની ચઢિયાતી ખુબીઓ અને તેની શ્રેષ્ટા જાહેર થતી જાય છે અને આજે ઘણાક અપક્ષપાત વિદ્વાનો અને ધર્મના અભ્યાસીઓ જરથોશ્તી ધર્મને બીજા જાણીતા ધર્મોના મૂળ ઝરા તરીકે અનેકવાર ઠરાવી ચુકયા છે, અને એજ સબબને લીધે થોડા વખત અગાઉ સ્વીડનની જુની અને જાણીતી અપસાલા યુનિવર્સીટીમાં "થિયોલોજીકલ ફેકલ્ટી" ના દરેક વિધ્યાર્થીને જરથોશ્તી ધર્મનો અભ્યાસ કરવાની ફરજ પાડવાનો ઠરાવ પસાર થયો છે. ૧૯૦૫ ના સાલના જુન મહિનાના છેલ્લા મેલમાં મારા એક મિત્રે મને લખી જણાવ્યું હતું કે એ ઠરાવની રૂએ અપસાલા યુનિવર્સીટી જ્યાં સરાસરી આશરે ૧૫૭ વિધ્યાર્થીઓ થિયોલોજીનો અભ્યાસ કરનારા છે, તે સઘળાઓને પોતાની ફેકલટીની ચઢતી પરિક્ષા પસાર કરવા માટે જરથોશ્તી ધર્મનું ઘણું

સારૂં જ્ઞાન મેળવવાની ફરજ પાડવામાં આવે છે. જરથોશ્તી ધર્મ વિષે પશ્ચિમ તરફના ઓલમાઓ કેવો અભિપ્રાય ધરાવે છે તે એ બિના ઉપરથી આપણને માલૂમ પડે છે. જરથોશ્તી ધર્મમાં એટલી બધી તે શું ખુબી હોવી જોઇએ કે જેથી કરીને ખ્રીસ્તી વિદ્વાનો ખ્રીસ્તી ધર્મ-જ્ઞાન સંપૂર્ણ રીતે મેળવવા માટે "થિયોલોજી" ના વિદ્યાર્થીઓને અવસ્તા ધર્મ-જ્ઞાન આપવાની જરૂર ધારે? યુરોપની કોઇબી યુનિવર્સીટીએ બીજા કોઈ બી ધર્મના સંબંધમાં એવો ઠરાવ પસાર કીધેલો જણાયો નથી. ખ્રીસ્તી દેશમાં, કેળવાયલી ખ્રીસ્તી કોમમાં, ખ્રીસ્તી યુનિવર્સીટીમા, ખ્રીસ્તી ધર્મ અને ફિલસુફીના અભ્યાસ કરનારાં મંડળમાં જયારે અવસ્તા ભાષાનેજ નહિ, પણ વળી અવસ્તા ધર્મને બી આટલી બધી અગત્ય આપવામાં આવે ત્યારે આપણા અવસ્તા ધર્મ પાળનારા આપણુ જરથોશ્તીઓને કેટલું બધું મગરૂર થવું જોઇએ છે? અને એ ધર્મના વગોવનારાઓએ તેની મોતેબરી માટેનાં પોતાનાં અજ્ઞાનપણાંને માટે કેટલું શરમાવું જોઇએ છે?

આપણી બરહુકક દીનનાં ફરમાનો એવાં છે કે તેઓને કોઇબી જગાએ, કોઇબી જમાનામાં આ દુનિયા ઉપરની માણસ જાતની સુખશાંતિ તથા સુધારા વધારા માટે ઉત્તમમાં ઉત્તમ થઇ પડે, અને શું અદના કે આલા મુફલેસ કે માતબર તેમને એક સરખી રીતે વગર મુશ્કેલીએ આસાનીથી અમલમાં મુકી શકે. મેં જેમ પાંચમાં પ્રકરણમાં કહયું છે તેમ આપણી પાકીજે દીન મારફતે આપણને મળેલાં ફરમાનો એવાં ઉમદા છે કે તેઓને કોઇબી શાસ્ત્ર યા કોઇબી નવી કે જુની વિદ્યા આજદન સુધી ખોટાં પાડી શકી નથી અને હવે પછી ખોટાં પાડી શકશે નહિ. આપણાં ફરમાનો આત્મિક તેમજ શારીરિક દુનિયાની આબાદી વધારનારા કાએદાઓ છે. એ ફરમાનોની નેમ આપણી સર જમીન ઉપરની દરેક ચીજનું, આપણાં તનનું અને મનનું રક્ષણ કરવાની અને તેઓને દરોસ્તીમાં રાખવાની છે. આપણાં ગુજર પામેલાંઓની લાશને ઠેકાણે પાડવાને લગતાં ફરમાનોમાં પણ એજ નેમ સમાયલી છે. જરથોશ્તી ધર્મનો

કોઈબી અપક્ષપાતે અભ્યાસી હિમ્મતથી કહી શકે કે ગુજર પામેલાંઓની લાશને ઠેકાણે પાડવાનું જરથોશ્તી મજહબનું ફરમાન જેવું ઉત્તમ છે તેવું કોઇ બીજા ધર્મમાં જોવામાં આવતું નથી. આપણાં એ ફરમાન પ્રમાણે અમીર અને ફકીર, તવંગર અને ગરીબ વચ્ચેનો કોઈબી રીતનો ફરક કે તફાવત રાખવા વગર ગુજર પામેલાંઓની લાશને એક સરખી રીતે ઠેકાણે પાડવામાં આવે છે.

આ દુનિયાની સર્વે પેદાયશોમાં જમીન, હુવા, આતશ તથા પાણી એ મુખ્ય તત્વો છે જે તત્વોની સ્વચ્છતા ઉપર દુનિયાની બીજી સર્વે વસ્તુઓ તેમજ માણસ જાત અને બીજા જાનદારોની સફાઇ સુઘડાઇ અને સુખશાંતિનો મુખ્ય આધાર રહેલો છે. શારીરિક દુનિયાની જાળવણી માટેનું આપણા ધર્મનું દરેક ફરમાન એ તત્વોની સ્વચ્છતા ઉપર ઘણુંજ બારીકીથી ધ્યાન આપવા શિખવે છે. એ મેં આ વિષયની શરૂઆતમાંજ દેખાડી આપયું છે.

લાશની અંદર નુકસાન કારક ગુણો હોવાને લીધે કોઇબી માણુસ, કોઇબી ચીજ કે કોઈબી તત્વ તેના સમાગમમાં આવે તો તેને આપણા ધર્મમાં ફરમાવ્યા પ્રમાણે અપવિત્ર થયલું ગણુવું જોઇએ. જરથોશ્તી ધર્મ ફરમાવે છે કે બનતાં સુધી મુવેલી લાશને અડકવું નહિ અને ફરજિયાત અડકવું પડે તો તુરત નાહીને આપણું બદન સાફ કરવું. લાશને એવી ચીજ ઉપર મુકવી કે જેની અંદર તેનાં ખરાબ ઝેરી રજકણો અથવા તેમાંનાં જીવજંતુઓ પેવસ થઈ શકે નહિ. તેને હમેશાં પથર અથવા કોઇ જાતની મજબૂત ધાતુ ઉપરજ મુકવાને ફરમાવ્યું છે. વળી પાણી અને આતશના સંબંધમાં તે આવે નહિ તે માટે સંભાળ રાખવાની ખાસ તાકીદ કીધેલી છે. વળી મેં ઉપર જણાવ્યું તેમ સુકાં હાડકાને આપણી શકિત પ્રમાણે જાળવી રાખવાને ફરમાન આપેલું છે. આપણા ખુદ અવસ્તા માહેલા વંદીદાદમાં લાશનાં નુકસાન કારક ભાગનો એટલે, માસનો સદાબશે નિકાળ કરવાને હુકમ ફરવામાં આવ્યો છે પણ હાડકાંઓનો નાશ કરવાની ખુલ્લી મનાઇ

કીધેલી છે (વંદીદાદ પરગરદ ૬ ઠી ફકરા ૪૯—૫૧). હાડકાંઓને જાળવી રાખવાને આપણી અસલ ધર્મપોથી આપણી ઉપર ફરજ નાખે છે, તેથીજ આપણે સઘળાં મરણ પામેલાંઓનાં હાડકાંઓ ભંડારમાં જમા કરી રાખિયે છિયે. વળી અવસ્તામાં રસ્તાખેજ ને લગતું લખાણ મળે છે. અવસ્તા પ્રમાણે દુનિયાની આખેરીએ સઘળાં ગુજર પામેલાંઓનાં રવાનો પોતપોતાનાં હાડની અંદર દાખલ થઈ પાછાં જીંદગી ભોગવતાં થશે. આ રસ્તા ખેજનાં લખાણ સાથે હાડકાંઓને જાળવવાને લગતાં ફરમાનનો નિકટ સંબંધ સેહેલાઈથી જણાઈ આવે છે. આપણા ધર્મમાંથી રસ્તા ખેજની સમજ યાહુદી ખ્રીસ્તી વગેરે બીજા ધર્મોએ અખત્યાર કીધેલી છે એમ ધર્મ અભ્યાસીઓ કહે છે અને એ ધર્મો પાળનારાઓ રસ્તાખેજનાં સિદ્ધાંત તરફ માન ધરાવતા હોવાથી લાશને બાળવાનું કામ રસ્તાખેજનાં શિક્ષણની વિરૂદ્ધ જતું તથા તેનું ઉલઘન કરનારૂં લેખે છે.

જરથોશ્તી ધર્મ માણસને જેમ પોતાની હયાતીમાં દુનિયાની કોઈબી પેદાયશને કોઈબી રીતે નુકસાન ન કરતાં વધતામાં વધતું ઉપયોગી થવાને શિખવે છે, તેમજ મુવા પછી પણ માણસ દુનિયાના કોઇ તત્વોને, કોઈપણ ચીજને નુકસાન પોહોંચાડયા વગર ઉપયોગી થઈ પડે એવું ફરમાન આપે છે. લાશ ઉપરનો માસનો ભાગ જો લાંબો વખત રહેવા પામે તો જીવતાંઓની સુખશાંતિને નુકસાનકારક થઈ પડે છે. તેને જમીનની સપાટી ઉપરથી ટુંકમાં ટુંક વખતમાં નાબુદ કરવાને અર્થે ખુદાનાં પેદા કીધેલાં પ્રાણીઓ જેઓ મુરદાંનું માસ ખાઈને જીવી શકે છે તેઓના ખોરાક તરીકે ઉપયોગમાં લેવાને ફરમાવ્યું છે. આ પ્રમાણે આપણાં ગુજર પમેલાંઓને ઠેકાણે પાડવાની રીતિ કુદરતને બંધ બેસતી કુદરતની પેદાયશોને કોઇબી રીતે હાણી નહિ પોંહચાડનારી હોવા છતાં નવી રીતિ દાખલ કરવાની કોશેસ કરવી એ કોઈબી સારી સમજના તેમજ કેળવાયલા શખ્સની નજરમાં બેહુદું દેખાવું જોઈએ.

આ નવી રીત પ્રમાણે લાશને એક દાબડા જેવા ખાંચામાં કે ખાનામાં મુકી ભસ્મ કરી નાખવામાં આવે છે. આપણા કેટલાક

કહેવાતા સુધારકો તરફથી એવું સમજાવવામાં આવે છે કે આ નવી આશિદાહુની રીતથી લાશને ઠેકાણે પાડવામાં જરથોશ્તી મજહબનાં કોઈબી ફરમાનનો ભંગ થતો નથી. પણ એ સમજાવટ નાપાયેદાર છે, બલકે આગળ વધીને કહું તો તદન ગલત છે. જરથોશ્તી ધર્મ પ્રમાણે લાશનો એક ભાગ કુદરતની પેદાયશના નિભાવ અર્થે ઉપયોગમાં લઈ હાડકાંઓ જાળવી રાખવાં જોઇએ છે. પણ લાશ "ક્રમેટોરિયમ" માં બાળવાથી માસ તેમજ હાડકાં એક સરખી રીતે રાખમાં ફેરવાઇ જાય છે.

બીજું, "ક્રિમેટોરિયમ" થી યા બીજી કોઈબી રીતે લાશને બાળી નાખવાની વિરૂદ્ધ આપણા ધર્મનું જે ફરમાન આવે છે તે આતશને લગતું છે. જરથોશ્તી તેમજ દુનિયાના બીજા દરેક જાણીતા ધર્મમાં આતશને ઇશ્વરનું પ્રતિરૂપ (symbol) ગણેલો છે. જે પ્રમાણે આપણ જરથોશ્તીઓ આતશને પવિત્ર ગણી તેની બરદાશ્ત લઇએ છિયે તેમ ગ્રીક, રોમન, એસીર્યન, ફ્રીનીશ્યન, હીન્ડુ, ખ્રીસ્તી ચાઈનીઝ વગેરે પ્રજાઓએ આતશને પવિત્ર ગણેલો છે તથા તેની બરદાશ્ત લેતા જણાયલા છે. હું ઉપર જણાવી ચુકો હું કે કોઇબી અપવિત્ર પદાર્થના સીધા અથવા આડકતરા સંબંધમાં આતશ ન આવે તે માટે સંભાળ લેવાને ફરમાવેલું છે. આપણા ધર્મ પ્રમાણે મુવેલાની લાશ તે નસો છે. લાશને જો કોઈ શખ્સ આતશના સંબંધમાં લાવે તો તે ધણી અવસ્તા પ્રમાણે મોટો ગુનેહગાર થાય છે. વંદીદાદની ૮ મી પરગરદમાં કહેવામાં આવ્યું છે કે જે કોઈ શખ્સ ચુલા અથવા ચુલદાનની અંદર આતશ મુકી તે ચુલદાન અથવા ચુલા ઉપર વાસણમાં નસો મુકે તો તે શખ્સને મોતની શિક્ષા કરવી ઘટે છે. આ ફકરા ઉપરથી ખુલ્લું માલુમ પડે છે કે આતશના સીધા સંબંધમાંજ નહિ પણ આડકતરા સંબંધમાં પણ મુરદાંને લાવવું અવસ્તા પ્રમાણે ના રવા છે.

વળી આપણને એક બીજી બિના ધ્યાનમાં રાખવાની એ છે કે આપણ જરથોશ્તીઓ જેમ લાકડાંથી અથવા કોલસાથી અથવા એવા બીજા બળતા પદાર્થથી બનેલા આતશને પવિત્ર ગણિયે છિયે

તેમ વીજળીને પણ ગણિયે છિયે, કારણ કે વિજળી પણ આતશ છે. ગરમી, વિજળી, રોશની, આતશ એ સઘળાં એકજ મૂળ શક્તિ (agent) ના જુદાં જુદાં સ્વરૂપો છે. તેઓ એકજ પ્રકાર અને એકજ વર્ગનાં છે, અને તેટલા માટે આતશબેહેરામ પરથતી વખતે કેટલીક જાતના આતશનો સંગ્રહ કરવામાં આવે છે તેમાં વિજળીનો આતશ પણ લેવામાં આવે છે. એ રીતે આપણા ધર્મનાં ફરમાનો બારીકીથી તપાસતાં આપણને માલૂમ પડે છે કે જો લાશનો નાશ કરવા આડકતરી રીતે પણ વિજળી અથવા આતશ વાપરવામાં આવે તો જરથોસ્તી ધર્મ એવાં કામને ગુનાહ ભર્યું ગણે છે.

"ક્રિમેટોરિયમ" ના કોઈ હિમાયતી વળી એવી તકરાર લાવે છે કે આપણાં ગુજર પામેલાંની લાશને ઠેકાણે પાડવાની આપણી રીતિ માણસ જાતને છાજતી નથી. કારણ કે એ રીત પ્રમાણે ચાલવાથી આપણાં વહાલાંઓની લાશનો નાશ કરવામાં આપણે પોતે ભાગ લઇએ છિયે. આ તકરારમાં કેટલું વજૂદ છે તે કોઈબી સમજુ શખ્સ જોઈ શકશે. જો આપણા ધર્મ પ્રમાણેની રીતથી લાશનો નાશ કરવામાં આપણે ભાગ લેતા કહેવાઈએ, તો સાંચાથી, વિજળીથી અથવા એવાં બીજાં સાધનોથી આપણાં વહાલાંઓની લાશનો નાશ કરવામાં કેટલો વધુ ભાગ લેતા કહેવાઇએ? "ક્રિમેટોરિયમ," તેને લગતાં ઓજારો, તેને જોઇતી સઘળી ગરમી એ બધું માણસ બનાવે છે, અને લાશનો નાશ કરવા તે સર્વે ઓજારોનો તે પોતેજ ઉપયોગ કરે છે. જયારે આપણા ધર્મની રીત પ્રમાણે આપણાં ગુજર પામેલાં વહાલાંઓની લાશ કુદરતનેજ સોંપિયે છિયે અને કુદરત પોતે ટુંક વખતમાં કુદરતના કાએદાઓનો કોઇબી રવેશે ભંગ ન થાય તેવી રીતે તે લાશનો કુદરતની પેદાયશોને બંધ બેસતો નિકાળ કરી નાખે છે.

વળી "ક્રિમેટોરિયમ" વાળાઓનું કહેવું એવું છે કે આપણી રીત કમકમાટ ભરેલી છે. તો લાશને ભુંજવાની રીત કાંઈ ઓછી

કમકમાટ ઉપજાવનારી નથી. લાશને ભુંજાતી જેમ આપણે જોતા નથી તેમ દોખ્મામાં લાશનો ભક્ષ થતો પણ નજરે પડતો નથી. લાશ ભુંજાતી નજરે નહિ પડવાથી જો આપણને કમકમાટ નહિ ઉપજે તો પછી દોખ્માની બંધ દીવાલની અંદર જે કાંઈ થાય તે નજરે પડવા વગર કમકમાટ કેવી રીતે ઉપજી શકે ?

જ્યારે આપણાં ગુજર પામેલાંઓની લાશને ઠેકાણે પાડવાની આપણી દીનમાં ફરમાવેલી કોઈબી બીજી જુની યા નવી રીતિથી કોઈબી દરજ્જે ઉતરતી નથી, જ્યારે આપણી પોતાની રીત સુખાકારીના નિયમ ઉપર રચાયલી છે, જ્યારે તે સેહલાઈથી, ટુંકમાં ટુક ખરચે અને વાંધા વગર અમલમાં મુકી શકાય છે, જ્યારે તેને અમલમાં મુકવા માટે આપણા વડીલો બધી રીતની સગવડ કરી ગયા છે, જ્યારે આપણી માયાળુ સરકાર તે અમલમાં મુકવા માટે આપણને પુરં છુટ આપે છે, ત્યારે હજારો રૂપ્યાની બરબાદી કરી હજારો લોકોની ધાર્મિક તથા સંસારી લાગણી દુઃખવી કોમમાં મિનાકેશો અને નાહકની ખટપટ જગાડી ધર્મનું ઉલંઘન કરનારી, ખરચાળુ નવી રીત દાખલ કરવાની જિકર શું કામ કરવી જોઈએ તે સમજાતું નથી. આપણને હમેશાં ધ્યાનમાં રાખવાની જરૂર છે કે હરેક ચીજ જુની તે ખોટી અથવા ખરાબ હોતી નથી તેમજ દરેક નવી રીત તે ફાયદાકારક કે બેહતર કહેવાય નહિ. દરેક નવો ફેરફાર કરવો તે સુધારો કરવો એમ માનવું અથવા કહેવું બેહુદું છે. તેટલા માટે ભલા હમદીનોની ફરજ છે કે જો કોઈ લોકો સુધારાને નામે ધાર્મિક અને સંસારી ભલી નીતિ રીતિઓને ઉળટાવી નાખવા માગે તો તેથી દોરવાઈ જઇને તે ભલી નીતિ રીતિઓ તજી દેવી નહિ પણ તેઓને ચિવ્વટપણે વળગી રહેવું.

અગ્નિદાહ, એટલે માણસનાં મરણ પામેલાં બદનને આતશમાં બાળી નાખવાની રીતિ જરથોસ્તી દીનના "સ્પીરીટ" અને તેનાં ફરમાનથી કેટલી ઉળટી છે તે હું મારી અદના શક્તિ પ્રમાણે ઉપર ટુંકમાં દર્શાવી ચુકયો છું અને આશા રાખું

છું કે મારા હમદીન વાંચનારાંઓ તે ઉપર પુરતું ધ્યાન આપીને, તેમના ધર્મે સૃષ્ટિ વચ્ચે તે પાક પરવરદેગારની એક ખાસ અલામત (symbol) તરીકે, સૌથી પવિત્ર જાહેર કીધેલાં કુદરતનાં એક મહાન તત્વને ફક્ત સુધારકમાં ખપવાને ખાતર મુરદાં જેવા નસાના કોઈબી કિસમના સીધા યા આડકતરા સમાગમમાં લાવીને આલૂદા કરવા આગમજ સો વખત વિચાર કરશે.

હવે, હું ભૂમિદાહ એટલે ગુજરેલાંનાં બદનને જમીનમાં દાટવા બાબે થોડાક વધુ શબ્દો અત્રે કેહેવાને દુરૂસ્ત ધારૂં છું. જે કામથી કુદરતને અને તેની પેદાયશને તેમાં અકસર કરીને ઈન્સાની ખલ્કતની સુખશાંતિને નુકસાન તથા હરકત પોહોંચે તે કામને જરથોશ્તી દીન ગુનાહ ભર્યું લેખે છે. વિધ્યાની નજરે તપાસતાં ભૂમિદાહ કરવાની રસમ ઈન્સાન જાતની સુખશાંતિ અને તનદરોસ્તીને ભારે નુકસાન કારક છે. હું ઉપર જણાવી ગયો તેમ દુનિયાની સર્વે પેદાયશોમાં જમીન, હવા, આતશ તથા પાણી જેવાં કુદરતનાં મુખ્ય તત્વોની સ્વચ્છતા ઉપર દુનિયા માહેલી બીજી સર્વે વસ્તુઓ તેમજ માણુસ અને બીજાં જાનવરોની સફાઇ સુઘડાઇ અને સુખશાંતિનો મુખ્ય આધાર રહેલો છે, અને તેટલા માટે શારીરિક દુનિયાની જાળવણીને લગતું આપણા ધર્મનું દરેક ફરમાન એ તત્વોની સ્વચ્છતા ઉપર અતિ બારીક ધ્યાન આપવાને શિખવે છે. ત્યારે મુરદાંને ભૂમિદાહ કરતાં જમીન અને હવામાં બિગાડો થવાથી જીવતાંઓની સુખ શાંતિને જે ધોકો પોહોંચે છે તે ધ્યાનમાં લેતાં જરથોશ્તીઓને તેમના ધર્મ તરફની ભૂમિદાહ કરવા માટેની મનાઈ અગ્નિદાહ માટેની મનાઈ જેટલીજ મોતેબર અને ફાયદેમંદ માલુમ પડી આવે છે, અને એ મનાઈ ફરમાનની રૂએ જરથોશ્તીઓ પોતાનાં ગુજરેલાંઓને ભૂમિદાહ કરવાથી બનતાં સુધી પરહેજ રહે છે. પણ જયાં દોખ્માનો સગવડ ન હોય, યા તો ગુજરેલાંની લાશને બહુજ દૂર બાંધેલાં દોખ્મા સુધી લઇ જવાને બનતું ન હોય ત્યાં લાચારીએ જરથોશ્તીઓને પોતનાં ગુજરેલાંઓને ભૂમિદાહ કરવાની ફરજ પડે છે.

હવે ભૂમિદાહના સંબંધમાં દુર જઇ વસેલા જરથોશ્તીઓ વચ્ચે પેવસ થતી એક નુકસાનકારક રસમ ઉપર પેહેલું ધ્યાન ખેંચવાની જરૂર જોઉં છું. ૧૯૧૧ નાં સાલમાં ઉત્તર હિંદુસ્થાન તરફની મારી મુસાફરી દરમિયાન કાનપોર તથા આગ્રા ખાતેની જરથોશ્તી આરામગાહોની મુલાકત લેવાની તક મને મળી હતી. અલબત્તાં, એક જરથોશ્તી ધર્મ-ગુરૂ તરીકે એ આરામગાહોને નામે ઓળખાતાં પારસી કબ્રસ્તાનોની દુરથીજ મુલાકાત લઇને તપાસ કરતાં મને ભારે દિલગીરી ઉપજી હતી, જે મેં તેજ જગાઉપર હાજર રહેલાંઓ આગળ જાહેર કીધી હતી. દેખીતી રીતે ત્યાંના જરથોશ્તીઓની પોતાના વહાલાંઓનાં કાલબુદોને ઠેકાણે પાડવાની રીતિ મને બહુજ વાંધા ભરી લાગવાથી મેં મારી વાએજોમાં કાનપોર, આગ્રા અને લાહોરના જરથોશ્તી મુખીઓ સનમુખ તે રીતિને મેં વખોડી કહાડી હતી, અને ખુલ્લું જણાવ્યું હતું કે એ રીત આપણા બુલંદ જરથોશ્તી ધર્મનાં ફરમાનથી ઘણીજ ઉળટી છે. આપણા ધર્મ પ્રમાણે તેમજ સુંખશાંતિના અને તનદરોસ્તીના નિયમો તરફ જોતાં ગુજર પામેલાંનાં કાલબુદનો જેમ બને તેમ જલ્દીથી નિકાળ થાય તેવી તજવીજ થવી જોઇએ છે. હવે જો કોઇ ન છુટાય એવા સંજોગોને લીધે લાચારીથી આપણા ધર્મનું એ ફરમાન અમલમાં મુકી ન શકાય અને જમીનમાં દાટવાંજ પડે તો જરૂર જોગો ઉંડો ખાડો ખોદી ઉપર માટી નાખીનેજ અટકવું કે જેથી કરીને જમીન ઝાઝો વખત લાંબી મુદત સુધી કષ્ટાય નહિ અને અપવિત્ર રહે નહિ. પણ સૂર્યના કિરણોથી અને હવાથી કાલબુદ માટી થઇને માટીમાં મળી જવાં પામે અને જીવલાંઓને ખરાબી પોહોંચતી જેમ બને તેમ જલ્દીથી અટકે. આ સઘળું ધ્યાનમાં ન રાખતાં કાનપોર, આગ્રા વગેરે દુરના મથકોપર જઇ વસેલા જરથોશ્તીઓ ઉપર કહ્યું તેમ કરી સંતોષ પામતાં નથી. જે લાચારીને લીધે કરવું પડે તે ગુનાહ ભર્યું ન કહેવાય અને તેથી કરીને દુર જઇ વસેલા જરથોશ્તીઓ ભૂમિદાહ કરે તો તે દિગર વાત છે. પણ એટલુંજ કરીને ન અટકતાં તેઓ માહેલા

કેટલાકો કાલબુદવાંથી જમીન ઉપર મોટી પીરેમીડના આકારની અથવા બીજા આકારોની કબરો, પથર, ચુના, સીમીટ, સંગે મરમર વગેરેથી બાંધીને તે ઉપર તરેહવાર કોતરકામો કરે છે અને અફ્રગાન્યાં, પવિત્ર કલામોની ચોપડીઓના આકારો તથા પવિત્ર કલામો વગેરે કોતરાવવાનો અભખરો રાખે છે. કોઇ તો એવી કબરો ઉપર પાનસેં સાતસો રૂપ્યાનો ખરચ કરી નાખે છે. એવી કબરો બાંધવી ગુનાહ ભર્યું કામ છે. કબરોનો નાશ કરવાને આપણા ધર્મે ફરમાયું છે. માટે દુર દેશાવરો જઇ વસેલા જરથોશ્તી ભાઇઓએ એવી ખર્ચાળુ અને હાણીકારક કબરો બંધાવતાં બંધ પડવું અને તેનો અટકાવ કરવો. જો અટકાવ ન થશે તો એક બીજો મોટો ગેર ફાયદો આપણુ જરથોશ્તીઓને એ થશે કે જેમ ખ્રીસ્તીઓ, મુસલમાનો, અને યાહુદીઓ હજારો રૂપ્યા ફોકટમાં નાખી દે છે તેમ આપણા લોકોપણ કરતા થશે. આપણા લોકોમાં કીમતી કબરો બાંધવાની કઢંગી હરીફાઇ ચાલશે. ગરીબો એ હરીફાઇમાં જીપલાવશે અને કરજદાર તથા દેનદાર થાય છે તેમાં પુરા થશે.

મારી યુરોપ અમેરીકાની મુસાફરી દરમિયાન મેં ઇટલી દેશના ઉત્તર ભાગમાં આવેલાં સુંદર જીનોઆ અને મીલાન શેહરોની મુલાકાત લઇ તે શેહરો જોયાં હતાં. એ શેહરો ખાસ કરીને ઘણાંજ કીમતી કબ્રસ્તાનો માટે પ્રખ્યાત થયલાં છે. જેવાં કીમતી કબ્રસ્તાનો એ શેહરોમાં જોવામાં આવે છે તેવાં દુનિયાના બીજા ભાગોમાં જવળેજ હશે. મેં એ કબ્રસ્તાનો ઉપર નજર નાખી હતી. એ કબ્રસ્તાનો મુખ્ય કરીને બે ભાગોમાં વહેંચી નાખેલાં મારા જોવામાં આવ્યાં હતાં. એક ભાગમાં ખુલ્લી જમીન ઉપર એક યા બે ફીટની સાધારણ લાકડાંની પટીઓના બનાવેલા ક્રોસો થોડે થોડે અંતરે હારબંધ ઉભા કીધેલા મારા જોવામાં આવ્યા હતા. રૂતુની અસરથી કાળા મારી ગયલા એ ક્રોસોને માટે પૂછતાં માલૂમ પડયું કે એ સાધારણ જમીન ઉપર ઉભા કીધેલા

કાળા મારી ગયલા ક્રોસો જમીનની સપાટીની અંદર ડાંટેલાં ગરીબ ખ્રીસ્તીઓનાં મુરદાઓ ઉપર ખ્રીસ્તી નીશાન તરીકે ઉભા કરવામાં આવ્યા છે. કબ્રાસ્તાનના બીજા ભાગોમાં છાપરાં સાથની ઈમારત જોવામાં આવતી હતી જેની અંદર ઉંચામાં ઉંચી કારીગરીથી બનાવેલાં સુંદર શણગાર સાથનાં સંગેમરમરનાં પુતલાંઓ તથા આકારો સાથની બહુંજ ઉંચી જાતના પથરનિ બાંધેલી કબરો ઉભી કીધેલી દેખાતી હતી. એ તવંગર પૈસાદાર લોકોનાં એકેક મુરદાં ઉપર બાંધેલી એવી એકેકી કબરની કીમત સેંકડો નહિ પણ હજારો રૂપ્યાથી અંકાય છે. વળી અમીર ઉમરાઓનાં જુદાં જુદાં કુટુંબોનાં મુરદાંઓને માટે અલાહેદી બાંધેલી કબરોનાં મકાનોની કીમત તો તે કરતાં પણ વધારે ગણાય છે. મીલાન તથા જીનોઆનાં કબ્રાસ્તાનો ઉપર નજર નાખતાં અને કાલબુદોને ઠેકાણે પાડવાની ખ્રીસ્તીઓની એવી રૂઢી તથા રસમ ઉપર ગૌર કરતાં મારાં મનમાં કોઈ સારા સબક, વિચાર કે લાગણી ઉત્પન્ન થવાને બદલે કોઇબી સમજુ અપક્ષાપાત માણસને આવે તેમ મને ખિયાલ આવ્યો કે ખ્રીસ્તી ધર્મ, અને ખ્રીસ્તીઓની ધાર્મિક રાહ રસંમ, મુવા પછી મુવેલાં કાલબુદોનેબી આ ફાની જેહાનને લગતા પૈસા ટકા મરતબાના પ્રમાણમાં ચઢતી ઉતરની જગા તથા શણગાર આપવાને, અને તેમ કરી માણસ માણસ વચ્ચેનો આ ફાની દુનિયાને લગતો તફાવત રાખવાને છુટ આપે છે અને તે દેખાડવા પાછળ લખો બલકે કરોડો રૂપ્યા માટી ઉપર ફોકટમાં ઉડાવા દે છે. એ આરામગાહો ઉપર નેગાહ કરવાથી મને તો સંતોષ ઉપજવાને બદલે કોઇબી સમજુ અપક્ષપાત આસામીને ઉપજે તેમ મારાં મનમાં અને દિલમાં કચવાટ, અંદેશો, અફસોસ અને કમકમાટ પેદા થયો. ઠાળી આપવડાઈ, ઉકમાઈ, બાહેરના ખોટા દેખાવો અને હરીફાઈને ખાતર એ આરામ ગાહોમાં કરોડો નહિ પણ અબજો રૂપ્યાની ધુળધાણી કરવામાં આવી છે. તેમની એવી ધુળધાણી કરવા કરતાં તે મરનારોની યાદ કાયમ રાખવાને અર્થે લાચાર બેચાર ગરીબો અને નિરાધાર માણસો, જેમની સંખ્યા ખુદ ઈટલી

દેશમાં કાંઈ નાની સુની નથી તેઓને મદદ આપવા માટેનાં ફંડો સ્થાપ્યાં હતે તો તે મરનારોની યાદ આવી ખાકી ખાકમાં બદલાઈ જનારી કબરો મારફતે રહે તેનાં કરતાં વધારે લાંબી મુદત સુધી તેઓનીયાદ ચાલુ રહેતે અને તેવાં સખાવતી ભલાં કામોમાં પૈસો રોકવાથી હજારો જીવતા જીવો તેમજ ગુજર પામેલાંઓના આત્માઓ તેમજ ખુદ ખુદા પોતે પણ .એવાં સખાવતી કામો કરનારાંઓને કેવી સારી દોઆઓ દેતે અને આનંદ પામતે !

એવી વગર અર્થની, ફોકટની ખડચાળુ ટેહકરાઈ અને ફિશિયારી પાછળ કાનપોર, આગ્રા વગેરે દૂરનાં મથકોપર જઇ વસેલા જરથોશ્તીઓને તણાતા અને પોતાની સકમાઈનો પૈસો નાહક્ક બરબાદ કરતા જોઈને ખરા દીનદાર સમજુ હમદીનોને બેહદ્દ ખેદ તથા સંતાપ ઉપજવો જોઇએ. છે. હાલમાં ફરિયાદ ઉઠી રહી છે કે આપણાં લોકો ગુજરેલાંઓ પાછળ પોતાનો પૈસો અણઘટતી રીતે ખરાબ કરે છે તે ફરિયાદમાં મોટે ખરચે કીમતી કબરો બાંધવાથી ખરચમાં થતા વધારાને લીધે ઓર ઉમેરો થશે. સાંભળવા પ્રમાણે દેશાવરો ખાતે તો જો કોઇ નજીવે ખરચે કબર બંધાવે છે તો તેને કેટલીક તરફથી ટુંખી પીખી નાખવામાં આવે છે. હવે, એ ઉપરથી, આગળ ચાલતાં કેવો મામલો થઈ પડે તેનો આપણને કાંઇ વિચાર કરવો જોઈએ, એ માટે પસંદ કરવા જોગ ઈલાજ એજ છે કે ઉપલી કઢંગી રસમ હજી નવી અને તાજી છે તેટલાં તેટલાંજ તેને અટકાવીને દાબી નાખવી કે જેથી કરીને આપણા ધર્મથી ઉળટી અને આપણી આવક ઉપર બોજો થઇ પડતી એવી બદી શરૂઆતમાંથીજ આપણી કોમ વચ્ચેથી નાબૂદ થાય અને સવાબનો હમબેરો હાસલ કરવામાં જરથોસ્તી બેરાદરો પછાત ન પડે. ધાર્મિક રૂઢીને નામે ચાલતી પરકોમોની આવી કઢંગી, નુકસાનકારક, ખરચાળુ, ફિશિયારી અને ટેહકરાઈ ભરી શાહ રસમો, જે જરથોશ્તી ધર્મ અને તેનાં ફરમાનોથી તદન ઉળટી અને વેગળી જાય છે, તેમાંથી આપણી કોમને અશો અહુરમજદ હમેશાં બચાવેલીજ રાખો !

વધારો. *

મારા પ્રવાસોની ટુંક નોંધો.

યુરોપ, અમેરીકા અને હિંદુસ્થાનમાં મેં કીધેલા પ્રવાસોનો તથા તે દરમિયાન મને મળેલા અનુભવનો એક તુલોતવીલ અહેવાલ છપાવીને એક પુસ્તકના આકારમાં બાહેર પાડવાની એલતેમાસ મને મારા મિત્રો અને ખેરખાહો તરફથી આજદન સુધી આગ્રહ પૂર્વક થતી રહી છે. પરંતુ, કમફુરસદ અને બીજી અડચણોને લીધે એ મારા મિત્રો તથા ખેરખાહોની ખાહેશ બર લાવવાનો સંભવ ન હોવાથી, હાલતુરત મારી અદના શકિત પ્રમાણે એ સર જમીનો ઉપરનાં જુદાં જુદાં શેહરોની ઉડતી મુલાકાતો લઇને ત્યાં ઇંગ્રેજી તથા ગુજરાતી જબાનોમાં મેં જે ભાષણો આપ્યાં હતાં તેમની તે વેળાએ આપણાં વર્તમાન પત્રોમાં છપાયલી થોડીક ટુંક નોંધો યા રીપોર્ટો આ પુસ્તકને સેવટે એક વધારા તરીકે રજૂ કરવાની રજા લઉં છું.

એ નોંધો યા રીપોર્ટો અત્રે આપવાની મારી મૂળ મતલબ એ છે કે મારા ઉપર જણાવેલા પ્રવાસો દરમિયાન મને મળેલા અનુભવો તથા દાખલાઓનો મેં મારાં આ પુસ્તકની અંદર ઘણેક ઠેકાણે જે ઉપયોગ કર્યો છે તેમજ તેમાં ઠેકાણે ઠેકાણે એ મુલાકાતો બાબે જે ઈશારાઓ કીધા છે તેમને ટેકો મળે અને વાંચનારાઓને તેમની શાહેદતો વિગતવારે જોવાને બની આવે. વળી, એમ કરવાનું એક બીજું મુખ્ય કારણ એ છે કે એવા પ્રવાસોથી પ્રવાસો કરનારને, તે

* યુરોપ, અમેરિકા અને હિન્દુસ્થાનના મારા પ્રવાસોને લગતી લમબાણ નોંધો, રીપોર્ટો, અહેવાલો માટે જુઓ ઇ. સ. ૧૯૦૪ જુલાઇથી–૧૯૦૫ જાનેવારી સુધીના જામેજમશેદ તથા અખબારે સોદાગર, ૧૯૦૯ ના દીસેમબર-જાનેવારીના જામેજમશેદ તથા સાંજવર્તમાન અને ૧૯૧૦ દીસેમબરથી–૧૯૧૧ મારચ સુધીના જામેજમશેદ તથા સાંજવરતમાન.

દરમિયાન તેને કીધેલાં ભાષણોથી ભાષણો 'સાંભળનારાઓને કેટલો ફાયદો થઈ શકે છે, તે ભાષણોની કેવી અસર થવા પામે છે, તેથી લોકોમાં કેવી આસ્થા અને ઉલટ પેદા થાય છે, તેજપ્રમાણે દુર દરાજ વસતા જરથોશ્તીઓને તેમજ પારસી કોમ માટે કાંઈક જાણવાની હોંસ ધરાવનારા જુદદીનોને એવાં ભાષણો મારફતે મળતાં જ્ઞાનની કેવી જરૂર છે તે સઘળી બિનાઓ એ નોંધો મારફતે આપણા લોકો થોડે ઘણે દરજજે જાણી શકે. ઉપરાંત, જરથોશ્તી ધર્મ, સંસાર, રાહુરસમ વગેરે બાબદો વિષે ખુદ આપણી કોમમાં તેમજ પરકોમોમાં ફેલાયલા ખોટા ખિયાલો તથા વાહિયાત ધખારાઓ દુર કરવાને એવાં ભાષણો કેટલી હદ સુધી ઉપયોગી થઇ પડે છે તે જોઈ અને જાણી મુંબઇના તેમજ બાહેરગામના જરથોશ્તીઓ સાથે મળી એવા પ્રવાસો અને ભાષણો ચાલુ રાખવા માટે લાયકની ગોઠવણ ઘડખમ પાયા ઉપર કરે યા કરાવે.

આટલું તો સમજુ જરથોશ્તીઓએ કબૂલ કરવુંજ જોઈએ કે એવી ગોઠવણ કાંઈ સેહલથી થઈ શકતી નથી. એવું કામ આરંભવા માટે ઘણીક રીતે તન, મન અને ધનને લગતી 'મુશ્કેલીઓ તથા હાડમારીઓ ખમવી પડે છે. અને એવી એવી મુશ્કેલીઓ તથા હાડમારીઓ ખમવી પડતી હોવાથી, પોતાની કોમ અને ધર્મને ચાહુનારો અને તેમનું ભલું ઇચ્છનારો કોઇ જરથોશ્તી જાતી લાગણીથી એવાં કામો આરંભવાને એકાદ બે વખત કદાચ માથે લીએ પણ તે લાંબો વખત નિભી શકે નહિ અને અરસ પરસની મદદ અને સગવડ વગર ચાલુ રાખી શકે નહિ. કેટલીક વખતે એવાં કામમાં સગવડ અને મદદ આપવી તો બાજૂએ રહી જાય છે, અને તેને બદલે તેવાં કામને તોડી પાડવાની તજવીજ થાય છે. આપણે ઘણીક વખત જોતા રહિયે છિયે કે આપણા ઘણાક જરથોશ્તીઓ મોજમજાહ, ઠાલી ફિસિયારી, અને ફેશનમાં પોતાનાં તન, મન અને ધનનો તેમજ મેહનત, જેહમત, વખત અને ફુરસદનો હદથી જિયાદા હિસ્સો ફાજલ પાડે છે, પણ ઉપલી કિસમનાં શુભ કામમાં કોઇ રીતે 'ભાગ લેવાની તેઓને

સૂચના કે ભલામણ કરવામાં આવે છે ત્યારે જાણે તેઓ ઉપર કેવી એક આફ્તત અને બોજો આવી પડતો હોય તેમ હરેક પ્રકારનાં નજીવાં યા ખોટાં બહાનાં બતાવી બન્ને હાથે ના પાડતા હોય એમ લાગે છે. દેશાવરોમાં વાયજો દર વરસે કરવા કરાવવાની અને એ પ્રમાણે હમેશાં ચાલુ રાખવા અને રખાવાની કોષેશ મારા પોતા તેમજ મારા મીત્રો તરફથી થઈ હતી પણ તે નીશફળ ગઇ છે. આવી નીશફ્તાનું મૂળ કારણ શું હશે? કાંઈજ નહિ પણ હું વખતો વખત જણાવતો રહયો છું તેમ, આપણી કોમમાં સારી સંગીન કેળવણીની અને તેવી કેળવણીથી ઉપન્ન થતી સારી પિછાન કરવાની શકિતનિ મોટી કોતાહી છે. આવી કોતાહી જેમ બને તેમ જલ્દીથી દુર કરવાને અશો અહુર–મજદ જરથોસ્તીઓને ઉલટ અને ઉમંગ બખ્શો!

જુદાં જુદાં વરતમાંન પત્રોમાથી પ્રવાસો બાબેની ઉતારી લીધેલી ટુંક નોંધો.

The Parsi

(Bombay, Fedruary 1905. A Copy of The Parsi)

Mainly Parsi.

Naib Dastur Sanjana's Visit to Europe.

Naib Dastur Rustomji Edulji Sanjana, B. A. the accomplished young Deputy High Priest, who returned from Europe the other day, is a conspicuous instance of the changing condition of our priesthood. The interest evinced by our community in Dastur Sanjana's visit to Europe is part of this general interest we have spoken of, and for that reason it is not a little to be welcomed...

The lectures delivered by Dastur Sanjana in Europe are a sufficient proof of what our educatey young priests are capable of doing when properld encouraged by the community. As is well-known the

young Dastur went to Europe seven months ago on an invitation to attend the Congress of the History of Religions at Basel in Switzerland. At the Congress he delivered a lecture on "Ahura Mazda" which was much admired by his French, German, Swiss and Genoese *confreres*. His second lecture was delivered before the Religious Conference at Stockholm, to which he was invited by Professor Sodorblom; the subject on this occasion was "Gal in the Avesta." At Upsala he delivered his third lecture under the auspices of the Upsala Uniersity on "Ethics." The fourth lecture was delivered in London before the Royal Asiatic Society with Lord Reay in the chair, the subject being "Is Zoroastrianism Dualistic ?" From London Dastur Sanjana went to America. In New Yark, under the auspices of the Columbia University, he delivered his fifth lectuze on "Avesta and Zarathustra." In addition to lecturing, Dastur Sanjana took the opportunity of visiting many of the European savants of our religion and history. He saw Dr. Geiger at Erlangan, Professor Weilhelm at Yena, Professor Bartholomae at Geissan, Dr. Weisback at Leipsig, Professor Geldner at Berlin, Professor Soderblom at Upsala, Dr. Lawrence Mills at Oxford, and Professor Jackson at New York. At Washington, through the good offices of Sir Mortimer Durand, the British Ambassador, he had the honour of being introduced to President Roosevelt, who was good enough to refer in flattering terms to the intelligence, enterprise and progress of our race. From Washington Dastur Sanjana returned to Bombay, and thus completed his little tour.

We join in the welcome accorded to the young Dastur and hope that his enterprise and success will result in many more Ervads visiting Europe and reaping the inestimable advantage of a personal intercourse with the learned men there.

Jam-E-Jamshed,

(Tuesday, 10. th January 1905.)

PLAIN SPEAKING.

NAIB DASTUR RUSTOMJI SANJANA has returned from his tour in Europe; and the event is a noteworthy one, even in the history of so pogressive a community as the Parsees. Naib Dastur Rustomji Sanjana had to undertake his journey amid difficulties that the community could well understand; and the very fact of his undertaking it in spite of so many obstacles and difficulties stamped him as one of the rising hopes of his community. At almost every step of his journey he fulfilled the expectations that were formed of him; and he now returns having not only added to his own reputation but to that of the people he represented. He has had the greatness of the Western world strongly impressed upon him; and on the great ones, the intellectual elite of that world, he has left in turn, the most favourable impression that any one of his class could hope to leave of the many excellencies of the faith of which he is a minister, and of the many good qualities of the race of which he was representive. He has, according to all reports and the record of his activities, spent the time of his visit to Europe

and America, wisely and well, be-lying thereby the fears of, and the prophesies inspired by, not altogether disinterested persons. He has learnt much himself, the benefit of which we dare say he will not fail to give to his co-religionists; and, by his lectures, papers, conversation and conduct throughout, he has done much to inspire the people of the Western world with respect and goodwill towards the Parsees. This is no small service to the community, and it is but due to Naib Dastur Rustomji Sanjana to say how grateful his co-religionists feel to him for his services in that connexion. He has proved to be carrying a ripe head on young shoulders; and we trust that his future career will be characterized by the self same qualities which have now won for him the esteem and admiration of the public here and in the West, and that he will continue to worthily represent the class and the community to which he has the pride and the honour to belong.

સાંજ વરતમાન તથા જામે જમશેદ.

(તા૦ ૧૧મી ડીસેમબર ૧૯૦૯ થી—તા૦ ૨૦મી જાનેવારી ૧૯૧૦ સુધી જુઓ.)

નાયબ દસ્તુર રૂસ્તમજી સંજાણાનો ગુજરાતનો પ્રવાસ.

ધાર્મીક ભાષણો.

નાયબે દસ્તુરજી સાહેબ રૂસ્તમજી એદલજી દસ્તુર પેશોતન સંજાના બી. એ. ગુજરાત તરફ ધાર્મીક ભાષણો આપવા માટે જનાર છે તેના સંબંધમાં બાહેરગામોના જરથોસ્તી ભાઈઓની વાકેફગારી માટે નીચલી વધુ વીગત આ પત્ર મારફતે જાહેરમાં મેલવાની ખુશાલી ઉપન થાય છે. જુદાં જુદાં શાહેરો અને વાયજોની બાબદો તથા પ્રમુખોના નામો:—

ઉડવાડા—દસ્તુરજી સાહેબ ખુરશેદજી મીનોચેહરજી તથા બીજા આગેવાન અથોરનાન ભાઈઓ તરફનાં આમંત્રણને માન આપી આવતી તા૦ ૧૫ મી થી ૧૯ મી સુધી ("નેક સલાહ" એ બાબદ ઉપર બે વાયજો દસ્તુર ખુરશેદજીના પ્રમુખપણા હેઠળ).

બીલીમોરા—માનવંત શેઠો જમશેદજી હોરમજજી મુંગુસી, બરજોરજી નશરવાનજી મંગુસી તેમજ અથોરનાન સાહેબોનાં આમંત્રણને માન આપી તા૦ ૧૯ મી થી ૨૩ સુધી ("જરથોશ્તી સબકો" એ બાબદ ઉપર બે વાયજો મી૦ મંગુસી અને ખા૦ બા૦ દોરાબજી પાવરીના પ્રમુખપણા હેઠળ).

નવસારી—ત્યાંની જાણીતી જ્ઞાન પ્રસારક મંડળી તથા એરવદ ખુરશેદજી એરચજી પાવરીના આમંત્રણને માન આપી તા૦ ૨૪ મી થી તા૦ ૨૮ મી સુધી ("જરથોશ્તી ધરમ સિદ્ધાંતો તથા ચીનહો" એ બાબદ ઉપર બે વાયજો દસતુર કેકોબાદના પ્રમુખપણા હેઠળ).

સુરત—સરદાર દાવર કેખુશરો એદલજી મોદી તથા ત્યાંની જાણીતી ફ્રેન્ડલી યુન્યનના આમંત્રણને માન આપી તા૦ ૨૮ મી થી તા૦ ૧ લી જાન્યુઆરી સુધી ("ખોદાઈ ખ્યાલ" અને "માનવીઓ માટે જરથોશ્તી બોધ" એ બાબદો ઉપર બે વાયજો. અને એક ઇંગ્રેજી ભાષણ; પ્રમુખો, સરદાર કેખશરૂ મોદી, મી૦ બેજનજી જમબુસરીઆ વકીલ અને રેવરન્ડ એનડરસન).

ભરૂચ—પારસી પંચાયત હસ્તક ખા૦ બા૦ શેઠ આદરજી મનચેરજી દલાલ તરફના તેમજ શેઠ હોરમજજી નવરોજજી ડુંગાજીનાં આમંત્રણને માન આપી તા૦ ૨ જી તા૦ ૬ ઠી જાન્યુઆરી સુધી (બે ગુજરાતી વાયજો "આપણી મુખ્ય ફરજ" ઉપર અને એક ઇંગ્રેજી ભાષણ; પ્રમુખો, મી૦ ખરશેદજી નશરવાનજી કોનત્રકટર અને મી૦ રતનજી જીવાજી કાંગા).

અમદાવાદ—જરથોશ્તી અંજુમનના સેક્રેટરી સાહેબો તરફની ગોઠવણ તથા શેઠ બરજોરજી કારંજાવાલાના આમંત્રણને માન

આપી તા૦ ૭ મી થી ૧૪ મી જાન્યુઆરી સુધી ("જરથોશ્તી ધર્મ" ઉપર ત્રણ ગુજરાતી વાયજો અને એક ઇંગ્રેજી ભાષાણું; પ્રમુખો, ઓ૦ નવરોજજી પે. વકીલ સી. આઈ. ઈ, મી૦ હોડીવાલા અને રેવરન્ડ પ્રીનસીપલ રોબરતસન).

જમે જમશેદ તથા સાંજ વરતમાન

(સુકરવાર તા૦ ૨૫મી નવેમબર ૧૯૧૦ થી ફેબ્રુઆરી તા૦ ૨૮મી ૧૯૧૧ સુધી જુઓ)

નાયબ દસ્તુર રૂસ્તમજી સંજાનાનો પ્રવાસ

નાયબ દસ્તુર રૂસ્તમજી એદલજી દસ્તુર પેશોતન સંજાન બી. એ. ધારમીક ભાષણો આપવાના શુભ હેતુથી જુદાં જુદાં શેહેરોને પ્રવાસે જનાર છે. દરેક મથકે એક ઇંગ્રેજી અને એક ચાલુ બાબદપર બે ગુજરાતી મળી એકંદર ત્રણ ત્રણ ભાષણો આપવાની ગોઠવણ કરવામાં આવી છે, પ્રોગ્રામ નીચે મુજબ છે:—

પુના—સરદાર નવરોજજી પદમજીની મેહેરબાની ભરી બાંહેધરી હેઠળ તા૦ ૩ જી ડીસેમબરથી તા૦ ૬ ઠી ડીસેમબર સુધી બાબદ—"A Word of Advice" (પ્રમુખ, ખા૦ બા૦ દોરાબજી ખનદાલેવાલા) અને "આપણી હાલત અને હાજત" (પ્રમુખ, સરદાર નવરોજજી પદમજી).

શોલાપુર—ત્યાંની જરથોશ્તી અંજુમનનાં માયાકુળ આમંત્રણને માન આપી તા૦ ૭ મી થી તા૦ ૧૨ મી ડીસેમબર સુધી. બાબદ—"The Light of our Soul" (પ્રમુખ, સેશનસ જડજ મી૦ એચ. એસ. હારવે) અને આપણો "એતેકાદ—એકીન" (પ્રમુખો, મી૦ લાલકાકા અને મી૦ જસાવાલા).

સીકંદરાબાદ—દસ્તુર સાહેબ ખુરશેદજી બેહરામજીની દીલસોજ આગેવાની હેઠળ તા૦ ૧૩ મી થી તા૦ ૧૮ મી ડીસેમબર સુધી. બાબદ—"Our Urgent Need" (પ્રમુખ, રેવરન્ડ પ્રાઇસ)

અને "આપણા મુખ્ય દીની વીચારો" (પ્રમુખ, દસ્તુરજી ખોરશેદજી બેહરામજી જામાસ્પઆસા).

અહમદનગર—ત્યાંની જરથોશ્તી અંજુમનનાં ઉલટભેર ઇજનને માન આપી તા૦ ૧૯ મી થી તા૦ ૨૪ મી ડીસેમબર સુધી. બાબદ–"Our Safest Guide" (પ્રમુખ, સેશનસ જડજ મી૦ બોઇડ) અને "ખરો માઝદયસની કોણ" (પ્રમુખો, મી૦ દારાશાહ એદલજી અને મી૦ બમનશાહ નગરવાલા).

મઉ—દસ્તુરજી સાહેબ ખરશેદજી જમશેદજી જામાસ્પઆસાના તથા ત્યાંના જરથોશ્તી ભાઇઓનાં આવકારદાયક આમંત્રણને માન આપી તા૦ ૨૫ મી થી તા૦ ૨૯ મી ડીસેમબર સુધી. બાબદ–"My Humble Request" (પ્રમુખ, કેનટોનમેન્ટ મેજીસ્ટ્રેટ મેજર મોરીસ) અને "આપણી મૂળ નેમ" (પ્રમુખ, દસતુરજી ખોરશેદજી જમશેદજી જામાસ્પઆસા).

નાગપુર—ત્યાની જરથોશ્તી અંજુમનના માન ભર્યા આમત્રણને માન આપી તા૦ ૩૧ મી ડીસેમબર થી તા૦ ૫મી જાનેવારી સુધી. બાબદ–"The Principal Object of Education" (પ્રમુખ, જુડીશીયલ કમીશનર એચ. પી. ડરેકબ્રોકમન) અને "જરથોશ્તી સબક" (પ્રમુખો, અનજુમનના વાઇસ પ્રેસીડન્ટ મી૦ જીવાજી વકીલ અને સેકરેટરી મી૦ બેહરામજી પે. કંત્રાકટર).

કલકતા—શેઠ જમશેદજી ફરામજી માદનની મેહેરબાનીભરી આગેવાની હેઠળ તા૦ ૭ મી થી ૧૨ મી જાનેવારી સુધી. બાબદ–"The Human Goal and How to Reach it" (પ્રમુખ, કલકતાની હાઈકોર્ટના વડા જડજ સર લોરેન્સ જેનકીન્સ કે. ટી) અને "ખુદા અને ઈનશાન" (પ્રમુખો, મી૦ માણેકજી રૂ. મેહતા બેરીસતર અને મી૦ રૂસતમજી ધનજીભાઈ મેહતા સી. આઈ. ઈ.)

કાનપોર—શેઠ નાનાભાઈ બેહરામજી જવેરી તથા મી૦ જમશેદજી લાલાની મેહમાનદારી તથા આગેવાની હેઠળ એક ગુજરાતી વાયઝ "ઉપદેશો કેવા હોવા જોઇએ" એ બાબદ ઉપર મી૦ જમશેદજી લાલાના પ્રમુખપણા હેઠળ.

આગ્રા—શેઠ જમશેદજી પટેલ તથા મી૦ રૂસ્તમજી સેવોય હોટેલવાલાની આગેવાની હેઠળ બે વાયઝો "મારા તરફથી સારા સખુનો" એ બાબદ ઉપર.

દીલ્હી—શેઠ નસરવાનજી મેહુતા તથા શેઠ મેરવાનજી ભરૂચાની આગેવાની હેઠળ એક ગુજરાતી વાયઝ.

લાહોર—શેઠ જાંહગીરજી રૂસતમજી દાજીની આગેવાની તથા મેહમાનદારી હેઠળ લાહોરમાં પાંચ દીવસ રહી ત્રણ ભાષણો "તમારી સ્થીતી સુધારવાનું સાંધન શું" એ બાબદ ઉપર. બે ગુજરાતી ભાષણો મી૦ દાજી અને મી૦ ખજુરી અને એક ઇંગ્રેજી ભાષણ "Human Nature and What it Essentially Needs" એ બાબદ ઉપર સર દેવીડ મેસન કે. ટી. સી. આઈ. ઈ.ના પ્રમુખપણા હેઠળ આપયાં હતાં.

કરાંચી—દસતુરજી ડા૦ માણેકજી ધાલા એમ. એ. પી. એચ. ડી. ની તથા પારસી પંચાયતની આગેવાની તથા મેહમાનદારી હેઠળ ત્રણ ભાષણો આપયાં હતાં. બાબદો "પારસી ધર્મ" અને "Our Ardent Wish and Prayer" ઉપર ગુજરાતી તથા ઇંગ્રેજી ભાષાઓમાં વાયઝો કીધી હતી. પ્રમુખ સ્થાને દસતુર ડા૦ ધાલા તથા જુદીશીયલ કમીશનર મી૦ ફ્રાઉચ બીરાજ્યા હતા.

જામે જમશેદ

(તા૦ ૧૭ મી જાનેવારી ૧૯૧૧)

કલકતામાં નાયબ દસતુરજી

પાયતખતમાં કારયસાધક અસર.

ધરમનીતીની કેળવણી માટે બરપા થયલું ફંડ.

કલકતાનો અમારો પ્રતીનીધી તા૦ ૧૧ મીના કાગળમાં લખે છે કે નાયબ દસતુર રૂસતમજી એદલજી સંજાણના જેઓ તેઓના હીંદુસતાનના પારસી શેહેરોમાં ધરમનીતી સંબંધી ભાશ-

ણોની મીશન ઉપર ફરે છે, તેઓએ ગયા રવીવારે તા૦ ૮ મી એ અત્રેની " કોરીનથીયન થીએટરમાં " " ખુદા અને ઈનસાન " ઉપર અત્રેના પારસી બાનુઓ અને ગ્રહુસથોના એક મોટા મેળાવડા સનમુખ ભાશણ રજુ કરયું હતું, જે વેળાએ પ્રમુખસથાને અત્રેના બેરીસટર મી૦ માણેકજી રૂસતમજી મેહેતા બીરાજ્યા હુતા.

એ ભાશણ જે ઘણું વીદવતાભરયું અને જરથોસતી ધરમ તરફની ફીદાગીરી ઉસકેરનારૂં હતું તે શરોતાજનોએ ઘણી ઉલટથી તથા વારંવાર ભાશણ કરતાને સાબાશીથી વધાવી લઈ, સાંભળયું હતું. ભાશણ કરતાએ તેઓનો વીશય તાલીઓના ભારે અવાજો વચે ખતમ કરયા બાદ પ્રમુખે પોતા તરફથી, તેમજ કલકતાની અંજુમન તરફથી દસતુરજીનો ઉપકાર માનતાં, તેઓ સાહેબને તેઓતાં ભલાં મીશન માટે શાબાશી આપી હુણી, અને એવાં ભાશણોની પારસીઓ માટે કેટલી બધી જરૂર છે અને તે જરૂર દસતુરજીના ભાશણથી કેટલી સાબેત થઇ હુતી, તે માટે અસરકારક વીવેચન કરયું હતું. પ્રમુખે વધુ ખાત્રી બતાવી હુતી કે દસતુર મોસુફ અને બીજા જાણીતા ધરમ અભયાસીઓ, તેઓનાં મીશનો જો ચાલુ રાખે તો બહાર ગામની અંજુમનોને મોટો ફાયદો થવા સાથે, તે અંજુમનો ઉપકાર અને ખુશી સાથે, તેઓને આવકાર આપવા સદા તઈયાર રહેશે. એરવદ એરચશાહુ બમનજી દસતુર કુમાનાએ ભાશણ કરતાની કાબેલ્થતની સતુતી કરતાં જણાવયું હતું કે દસતુર સાહેબનો આભાર માની માત્ર બેસી નહી રહેતાં, તેઓનાં શિક્ષણે જે શીખવયું હતું જે જરૂરીયાતો દેખાડી હુતી, તેને કોઈ સંગીન પાયા ઉપર ઉપાડી લેવી, અને તયારેજ ખરો ઉપકાર માનેલો કહેવાશે.

મી૦ ફીરોઝશાહુ જેહાંગીરે દસતુર સાહેબના કાબેલયત-ભરયાં ભાશણ માટે સતુતી કરતાં, જણાવયું હતું કે પારસી બાળકો માટે જરથોસતી ધરમની કેળવણી અવશયની હુતી. અતરે તેવાં કોઇ સાંધનોની ગેરહાજરી માટે પોતાનો ખેદ જાહેર કરતાં, તેઓએ જણાવયું હતું કે એવું કોઈ ખાતું આરંભવાની

જો ગોઠવણું કરવામાં આવે તો, તેઓ તેઓની અહના શકતી મુજબ રૂ૧૦૧ તેમાં ભરવા તઈયાર હતા. વીશેશમાં તેઓએ અત્રેના જરથોસતીઓને દસતુર સાહેબનાં ભાશણુ પછી, ધરમ કેળવણી તરફની તેઓની બેદરકારીમાંથી બેદાર થવાની ભલામણુ કરી હતી અને શેઠ જમશેદજી ફ. માદનને તેઓની હમેશની અથાગ ઉલટથી એ બાબદ ઉપાડી લઇ, તેને હાર પાડવાની ફરમાશ કરી હતી.

શેઠ જમશેદજી ફરામજી માદને તેઓને જે ભલામણ થઈ હતી તે માટે આભાર માનતાં એ કામમાં પોતાથી બની શકતી દરેક મદદ અને ટેકો આપવા તેઓની ખુશી જાહેર કરી હતી. તેઓ એ વધુ જણાવયુ' હતું કે એ જરૂરયાત ઘણાં વરસોની વાત ઉપર પાર પડતે પણ ચોકસ સ'જોગોથી તેમ થઇ શકયુ' હતું નહી. તેઓના ખયાલમાં એ બાબદ સદા રમતી રહી છે, અને પરવરદેગારની મદદથી હવે કાંઇક વહેવાર રૂપ તેને મળશેજ. શેઠ જમશેદજી ફ. માદને વધુ ઉમેરયુ' હતુ' કે જો કે તેઓએ બાબદમાં પોતાની સામેલગીરી દીલોજાનથી આપવા રાજી હતા, તો પણ તેના એક અગ્રેસર તરીકે યા તો કોઇબી કામના આગ્રેસર તરીકે, બહાર પડવાનુ' તેઓને પસ'દ નથી. અગરજો તે પ્રકારે એવુ' કામ તેઓને સોંપવામાં આવે તો તેઓ કદી ઉપાડી લઈ શકશે નહી એવુ' જણાવી ભલામણ કરી હતી કે કલકતાની અ'જુમનના માનવ'ત ત્રસટી સાહેબો, જેઓ હમેશાં એવાં કામોની આગેવાની લેતા આવયા છે અને તે પાર પાડતા રહયા છે, તે સાહેબોની આગેવાની હેઠળ એ શુભ કામનો આર'ભ કરવો. તમો તરફના શેહેરી મી૦ કાવસજી દાદાભાઇ દુબાશે. ધરમનીતી આપનારાં અત્રે સથાપવાની સુચના થયલાં ખાતાંમાં રૂ૧૦૧ ભરવાની ખુશી જણાવેલી તયાર બાદ પ્રમુખે જાહેર કરી હતી. પ્રમુખનો ઉપકાર માની તયાર બાદ સભાજનો વીસરજન થયા હતા.

નાયબ દસ્તુર સાહેબે 'ખુદા અને ઇનસાન' ઉપરનો ઉપલે દીવસે અધુરો રાખેલો વીશય પાયતખતી પારસી બાનુઓ અને ગ્રહસથોના મોટા મેળાવડા સનમુખ ગઈ કાલે સાંજે ૬ વાગે પાછો રજુ કરયો હતો, જે વેળાએ અત્રેના શેહેરી મી૦ રૂસતમજી ધનજીભાઇ મેહેતા પ્રમુખસ્થાને બીરાજયા હતા. અત્રેના એક ટ્રસ્ટી તથા અંજુમનના સેક્રેટરી મી૦ નવરોજી જા. અરજાંનીએ ઓનરેબલ મી૦ એમ. બી. દાદાભાઇ તરફથી આવેલો પત્ર સભામાં વાંચી સંભળાવયો હતો. જેમાં કામની રોકણ સબબ પ્રમુખ તરીકે સભામાં તેઓથી હાજર નહી થઈ શકયા માટે, દલગીરી જાહેર કરવામાં આવી હતી.

પ્રમુખની ફરમાસથી ભાશણ કરતાએ તેઓનો રસીલો અને વીદવતા તથા ચાનક ભરયો વીશય તયારબાદ સાંભળનારાઓની ઉલટ વચ્ચે આગળ ચલાવી પુરો કરયો હતો. એ જાણવાજોગ ભાશણો દસતુર મોસુફ મોહડેથી કરતા હોવાથી તથા ગુજરાતી ભાશામાં " શોરટ હેનડ " જેવાં સાધનોની ખુટ હોવાથી તેમાંહેલી જાણવાજોગ બીનાઓ લખી મોકલી શકાતી નથી.

ભાશણ કરતાએ આપણા ગાથાઓ તથા અવસતાઓમાંથી ફકરાઓ ટાંકી બતાવી જરથોસતી ધરમ કેવો સરસ, કેટલો શરેશટ હતો, તે સાબેત કરી તેના સથાપક પયગબર અશો જરથોસતને મહા જ્ઞાની તથા અનુપમ બુધ્ધીના અને આલા મીનોઇ જ્ઞાનની, અશો હોરમજદ તરફથી બખશેશ પામેલા જાહેર કરયા હતા. તેઓએ બાપોકાર જાહેર કરયું હતું કે હઝરત પયગંબર સાધારણ સમજ શકતીના એક સાધારણ શખસ, કેટલીક તરફથી જણાવવામાં આવે છે તેવા નહી હતા. અશો જરથોસત મહા જ્ઞાની હતા એમ દસતુર સંજાનાએ સાબેત કરયું અને હાજર રહેલાઓએ તાલીઓથી તેને ટેકો આપયો હતો. ઇનશાને, ખુદા તરફની તેની ફરજ, જરથોસત સાહેબે ફરમાવેલી મનસની, ગવસની અને કુનસનીના નેક કાનુનો ઉપર કેમ અને કેવી રીતે અદા કરવી, જરથોસતી દીન ઉપરનું જરથોસતીઓનું એકીન વધે

તો એ મનસની ગવસની કુનસનીના આપણા ધરમમાં ફરમાવેલાં નીયમો કેવી રીતે પાર પડે તે સરળ ઢપે વીદવતાથી સમજાવી સાંભળનારાઓનાં મન ઉપર ઉંડો છાપ બેસાડયો હતો; જરથોસતી ધરમની બુલંદીના તેઓના માનમાં બેવડો ઉમેરો કરયો હતો.

ભાશણ કરતાએ સાંભળનારાઓની ઘણી પરવાનગી લઇ, જરથોસતી ધરમ સંબંધી અને ક્રીયાઓ સંબધી બાબદ ઉપર રસીલું વીવેચન કરતાં, એ ધરમ ક્રીયાઓની મોતેબરી સમજાવી હતી, ધરમ ક્રીયાઓની મોતેબરી, તેઓની ઉમદા નેમ અને જરૂરયાત દરશાવી હતી.

પ્રમુખ ભાશણકરતાનો, તેઓનાં આવાં ચાનક તથા બોધ આપનારાં ભાશણ માટે, પોતા તરફથી તથા સભા તરફથી મોટો ઉપકાર માનતાં જણાવયું હતું કે એવાં ભાશણોની આજના ખોટી કેળવણીના રોહ ઉપર ઘસડાતા પારસી જવાનો માટે ઘણી જરૂર હતી. એવા થોડાકબી ભણેલા ધરમ અભયાસીઓનાં મીશનોની ઘણી ખુટ હતી. તેઓએ ઉમેરયું કે ભાશણ કરતાના ભલા વીચારો સાંભળનારાઓના કાનમાં લાંબો વખત સુધી રમીં રહેશે, તેના ફાયદાઓ મેળવવાને કલકતાની અંજુમન ભાગયશાળી થઇ છે. (તાલીઓ) ત્રસટી મી૦ નવરોજજી જાં. અરજાંનીની ફરમાસથી તયાર બાદ અંજુમન તરફથી દસતુરજીને પ્રમુખે એક કીમટી શાલ, પરસ તથા ફુલના હાર તાળીઓ વચે એનાયત કરયા હતા.

ભાશણકરતા જેઓ ઉપર આ જાનોફેશાન ઉપકારના ઉદગારોએ ઉંડી અસર કરેલી જણાવી હતી, તેઓએ અતી ઘણા અસરકારક બોલોમાં પ્રમુખનો કલકતાની અંજુમનનો, અને મી૦ જમશેદજી ફરામજી માદન, જેઓના આમંત્રણથી તેવો કલકતે પધારયા હતા—તેઓનો આભાર માનતાં જણાવયું કે, તમારી અંજુમન તરફની મને કરવામાં આવેલી નવાજેશો રૂપીઆ આનાની કીમતથી હું કરતો નથી, પણ તમારા દસતુર તરફની તમારી ફીદાગીરી અને જાનોફેશાનીની કીમતથી કરૂં છું. કલકતાની અંજુમને મને આપેલું

અપુરવ માન માઝદયશની દીનના એક ઉપાધયાંને આપેલા ઉપકારના અચુક ઉદગારો, ખુદ માઝદયસની દીનને તેની તરફની તમારી જાનોફેશાનીથી અરપણ કરેલા હું લેખું છું. મારી કાંઈક ફરજ અદા કરતાં તમો સરવેએ મારા તરફ જે માયા મેહેરબાની અને મોહોબતની ઇધાનીઓ અચુક આકારમાં મારા ઉપર વરસાવી છે, તે હું હમેશાં ખુશી અને અહેસાન સાથે મારી જીંદગી સુધી સદા યાદ કરતો રહીશુ. (તાલીઓ) પ્રમુખનો ઉપકાર માનવામાં આવયા બાદ, પ્રમુખ સાહેબે સભા બરખાસત કરી હતી.

કલકતાનો અમારો પ્રતીનીધી તા૦ ૧૧ મીના કાગળમાં લખી જણાવે છે. કે નાયબ દસતુર રૂસતમજી એદલજી સંજાના આજ રોજે સવારના ખાસ આમંત્રણને માન આપી, સર અને લેડી જેને કીનસની મુલાકાતે જનાર છે.

ગઇ તા૦ ૯ મીનું નાયબ દસતુર સાહેબનું "Human Goal" ઉપેરનું ભાશણ ખતમ થવા બાદ, ફરીથી સર લોરંસે દસતુર મોસુફને તેઓના ઉમદા વીચારો વીશે લેડી જેનકીનસે તેઓના બેટાને દસતુરજીએ જાહેર કરેલા ઉમદા નીતી રીતીના સબકો શીખવવાની તેઓની ખાએસ, દસતુરજી સાથની કેટલીક વાતચીત દરમયાન દરસાવી હતી.

દસતુર મોસુફ આજ રોજે દારજીલીંગ સીધારનાર છે, જયાં મી૦ જ. રૂ. માદનના મેહમાન તરીકે રહેશે. એઓ અત્રે પાછા આવે તયારે વખત મળશે તો એક ભાશણ વધુ કરવાની ખુશી અત્રેના આગેવાનોની ફરમાસથી દેખાડી છે.

Englishman

(Calcutta, 10th January, 1911.)

Parsi High Priest in Calcutta.

English Lecture at the Dalhousie Institute.

"The Human Goal and How to reach it."

All races, classes and creeds were represented at the Dalhousie Institute last evenіug to hear the Rev Rustomji Edulji Sanjana, B. A, Deputy High Priest of the Parsis in Bombay, deliver a pubic lecture on "The Human Goal and How to reach it." Sir Lawrence Jenkins, Chief Justice of Bengal, presided aud the hall was filled, quite a number of ladies attending. The Parsi community turned out strong. Well above the average height with a clever, intellectual, ascetic face, the Dastur, who was clad in white with a broad, gold scarf, kept his audience interested through out the hour that he spoke. His address was marked by a fluency and purity of language, his style was simple and agreeable, and throughout his lecture he quoted texts from the Avesta in substantiation of his statements. The lecture was punctuated by frequent applause especially at its conclusion. The Chairman opened the proceedings by calling uyon the lecturer to deliver his address.

THE CHIEF JUSTICE.

The Chief Justice said he readily assented to preside at the meeting, for he wished to show his regard not only for the eminent Dastur to whom they had all listened with the deepest interest, but also to the Parsi community to whom he owed many friends-

hips. The subject, which the learned Dastur had discussed, was one whose importance it would be impossible to exaggerate. It was one of absorbing interest. On behalf of himself as well as all present he thanked the learned Dastur for his very learned lecture.

The Indian Mirror.

(Calcutta, 12th January, 1911.)

The Reverend Rustomji Edalji Sanjana B. A., and the Parsi Community.

THERE WAS A MOST INTERESTING GATHERING at the Dalhousie Institute on Monday, the 9th instant, when the Reverend Rustomji Edalji Sanjane B. A. Deputy High Priest of the Parsis in Bombay, delivered his inspired and eloquent lecture on "The Human Goal and How to reach it"

It was an occasion worth attending, for that learned gentleman, attired in the pure and dignified garb of the Parsi priest, made a fine showing, and left a deep impression on the minds of those who think. Surely the East is waking up, and the time is drawing nearer when the philosophers and thinkers of the East, touched by the hand of Westerm science will be able more to give their logic to the world.

Personally the Rev. Rustomji Edalji Sanjana is a gentleman of highly intellectual appearance; his language is classic and his oratorial power of a high order. He is a B. A. graduate of the Bombay Univeraity, and a gentleman of high culture. He has travelled extensively, and has been in touch with some of the finest

intellectual forces in the West. He went to Switzerland seven months ago on an invition to attend the Congress of the History of Religions at Basel There he was highly appreciated by the representatives from different European countries. From Basel he went to Sweden where he lectured first at Stockholm on the occasion of the Religious Conference held in that city, and later at Upsala University. In London he spoke before the Royal Asiatic Society, and thence he directed his steps to the United States of America.

In his address, "The Human Goal and how to reach it" the learned Dastur was absolutely cosmopolitan. It was a lecture which must appeal to the heart alike of Hindu and Parsi. A man of broad spiritual culture, he expresed not a single narrow idea in all he said. Taking the literature of the East as his authority, the Dastur placed upon man the responsibility of being the maker of his own destiny, and of that of the world. Kind thoughts, kind words and kind deeds these he gave as the touchstone which will accomplish any task. Man is free, says the Dastur, and at the call of duty, he does not want to be guided by phenomena. He laid stress on the triple nature of man–body, mind and spirit–and urged that in the education of the young, the three should be considered. He would see a high principle infused into the realm of learning. The young do not want learning for the sake of distinction because they want to make a name for themselves, but because they want to become able co-workers in a noble cause, and unostentatiously pour their influence over the world. *Love of God, love of man* and *love of country*—these are the fundamental

principles on which he would see all education based. He laid emphasis on the necessity of the education of women—the mothers of the race—so that they might train the young on higher lines. The tendencies of the mind must be well fostered, and such feelings as vindictiveness, hatred, jealousy impurity, injustice and dishonesty carefully weeded out, and replaced by noble sentiments and aspirations. These are some of the main features of the discourse, and could anything be broader and more cosmopolitan in spirit ?

The audience was a representative one. There were many European ladies and gentlemen and many Hindus. The Parsi community was well represented, and it was pleasing to notice the many ladies who accompanied the gentlemen to hear the learned Deputy High Priest of Bombay. This was, in fact, a very encouraging feature, for where the female members of a community lend their encouragement to public causes, that community is on the road to progress. It certainly requires education to appreciate lectures, such as that in Dallhousie Institute on Monday evening. And the Parsi ladies in their graceful and picturesque garments, not only lent grace and beauty to the occasion, but also spoke well for the intellectual acquirements of the sex of their race.

The Parsis, as it is a well-attested fact form one of the most enlightened and progressive of the races of India. They are noted for their spirit of enterprise, their charity and enlightenment. Among them there are men of light and leading. men who are well able to guide the destiny of a people. They are essentially loyal and law-abiding. Ever for progress and law and

order, they are among the staunchest supporters of the British Raj in India And they have once more shown their superiority by producing from their midst a man like the young Dastur, whom we had the pleasure of hearing on Monday last. What a community needs is an enlightened priesthood, enlightened men as spiritual guides. The standard of a community might, in fact, well be judged by its priests. And we Hindus ought to take an example in this respect from our Parsi brethren. Our priests are almost all men of limited education. Why cannot some of our M. A. and B. A. graduates of the Brahmin caste take up the priestly profession, and bring greater enlightenment and influence into its fold ?

In conclusion, we congratulate our friends, the Parsis, on their able management in bringing the lecture before the public with such marked success much of which was, no doubt, due to the efforts of Mr. J. F. Madan, who is ever foremost in his endeavours to promote a good cause, whether public or private. In Mr. Madan, we have another striking example of Parsi enterprise and charity. A man whose achievements have been wonderful, he is still so modest that he ever keeps himself in the background. Seldom coming to the front, ever screened behind the good work he does, the world may know him but little, but his influence lives.

Thus we see that the Parsis are a race of strong vitality, which they know how to wield well, and in the history of the Indian peoples, they have still a strong part to play.

સાંજ વરતમાન.

(તા૦ ૧૮ મી જાનેવારી ૧૯૧૧.)

ધી રેવરંડ રૂસ્તમજી એદલજી સંજાના, બી. એ., અને પારસી કોમ.

ધી રેવરંડ રૂસ્તમજી એદલજી સંજાના, બી. એ., અને પારસી કોમ એ મથાળાં હેઠળ કલકતાના જાણીતાં રોજીંદા બંગાલી પત્ર "ધી ઇનિડીઅન મીરર"માં એક જાણવાજોગ લંબાણ આરટીકલ પ્રગટ થઈ છે. આ આરટીકલમાં આપણા શહેરના જવાન ઉધરતા પારસી ધરમગુરૂ અને વકતા નાયબ દસ્તુર રૂસ્તમજી એદલજી સંજાના, બી. એ., એ કલકતા ખાતેના ડેલહાઉસી ઈનસ્ટીટયુટમાં આગલાં અઠવાડયાંમાં આપેલાં એક વીદવતાભર્યા ભાષણની "એડીટોરીઅલ" ઢપે પીછાણ કરવામાં આવી છે. "ધી ઇનડીઅન મીરર" લખે છે કે તે એક ખરેખર અતી મનમોહન મેળાવડો ગયા સોમવારે ડેલહાઉસી ઈનસ્ટીટયુટમાં મળયો હતો કે જયાં મુંબઇના પારસીઓના ડેપ્યુટી હાઈ પ્રીસ્ટ યાને નાયબ દસ્તુર રેવરંડ રૂસ્તમજી એદલજી સંજાના, બી. એ., એ "જીંદગીની ઉમદા નેમ, અને તે કેમ પાર પાડવી" એ વીષય ઉપર પોતાનું અતી છટાદાર અને ખુદાઇ બસારતથી ઉશકેરાયલું ભાષણ આપ્યું હતું. તે મેળાવડો એક ખરેજ હાજરી આપવા લાયક મેળાવડો હતો, કારણ કે આ વીદવાન ગ્રહસ્થ કે જેવણ એક પારસી ધર્મ-ગુરૂના સફાઈદાર અને દબદબાભર્યા પોષાકમાં સજ થયા હતા, તેવણે પોતાના ભાષણની આખેરીએ સાંભળનારાંઓના મન ઉપર ઉંડી અસર કરી હતી. ખચીતજ હવે પુરવમાં જાગરૂતી ફેલાઈ છે અને વખત હવે નજદીક આવ્યો છે કે જે વેળાએ પુર્વના મુલકના ફીલ-સુફો અને વીચારવંત નરો પશચીમના જ્ઞાનની મદદવડે દુન્યાને પોતાનું વધુ અને વધુ ભંડોળ આપતા રહેશે. રેવરંડ રૂસતમજી

એદલજી સંજાના એક ઉંચી મનોવરૂતી ધરાવનાર ગ્રહસ્થ છે અને એક ચહડતા પ્રકારની વાકચાતુરી ધરાવવા ઉપરાંત ઈંગ્રેજી ભાષા ઉપર પણ અચ્છો કાબુ દેખાડે છે. તેવણ મુંબઇની યુનીવરસીટીના એક બી. એ. ગ્રેજયુએટ છે. અને ઘણું સારૂં જ્ઞાન ધરાવે છે. તેવણે પુશકળ મુસાફરી કરી છે અને પશચીમના મુલકના વીદવાનો સાથે અતલગ સંબધમાં રહે છે. આજથી સાત વરસની વાત ઉપર તેવણ સ્વીટ્ઝરલેંડ ખાતે ગયા હતા, જ્યાં તેવણે બાઝલ શહેરમાં ધારમીક કોનગ્રેસમાં હાજરી આપી હતી. તયાં તેવણે કરેલાં ભાશણથી યુરોપના જુદા જુદા મુલકોના પ્રતીનીધીઓ ઉપર સારી અસર કરી હતી. બાઝલથી તેવણ સ્વીડન ગયા હતા જયાં તેવણે સ્ટોક હોમ ખાતે પહેલાં ભાષણ કરયું હતું. જે બાદ અપસાલા ખાતે ધાર્મીક કોનફરનસમાં ભાષણ આપ્યું હતું. લંડનમાં તેવણે રોયલ એશીઆટીક સોસાયટી સનમુખ ભાષણ કર્યું હતું જે પછી તેવણે અમેરીકા ભણી હેરીયું લીધું હતું.

"ધી ઇન્ડીયન મીરર" વધુ એમ લખે છે કે દસ્તુર સંજાણાએ કરેલું ભાષણ તદન સામાનય રીતે સઉ કોઇને લાગુ પડે એવું હતું. તે હીંદુ તેમજ પારસીને એકસરખી અપીલ કરનારૂં હતું. તેવણ પોતે એક અતી ઊહોલા ધાર્મીક આચારવીચારના નર હોવાથી પોતાના આખાં ભાષણમાં એક પણ સાંકડો વીચાર જણાવ્યો ન હતો. પુર્વના સાહીત્યને પોતાની સતા સમાન લઇને આ દસ્તુરે એવું જાહેર કર્યું હતું કે એક માણસ પોતાના ભવીષ્ય માટે પોતેજ જોખમદાર હતો, યાને તેનું ભવીશય તેના પોતાનાજ હાથમાં હતું. માયાળુ વિચારો, માયાળુ વચનો, અને માયાળુ કાર્યો એ ચીજો દુન્યામાં સઘળી જોઇતી મુરાદો પાર પાડી શકશે એમ દસ્તુર સંજાનાએ જણાવ્યું હતું. તેવણે માણસના ત્રણ સ્વરૂપો શરીર મન અને આત્મા, એ ત્રણેને કેલવવા માટેની જરૂર દર્શાવી હતી, અને તે દીશાઓમાં દેશના જવાન બાળકોને કેળવવાની હીમાયત કરી હતી ખુદાનો પ્યાર, આદમ જાત તરફનો ચાહ, અને દેશ પ્રત્યેનો

ભકતીભાવ, એ ત્રણ મુખ્ય નીયમો ઉપર કેળવણી રચવાની તેવણે પોતાના સાંભલનારાઓને હીમાયત કરી હતી. તેવણુ દેશની ઓલાદની ભવીષયની માતાઓ, એટલે કે જવાન બાળકીઓને કેળવણી આપવાને મજબુત સીફારસ કરી હતી. કીનો, ધીક્કાર, અદેખાઈ, અપવીત્રાઇ, ગેરઇન્સાફ અને અપવીત્રપણું એ સઘળાને અતી સંભાળથી ઉખેડી નાખવા જોઇએ અને તેની જગ્યા ઉંચ લાગણીઓ અને ઇચ્છાઓએ લેવી જોઇએ.

ભાષણની આ મુખ્ય બાબદો છે કે જેના ઉપર તેવણે વીવેચન કર્યું હતું. એના કરતાં વધુ ઓહોલા અને સામાન્ય વિચારો કયા હોઇ શકે? ભાષણ સાંભલવા આવનારાંઓ સઘળી વરણનનાં લોકો હતાં. હાજર રહેલાંઓમાં ઘણાક યુરોપીયન બાનુઓ અને ગ્રહસ્થો હતાં. તેમાં ઘણાક હીંદુઓ પણ હતાં. પારસી કોમ શારી રીતે રજુ થઇ હતી, અને તેઓની બાનુઓ પોતાના મરદો સહીત આ નાયબ દસ્તુરને સાંભળવા ઉતરી પડી હતી. ખરેખર રીતે આ એક અતી ઉત્તેજન લાયક બનાવ હતો, કારણ કે જે પણ કોમના બાનું સભાસદો જાહેર કામોને પોતાનો ટેકો આપે તે કોમ સુધારામાં અગળ વધે છે. ડેલહાઉઝી ઇનસ્ટીટયુટમાં અપાયલાં ભાષણ જેવા ભાષણો સમજવા માટે કેળવણીની જરૂર છે અને પારસી બાનુઓએ પોતાના સુંદર અને રમણીય પોષાકોથી તે મેળાવડાની સોભા અને બલીહારીમાં ઉમેરો કર્યો હતો એટલુંજ નહી પણ તેઓ જે કોમની નારીઓ હતી તે કોમને માટે માન ભર્યું હતું.

પારસીઓ, જેમ આ એક જાણીતી બીના છે તેમ, હીંદની જુદી જુદી કોમોમાની એક સઉથી વધુ કેળવાયલી અને સુધારા વધારામાં આગળ વધેલી કોમ છે, તેઓ પેતાના સાહસ માટે, પોતાની સખાવતો માટે અને કેળવણી માટે પ્રખ્યાત છે. તેઓમાં કેટલાક એવા બાહેશ અને વીદવાન નરો પણ છે કે જેઓ એક પ્રજાની આગેવાની લઈ શકે છે. તેઓ કુદરતી રીતેજ અતી વફાદાર અને કાયદાને માન આપનારા લોકો છે. તેઓ હંમેશાં સુલેહ અને શાંતીના અને સુધારા વધારાના હીમાયતીઓ છે. અને હીંદ

માંના બ્રીટીશ રાજના ચુસ્તમાં ચુસ્ત સ્થંભો છે અને આ જવાન દસ્તુરઝાદા જેવા નરને પોતા વચ્ચે પેદા કરીને તેઓએ ફરી એક વાર પોતાની ચઢતી લાયકાત સાબેત કરી આપી છે કે જેમને સાંભળવા આપણને ગયા સોમવારે મોજ મળી હતી. એક કોમને જે ચીજની જરૂર છે તે કેળવાયલા ધર્મગુરૂઓ અને ધાર્મીક દોરવનારાઓની છે. ખરેખરૂ રીતે તો એક કોમની કસોટી તેના ધર્મગુરૂઓ ઉપરથીજ થઇ શકે અને આપણે હીંદુઓએ આપણા પારસી ભાઇબંધો ઉપરથી એક દાખલો લેવો જોઇએ છે. આપણા ધર્મગુરૂઓ અતી ટુંક ભંડોળીઆ છે. શા માટે બ્રાહ્મણ કોમના ગ્રેજ્યુએટોમાંના કેટલાકો જેઓ બી. એ. અને એમ. એ. છે તેઓ ધર્મગુરૂઓનો ધંધો લેતા નથી?

છેવટે અમો અમારા પારસી મીત્રોને આવા ફતેહમંદ ભાશણ માટે ગોઠવણો કરવા માટે મુબારકબાદી આપીએ છીએ, કે જે ફતેહનું મુખ્ય માન તો મી○ જે, એફ. માદનને ઘટે છે કે જેવણ હમેશા કોઈ પણ એક જાહેર યા ખાનગી ભલી હીલચાલને હાર પાડવા માટે સદા તત્તપર છે. મી○ માદનમાં આપણને પારસી સાહાસ અને પારસી સખાવતનો બીજો જાણવાજોગ દાખલો મળે છે. તેવણ એક એવા નર છે કે જેવણનાં કામો અજાયબી પમાડનારાં છે, તે છતાં તેવણ એટલાતો શરમાળ છે કે પોતાને પરદા પાછળજ રાખે છે. કદાચ તેવણ પહેલી હરોળમાં બહાર આવતા હોવા છતાં પણ તેવણ દરેક ભલાં કામની પાછળ હોય છે અને દુનીયા તેવણ માટે કાંઈ પણ નહી જાણતી હોય છતાં તેવાણનો લાગવગ દુનીઆમાં કામ કરે છે.

આ રીતે આપણે જોઇએ છીએ કે પારસીઓ એક અતી મજબુત વીર્યવંતી પ્રજા છે જે સારી પેઠે જાણે છે કે પોતે કેવી રીતે કામ લેવું, અને હીંદી પ્રજાઓની તવારીખમાં તેઓને હજી ઘણો બળવંત ભાગ ભજવવાનો છે.

સાંજ વરતમાન

(તા૦ ૭ મી ફેબરવારી ૧૯૧૧.)

નાયબ દસ્તુર રૂસ્તમજી સંજાનાનો પ્રવાસ
કાનપોર તથા આગ્રામાં વાયઝો
એ શાહેરોની આરામગાહોના સંબંધમા આપેલી સુચનાઓ.

(એક ખબરપત્રી તરફથી.)

આગ્રા, ૨ જી ફેબરવારી.

નાયબ દસ્તુર રૂસ્તમજી સંજાણા બી. એ.એ ગઇ તા૦ ૨૨ મી એ કલકતાની આરામગાહની મુલાકાત લીધી હતી અને તેના સંબંધમાં કેટલીક સુચનાઓ કરી હતી તેમા મુખય સુચના આ હતી કે દોખમાની નજદીક આગળા વખતની ચાલીસ પચાસ કબરો છે તે હવે કાઢી નાખવી તેનો નીકાલ કરવો. તદન પાસેજ દોખમુ હોવા છતાં એ કબરો હવે રહેવી ન જોઇએ. દોખમુ હોવા છતાં તેની પડોશમાં જરથોશ્તીઓના કાલબુદ દટાયલાં ન રહેવાં જોઇએ. બનતી જોગવાઇએ ધરતીને પલીદીથી દુર કરવી એ જરથોસ્તી ધર્મ પ્રમાણે મોટું સવાબ છે. જમીનને બનતી જોગવાઇએ પલીદીમાંથી બચાવી તેને સુર્ય અને હવાની મારફતે પવીત્ર થવાંના સંજોગો-સગવડો કરી આપવાની જરથોશતીઓની આઇન ધાર્મીક ફરજ છે.

નાયબ દસ્તુરને કલકતા ખાતે વળી ભવીષયમાં બાંધવા ધારેલા આદરાનની જગ્યા પણ દેખાડવામાં આવી હતી અને તેવણુની કેટલીક સલાહ તથા સુચનાઓ ઘણી કીમતી લાગી હતી અને તે પ્રમાણે અમલ કરવ.ને ઘણાકો રાજી થયા.

નાયબ દસ્તુર રૂસ્તમજી કલકતાથી તા૦ ૨૨ મીની રાત્રે ઉપડી અલાહબાદના એકઝીબીશન જોવાને ગયા હતા. અલા-

હુબાદમાં ત્રણ દીવસો ગુજારી, લકનો એક દીવસ રહી કાનપોર ખાતે તે પધારથા હતા અને ત્યાં મી૦ નાનાભાઈ બહેરામજી જવેરીની પરોનાગત હેઠલ ત્રણ દીવસ રહી આગ્રા ખાતે તા૦ ૩૦ મીએ જઇ પોંહચયા હતા. કાનપોર વાસીઓ તેમજ આગ્રાના લોકોના મુખીઓ તેવણુને સ્ટેશન ઉપર લેવા તથા મુકવા પધારયા હતા અને એવણુને સારાં માનપાન, હારતોરા વગેરેથી નવાઝયા હતા. કાનપોરમાં તેમજ આગ્રામાં નાયબ દસ્તુરજી છટાદાર લંબાન, વાયઝો કરી હતી. એ વાયઝોના વીષયો "ઉમદા ઉપદેશો તે કયા" અને "મારા તરફથી નેક સખુનો" એ બાબદોપર કાનપોર અને આગ્રામાં વાયઝો કરી હતી જેની ઘણી વખાણ તથા પીછાન થઈ હતી અને દસ્તુર રૂસ્તમજીનો ઉપકાર માની એ શહેરોના જરથોશતીઓએ દસ્તુરજીને સારી ભેટો કરી હતી જેવી કે એક મોટું સુદર વાઝ એક સુંદર તાજ મહાલનો મોડલ વીગેરે જે દસ્તુરજીએ ઘણા ઉપકાર સાથ કબુલ કરી હતી. આગ્રામાં દસ્તુર રૂસ્તમજી મી૦ રૂસ્તમજી રૂસ્તમફરામના અલાહેદાં એક મકાનમાં એવણની પરોણાગત હેઠળ રહયા હતા.

નાયબ દસ્તુર રૂસ્તમજીની કાનપોર અને આગ્રા ખાતેની મુલાકાતના સંબંધમાં બીજી જાણવાજોગ બીના એ છે કે એવણે કાનપોર અને આગ્રા ખાતેની આરામગાહોના સંબંધમાં કેટલોક વાંધો ઉઠાંવયો હતો. નાયબ દસ્તુર રૂસતમજીએ કાનપોર તથા આગ્રાની આરામ ગાહોની જગયાઓની મુલાકાત લઇ દુરથી તેની તપાસ લીધી હતી અને પોતાનો સંતોશ જાહેર કરવાને બદલે પોતાની દલગીરી જાહેર કરી હતી. કારણ કે દસ્તુરજીને કાનપોર અને આગ્રા ખાતેના જરથોસ્તીઓની પોતાના વહાલાઓના કાલબુદને ઠેકાણે પાડવાની તેઓની રીત ધરમના ફરમાનથી ઘણીજ ઉલટી લાગી હતી.

નાયબ દસ્તુર રૂસ્તમજીએ કાનપોરમાં તેમજ આગ્રામાં ગુજર પામેલાં જરથોસ્તીઓની કાલબુદ ઠેકાણે પાડવાની રીતને પોતાની

વાયજમાં તેમજ કાનપોર તથા આગ્રના જરથોસ્તી મુખીઓ સનમુખ વખોડી કહાડી હતી અને જણાવ્યું હતું કે એ રીત આપણાં બુલંદ જરથોસ્તી ધર્મના ફરમાનથી તેમજ સુખશાંતીના નીયમથી ઘણીજ ઉલટી છે. આપણા ધર્મ પ્રમાણે તેમજ સુખશાંતીના અને તનદરોસ્તીના નીયમો તરફ જોતાં ગુજર પામેલાઓના કાલબુદનો જેમ બને તેમ જલદીથી નીકાલ થાય તેવી તજવીઝ થવી જોઇએ છે. એ નીકાલ જલદીથી અને ઓછામાં ઓછા ખરચે થાય અને જીવતાઓની સુખશાંતીને જેમ બને તેમ ઓછી હાની પુગે જમીન અને હવા જેમ બને તેમ ઓછી ખરાબ થાય એવી મતલબથી આપણો ધર્મ આપણુને ફરમાવે છે કે કાલબુદોને ઉંચી જગયાપર સુર્યના કીરણોમાં ખુલ્લાં મુકી તેઓના માંસનો ભક્ષ કરાવી દેવો. હવે જો કોઈ ન છુટાય તેવા સંજોગોને લીધે, લાચારીને લીધે એ આપણું ધર્મનું ફરમાન અમલમાં ન મુકી શકાય તો અને જમીનમાં દાટવાં પડે તો જરૂરજોગો ઉંડો ખાડો ખોદી ઉપર માટી નાખીનેજ અટકવું કે જેથી કરીને જમીન ઝાઝો વખત લાંબી મુદત સુધી કશતાયનહી, અપવીત્ર રહે નહી પણ સુર્યના કીરણોથી અને હવાથી કાલબુદ માટી થવા પામે અને જીવતાંઓને ખરાબી પોંહચતી જેમ બને તેમ જલદીથી અટકે. આ સઘળું ધ્યાનમાં ન રાખતાં કાનપોરનાં અને આગ્રાના જરથોશતીઓએ ઘણીજ કઢંગી રીત અખત્યાર કરી છે. કાલબુદને ભુમીદા કરીનેજ સંતોષ પામતા નથી. જે નાચારીને લીધે કરવું પડે તે ગુનાહભરેલું ના કહેવાય અને તેથી કરીને જો કાનપોરના અને આગ્રાના જરથોશતીઓ ભુમીદા કરે તો દીગર વાત છે. પણ તેટલુંજ કરી ન બેસતાં તેઓમાના કેટલાકો કાલબુદવાળી જમીન ઉપરજ મોટી મોટી પીરેમીડના આકારની અથવા એવા બીજા આકારોની કબરો પથર ચુના સીમીટ સંગેમરમર વગેરેથી બાંધી તે ઉપર તરેહવાર કોતરકામે નકસીઓ અફરગાનયા, પવીત્ર કલામો વગેરે કોતરાવાનો અભખરો રાખે છે તયારે એ તેઓની રીત દીનદાર જરથોશતીને ઘણોજ અફસોસ ઉપજાવે તેવી છે. કોઈક એવી કબરો ઉપર પાચસો સાતસો

રૂપીઆનો ખરચ કરેલો હોય છે. નાયબ દસ્તુરજીએ આવી કબરો બાધવી ગુનાહ ભરેલું કામ છે એમ જણાવયું હતું. એવણે જણાવયું કે કબરોનો નાશ કરવાને આપણા ધર્મમાં ફરમાન છે. તે છતાં કાનપોર અને આગ્રના જરથોશ્તીઓ પોતાના ધર્મથી, સુખશાંતીના નીયમથી ઉલટા ચાલી કાલબુદ ઉપર પીરેમીડો અને એવા બીજા આકારોનું બાંધકામ કરી સીમીટ પથર વગેરેથી ચીની લઈ, સંગેમરમરથી તેને આરાસતે કરી તેની ઉપર આતશના આફરગાનયા, ધર્મ પુસ્તક વગેરેના કોતરકામો કરાવે છે તે ખચીત જ ધીકકારવા અને વખોડી કાઢવા જોગ છે. માટે કાનપોર અને આગ્રાના જરસ્તીઓએ એવી ખરચાળ અને હાનીકારક કબરો બંધાવતાં બંધ પડવું અને તેનો અટકાવ કરવો. જો અટકાવ ન થશે તો એક બીજો મોટો ગેરફાયદો આપણા જરથોશ્તીઓને થશે તે એ કે જેમ ખ્રાસ્તીઓ અને બીજાઓ પોતાની કબરો પાછળ સેંકડો અને હજારો રૂપીઆ ફોકટમાં નાખી દીએ છે તેમ આપણા લોકો પણ કરતા થશે. આપણા લોકોમાં કીમતી કબરો બાંધવાની કઢંગી હરીફાઇઓ ચાલશે, ગરીબો હરીફાઇમાં જીફલાવશે અને કરજદાર દેનદાર થાય છે તેમાં પુરાં થશે. હાલમાં 'ફરયાદ' થાય છે કે ગુજરેલાંઓ પાછળ આપણા લોકો પઇસો અણઘટતી રીતે ખરાબ કરે છે તેમાં વધારો થશે. કીમતી કબરો બાંધવાના ખરચથી આગલા ખરચમાં વધારો થશે. કાનપુર અને આગ્રા ખાતે હમણાથીજ સાંભળવા આવે છે કે જો કોઈ કબર નજીવે ખરચે બંધાયે છે તો તેને કેટલીક તરફથી ટુપીપીબી નાખી વગોવવામાં આવે છે. હવે આપણને એ ઉપરથી વીચાર કરવો જોઇએ કે આગળ ચાલતાં કેવો મામલો થઇ પડવો જોઇએ. માટે સલાહકારક અને પસંદ કરવા લાયક ઈલાજ એજ છે કે ઉપલી કઢંગી તાજી રસમને જેમ બને તેમ જલદીથી દાબી નાખવી અને અટકાવ કરવો કે જેથી કરીને આપણા ધરમથી ઉલટી આપણી આવકજાવકને બોજો થઇ પડતી ઉપલી શરૂ થતી બદી આપણુમાંથી નાબુદ થાય અને જરથોશ્તીઓ સવાબનો હમએશે હાંસલ કરવાને પછાત ન પડે.

આ પ્રમાણે આપણા વીદવાન દસ્તુરજી રૂસ્તમજીએ લંબાણથી વીવેચન કર્યું હતું અને લોકોએ અને લોકોના મુખીઓએ ધ્યાનથી સાંભળ્યું હતું અને દસ્તુરજીના કહેવા મુજબ અમલ કરવાને ઈચ્છા જાહેર કરી હતી. દસ્તુરજીના બોલવાની એવી તો અસર થઈ હતી કે કેટલાક જેઓ તુરતના ગુજર પામેલા વાહાલાઓના કાલબુદ ઉપર કબર કરવાના હતા તેઓએ એ વીચાર માંડીવાળવાને કબુલાત આપી હતી.

આ પ્રમાણે નાયબ દસ્તુરજીએ પોતાના જરથોસ્તી ધર્મ તરફની તેમજ જરથોસ્તી કોમ તરફની પોતાની ફરજ તેમજ સેવા બજાવી છે એમ દરેક દીનદાર જરથોસ્તી કબુલ કરશે અને એ સેવા માટે કાનપોર અને આગ્રાની અનજુમન એવણને ખરેજ આભારી છે.

દસ્તુર રૂસ્તમજીના ભાષણોથી જેમ દેશાવરના જરથોસ્તીઓમાં કેટલેક દરજજે સારી અસર થવા પામી છે તેમ એવણના ઈંગ્રેજી ભાષણથી જરથોશ્તીઓ તેમજ પરકોમોના લોકોમાં પારસીઓ માટે, પારસી ધર્મગુરૂઓ માટે સારો છાપ પડ્યો છે.

નાયબ દસ્તુર રૂસ્તમજી આગ્રાથી તા૦ ૩ જી ફેબરવારીએ ઉપડી દીલ્હી ગયા છે અને ત્યાં બે દીવસ રહી લાહોર વાયઝો આપવા ઉપડી જશે અને લાહોરથી કરાંચીમાં જઈ ત્યાં ભાષણો આપશે અને ફેબરવારીની ઓગણીસ કે વીસમી તારીખે પોતાનો સેકંડ પ્રોગ્રામ પુરો કરી મુંબઈ પાછા ફરશે. ખુદા એવા દસ્તુરોને આબાદ તથા જીવતા રાખે.

જામે જમશેદ

(તા૦ ૧૭ મી ફેબરવારી ૧૯૧૧)

લાહોરમાં સંજાંણા વીક.

લખનાર—મુસાફર.

ચાલુ જમાનામાં જેમ સાયનસની ખીલવણીથી મોટી ઉથલપાથલ થઈ છે, તેમ કેળવણીના પ્રતાપથી અને પશચીમનું જોડાણ થવે દુનીઆના જુદા જુદા ધરમો ઉપર ઘણું અજવાળું પડયું છે, ખાસ કરીને જરથોસતી ધરમ ઉપર હાલમાં દુનીઆના અનેક ભાગોમાં ઘણું બોલાતું આપણે સાંભળયે છીયે. પારસીઓએ પણ વખત ને આધીન થઇને પોતાનાં કદમ ધરમની ચળવળમાં લંબાવયાં છે એ જોઈને આપણને સંતોશ ઉપજે છે. જેમ એક તરફ આપણા ધરમ ગુરૂઓની બેહેતરી માટે કાંઈ સંગીન પગલાં ભરવાને આપણને કોમ તરફથી ફરમાસ થાય છે, અનેક યોજનોએ બહાર પડે છે, તેમ બીજી તરફ આપણે જોઈયે છીએ કે આપણી કોમમાં જવાનયાઓનો નવો વરગ પેલા તરજુમાં કરીને પોતાને ધરમ અભયાસી તરીકે કહેવડાવનારો ઉભો થયો છે કે જે વરગનાં લોકો બીજાં ૫૦ વરસમાં કેવી પંકતીએ આપણો ધરમ મેલાયલો જોશે તે વાંચનારાની મુનસફીપર સોપું છું. મુંબઈ કે જયાં આપણી કોમની વસતીનું મુખય અને મધયબીંદું છે તયાં ધરમ સંબંધી અનેક ચરચા ચરવાય છે તે જોઇને દેશાવરના પારસીઓમાં પણ હાલ મોટી ઉલટ પેદા થઇ છે. ૧૩ વરસના લાહોરના વસવાટ અને તેટલાજ અરસાની ઉતર હીંદુસતાનની ચાલુ મુસાફરીઓમાં એક પણ વખત એક બી જગયાએ મેં એવું દીઠું નહી હતું કે ધરમ સંબંધી વાયજ સમજી હોય અથવા તે વાએજ કરાવવા માટે પંજાબની કોઈ જરથોસતી અંજુમન તરફથી ફરમાસ થઇ હોય! અત્રેના જુના રહેવાસીઓ કહે છે કે ૨૦ વરસ સુધીમાં તેવા બનાવ કશો બનવા પામયોજ

નથી. આવી સુસતી માટે કોમે પોતાનોજ આભાર માનવો જોઇએ છે.

(૧) બુધવાર તા૦ ૮ મીએ સાંજે પાંચ કલાકે "સની વચુ" માં શેઠ જહાંગીર રૂસતમજી દાજીના પ્રમુખપદ હેઠળ નાયબ દસતુરજીએ "આપણી સથીતી સુધારવાનું મુળ સાધન શું?" એ વીશય ઉપર ભાશણ આપયું હતું. (૨) ભરેસપતવાર તા૦ ૯ મીએ ઉપલે વખતે ઉપલે ઠેકાણે શેઠ ફરામજી જીવનજી ખજુરીનાનાં પ્રમુખપદ નીચે ઉપલીજ બાબદ આગળ ચલાવી હતી. (૩) શુકરવાર તા૦ ૧૦ મીએ એજ વખતે અને એજ જગયાએ દસતુરજીને અંજુમન સાથ એળખ કરાવવા માટે "ટીપારટી" નો મેળાવડો કીધો હતો. તે બાદ મીસીસ કામાનાં પ્રમુખસથાન હેઠળ નાયબ દસતુરજીને "પરસ" એનાયત કીધી હતી. (૪) સનીવારે તા૦ ૧૧ મીએ સવારે ૧૦ કલાકે દસતુરજી ભેગો થોડાંક બાનુઓ તથા ગ્રહસથોનો ગરૂપ લેવામાં આવયો હતો તથા સાંજે પાંચ કલાકે સર દેવીડ મેસન નાઇટ સી. આઈ. ઇના પ્રમુખપદ હેઠળ "ટાઉન હોલ"-માં "Human nature and what it essentially needs" નાં વીશય ઉપર એક જાહેર ભાશણ આપયું હતું. સુકરવારે "પરસ" એનાયત કરવંનું કામ પુરૂં થયા પછી એક જરથોસતીએ અરજ કરી હતી કે અત્રે અંજુમન જેવું કશું બંધારણ નહી હોવાથી નાયબ દસતુરજીની યાદ કાયમ રાખવા કાંઈ એવાં પગલાં ભરવાં કે જેથી એક મંડળ ઉભું કરી કોમની હાજતો સચવાય અને ધારમીક તેમજ સંસારીક મેળાવડાઓ બરપા થાય, જે સરવ બાનુઓ અને ગ્રહસથોએ ઉપાડી લીધી હતી—ના એટલુંજ નહી પણ સારી જેવી રકમ મંડળીના ફૂંડ માટે ભરાઈ હતી. મી૦ પેસતન શેહેરીયાર ભરૂચા જેઓ આ શુભ કામમાં ઘણી ઉલટ લેતા હતા તેવણે પોતાના નાનો પણ આખો એક મહીનાનો પગાર આ ફંડમાં આપી દેવા ખુશી બતાવયાથી ઘણી ઉલટ ઉશકેરાઈ ગઇ હતી. બાદ પોતેજ ફંડ માટે લીસટ ફેરવતાં પરીણામ સારૂ નીપજયું હતું. જે માટે આ

ગરીબ પણ ચાલાક જવાનને શાબાશીથી વધાવી લેવામાં આવયાં હુતા. આ મંડળ સથાપવા માટે એવું જાહેર થયું છે કે અંજુમનની સભા થોડાક વખતમાં બોલાવવામાં આવનાર છે. માત્ર બે દહાડાની વાયજોથી નાયબ દસતુરજી આટલું બધું કોમ મત ધરમ સંબંત્રી કેળવી શકયા હુતા તે જોઇને સંતોશ ઉપજતો હુતો. દસતુરજીની યાદદાસત માટે અત્રેની નાનકડી અંજુમને જે કરી બતાવયું છે તે તેમને મગરૂરી લેવા જોગ છે.

પોતાનાં ભાશણો આપતી વખતે નાયબ દસતુરજી મોટા અવાજે છટાથી બોલી લોકમન એટલું ખેચી શકતા હુતા કે છેલ્લા દીવસનાં જાહેર ભાશણમાં જે રીતે શાંત મનથી તીક્ષણ લાગણી સાથે સમજતું હુતું તે ઉપરથી દેખાઈ શકાતું હુતું. એમની વીદવતા, ઇંગ્રેજી ભાશાનો કાબુ, ગાથા તથા અવસતાનો ભરપુર ભંડાર પુરવ અને પશચીમના ધરમોની સરખામણી, ખાકી અને મીનોઈ જીંદગીની લડત, ધરમજ્ઞાન સાથ આતમ જ્ઞાનની ફીલસુફી વગેરે સપશટ દેખાઇ આવતી હુતી. કેળવણી લઇને ધરમજ્ઞાનના અભયાસી થઈ યુરોપ અમેરીકા ખાતે ફરીને અનુંભવ સાથે કાબેલીયત મેળવી નાયબ દસતુરજીએ આપણી ધરમઆસથા કેળવવા અખુટ ખજાનો મેળવયો છે જેની નકલ હુવે અથોરનાન વરગ તરફથી મોટા પ્રમાણમાં થવી જોઇયે છે. આપણને એવા એકાદ બે નહી પણ સો બસોથીજ ફાયદો થઈ શકે. તે પણ વખત દુર હુવે નથી દેખાતો. ભવીશયની આગાહી દસતુર સંજાનાથી ચીતારી શકાય એમ છે.

આ રીતે "સંજાના વીક" કાંઇક દોડ ધામથી ઉલટ અને ઉતસાહુથી મોજ સાથે બોધથી પસાર થયું છે કે જેનું આગળ કોઈબી વખત પારસીઓમાં અત્રે બનયું નથી. શેઠ દાજીની મહેનતને અંજુમન તરફથી કેવો ટેકો તથા જશ મળયો હુતો તે અત્રે બનેલા સઘળા બનાવોથી દેખાતું હુતું. "સુની વયુ" એમનો બંગલો નવજોત, લગન તથા મેળાવડાથી સરઅવસરે કેવો ગાજી રહે છે એ વાત ઘણી જુની છે.

નાયબ દસતુરજી સાહેબ આતવારે તા૦ ૧૨ મીએ સવારે કરાંચી જવા ઉપડી ગયા હતા જે વખતે સટેશનપર તેમને વીદાયગીરીનું માન આપવા બાનુઓ અને ગ્રહસથોનો મોટો મેળાવડો લઈ તોરા સાથે ભેગો મળયો હતો.

જમે જમશેદ

(તા૦ ૧૮ મી ફેબરવારી ૧૯૧૧)

મુંબઈના નાયબ દસતુરજીનું કરાંચીમાં ભાશણ.

કરાંચી તા૦ ૧૦ ૧૭ મી ફેબરવારી.

હીંદુસતાનમાં વાયજો આપવાના પ્રવાસે નીકળેલાં મુંબઈના નાયબ દસતુર સાહેબ રૂસતમજી એદલજી સંજાણાએ ગઈ કાલે ઝોરાસ્ત્રીયન કલબમાં એક ભાશણ ડા૦ ધાલાના પ્રમુખપણા હેઠળ આપયું હતું. દસતુરે ભાશણ કરયું હતું ત્યારે બાનુઓથી હોલ ભરચક ભરાઈ ગયો હતો, અને તેથી ગ્રહસ્થોને બહાર ઉભું રહેવું પડયું હતું.

દસતુરજી સાહેબ રાતના ૮ વાગતે પોતાનું ભાશણ બંધ કરવા માંગતા હતા, પણ હાજર રહેલાઓએ બુમ પાડી કે આગળ ચલાવો સાહેબ, જે ઉપરથી દસતુરજીએ ભાશણ આગળ ચલાવયું હતું. મી૦ ફરામરોજ પંથકીએ કરાંચીના પારસીઓની તરફથી દસતુરજી સાહેબનો ઉપકાર માનયો હતો અને તેવણને એક પરસ ભેટ આપી હતી, અને ડા૦ ધાલાએ સેવટે બે ચોપડી ભેટ આપી હતી. દસતુરજી સંજાણાએ કરાંચીના પારસીઓને તેમજ કરાંચીની પારસી અંજુમનનો વહીવટ તેના પ્રમુખ મી૦ ફરામરોજ પંથકી જે સુંદર રીતે બજાવે છે તે માટે તેવણનો આભાર માનયો હતો. એ બાદ મી૦ પંથકીએ દસતુરજી માટે ખુશાલીના ૩ પોકારો કરાવયા હતા અને તેવણને ફુલ તોરા હાર એનાયત કરયા હતા.

સભામાં ૭૦૦ કરતાં વધુ લોક હતું દસતુરજી સંજાણા મુંબઈ ખાતે આવતા બુધવારે આવી પુગનાર છે.

નાયબ દસતુર રૂસતમજી સંજાણાએ આજે સાંજે પારસી થીએટરમાં એક મોટા વગવાળા મેળાવડા સનમુખ "આપણી ખાએસ અને બંદગી" ઉપર ઇંગ્રેજીમાં ભાશણ આપયું હતું. જે વેળા પ્રમુખ સથાને જુડીશીયલ કમીશનર મી૦ ક્રાઉચ બીરાજયા હતા.

નાયબ દસતુરને અત્રે ભારે આવકાર આપવામાં આવયો છે. અને એક પરસ અને પુસતકોની ભેટ આપવામાં આવી છે. દસતુરજી પુના. શોલાપુર, સીકંદરાબાદ, મઉ, અહમદનગર, નાગપુર, અને કલકતા વગેરે ઠેકાણે ભાશણો આપીને આવતા બુધવારે મુંબઈ ખાતે પાછા ફરે છે. દસતુર સંજાણા પારસીઓમાં પહેલાંજ એવા વીદવાન ધર્મગુરૂ છે કે જેવણે યુરોપ, અમેરીકા અને હીંદુસતાનમાં ફરીને ભાશણો આપયાં છે. તેવણે એક ઘણો સારો દાખલો બેસાડયો છે. તેવણ દરેક ઠેકાણેથી મોટી જીતેહ અને માન મેળવવાને ભાગયશાળી નીવડયા છે.

અખબારે સોદાગર, સમાચાર દરપણ તથા મુંબઇ ચાબુક.

(સોમવાર તા૦ ૫ મી ડીસેમબર સને ૧૯૧૧.)

નાયબ દસ્તુર રૂસતમજી એદલજી સંજાણાનું ધરમબોધક મીશન.

જયારે મુંબઈ શહેરના તથા દેશાવરના પારસી જરથોસતીઓ પોતાના ધરમના ખરા સબકો માટે ટવલે છે, જયારે તેમની તે તલબ પુરી પાડવામાં સતાદાર તથા હકદાર દસતુરો ઠપકા લાયક રીતે પછાત પડ્યા છે, જયારે તેમની ચુપકીદીનો લાભ લઇ બીનસતાદાર તથા પક્ષપાત આસામીઓ પોતપોતાને મનગમતા

ધરમ સબકો આપી કોમના લોકોનાં એકીન ડામાડોળ કરતા રહે છે, અને તેથી કોમના ધરમસંસારી વીચાર આચારો સુધરવાને બદલે બગડતા જાય છે, તયારે એક દસતુરજાદો પોતાની જાતી ઉલટ તથા મહેનતથી દેશાવરોનાં શહેરેશહેર જઈ પોતાના હમદીનોના ધારમીક તથા સંસારીક રાહનુમાઈ કરવાનું "મીશન" માથે લે, અને દર વરસ તે માટે મુસાફરીએ નીકળે, એ બનાવ જેટલો તે દસતુર બચચા માટે શાબાશીભરેલો તેટલોજ પારસી જરથોશતીઓને મુબારકબાદી આપવાજોગ છે. આ ઈશારો અમે અત્રેના કાબેલ, ધરમચુસત, ઉલટમંદ નાયબ દસતુર રૂસતમજી એદલજી સંજાણા માટે કરીએ છીએ. એ જવાન દસતુરજી મુંબઈમાં વસતા છતાં ખુદ મુંબઈમાં ભાશણો યા વાઅઝો કરતા જણાય છે; પણ ગયે સાલ આ મોસમપર તેઓ એ કામ બજાવવા માટે ખાસ મુસાફરીએ નીકળયા હતા, અને ગુજરાતમાં સુરત, નવસારી, બીલીમોરા, ઉદવાડા, ભરચ, અમદાવાદ વગેરે શાહેરોમાં દરેક ઠેકાણે એકથી વધુ ભાશણો યા વાયઝો આપી આવયા હતા. તેમની એ મુસાફરી પુરતી ફતેહમંદ નીવડી હતી, કાંકે સઘળે ઠેકાણે તેમના સબકો વધુ પસંદ થઈ પડયા હતા, અને તેની ધારમીક અસર રૂડી થઈ હતી, તથા દરેક ઠેકાણે તેમનાપર માન પાનનો જાણે વરસાદ વરસયો હતો. અમે તે પહેલાં સવપને પણ નહોતું ધારયું કે એ દસતુરજી પોતાનાં આ કારયને એક વારસીક મીશન બનાવશે, અને વરસો વરસ એવી તકલીફ ઉઠાવવાનું ચીવટપણું જાળવી રાખશે. ગઈ તા૦ ૨૫ મી ને શુક્રવારનાં "અખબાર"માં એમના જેવાજ ઉલટમંદ તથા ધરમચુસ્ત ધરમાભયાસી મી૦ ખોદાબખશ એદલજી પુનેગરની સહી સાથ છપાયલાં ચરચાપત્રથી અમારા વાંચનારાઓએ જોયું હશે કે, નાયબ દસતુરજી સાહેબ રૂસતમજી આ સાલ પણ દેશાંવર ખાતેના પોતાના હમદીન હમજાતીઓને ભાષણો તથા વાઅઝો આપવા માટે મુસાફરીએ નીકળનાર છે. ગયે સાલ તેઓ ગુજરાત સીધારયા હતા, જ્યાંરે આ વેળા તેઓ દખણ થઈ પુરવ ભણી ચક્ર મારનાર

છે, અને મુકરર થયલી ગોઠવણ પ્રમાણે પુણા, સોલાપોર, સીકંદરાબાદ, અહમદનગર, મઉ, નાગપોર તથા કલકત્તા એ સાત મથકે દરશન દેશે, બનવા જોગ છે કે, વચે આવતાં બીજાં મથકોના જરથોસતીઓ કદાચ તેમનાથી બોધ લેવા માટે તેમને નોત્રીને રોકે. તેમની મુસાફરી આ ડીસેમબર માસથી શરૂ થશે જેમાં પેહલું ભાશણ તેઓ પુણે આપશે અને છેલાં ભાશણો કલકતા ખાતે તા૦ ૭ મી થી ૧૨ મી જાનેવારી સુધી આપશે.

આ રીતે તેમની મુસાફરી લગભગ દોઢ માસ લંબાશે અને તે મુદત દરમયાન તેવણ કુલે એકવીસ ભાશણો આપેશે. કારણ પ્રતયેક ઠેકાણે એક અંગ્રેજી તથા ગુજરાતી મલી ત્રણ ત્રણ ભાશણો આપવાનો પ્રોગ્રામ રચવામાં આવયો છે. અમે ધારયે છીયે કે હાલના હીંગામ પ્રમાણે અંગ્રેજીમાં ભાશણો આપવાની ઝાજી જરૂર નથી, કારણ તે સમજનારા થોડાજ હોય છે, અને જેઓ તે સમજે છે તેઓ ગુજરાતી પણ સમજે છે, તેથી જો જરૂર જણાય ત્યાંજ અંગ્રેજી ભાશણ આપી બાકીના તમામ ભાશણો ગુજરાતીમાંજ આપવામાં આવે તો બેહતર. અમે જાણીને નેહાએત ખુશી છીયે કે, દસતુરજી રૂસતમજીને તેમનાં ભાશણોનો લાભ યા લહાવો મેલવવા માટે ઉપલાં મથકોની અંજુમનો તથા અગેવાન ગ્રહસથો તરફથી ખાસ નોત્રાં દેવાયાં હતાં. વધારે ખુશાળી ભરેલું આ છે કે સીકંદરાબાદ તથા મઉથી તો ત્યાંના દસતુરં સાહેબોની આગેવાની હેઠલ તેઓ ભાશણ આપનાર છે. પારસી જરથોસતીઓને સતાદાર ધરમગુર તરફના આસથાવરધક ધરમ બોધોની કેટલી બધી ભુખ છે તે એ ઉપરથી સપષ્ટ જણાઈ આવે છે, અને તે તેમના ધારમીક ઉદયનું એક શુભ ચીનહ છે. પારસીઓમાં સતાદાર દસતુરે ધરમનાં ભાશણો આપવાનાં મીશનપર નીયમીત રીતે મુસાફરીએ નીકલવાનો આ બનાવ પહેલવહેલો છે તે પહેલ કરવામાં દસતુર રૂસતમજીને અમે ભાગયશાળી ગણીયે છીયે, અને તેમના રૂડા દાખલાની નકલ તેવા બીજા દસતુરો યા દસતુરજાદાઓ તરફથી થવાની આરજુ રાખીયે છીયે. દસતુર

રૂસતમજી ઉંચી કેળવણી પામેલા અંગ્રેજી ઉપર અચછો કાબુ ધરાવનારા સુભાર્ષીત વકતા તથા પશચીમના દેશોની મુસાફરી કરી આવેલા છે. તેમનો ધરમ અભયાસ પણ બહોળો તથા પાકટ છે અને તેમના સબકો બીજા ઘણાખરા ફઈલાલોજીસટ અભયાસીઓની માફક "ડીસ્ત્રકટીવ" નહી પણ "કોનસ્ત્રકટીવ" યાને ધરમની આસથા વધારનારા, ધરમની અખંડતા જાલવનારા, ધરમનાં ક્રીયા ભણતરો વગેરેનું રક્ષણ કરનારા તથા પારસીઓનું પારસીપણું જાળવવામાં મદદ કરનારા જણાયા છે. પાશચીમાતય દેશોની મુસાફરી કરી આવયાથી જરથોસતી ધરમગુરૂઓનાં દીન ઈમાન નબલાં થાય છે, અને તેઓ ધારમીક વીચાર આચારોમાં એકસ્ત્રીમીસટ બની જાય છે, એવો ભય અસલથી પારસીઓમાં ઉતપન થતો આવયો છે; પણ આપણા નાયબ દસતુર રૂસતમજીનાં દાખલાથી આપણને ધીરજ લેવાને કારણ મલે છે કે, જેઓ ખાનદાને દસતુર તથા દીનદારી સંગતમાં ઉધરેલા જાતી દીનદાર હોય તેમનાંપર તેવી માઠી અસર થઈ શકતી નથી. અને યુરોપ અમેરીકાની ગમે એવી જડવાદ મોહીની તેમનું જાતી દીનદારી ખમીર બગાડી શકતી નથી. નાયબ દસતુર રૂસતમજી મરહુમ દસતુર પેશતનજી બેહરામજી સંજાણા તથા મરહુમ દસતુર એદલજી દારાબજી સંજાણા જેવા અતી દીનદાર, પરહેજગાર, નામીચા દસતુરોના નબીરા છે, અને નવા એલમ તથા નવી ચલકાત જોવા છતાં તેઓ પોતાનાં તે પાકજાદા વડીલોની દીનદારી તથા પહરેજગારીનો પોતાને મળેલો કીમતી વારસો જાળવી રાખે છે, એ તેમને માટે જેટલું માનભરેલું તેટલુંજ તેમના જજમાનોના દાલ હરખાવનારૂં છે.

નાયબ દસતુર રૂસતમજીનાં આ વેલાના ભાશણો કેવાં થશે તે તેમના આગલ થઇ ગયલાં ભાશણો ઉપરથી સહેલથી કલ્પી શકાય છે. તે ભાશણ પારસી જરથોસતીઓનું દીન ઈમાન જાળવનારાં તેમનામા ફેલાતા અધરમી વીચાર આચારોનું ખંડન કરનારાં, તથા તેમના ધારમીક ક્રીયા ભણતરોનું અખંડપણું જાલવનારાંજ

થશે તેમાં કસો શક નથી, પણ ભાશણોની ટીપનાં જે મથાળાં જાહેર થયાં છે તે જોતાં, ખુદ તે બાબતનાં ભાશણ થોડાં થશે એમ અમને લાગે છે. પોતાના ભાશણો માટે વીશયો કેવા પસંદ કરવા, અથવા કઈ કઈ બાબતો પર ભાશણો આપવાં તે મુકરર કરવાને દસ્તુરજી પોતે શકતીવાન તથા મુખતયાર છે. તોપણ એક સમાયનુસાર સુચના તરીકે અમે તેમને નામરતાપુરવક જણાવીશું કે તેઓએ તુરતવેલા ધરમની ફીલસુફી જેવી બીકટ બાબતોના કરતાં, બનતાં સુધી તથા મોટે ભાગે ભાશણો એવાંજ કરવાં, કે જે તે સાંભળનારાઓનાં દીલમાં પોતાના ધરમ તરફનો ભકતીભાવ જાગરૂત કરે યા વધારે, તેમનામાં 'સુધારા' ને નામે બંધાયલા અધરમી વીચાર આચારો નીરમલ કરે, ધરમનાં ક્રીઆ ભણતરો તરફની તેમની મંદ પડી ગયલી લાગણીને તેજ કરે યોઝદાથરેગરી અમલ જે જરથોશ્તી ધર્મનાં જીગર સમાન છે તેની જરૂરીઆત તરફ તેમનું લક્ષ ખેંચાય, પારસી સંસાર આજ કાલ ધર્મનાં મધયબીંદુ તરફથી ખસી કઢંગી સથીતીમાં ફેરવાતો જાય છે તેનાં શેવટનાં માઠાં પરીણામ તરફ તેઓ જાગરૂત બને વગેરે. પારસી કોમની હાલની હાલતમાં તેમની જે રાહનુંમાઈની પહેલી જરૂર છે તે એજ છે, એને કોઈપણ ખરા પારસી ધર્મગુરૂની પહેલી ફરજ એ જરૂર પુરી પાડવાની છે. નાયબ દસતુર રૂસતમજી જો એ કામ થોડે દરજજે પણ પાર પડશે, તો તેઓ કોમનાં મોટાં હેસાનને લાયક થશે. તેમનાં મીશન માટે સંજોગો ઘણા સગનવંતા છે તેઓ પોતે લાયકાતવાલા તથા ઉલટમંદ છે; દેશાવરના તેમના જાતભાઇઓ તેમને પોતાની ઉલટથી ઉતજન આપે છે, અને તેમનાં મીશનનું શુભ કારય ઘણે દરજજે રસતે પડી ચુકું છે તેનો લાભ જેમ વધુ પ્રમાણમાં તેમ ઘણી સાવચેતી સાથ લેવાય તેમ બેહતર. અમે તેમની આ બીજીવારની ધારમીક મુસાફરીમાં અંતકરણથી ફતેહ ઈચછીએ છીએ, અને ભવીષયમાં એવી વધુ મુસાફરીઓ કરવા માટે તેમની તનદરૂસતી તથા હઇયાતી વધવાની દુવા ચાહીએ છીએ.

The Parsi

પારસી.

(રવીવાર તા૦ ૧૨ મી મારચ ૧૯૧૧.)

નાયબ દસ્તુરજી રૂસ્તમજી સંજાણાનો પ્રવાસ.

આપણા માનવંત ધર્મગુરૂ વર્ગને તેના દરજજા પ્રમાણે આપવું જોઈતું માન.

આપણી દીનના કેળવાયલા દસ્તુરો પોતાના ટોળાની બહેતરીની તેમજ પોતાના મોતેબર મઝહબની અસલ ખુલંદી સમજાવનારી વહેવારૂ વાએઝો અવારનવાર આપતા રહે એ કાંઈજ નહી પણ તેઓના પવીત્ર દસ્તુરી દરજજાને જેબ આપનારી બીના તરીકે હુમો લેખ્યે છીએ, અને તેથી આપણા ઉઘરતા નાયબ દસ્તુરજી સાહેબ રૂસ્તમજી એદલજી સંજાણા, બી. એ. એ દેશાવરોની અનજુમનો સનમુખ વાએઝો આપવાની કરેલી શુભ શરૂઆત જેટલી તેઓ માટે શાબાશી ભરેલી તેટલી કોમના આમ જથા માટે આવકારદાયક અને અગત્યની વીચારાશે. આપણા દસ્તુર સાહેબો ફક્ત ખભેશયાલ નાખી મીજલસોમાં હાજરી આપવામાંજ પોતાની ફરજ સમાયલી સમજે તેના કરતાં તેઓ પોતાના પવીત્ર ધર્મના મીશનરીઓ તરીકે ગામોગામ અને શહેરે શહેર જઇ ધર્મ જ્ઞાનની બાબદો ઉપર વાએઝો આપી ટોળાને કેળવવાની રાસ્ત રાહબરી કરવા જો બહાર પડે તો તેવા લાયક અને કેળવાયલા દસ્તુરજીઓ તેઓના દરજજાને ખરનું લાયક માન જરથોસ્તીઓ તરફથી મેળવી શકે છે તે નાયબ દસ્તુર રૂસ્તમજી સંજાણાના છેલ્લા પ્રવાસો ઉપરથી આપણે ખુલ્લી રીતે જોઈ શકયા છીયે. આપણી કોમ આપણા કેળવાયલા ધર્મગુરૂ વર્ગ તરફ તેના માનવંત દરજજાને લાયકનું માન આપવાને જેટલી પોતાની ફરજ વધુ સમજશે તેટલી તેને માટે તે શોભા ભરેલી લેખાશે.

આજે આપણી કોમમાં જો કેળવાયલો ધર્મગુરૂ વર્ગ અતી નાનો હોય તો તેમાં અલબતાં ધર્મગુરૂઓનો પોતાનો કસુર જેટલો નથી તેટલો કોમનો છે, કે જે કોમે આજ દીન સુધી કીધેલી લખ્ખોની સખાવતો મધેથી પોતાના ધર્મગુરૂઓને તેઓને લાયકની કેળવણી આપવા માટે કાંઈ પણ ફાલો આજ સુધી આપ્યો નથી.

ભણેલા અને કાબેલ ધર્મગુરૂઓ ધરાવવા માટે આપણે ખચ્ચીત મગરૂર થવું જોઈએ અને તેઓની આપણે દરેક ઘટતી પીછાન કરવી જોઇએ. એજ ધોરણપર હુમો નાયબ દસ્તુરજી સંજાણાએ વાયેજો આપવા માટે દેશાવરના પ્રવાસોએ નીકળવાની કરેલી પહેલને વખાણયે છીયે. આ આપણા નાયબ દસ્તુર ગયે સાલ ગુજરાતના અગત્યનાં શહેરોમાં વાએઝો આપવાના મીશને નીકળી, પોતાનાં ભાષણોથી ત્યાંના જરથોસ્તીઓની ઉલટ ઉશકેરવાને તથા દીનદારીના જુસ્સાનો જાગ્રત કરવાને સામર્થવાન બનયા હતા અને તેજ મીસાલ આ સાલનો તેવણનો પ્રવાસ પણ ફતેહમંદ નીવડેલો આપણે જોઈ શકયા છીએ કે જે દરમ્યાન તેવણ શોલાપુર, અહમદનગર, નાગપુર, કલકતા, આગ્રા, લખનૌ, લાહોર, દારજીલીંગ, કરાંચી વીગેરે જાણીતાં શહેરોમાં જઈ, જાણવાજોગ અગત્યની અને વહેવારૂ બાબદો ઉપર કેળવણી આપનારૂં વીવેચન કરી, પોતાના શ્રોતાજનોની વાજબી વખાણ અને વાખવાખી મેળવવા પામ્યા હતા. પોતાની વાએઝોની બાબદોની પસંદગી કરવામાં તેવણે બનતાં સુધી દરેક ઠેકાણે તે સ્થળને અનુસરતી વહેવારૂ બાબદ હાથ ધરવાની વાજબી મુનસફી વાપરી હતી અને આપણા બીજા જાણીતા વકતાઓ માફક પોતાના શ્રોતાજનોનો મીનોઈ જહાન કે મીનોઈ સુખ કેમ મેળવવું બસતેવાં એકનાં એક ચવાઈને કુચો થયલા ટાહેલાંમાંથી કંટાળો આપવાની નબળાઇથી નાયબ દસ્તુરજી ઘણેક દરજે નીરાળા હતા. કેટલેક ઠેકાણે તેવણે તે શહેરને બરનીજ અગત્યની વહેવારૂ બાબદ હાથ ધરી પોતાના શ્રોતાજનોપર સારી અસર ઉપજાવી હતી. દાખલા તરીકે કલકતા ખાતે તેમનાં ભાષણની બરકતથી ત્યાંનું ત્યાંજ ધર્મ કેળવણી આપવા

માટેનું ફંડ ઉભું કરવામાં આવ્યું હતું. નાયબ દસ્તુરજીનાં કોઈપણ ભાષણમાં બીન કેળવાયલા વર્ગની તાલી મેળવનારાં વીવેચનો કરવામાં આવેલાં નજરે પડયાં નથી. તેઓએ પોતાનાં ભાષણોમાં ધર્મને નામે કોમના જથ્થાને વહેમી અને બુતપરસ્ત બનાવવા જેવા કોઈપણ વીચારો જાહેર કરેલાં આપણે જાણ્યા નથી. તેઓનાં ભાષણોમાં આપણા ધર્મની ખરી મોતેબરીને લગતાં ઉમદા ને common sense વીવેચનો કીધાં છે અને કોઈપણ ઠેકાણે ધર્મનાં ઓઠાં હેઠળ ખોટું ઝનુન પંપાળવા જેવું કીધેલું આપણે જોયું નથી.

એક કેળવણી લીધેલો ધર્મગુરૂ પોતાનાં ભાશણો કેવાં અસરકારક અને બોધલાયક બનાવી શકે છે તે નાયબ દસ્તુરનાં ભાશણોએ દેખાડી આપ્યું છે. એઓનાં વીવેચનોમાં કેટલાક સ્વતંત્રપણાના ગુણો પણ નજરે પડયા છે જેજો હમેશાં નીવડશે તો તેઓ પોતાની કેળવણી અને ઓહ્ધાને જેબ આપી શકશે.

માનવંત દસ્તુરો, જેઓ સામે આજે અજ્ઞાનતાના શીહા અધકારને લીધે જે વરગો ઝનુની હુમલાઓ કરતા રહયા છે, તે વરગો વટીક નુવી રોશનીના પ્રતાપથી એવા નમુનેદાર દસ્તુરો તરફ ભકતીભાવ બતાવવાને બલકે તેઓને પુલોથી પુંજવાને પછાત પડવાના નથી. હમો ઇચ્છીશું કે આપણા ઉધરતા નાયબ દસ્તુર સાહેબ રૂસતમજી સંજાણા જેવા ઉંચી યુનીવરસીટી કેળવણી પામેલા દસ્તુરજી પોતાની કેળવણીને જેબ આપે તેવીજ સ્વતંત્રતા અને હીંમત અખત્યાર કરી અવારનવાર વહેવારૂ, ધારમીક અને કોમની જથ્થાને કેળવનારી બાબદો ઉપર છટાદાર વાઅઝો કરવાની જારી રાખી, પોતાનાં મીશનને હજી વધુ ફતેહમંદ બનાવવાને તથા કોમની સેવા બજાવવાને સામર્થવાન બને.

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાગ
યઝદેજરદી ૧૨૮૦ નાં વરસનું

(તા૦ ૧૩ મી સપટેમબર ૧૯૧૦ થી તે તા૦ ૧૨ મી સપટેમબર સુધીનું.)

મનચેરજી હોશંગજી જાગોસની માલેકી હેઠલ પ્રગટ થયું છે.

અતરેના નાયબ દસતુરજી રૂસતમજી એદલજી સંજાણા ગયા ડીસેમબર માસમાં ગુજરાતના જુદા જુદા દેશાવરે ખાતે પ્રવાશે નીકલયા હતા, ત્યાં ઘણાક અસરકારક ભાષણો જુદી જુદી બાબદો ઉપર આપયાં હતાં. અતરેથી તા૦ ૧૫ મી ડીસેમબરે ઉપડેલા ઉડવાડા ખાતે ગયા, ત્યાં એ દીને ભાશાણ આપયા પછી એવણને ઉડવાડાના દસતુર ખુરશેદજી મીનોચેરજીએ એક શીયાલ તેમજ મોબેદ રૂસતમજી જમશેદજી ગોદાએ બીજી શીયાલ ઓઢાડી હતી. હયાંથી ઉપડેલા બીલીમોરા ખાતે ગયા પછી દસતુરજી રૂસતમજીએ જરથોસતી સબકો વગેરે બાબદ ઉપર વાયજો કીધી હતી. જે વખતે ત્યાના અથોરનાનો તરફથી એક માનપત્ર અને શીયાલ અને જરથોસતી અનજુમન તરફથી એક શીયાલ એવણને ખા૦ બા૦ દોરાબજી પાવરીના હાથે એનાયત કરવામાં આવી હતી. તા૦ ૨૬ મી ડીસેમબરે નવસારી ખાતે દસતુરજી કેકોબાદજીના પ્રમુખપણા હેઠળ જરથોસતી ધરમના ચીનહો ઉપર દસતુર રૂસતમજીએ વાયજ કરી હતી ત્યારે કેટલાક સાહેબો તરફથી એક શીયલ એવણને એનાયત કરવા માં આવી હતી. જાનેવારીની તા૦ ૨ જી એ નવસારી ખાતે મરહુમ શેઠ તાતાની મદરેસાના છોકરાઓને ઈનામો આપવાનાં મેલાવડામાં નાયબ દસતુર રૂસતમજીને પ્રમુખ કરવામા આવયા હતા. દસતુરજી રૂસતમજીએ સુરત ખાતે તા૦ ૩૦ મી ડીસેમબરે ઓ૦ સરદાર દાવર કેખશરૂ એદલજી મોદીના પ્રમુખપણા હેઠળ ત્યાના શેહેનશાહી આતશબેહ

રામમાં ખુદાઈ ખીયાલ ઉપર વાયજ આપવા પછી સરદાર દાવરે અને મુંબઈવાલા શેઠ માણેકજી હોરમસજી વાહાડીયાએ એકેકી શીયાલ એવણુને ઓઢાડી હતી. સુરત ખાતે ત્રીજી શીયાલ ફ્રેન્ડલી યુનીયન તરફથી અને એક શીયાલ એરવદ પેસતનજી નસરવાનજી સેંએ તરફથી ભેટ આપવામા આવી હતી. તા૦ ૩ જી જાનેવારીએ ભરૂચ ખાતે એક ઇંગ્રેજીમાં તથા તા૦ ૪ થી અને ૫ મીએ ગુજરાતીમાં એવણે વાયજો આપી હતી. જેથી ભરૂચની અનજુમને એક શીયાલ અને ભરૂચના ડુંગાજી કુ.ટુંબે એક શીયાલ એવણુને ભેટ કરી હતી. છેલ્લા દસતુર રૂસતમજી અમદાવાદ ગયા હતા ત્યાં તા૦ ૮ મી જાનેવારીએ આપેલાં ભાષાણુ વખતે શેઠ બરજોરજી શાપુરજી કારંજાવાળાએ એક શીયાલ તેમજ તા૦ ૧૦ મીએ બીજા ભાષાણુ વખતે અમદાવાદની અનજુમન તરફથી ઓનરેબલ ખા૦ બા૦ નવરોજી પેસતનજી વકીલસી. આઈ. ઇ. એ બીજી શીયાલ એવણુને ઓઢાડી હતી. છેલ્લે દીવસે એક ઇંગ્રેજી ભાષાણુ આપી તા૦ ૧૪ મી જાનેવારીએ પાછા મુંબઈ સીધારયા હતા.

ઝોરાસ્ત્રીયન કેલેંડર યાને પારસી પંચાંગ.
યઝદેજરદી ૧૨૮૧ નાં વરસનું.

(તા૦ ૧૩ મી સપટેમબર ૧૯૧૧ થી તે તા૦ ૧૧ મી સપટેમબર ૧૯૧૨ સુધીનું.)

મનચેરજી હોશંગજી જાગોશની માલેકી હેઠલ પ્રગટ થયું છે.

આપણા જાણીતા નાયબ દસ્તુરજી રૂસતમજી એદલજી સંજાણા બી. એ. આ વરસે દખણુ તરફે જુદા જુદા દેશાવરો ખાતે ભાશણો કરવા તા૦ ૩ જી ડીસેમબરે પેહલવેહેલા પુણા ખાતે ગયા હતા. તયાં તા૦ ૬ ઠીએ એવણુના માનમાં શેઠ નવરોજી દોરાબજી ખંદાલાવાલાએ મેલાવડો કીધો હતો. હયાથી નીકલેલા સોલાપુર ખાતે ગયા ત્યાં તા૦ ૯ મીએ અંજુમને એક શીયાલ તથા પરસ

તેમજ શેઠ જમશેદજી દારૂખાનાવાળાએ એક પરસ અને શેઠ દો. મે. લાલકાકાએ રૂપાનો વાઝ એનાયત કીધા હતા. સીકંદરાબાદ ખાતે જરથોશતીઓએ ખા૦ બા૦ શાપુરજી એદલજી ચીનાઈ તથા બીજા ગ્રહસથોએ દસ્તુરજી રૂશતમજીને શીયાલો વગેરે એનાયત કીધું હતું. તા૦ ૨૦ મીએ એવણે અહમદનગર ખાતે કરેલ ભાશણ વખતે તેમજ તા૦ ૨૯ મીએ મઉ ખાતે આપેલા ભાશણ વખતે તયાંની અનજુમનો તરફથી અકેકી શીયાલ એવણને ઓઢાડવામાં આવી હતી. તા૦ ૨ જી જાનેવારીએ નાગપોરમાં શેઠ બેરામજી રાયપુરવાળાનાપ્રમુખપણા હેઠળ આપેલા ભાશણ વખતે અંજુમન તરફથી એક શીયાલ અને શેઠ જમશેદજી બીલીમોરીયાએ એક શીયાલ એનાયત કીધી હતી. તેમજ તા૦ ૧૦ મી જાનેવારીએ કલકતાની અંજુમને એક શીયાલ તથા પરસ, તથા તા૦ ૧૦ મી ફેબરવારીએ લાહોર ખાતે એવણે આપેલા ભાશણ વખતે એક પરસ, અને તા૦ ૧૭ મીએ કરાંચીના જરથોશતીઓએ એક પરસ તથા ચોપડીઓ દસ્તુરજીને એનાયત કીધી હતી.

સમાપ્ત.